
શ્રી ગુણભદ્ર આચાર્ય વિરચિત

# આત્માનુશાસન



: પ્રકાશક :

શ્રી કુંદકુંદ-કહાન મોક્ષાર્થી પરિવાર,

સોનગઢ

ॐ

|| श्री परमात्मने नमः ||

શ્રીમાન્ ભગવદ્ગુણભદ્રાચાર્યવિરચિત

# આત્માનુશાસન

: ગુજરાતી અનુવાદક :

સોમચંદ અમથાલાલ શાહ

કલોલ (ગુજરાત)

: હિન્દી પદ્યાનુવાદક :

પંડિત અભયકુમાર જૈન, શાસ્ત્રી

(એમ. કામ. જૈનદર્શનાચાર્ય)

: પ્રકાશક :

શ્રી કુંદકુંદ-કહાન મોક્ષાર્થી પરિવાર,

સોનગઢ

# પ્રસ્તાવના

આર્યાવર્તના મંડનરૂપ, જંગમ કલ્પવૃક્ષસમ, પરમાર્થસ્થવિર, પૂજ્યપાદ પ્રાતઃસ્મરણીય શ્રીમાન્ ગુણભદ્રાચાર્યનો કોઈ નિશ્ચિત સમય નિર્ણીત થતો નથી, તોપણ મહારાજા અમોઘવર્ષ તેઓશ્રીના પરમ ઉપાસક અને અનેક શિષ્યસમુદાયમાં એક સુશિષ્ય હતા, એમ ગ્રંથાંતરો ઉપરથી સમજાય છે. મહારાજા અમોઘવર્ષ શક સંવત ૭૩૭ થી ૮૦૦ સુધી લગભગ રાજ્યપદ-વિભૂષિત હતા, તેથી સમજાય છે કે તેઓશ્રી મહારાજા અમોઘવર્ષના સમકાલીન હોય.

પરમપુરુષની પ્રત્યક્ષ વિદ્યમાનતામાં, તેમનો ભક્તિસમેત સંગ એ શિષ્ય સમુદાયના દોષોને સર્વથા ક્ષીણ થવામાં અને આત્માના સહજ સ્વાભાવિક નિર્મળ ગુણોનો પ્રકાશ થઈ તે ગુણોનું આત્માને સંવેદન થવામાં પરમોત્કૃષ્ટ નિમિત્તરૂપ થાય છે, પરંતુ તેવો સંગ નિરંતર રહેતો નથી. ત્યારે તે મહત્પુરુષના વિયોગ કાળે તેમનો અક્ષરદેહ કલ્યાણના અર્થી ભવ્યાત્માઓને કલ્યાણ પ્રાપ્ત થવામાં એક પરમ આધારરૂપ થાય છે. ભગવાન શ્રી ગુણભદ્રાચાર્ય આજે આ ક્ષેત્રે નથી, તોપણ તેઓશ્રીના અક્ષરદેહરૂપ યથાનામ ગુણાભિધાનરૂપ તેમનો લખેલો **આત્માનુશાસન** નામનો ગ્રંથ આજે પણ વિદ્યમાન છે.

ઉક્ત ગ્રંથ સંસ્કૃત ભાષામાં વિવિધ પદ્ય-વૃત્તોમાં મહદ્ભાવ, ગંભીર, આશય અને શ્રેષ્ઠ પદલાલિત્યતા પૂર્વક અનેક બોધયુક્ત વિષયોપૂર્ણ લખાયો છે. તેઓશ્રીની વિષયપ્રતિપાદન શૈલી અદ્ભુત, વૈરાગ્યરસમય અને આત્માને ઉપશમભાવનો જનક અને પોષક છે, ભવ્યાત્માઓને સંસારપરિણામથી પાછા વાળી મોક્ષમાર્ગ સન્મુખ સહેજે દોરી શકે એવી સચોટ છે.

કલ્પવૃક્ષ, કામધેનુ અને ચિંતામણિ–એ ત્રણે ઐહિક–ઇચ્છિત આપવામાં ઉત્કૃષ્ટ ગણાય છે, અને તે વાત પણ આર્ષગ્રંથોમાં લખેલી હોવાથી માત્ર શ્રદ્ધાગ્રાહ્ય છે, પરંતુ સત્પુરુષનો અક્ષરદેહ તે એ ત્રણે કરતાં અસાધારણ પ્રભાવ સંપન્ન છે; કેમકે તે વચનોના સેવનથી એક અલ્પ શાતાથી માંડી મોક્ષસુખ સુધીનાં સર્વ સુખો, વિના વાંચ્છાએ, સહેજે સંપ્રાપ્ત થાય છે. આ વાત શ્રદ્ધા ઉપરાંત અનુભવમાં પણ આવે એવી છે.

ત્યાગ, વૈરાગ્ય, ઉપશમ અને આત્માનુભવયુક્ત પુરુષના મુખથી શોભે એવો ધર્મોપદેશ આ ગ્રંથમાં પૂર્ણ રીતે ભરેલો છે. અને તે વૈરાગ્ય, ઉપશમવંત જીવને મુખ્યતયા વિશેષ ઉપકારી નિવડે તેમ છે. તોપણ તેથી નીચેની ભૂમિકાએ રહેલા વિષય-કષાયાનુરાગી જીવોના અધિકારને લક્ષમાં રાખીને તેમને પણ રોચક, પાચક અને પરિણામકારક થાય એવી અનુકંપાબુદ્ધિપૂર્વક મિષ્ટ ભોજનમાં દર્દી ન જાણે તેમ ધીરે રહીને અમોઘ ઔષધી મેળવી દીધી છે. એમ ગ્રંથની આદિ અને અંતની લખાણશૈલી ઉપરથી વિચારકને સહજમાં સમજાય તેમ સંકલનાબદ્ધ ગ્રંથરચના રચાઈ છે.

તેથી આ ગ્રંથ કલ્યાણમાર્ગના ન્યૂનાધિક અધિકારવાળા સર્વ જીવોને કલ્યાણ પ્રાપ્ત થવામાં અનુપમ સહાયકપણાની ગરજ સારે તેવો છે.

જયપુરનિવાસી પંડિતપ્રવર શ્રદ્ધાગુણસંપન્ન શ્રીયુત ટોડરમલજીએ આ ગ્રંથ ઉપર ગ્રંથકારના આશયને સ્ફુટ કરનારી જયપુરી (ઢુંઢારી) ભાષામાં ભાષાટીકા લખેલી છે, જે અગાઉ બહાર પડેલી છે. તથા બીજી ટીકા, શ્રીયુત પંડિત બંશીધરજી શાસ્રીકૃત, વિક્રમ સંવત ૧૯૭૨માં બહાર પડેલી છે.

આ ગ્રંથના ભાવોને સ્પષ્ટ વ્યક્ત કરનાર ગુજરાતી ભાષામાં કાંઈ સાધન નહીં હોવાથી તેમ જ આ ગ્રંથ મારા આત્માને ઉપકારક થવાયોગ્ય જાણી તથા ગ્રંથ ભણી મને કંઈક ભક્તિભાવ હોવાથી તેની કેટલાક વર્ષો અગાઉ ગુર્જર ભાષામાં ટીકા લખવી શરૂ કરી, પરંતુ પ્રમાદદોષો અને વ્યવહારોપાધિને લઈને તે કાર્ય વિલંબાયું. તેટલામાં મારા પરમોપકારી આત્મોપયોગી પૂજ્ય વડીલશ્રીએ, પ્રસંગવશાત્ તે ગ્રંથની શુદ્ધ ગુજરાતી ભાષામાં ટીકા થાય તો સ્વપરને બહુ ઉપકારક નિવડે, એમ સહેજે અચાનક મારા કાર્યમાં પ્રોત્સાહન સાથે સંમતિ આપી તે ભણીના મારા ઉત્સાહને વધાર્યો.

પરંતુ ગ્રંથના વિશાળ આશય અને મારી બુદ્ધિની ન્યૂનતાનો વિચાર કરતાં આવા સમર્થ ગ્રંથનો અનુવાદ લખવા હું સર્વથા અશક્ત છું એમ મને સ્પષ્ટ લાગતું હતું. મારી આ બાળકૃતિ સમર્થ વિદ્વજ્જનોમાં ઉપહાસને પાત્ર છે, એમ ભાસ્યા કરતું હતું. તોપણ–

**अल्पश्रुतं श्रुतवतां परिहासधाम**
**त्वद्भक्तिरेव मुखकुरुते बलान्माम् ।**
**यत्कोकिलः किल मधौ मधुरं विरौति**
**तच्चारु चाम्रकलिकानिकरैकहेतुः ।।**

જેમ આંબાના મ્હોરની સુવાસના પ્રભાવથી, સુવાસ અનુરાગી કોયલ પક્ષી મધુર શબ્દોચ્ચારપૂર્વક તે ઉપર કલોલ કરે છે, તેમ મને પણ હું થોડું જાણનાર (મૂર્ખ) અને વિદ્વાનોનું હાસ્યપાત્ર છતાં તમારો ભક્તિરાગ બળાત્કારથી બોલાવે છે. (શ્રી ભક્તામરસ્તોત્ર)

ઉપરોક્ત કાવ્યાનુસાર ગ્રંથ પરત્વેની મારી ભક્તિ ઉક્ત અનુવાદ લખવા આકર્ષ્યા કરતી હતી. મારી આ વિષયની અયોગ્યતા, વિષય-કષાય આધીનતા છતાં સમ્યક્ ત્યાગ, વૈરાગ્ય અને રત્નત્રયને અત્યંત પુષ્ટિકર એવા આ અનુપમ ગ્રંથને ગુર્જરી ગીરામાં લખવાનું સાહસ ખેડ્યું અને તે શ્રી ગુરુકૃપાએ આજે પૂર્ણ થયું.

આ ગ્રંથમાં અધિકારોની ટૂંકનોંધ કે રેખાદર્શન આપવા જતાં બહુ લંબાણ થઈ જવાના ભયથી તત્સંબંધી અહીં કોઈ ઉલ્લેખ કર્યો નથી, પરંતુ વાચકગણ સ્વસ્થચિત્તે નિરૂપાધિપણે

'આત્મકલ્યાણ સર્વ કરતાં પરમ આવશ્યક છે' એમ નિશ્ચય કરી વાંચશે, વિચારશે અને તેના રહસ્યપૂર્ણ આશય સુધી પહોંચવા પ્રયત્ન કરશે તો તેના પ્રયત્નરૂપ પુરુષાર્થના પ્રમાણમાં જરૂર તેને સફળતા મળશે, સાથે સાથે ગ્રંથનું પરમ માહાત્મ્ય પણ લક્ષગત થશે.

ઉક્ત અનુવાદ શ્રીમાન્ ટોડરમલજી રચિત હિંદી ટીકાના આધારે લખવામાં આવેલ છે, છતાં કોઈ સ્થળે અન્ય ધર્મધુરંધર પૂર્વ મહાપુરુષો રચિત ગ્રંથોનો, વિષયને અનુસરતો આધાર પણ લેવામાં આવેલ છે.

અંતિમ પ્રાર્થના–

**गुरुणामेव माहात्म्यं यदपि स्वादु मद्वचः ।**
**तरुणां हि स्वभावोऽसौ यत्फलं स्वादु जायते ।।**

અગર અનુવાદની વચનરચનામાં કંઈ પણ માધુર્યતા કે અર્થગાંભિર્યતા હોય તો તે મારા હૃદયમણિ ગુરુદેવનું માહાત્મ્ય છે, જેમ ફળમાં જો કંઈ પણ મધુરતા કે મીઠાશ હોય તો તે વૃક્ષનો સ્વભાવ છે. તથા જ્યાં ત્રુટી, અસંબદ્ધતા, અર્થ કે ભાવની વિકળતા જોવામાં આવે તો તે અલ્પજ્ઞતાજન્ય મારો પોતાનો દોષ છે; એમ સમજી અનુવાદમાં રહેલી ત્રુટીઓને વાંચકવર્ગ જણાવશે તો હું તેમનો ઋણી થઈશ અને નવી આવૃત્તિ વખતે તે ભૂલો સુધારવા યથાશક્તિ પ્રયત્ન કરીશ. બાકી તો—

**गच्छतः स्खलनं क्वापि भवत्येव प्रमादतः ।**
**हसन्ति दुर्जनास्तत्र समादधति सज्जनाः ।।** ૐ શાંતિઃ

–ગુણીજન ચરણાનુરાગી અનુવાદક–
**સોમચંદ અમથાલાલ શાહ**
કલોલ (ગુજરાત)

## પ્રકાશકીય નિવેદન

પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના તત્ત્વના પ્રચાર-પ્રસારના ભાગરૂપે આ 'આત્માનુશાસન' ડીઝીટલ (PDF) રૂપે પ્રકાશિત કરતાં અમે અત્યંત આનંદનો અનુભવ કરીએ છીએ.

આ વૈરાગ્યપ્રધાન શાસ્ત્રમાં આત્માને હિતોપદેશ આપીને કલ્યાણની પ્રેરણા આપી છે. પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રતાપે આજે આપણને આવું વીતરાગી સાહિત્ય સુગમતાથી પ્રાપ્ત થઈ રહ્યું છે. જિજ્ઞાસુઓએ પાત્રતાપૂર્વક તેના અભ્યાસ વડે વૈરાગ્યભાવનાથી આત્મકલ્યાણ સાધવું તે કર્તવ્ય છે.

આ પ્રસંગે અમે શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢનો આભાર માનીએ છીએ કે જેમના પ્રકાશનમાંથી અમોએ આ ડીઝીટલ (PDF) કોપી તૈયાર કરેલ છે. આ પ્રકાશનનું ટાઈપ સેટીંગનું કાર્ય નિજેશ જૈને, (સોનગઢ) કરી આપેલ છે. તે બદલ તેમનો ખૂબ ખૂબ આભાર.

આ શાસ્ત્ર vitragvani App ઉપરથી ડાઉનલોડ કરી સ્વાધ્યાય કરી શકશો.

અંતમાં આ શાસ્ત્રનું પઠન-મનન કરી પોતાના નિજ શુદ્ધાત્માને ઓળખી જીવ સાધનાપથ ઉપર આગળ વધી નિજાત્મકલ્યાણ કરે એવી ભાવના સહ....

–શ્રી કુંદકુંદ-કહાન મોક્ષાર્થી પરિવાર,
સોનગઢ

# શ્રી કુંદકુંદ કહાન મોક્ષાર્થી પરિવારના અન્ય પ્રકાશનો

(1) ભાગવત શાસ્ત્ર – ભાગ 1 થી 15
(શ્રી સમયસાર શાસ્ત્રના 18મી વખતના પૂજ્ય ગુરુદેવશ્રીના શબ્દશઃ સળંગ પ્રવચનો)

(2) પરમપારિણામિક ભાવ – ભાગ 1 અને 2
(શ્રી નિયમસાર ઉપરના અલગથી ઉપલબ્ધ શબ્દશઃ સળંગ પ્રવચનો)

(3) બ્રહ્મોપદેશ – ભાગ 1 થી 6
(પૂજ્ય ગુરુદેવશ્રીના શ્રી નિયમસાર શાસ્ત્ર ઉપરના 1975ના શબ્દશઃ સળંગ પ્રવચનો)

(4) ગુરુવાણી – 1 (પૂજ્ય ગુરુદેવશ્રીના શ્રી નિયમસાર શાસ્ત્ર ઉપરના 1980ના Photo-video-Subtital પ્રવચનો)

(5) ગુરુવાણી – 2 (પૂજ્ય ગુરુદેવશ્રીના શ્રી સમયસાર શાસ્ત્ર ઉપરના 19મી વારના Photo-video-Subtital પ્રવચનો)

(ગુરુવાણી-1 અને 2 You Tube ચેનલ vitragvani તથા
Moksharthi Pariwar ઉપર ઉપલબ્ધ છે)

(5) ગુરુ કહાન-દૃષ્ટિ મહાન ભાગ – 1 થી 10 (હિન્દી)
(પૂજ્ય ગુરુદેવશ્રીના 45 વર્ષના દ્રવ્યદૃષ્ટિ પ્રધાન ઉપદેશના નિચોડરૂપ પ્રવચનો)

(7) મહાપુરાણ ભાગ-1

(8) પાંડવ પુરાણ (જૈન મહાભારત)

(9) મહાવીર પુરાણ

(10) બોધિ-સમાધિ-નિધાન ભાગ-2

(11) દૃષ્ટિના નિધાન (પૂજ્ય ગુરુદેવશ્રી, પૂજ્ય બહેનશ્રી તથા શ્રીમદ્ રાજચંદ્રજીના વચનામૃત)

(12) કહાન દેશના (પૂજ્ય ગુરુદેવશ્રીના વચનામૃત)

(13) પાહુડ-દોહા

(14) શ્રી આત્માનુશાસન

ॐ

**।। श्री परमात्मने नमः ।।**

શ્રીમાન્ ભગવદ્ગુણભદ્રાચાર્યવિરચિત

# આત્માનુશાસન

*  *  *

**શ્રી જિનશાસન ગુરુ નમું, નાના વિધિ સુખકાર,**
**આત્મહિત ઉપદેશ દે, કરું મંગલાચાર.**
**મહા ધુરંધર સર્વ જિન, નિર્મમ સુખદ સદાય,**
**લાયક દાયક ધર્મના, લક્ષણ લક્ષ સુહાય.**
**મહા જ્ઞાન વૈરાગ્ય મય, નિજ પર શાસન જાણ,**
**સ્વ-પર પ્રકાશક બોધમય, શ્રી જિનશાસન ભાણ.**
**સુંદર ભદ્ર ગુણે કરી, દક્ષ સુજિન ઉપદેશ–**
**રજનીવાસર તપ તપે, જીતે મોહ ક્લેશ.**
**શાસન આતમને કરે, હણે વિભાવ સુધીર,**
**વધે સદા ગુણ શ્રેણીયે, ઢળે સઢાળે વીર.**
**વાવે સમ્યક્ બીજને, ધરે ન લેશ પ્રમાદ,**
**શમ-દમ-ચરણ ગુણે કરી, છાંડે બીજો વાદ.**
**રહત સદા નિજરૂપમાં, વાધે દિન દિન વાન,**
**લાભ લહે નિજ ધર્મનો, વંદું ગુરુ ભગવાન.**
**આચાર્ય કલ્પસમ ગુણનિધિ, ટોડરમલ્લ સુદક્ષ,**
**કરી ટીકા હિંદી વિષે, જિન આજ્ઞા અનુલક્ષ.**
**તસુ આશયને અનુસરી, ગુર્જરભાષા માંહ્ય,**
**નિજ–પર આતમ હેતુ કહું, અન્ય ન હેતુ કાંઈ.**

શ્રીમાન્ ગુણભદ્રમુનિ પોતાના ભાઈ લોકસેન પ્રત્યે ધર્માનુરાગ પરિણામથી સન્માર્ગરૂપ શ્રી વીતરાગધર્મ પ્રતિબોધવાની અભિલાષાપૂર્વક શ્રી આત્માનુશાસન શાસ્ત્રની નિર્વિઘ્ન સંપૂર્ણતા આદિ અનેક ઇષ્ટફળની અભિલાષાપૂર્વક મંગલાચરણમાં શ્રી ઇષ્ટદેવને પ્રથમ નમસ્કાર કરે છે :–

**लक्ष्मीनिवासनिलयं विलिनविलयं निधाय हृदि वीरम् ।**
**आत्मानुशासनमहं वक्ष्ये मोक्षाय भव्यानाम् ।।१।।**
**જો લક્ષ્મી કે નિલયરૂપ ઉન અવિનાશી પ્રભુકો ઉર ધાર,**
**ગ્રન્થ રચૂઁ આત્માનુશાસન, ભવ્યજનોં કો હૈ શિવકાર. ૧.**

વીર અર્થાત્ શ્રી વર્ધમાન તીર્થંકરદેવ અથવા વીર એટલે કર્મશત્રુનો નાશ કરવામાં મહાન સુભટ અને વિશિષ્ટ લક્ષ્મીનું ઘર સર્વ અર્હંતાદિ મહાપુરુષોને હૃદયમંદિરમાં ધારણ કરીને આત્માને પરમ કલ્યાણરૂપ શિક્ષાદાતા **શ્રી આત્માનુશાસન** ગ્રંથ હું કહીશ. વળી કેવા છે તે શ્રી વીરપરમાત્મા? કેવળ આત્મસ્વભાવરૂપ–મહાન અતિશયસ્વરૂપ સર્વોત્કૃષ્ટલક્ષ્મીને રહેવાનું પરમ કલ્યાણરૂપ જાણે એક મંદિર ન હોય! વળી જેમના અનાદિ પાપસ્વભાવનો આત્યંતિક નાશ થયો છે, જેથી તે પ્રભુ પોતાના અવિનાશી સ્વરૂપને પ્રાપ્ત થયા છે. અહીં ગ્રંથકારે ઉપરોક્ત પ્રકારે પોતાના ઇષ્ટદેવનું વીર એ નામ સાર્થક કરી વર્ણવ્યું. સાથે તે પ્રભુના સર્વોત્કૃષ્ટપદને પ્રગટ કર્યું.

ભવ્ય જીવાત્માઓના પરમ દુઃખરૂપ અનાદિ બંધનની નિવૃત્તિ અર્થે જ આ શ્રી આત્માનુશાસન શાસ્ત્ર હું કહીશ; પરંતુ તેમાં મારું માન, પૂજા, ખ્યાતિ વા લોભાદિ પ્રયોજન નથી. તેથી સમ્યક્પ્રકારે સ્વહિતજિજ્ઞાસુ ભવ્યાત્માઓને રુચિ યાવત્ ગ્રહણ કરવાયોગ્ય છે.

હવે, શાસ્ત્રના અર્થમાં શિષ્યનો ભય દૂર કરી જેમ તેની આ શાસ્ત્રમાં પ્રવૃત્તિ થાય તે પ્રકારે તેના જ ભાવને બતાવતાં ગ્રંથકાર સૂત્ર કહે છે :—

**दुःखाद्बिभेषि नितरामनिवांच्छसि सुखमतोऽहमप्यात्मन् ।**
**दुःखापहारी सुखकरमनुशास्मि तवानुमतमेव ।।२।।**
**હે આત્મન્! તૂ દુઃખ સે ડરતા અરુ સુખ કી વાંછા કરતા;**
**ઇસીલિયે મૈં દુઃખહારી અરુ સુખકારી રચના કરતા. ૨.**

હે આત્મા! તું દુઃખથી ઘણો ડરે છે અને સર્વ પ્રકારે સુખને ઇચ્છે છે, તો દુઃખને નાશ કરવાવાળો અને સુખને જ પ્રાપ્ત કરવાવાળો એવો તારો જે વાંચ્છિત અર્થ તેને અહીં ઉપદેશું છું.

કોઈ અલ્પજ્ઞ અને સંસારરસિક આત્માને એવો ભય હોવો સંભવિત છે કે શ્રીગુરુ મારા પ્રાપ્ત સુખ છોડાવીને ધર્મસાધન બતાવશે અને તે ભયથી તે જિનવચનામૃત પ્રત્યે નિરાદર રહે છે. તેવા ભવાભિનંદી પણ ભવ્ય આત્માને દયાનિધાન શ્રીસદ્ગુરુ કહે છે કે હે ભાઈ! એવો નિષ્કારણ ભય તું ન કર. દુઃખ મટાડી સુખ પ્રાપ્ત કરવું એ જ તારો અભિપ્રાય છે અને અત્રે પણ એ એક જ પ્રયોજન અર્થે કહેવામાં આવે છે. શરૂઆતમાં આ વચનો તને કદાચ કડવાં પણ લાગશે, પણ તે કડવાશના ભયથી તું ડરીશ નહિ; કારણ—

**यद्यपि कदाचिदस्मिन् विपाकमधुरं तदा तु कटु किंचित् ।**
**त्वंतस्मान्मा मैषीर्यथातुरो भेषजादुग्रात् ।।३।।**

**મધુર-વિપાકી ઉપદેશામૃત યહ યદિ કટુ ભી ભાસિત હો;**
**કટુ-ઔષધિ-ગ્રાહક રોગીવત્ કિંચિત્ તૂ ભયભીત ન હો. ૩.**

જેમ દરદી જીવ હિતકારક એવી કડવી ઔષધી પણ નિડરપણે અને પૂર્ણ વિશ્વાસથી પી જાય છે, તેમ આ શાસ્ત્ર વિષે કોઈ કથન પ્રારંભમાં તને કટુ લાગે તોપણ, અનુભવે–પરિણામે એ અત્યંત મીઠાં જ છે.

ઔષધીના સેવન કાળે તે ઔષધી થોડો સમય કડવી પણ લાગે તોપણ તેથી ભવિષ્યમાં નિરાકુલતાજન્ય સુખ પ્રાપ્ત થશે એમ જાણીને કિંચિત્ પણ ભય વિના શાણો રોગી જેમ તે ઔષધીને પરમ આદરભાવથી ગ્રહણ કરે છે, તેમ હે વિવેકી શાણા અને સમજુ સંસારી! ગ્રહણ કાળમાં આ શાસ્ત્રમાંનો કોઈ ઉપદેશ તને અસુહાવતો લાગે તોપણ, તેથી આરોગ્યજન્ય મિષ્ટફળ થશે એમ ખચીત સમજીને તેને પરમ આદરભાવે ગ્રહણ કરતાં પરિણામે તું સુખી જ થઈશ.

કોઇ આ ઠેકાણે એમ કહે કે ઉપદેશદાતા તો જગતમાં ઘણા છે, આપ નિષ્ફળ પ્રયત્ન શા સારૂં કરો છો? તેને દયાળુ આચાર્ય કહે છે કે :—

**जना घनाश्च बाचालाः सुलभाःस्युर्वृथोस्थिताः ।**
**दुर्लभा ह्यन्तरार्द्रास्ते जगदभ्युज्जिहीर्षवः ।।४।।**

**હુએ વ્યર્થ ઉદ્ધત જો જન-ઘન અતિ વાચાલ સુલભ હોતે;**
**ભીગે અન્તર વાલે જગ-હિત-અભિલાષી દુર્લભ હોતે. ૪.**

મહંતતાના અભિમાની એવા વાચાળ મનુષ્યો અને ઘટાટોપ વાદળ ફેલાવતો પણ ખાલી ગર્જના કરતો એવો મેઘ તો ઠામ ઠામ છે, પરંતુ જેનું હ્રદય કેવળ ધર્મબુદ્ધિથી ભિંજાયું છે, તથા અન્ય સંસારપરિણામી આત્માઓને સંસારદુઃખથી મુક્ત કરવાની અંતરંગ સાચી ઇચ્છા જ માત્ર છે એવા ઉત્તમ મનુષ્યો અને વર્ષા કરવાવાળા મેઘ એ બે જગતમાં બહુ દુર્લભ છે.

જગતમાં ઉપદેશદાતા તો ઘણા છે, પરંતુ કેવળ ધર્મબુદ્ધિપૂર્વક અન્ય જીવોને, તેમનાં દુઃખ જોઈ અંતરંગ દયાથી લાગણીથી દ્રવિત થઈ ગદ્ગદીત થઈ, દુઃખમુક્ત કરવાની સાચી ભાવનાવાળા ઉપદેશકો બહુ જ થોડા છે. અમારા અંતઃકરણના સદ્ભાવ પ્રમાણે અમારો ઉદ્યમ પણ નિરર્થક તો નથી જ.

કેવા ગુણોથી યુક્ત મહાત્મા ઉપદેશદાતા હોઈ શકે? એ પ્રશ્નના ઉત્તરરૂપ નીચેનું કાવ્ય કહે છે :—

**प्राज्ञः प्राप्तसमस्तशास्त्रहृदयः प्रव्यक्तलोकस्थितिः**
**प्रास्ताशः प्रतिभापरः प्रशमवान् प्रागेव दृष्टोत्तरः ।**
**प्रायःप्रश्नसह प्रभुः परमनोहारी परानिन्दया**
**ब्रुयाद्धर्मकथां गणी गुणनिधिः प्रस्पष्टमिष्टाक्षरः ।।५।।**

**ધર્મકથા કહને કા અધિકારી હો પ્રજ્ઞાયુત શાસ્ત્રજ્ઞ,**
**હો પ્રતિભા-સમ્પન્ન, ક્ષીણ-આશામય, લોક-સ્થિતિ કા વિજ્ઞ;**
**પ્રશમ, પ્રાગ્દષ્ટા પ્રશ્નોં કા, પ્રશ્ન સહન કરને વાલા,**
**પ્રભુતાયુત, ગુણનિધિ, મૃદુભાષી, સબકા મન હરને વાલા. ૫.**

વક્તા પ્રથમ તો વિચિક્ષણ અને તીક્ષ્ણબુદ્ધિમાન હોય, કારણ સાતિશય તીક્ષ્ણબુદ્ધિ વિના વક્તાપણું બને નહિ. વળી સઘળાં શાસ્ત્રોના રહસ્યભૂત ભાવોનો પારગામી હોય, કારણ શાસ્ત્રકારના અનેક અંગભૂત આશયભરીત રહસ્યને જાણે નહિ તો યથાર્થ અર્થ પણ કેમ ભાસે? વળી લોકવ્યવહાર જાણકાર હોય, કારણ લોકરીત જાણ્યા વિના લોક વિરુદ્ધ થઈ જવાય. સર્વથા આશાથી રહિત કેવળ નિઃસ્પૃહ હોય, આશાના ઉપાસક માત્ર શ્રોતાને રીઝવવા જ ઇચ્છે અને સભા રંજન કરવાની ધુનમાં યથાર્થ અર્થસહિત શુદ્ધ ધર્મોપદેશ દઈ શકે નહિ, વિપરીત પ્રરૂપણા પણ થઈ જાય. શાંતસ્વભાવી હોય, તીવ્રકષાયીનો ઉપદેશ સર્વને અનિષ્ટ અને નિંદાનું સ્થાન થઈ પડે, આનંદી હોય, દિલગિરી થવાનાં કારણો મળવા છતાં પણ જે મહાત્મા સમુદ્રવત્ ગંભીર હોય તે જ યથાર્થ વક્તા હોઈ શકે. પ્રશ્નકારનો પ્રશ્ન સાંભળતાં વેંત જ પ્રશ્નકારનો આશય અને તેનો સ્વપર હિતકારક ઉત્તર જેના હૃદયમાં રમી રહ્યો હોય, બને ત્યાં સુધી પોતે જ પ્રશ્નોત્તર કરી સમજાવે તો સભામાં સ્ખલના પણ ન થાય, તેમ શ્રોતાને તે ઉપદેશની વિશેષ દૃઢતા પણ થાય. સભામાં ઘણા પ્રશ્નો થાય તોપણ તેને સહન કરવાવાળો હોય પણ અતિ પ્રશ્નો સાંભળી દુભાતો હોય, ખીજાતો હોય તો શ્રોતાઓ પ્રશ્ન કહી શકે નહિ, અને પ્રશ્ન કહી જ શકે નહિ તો તેમનો સંદેહ પણ કેમ નિવૃત્ત થાય? અને ઉપદેશની સાર્થકતા પણ શું? વળી પ્રભાવશાળી હોય, કારણ પ્રભુતાવાળા પુરુષનું જ સભામાં માન વધે અને તેનાં જ વચનો સર્વમાન્ય થાય. વળી સ્વરૂપ સુંદર અને જોનારના મનને હરવાવાળો હોય કારણ કે જે શરીરાદિકથી અસુહાવતો લાગે તેની હિતશિક્ષા પ્રાયે કોણ અંગીકાર કરે? જગતદૃષ્ટિ જીવો પણ પ્રથમ રૂપને જ દેખે છે અને યોગ્ય પરિચય થયે પછી ગુણ દેખે છે. ગુણોનો નિધાન હોય, કારણ ગુણ વિના સભામાં નાયકપણું શોભે નહિ, શ્રોતા સમજીને ગ્રહી શકે એવા સ્પષ્ટ અને મિષ્ટ જેનાં ઉપદેશ વચનો હોય. વચનમાં મધુરતા વિના તે શ્રોતાને રુચે નહિ, તેમ તેમના શ્રવણના ઉલ્લાસમાં વૃદ્ધિ પણ ન કરે. વળી કોઈની નિંદા કરવાવાળો પણ ન હોય અને પોતે પણ નિંદ્ય આચરણ યુક્ત ન હોય, તથા—

**श्रुतमविकलं शुद्धा वृत्तिः परप्रतिबोधने**
**परिणतिरुरुद्योगी मार्गप्रवर्त्तनसद्विधौ ।**
**बुधनुतिरनुत्सेको लोकज्ञता मृदुता स्पृहा**
**यतिपतिगुणाय स्मिन्नन्ये च सोऽस्तु गुरुः सताम् ।।६।।**

**સત્પુરુષોં કે ગુરુ, સન્દેહ રહિત આગમજ્ઞાની હોતે,**
**શુદ્ધ વૃત્તિમય પર-પ્રતિબોધી, માર્ગ-પ્રવર્તક ભી હોતે;**
**જ્ઞાનીજન કી વિનયયુક્ત હોં, ઉદ્ધત-રહિત તથા લોકજ્ઞ,**
**મૃદુતાયુત, વાંછા-વિહીન યતિ-પતિ ગુણ સે હોતે સમૃદ્ધ. ૬.**

જે પુરુષનું સંદેહ રહિત વિશાળ શાસ્ત્રજ્ઞાન હોય, મન-વચન-કાયાની નિર્દોષ અને શાંત પ્રવૃત્તિ હોય, બીજા ભવ્યજીવોને બોધ કરવાયોગ્ય જેના વિશુદ્ધ પરિણામ હોય, શ્રીમાન્ જિનેંદ્ર વીતરાગપરમાત્માનો પવિત્ર અને પ્રાણીમાત્રને હિતૈષી સુખદમાર્ગ પ્રવર્તાવવાની યથાર્થ વિધિમાં ઘણો ઉદ્યમવંત હોય, અન્ય જ્ઞાનીજનોને પણ પ્રણામ કરવાયોગ્ય હોય, પોતાથી અધિક જ્ઞાનાદિ ગુણે યુક્ત પુરુષનો વિનય કરવામાં ઉત્સુક હોય, ગર્વરહિત હોય, લોકરીતિનો જાણકાર હોય, કોમળ સ્વભાવી હોય, આશારહિત હોય, એ પ્રમાણે મહાનપણાયોગ્ય ગુણો જે પુરુષમાં હોય તે પુરુષ ઉપદેશદાતા હોઈ શકે. અહીં શ્રી આચાર્ય ભગવાન આશીર્વાદપૂર્વક કહે છે કે—સર્વ આત્માઓને આવા ગુણોથી યુક્ત ઉપદેશદાતા પ્રાપ્ત થાઓ !!! જેનાથી શિષ્યસમુદાયનું અકલ્યાણ થાય એવા ઉપદેશદાતા કોઈને સ્વપ્નામાં પણ ન મળશો!

હવે, આગળ શ્રીગુરુ શ્રોતાનાં લક્ષણો કહે છે :—

**भव्यः किं कुशलं ममति विमृशन् दुःखाद् भृंश भीतिमान्**
**सौख्यैषी श्रवणादिबुद्धिविभवः श्रुत्वा विचार्य्य स्फुटम् ।**
**धर्म्मं शर्म्मकरं दयागुणमयं युक्त्यागमाभ्यां स्थितम्**
**गृह्णन् धर्मकथां श्रुतावधिकृतः शास्यो निरस्ताग्रहः ।।७।।**

**ધર્મકથા કા શ્રોતા હોતા ભવ્ય ઔર નિજ-હિત-ચિન્તક,**
**દુઃખોં સે ભયભીત તથા શ્રવણાદિ બુદ્ધિયુત હિત-વાંછક;**
**સુખકર ઔર દયા-ગુણમય, ધર્મસ્થ યુક્તિ અરુ આગમ સે,**
**શ્રુત-મર્યાદા-ધારી, આગ્રહ-મુક્ત ધર્મ-વાર્તા સુનતે. ૭.**

પ્રથમ ભવ્ય હોય, કારણ જેનું ભવિતવ્ય જ ભલું થવાયોગ્ય ન હોય તેવા અનધિકારી જીવને શાસ્ત્રશ્રવણ ક્યાંથી કાર્યકારી થાય ? વળી જિજ્ઞાસ્યવૃત્તિવાળો હોય, કારણ પોતાના હિત–

અહિતનો વિચાર જાગ્રત થઈ હિત અને હિતનાં કારણો પ્રત્યે સાચી જિજ્ઞાસા જાગ્યા વિના શાસ્ત્ર શ્રવણ ક્યાંથી કરે? સંસાર દુઃખથી ભયભીત હોય, આ ચતુર્ગતિરૂપ સંસારચક્રના રૌદ્ર અને ભયંકર દુઃખોનો જેને ખ્યાલ કે ભય ન હોય તેવો જીવ સંસારદુઃખ મોચન કરવાવાળાં આપ્તવચન ક્યાંથી સાંભળે? સાચા સુખનો તીવ્ર અભિલાષી હોય, કારણ તેવો જ જીવ સુખના અનન્ય કારણરૂપ જિનોક્તવચનામૃતને સાંભળી શકે. સુશ્રુષા, શ્રવણ, વિજ્ઞાન, ગ્રહણ, ધારણ, ઉહ, અપોહ અને તત્ત્વાભિનિવેશ—એ આઠ બુદ્ધિ સંબંધી ગુણોથી યુક્ત બુદ્ધિમંત શ્રોતા ધર્મોપદેશયોગ્ય છે. સાંભળવાની સાચી રુચિ તે સુશ્રુષા, સાંભળવું તે શ્રવણ, સાંભળેલા ભાવો હૃદયમાં ગ્રહણ થવા તે ગ્રહણ, તે બોધ વિસ્મરણ ન થવો તે ધારણા, તત્સંબંધી વિશેષ-વિશેષ વિચાર થવો તે વિજ્ઞાન, પ્રશ્ન–ઉત્તર પૂર્વક સાંભળેલા ભાવો વિધિ–પ્રતિષેધાત્મક વિચારોએ કરીને ચિત્તને વિષે તત્સંબંધી ઉહાપોહ થવો તે ઉહ-અપોહ, અને પછી તત્ત્વશ્રદ્ધાન રૂપ પોતાનો શુદ્ધ વાસ્તવ્ય અભિપ્રાય થવો તે તત્ત્વાભિનિવેશ. એ પ્રમાણે બુદ્ધિ સંબંધી શોભનીક ગુણો વિના શ્રોતાપણું બને નહિ. વળી આગમ, અનુમાન, યુક્તિ, તર્ક અને અનુભવાદિ પ્રમાણોથી સિદ્ધ થયેલો એવો સુખરૂપ દયામય ધર્મ સાંભળીને તેને તુરત ગ્રહણ કરવારૂપ સરળપરિણામી જીવ હોય, તે જ શ્રોતા ધર્મોપદેશ યોગ્ય છે, પરંતુ સ્વમતિ કલ્પિતનિર્ધારરૂપ ખોટી હઠ જેને છે તેવા જીવને શ્રી વીતરાગપ્રણીત સ્યાદ્વાદધર્મરૂપ હિતકારી શિખામણ રુચે નહિ. ઉપર કહેલા ગુણવંત શ્રોતાને શ્રી સર્વજ્ઞપ્રણીત સાચા સુખનો માર્ગ કાર્યકારી થાય અર્થાત્ ટૂંકામાં સત્ સુખનો અભિલાષી હળુકર્મી આત્મા શ્રી સદ્‌ગુરુ ઉપદેશથી ધર્મ ઉપાર્જનરૂપ સાચા સુખના માર્ગ વિષે પ્રવર્તે.

**पापाद्-दुःखं धर्मात्सुखमिति सर्वजनसुप्रसिद्धमिदम् ।**
**तस्माद्विहाय पापं चरतु सुखार्थी सदा धर्मम् ।।८।।**
**પાપોં સે દુઃખ ઔર ધર્મ સે સુખ – યહ જાનેં સબ જગ-જન;**
**અતઃ છોડકર પાપ, ધર્મ-આચરણ કરેં સુખ વાંછક જન. ૮.**

પાપથી દુઃખ અને ધર્મથી સુખ એ વાત લૌકિકમાં પણ જગત્ પ્રસિદ્ધ છે અને સર્વ સમજુ મનુષ્યો પણ એમ જ માને છે. તો જેઓ સુખના અર્થી હોય તેમણે પાપ છોડી નિરંતર ધર્મ અંગીકાર કરવો.

પાપથી દુઃખ અને ધર્મથી સુખ પ્રાપ્ત થાય છે, એ અભિપ્રાય સર્વમાન્ય છે. સર્વ ધર્માનુયાયીઓ તેમાં એકમત છે. તો હે ભવ્યો! જો તમે સુખને જ ચાહતા હો તો પાપને છોડો અને ધર્મકાર્ય કરો રૂડાસુખની ચાહના વાળા જીવો જ ધર્મને અંગીકાર કરે છે. હે ભવ્ય! સુખની પ્રાપ્તિનું કોઈ મૂળ કારણ હોય તો તે એક ધર્મ જ છે.

યથાર્થ શુદ્ધ ધર્મ આપ્તગુરુ ભગવાનથી જ પ્રાપ્ત થવા યોગ્ય છે. એ વાત શ્રી આચાર્ય મહારાજ નીચેના સૂત્રથી પ્રતિપાદન કરે છે.

**सर्वः प्रेप्सति सत्सुखाप्तिमचिरात् सा सर्वकर्मक्षयात्**
**सद्वृत्तात्स च तच्च बोधनियतं सोऽप्यागमात्स श्रुतेः ।**
**साचाप्तात् स च सर्वदोषरहितो रागादयस्तेऽप्यत—**
**स्तं युकत्या सुविचार्य्य सर्वसुखदं संतः श्रुयतु श्रियै ।।९।।**

**સર્વ કર્મક્ષય સે જો સમ્ભવ વહ સુખ શીઘ્ર સભી ચાહેં,**
**કર્મક્ષય સમ્યક્-ચારિત સે, ચરિત જ્ઞાન સે અવગાહે;**
**આગમ શ્રુતિ સે, શ્રુતિ આપ્ત સે, આપ્ત રહિત સબ દોષોં સે,**
**અતઃ યુક્તિ સે કર વિચાર સત્પુરુષ સુખદ જિ-શરણ ગહેં. ૯.**

સત્‌સુખની ઇચ્છા જગતમાં સર્વ પ્રાણીને હોય છે; અને સર્વ જીવોની વર્તના જોતાં તેમની એ અભિલાષા પ્રત્યક્ષ દેખાઈ આવે છે, પરંતુ વાસ્તવિક તો એમ છે કે સત્‌સુખની પ્રાપ્તિ સર્વ કર્મક્ષયથી જ છે. વળી વિચાર કરતાં એમ લાગે છે કે આત્મા સ્વયં સુખરૂપ જ છે, પણ તે સુખને રોકવાવાળું અવશ્ય કોઈ કારણ છે; અને તે કર્મ છે. સુખને આવરણ કરવાવાળા કર્મનો નાશ થયા વિના યથાર્થ નિરાબાધ સુખ ક્યાંથી પ્રાપ્ત થાય? સુખને આવરણ કરવાવાળા કર્મનો સર્વથા નાથ માત્ર તો એક સમ્યક્ચારિત્રથી જ થાય છે. વળી જ્ઞાન વિના હિત-અહિત કે હેય-ઉપાદેયનો નિશ્ચય જીવને ક્યાંથી થાય? અને તે વિના સમ્યક્ચારિત્ર પણ કેમ સંભવે? અર્થાત્ સમ્યક્ચારિત્રનું મૂળ એક સમ્યગ્જ્ઞાન છે અને તે સમ્યગ્જ્ઞાન નિર્દોષ સર્વજ્ઞપ્રણીત આગમ અને તથારૂપ દશાસંપન્ન શ્રી સદ્‌ગુરુ ભગવાનથી થાય છે. આગમના અભ્યાસ વિના કે તેવા તથારૂપ દશાપ્રાપ્ત પરમ પુરુષના પ્રત્યક્ષજોગ વિના જીવને સ્વહિતનું ભાન થતું નથી. આગમ પણ સમ્યક્ અર્થ પ્રકાશક મૂળ ઉપદેશક વિના હોય નહિ અને સમ્યક્ અર્થ પ્રકાશક મૂળ ઉપદેશક ભગવાન આપ્ત છે, જેઓ સર્વ દોષથી રહિત કેવળ નિર્દોષ છે. કારણ દોષસહિત આપ્તપણું હોય નહિ. તે દોષો મુખ્ય તો રાગ–દ્વેષ અને અજ્ઞાનાદિ છે. એ જેનામાં છે તે પુરુષથી યથાર્થ સત્ય ધર્મોપદેશ સંભવે નહિ. રાગ–દ્વેષ અને અજ્ઞાનાદિ દોષો આપ્તપણાના પ્રગટ ઘાતક છે. સદ્‌વિચારવાળા મુમુક્ષુઓને સમ્યક્ વિચારે કરી સર્વ સુખના અનન્ય હેતભૂત એવા શ્રી આપ્તપુરુષનો અવિચ્છિન્ન આશ્રય સદૈવ કર્તવ્ય છે. અવિનાશી સુખરૂપ ઉત્કૃષ્ટલક્ષ્મીનું નિધાન માત્ર એક ભગવાન આપ્ત છે. તેનો હે સુખાર્થી ભવ્યો! તમે સદૈવ આશ્રય કરો!

તે પરમપુરુષ આપ્તભગવાને સુખાભિલાષી સત્પુરુષોના હિતાર્થે સમ્યક્‌દર્શન, સમ્યક્‌જ્ઞાન, સમ્યક્ચારિત્ર અને સમ્યક્‌તપ—એ ચાર ઉત્તમ આરાધનારૂપ ધર્મ સુખપ્રાપ્તિના

સર્વોત્કૃષ્ટ ઉપાય તરીકે વર્ણવ્યા–ઉપદેશ્યા છે. તેમાં પ્રથમ સમ્યગ્દર્શન આરાધનાનું સ્વરૂપ પ્રતિપાદન કરતાં શ્રી આચાર્ય મહારાજ નીચેનું કાવ્ય કહે છે.

**श्रद्धानं द्विविधं त्रिधा दशविधं मौढ्याद्यपोढं[१] सदा**
**संवेगादिविवर्द्धितं भवहरं त्र्यज्ञानशुद्धिप्रदम् ।**
**निश्चिन्वन् नवसप्त तत्त्वमचलप्रासादमारोहता**
**सोपानं प्रथमं विनेयविदुषामाद्येयमाराधना ।।१०।।**

**દ્વય વિધ, ત્રય વિધ, દશ વિધ હૈ, મૂઢતા દોષ વિરહિત શ્રદ્ધાન,**
**સંવેગાદિ વિવર્ધિત, ભવહર, શુદ્ધ કરે જો તીનોં જ્ઞાન;**
**નવ વા સપ્ત તત્ત્વ નિશ્ચાયક, આરાધના પ્રથમ યહ જાન,**
**અચલ મોક્ષપથગામી ધીમત્ શિષ્યોં કો પહલા સોપાન. ૧૦.**

વિપરીત અભિપ્રાયરહિત આત્માનું સ્વરૂપ સદ્દ્હવું તે સમ્યગ્દર્શન છે. એ સમ્યગ્દર્શન બે પ્રકારે ભગવાન જિને ઉપદેશ્યું છે. એક ઉપદેશાદિ બાહ્ય નિમિત્ત વિના પ્રગટ થાય તે નિસર્ગજ અર્થાત્ સ્વાભાવિક સમ્યગ્દર્શન, અને બીજું ઉપદેશાદિ બાહ્ય નિમિત્તપૂર્વક પ્રગટ થાય તે અધિગમજ અર્થાત્ નૈમિત્તિક સમ્યગ્દર્શન કહ્યું છે. અથવા તે સમ્યક્શ્રદ્ધાન ત્રણ પ્રકારે પણ કહ્યું છે, દર્શનમોહપ્રકૃતિના ઉપશમથી થાય તે ઔપશમિક, ક્ષયથી થાય તે ક્ષાયિક અને ક્ષયોપશમથી થાય તે ક્ષાયોપશમિક સમ્યગ્દર્શન છે; અથવા તે સમ્યક્શ્રદ્ધાન દશ પ્રકારે પણ કહ્યું છે. તે દશ પ્રકારે આગળ કહીશું. દેવમૂઢતા, શાસ્ત્રમૂઢતા અને લોકમૂઢતા એ ત્રણ મૂઢતા, જાતિ, કુલ, રૂપ, બલ, જ્ઞાન, પૂજા, તપ અને ઐશ્વર્ય એ આઠ મદ, શંકા, કાંક્ષા, વિચિકિત્સા, મૂઢદ્રષ્ટિ, અનુપગૂહન, અસ્થિતિકરણ, અવાત્સલ્ય અને અપ્રભાવના એ આઠ દોષ અને મિથ્યાદર્શન, મિથ્યાજ્ઞાન અને મિથ્યાચારિત્ર એ ત્રણ તથા એ ત્રણને ધારણ કરવાવાળા મળી છ અનાયતન (બીજી રીતે છ અનાયતન આ પ્રમાણે પણ ગણાય, ૧ અસર્વજ્ઞ, ૨ અસર્વજ્ઞનું જ્ઞાન, ૩ અસર્વજ્ઞનું સ્થાન, ૪ અસર્વજ્ઞના જ્ઞાનસહિત પુરુષ, ૫ અસર્વજ્ઞનું આચરણ, ૬ અસર્વજ્ઞના આચરણસહિત પુરુષ. એ પણ છ અનાયતન છે.)

એ રીતે ત્રણ મૂઢતા, આઠ મદ, આઠ દોષ અને છ અનાયતન એ પચ્ચીસ દોષ આત્માની સમ્યક્શ્રદ્ધામાં વિઘ્ન કરનાર દોષો છે. એ પચ્ચીશ દોષથી રહિત યથાતથ્ય નિર્મળશ્રદ્ધાન જે આત્માને છે તે જ સમ્યગ્દ્રષ્ટિ છે. એ દોષો સમ્યક્ત્વને કાં તો નાશ કરે છે અથવા મલિન કરે છે. ઉપર સમ્યક્ત્વના બે ત્રણ અને દશ આદિ ભેદ વર્ણવ્યા છે, પણ તે કારણોના ભેદને લઈને છે.

---

१. मूढत्रयं मदाष्टौ तथानायतनानि षट् ।
अष्टौ शंकादयश्चेति द्रग्दोषः पंचविंशतिः ।।

વાસ્તવ્ય તો સમ્યક્ત્વ એક જ પ્રકારે છે. (યથા :–तत्त्वार्थश्रद्धानं सम्यक्दर्शनम्) શમ, સંવેગાદિ ગુણોના નિર્મળપણાથી સમ્યક્શ્રદ્ધાન વર્ધમાન થાય છે અથવા તે સમ્યક્શ્રદ્ધાનથી શમ, સંવેગાદિ નિર્મળતાયુક્ત વધે છે; કુમતિ, કુશ્રુતિ અને વિભંગાવધિ એ ત્રણ જીવના અનાદિ અજ્ઞાનનો નાશ કરી જ્ઞાનમાં શુદ્ધતા પ્રગટાવનાર એ સમ્યગ્દર્શન છે. અર્થાત્ સમ્યક્ત્વ પ્રગટ થતાં વેંત જ પ્રથમનું સંસારના કારણરૂપ અને ભવના બીજરૂપ એવું જે કુજ્ઞાન તે જ પલટાઈને આત્માને પરમદુઃખના કારણરૂપ એવા સર્વ પ્રતિબંધથી રહિત (મુક્ત) થવામાં હેતુરૂપ થાય છે અર્થાત્ સમ્યક્પણે પરિણમે છે. જ્ઞાનમાં અનંતકાળથી મિથ્યાપણું વર્તતું હતું તે અનાદિ એવા ઉપરોક્ત પચ્ચીશ દોષ જવાથી નિર્મળ શ્રદ્ધાન થઈ સમ્યક્પણું (યથાર્થપણું) પ્રાપ્ત કરાવે છે.

જીવ, અજીવ, આસ્રવ, બંધ, સવંર, નિર્જરા અને મોક્ષ એ સાત તત્ત્વોનો યથાવત્ નિશ્ચય, આત્મામાં તેનો વાસ્તવિક પ્રતિભાસ તે જ સમ્યગ્દર્શન છે. પંડિત અને બુદ્ધિમાન મુમુક્ષુને મોક્ષસ્વરૂપ પરમસુખસ્થાને નિર્વિઘ્ન પહોંચાડવામાં એ પ્રથમ પગથીયારૂપ છે. અર્થાત્ મોક્ષમહાલયની નીસરણીનું ખાસ પગથીયું સમ્યક્દર્શન છે. જ્ઞાન, ચારિત્ર અને તપ એ ત્રણે સમ્યક્ત્વસહિત હોય તો જ મોક્ષાર્થે સફળ છે, વંદનીય છે, કાર્યગત છે. અન્યથા તે જ (જ્ઞાન, ચારિત્ર અને તપ) સંસારના કારણરૂપપણે જ પરિણમી જાય છે. ટૂંકમાં સમ્યક્ત્વરહિત જ્ઞાન તે જ અજ્ઞાન, સમ્યક્ત્વરહિત ચારિત્ર તે જ કષાય અને સમ્યક્ત્વ વિનાનું તપ તે જ કાયક્લેષ છે. જ્ઞાન, ચારિત્ર અને તપ એ ત્રણે ગુણોને ઉજ્જ્વળ કરનાર એવી એ સમ્યક્શ્રદ્ધા પ્રધાન આરાધના છે. બાકીની ત્રણ આરાધના એક સમ્યક્ત્વના વિદ્યમાનપણામાં જ આરાધકભાવે પ્રવર્તે છે. એ પ્રકારે સમ્યક્ત્વનો કોઈ અકથ્ય અને અપૂર્વ મહિમા જાણી તે પવિત્ર કલ્યાણમૂર્તિરૂપ સમ્યગ્દર્શનને આ અનંત-અનંત દુઃખરૂપ એવા અનાદિ સંસારની આત્યંતિક નિવૃત્તિ અર્થે હે ભવ્યો! તમે ભક્તિપૂર્વક અંગીકાર કરો. સમયે સમયે આરાધો.

**ઉપશમ સમ્યક્ત્વ**—જેના તળીયે કીચડ જામ્યો છે અને ઉપર નિર્મળ જળ છે, તેવું છે. **ક્ષાયિક સમ્યક્ત્વ**—શુદ્ધ સ્ફટિકમણિ સમાન કેવળ નિર્મળરૂપ છે અને **ક્ષાયોપશમિક સમ્યક્ત્વ** ઉગતા સૂર્યની માફક કંઈક રાગાદિ મલસહિત વર્તે છે. અથવા :—

**आज्ञामार्गसमुद्भवमुपदेशात् सूत्रबीजसंक्षेपात् ।**
**विस्तारार्थाभ्या भवमवगाढपरमावगाढे च ।।११।।**

**આજ્ઞા, માર્ગ, સૂત્ર, ઉપદેશ ઔર સંક્ષેપ, બીજ-ઉત્પન્ન;**
**અર્થજ વિસ્તારજ અવગાઢ પરમ-અવગાઢ કહા સમ્યક્ત્વ. ૧૧.**

આજ્ઞા, માર્ગ, ઉપદેશ, સૂત્ર, બીજ, સંક્ષેપ, વિસ્તાર, અર્થ અવગાઢ અને પરમાવગાઢ— એમ સમ્યક્ત્વના દશ ભેદ પણ છે.

હેય, ઉપાદેય તત્ત્વોનો વિવેક કરતાં વિપરીત અભિપ્રાયરહિત એવું પવિત્ર સમ્યગ્દર્શન વાસ્તવિક તો એક જ પ્રકારે છે, પરંતુ આજ્ઞા આદિ સમ્યક્ત્વની ઉત્પત્તિના કારણોની અપેક્ષાથી વિચાર કરતાં તે દશ પ્રકારે પણ છે. હવે તેનું વિશેષ વર્ણન શ્રી આચાર્ય મહારાજ નીચેના સૂત્રથી કરે છે :—

**आज्ञासम्यक्त्वनुक्तं यदुत विरुचितं वीतरागाज्ञायैव**
**त्यक्तग्रन्थप्रपञ्चं शिवममृतपथं श्रद्दधन्मोहशान्तेः ।**
**मार्गश्रद्धानमाहुः पुरुषवरपुराणोपदेशोपजाता**
**या संज्ञानागमाब्धिप्रसृतिभिरुपदेशादिरादेशिदृष्टिः ।।१२।।**

**વીતરાગ કી આજ્ઞા સે જો રુચિ હો વહ *આજ્ઞા* સમ્યક્ત્વ,**
**મોહ શાન્તિ સે, ગ્રંથ પ્રપંચ બિના જાને હો *માર્ગ* સમ્યક્ત્વ-**
**બાહ્યાન્તર પરિગ્રહ વિહીન શિવપથ કી શ્રદ્ધા સે હોતા,**
**ઉત્તમ પુરુષ પુરાણ શ્રવણ સે સમકિત હૈ *ઉપદેશ* કહા. ૧૨.**

શાસ્ત્રાભ્યાસ વિના માત્ર વીતરાગ દેવની આજ્ઞા તથા તેમનાં વચનો સાંભળ્યા પછી થયેલી જે તત્ત્વશ્રદ્ધાનરૂપ અથવા તે આપ્તપુરુષની આજ્ઞાના અવધારણરૂપ જીવની દશા વિશેષતારૂપ પરિણતિ તે આજ્ઞાસમ્યક્ત્વ છે. વીતરાગ સર્વજ્ઞદેવપ્રણીત ગ્રંથો વિસ્તારપૂર્વક સાંભળ્યા વિના માત્ર બાહ્યાભ્યંતર પરિગ્રહરહિત એવો વિશુદ્ધ મોક્ષમાર્ગ તેનું અનાદિ દુઃખરૂપ એવા પ્રબળ મોહની ઉપશાંતિ અર્થે શ્રદ્ધાન થવું તે માર્ગસમ્યક્ત્વ છે અથવા પ્રત્યક્ષ બોધસ્વરૂપ પુરુષ પ્રત્યે ભક્તિયુક્ત આસ્તિક્ય પરિણતિ થવી એ પણ માર્ગસમ્યક્ત્વ છે. શ્રી તીર્થંકરાદિ ઉત્કૃષ્ટ પુરુષોના ઉપદેશથી દૃષ્ટિની વિશુદ્ધતા થવી એ ઉપદેશસમ્યક્ત્વ છે અથવા તે આપ્ત ભગવાન પ્રણીત શ્રુત પ્રત્યે અત્યંત ભક્તિયુક્ત આસ્થારૂપ જીવની દશા તે પણ ઉપદેશસમ્યક્ત્વ છે.

**आकर्ण्याचारसूत्रं मुनिचरणविधेः सूचनं श्रद्दधानः**
**सूक्तासौ सूत्रदृष्टिर्दुरधिगमगतेरर्थसार्थस्य बाजैः ।**
**कश्चिज्जातोपलब्धेरसमशमवशाद्बीजदृष्टिः पदार्थात्**
**सक्षेपेणैव बुध्वा रुचिमुपगतवान्साधुसंक्षेपदृष्टिः ।।१३।।**

**મુનિ-આચરણ પ્રરૂપક શાસ્ત્ર-શ્રવણ કરને સે *સૂત્ર* શ્રદ્ધાન,**
**દુર્ગમ અર્થ યુક્ત બીજોં કે જ્ઞાન માત્ર સે હોતા જાન,**
**કહા *બીજ* સમ્યક્ત્વ ઇસે યહ હો દર્શન-મોહોપશમ સે,**
**હૈ સમકિત *સંક્ષેપ*, વસ્તુ કા જ્ઞાનમાત્ર સંક્ષેપ લસે. ૧૩.**

મુનિઓના આચારાદિ વિધાનોને વિદિત કરનારાં એવા આચારાંગાદિ સૂત્રો સાંભળી જે વીતરાગ ભગવાન પ્રણિત નિર્ગ્રંથમાર્ગ પ્રત્યે મહત્વપૂર્ણ દૃષ્ટિપૂર્વક જે આસ્તિક્ય પરિણતિ થાય તે સૂત્ર સમ્યક્ત્વ છે. જ્ઞાનના કારણરૂપ બીજગણિતના અભ્યાસથી થયેલો જે મોહનો અનુપમ ઉપશમ અને તેથી અતિ કઠણ છે જેને જાણવાની ગતિ એવું જે તત્ત્વશ્રદ્ધાન તે બીજસમ્યક્ત્વ છે. સંક્ષિપ્તાપૂર્વક થયેલી તે તત્ત્વશ્રદ્ધાનરૂપ જીવની દશા વિશેષતા તે સંક્ષેપસમ્યક્ત્વ છે. ઉક્ત સંક્ષેપસમ્યક્ત્વના સંબંધમાં જિનાગમમાં ઘણા દૃષ્ટાંતો છે :—

**यः श्रुत्वा द्वादशांगीं कृतरुचिरथ तं विद्धि विस्तारदृष्टिं**
**संजातार्थात्कुतश्चित् प्रवचनवचनान्यंतरेणार्थदृष्टिः ।**
**दृष्टिः साङ्गाङ्गबाह्यप्रवचनभवगाह्योत्थिता यावगाढा**
**कैवल्यालोकितार्थे रुचिरिह परमावादिगाढेति रुढा ।।१४।।**

**દ્વાદશાંગ સુનકર રુચિ હોતી કહેં ઇસે સમકિત *વિસ્તાર*,**
**વચન બિના હી કિસી અર્થ સે હો વહ શ્રદ્ધા સમકિત *અર્થ*;**
**દ્વાદશાંગ અરુ અંગબાહ્ય કે જ્ઞાન સહિત જાનો *અવગાઢ*,**
**કેવલજ્ઞાન સહિત જો રુચિ હૈ જિનવર કહેં *પરમ-અવગાઢ*. ૧૪.**

દ્વાદશાંગ વાણી સાંભળીને ઉત્પન્ન થયેલી એવી નિર્મળ તત્ત્વશ્રદ્ધાનરૂપ દશા તે વિસ્તાર સમ્યક્ત્વ છે. નિર્ગ્રંથ વીતરાગ પ્રવચન સાંભળવાથી તેમાંના કોઈ ગહન અર્થના નિમિત્તથી ઉત્પન્ન થયેલી જે તત્ત્વાર્થદૃષ્ટિરૂપ દશા તે અર્થસમ્યક્ત્વ છે. અંગ અને અંગબાહ્ય જે વીતરાગપ્રણીત શાસ્ત્રો તેને અવગાહન કરવાથી ઉત્પન્ન થયેલી જે તત્ત્વશ્રદ્ધા તે અવગાઢસમ્યક્ત્વ છે. કેવળ જ્ઞાનોપયોગ વડે અવલોકિત જે તત્ત્વશ્રદ્ધા તે પરમાવગાઢસમ્યક્ત્વ છે. એમ એક સમ્યગ્દર્શન પરિણતિને ઉત્પન્ન થવાના ઉપરોક્ત દશ નિમિત્તોના યોગે તે સમ્યક્ત્વભાવના પણ ઉપર કહ્યા દશ ભેદ થાય છે. તેમાંના ગમે તે નિમિત્તે ઉત્પન્ન થયેલી તત્ત્વાર્થશ્રદ્ધા તો એક જ પ્રકારની હોય છે.

'ચાર આરાધનામાં સમ્યક્ત્વ આરાધનાને પ્રથમ કહેવાનું શું કારણ?' એવો શિષ્યને પ્રશ્ન થતાં શ્રી આચાર્ય તેનું સમાધાન કરે છે :—

**शमबोधवृततपसां पाषाणस्येव गौरवं पुसंः ।**
**पूज्य महामणेरिव तदेव सम्यक्त्वसंयुक्तम् ।।१५।।**

**પ્રશમ, જ્ઞાન, ચારિત્ર ઔર તપ પાષાણોં કે ભાર સમાન,**
**કિન્તુ યદિ સમ્યકત્વ સહિત તો મણીવત્ ગૌરવવાન. ૧૫.**

આત્માને મંદકષાયરૂપ ઉપશમભાવ, શાસ્ત્રાભ્યાસરૂપ જ્ઞાન, પાપના ત્યાગરૂપ ચારિત્ર અને અનશનાદિરૂપ તપ એનું જે મહત્પણું છે તે સમ્યક્ત્વ સિવાય માત્ર પાષાણ બોજ સમાન

છે, આત્માર્થ ફળદાતા નથી; પરંતુ જો તે સામગ્રી સમ્યક્ત્વસહિત હોય તો મહામણિ સમાન પૂજનીક થઇ પડે અર્થાત્ વાસ્તવ્ય ફળદાતા અને ઉત્કૃષ્ટ મહિમાયોગ્ય થાય.

પાષાણ તથા મણિ એ બંને એક પત્થરની જાતિનાં અર્થાત્ જાતિ અપેક્ષાએ તો એ બંને એક છે, તોપણ શોભા, ઝલક આદિની વિશેષતાને લઈને મણિનો થોડો ભાર ગ્રહણ કરે તોપણ ઘણી જ મહત્તાને પામે, પણ પાષાણનો ઘણો ભાર માત્ર તેના ઉઠાવનારને કષ્ટરૂપ જ થાય છે. તેવી જ રીતે મિથ્યાત્વક્રિયા અને સમ્યક્ત્વક્રિયા એ બંને ક્રિયા અપેક્ષાએ તો એક જ છે, તથાપિ અભિપ્રાયના સત્–અસત્પણાના તથા વસ્તુતત્ત્વના ભાન–બેભાનપણાના કારણને લઈને મિથ્યાત્વ સહિત ક્રિયાનો ઘણો ભાર વહન કરે છે, તોપણ વાસ્તવ્ય મહિમા યુક્ત અને આત્મલાભપણાને પામે નહિ; પરંતુ સમ્યક્ત્વસહિત અલ્પ પણ ક્રિયા યથાર્થ આત્મલાભદાતા અને અતિ મહિમાયોગ્ય થાય.

હવે, સમ્યક્ત્વ આરાધના વિષે પ્રવર્તતા એવા આરાધકના સ્વરૂપને કહે છે :—

**मिथ्यात्वातङ्कवतो हीताहीतप्राप्त्यनाप्तीमुग्धस्य ।**
**बालस्येव तवेयं सुकुमारैव क्रिया क्रियते ।।१६।।**

**મિથ્યાત્વરૂપ આતંકયુક્ત હૈ પ્રાપ્તિ-અપ્રાપ્તિ હિતાહિત મૂઢ;**
**તૂ બાલકવત્ અતઃ તુઝે સુકુમાર ક્રિયા કહતા સુન મૂઢ. ૧૬.**

હે જીવ! મિથ્યાત્વરૂપ મહારોગયુક્ત તથા હિતાહિતની પ્રાપ્તિ-અપ્રાપ્તિ વિષે મૂર્ખ એવા બાળક સમાન તું થઈ રહ્યો છે. તેથી તારી અમે આ સહજ વાસ્તવ્ય આરોગ્યતાજન્ય ઔષધી તને કહીએ છીએ.

વૈદ્ય જેમ હિત–અહિતને નહિ સમજનાર બાળક સમાન રોગીને સહજ ઈલાજ કરે છે, તેમ તું પણ મિથ્યાત્વપરિણતિસહિત હોવાથી હિત–અહિતને નહિ સમજનાર બાળક જ છે. તેથી તને અહીં કેવળ ધર્મસાધનાનો ઉપદેશ કરીએ છીએ કે જે વાસ્તવિક આત્મ-આરોગ્ય દાતા થાય.

બળવાન હોય, હિત પ્રાપ્તિ અને અહિતપરિહારીનો લોભી હોય તથા યુવાન હોય—એ ત્રણ સામગ્રીયુક્ત પુરુષ કઠોર સાધનને પણ સાધી શકે. ઉપર કહેલા ત્રણ ગુણ જેનામાં ન હોય તેવા પુરુષને તો જેવી તેનામાં કાર્યસાધકશક્તિ દેખાય તેવું જ સાધન બતાવી શકાય. તેવી રીતે યથાર્થ શ્રદ્ધાવંત મુમુક્ષુ–બંધ નાશનો સાચો ઇચ્છુક અને ગુરુતા ગુણનો ધારક જીવ હોય તે કઠણ ધર્મ સાધનને પણ સાધી શકે, પણ એ ત્રણ ગુણ તારામાં જણાતા નથી. તેથી તારાથી સાધી શકાય તેવો સમ્યક્ત્વ કોમળ ધર્મ તને બતાવીશું.

હવે, ચારિત્ર આરાધનાના વિચારને વિચારતા એવા શ્રી આચાર્ય ભગવાન તે ચારિત્ર આરાધનાના આરાધકોને યોગ્ય અણુવ્રતરૂપ સુગમ ચારિત્ર આરાધનાને પ્રગટ કરે છે.

**विषप्राशनोत्थीतमोहज्वरजनीततीव्रतृष्णस्य ।**

**निःशक्तिकस्य भवतः प्रायः पेयाद्यूपक्रमः श्रेयान् ।। १७।।**

**વિષમ વિષય-ભોજન સે ઉત્થિત મોહ જ્વરજ અતિ તૃષ્ણા તાપ;**

**શક્તિહીન તેરા શીતલ પેયોં સે મિટ જાયે સંતાપ. ૧૭.**

હે જીવ! વિષયરૂપ વિષ-ભોજનથી ઉત્પન્ન થયેલો મોહજ્વર અને તેથી લાગી રહેલી તીવ્ર તૃષ્ણારૂપ તૃષા વડે તું શક્તિરહિત થઈ રહ્યો છે. તો હવે તને પથ્યકારી પીવાયોગ્ય એવાં જળાદિ ઔષધો કે જે કોમળ છે તે સેવન કરવાં શ્રેયસ્કારી થશે.

જેમ મનુષ્ય વિરુદ્ધ અને અતિ માત્રારૂપ આહાર સેવનથી ઉત્પન્ન થયેલા જ્વરથી પીડાતો હોય અને તેથી અતિશય તૃષાતુર થયો હોય, સામર્થ્ય ઘટી ગયું હોય, તે વેળા તેની એવી જ્વરપીડિત અવસ્થામાં પથ્ય અને મિતઆહાર–પાણીરૂપ ઇલાજ તેને હિતકારી છે; પણ જો તે એવી રોગી અવસ્થામાં ઘણો ગરિષ્ટ (ભારે) ખોરાક ગ્રહણ કરે તો ઉલટો તેનો રોગ વધે. તેમ હે શિષ્ય! અનાદિકાળના વિષય–વાસનારૂપ ભયંકર મોહજ્વરથી ઉત્પન્ન થયેલી પરવસ્તુને ગ્રહણ કરવાની આતુરતારૂપ તીવ્રતૃષ્ણાના અતિવિષમ વમળમાં ખેંચાતો, રીબાતો, દુભાતો એવો તું વાસ્તવ્ય આત્મશક્તિહીન થયો છે. તો હવે તારે સમ્યક્ અણુવ્રતરૂપ કોમળ ધર્મસાધનનો અનુક્રમ ભક્તિ (શ્રદ્ધા) સહિત સેવવો હિતકારક છે. તું સ્વશક્તિનો વિચાર કર્યા વિના મુનિપદ ગ્રહણ કરે અને જો તે યથાવત્ સાધે નહિ તો ઉલટો અનાદિ સંસારરોગ વધે. કહેવાનો ઉદ્દેશ્ય એ છે કે જેમ અંતરપરિણતિ વીતરાગસન્માર્ગમાં ટકી રહે, તેમ થોડું-થોડું ધર્મસાધન સાધ્ય કરી પરિણામે આત્મધર્મને વર્ધમાન કરવો.

ચારિત્ર આરાધનાનો પ્રારંભ કોણે કરવો? તે કહે છે :—

**सुखितस्य दुःखितस्य च संसारे धर्म एव तव कार्यः ।**

**सुखितस्य तदभिवृद्धे दुःखभुजस्तदुपधाताय ।।१८।।**

**તૂ જગ મેં હો સુખી યા દુઃખી, માત્ર ધર્મ હી હૈ કર્તવ્ય;**

**સુખ કી વૃદ્ધિ હેતુ ઔર દુઃખ નાશ હેતુ જાનો હે ભવ્ય! ૧૮.**

હે ભવ્ય! આ સંસારમાં તું નિરંતર સુખ–દુઃખને જે વેદે છે તેથી તારે એ બંને સ્થિતિમાં ધર્મ કરવો યોગ્ય છે. સુખમાં તે સુખની વૃદ્ધિ અર્થે અને દુઃખમાં તેનાં નાશને અર્થે, એમ બંને સ્થિતિમાં માત્ર એક ધર્મ જ હિતકારી છે.

જેમ કોઈ પુરુષ ધનવાન હોય તોપણ તેણે ધનપ્રાપ્તિ ભણી પ્રયત્નવંત રહેવું યોગ્ય છે, તેમ કોઈ પુરુષ ઋણવાન હોય તોપણ તેને ધન રળવા પ્રયત્નવંત રહેવું યોગ્ય છે. ધનવાન પુરુષ ધન રળે તો તેના મૂળધનમાં વૃદ્ધિ થાય અને ઋણવાન પુરુષ ધન કમાય તો ઋણનો નાશ થાય,

એમ જે જીવ પુણ્યોદયથી સુખી છે તેણે તથા જે જીવ પાપકર્મોદયથી દુઃખી છે તેણે એમ બંનેએ ધર્મ આચરવો હિતકારી છે. ધર્માચરણથી સુખી પુરુષના સુખની વૃદ્ધિ અને દુઃખી પુરુષના દુઃખનો નાશ થાય છે. માટે સુખી અથવા દુઃખી ગમે તેવી સ્થિતિમાં ધર્મ એ જ પરમહિતકારી સાધન છે, તેને તું ભક્તિપૂર્વક સમ્યક્પ્રકારે આચર.

હે ભાઈ! આ ઇન્દ્રિયજન્ય સુખ એ પણ ધર્મપ્રાપ્તિનું (આનુષંગિક) ફળ છે, તેથી જેમ ધર્મ હાની ન પામે અને તેની રક્ષા થાય તેમ તેને ભોગવ. એ જ ગ્રંથકાર નીચેના કાવ્યથી પ્રતિપાદન કરે છેઃ–

**धर्मारामतरूणां फलानि सर्वेन्द्रियार्थसौख्यानि ।**
**संरक्षतांस्ततस्तान्युच्चिनुयैस्तैरुपायैस्त्वम् ।।१९।।**

**ધર્મરૂપ ઉપવન-તરુ મેં વિષયેન્દ્રિય સુખ યે ફલેં સભી,**
**સબ ઉપાય સે ઉસકી રક્ષા કરો ઔર ફલ ચુનો સભી. ૧૯.**

ધર્મરૂપ પુષ્પવાટીકામાં સમ્યક્ત્વાદિ વૃક્ષોનાં ઇન્દ્રિયવિષય સુખરૂપ ફળ છે. તો એ સુખદાતા વૃક્ષોની રક્ષા કરી તેનાં ફળોને જ વીણી-વીણીને તું ગ્રહણ કર. ઉત્તમ વૃક્ષોની રક્ષા કરી ડાહ્યો મનુષ્ય તેના ફળને ગ્રહણ કરે છે, તેમ જે ધર્મનાં અંગોથી સુખરૂપ ઇચ્છિતફળ ઉત્પન્ન થાય છે તે ધર્મના અંગોની રક્ષા કરી તેનાથી ઉત્પન્ન થયેલું એવું સુખરૂપ ફળ તું ભોગવ કે જેથી સુખ નિરંતર ટકે.

વિષયસુખવાંચ્છક જીવોના હૃદયમાં એ પણ એક શંકા છે કે 'ધર્મ કરતાં પ્રાપ્ત વિષયસુખનો અભાવ થાય છે.' આચાર્ય કહે છે કે હે જીવ! એવી વ્યર્થ આશંકા કરીને તું ધર્મથી વિમુખ ન થા. કારણ આ એક ન્યાય છે કે :—

**धर्मः सुखस्य हेतुर्हेतुर्न विरोधकः स्वकार्य्यस्य ।**
**तस्मात् सुखभङ्गभिया माभूर्धर्मस्य विमुखस्त्वम् ।।२०।।**

**સુખ કા કારણ ધર્મ કહા, નિજ કાર્ય વિરાધે નહીં કભી;**
**ઇસીલિયે સુખ-ભંગ ભીતિ કર, ધર્મ-વિમુખ હોના ન કભી. ૨૦.**

કાર્યના હેતુભૂત એવું જે કારણ તે પોતાના કાર્યનું નાશક તો ન જ થાય. અહીં સુખ એ કાર્ય અને ધર્મ તેનું કારણ છે; તો કારણરૂપ એવો જે ધર્મ તે પોતાના સુખરૂપ કાર્યનો ઘાતક કેમ થાય? 'ધર્મસાધન કરવાથી મારા પ્રાપ્ત સુખનો નાશ થશે' એવા મિથ્યાભયથી હે ભાઈ! તું ધર્મનો અનાદર ન કર. પણ ઊલટું જેમ જેમ તું તે કારણ સેવીશ તેમ તેમ તારા તે ઇચ્છિત સુખરૂપ કાર્યની વૃદ્ધિ થશે. એવો નિશ્ચય કરી તારે આવા અલભ્ય અવસરે સુખ જેથી પ્રાપ્ત થાય એવા સમ્યક્ ધર્મ વિષે પ્રીતિ કરવી એ જ યોગ્ય છે.

એ જ અર્થને દૃષ્ટાંત પૂર્વક ભગવાન આચાર્ય વિશેષ દૃઢ કરે છે :–

**धर्मादवाप्तविभवो धर्मं प्रतिपाल्य भोगमनुभवतु ।**
**बीजाधवाप्तधान्यः कृषीवलस्तस्य बीजमिव ।।२१।।**

**જૈસે બીજ સુરક્ષિત રખકર, કૃષક ભોગતા હૈ ધન-ધાન્ય;**
**વૈસે ધર્મ સુરક્ષિત રખકર, ધર્મજ સુખ ભોગો સબ જન. ૨૧.**

જે પુરુષ ધર્મના પસાયે સુખસંપદારૂપ વૈભવ પામ્યો છે, તેણે તો તે કલ્પવૃક્ષરૂપ ધર્મની રક્ષા કરી સુખસંપદારૂપ વૈભવ ભોગવવો ઇષ્ટ છે. જેમ બીજથી ઉત્પન્ન થયેલા અનાજમાંથી બીજ જેટલું રાખીને (અર્થાત્ બીજનું રક્ષણ કરીને) બાકીનું અનાજ ખેડુત ઉપભોગમાં લે છે.

બીજ વાવવાથી અન્ન ઉત્પન્ન થાય છે. બીજા હજારો ઉપાયોથી ખેદખિન્ન થવા છતાં પણ અન્નોત્પત્તિ થતી નથી, એ સુનિશ્ચિત છે. દીર્ઘદૃષ્ટિ ચતુર ખેડૂત વિચાર કરે છે કે મારે ત્યાં આ જે વિપુલ અન્ન પ્રાપ્ત થયું છે, તે મૂળ આ બીજના પ્રતાપે થયું છે, તો તે અન્નથી ઉત્પત્તિના મુખ્ય કારણરૂપ એવા એ બીજની સર્વ પ્રકારે અને જે તે રીતે મારે રક્ષા કરવી ઘટે, કે જેથી ભાવિમાં પણ અન્નની પ્રાપ્તિ મને સુલભ થાય. તો હવે મારે તે બીજ જેટલું રાખીને બાકીનું અન્ન વાપરવું ઉચિત છે; ને તેથી જ મને સુખ છે. એ દૃષ્ટાંતે હવે દાષ્ટાંત સ્થિત કરે છે કે ધર્મરૂપ બીજ વિના હજારો પ્રકારે ખેદખિન્ન થવા છતાં પણ સુખપ્રાપ્તિ થતી નથી. આચાર્ય ભગવાન કહે છે કે હે ભાઈ! જો તું વિચક્ષણ (ડાહ્યો) સંસારી હોય તો એવો હવે નિશ્ચય કર કે મને જે વર્તમાન સુખસામગ્રી મળી છે તે માત્ર એક પૂર્વ ધર્મ સેવનનું જ ફળ છે. વળી વર્તમાનમાં પણ જો હું ધર્મ સેવન કરું તો ભાવિમાં સુખની પ્રાપ્ત થાય. મારે હવે તો એ જ ઉચિત છે કે ધર્મ સંભાળી (રક્ષણ કરી) સુખ ભોગવવું, એવો વિચાર વિચારી જેમ ધર્મ સાધ્ય થાય તેમ, અર્થાત્ ધર્મને અવિરોધ રાખીને પૂર્વ પુણ્યોદયથી થયેલું સુખ હે ભાઈ! તું ભોગવ.

હવે, ધર્મથી થતા ફળનું વર્ણન કરે છે :—

**संकल्प्यं कल्पवृक्षस्य चिन्त्यं चिंतामणेरपि ।**
**असंकल्प्यमसंचिन्त्यं फलं धर्मादवाप्यते ।।२२।।**

**કલ્પવૃક્ષ અરુ ચિન્તામણિ સંકલ્પિત ચિન્તિત ફલ દેતે,**
**કિન્તુ ધર્મ સે બિન સંકલ્પ બિના, ચિન્તન હી ફલ હોતે. ૨૨.**

કલ્પવૃક્ષથી તો સંકલ્પયોગ્ય એવું ફળ છે અર્થાત્ વચનથી માગીએ તો મળે અને ચિંતામણીરત્નનું ચિંતવનયોગ્ય (અર્થાત્ મનથી જે ઇચ્છે તે ફળ પ્રાપ્ત) ફળ છે, પરંતુ ધર્મના

પસાયથી તો અસંકલ્પ્ય અને અચિંતનીય ફળ પ્રાપ્ત થાય છે. અર્થાત્ ધર્મથી એવું કોઈ અદ્ભૂત ફળ પ્રાપ્ત થાય છે કે સંકલ્પ અને ચિંતવનથી પણ પર છે.

જગતમાં કલ્પવૃક્ષ અને ચિંતામણી રત્નને લોકો ઉત્તમ ફળદાતા બતાવે છે, પણ તે તો વચન અને મનથી માગેલા યા ઇચ્છેલા વિષયાદિ સામગ્રીરૂપ ફળને કિંચિત્ આપે છે, પરંતુ ધર્મ તો વચન અને મનથી પણ અગોચર–અદ્ભૂત સુખ સામગ્રીરૂપ વિપુલ ફળને આપે છે. તો હે ભાઈ! કલ્પવૃક્ષ અને ચિંતામણીથી પણ ધર્મ પ્રાપ્તિને મહાન ફળ દાતા જાણીને તે પવિત્ર ધર્મ-સાધનામાં તું નિરંતર અનુરક્ત રહે, એ જ સર્વથી અધિક યોગ્ય છે.

હવે, તે ધર્મ કેવી રીતે ઉપાર્જન કરવો? તે કહે છે :—

**परिणाममेव कारणमोहुः खलु पुण्यपापयोः प्राज्ञाः ।**
**तस्मात् पापापचयः पुण्योपचयश्च सुविधेयः ।।२३।।**
**પુણ્ય-પાપ સબ પરિણામોં સે હોતા હૈ કહતે બુધજન;**
**અતઃ સુવિધિ સે પાપ-ક્ષય અરુ પુણ્યાર્જન કરના સબ જન. ૨૩.**

પાપ અને પુણ્યનું કારણ બુદ્ધિમાન પુરુષ પરિણામને જ કહે છે, તો હે ભાઈ! પાપનો નાશ અને પુણ્યનો સંચય રૂડા પ્રકારે કરવો એ યોગ્ય છે.

કોઈ ધર્મભીરૂ આત્મા એમ માને છે કે ''શરીરસામર્થ્ય, ધન અને સહાય ઇત્યાદિ વિના ધર્મસાધના થઈ શકે નહિ'' પણ એ માન્યતા માત્ર એનો ભ્રમ છે. આવા પરાવલંબી જીવો પ્રત્યે શ્રી આચાર્ય ભગવાન કહે છે કે કેવળ પરને દોષ દઈ શ્રી વીતરાગદેવપ્રણીત પવિત્રબોધને નિરર્થક ન કરો! વાસ્તવિકતા તો એ છે કે પુણ્ય અને પાપનું મુખ્ય કારણ પરિણામ જ છે. તો હે ભવ્યાત્મા! અશુભ પરિણામ છોડી શુભ પરિણામમાં પ્રવૃત્તિ કર, કે જેથી પુણ્યનો સંચય અને પાપનો નાશ થાય. આમ કરવામાં તને દ્રવ્યાદિ પરસાધનોની એક્કેની જરૂર નથી. તું તારા પુરુષાર્થને જાગ્રત કર તો ધર્મસાધન આપોઆપ પ્રાપ્ત થશે.

ધર્મસાધનને બદલે વિષયાદિસુખ ભોગવતા મોહમુગ્ધ આત્માની તુચ્છતા બતાવતાં ભગવાન આચાર્ય કહે છે કે :—

**कृत्वा धर्मविधातं विषयासुखान्यनुभवन्ति ये मोहात् ।**
**आच्छिध तरु मूलातफलानिगृह्णन्ति ते पापाः ।।२४।।**
**ધર્મઘાત કરકે જો મોહી, અનુભવ કરેં વિષય-સુખ કા;**
**મૂલ સહિત છેદન કર તરુ કા, પાપી ગ્રહણ કરેં ફલ કા. ૨૪.**

જે જીવ તીવ્ર મોહથી ધર્મનો ઘાત કરી વિષયાદિસુખોને ભોગવે છે, તે પાપી ઝાડને મૂળથી કાપી તેના ફળોને ગૃદ્ધિતા (અતિ લાલસા) પૂર્વક ગ્રહણ કરે છે. એવા તુચ્છ જીવાત્માઓની ઉક્ત પ્રવૃત્તિ ઘણી જ શોચનીય છે.

જેમ કોઈ પાપાત્મા ફળને તો ઇચ્છે છે, પણ ઝાડને જડમૂળથી કાપી ફળ ગ્રહણ કરે છે, તેમ મૂર્ખ જીવ સુખની લાલસામાં પાપવૃદ્ધિપૂર્વક ધર્મનો ઘાત કરી ધર્મથી ઉત્પન્ન થયેલા સુખને ભોગવે છે. અહીં શ્રીમાન્ આચાર્ય કહે છે કે હે ભવ્યાત્મન્! તું ઝાડને કાપ અથવા રાખ, પણ ફળ તો તેના ઉપર જેટલાં લાગ્યા હશે તેટલાં જ હાથ આવશે; પણ તે ઝાડને કાપવાથી ભાવિ મળવાયોગ્ય ફળ બંધ થશે, તથા તે ઝાડની રક્ષા કરવાથી વર્તમાન તેમ ભવિષ્યમાં પણ ફળપ્રાપ્તિ થતી રહેશે. તેમ તું ધર્મનો નાશ કર, વા રક્ષણ કર, સુખ તો જેટલું સર્જિત હશે તેટલું જ થશે. વધારામાં ધર્મનાશથી ભાવિ સુખ પ્રાપ્તિ તને અટકી જશે, પણ જો ધર્મની રક્ષાપૂર્વક સુખ ભોગવીશ તો વર્તમાન તેમ ભાવિ એ બંને સ્થિતિમાં તું સુખી થઈશ. (પ્રશ્ન) એક તો ધર્મનો નાશ કરી સુખ ભોગવવાનું કહ્યું અને બીજું ધર્મની રક્ષાપૂર્વક સુખ ભોગવવાનું કહ્યું તેનો શો આશય છે? (ઉત્તર) ધર્મ સાધનના અવસરમાં પણ અન્યાયરૂપ પ્રવર્તવું તે તથા પ્રાપ્ત વિષયો કરતાં અધિક તૃષ્ણામાં તણાઈ તીવ્ર કષાયરૂપ પરિણમવું ઇત્યાદિ પ્રવૃત્તિપૂર્વક વિષયાદિ સુખ ભોગવવાં તે ધર્મનો ઘાત કરી સુખ ભોગવવા તુલ્ય છે. અને ધર્મ સાધન અવસરે ધર્મ સાધવો, અન્યાયરૂપ પ્રવૃત્તિથી વિમુખ રહેવું, યથા પ્રારબ્ધપ્રાપ્ત વિષયોમાં સંતોષિત રહેવું અને અતિ કષાયના વેગમાં ન તણાવું ઇત્યાદિ પ્રવૃત્તિપૂર્વક મંદ મંદ કષાય પરિણામે વિષય સુખ ભોગવતાં તે ધર્મની રક્ષાપૂર્વક સુખ ભોગવવા તુલ્ય જાણવું. વળી જ્યાં કષાય ન થાય, વિષય સામગ્રી ત્યાગ કરવાથી અને દુઃખ સામગ્રી મળવાથી પણ આત્મ- પરિણામ નિરાકુળ રહે–દેખાય એ પરમાર્થને જાણવી પરમાર્થ સુખ ભોગવવા તુલ્ય જાણવું. એ રીતે એક તો ધર્મનો ઘાત કરી વિષયાદિ સુખ ભોગવવાં, બીજું ધર્મની રક્ષા કરી વિષયાદિ સુખ ભોગવવા અને ત્રીજું પરમાર્થધર્મની રક્ષાપૂર્વક પરમાર્થ સુખ ભોગવવા એ રીતે સુખ ભોગવવાની જગત જીવોની ત્રણ પ્રકારની પ્રવૃત્તિઓ છે. પહેલી અત્યંત કનિષ્ટ અને પાશવૃત્તિ તુલ્ય છે, બીજી મધ્યમ અને ત્રીજી ઉત્તમ છે. પ્રથમની હેય છે. વાસ્તવિક ત્રીજા પ્રકારની સુખની સાચી ઇચ્છાપૂર્વક બીજી પ્રવૃત્તિ ઉપાદેય છે.

'આપનો આ ઉપદેશ કેવળ કથન માત્ર છે, પણ પ્રવૃત્તિરૂપ થાય તેમ નથી, કારણ વિષયાદિ સુખ ભોગવતાં છતાં ધર્મ ઉપાર્જન થાય એ સર્વથા અસંભવિત છે;' એવી શિષ્યની આશંકાનું ભગવાન આચાર્ય નીચેના કાવ્યથી સમાધાન કરે છે :—

**कर्तृत्वहेतुकर्तृत्वानुमतैः स्मरणचरणवचनेषु ।**
**यः सर्वथाभिगम्यः स कथं धर्मो न संग्राह्यः ।।२५।।**

**કૃત-કારિત-અનુમોદન દ્વારા અન્તઃકરણ-વચન-તન સે,**

**કરને યોગ્ય સર્વથા હૈ ફિર ધર્મ ગ્રાહ્ય નહિં હો કૈસે? ૨૫.**

કર્તાપણું તે કૃત, હેતુનું કર્તાપણું તે કારિત તથા કર્તાના અનુસારે તેરૂપ આત્માનો અભિપ્રાય થવો તે અનુમોદન—એ ત્રણેનો મન–વચન–કાયાથી અંગીકાર કરવો; એમ એ ત્રણે પ્રકારથી ધર્મ પમાય છે. તો હે મહાનુભાવ! તેવો સરળ ધર્મ કેમ ન કરવો?

સર્વ પ્રકારના વિષયાદિરૂપ પાપસ્થાનકોનો ત્યાગ કરવો તે-રૂપ ધર્મ તો એક જ પ્રકારે છે, પરંતુ જ્યાં સુધી સર્વ પ્રકારે એ વિષયાદિ પાપસ્થાનકોનો ત્યાગ ન થઈ શકે ત્યાં સુધી યથાશક્તિ સદ્ અભિપ્રાયપૂર્વક થોડા થોડા પ્રકારે અનેક અંગરૂપ એવો એ પવિત્ર ધર્મ સાધ્ય કરવો. તે ધર્મ સંચય નવ પ્રકારથી થઈ શકવાયોગ્ય છે. મન, વચન અને કાયાની ધર્મપ્રવૃત્તિ કૃત, કારિત અને અનુમોદના દ્વારા નવ પ્રકારે થઈ શકે. તેમાં આપણાથી જે પ્રકારે જે ધર્મપ્રવૃત્તિ બને તે યથાશક્તિ કરી અવશ્ય આચરવી, એમ અનંતર અને પરંપર પરમસુખના કારણરૂપ એવો એ પવિત્ર ધર્મ સમ્યક્પ્રકારે નિરંતર સંચય કરવો જીવને ઇષ્ટ છે એક પ્રકારે, થોડો તો થોડો પણ જેટલો પણ બને તેટલો ધર્મ સંચય અવશ્ય કરવો ઘટે. પણ ભાઈ! તું ધર્મ આચરવામાં કઠણતા બતાવી ધર્મ સાધનમાં નિરુદ્યમી થાય તે તને ભવિષ્યમાં તેમ વર્તમાન ઠીક નથી. જેમ નિરુદ્યમી પુરુષ દરિદ્રી થઈ દુઃખને પ્રાપ્ત થાય છે, તેમ તું પણ ધર્મદરિદ્રી થઈ ભવિષ્યમાં નરકાદિ ભયંકર દુઃખને પામીશ અને વર્તમાનમાં પણ અતિ તીવ્ર આકુળતાજન્ય ભયંકર દુઃખને અનુભવીશ; માટે આ અમૂલ્ય અવસરે ધર્મસંગ્રહ અવશ્ય કરવાયોગ્ય છે.

હવે, આચાર્ય મહારાજ ધર્મબુદ્ધિ અને અધર્મબુદ્ધિના ફળનું વર્ણન કરે છે :—

**धर्मो वसेन्मनसि यावदलं स ताव ।**

**द्धन्ता न हन्तुरपिपश्य गतेऽथ तस्मिन् ।।**

**दृष्टा परस्परहतिर्जनकात्मजानां ।**

**रक्षा ततोऽस्य जगतः खलु धर्म एव ।। २६।।**

**દેખો! જિસકે મન મેં રહતા, ભલે પ્રકાર ધર્મ કા વાસ,**

**અપને પ્રાણ-હરણ કરને વાલે કા ભી ન કરે વહ ઘાત;**

**કિન્તુ ધર્મ બિન પિતા-પુત્ર ભી હરેં પરસ્પર પ્રાણોં કો,**

**અતઃ ધર્મ હી સબ જીવોં કા એકમાત્ર રક્ષક જાનો. ૨૬.**

હે મહાનુભાવ! જ્યાં સુધી હૃદયમાં ધર્મપરિણામ અતિશયરૂપથી રમે છે, ત્યાં સુધી તે જીવ પોતાના ઘાતક જીવ પ્રત્યે પણ ક્ષમારૂપ પરિણામ રાખે છે, અર્થાત્ પોતાને મારવાવાળાને

પણ તે મારતો નથી. ''માર'' એ શબ્દ જ એના ભાવમાં સુહાતો નથી. સર્વ જીવરક્ષક પવિત્ર ધર્મપરિણામ હૃદયમાંથી ગયા પછી પિતા હોય તે પુત્રનો અને પુત્ર પિતાનો પણ ઘાતક થઈ જાય છે. એથી સિદ્ધ થાય છે કે ધર્મ એ જ જગત આખાનો રક્ષક છે.

જીવ માત્રમાં જો ધર્મબુદ્ધિ હોય તો આ જગત્‌માં કોઈ કોઈને કિંચિત્ પણ નહિ દુભાવતાં ઉલટા અરસપરસ સુખના સહાયક થાય, પણ ધર્મબુદ્ધિ વિનાના જીવો એક બીજાને ક્લેષના કારણરૂપ અને ઘાતક બની જાય છે. બળવાનથી નિર્બળ પ્રાણીઓનું રક્ષણ માત્ર એક ધર્મ જ કરે છે. અન્યથા બળવાન નિર્બળને ખાઈ જાય અને તે બળવાનથી બળવાન હોય તે પહેલાં બળવાનને મારે. એમ ઉત્તરોત્તર આખો લોક નષ્ટ થઈ જાય અને જગતમાં મહાન જાદવાસ્થળી મચે, શાંતિ અને સુખ સર્વસ્વ નષ્ટ થાય. જીવોને અરસપરસ હૃદયમાં જે રક્ષાના પરિણામ વર્તે છે, તે માત્ર એક ધર્મમય વૃત્તિના કારણે જ. તિર્યંચાદિક જીવો પણ એક બીજાથી નાના જીવોને વગર કારણે મારતા નથી એમ જોવામાં આવે છે, તેથી નિશ્ચય થાય છે કે આ ત્રિભુવનમાં જીવને પરમ રક્ષકરૂપ માત્ર એક ધર્મ છે. આમ જ્યારે ત્રણે લોકનું રક્ષણ એક ધર્મ સ્વભાવતઃ કરે છે, ત્યારે તે તેના ઉપાસકનું રક્ષણ કેમ નહિ કરે? અવશ્ય કરશે. 'ધર્મ એ જ પોતાનો રક્ષક છે' એમ સમજી તેનું પૂર્ણ ભક્તિ ભાવે સેવન કરવું એ જ મુમુક્ષુને તો પરમ ઇષ્ટ છે.

હે ગુરુદેવ! સંસારમાં પ્રાણીઓ વિષયાદિ સેવન કરી પાપ જ ઉપજાવે છે, ત્યાં ધર્મ સેવન કરવાનું કેમ બને? અર્થાત્ વિષયાદિ સેવવાં અને ધર્મરૂપ પ્રવર્તવું, એ બંને શું પરસ્પર વિરોધી નથી? શિષ્યની ઉક્ત શંકાના ઉત્તરમાં શ્રી આચાર્ય નીચેનું કાવ્ય કહે છે :—

**न सुखानुभवात्पापं पापं तद्धेतुघातकारम्भात् ।**
**नाजीर्णं मिष्टान्नान्ननु तन्मात्राद्यतिक्रमणात् ।। २७।।**
**પાપ નહીં સુખ-ભોગ માત્ર સે, ધર્મ-ઘાત સે હોતા પાપ;**
**નહિં અજીર્ણ મિષ્ટાન્ન-ગ્રહણ સે, અતિ ભોજન સે અપને આપ. ૨૭.**

સુખ ભોગવવામાં પાપ નથી, પણ સુખના અનન્ય કારણરૂપ એવા ધર્મનો ઘાત કરવાવાળા કાર્યાદિનો આરંભ કરવો એમાં પાપ છે. જેમ મિષ્ટ અન્નના ભોજનથી અજીર્ણાદિ રોગ થતા નથી, પરંતુ ગૃદ્ધિતાપૂર્વક ભોજનની માત્રા ઉલ્લંઘન કરવાથી અજીર્ણાદિ રોગ થાય છે. અજીર્ણનું કારણ મિષ્ટ ભોજન નથી, પણ આસક્તિપૂર્વક અતિ ભોજન એ જ અજીર્ણાદિ રોગનું કારણ છે.

તેમ, હે ભાઈ! પાપનું મુખ્ય કારણ વિષયાદિ સેવન નથી, પણ ધર્મનો ઘાત કરી અતિ કષાય વશ થઈ અન્યાયરૂપ પ્રવર્તવું એ જ છે. ઇન્દ્રાદિ દેવો, ભોગભૂમિના જુગલિયા જીવો અને શ્રી તીર્થંકરાદિ મહાપુરુષોને વિપુલ વિષયસુખસામગ્રી હોય છે, પરંતુ તેનો ઉપભોગ તેમને હોવા છતાં તેથી નરકાદિના કારણરૂપ એવો તીવ્ર પાપબંધ તેમને થતો નથી; અને તાંદુલ મચ્છાદિ

અથવા પર્વતાદિ જીવોને અતિ તૃષ્ણા તથા મિથ્યાત્વાદિ તીવ્ર અશુભ પરિણામથી વિષયસામગ્રી નહિ હોવા છતાં વા તેનું અતિ સેવન નહિ હોવા છતાં, નરકાદિના કારણરૂપ એવો તીવ્ર પાપબંધ થાય છે. મિથ્યાત્વ તથા કષાયાદિ અશુભ અધ્યવસાયમાં ઉલઝી સ્વશાંતિરૂપ સ્વાત્મપરિણામનો ઘાત કરવો એ જ મુખ્ય પાપ છે. નરકાદિ માઠી ગતિનો મુખ્ય હેતુ પણ એ જ છે. શ્રી આચાર્ય મહારાજ આ ઠેકાણે બાળ જીવોને પ્રોત્સાહન આપે છે કે હે વત્સ! ''મારા વિષય છૂટતા નથી, એ વિષય છોડ્યા સિવાય ધર્મ નહિ થાય'' એવી આશંકાથી રોકાઈ જઈ ધર્મ સેવનમાં અરુચિ કરવી એ તને કોઈ પ્રકારે યોગ્ય નથી.

(પ્રશ્ન) વિષય સેવન કરવા છતાં પણ ધર્મ સેવન બની શકે છે, તો વિષયાદિ પ્રાપ્ત ભોગસામગ્રી છોડી મહા પુરુષો મુનિપદ શા માટે ગ્રહણ કરે છે?

(ઉત્તર) નરક તિર્યંચાદિ માઠી ગતિના કારણરૂપ એવા અતિ તીવ્ર પાપબંધનો ગૃહસ્થ અવસ્થામાં સમ્યક્ ધર્મ સાધન કરવાથી અભાવ થઈ શકે છે, પરંતુ સ્વર્ગાદિ અને પરંપરા મોક્ષના હેતુભૂત એવો શાશ્વત્ સુખદાતા ધર્મ તો મુખ્યપણે સર્વ વિરતિપણાથી પ્રાયે સધાય છે. ધર્મવૃદ્ધિ કરી જે જીવ સાક્ષાત્ મોક્ષને ઇચ્છે છે, તેણે તો સર્વ વિષયાદિ છોડી અણગારત્વ અંગીકાર કરવું એ જ યોગ્ય છે. એ દશા જ્યાં સુધી પ્રાપ્ત થઈ નથી, ત્યાં સુધી ભાવીમાં એ જ દશા પ્રાપ્તિની ભાવનાપૂર્વક દેશે દેશે ગૃહસ્થધર્મ આરાધવો એ પણ યોગ્ય છે.

અહીં કોઈ તર્ક કરે કે ધર્મથી સુખપ્રાપ્તિ આપ કહો છો, તેમ શિકારાદિ કાર્યથી પણ સુખ થતું અમે દેખીયે છીયે, અનુભવીયે છીએ; તો 'ધર્મ ઘાતક આરંભાદિકથી પાપ થાય છે' એમ આપ શા માટે કહો છો? કારણ કે પાપના કારણમાં અને સુખના કારણમાં પરસ્પર વિરોધ છે. ટૂંકમાં શિકારાદિ હિંસારૂપ કાર્યથી પણ ધર્મસેવનવત્ સુખ પ્રાપ્તિની સિદ્ધિ થાય છે. તેનું સમાધાન :—

**अप्येतन्मृगयादिकं यदि तव प्रत्यक्षदुःखास्पदम्**
**पापैराचरितं पुरातिभयदं सौख्याय संकल्पतः ।**
**संकल्पं तमनुज्झितेंद्रियसुखैरासेविते धीधनै**
**धर्म्ये कर्मणि किं करोति न भवान् लोकद्वयश्रेयसि ।।२८।।**

**યદિ પ્રત્યક્ષ દુઃખોં કા ઘર અરુ પાપી જન કા કાર્ય કલાપ,**
**હૈ શિકાર ભયદાયક, ઉસસે સૌખ્ય હેતુ ઉત્સાહ અમાપ;**
**લોકદ્વય મેં શ્રેયભૂત સુખયુત અરુ ધન-ધીમાનોં સે,**
**સેવનીય જો ધર્મકાર્ય, ક્યોં ઉનમેં નહિં ઉત્સાહ બસે. ૨૮.**

શિકારાદિ કાર્યમાં હે ભાઈ! તું સુખ અનુભવ કરે છે એ જ તારી મૂઢતા છે. દુઃખમાં સુખનો આસ્વાદ માનવો એ જ મૂઢતા. એ શિકારાદિ કાર્ય પ્રત્યક્ષ દુઃખનું જ ઠેકાણું છે. માત્ર હિતાહિતના વિવેકરહિત મૂર્ખ અને પાપી જીવો એ માર્ગે વળે છે. નરકાદિ ઘોર દુઃખના ભાવિ ભયનું એ સ્થાન છે. કેવળ મિથ્યા સંકલ્પમાત્રથી મનમાં ઉલ્લાસ આવે છે, અને તેથી તને તે સુખના હેતુરૂપ લાગે છે. જે સંકલ્પને તું અધર્મ છતાં ધર્મરૂપે અને દુઃખ છતાં સુખરૂપે સ્વમતિથી સ્થાપન કરે છે, તે જ સંકલ્પને તું ધર્મકાર્યમાં કેમ ન લગાવી શકે? ઇન્દ્રિય અને અતીંદ્રિય સુખના પરમ કારણરૂપ એવા એ પવિત્ર ધર્મને માત્ર જે વિવેકી અને બુદ્ધિમાન પુરુષો હોય તે જ સેવન કરી શકે છે. વાસ્તવ્ય તો ધર્મ એ જ આલોક અને પરલોકમાં સુખનું અનન્ય કારણ છે.

શિકારાદિ કાર્યને તું સુખનું કારણ સમજે છે, પણ જરા વિચાર તો કર કે તેમાં ખેદ, કલેષ અને અનિમેષ આકુળતા સિવાય શું છે? તને એ કાર્ય કરવાનો ઉલ્લાસ થવાથી અને એ માર્ગે ચિત્તવૃત્તિ ટેવાવાથી તારી વિપરીત બુદ્ધિમાં તે તને સુખના કારણરૂપ ભાસે છે. જ્યારે પ્રત્યક્ષ જેમાં દુઃખ અનુભવાય છે એવા ખેદ, કલેષ અને આકુળતામય એ શિકારાદિ કાર્યો તને સુખરૂપ દેખાય છે, તો પ્રત્યક્ષ કેવળ સુખનું જ જે સ્થાન છે એવાં ધર્મકાર્યો તારી બુદ્ધિમાં સુખરૂપ તને કેમ નહિ દેખાય? વિચારીશ તો અવશ્ય દેખાશે. માત્ર બુદ્ધિને સદ્‌વિચાર કરવાનો અવકાશ આપવો જોઈએ. વળી તું એમ જાણતો હોઈશ કે એ શિકારાદિ કાર્યો તો ભોગી પુરુષોને કરવાયોગ્ય છે અને ધર્મકાર્ય તો યોગી પુરુષોને સેવવાયોગ્ય છે, પણ તારી એ સમજણ વાસ્તવિક નથી. (શિકારાદિ) આહેડી અને પારધી આદિ પાપી મનુષ્યોનું જ કાર્ય છે અને ધર્મ કાર્ય તો ચક્રવર્તી આદિ વિશિષ્ટ પુણ્યવાન મહા ભોગી પુરુષો આચરે છે. ભવિષ્યમાં જે કાર્યથી અતિ સુખ થાય તેના પ્રયત્નમાં, વર્તમાનમાં માત્ર તે પ્રયત્નજન્ય કિંચિત્ દુઃખમાં પણ, મહાન સુખ સમાયેલું છે. પ્રયત્નજન્ય પ્રવૃત્તિને અત્રે દુઃખ કહેવામાં આવે છે, તે પણ તારી બાળ દૃષ્ટિએ, વાસ્તવિક એ પણ દુઃખ નથી. ધર્મ કાર્યમાં તો અનંતર અને પરંપર સુખ અનુભવાય છે. અનાદિકાળના અપરિચયથી ભલે તને કદાચ તે ધર્મકાર્ય દુઃખરૂપ લાગે, તેમ અનાદિ કાળના અતિ પરિચયથી એ અધર્મકાર્ય તારી અસદ્‌બુદ્ધિને લીધે ભલે સુખરૂપ સમજાય, પણ વસ્તુતાયે તેમ નથી. એ તો માત્ર તારી મોહપૂર્ણ દૃષ્ટિનો વિભ્રમ છે. તું નિશ્ચય જાણ કે એ શિકારાદિ કાર્યો વર્તમાનમાં ખેદ, કલેષ અને આકુળતાજનિત પરમદુઃખદાતા તો છે જ, પરંતુ ભવિષ્યમાં પણ નરકાદિ ઘોર વિપત્તિનું સ્થાન છે. સ્વર્ગ-મોક્ષાદિ મહોદય તેમ જ વર્તમાનમાં પરમ શાંતિરૂપ ઉત્કૃષ્ટ સુખદાતા માત્ર એક ધર્મ જ છે. હે ભાઈ! તારે આ સમયે ઉચિત છે કે એ શિકારાદિ નીચ કાર્યો છોડી દઈ સુખ પ્રાપ્તિ અર્થે ધર્મ જ અંગીકાર કરવો.

શિકારી મનુષ્યની શિકાર આસક્તિ વેળાની નીચતા (નિર્દયતા) આચાર્ય મહારાજ પ્રગટ કરે છે :—

**भीतमूर्तिर्गतत्राणा निर्दोषा देह वित्तिका ।**
**दन्तलग्नतृणा घ्नन्ति मृगीरन्येषु का कथा ।।२९।।**
**જો ભયમૂર્તિ ઔર અશરણ નિર્દોષ દેહ-ધન યુક્ત અહો!**
**તૃણભક્ષી હિરણી કો હનતે, ઔરોં કી ક્યા બાત કહો? ૨૯.**

મહાભયવાન, અશરણ, શરીર માત્ર ધનધારી, દાંતમાં તૃણ છે જેને એવી ગરીબ બિચારી હરિણી તેને પણ જે નિર્દયતાપૂર્વક પ્રાણરહિત કરે છે, તો બીજા પ્રાણીઓને મારવાની તો શા વાત પૂછવી? અર્થાત્ આવા રંકમાં પણ રંક નિરપરાધી પ્રાણીને જે દુષ્ટ પ્રાણવિહીન કરે તેની નિર્દયતાનું શું કથન કરવું?

લૌકિકમાં રાજાદિ સમર્થ પુરુષોની એવી રીત છે કે પોતાથી ભયવાન, અરક્ષ, દીન, નિરપરાધ, નિર્ધન, દાંતમાં તૃણ પકડી જે શરણે આવે તે, અને સ્ત્રી આદિ જીવોને તેઓ કદી મારે નહિ, તેના પર હથિયાર પણ ઉગામે નહિ, ઉલટાં તેવાં નિર્બળ પ્રાણીઓને શરણે રાખે. અનાથ, અશરણ અને દીન જીવોની હત્યા પુરુષાર્થ સંપન્ન પુરુષ તો ન જ કરે. નાસવા, ભાગવા કે છુપાવા સિવાય પોતાના રક્ષણ માટે જે પ્રાણી બીજો કાંઈ ઉપાય જ કરી શકતું નથી તેવાં અનાથ અને દીન પ્રાણીઓને હણવામાં પોતાનો જરાય પુરુષાર્થ સમજતા નથી, પણ તેમનું રક્ષણ કરવામાં જ પોતાનો પુરુષાર્થ સમજે છે. એ હરણ આદિ પ્રાણીઓમાં તો અનાથપણું, અશરણપણું, દીનપણું, નિરપરાધપણું, નિર્માનીપણું, ભયવાનપણું, નિર્બળપણું અને નિઃશસ્ત્રપણું એ આદિ અનેક પ્રકારની દીનતા પ્રત્યક્ષ દેખાય છે; તેવાં પ્રાણીઓને એ શિકાર ખેલવાવાળા મૂર્ખ અને ઘાતકી મનુષ્યો પોતાના ઘડીભરના ક્ષણિક કુતૂહલને અર્થે હણે છે, તો તેઓ બીજા પ્રાણીઓની શી દયા કરી શકવાના હતા! શિકારી મનુષ્ય મહા નિર્દયી અને પાપી જ છે. એ પ્રકારે વિચારો નિર્મળ કરી હિંસા ત્યાગ કરી, અહિંસક વ્રતમાં જીવે દૃઢ રહેવું યોગ્ય છે.

હવે, જૂઠ તથા ચોરીના ત્યાગરૂપ વ્રતમાં દૃઢતા કરાવે છે :—

**पैशून्यदैन्यदम्भस्तेयानृतपातकादिपरिहारात् ।**
**लोकद्वयहितमर्जय धर्मार्थयशःसुखायार्थम् ।।३०।।**
**દમ્ભ દીનતા ચુગલી ચોરી ઝૂઠ ઔર હત્યા છોડો,**
**ધર્મ અર્થ યશ પુણ્ય ઔર સુખ ઉભય લોક મેં પ્રાપ્ત કરો. ૩૦**

ચુગલી, દીનતા, કપટ, ચોરી, જૂઠ આદિ પાપકાર્યોનો ત્યાગ કરવાથી અલોક અને પરલોકમાં જીવને સુખ થાય છે, તો હે ભવ્ય! તું ધર્મ, યશ, સુખ અને લાભને અર્થે બંને લોકમાં હિતકારી એવા (પાપકાર્યોનો ત્યાગ કરવારૂપ) પુણ્યનો સંચય કર.

જૂઠ અને ચોરી ગર્ભિત એવાં એ દુષ્ટપણું, દીનતા, ઠગપણું, ચોરી, અસત્યભાષણ આદિ નિંદ્યકાર્યો મહાપાપરૂપ છે, માટે તેનો ત્યાગ કરવો એ અવશ્ય ઉચિત છે. એ મહાપાતકનો ત્યાગ આલોક અને પરલોકમાં જીવને પરમહિતકારી છે. તેના ત્યાગથી અણુવ્રત પણ મહાવ્રતરૂપ ધર્મને પ્રાપ્ત થાય છે. વળી લોકમાં પોતાના માટે વિશ્વાસ ઉત્પન્ન થાય છે કે જે વિશ્વાસ તેને ધન ઉપાર્જનનું પણ નિમિત્ત બને છે. એ લોક વિરુદ્ધ કાર્યો છોડવાથી યશ પણ પ્રાપ્ત થાય છે અને તે પાતકોના ત્યાગથી અનાદિની પરમ આકુળતા સહેજે મટે છે. કારણ એ પાતકો સ્વયં આકુળતારૂપ છે. આકુળતા મટવાથી આત્માને સ્વયં સુખ જ અનુભવાય છે તથા શાતા વેદનીયાદિ પુણ્યબંધ થાય છે. આલોક અને પરલોકમાં એ મહાપાપોના ત્યાગને પરમહિતકારી જાણીને, હે ભવ્ય! તું તેનો ત્યાગ કર.

વ્રતી પુરુષને ઉપસર્ગ આવે તે વેળા પોતાની રક્ષા અર્થે હિંસા, જૂઠ આદિ પાપ કદાચિત્ થઈ જાય તો તે પ્રસંગે તે શું કરે?

**पुण्यं कुरुष्व कृतपुण्यमनीदृशोऽपि**
**नोपद्रवोऽभिभवति प्रभवेच्च भूत्य ।**
**संतापयन् जगदशेषमशीतरश्मिः**
**पद्मेषु पश्य विद्धाति विकासलक्ष्मीम् ।।३१ ।।**

**પુણ્યવાન કો અતિશય તીવ્ર ઉપદ્રવ નહિં પીડિત કરતા;**
**જગ કો તાપ-પ્રદાયક રવિ ભી કમલોં કો વિકસિત કરતા. ૩૧.**

હે ભવ્યાત્મા! જો તું સુખનો અભિલાષી હોય તો પુણ્ય કર. પુણ્યવાન જીવને પ્રબળ ઉપસર્ગ પણ પીડા આપી શકતો નથી, પરંતુ એ જ ઉપસર્ગ કોઈ વેળા તેને મહાન વિભૂતિ પ્રાપ્ત થવાનું નિમિત્ત થઈ પડે છે. જેમ સમસ્ત જગતને આતાપ આપનારો સૂર્યકમળ કુમળા પુષ્પને વિકસાવવા નિમિત્તરૂપ થાય છે.

જે ઉપસર્ગ દુઃખનું કારણ છે, તે પુણ્યવાન જીવને દુઃખ ઉપજાવવા સમર્થ નથી. જેમ અન્યને આતાપ ઉપજાવનારો સૂર્ય કમળોને તો પ્રફુલ્લિત કરે છે. જેઓને પાપનો જ ઉદય વર્તે છે તેમને જ એ ઉપદ્રવ દુઃખદાતા બને છે, પરંતુ પુણ્યોદય પ્રાપ્ત જીવને તો ઉલટો વિભૂતિનો આપનાર થઈ પડે છે. જગતમાં ઘણે ઠેકાણે પ્રત્યક્ષ દેખવામાં આવે છે કે જે ઉપદ્રવથી સર્વને મોટું દુઃખ થાય છે, તે જ ઉપદ્રવથી જેને પુણ્યોદય વર્તે છે તેને વિપુલ ધનાદિક પ્રાપ્ત થાય છે. એવું સમજીને ધર્માત્મા પુરુષે તો ઉપસર્ગ આવવા છતાં પણ ધર્મને છોડી હિંસાદિરૂપ પાપ કાર્યોમાં પ્રવર્તવું ઉચિત નથી.

અહીં શંકાકાર કહે છે કે સમર્થ શત્રુઓને દૂર કરી વિષમ ઉપસર્ગ નિવારવામાં એક પુરુષાર્થ જ સમર્થ છે, તો પુણ્યથી જ સર્વ સિદ્ધ છે, એમ કેમ મનાય? એવા એકાંત પુરુષાર્થવાદીને આચાર્ય ભગવાન કહે છે કેઃ–

**नेता यत्र बृहस्पतिः प्रहरणं वज्र सुराः सैनिकाः**
**स्वर्गो दुर्गमनुग्रहः खलु हरेरैरावणो वारणः ।**
**इत्याश्चर्यबलान्वितोऽपि बलिभिद्भग्नः परैः संगरे**
**तद् व्यक्तं ननु दैवमेव शरणं धिग्धिग्वृथा पौरुषम् ।।३२।।**

**જહાં બૃહસ્પતિ સેનાનાયક, વજ્ર શસ્ત્ર, સુર સૈનિક હૈં,**
**સ્વર્ગ દુર્ગ, ઈશ્વર કા અનુગ્રહ, ઐરાવત જિસકા ગજ હૈ;**
**અદ્ભૂત બલયુત સુરપતિ કો અસુરોં ને કિયા પરાજિત હૈ,**
**અતઃ સુનિશ્ચિત દૈવ શરણ, નિષ્ફલ પૌરુષ કો ધિક્ ધિક્ હૈ. ૩૨.**

બૃહસ્પતિ જેવો જેને મંત્રી છે, વજ્ર જેવું જેને શસ્ત્ર છે, દેવ જેના સૈન્ય વિષે સૈનિક છે, સ્વર્ગ જેને કિલ્લો છે, હરિનો જેને પૂર્ણ અનુગ્રહ છે અને ઐરાવત જેને હાથી છે એવા અનુપમ અને આશ્ચર્યકારક બળસહિત જે ઇન્દ્ર તે પણ સંગ્રામ વિષે શત્રુઓથી પરાભવ પામ્યો તો અન્યનું શું કહેવું? તેથી નિશ્ચય એમ સિદ્ધ થાય છે કે પુણ્યોદય એ જ જીવોને પરમ રક્ષક છે.

પુણ્યોદય વિના નિષ્ફળ એવા પુરુષાર્થને ધિક્કાર છે, ધિક્કાર! જે જીવો 'માત્ર એકાંતે પુરુષાર્થથી જ દુઃખ નિર્વાણ થાય છે' એમ માનીને પોતાનો યોજેલો પુરુષાર્થ સિદ્ધ કરવા ભણી સતત પ્રયત્ન કરી રહ્યા છે, તે જીવોને ગ્રંથકાર કહે છે કે ભાઈ! ભાગ્ય વિના પુરુષાર્થ નિષ્ફળ છે, પરંતુ પુણ્યના ઉદયમાં જ પુરુષાર્થ કાર્યકારી છે. પુણ્યોદય સિવાય પુરુષાર્થ ઇચ્છિત સિદ્ધિ આપતો નથી. અહીં અન્ય સંપ્રદાયના દૃષ્ટાંતે આચાર્ય મહારાજ સમજાવે છે કે તેત્રીસ કોટી દેવોમાં પણ બળવાન એવો ઇન્દ્ર તે પણ સંગ્રામ વિષે દૈત્યોથી પરાભવ પામ્યો. વળી જૈન ગ્રંથોમાં પણ એ જ પાઠાંતરે એક દૃષ્ટાંત છે કે એક ઇન્દ્ર નામધારી વિદ્યાધરે, પોતાના રાજ્યશાસનમાં મંત્રીનું નામ તો બૃહસ્પતિ, ચાર દિશાના (પ્રાંતના) ચાર સુબેદારોને ચાર લોકપાલ અને રાજ્ય સભાને ઇન્દ્રસભા એવી સંજ્ઞા આપી હતી. એમ પોતાના વિપુલ બળથી ગર્વિત થઈ પોતાને સાક્ષાત્ ઇન્દ્રસમ માની રહ્યો હતો. પોતાના રાજ્યમાં પણ ઇન્દ્રલોક જેવી રચના કરી હતી. એવો એ વિપુલ પુરુષાર્થ સંપન્ન વિદ્યાધર પણ રાવણથી પરાભવ પામ્યો, તો પુણ્યને મુખ્યપણે કાર્યકારી જાણીને પુણ્યસાધન કરવું એ જ યોગ્ય છે.

અહીં કોઈ કહે કે અમે તો હિંસાદિનો ત્યાગ કોઈમાં દીઠો નહિ, વાસ્તવિક અહિંસાદિ ધર્મના સાધક પણ અસંભવિત લાગે છે. અહિંસાદિક ધર્મવાર્તા માત્ર ધર્મગ્રંથોમાં સાંભળવામાં આવે છે. એમ વર્તમાનમાં ધર્માચરણનું અસંભાવ્યપણું માનવાવાળા જીવને ગ્રંથકાર કહે છે કે :—

**भर्तारः कुलपर्वता इव भुवो मोहं विहाय स्वयं**
**रत्नानां निधयः पयोधय इव व्यावृत्तवित्तस्पृहाः ।**
**स्पृष्टाः कैरपि नो नभोविभुतयाविश्वस्य विश्रान्तये**
**सन्त्यद्यापि चिरन्तनान्तिकचराः सन्तः कियन्तोऽप्यमी ।।३३।।**

**જૈસે પર્વત મોહ રહિત હૈં, ફિર ભી પૃથ્વી કે ભરતાર,**
**રત્નોં સે હૈં ભરે પયોનિધિ, કિન્તુ ઉન્હેં નહિં ધન કી ચાહ;**
**રહેં ગગનવત્ અસ્પર્શી સબ વસ્તુ કરેં ઉસમેં વિશ્રામ,**
**ધર્મ સનાતન પાલનકર્તા સન્ત આજ ભી બસેં મહાન. ૩૩.**

પૂર્વ મહાપુરુષોની શિષ્યપ્રશિષ્ય પરંપરામાં તેઓના નિર્દોષ અને પવિત્ર માર્ગ વિષે પ્રવર્તતા એવા કોઈ કોઈ વિરલ સત્પુરુષ આ કઠણ કાળમાં આજે પણ પ્રત્યક્ષ મળી આવે છે. તે સત્પુરુષ કેવા છે? જેમ કુલાચલ પર્વત પૃથ્વીને ધારણ કરે છે, છતાં પૃથ્વી પ્રત્યે નિર્મોહ છે, તેમ સત્પુરુષ પણ પૃથ્વીવાસી જીવોને તેમના જ હિત વિષે લગાવી તેમનું પોષણ કરે છે, છતાં તે જીવો પ્રત્યે નિર્મોહ છે. વળી તેઓ સમુદ્રની જેમ રત્નોના નિધિ છે. સમુદ્ર જે બહુમૂલ્ય મોતી આદિ રત્નોની ખાણ છે, છતાં વાંચ્છારહિત છે, તેમ સત્પુરુષ પણ સમ્યક્દર્શનાદિક અનેક ગુણરત્નોની ખાણ છે અને વળી ધનાદિ વાંચ્છારહિત છે. વળી આકાશની જેમ અલિપ્ત છે. આકાશ અન્ય સર્વ પદાર્થોથી અસ્પૃશ્ય અને અલિપ્ત છે, છતાં તેના વિભૂતિ અને પરમ મહત્તા તો એ છે કે તે સર્વ જગતનું વિશ્રાંતિ સ્થાન છે અને એ જ તેનું વડપણ છે; તેમ સત્પુરુષ પણ સર્વ જગત્‌ના દુઃખને દૂર કરવાનું ઠેકાણું છે, છતાં તે સર્વ જગત્ અને જગત્‌ના ભાવોથી અલિપ્ત છે, એ જ એનું પરમ મહત્ત્વ છે. એવા કેટલાક સત્પુરુષ આજે પણ મળી આવે છે.

જે કાળમાં આ આત્માનુશાસન ગ્રંથની રચના થઈ તે કાળમાં પણ યથાર્થ મુનિધર્મને ધારણ કરવાળા જીવો બહુ જ થોડા હતા, પણ શિથિલાચારી ઘણા હતા. તેવા અવસરે કોઈએ તર્ક કર્યો કે મુનિ ધર્મ તો ઘણો કઠણ છે, તે ધર્મ આચરણની તો માત્ર બહુ જૂના જમાનાની વાતો જ સાંભળવામાં આવે છે, પણ કોઈ તેવા ધર્માચરણયુક્ત પુરુષ આજે પ્રત્યક્ષ દેખાતા નથી. એવો તર્ક કરનારા પ્રત્યે શ્રી આચાર્ય ભગવાન કહે છે કે આજે પણ શ્રી જિનોક્ત મુનિધર્મને ધારણ કરવાવાળા કોઈક કોઈક મહાત્માઓ પ્રત્યક્ષ મળી આવે છે. તું તો ધર્મનો અભાવ માની માત્ર શિથિલાચારને જ પુષ્ટ કરે છે. કોઈ કોઈ ક્ષેત્રમાં અને કોઈ કોઈ કાળમાં કદાચ ધર્માત્મા જીવ થોડા હોય તોપણ

ધર્મનું વાસ્તવિક સ્વરૂપ તો જેમ છે તેમ સદાય શાશ્વત છે. હે ભવ્ય! 'આજે આ કાળમાં ધર્મની અસંભાવના છે' આમ વ્યર્થ કલ્પના કરી તારા શિથિલાચારને શા માટે પુષ્ટ કરે છે?

આગળ તે મહાપુરુષોએ આચર્યો એવો પવિત્ર, શાંત અને સુખદ મોક્ષમાર્ગ તેથી અજાણ અને વિમુખ એવો જે મોહમુગ્ધ જીવ સંસારની વાસ્તવિક સ્થિતિને નહિ જાણતો, નહિ દેખતો સંસારમાં રહી કેવાં કેવાં વલખાં મારે છે, તે શ્રી આચાર્ય મહારાજ કહે છે :—

**पिता पुत्रं पुत्रः पितरमभिसंधाय बहुधा**
**विमोहादीहेते सुखलवमवाप्तुं नृपपदम् ।**
**अहोमुग्धोलोको मृतिजननदंष्ट्रान्तरगतो**
**न पश्यत्यश्रान्तं तनुमपहरन्त यमममुम् ।।३४।।**

**પિતા પુત્ર કો, પુત્ર પિતા કો, ઠગતે હોકર મોહાધીન,**
**અંશ માત્ર સુખ ભોગ હેતુ વે, ચાહેં રાજમુકુટ હો દીન;**
**અહો! મૂઢજન યમ કી જન્મ-મરણ દાઢોં મેં રહકર ભ્રાન્ત,**
**નહીં દેખતે ઉસ યમ કો જો તન હરને મેં રહે અશ્રાન્ત. ૩૪.**

રાજ્યપદ આદિ મૃગજળવત્ કલ્પિત સુખને અર્થે પિતા તો પુત્રને અને પુત્ર પિતાને હણે છે–ઠગે છે. મોહથી અંધ થઈ તે કલ્પિત અને ક્ષણવિનાશી સુખને (સુખાભાસને) નિરંતર વાંચ્છે છે. આચાર્ય ભગવાન કરુણાર્દ્ર સ્વરે કહે છે કે અહો મુગ્ધ લોકો! સંસારરૂપી નાટ્ય ભૂમિ ઉપર અનેક મનુષ્યો નાચતા નાચતા યમના ખોળે હંમેશાને માટે સૂવે છે. અરે! તમારું આ શરીર પણ યમની ભયંકર દાઢમાં રમી રહ્યું છે, તે શું તમે જોતા નથી?

જેમ કોઈ હરિણાદિ નિર્બળ પશુ સિંહની ભયંકર દાઢમાં પડ્યું છતાં જીવનનો કાંઈ વિચાર નહિ કરતાં ક્રીડા કરવાનો ઉપાય કરે છે એ પરમ આશ્ચર્ય છે, તેમ જન્મ–મરણરૂપ ભયંકર યમની દાઢમાં ફસાયેલો એવો મૂર્ખ જીવ પણ પ્રતિક્ષણે જીવને હણવાવાળા યમનો (કાળનો) જરાય વિચાર કરતો નથી અને ચપળ, દુઃખદ અને વિનાશી એવા રાજ્ય, ધનાદિ અર્થે નાના પ્રકારના ઉપાયોની ગડમથલમાં રમ્યા કરે છે, પણ કાળનો જરાય વિચાર કરતો નથી એ પરમ આશ્ચર્ય છે! મૂર્ખપણાને છોડી પ્રતિક્ષણ યમનું ચિંતવન રાખવું અને વિષયાદિ વાંચ્છા જેમ બને તેમ સર્વથા રોકી વાસ્તવિક આત્મહિતાર્થે પ્રવર્તવું એ જ ઉચિત છે.

વિષયાંધ જીવ પોતાના પુત્રાદિનો પણ પ્રાણનાશ કરવા જેવા અકાર્યમાં પ્રવૃત્ત થાય છે, તેનું શું કારણ? આચાર્ય ભગવાન તેનું સમાધાન કરે છે :—

**अन्धादयं महानन्धो विषयान्धीकृतेक्षणः ।**
**चक्षुषान्धो न जानाति विषयान्धो न केनचित् ।।३५।।**
**અન્ધોં મેં ભી મહા-અન્ધ હૈં, જો વિષયોં મેં અન્ધ હુએ;**
**અન્ધ ચક્ષુ સે નહિં જાને, દૂજે ન એક ભી ઇન્દ્રિય સે. ૩૫.**

અંધ મનુષ્ય તો નેત્રથી દેખતો નથી, પણ વિષયાંધ મનુષ્ય કોઈ પ્રકારે દેખી શકતો નથી, એટલે તે સર્વ અંધોમાં પણ મહા અંધ છે.

મોહથી કેવળ અંધ થયાં છે, સમ્યગ્જ્ઞાનરૂપ નેત્ર જેનાં એવો મોહાંધ જીવ સર્વ અંધોમાં પણ મહાન અંધ છે. ચક્ષુઅંધ મનુષ્યને તો માત્ર નેત્રથી સૂઝતું નથી, પણ મનથી વિચારવું, કાનથી સાંભળવું ઇત્યાદિક જ્ઞાન તો હોય છે કે જે વડે તે હેયોપાદેયનો વિવેક કરી શકે આંખથી આંધળો મનુષ્ય મનથી વિચાર કરે તો ભાસે, કોઈ શિક્ષા આપવાવાળો મળી આવે તો દેખવા જાણવા જેવું નિમિત્ત બને, પરંતુ વિષય વાસનાથી જીવ એવો અંધ થાય છે કે કોઈ પ્રકારે તેને હેયોપાદેયરૂપ વિવેક જ્ઞાન થતું નથી, કોઈને ગણતો પણ નથી. ચક્ષુઅંધપણું જગતમાં જેટલું દુઃખરૂપ અને ખરાબ છે, તેથી અનંતગણું દુઃખરૂપ અને ખરાબ વિષયાંધપણું છે.

હે ભવ્ય! વિષયાકાંક્ષા અર્થે તારી જે આ પ્રવૃત્તિ છે તે વ્યર્થ છે, કારણ કે એવી વાંચ્છા તો જગતમાં પ્રાણી માત્રમાં વર્તે છે, પરંતુ એ વાંચ્છાનુસાર સર્વ વાંચ્છિત સિદ્ધિ તેઓમાંના કોઈને પણ આજ સુધીમાં થઈ છે?

**आशागर्त्तः प्रतिप्राणि यस्मिन् विश्वमणूपमम् ।**
**कस्य किं कियदायाति वृथा वो विषयैषिता ।। ३६।।**
**જિસમેં વિશ્વ અણૂ સમ લઘુ હૈ પ્રતિપ્રાણી કા આશા-ગર્ત;**
**કિસકો કિતના મિલ સકતા ફિર વિષયોં કી અભિલાષા વ્યર્થ. ૩૬.**

હે પ્રાણી! પ્રાયે પ્રત્યેક પ્રાણીઓનાં અંતઃકરણ એ આશારૂપ મહાન, ગહન, ગંભીર અને અતિ ઊંડા ગર્ત (કૂવા) છે. વળી તે અમર્યાદિત છે કે જેમાંના એક ગર્તમાં આ ત્રણે લોકની સમસ્ત વિભૂતિ માત્ર એક અણુ સમાન સૂક્ષ્મપણે વર્તે છે. જગતવાસી પ્રાણીઓ તો અનંતાનંત છે. તો એ ત્રણલોકની સમસ્ત વિભૂતિની વહેંચણી કરતાં કોને-કોને કેટલી-કેટલી આવે? અર્થાત્ ત્રણ લોકની સમસ્ત વિભૂતિ કદાચ એક પ્રાણીના હાથમાં આવી જાય તોપણ તેની તૃષ્ણા શાંત થાય નહિ. ધનાદિ સર્વ સંપત્તિ જગતમાં સંખ્યાત છે, જ્યારે તેનો ગ્રાહક તેના પ્રમાણમાં અનંતાનંત છે. માટે, હે આત્મા! તારી એ વિષયની આકાંક્ષા વ્યર્થ છે.

આ સમસ્ત ત્રણેય લોકમાં ગ્રાહકના પ્રમાણમાં ગણતાં વિભૂતિ તો માત્ર અલ્પ છે, જ્યારે દરેક જીવોનો આશારૂપ મહાન કૂવો ઘણો ઊંડો અને અગાધ છે કે જેમાં ત્રૈલોક્યની સઘળી વિભૂતિ

માત્ર એક અણું સમાન છે. કહો હવે તે સંપત્તિ કોના-કોના ભાગમાં કેટલી-કેટલી આવે કે જેથી એ આશારૂપ અતિ વિસ્તીર્ણ કૂવો પૂર્ણ ભરાય? તેથી, હે ભવ્ય! તારી એ વિષયાકાંક્ષા કેવળ વૃથા છે. એ વિષયાકાંક્ષારૂપ કૂવો ઘણો અમર્યાદિત ઊંડો દેખીને જ પૂર્વમહાપુરુષો તે સુખની અભિલાષા છોડી સ્વાત્મશાંતિરૂપ, નિરાકુળતાજન્ય, પવિત્ર અસંગ માર્ગમાં સમ્યક્ પ્રકારે પ્રવર્ત્યા. કારણ તેઓ વિવેકપૂર્વક જાણતા હતા કે આ દુઃખદ વિષયસુખમાં પ્રવર્તવા જતાં અનેક નવાં નવાં અને રંગબેરંગ શરીર ધારણ કરવાં પડશે અને આકાંક્ષારૂપ દુઃખ તો ભાવીમાં પણ એમ ને એમ ઊભું રહેશે. એમ સમજી સ્વાત્મકલ્યાણરૂપ અસંગ અને શાંત માર્ગમાં દૃઢચિત્ત થયા.

**आयुः श्रीवपुरादिकं यदि भवेत् पुण्यं पुरोपार्जितम्**
**स्यात्सर्वं न भवेन्न तच्च नितरामायासितेऽप्यात्मनि ।**
**इत्यार्य्याः सुविचार्य कार्यकुशलाः कार्येऽत्रमन्दोद्यमाः**
**द्रागागामिभवार्थमेव सततं प्रीत्या यतन्तेतराम् ।।३७।।**

**પૂર્વ પુણ્ય સે સહજ પ્રાપ્ત હોં, આયુ લક્ષ્મી સુન્દર તન,**
**પુણ્યોદય બિન મિલેં નહીં કર લેં જિતને અતિ કષ્ટ સહન;**
**કાર્ય-કુશલ જો શ્રેષ્ઠ પુરુષ વે કરકે મન મેં યહી વિચાર,**
**ઇસ ભવ હેતુ યત્ન શિથિલ કર, પર-ભવ કા કરતે ઉદ્ધાર. ૩૭.**

જીવને દીર્ઘ આયુ, લક્ષ્મી, નિરોગ અને સુંદર શરીર ઇત્યાદિક માત્ર એક પૂર્વોપાર્જિત પુણ્યના ઉદયથી જ પ્રાપ્ત થાય છે અર્થાત્ જેણે પૂર્વે પુણ્ય ઉપાર્જન કર્યું હોય તેને જ એ સર્વ વિભૂતિ પ્રાપ્ત થાય છે. અન્યથા અનેક પ્રકારે ઉદ્યમ કરવા છતાં અને ખેદખિન્ન થવા છતાં પણ કંઈ પણ પ્રાપ્તિ થતી નથી. સ્વકાર્યકુશલ ઉત્તમ પુરુષો એમ વિચાર કરીને વર્તમાન આયુમાં એ વિભૂતિ મેળવવા ભણી મંદ ઉદ્યમી થાય છે અને ભાવી ભવના સુખને અર્થે પ્રીતિથી યત્ન કરે છે.

પૂર્વ ભવ વિષે જેણે દયા, દાન, તપ આદિ શુભ મંદકષાયરૂપ પ્રવૃત્તિ કરી વિશેષ પુણ્યોપાર્જન કર્યું હોય, તેને જ દીર્ઘ આયુ, સુંદર અને નિરોગ શરીર અને ધનાદિ સંપત્તિ પ્રાપ્ત થાય છે, પરંતુ હીણ પુણ્ય જીવ ભલે ઘણો ઉદ્યમ કરે અને અતિ ખેદખિન્ન થાય તોપણ કાંઈ પ્રાપ્ત કરી શકતો નહિ, એમ વિચારી વિવેકી પુરુષો આ ભવના કાર્ય વિષે મંદ ઉદ્યમી થાય છે અને ભાવી ભવ સુધારવા માટે અતિશય પ્રીતિપૂર્વક વિશેષ યત્નસહિત શુભ પ્રવૃત્તિ વિષે સાવધાન થાય છે.

શિષ્ય પ્રશ્ન કરે છે કે પૂર્વ પુણ્યોદયપ્રાપ્ત વર્તમાન સુખ સાધનરૂપ વિષયાદિ સુખોમાં મંદ ઉદ્યમી શા માટે રહેવું? કારણ વર્તમાનમાં મંદ ઉદ્યમી રહીને પણ ધર્મ પ્રયત્ન કરીને ભાવીમાં પણ આ જ સુખ સામગ્રી મેળવવી છેને? શંકાકારના હૃદયમાં હજુ વિષયસુખસામગ્રી રમી રહી છે અને

ઉપરોક્ત ઉપદેશ પણ જાણે એ જ સુખ પ્રાપ્તિને અર્થે અપાય છે, એમ સમજે છે. વિષયાદિ તુચ્છ ભાવોનું વિવેચન કરાવનારાં એવાં નિર્ગ્રંથ વચનામૃતોનો આશય સમજ્યા વિના ભાવીમાં એ જ સુખની સાધના અર્થે યોજે છે એવા તુચ્છ વિષયાસક્ત પણ ભવ્ય આત્માને ભગવાન આચાર્ય નીચેના કાવ્યથી સંબોધે છે કે :—

**कः स्वादो विषयेष्वसौ कटुविषःप्रख्येष्वलं दुःखिना**

**यानन्वेष्टुमिव त्वयाशुचिकृतं येनाभिमानाभृतम् ।**

**आज्ञातं करणैर्मनःप्रणिधिभीः पित्तज्वराविष्टवत्**

**कष्ट रागरसैः सुधीस्त्वमपि सन् व्यत्यासितास्वादनः ।।३८।।**

**કટુ વિષસમ વિષયોં મેં મિલતા તુમ્હેં કૌન સા સ્વાદ કહો?**

**જિસે ખોજને હેતુ નિજામૃત કો કરતે અપવિત્ર અહો;**

**કષ્ટ! અહો વિપરીત રાગ કો મધુર માનતે હો ધીમાન્!**

**ઇન્દ્રિય-મન કે દાસ હુએ હો પિત્ત રોગ યુત મનુજ સમાન. ૩૮.**

હે ભવ્ય! વિષ તુલ્ય અને કડવા એવા વિષયોમાં તને શું સ્વાદ ભરાઈ રહ્યો છે કે જેથી તેની જ તૃષ્ણારૂપ અતિ દુઃખને અનુભવતો એ વિષયોને ઢૂંઢવામાં તારું અતિ મહાન નિજપદરૂપ અમૃત મલિન કરે છે? અને મનની સેવિકા જે ઇન્દ્રિયો તેનો આજ્ઞાંકિત સેવક થઈ તું એ જ વિષયોમાં પ્રવર્તે છે? પીત્તજ્વરવાળા જીવને જેમ વસ્તુ સ્વાદ વિપરીત ભાસે તેમ વિષયાસક્તપણાને લઈને રાગરસથી તું વિપરીત સ્વાદુ બન્યો છે.

વિષ સમાન એ વિષયોમાં હે ભાઈ! શું સ્વાદ છે?–નથી જ. પરંતુ તને તેમાં સ્વાદ ભાસે છે અને તેને મનોજ્ઞ જાણીને તીવ્ર વિષયાભિલાષથી મહાદુઃખી થઈ તેને ઢૂંઢવામાં તારું પરમ મહત્ત્વરૂપ અમૃત તું મલિન કરે છે. વિષયાભિલાષીની મહત્તા સર્વથા નષ્ટ થાય છે.

આગળ હવે કહે છે કે હજુ સુધી કોઈ પણ વસ્તુથી જેનું ચિત્ત નિવૃત્ત થયું નથી એવા તારી આગળ આ જગતમાંની કોઈ પણ વસ્તુ બચવા પામી હોય તો તે માત્ર ભક્ષણની અસમર્થતાને લઈને જ! વાસ્તવમાં તો તું સર્વભક્ષી જ છે :—

**अनिवृत्तेर्जगत्सर्वं मुखादवशिनष्टि यत् ।**

**तत्तस्याशक्तितो भोक्तुं वितनोर्भानुसोमवत् ।।३९।।**

**વિષય પ્રવૃત્ત તુમ્હારે તૃષ્ણા-મુખ સે જો કુછ બચા જગત;**

**જૈસે શક્તિ હીનતા સે રવિ-શશિ ભખને મેં રાહુ અશકત્. ૩૯.**

હે અસંતોષી આત્મા! સર્વ જગતની માયાને અંગીકાર કરવાની અભિલાષારૂપ પરિણામથી તો તે આ જગતમાં કંઈ પણ છોડ્યું નથી. તારાથી જે કંઈ બચવા પામ્યું હોય તો તે તારી ભોગ કરવાની અશક્તિથી જ! જેમ રાહુથી ગળાતાં ચંદ્ર, સૂર્ય બચવા પામ્યા હોય તો તે માત્ર રાહુની અશક્તિથી જ!

સર્વ જગતની વિભૂતિ અને ત્રણે લોકની વિષય સામગ્રી આ એક જ જીવને પ્રાપ્ત થઈ જાય તોપણ આ જીવ એટલો વિષયાસક્ત અને તૃષ્ણાતુર છે કે તેની અનાદિ તૃષ્ણા કેમે કરી મટે નહિ, પરંતુ જે કાંઈ તેના ભોગથી બચવા પામે છે તે માત્ર ભોગવવાની અસમર્થતાથી જ બચે છે.

દૈવયોગથી જેના ચિત્તમાં આત્મકરુણા જાગ્રત થઈ છે, મોક્ષલક્ષ્મીની અભિલાષીથી જે હિંસા માત્રની નિવૃત્તિ ઇચ્છે છે, તેણે બાળ અવસ્થામાં જ એ પરિગ્રહાદિનો સર્વથા ત્યાગ કરવો યોગ્ય છે. એમ ગ્રંથકાર કહે છે :—

**साम्राज्यं कथमप्यवाप्य सुचिरात्संसारसारं पुन**
**स्तत्त्यक्त्तबव यदि क्षितीश्वरवराः प्राप्तः श्रियं शाश्वतीम् ।**
**त्वं प्रागेव परिग्रहान्परिहर त्याज्यान् गृहीत्वापि ते**
**माभूमौंतिक मोदकव्यतिकरं संपाद्य हास्यास्पदम् ।।४०।।**

**પુણ્યોદય સે રાજ્યાદિક સુખ ભોગેં યદિ ચિરકાલ નરેશ,**
**કિન્તુ ઉસે હી તજકર પાતે અવિનાશી મુક્તિ સુખ શ્રેય;**
**અતઃ પરિગ્રહ-ગ્રહણ પૂર્વ હી ભવિજન ઉસકા ત્યાગ કરો,**
**મોદક ગ્રહણ-ત્યાગ કરતે ભિક્ષુકવત્ નહિં હાસ્યાસ્પદ હો. ૪૦.**

હે ભવ્ય! પૂર્વે મોટા-મોટા રાજા-મહારાજાઓ થઈ ગયા, તેમાં કોઈ-કોઈ તો વિશિષ્ટ પુણ્યોદયથી સંસારમાં સારરૂપ મનાતા એવા ચક્રવર્તી પદાદિ રાજ્યસંપદાને ચિરકાળ ભોગવીને પણ તેને છોડ્યા પછી જ શાશ્વત નિર્વાણપદરૂપ પરમવિભૂતિને પામ્યા. તેથી નિશ્ચિત છે કે નિર્વાણનું મુખ્યકારણ આરંભ-પરિગ્રહાદિનું ત્યાગ એ જ છે. હે ભાઈ! તો તું પ્રથમથી જ એ આરંભ પરિગ્રહાદિનું ત્યાગ કરી કુમાર અવસ્થામાં જ એ નિરારંભી અને નિરાકુળ પ્રવજ્યાને ગ્રહણ કર. કારણ બાળ-બ્રહ્મચર્ય સમાન બીજું સુખ નથી અને પરિગ્રહાદિ કેવળ તજવાયોગ્ય જ છે. તો તું પ્રથમથી જ નિર્વાણને પ્રતિબંધક એવા એ રાજ્ય કે ગૃહવ્યવહારાદિ પરિગ્રહને ગ્રહણ કરે નહિ, એના જેવું બીજું ઉત્કૃષ્ટ ક્યું? કોઈ નહિ. તારી એમ પણ ભાવના હોય કે આ પરિગ્રહાદિને પ્રથમ ગ્રહણ કરી, ભોગવી પછી હું ત્યજીશ, પણ તારી એ કલ્પના ''વેષધારીના લાડુ'' વાળી કહેવત જેવી હાંસીપાત્ર છે.

એક વેષધારી ભિક્ષુક ભિક્ષા માટે ભમતો હતો, તેના પાત્રમાં કોઈએ લાડુ નાખ્યો, તે લઈને જતો હતો. માર્ગમાં તેનો પગ લપસવાથી પહેલા પાત્રમાંનો લાડુ કોઈ મલિન જગા ઉપર જઈ પડ્યો, ત્યારે તેણે તે લાડુ ઉપાડી પોતાના પાત્રમાં નાખ્યો. ત્યાં કોઈ અન્ય પુરુષે કહ્યું કે આવા મલિન સ્થળે પડેલા લાડુને તેં પાત્રમાં પાછો નાખ્યો એ બહુ ખોટું કર્યું. કેમકે તારે તે લેવાયોગ્ય રહ્યો નહોતો. પહેલો ભિક્ષુક કહેવા લાગ્યો કે ચુપ રહે! હું આ લાડુ ખાવાનો નથી, પણ મારા આશ્રમમાં જઈ ત્યાં ધોઈ સ્વચ્છ કરી પછી તેને નાખી દઈશ. ત્યાં ઉભેલા બીજા મનુષ્યોને તેનું આ કથન સાંભળી બહુ હસવું આવ્યું અને કહેવા લાગ્યા કે ભલા માણસ! તારે ખાવો નથી અને ધોઈને નાખી દેવો છે, તો પછી તેવો મલિન જગા પર પડીને બગડી ગયેલો લાડુ પાત્રમાં નાખ્યો જ કેમ? ત્યાં જ પડ્યો રહેવા દેવો હતોને? તેમ તું પણ એમ કહે છે કે હું આ પરિગ્રહાદિ સંપદા ભોગવીને પછી ત્યજી દઈશ. તારી એ કલ્પના 'મલિન જગા પર પડેલા લાડુને ધોઈને સ્વચ્છ કરી નાખી દેવા જેવી હાંસી પાત્ર છે. આ પરિગ્રહાદિ તારે અંગીકાર કરવાયોગ્ય જ નથી. ભાઈ! જો તેનો તારે નિજ સ્વાધીન સુખને અર્થે અંતે ત્યાગ જ કરવો છે, તો પછી તેને ગ્રહણ જ શા અર્થે કરે છે? વળી જેમ કોઈ પુરુષ કીચડ લાગ્યા પછી ન્હાઈ ધોઈ સ્વચ્છ થયો પણ જે પહેલેથી સાવધાનતાપૂર્વક કીચડ લાગવા દે નહિ તેને ધન્ય છે. મલિન કીચડ લગાવી પછી તેને ધોઈ સ્વચ્છ કરવાની કલ્પના હાંસીપાત્ર છે.

નિર્વાણ વિભૂતિના સાધક મુખ્યપણે નિર્ગ્રંથ મુનિ છે. કારણ કે ગૃહાવાસમાં નિર્વાણ સાધન બનવું પ્રાયે અસંભવિત છે, એમ સૂત્રકાર કહે છે :—

**सर्वं धर्ममयं क्वचित् क्वचिदपि प्रायेण पापात्मकम्**
**काप्येतद् द्वयवत्करोति चरितं प्रज्ञाधनानामपि ।**
**तस्मादेष तदन्धरज्जुवलनं स्नानं गजस्याथवा**
**मत्तोन्मत्तविचेष्टितं न हि हिता गेहाश्रमः सर्वथा ।।४१।।**

**કભી જીવ કો કરે ધર્મમય કભી કરે પાપોં સે લિપ્ત,**
**ધીમાનોં કે જીવન મેં ભી પુણ્ય-પાપમય કરે ચરિત્ર;**
**ઈસીલિયે અન્ધે કા રસ્સી બુનના હૈ યા ગજ-સ્નાન,**
**યહ ગૃહસ્થ-આશ્રમ હૈ મત્તપુરુષ કે કાર્ય-કલાપ સમાન. ૪૧.**

ગૃહાશ્રમી જીવન વાસ્તવ્ય અને પૂર્ણ નિરાકુળતાજન્ય સ્વાધીન સુખદાતા કોઈ જીવને થતું નથી. જેમ ઉન્મત્ત મનુષ્ય અનેક ચેષ્ટા કરે છે, તેમ બુદ્ધિમાન ગૃહસ્થ પણ અનેક વિવિધ ચારિત્રરૂપ ઉન્મત્ત ચેષ્ટા કરે છે–કોઈ વેળા તે સામાયિક, પૌષધ અને ઉપવાસાદિ ધર્મ પ્રવૃત્તિ કરી કેવળ ધર્મરૂપ બને છે, તો કોઈ વેળા સ્ત્રી સેવનાદિ પાપ પ્રવૃત્તિ કરી પાપરૂપ બને છે. વળી કોઈ વેળા

પૂજા, પ્રભાવના, ચૈત્ય, ચૈત્યાલય બનાવવા આદિ પુણ્ય–પાપરૂપ મિશ્ર પરિણામ કરે છે અને એવી ચિત્ર–વિચિત્ર પ્રવૃત્તિથી એ ગૃહાશ્રમ ''આંધળુ વણે અને વાછરડું ચાવે'' વાળી કહેવત જેવો અથવા ગજસ્નાનવત્ મૂર્ખ મનુષ્યની ચેષ્ટા જેવો છે.

જેમ આંધળો મનુષ્ય દોરડું વણે, ત્યારે વાછરડું ચાવતું-ચાવતું પાછળ ઉભેળતું જાય અથવા મત્ત હાથી સુંદર જળાશયમાં સ્નાન કરી બહાર આવી પાછો સૂંઢમાં ધૂળ ભરી પોતાના અંગ ઉપર નાખી મલિન થાય, તેમ ગૃહસ્થાશ્રમપણામાં થતી ધર્મપ્રવૃત્તિના સાધનમાં પણ જાણવું. ઘડીમાં ધર્મક્રિયારૂપ, ઘડીમાં અધર્મક્રિયારૂપ, અને ઘડીમાં ધર્માધર્મરૂપ મિશ્રક્રિયારૂપ તે પ્રવર્તે છે. એવો ચિત્ર, વિચિત્ર ઉન્મત્ત ચેષ્ટાવાળો ગૃહાશ્રમ વાસ્તવ્ય કલ્યાણદાતા થાય નહિ, અને તેથી જ તે તજવાયોગ્ય છે. જે આશ્રમ જીવને શાશ્વત સંપદાનો સાધક થાય તે જ આશ્રમ મુખ્યપણે ઉપકારી છે. ગૃહાશ્રમ શિવસંપદારૂપ શાશ્વત દશાનો સાધક નહિ પણ બાધક છે. તેથી એમાં જીવનું ખરેખરૂં આત્મહિત નથી. તેથી તથા અસિ, મસિ, કૃષિ અને વાણિજ્યાદિ ઘણી પ્રવૃત્તિઓ કેવળ દુઃખની જ સાધક છે, તેથી સમ્યક્ ઔદાસીન્ય પરિણામરૂપ અને કેવળ નિરાકુળતાજન્ય સ્વાધીન સુખના અભિલાષી મુમુક્ષુએ તે છોડવાયોગ્ય છે.

એ ગૃહસ્થાશ્રમ કોઈ રીતે સુખનો સાધક નથી, એ વાત સૂત્રકાર નીચેના સૂત્રથી વિશેષ દ્દઢ કરે છે :—

**कृष्टवोप्त्वा नृपतिन्निषेव्य बहुशो भ्रान्त्वा वनेऽम्भोनिधौ**
**किं क्लिश्नासि सुखाथमत्र सुचिरं हा कष्टमज्ञानतः ।**
**तैलं त्वं सिकता स्वयं मृगयसे वाञ्छेद् विपाडजीवितुं**
**नन्वाशाग्रहनिग्रहात्तव सुखं न ज्ञातमेतत्त्वया ।।४२।।**

**કૃષિ કરતે યા નૃપ-સેવા યા વન-સમુદ્ર મેં ભટક રહે,**
**સુખ કે લિયે મોહ-વશ હોકર દીર્ઘકાલ સે કષ્ટ સહે;**
**તેલ ખોજતે રહે રેત મેં વિષ ખાકર જીના ચાહા,**
**આશા-ગ્રહ કે નિગ્રહ સે હી સુખ હોગા યહ નહિ જાના. ૪૨.**

હે જીવ! તું આ ગૃહસ્થાશ્રમમાં સુખના અર્થે વ્યર્થ કલેષ કેમ કરે છે? એમાં કિંચિત્ સુખ નથી. ખેતરમાં હળ જોડી ખેડ કરી તું બીજ વાવે છે, ખડ્ગાદિ તીક્ષ્ણ શસ્ત્ર ધારણ કરી તું રાજા મહારાજાઓને સેવે છે, લેખનવૃત્તિ કરી તું શેઠ શાહૂકાર આદિની સેવા કરે છે, અને વાણિજ્ય વૃત્તિથી તું વન સમુદ્રાદિ અગમ્યસ્થાનોમાં પણ ભટકે છે, અને એ બધું શા અર્થ? માત્ર એક સુખને અર્થે. ભાઈ! તારી એ બધી પ્રવૃત્તિ મને તો રેતીમાં તેલ શોધવા જેવી અથવા વિષપ્રાશન કરી જીવન વૃદ્ધિ કરવાની ઇચ્છા જેવી વિચિત્ર અને ઉન્મત્ત લાગે છે. ભાઈ! આશારૂપ ગ્રહ (ભૂત)નો

નિગ્રહ કરવામાં જ સુખ છે. તૃષ્ણાથી કોઈ કાળ કે કોઈ ક્ષેત્રમાં સુખ નથી એ ટૂંકું પણ મહત્ સૂત્ર શું તને નથી સમજાતું? કે આ વ્યર્થ પરિશ્રમ તું કરી રહ્યો છે.

અસિ, મસિ, કૃષિ અને વાણિજ્યાદિ સર્વ ઉપાય કેવળ દુઃખદાઈ જ છે, એમાં જરાયે સુખ નથી. ખેતીનો મહાન ખેદ તો પ્રગટ જ છે. નિરંતર કલેષ, કુગ્રામવાસ, આચારહીણપણું, માનભંગ અને સ્વચક્ર-પરચક્રાદિ સાત પ્રકારના ભય સદા ચિત્તમાં રમ્યા કરે છે. આજીવિકાના નિમિત્તે ખડ્ગાદિ શસ્ત્ર ધારણ કરી રાજા આદિની સેવા કરે છે, એ પણ મહાકષ્ટરૂપ છે. તેમ કોઈ વેળા અલભ્ય માનવજીવનને પણ હોમવું પડે છે. વ્યાપારી વ્યાપાર અર્થે જહાજ આદિમાં બેસી સમુદ્રાદિ વિષમ માર્ગે અન્ય દેશમાં જાય છે. સ્ત્રી, પુત્ર, મિત્ર, બંધુ આદિ સ્વજનોનો ત્યાગ કરી દેશાંતર એકાકી રખડે છે. કોઈ વખત જહાજ આદિ વાહન નાશ પામતા પ્રાણ પણ ગુમાવે છે અથવા મહા ગંભીર નિર્જન વનમાં ભટકવાનું બની આવે છે, અનેક પ્રકારે ધનાદિની હાનિ–વૃદ્ધિથી ચિત્ત પણ નિરંતર વ્યાકુળ રહે છે, એમ વાણિજ્યના દુઃખનું શું વર્ણન કરીયે. લેખનવૃત્તિ કરનાર સ્વલ્પ પ્રયોજનને અર્થે નિરંતર પરાધીન રહ્યા કરે છે. એ વિગેરે ઉપાયો કરી તેમાં તું સુખી થવાની આશા રાખે છે એ પ્રગટ રેતમાં તેલ શોધવા જેવું કેવળ વ્યર્થ છે. ભાઈ! રેતીમાં તેલ અથવા વિષ પ્રાશનમાં જીવન વૃદ્ધિ એ ન બનવાયોગ્ય બનાવ કદાચ બની પણ જાય, પરંતુ એ અસિ, મસિ, કૃષિ અને વાણિજ્યાદિ પ્રવૃત્તિઓથી કોઈ દેશ કે કોઈ કાળમાં સુખની ઉત્પત્તિ નથી જ! કારણ એ પ્રવૃત્તિઓના પ્રારંભમાં, મધ્યમાં અને અંતમાં અતિશય કલેષ અને ખેદ સિવાય કશું નથી. આ આશારૂપ કુગ્રહ (ભૂત) તને અનાદિ કાળથી લાગ્યું છે. તેથી જ આજ સુધી તું વાસ્તવ્ય સુખને પામ્યો નથી. વળી એ આશારૂપ ગ્રહના નિગ્રહથી જ સુખ છે એ પરમસત્ય તેં આજ સુધી જાણ્યું પણ નથી, અને તેથી જ અતિશય દુઃખરૂપ સંસાર-પરિભ્રમણ તને રહ્યા કર્યું છે.

સુખનો વાસ્તવિક ઉપાય માત્ર જ્ઞાનસહિત સંતોષ છે. ઠામ-ઠામ જિનાગમમાં પણ આશાના નિગ્રહને જ ઉપદેશ્યો છે, પણ તે વાત યથાર્થપણે નહિ સમજવાથી જીવ વિપરીત ચેષ્ટા કર્યા કરે છે.

**आशाहुताशनग्रस्तवस्त्वर्थी (स्तुच्चेः) वंशनां जनाः ।**
**हा किलैति (त्य) सुखच्छायां दुःखधर्म्मापनोद (दि) नः ।।४३।।**

**આશાનલ સે દગ્ધ, વસ્તુ કે સેવન સે જન સુખ ચાહેં;**
**તાપ-નિવારણ હેતુ બાઁસ કી છાયા નિષ્ફલ અવગાહેં. ૪૩.**

આશારૂપ અગ્નિનો બળ્યો જીવ સંસારની જે જે વસ્તુઓમાં સુખની જિજ્ઞાસાથી મનને ભટકાવે છે, તે તે વસ્તુઓ વિનાશક છે. વળી મનની વૃત્તિ પણ વિનાશક છે. માત્ર નાશવાન પરિણતિ નાશવાન પદાર્થ પાછળ ભટકે છે, એમાં ક્યું સુખ? સુખને અર્થે ભોગ સેવનરૂપ ઉપાય

કેવળ વ્યર્થ છે. હાય! હાય! આ મહામોહમૂઢ જીવ કેવળ દુઃખના જ કારણોને સુખરૂપ પ્રતીત કરી દુઃખને જ આમંત્રે છે. તેની ઉપરોક્ત કલ્પના આતાપની નિવૃત્તિ અર્થે વાંસના વનની છાયામાં બેસવા જેવી વ્યર્થ છે.

વાંસની છાયા જેમ આતાપ દૂર કરી શકે નહિ, તેમ સંસારના ભોગ્ય પદાર્થોની વાંચ્છા જીવને સુખી કરી શકે નહિ, પરંતુ વિવેકરહિત અને આશારૂપ ભયંકર અગ્નિનો બળ્યો જીવ સુખના અર્થે કનક-કામિની આદિ નાશવાન પરવસ્તુનો અભિલાષી થઈ રહ્યો છે. આતાપ નિવૃત્તિ અર્થે વાંસના વનમાં બેઠેલા તે મનુષ્યને, વાંસ પરસ્પર ઘસાઈ અગ્નિ સળગી ઉઠે તો વિશ્રાંતિ લેતાં બળીને ભસ્મ થવાનો ભયંકર ભય છે, તેમ વિષયી જીવ વર્તમાનમાં તૃષ્ણારૂપ અગ્નિનો બળ્યો અતિ ખેદખિન્ન છે, પરંતુ આગામી ભવમાં પણ નરક–નિગોદાદિ માઠી ગતિને તે પ્રાપ્ત થાય છે. દુઃખનું મૂળ અને સુખનો નાશ કરનારા એ વિષયો જીવને કોઈ પ્રકારે હિતકારક નથી. એ વિષયાદિ પ્રવૃત્તિ વાંસની છાયા સમાન વૃથા છે, ગ્રહણ કરવાયોગ્ય નથી, કેવળ ત્યાગ કરવાયોગ્ય છે.

દૈવયોગથી કોઈને તુચ્છ માત્ર એ સુખ પ્રાપ્ત થયું હોય તો તે પણ સ્થિર નથી–એ વાત દૃષ્ટાંત પૂર્વક શ્રી આચાર્ય કહે છે :—

**खातेऽभ्यासजलाशयाजनि शीला प्रारब्धनिर्बाहिणा**
**भूयोभेदि रसातलावधि ततः कृच्छ्रात्सुतुच्छं किल ।**
**क्षारं वार्युदगात्तदप्युपहतं पूतिकृमिश्रेणिभिः**
**शुष्कं तच्च पिपासितोऽस्य सहसा कष्टं विधेश्चेष्टितम् ।।४४।।**

**જલ પાને કે લિયે મનુજ ને કૂપ ખોદના શુરૂ કિયા,**
**પર ખારા જલ અલ્પ ઉસે પાતાલ-લોક પર્યન્ત મિલા;**
**વહ ભી અતિ દુર્ગંધ યુક્ત, કર્દમ કીડોં સે થા ભરપૂર,**
**સૂખ ગયા તત્કાલ અહો! વિધિ કા વિધાન હૈ કિતના ક્રૂર. ૪૪.**

જેમ કોઈ પુરુષ નિર્મળ જળની અભિલાષી ઊંડો કૂવો ખોદવા લાગ્યો, ખોદતાં-ખોદતાં આગળ શિલા નીકળી, પણ પોતે આરંભેલો આરંભ સિદ્ધ કરવા તે આગળ ને આગળ ખોદવા લાગ્યો, મહામહેનતે અને ઘણા લાંબા કાળે કંઈક થોડુંક માત્ર જળ મળ્યું, તે પણ ખારૂં, દુર્ગંધતાયુક્ત અને કૃમીયોથી ખદબદતું નીકળ્યું. વળી તે પણ તુરત જ સુકાઈ ગયું. કહો હવે તે પુરુષે ઉદ્યમ કરવામાં શું બાકી રાખ્યું હતું? પણ ઉદયની ચેષ્ટા જ દુઃખદાઈ છે. નિશ્ચયથી આ તૃષાતુર મનુષ્યની તૃષા કોઈ પણ કાળે પૂર્ણ થવાની નથી. કારણ **ઉદયની ગતિ બળવાન છે.**

કોઈ જાણે કે હું અનેક ઉપાય અને વિપુલ પ્રયાસ કરી અર્થ સિદ્ધિ કરું, પણ પુણ્યોદય વિના હરેક ઉપાય અને પ્રયાસ કરવા છતાં પણ કોઈની વાંછિત અર્થ સિદ્ધિ થઈ છે?–નહિ જ.

ત્યારે કોઈ કહે કે ''હું ન્યાયવૃત્તિ પૂર્વક અર્થ ઉપાર્જન કરી સંપદાની વૃદ્ધિ કરું અને સુખ ભોગવું'' તેને શ્રીગુરુ સમજાવે છે કે :—

**शुद्धैर्धनैर्विवर्धन्ते सतामपि न संपदः ।**
**न हि स्वच्छाम्बुभिः पूर्णाः कदाचिदपि सिंधवः ।।४५।।**

**ન્યાયોપાર્જિત ધન સે ભી સમ્પદા ન બઢતી સુજનોં કી;**
**નિર્મલ જલ સે નહીં પૂર્ણતા હોતી કભી નીર-નિધિ કી. ૪૫.**

હે પ્રાણી! ન્યાય પૂર્વક ઉપાર્જન કરેલા ધનથી ઉત્તમ પુરુષોની પણ સુખસંપદા વૃદ્ધિ પામતી નથી, જેમ નિર્મળ જળ વડે સમુદ્ર કોઈ કાળે પણ પૂર્ણતાને પામતો નથી.

અયોગ્ય આચરણ તો સર્વથા ત્યાજ્ય છે, પરંતુ યોગ્ય આચરણપૂર્વક ઉત્પન્ન કરેલા ધનાદિથી પણ વાસ્તવિક સુખસંપદાની વૃદ્ધિ થતી નથી, જેમ નિર્મળ જળ વડે પણ સમુદ્ર પૂર્ણ થતો નથી. તેથી, હે ભવ્ય! ન્યાયોપાર્જિત ધનાદિની તૃષ્ણા તજીને તું સર્વથા નિઃપરિગ્રહી થા.

કોઈ કહેશે કે જે કંઈ સંપદાની વૃદ્ધિ થવાની હશે તે થશે, પરંતુ આ ગૃહસ્થાશ્રમપણું ધર્મ, સુખ, જ્ઞાન અને સુગતિનું સાધન તો છે? એવા ભ્રાંતિગત આત્માને શ્રી સદ્‌ગુરુ સંબોધે છે કે :—

**स धर्मो यत्र नाधर्म्मस्तत्सुखं यत्र नासुखम् ।**
**तज्ज्ञानं यत्र नाज्ञानं सा गतिर्यत्र नागतिः ।।४६।।**

**જહાઁ નહીં હોતા અધર્મ વહ ધર્મ, જહાઁ દુઃખ નહિં સુખ હૈ,**
**જ્ઞાન વહી અજ્ઞાન જહાં નહિં, આગતિ નહીં જહાં ગતિ હૈ. ૪૬.**

ધર્મ તો એ જ છે કે જ્યાં અધર્મનો લેશ નથી, સુખ તો એ જ છે કે જ્યાં દુઃખનો અંશ નથી, જ્ઞાન તો એ જ કહી શકાય કે જેમાં અજ્ઞાનની કણિકા નથી અને વાસ્તવ્ય ગતિ તો એ જ છે કે જ્યાંથી ફરી આગતિ (આવાગમન) નથી.

જ્યાં લેશમાત્ર પણ હિંસાદિ પાપ છે, ત્યાં ધર્મ નથી. જ્યાં ચિત્ર–વિચિત્ર સંકલેશ પરિણામ વર્તે છે ત્યાં સુખ ક્યાંથી? જ્યાં સંદેહાદિરૂપ અજ્ઞાન વર્તે છે, ત્યાં જ્ઞાન નથી અને જ્યાંથી વારે વારે આવવું–જવું થયા કરે તે ગતિ જ નથી.

''પ્રભુ! તમે પ્રરૂપણ કર્યાં એવાં અવિનાશી સુખાદિ તો કષ્ટસાધ્ય જણાય છે અને અમે માનેલાં ધનાદિ સુખોનું ઉપાર્જન તો સુખસાધ્ય અમને લાગે છે; તો તે ધનાદિ ઉત્પન્ન કરવાની પ્રવૃત્તિ અમે કરીએ એમાં હાનિ શું?'' દયાળુ શ્રીગુરુ સંબોધન કરે છે કે :—

**वार्तादिभिर्विषयलोलविचारशून्यः**
**क्लिश्नासि यन्मुहुरिहार्थपरिग्रहार्थम् ।**

**तच्चेष्टितं यदि सकृत्परलोक बुद्धया**
**न प्राप्यते ननु पुनर्जननादि दुःखम् ।।४७।।**
**વિષય લોલુપી નિર્વિચાર તૂ ધન કે લિએ કરે જો ક્લેશ;**
**એક બાર પરલોક હેતુ યદિ કરે, દુઃખ કા રહે ન લેશ. ૪૭.**

હે વિષયના લાલચું! તું અવિચાર પૂર્વક અસિ, મસિ, કૃષિ અને વાણિજ્યાદિ ઉદ્યમ કરી આ લોકમાં ધન પ્રાપ્ત કરવા અર્થે વારંવાર કલેષ કર્યા કરે છે, તેવો જ પ્રયત્ન અગર તું એકવાર સમ્યક્ પ્રકારે પરલોકને અર્થે કરે તો આ જન્મ-મરણનું અનાદિ ભયંકર દુઃખ ફરી-ફરી ન પામે. ભાઈ! આ કથન ઉપર વિશ્વાસ લાવી તું ધનાદિ વિનાશિક સંપદા પ્રાપ્ત ભયંકર દુઃખ છોડી એક વાર વાસ્તવ્ય ધર્મસાધન કરવાનું પ્રયત્ન કર!

પરલોકના ઉપાયમાં દ્રઢતા ઉત્પન્ન કરવા શ્રી આચાર્ય મહારાજ પ્રથમ શિષ્યને બાહ્ય પદાર્થો પ્રત્યેનો રાગ–દ્વેષ છોડવાની શિક્ષા દે છે :—

**संकल्प्येदमनिष्टमिष्टमिदमित्याज्ञातयाथात्मको**
**बाह्ये वस्तुनि किं वृथैव गमयस्यासज्य कालं मुहुः ।**
**अंतःशांतिमुपैहि यावददयप्राप्तान्तकप्रस्फुरज्**
**ज्वालाभिषणजाठरानलमुखे भस्मीभवेन्नो भवान् ।।४८।।**
**ઇષ્ટ-અનિષ્ટ બુદ્ધિ કરતા હૈ, પરદ્રવ્યોં મેં બિના વિચાર,**
**વસ્તુ સ્વરૂપ બિના જાને, ક્યોં કાલ ગઁવાતા બારમ્બાર;**
**ઉદય-પ્રાપ્ત નિર્દય અતિ ભયપ્રદ જ્વાલામય મુખવાલા કાલ,**
**ભસ્મ કરે ઉસસે પહલે હી, પરમ શાંતિ પા લે તત્કાલ. ૪૮.**

હે જીવ! તું વસ્તુરૂપને યથાર્થ જાણતો નથી. બાહ્ય વસ્તુઓમાં ‘આ મને ઇષ્ટ છે, આ મને અનિષ્ટ છે’ એવી વારંવાર મિથ્યા કલ્પના કરી તેની આસક્તિમાં ને આસક્તિમાં વ્યર્થ કાળ કેમ ગુમાવે છે? ભાઈ! દેદીપ્યમાન જ્વાળાયુક્ત ભયંકર નિર્દયી કાળના પ્રચંડ ઉદરાગ્નિમાં જ્યાં સુધી તું ભસ્મ થયો નથી, તે પહેલાં જ એ અનાદિ દુઃખના કારણરૂપ રાગ–દ્વેષને છોડી પરમશાંત દશાને પ્રાપ્ત થા! નહિ તો એ કાળ તો અનિવાર્ય જ છે.

જે મનુષ્ય વસ્તુસ્વરૂપને યથાર્થ નથી જાણતો, તે જ ધન, કુટુંબ અને રાજ્યાદિ બાહ્ય વસ્તુને ભલી જાણી તે ઉપર રાગ કરે છે તથા દુઃખ, દારિદ્ર અને રોગાદિને બુરા જાણી તે ઉપર દ્વેષ કરે છે. એમ સદોદીત પરવસ્તુને ઇષ્ટાનિષ્ટ કલ્પી તેમાં આસક્ત થઈ વૃથા કાળ ગુમાવે છે. અહો ભવ્યો! પરમદુઃખના હેતુભૂત અને સાક્ષાત્ દુઃખસ્વરૂપ એવી એ પરવસ્તુ પ્રત્યેની ઇષ્ટાનિષ્ટ

કલ્પના તમે છોડો! બાહ્ય વસ્તુઓમાં માત્ર ઇષ્ટ-અનિષ્ટપણાની ભાવના ભાવી નિરર્થક કાળ કેમ ગુમાવો છો? ખરેખર એ ઇષ્ટ–અનિષ્ટ કલ્પના પણ માત્ર સ્વમતિ કલ્પિત અને મિથ્યા છે.

આશારૂપ વેગવતી નદી વહેવડાવતી-વહેડાવતી તને ભવરૂપ અપાર અને અથાહ સમુદ્રમાં લઈ જઈ પટકશે, તો તેમાંથી તરી બહાર નીકળવાનો તું પહેલેથી કંઈક ઉપાય કર!

**आयातोऽस्यतिदूरमंङ्ग परवानाशासरित्पेरितः**
**किन्नाबैषि ननु त्वमेव नितरामेनां तरीतुं क्षमः ।**
**स्वातंत्र्यं ब्रज यासि तीरमचिरान्नाचेद् दुरन्तान्तक—**
**ग्राहव्याप्तगभीरवक्रविषमे मध्ये भवाब्धेर्भवेः ।।४९।।**

**પર કી આશા-સરિતા મેં બહકર આયે અતિ દૂર અહો!**
**નહીં જાનતે ક્યા તુમમેં હી તિરને કી સામર્થ્ય કહો?**
**હો સ્વતન્ત્ર, તટ પાઓ! નહિં તો ડૂબોગે ભવ-સાગર મેં,**
**કાલરૂપ ગ્રહમુખ સે ભયપ્રદ દુઃખમય અન્ત અહો જિસમેં. ૪૯.**

હે મિત્ર! તું પરવસ્તુની અભિલાષારૂપ અતિ વેગવાન નદીનો વહેરાવ્યો અનાદિ કાળથી અનેક જન્મ ધરતો ધરતો અતિ દૂરથી અહીં સુધી આવ્યો છે, એ શું તું નથી જાણતો? એ આશારૂપ મહાનદી એટલી અથાહ, ગંભીર અને વેગવાન છે કે તે અન્ય કોઈ પણ ઉપાયથી દુર્લંઘ્ય છે. માત્ર એક આત્મબોધવડે જ તું તેને તરી શકે એમ છે. તો હવે સ્વાધીનતાને ગ્રહણ કરી તું એ મહા ગંભીર આશારૂપ વિસ્તીર્ણ નદીના કિનારાને પ્રાપ્ત થઈ જા, શીઘ્ર પ્રાપ્ત થઈ જા. નહિ તો એ આશારૂપ નદીનો વેગ એટલો બધો છે કે તે તને બેહોશ કરી ભયંકર અને અસહ્ય ભવસમુદ્રની મધ્યમાં ખેંચી જશે. કેવો છે એ ભવસમુદ્ર? જેમાં કાળરૂપ ભયંકર ગ્રાહ (મચ્છ) પોતાનું વિસ્તીર્ણ મુખ ફાડી ત્રણે લોક ગ્રાસ કરી જાય, એવી રીતે બેઠો છે, છતાં આજ સુધીમાં તું અનાયાસે બચવા પામ્યો છે. તો હવે શીઘ્ર ચેત! ચેત! એ ભોગતૃષ્ણારૂપ વિષમ અને દુર્લંઘ્ય આશારૂપ નદીના કિનારાને જલ્દી પાર પામી જા.

વિષય વાંચ્છાથી વ્યાકુળ થયેલો એવો જીવ માત્ર અયોગ્યને જ ભોગવીને રહ્યો છે. એ પરમસત્ય શ્રી ગુરુ દૃઢ કરે છે :—

**आस्वाद्याद्य यदुज्झितं विषयिभिर्व्यावृत्तकौतूहलै**
**स्तद्भूयोप्यविकुत्सयन्नभिलषस्य प्राप्तपूर्वं यथा ।**
**जन्तो किं तव शान्तिरस्ति न भवान्यावद्दुराशामिमा—**
**मंह संहतिवीरवैरिपृत्तनाश्रीवेजयन्तीं हरेत् ।।५०।।**

**વિષયી જન ને જિન્હેં ભોગ કર કૌતૂહલ તજ છોડ દિયા,**
**પૂર્વ પ્રાપ્ત નહિં હુએ માન કર તૂને ઉનસે રાગ કિયા;**
**પાપ સમૂહ સબલ અરિદલ ને વિજય-ધ્વજા જો ફહરાઈ,**
**નષ્ટ દુરાશા કિએ બિના, હે ભવ્ય! શાન્તિ કિસને પાઈ. ૫૦.**

આ સંસારમાં વિષયાંધ જીવોએ કૌતૂહલ પૂર્વક ભોગવી-ભોગવીને છોડેલો પદાર્થોને મોહ મૂઢ જીવ ફરી-ફરી ઇચ્છે છે. તું એ પરવસ્તુરૂપ ભોગાદિમાં એટલો તીવ્ર રાગી થયો છે કે તેને તું વારંવાર આશ્ચર્યયુક્ત અને મહત્વપૂર્ણ દૃષ્ટિએ જોઈ રહ્યો છે કે જાણે આ ક્ષણ પહેલાં એ ભોગાદિ પદાર્થો પૂર્વે મેં ક્યારેય દીઠા નથી; પણ ભાઈ! એ ભોગાદિ પદાર્થો તેં પૂર્વે અનંતવાર ભોગવ્યા છે. અરે! તેં એ જ નહિ પણ અનંત જીવોએ અનંતવાર તારા જ વર્તમાન અભિલાષિત ભોગાદિક પદાર્થો ભોગવ્યા છે અને છોડ્યા છે, પણ ભાઈ! તેની તેને કાંઈ પણ સુધ રહી નથી. તેથી જ એ તારી તથા બીજા અનંત જીવોની અનંતવાર છોડેલી ઉચ્છિષ્ટ (એંઠ) ને તું વારંવાર ફરી-ફરી આદર યુક્ત ભાવે અને આશ્ચર્યયુક્તપણે ગ્રહણ કર્યા કરે છે. એ વિષયાદિથી આજ સુધીમાં તેને કે બીજા કોઈને કોઈ ક્ષેત્રે જરાય વાસ્તવિક શાંતિ થઈ છે? કે દીઠી છે?–ના. ભાઈ! ત્રણે લોક ઉપર જેણે અપૂર્વ વિજય પ્રાપ્ત કર્યો છે, એવી મહા નીચ આશા અપરાધણરૂપ પ્રબળ વૈરીની સેનાને તું જ્યાં સુધી સમ્યક્પ્રકારે નહિ હણે ત્યાં સુધી તને જરાય શાંતિ થવાની નથી. શાંતિનું મૂળ આશાનો પરિત્યાગ જ છે. ભાઈ! તારી અને અન્ય અનેકની ઉચ્છીષ્ટને હેતે-હેતે સેવતાં તને ઘૃણા પણ આવતી નથી! એ જગતની અને તારી પણ અનંતવારની એંઠ તેને સેવવી તને ઉચિત નથી.

આશારૂપ પિશાચના પાસમાં સપડાએલો એવો તું શું-શું કરી રહ્યો છે?

**भङ्-क्त्वाभाविभवांश्च भोगीविषमान् भोगान् बुभुक्षुर्भृशं**
**मृत्वापि समस्तभीतिकरुणः सर्वजिघांसुर्मुधा ।**
**यद्यत्साधुविगर्हितं हतमति तस्यैव धिककामुकः**
**कामक्रोधमहाग्रहाहितमनाः किं किं न कुर्याज्जनः ।।५१ ।।**

**અજ્ઞાની પરભવ મેં દુર્લભ સર્પ સમાન પ્રાણહર્તા,**
**ભોગ હેતુ નિર્ભય હો મરકર ભી પરવધ ઇચ્છાકર્તા;**
**સાધુજનોં સે નિંદ્ય કાર્ય-ઇચ્છુક કામુક હતમતિ ધિક્કાર,**
**કામ ક્રોધ મહાગ્રહ પીડિત દુર્જન કરે ન ક્યા ક્યા કાર્ય. ૫૧.**

કાળાનાગ જેવા પ્રાણનાશ કરવાવાળા એવા એ ભોગની તીવ્ર અભિલાષાથી ભૂત, ભાવિ અને વર્તમાન ભવોને નષ્ટ કરી તું અખંડિત મૃત્યુથી અનંતવાર મર્યો અને આત્માના સર્વસ્વાધીન

સુખનો નાશ કર્યો. મને તો લાગે છે કે તું અવિવેકી, પરલોક ભયથી રહિત, નિર્દય અને કઠોર પરિણામી છે. કારણ મહાપુરુષોથી નિંદિત વસ્તુનો જ તું અભિલાષી થયો છે. ધિક્કાર છે એ કામી પુરુષોને કે જેનું અંતઃકરણ નિરન્તર કામ, ક્રોધરૂપ મહાગ્રહ (ડાકુ–પિશાચ) ને વશ રહ્યા કરે છે! એવો પ્રાણી આ જગતમાં શું-શું નથી કરતો? સર્વ કુકર્મ કરે છે.

તીક્ષ્ણ વિષથી ભરેલા એવા ભોગોની તીવ્ર અભિલાષાથી તેં કેવળ દુર્ગતિનો જ બંધ કર્યો, પણ પરલોકનો ભય જરાય ન ધર્યો. અન્ય જીવોની કિંચિત્ પણ દયા ન કરતાં માત્ર ભોગની અભિલાષામાં તણાઈ નિરર્થક સર્વ સુખનો ઘાત કર્યો. ધિક્કાર છે તારી આવી ભ્રષ્ટ બુદ્ધિને કે જગતની જે વસ્તુઓ સાધુ પુરુષોએ અભોગ્ય અને નિંદનીય પ્રરૂપી તેનો જ તું દુરાગ્રહતા પૂર્વક અભિલાષી થઈ રહ્યો છે! કામ-ક્રોધરૂપ ભયંકર ગ્રાહના વશીભૂત થઈ તેં શા-શા અનર્થ નથી કર્યા? જીવહિંસા, અસત્ય, ચોરી, કુશીલ, અતિ આરંભ અને ધનાદિથી તીવ્ર તૃષ્ણા આદિ અનેક અકાર્યો કર્યાં. અનર્થનું મૂળ અને સર્વ દુઃખના હેતુરૂપ માત્ર એ વિષયાભિલાષા જ છે. તેને હવે તો તું છોડ!!

જગત અને જગતની સર્વ વસ્તુઓને ક્ષણભંગુર જે દેખતો નથી તેને જ એ ભોગાદિમાં વાંચ્છા રહ્યા કરે છે.

**श्वो यस्याऽजनि यः स एव दिवसो ह्यस्तस्य संपद्यते**
**स्थैर्य्यं नाम न कस्यचिज्जगदिदं कालानिलोन्मूलितम् ।**
**भ्रातर्भ्रान्तिमपास्य पस्यसितरां प्रत्यक्षमक्ष्णोर्न किं**
**येनात्रैवा मुहुर्मुहुर्बहुतरं बद्धस्पृहो भ्राम्यसि ।।५२।।**

**જિસકા હોને વાલા કલ હૈ ઉસકા હોતા બીતા કાલ,**
**કાલ-પવન સે મૂલ-વિહીન જગત્ મેં કુછ ભી નહીં ત્રિકાલ;**
**હે ભાઈ! ભ્રમ તજ, અપની આંખોં સે દેખો ભલી પ્રકાર,**
**ક્યોં ભ્રમતે હો નશ્વર વિષયોં કી ઇચ્છા કર બારમ્બાર. ૫૨.**

હે ભાઈ! તારી નજર સામે તું શું નથી જોતો કે આ જગત કાળરૂપ પ્રચંડ પવનથી નિર્મૂળ થઈ રહ્યું છે? ભ્રાંતિને છોડ! જગતમાં કોઈની નામ માત્રની પણ સ્થિરતા નથી. જે દિવસની મંગળમય પ્રભાત જણાય છે, તે જ દિવસ અસ્તપણાને પ્રાપ્ત થાય છે. ભાઈ! આ જગતનો સ્વભાવ જ ક્ષણભંગુર છે. પહાડ જેવા વિસ્તીર્ણ જણાતાં રૂપોનો ઘડી પછી અવશેષ (ચિન્હ) પણ જણાતો નથી. કોણ જાણે શા કારણથી તું એ ઇન્દ્રજાળવત્ જગતના ઇષ્ટ પદાર્થોમાં આશા બાંધી ભમ્યા કરે છે!

આ આખું જગત કાળરૂપ પ્રચંડ પવનથી ચંચળતાને પામી રહ્યું છે—એ સત્ય વાતને બાળ, વૃદ્ધ આદિ સર્વ જાણે છે, પણ કોણ જાણે તને એ કેમ દેખાતું નથી! એ અસાર અને અનિત્ય સંસાર વિષે આસક્ત થઈ આશા ધારી-ધારીને તું કેમ ભટક્યા કરે છે? ઘડીભર ભ્રાંતિને છોડી વસ્તુના યથાર્થ સ્વરૂપને કેમ જોઈ શકતો નથી? ભાઈ! નશ્વર વસ્તુની વળી શી વાંચ્છા! એ જગતના સ્વરૂપની ક્ષણભંગુરતા નહિ સમજવાથી જ આ ચતુર્ગતિરૂપ સંસારમાં અનેક પ્રકારનાં દુઃખ તેં ભોગવ્યાં છે.

**संसारे नरकादिषु स्मृतिपथेप्युद्वेगकारीण्यलं**
**दुःखानि प्रतिसेवितानि भवता तान्येवमेवासताम् ।**
**तत्तावत्स्मरसि स्मरस्मितशितापाङ्गैरनङ्गायुधै**
**र्वामानां हिमदग्धमुग्धतरुवत् यत्प्राप्तवान्निर्धनः ।।५३।।**

**નરકાદિ કે દુઃખોં કા સંસ્મરણ માત્ર હી અતિ દુખકાર,**
**દૂર રહે ઉનકી ચર્ચા નરભવ કે દુઃખ કા કરો વિચાર;**
**હે નિર્ધન! તૂ કામ-શસ્ત્ર સમ મન્દ હાસ્યયુત કામિની કે,**
**તીક્ષ્ણ કટાક્ષોં સે બિંધ કર હિમ-દગ્ધ બાલ-તરુ સમ દહકે. ૫૩.**

હે જીવ! નરકાદિ કુયોનીઓમાં તેં જે દુઃખ સહ્યાં તેના અનુભવની વાત તો દૂર રહી, પરંતુ એ દુઃખોનું સ્મરણ માત્ર પણ મહા વ્યાકુળતા ઉપજાવે છે. આ માનવભવમાં નિર્ધન છતાં પણ તું નાના પ્રકારના ભોગનો અભિલાષી થયો થકો કામથી પૂર્ણ જે સ્ત્રી તેના મંદ-મંદ હાસ્ય, તીક્ષ્ણ કટાક્ષ અને કામના તીવ્ર બાણથી વીંધાયો છતો બરફથી બળી ગયેલા વૃક્ષ જેવી દશાને પ્રાપ્ત થયો છે, એ જ મહાદુઃખને તો તું વિચાર!

હે જીવ! અવિવેકપણાને લઈને આ જગતની ક્ષણભંગુર માયાથી અનુરાગ કરી વારંવાર સંસાર વિષે નરક-નિગોદાદિ અનેક દુઃખોનો તું ભોક્તા થયો છે. એ પ્રચંડ અને ભયંકર દુઃખોના અનુભવની વાત તો દૂર રહી, પણ તેનું ચિંતવન માત્ર અત્યંત કલેશ ઉપજાવે છે. અતિ-અતિ દુર્લભ એવો આ નર ભવ તેમાં પણ તૃષ્ણાવશે જીવ લેશ પણ સુખ પામ્યો નથી. કામના તીક્ષ્ણ બાણોથી વીંધાઈ મદોન્મત્ત સ્ત્રીઓના કટાક્ષરૂપ બાણોથી હણાઈ-હણાઈને જાણે હિમથી બળેલા વૃક્ષ જેવી દશાને પ્રાપ્ત થઈ રહ્યો છે. હવે વિચાર કર! જગતની સઘળી વાંચ્છાથી નિવૃત્ત થા! એ જગતના રમ્ય પદાર્થોની વાંચ્છા કેવળ મૃગતૃષ્ણાવત્ છે. રણની સૂકી રેતીને જોઈ તેને જળ જાણી તૃષાતુર મૃગ તે લેવા ભણી દોડે છે, પણ ત્યાં જઈ જળ નહિ દેખવાથી અતિ ખેદખિન્ન થાય છે, તેમ વિષય–કષાયથી પીડિત થઈ તૃષ્ણાવશે કનકકામિની આદિ પરવસ્તુઓમાં આસક્ત થઈ તેમાં સુખ પ્રાપ્તિની મિથ્યા કલ્પના કરી તું અનાદિનો તેનો અભિલાષી થઈ રહ્યો છે, પ્રયત્ન પણ એ જ

અર્થે યથાશક્તિ આજ સુધી કર્યા કરેલ છે, છતાં તારી એ અભિલાષાની પૂર્ણતા હજુ સુધી થઈ હોય એમ જણાતું નથી અને કોઈ કાળે વિપુલ પ્રયત્ન કર્યે થાય એમ પણ સંભવિત નથી. તેથી જ તારી એ પરવસ્તુ ભણીની વાંચ્છા વ્યર્થ છે, વિભ્રમ છે. એ પર પદાર્થ કે જેને તું અનાદિ કાળથી આસક્ત થઈ ઇચ્છી રહ્યો છે, તે સ્વયં દુઃખના કારણ છે, એમ તું સમજ. કોઈને કોઈ ઇચ્છિત પદાર્થ ન મળે તો, તે મનવાંચ્છિત ન હોય તો, મળ્યા પછી સ્થિર ન રહે તો–એમ જીવ નિરંતર તૃષ્ણાનો બળ્યો ખેદખિન્ન રહ્યા કરે છે. એ પાંચે ઇન્દ્રિયોના વિષયો જીવને દુઃખના જ હેતુ છે. એક એક ઇન્દ્રિય વિષયમાં આસક્ત થઈ તેનું ફરી-ફરી સેવન કરવા છતાં પણ જીવ તૃપ્ત થયો નથી, ઉલટો કલેષ અને નાશને જ પ્રાપ્ત થયો છે. સ્પર્શન ઇન્દ્રિયાનુરાગે મુગ્ધ બની કાગળની હાથિણીને સાક્ષાત્ ખરી હાથિણી માની તેની નિકટ આવતાં ખાડામાં પડી બંધનરૂપ મહાદુઃખને પામ્યો. રસના ઇન્દ્રિયાનુરાગે બળ્યો ધીવરની જાળમાં સપડાઈ પ્રાણ નાશને પામ્યો. ઘ્રાણ ઇન્દ્રિયાનુરાગ વિષય વેશે કમળના વાસમાં મુગ્ધ બની ભ્રમર તેમાં જઈ બેઠો પણ તૃપ્તિને ન પામ્યો. સૂર્યાસ્ત વેળા કમળ મુદિત (બંધ, થઈ જતાં ગુંગળાઈ અકળાઈ મરણ પામ્યો. નેત્ર ઇન્દ્રિયના વિષયમાં આસક્ત થઈ પતંગ દીપકની શિખાને મનોજ્ઞ જાણી તેમાં ઝંપાપાત કરી મરણને પ્રાપ્ત થયું. કર્ણેન્દ્રિય વિષયની ચાહથી મુગ્ધ બની હરણ મધુર ગીતનું અનુરાગી થઈ બેહોશ બની શિકારીના બાણથી વીંધાઈ પ્રાણ નાશને પામ્યું એમ એક-એક ઇન્દ્રિય વિષયની આસક્તિમાં અન્ય જીવોની આ દશા થઈ તો જે જીવો પાંચે ઇન્દ્રિયોના વિષયમાં બાવરા બની તેને સેવી રહ્યા છે, તેમની શું સ્થિતિ થશે? મને તો લાગે છે કે ઉપર કહેલા એક-એક ઇન્દ્રિયવિષયના અનુરાગી જીવો માત્ર વર્તમાન ભવમાં પ્રાણ નાશને પામ્યા; પણ આ પાંચે ઇન્દ્રિય વિષયના બળ્યા જીવો તો ભવોભવમાં ખચિત ઘોર દુઃખને પામશે. ભાઈ! તું હવે તો વિષયોની અભિલાષા છોડી, સુખના કારણરૂપ એવા માત્ર વીતરાગભાવને અંગીકાર કર અને એ મહાદુઃખના હેતુભૂત પરવસ્તુની અભિલાષા છોડ! હજુ પણ સમજીને છોડ!

સંસારમાં અનાદિ કાળથી પરિભ્રમણ કરતાં નીચે કહ્યાં એવા કુચારિત્રો પોતાનામાં પ્રત્યક્ષ જોવા છતાં પણ તું વૈરાગ્યને કેમ ન પામ્યો?

**उत्पन्नोस्यतिदोषधातुमलवद्देहोसि कोपादिवान्**
**साधिव्याधिरसि प्रहीणचरितोऽस्यस्यात्मनोः वञ्चकः ।**
**मृत्युव्याप्तमुखान्तरोऽसि जरसा ग्रस्तोसि जन्मिन् वृथा**
**कि मत्तोऽस्यसि किं हितारिरहिते किं वासि बद्धस्पृहः ।।५४।।**

**દોષ ધાતુ મલ આધિ વ્યાધિયુત તન મેં તૂ ઉત્પન્ન હુઆ,**
**આત્મપ્રવંચક દુષ્ચરિત્ર તૂ ક્રોધાદિક સે લિપ્ત હુઆ;**

**મરણોન્મુખ, અરુ ગ્રાસ જરા કા, વૃથા જન્મ લે મત્ત હુઆ,**
**અરે આવાંછક નિજ-હિત કા ક્યોં વિષયેચ્છા સે બદ્ધ હુઆ. ૫૪.**

હે જીવ! આ અપાર અને અથાહ સંસારમાં પરિભ્રમણ કરતાં કરતાં તેં અનેક યોનિઓ ધારણ કરી, મહાદોષયુક્ત સપ્તધાતુમય મળથી બનેલું એવું તારું આ શરીર છે, ક્રોધાદિ કષાયજન્ય માનસિક અને શારીરિક દુઃખોથી તું નિરંતર પીડિત છે. હીનાચર, અભક્ષ ભક્ષણ અને દુરાચારમાં તું નિમગ્ન થઈ રહ્યો છે અને એમ કરી-કરીને તું તારા આત્માને જ નિરંતર ઠગી રહ્યો છે. વળી જરાથી ગ્રસ્ત (ગ્રહાયેલો) છે, મૃત્યુના મુખ વચ્ચે પડ્યો છે, છતાં વ્યર્થ ઉન્મત્ત થઈ રહ્યો છે, એ જ પરમ આશ્ચર્ય છે! તું આત્મકલ્યાણનો કટ્ટર શત્રુ છે? અથવા શું અકલ્યાણને વાંચ્છે છે?

સંસારનું મૂળ કારણ અજ્ઞાન છે અને તે સંસારી જીવને અનાદિ કાળથી વર્તી રહ્યું છે. તેથી જ આ વર્તમાન દેહમાં આત્મબુદ્ધિ કરી નવાં-નવાં શરીર ધારણ કરી રહ્યો છે.

નરકના જીવોનું શરીર મહાદુઃખરૂપ અને અનેક રોગનું ધામ છે. દેવોનું શરીર રોગાદિ દુઃખ રહિત છે, પરંતુ તીવ્ર માનસિક દુઃખોથી તેઓ મહાદુઃખી છે. મનુષ્ય અને તિર્યંચનું શરીર ત્રિદોષ (વાત, પિત્ત, કફ) અને જ્વરાદિ અસંખ્ય રોગનું નિવાસસ્થાન, સપ્તધાતુમય અશુચિરૂપ પ્રત્યક્ષ જણાય છે; તેમાં પણ મનુષ્ય શરીર તો પ્રાયે મહાદુરાચારી, જીવઘાતી, નિર્દય પરિણામી, અસત્યવાદી, ચોર, પરદારાસેવી, બહુ આરંભી, બહુ પરિગ્રહી અને પરવિઘ્નસંતોષી છે. એવા દેહથી હે જીવ! તું કેમ રતિ પામી રહ્યો છે? ક્રોધાદિ કષાયોથી મહા અવિવેકી બની તું તારું તારા હાથે જ અશ્રેય કરી રહ્યો છે. ખરેખર તું આત્મઘાતી છે. પોતે પોતાને જ ઠગી અનેક જન્મ–મરણ કર્યાં. વળી ફરી-ફરી એમ જ કરવાના ઉદ્યમમાં પ્રવર્ત્યા કર્યો, શું તને પરલોકનો જરાય ભય નથી? પ્રત્યક્ષ જરાથી જર્જરિત થઈ મરણ સન્મુખ થઈ રહ્યો છે, છતાં આવી વ્યર્થ ઉન્મત્તતા કેમ ધારી રહ્યો છે? ભાઈ! અકલ્યાણમાં પ્રવર્તી તું તારો જ વૈરી ન થા. પરમપુરુષનો મંગળમય આત્મહિતોપદેશ અંતરમાં ધારણ કરી સુખી થા. દેહથી અને બંધના કારણરૂપ એ રાગાદિથી સ્નેહ ત્યજ. જેમ બને તેમ ઉતાવળથી આત્મકલ્યાણ કરી લે! અને એ જ કર્તવ્ય આ અનુપમ અવસરે તને ઉચિત છે. કારણ અતિ અલભ્ય માનવ દેહે આત્મહિતમાં પ્રમાદ કરવો તને ન ઘટે.

કેવળ આત્માને અહિતકારક એવા વિષય–કષાયમાં અનાદિ કાળથી પ્રવર્તવા છતાં આજ સુધી જરાય પણ વાંચ્છિત અર્થની સિદ્ધિ થઈ નથી, પણ એ વિષયાદિનો અનુરાગી થઇ તું કલેષને જ પામ્યો છે.

**उग्रग्रीष्मकठोरधर्मकिरणस्फूर्ज्जद्गभस्तिप्रभैः**
**संतप्तः सकलेन्द्रियैरयमहो संवृद्धतृष्णो जनः ।**

**अप्राप्याभिमतं विवेकविमुखः पापप्रयासाकुल–**
**स्तोयोपान्तदुरन्तकर्द्दमगतक्षीणोक्षवत् क्लिश्य ते ।।५५।।**

**ઉગ્ર ગ્રીષ્મ કી સૂર્ય-કિરણ સે ઉપજે અતિ સંતાપ સમાન,**
**પંચેન્દ્રિય સે તપ્ત હુઆ હૈ વૃદ્ધિંગત અતિ તૃષ્ણાવાન;**
**ઇષ્ટ પ્રાપ્તિ સે રહિત ઔર અવિવેકી કરતા પાપાચાર,**
**અરે તૃષાતુર! કર્દમ-લિપ્ત વૃષભવત્ સહતા કષ્ટ અપાર. ૫૫.**

અહો! વિવેક શૂન્ય મૂઢ આત્મા સર્વ ઇન્દ્રિય વિષયોથી તપ્તાયમાન થયો એટલો બધો તીવ્ર તૃષાતુર થયો છે કે મનોવાંચ્છિત વસ્તુ નહિ મળતાં તે જ મેળવવાની કામનામાં અનેક પાપરૂપ ઉપાય કરી-કરી અત્યંત વ્યાકુળ થઈ રહ્યો છે. જેમ જળ નજીકના કાદવ-કીચડમાં ફસાયેલો વૃદ્ધ બળદ અતિ-અતિ દુઃખને પામે છે, તેમ આ વિષયતૃષાતુર જીવની દશા થઈ રહી છે. એ ઇન્દ્રિયવિષયો ગ્રીષ્મઋતુના પ્રચંડ રશ્મિમાન સૂર્યના મધ્યાહ્ન સમયના કિરણો કરતાં પણ આત્માને અત્યંત આતાપજનક છે.

ગ્રીષ્મઋતુના મધ્યાહ્ન સમયના પ્રજ્વલિત સૂર્યનાં કિરણો અતિશય આતાપકારી અને અસહ્ય તૃષાજન્ય છે, તેમ પ્રજ્વલિત ઇન્દ્રિયવિષયોથી જેની તૃષ્ણા તીવ્રપણે વધી રહી છે એવો અવિવેકી મહામોહમૂઢ પ્રાણી મનોવાંચ્છિત વસ્તુને નહિ પામતાં અત્યંત–અત્યંત વ્યાકુળ થયા કરે છે. જેમ વૃદ્ધ અને વળી દુર્બળ બળદ અતિ તૃષાતુર થયો જળ પ્રાપ્તિને અર્થે સરોવરાદિ જળાશય તીરે ગયો, તે હજુ જળ સુધી તો પહોંચ્યો નથી, તે પહેલાં જ નજીકના કીચડમાં ફસાઈ જઈ તીવ્ર કલેષને પામ્યો; તેમ વિષયને અર્થે ઉદ્યમ કરવા છતાં પણ ઇચ્છિત વિષયો નહિ મળતાં જીવ માત્ર કલેષને જ સહે છે. ખરેખર એ વિષયોની તૃષ્ણા મહાકલેષકારિણી છે. એ તૃષ્ણાનો અગ્નિ માત્ર એક જ્ઞાનામૃત નિર્મળ શીતળ જળથી શાંત થાય છે અથવા કોઈ તથારૂપ દશાસંપન્ન સત્‌પુરુષના ચરણકમળના આશ્રયથી શાંત થાય છે.

કોઈ કહેશે કે જેને ઇચ્છિત વિષયોની પ્રાપ્તિ નથી તે તો કલેષ અને દુઃખને સહે એ વાત પ્રમાણ, પરંતુ જેને એ પાંચે ઇન્દ્રિયના વિષયોની પૂર્ણતા વર્તે છે, એવા જે ઇન્દ્ર, ચક્રવર્તી આદિને આપે વર્ણવ્યા એમને ક્લેષાદિની શાંતતા હશેને? શ્રી ગુરુ કહે છે કે :—

**लब्धेन्धनोज्वलत्यग्निः प्रशाम्यति निरन्धनः ।**
**ज्वलत्युभयथाप्युच्चैरहो मोहाग्निरुत्कटः ।। ५६ ।।**

**અગ્નિ પ્રજ્જવલિત હોતી બુઝતી ઈંધન કા હો યોગ-વિયોગ;**
**કિન્તુ તીવ્ર મોહાગ્નિ સદા જલતી, ચાહે સંયોગ વિયોગ. ૫૬.**

હે ભવ્ય! ઇન્ધનના યોગથી અગ્નિ પ્રજ્વલિત થાય છે અને ઇન્ધન વિના આપોઆપ બુઝાઈ જાય છે, પણ અનાદિ મોહાગ્નિ તો એટલો બધો પ્રબળ છે કે તે પરિગ્રહાદિ ઇન્ધનની પ્રાપ્તિમાં તૃષ્ણારૂપ જ્વાળાથી અતિશય ભભૂકે છે અને તેની અપ્રાપ્તિમાં પ્રાપ્ત કરવાની વ્યાકુળતાથી પ્રજ્વલે છે. એમ અતિ પ્રબળ એવો એ મોહાગ્નિ બંને પ્રકારે જીવને બાળે છે. તેથી મોહાગ્નિ જેવો આ જગતમાં બીજો કોઈ ભયંકર અગ્નિ નથી.[1] અશાતાના ઉદયથી જ્યારે ઇચ્છિત પરિગ્રહ જીવને ના મળે ત્યારે તે મહાદુઃખી થાય છે અને શાતાના ઉદયથી પુણ્યાનુસાર જે કાંઈ મળે તે ઓછું પડે એ બળતરાથી પણ મહાદુઃખી થાય છે. આમ તૃષ્ણારૂપ અગ્નિનો બળ્યો જીવ બંને સ્થિતિમાં નિરંતર દુઃખને જ અનુભવે છે. એ તૃષ્ણા ઉત્તરોત્તર પ્રજ્વલિત થતી સ્વ-આત્માને જરાય પણ સંતોષરૂપ પરમશાંતિ અનુભવવા દેતી નથી. ઇન્ધન તો એક જ પ્રકારે દાહક છે, પણ એ તૃષ્ણાનો અગ્નિ ઇચ્છિત પદાર્થની પ્રાપ્તિ અને અપ્રાપ્તિમાં એમ બંને પ્રકારે તીવ્ર દાહ પેદા કરે છે. વિવેકી જીવ શાંતભાવરૂપ નિર્મળ જળથી એ દાહને ઉપશમાવે તો જ એ ઉપશમે છે.

હવે આચાર્ય એ અનાદિ મોહને નિંદ્રાની ઉપમા આપે છે :–

**किं मर्माण्यभिनन्नभोकस्तरो दुष्कर्मगर्म्मुद्गणः**
**किं दुःखज्वलनावली विलासितैर्नालिढी देहश्चिरम् ।**
**किं गर्ज्जद्यमतूर्य्यभैरवरवान्नाकर्णयन्निर्णयन्**
**येनायं न जहाति मोहविहितां निद्रामभद्रां जनः ।।५७।।**

**ભયપ્રદ પાપરૂપ મુન્દર ક્યા કરે ન તેરા મર્મચ્છેદ?**
**દુઃખમય અગ્નિજ્વાલ ક્યા નહિં દહતી અનાદિ સે તેરી દેહ!**
**ગર્જનરત યમ કે વાદ્યોં કે શબ્દ ભયંકર ક્યા ન સુને?**
**જિસસે મોહજન્ય નિદ્રા અજ્ઞાની ફિર ક્યોં નહીં તજે. ૫૭.**

શું આ જીવના મર્મસ્થાનને છેદી રહેલો એ પાપરૂપી મુદ્‌ગરનો માર ભયંકર નથી? ખરેખર ભયંકર છે, અથવા પંક્તિબદ્ધ દુઃખરૂપ અગ્નિની પ્રજ્વલિત ભયંકર જ્વાળાઓથી એનો દેહ નથી બળી રહ્યો? શું ગર્જના કરી રહેલા યમરાજના વાજિંત્રોના ભયકારી નાદ એ નથી સાંભળતો? સાંભળે છે; છતાં કોણ જાણે શા કારણથી મૂર્ખ જીવ એ મહા-અકલ્યાણરૂપ મોહજન્ય નિદ્રાને છોડી શકતો નથી!

---

૧. शक्रचक्रधरादिनां, केवलं पुण्यशालीनां,
तृष्णाबीज रतिस्तेषां, सुखं व्याप्ति कुस्तनि? (पंचाध्यायी)

કોઈ અતિ નિદ્રાવશ મનુષ્યને તેના મર્મસ્થાન ઉપર મુદ્ગરની ચોટ મારે, અથવા અગ્નિના આતાપથી દેહને જરા ઉષ્ણતા લાગે, અથવા ક્યાંય વાજિંત્રોના અવાજ સાંભળે તો તે તુરત જાગ્રત થઈ જાય છે; પરંતુ અવિવેકી જીવને તો પાપકર્મફળના ઉપરા–ઉપરી ઉદયરૂપ મુદ્ગર માર મર્મસ્થાન ઉપર પડ્યા કરે છે, મહાદુઃખરૂપ ત્રિવિધ તાપથી તેનો દેહ નિરંતર બળી રહ્યો છે, અને વળી 'આજ આ મર્યો, કાલ આ મર્યો, ફલાણો આમ મર્યો અને ફલાણો તેમ મર્યો' એવા યમરાજના વાજિંત્રોના ભયંકર શબ્દો વારંવાર સાંભળે છે, છતાં એ મહા અકલ્યાણકારક અનાદિ મોહનિદ્રાને જરાય વેગળી કરી શકતો નથી, એ પરમ આશ્ચર્ય છે!

ગ્રંથકાર કહે છે કે એ મોહજન્ય નિદ્રાવશે જીવ આ ત્રિવિધ દુઃખમય અસાર સંસારમાં પણ પ્રીતિ કરી રહ્યો છે :—

**तादात्म्यं तनुभिः सदानुभवनं पाकस्य दुष्कर्मणो**
**व्यापारः समयं प्रति प्रकृतिभिर्गाढं स्वयं बन्धनम् ।**
**निद्राविश्रमणं मृतेः प्रतिभयं शश्वन्मृतिश्च ध्रुवं**
**जन्मिन् जन्मनि ते तथापि रमसे तत्रेव चित्र महत् ।।५८।।**

**સદા પાપ-ફલ દુઃખમય ભોગે ધરતા હૈ તન સે સમ્બન્ધ,**
**પલ-પલ વહ વ્યાપાર કરે જિસસે હો કર્મ-પ્રકૃતિ કા બન્ધ;**
**નિદ્રા હી વિશ્રાન, મૃત્યુ નિશ્ચિત હૈ ફિર ભી ભય કરતા,**
**અતિ આશ્ચર્ય કિ હે પ્રાણી! તૂ ઐસે જગ મેં હી રમતા. ૫૮.**

હે જન્મ–મરણને ધારણ કરવાવાળા જીવ! નિશ્ચયથી આ સંસારમાં દુઃખ છે, તોપણ તું ફરી ફરી તેમાં જ અનુરાગ કર્યા કરે છે, એ એક પરમ આશ્ચર્ય છે! પ્રથમ તો મહાકલેશ અને પરમ દુઃખનું કારણ અરે! પ્રત્યક્ષ દુઃખની જ મૂર્તિરૂપ એવું જે શરીર, તેની સાથે તારો ગાઢ સંબંધ બની રહ્યો છે. એ શરીરના અનુરાગથી જ તું એ દેહ છૂટતાં બીજાં દેહમાં જઈ ભરાય છે. ત્યાં પણ તેના આશ્રયે પાપ કર્મનું ફળ જે દુઃખ તેને નિરંતર અનુભવે છે. સમયે-સમયે તેવું જ કે તેથી અધિક દુઃખ પ્રાપ્ત થાય એવી કર્મપ્રકૃતિઓથી તું તારા અજ્ઞાનજન્ય મોહ પરિણામે બંધાયા કરે છે અને એ જ તારો નિરંતર વ્યાપાર છે. મોહનિદ્રામાં વિશ્રામ માને છે, કાળથી ડરે છે, છતાં નિશ્ચયથી પાછો મરે છે.

આ એક સાર્વત્રિક નિયમ છે કે દુઃખનું જે સ્થાન હોય ત્યાં કોઈ રમતું નથી, પણ ત્યાંથી સૌ દૂર ભાગે છે. પરંતુ ભયંકર અને મહા આપત્તિના સ્થાનરૂપ સંસારસાગરમાં તારો અનાદિનો નિવાસ છતાં તેમાં જ તું રમી રહ્યો છે, એ પરમ આશ્ચર્ય છે. પ્રથમ તો શરીર ધારણ કરવું એ જ પ્રત્યક્ષ દુઃખ છે. મોક્ષના નિમિત્તકારણરૂપ એવું સર્વથી ઉત્કૃષ્ટ મનુષ્ય શરીર તે પણ પિતાના વીર્ય

અને માતાના રુધીરથી ઉત્પન્ન થયું છે. મહા અશુચિરૂપ ગર્ભાશયમાં અધોમુખ રહી અતિ ઉષ્ણતાને તે સહન કરે છે. નાના પ્રકારનાં અકથ્ય દુઃખો ત્યાં સહન કરે છે. ગર્ભાશય કરતા વળી જન્મ સમયનાં દુઃખ કાંઈ ઓછાં ભયંકર નથી. અતિ બેશુદ્ધ અને અજ્ઞાનરૂપ બાલ્યાવસ્થામાં પણ જીવ સમયે-સમયે એ શરીરના સંગ દુઃખના વેદન વિના બીજું શું અનુભવે છે? યૌવન અવસ્થા પ્રાપ્ત થતાં જ કામ, ક્રોધ, માન, માયા, લોભ, મત્સર આદિ પોતાના જ કષાયજન્ય પરિણામોની વ્યાકુળતાને અનુભવ્યા કરે છે. અને આ વ્યાકુળતાનું દુઃખ કાંઈ ઓછું નથી કે જેનું કોઈ પ્રકારે સમાધાન થાય. વળી વૃદ્ધાવસ્થામાં તો અતિ શિથિલતાના યોગે કષાયજન્ય વ્યાકુળતાનો કોઈ સુમાર જ નથી. જે દેહ ઉપર સર્વથી અધિક પ્રેમ છે, જેને અતિ સ્નેહપૂર્વક નિરંતર પોષ્યો છે, એવા અનન્ય પ્રેમ ભાજનરૂપ દેહને છોડતી વેળાના દુઃખનું શું વર્ણન કરવું? આમ આખી મનુષ્ય જિંદગી દેહના રાગે દુઃખપૂર્ણપણે પૂરી થાય છે. કોઈ શુભકર્મના ઉદયથી દૈવ શરીર પ્રાપ્ત થાય તો તે પણ અત્યંત માનસિક દુઃખોથી પૂર્ણ હોય છે. પોતાની ન્યૂનતા અને બીજા દેવોની ઉત્કૃષ્ટતાનો ભેદ તેના અંતરને નિરંતર બાળ્યા કરે છે. બીજા દેવોને વા પોતાની દેવાંગનાને મરતી જોઈને તે કાળના દુઃખથી વગર મોતે પણ દુઃખી રહ્યા કરે છે. તો પછી જ્યારે પોતાના જ શરીર ઉપર પ્રત્યક્ષ કાળ આવે તે વેળાના દુઃખનું તો કહેવું જ શું? પોતાનું મોત છ મહિના અગાઉ તે અવધિજ્ઞાનોપયોગે ભાળે છે અને તે ભયે ઝુરી-ઝુરીને પણ અંતે મરે છે. તિર્યંચગતિનાં દુઃખો તો પ્રત્યક્ષ દેખાય છે. વળી નરકગતિ એ તો દુઃખની જ પરાકાષ્ટા છે. છેદન, ભેદન, તાડન, મારણ અને આતાપનાદિ શારીરિક દુઃખ અને કષાયજન્ય માનસિક દુઃખ સમયે-સમયે તે નિરંતર અનુભવે છે. અતિ શીતળતા, અતિ ઉષ્ણતા, અતિ દુર્ગંધતા અને સર્વ રોગોનું દુઃખ તેને નિરંતર સહન કરવું પડે છે. અસુરકુમાર દેવોથી તથા પોતાના કષાયથી પરસ્પર તે નારકી જીવો ઉદેરી-ઉદેરી લડી-લડી દુઃખી થયા કરે છે. વધારે શું કહેવું? શરીર ધારણ એ જ પ્રત્યક્ષ દુઃખ છે અને એના રાગે જ ઉપરોક્ત ચાર ગતિરૂપ ભયંકર સંસારમાં જીવને રઝળવું પડે છે. અરે! શરીર પ્રત્યેનો મોહ એ જ દુઃખનું મુખ્ય સ્થાન છે. કલેષનું નિરંતર સહવું, સમયે-સમયે કર્મબુદ્ધિથી બંધાવું અને તેનાં ઉદયે ભયથી વળી નાસભાગ કરવું, નિદ્રાથી વળી બેશુદ્ધ થવું, કાળથી નિરંતર ડરવું અને અંતે અધૂરી ઇચ્છાએ પણ મરવું—એવા-એવા અનંત દુઃખમાં પણ પાછું સુખ માનવું! અહો! એ જ પરમ આશ્ચર્ય અને ખેદનો વિષય છે. ભાઈ! એ દુઃખો અને દુઃખના કારણોથી ઉદાસ થઈ સુખનું મૂળ એવી જે સમ્યક્ ઉદાસીનતા તેને તું અંગીકાર કર!

વળી જે શરીરથી તું અનુરાગપૂર્વક એકતા માને છે તે કેવું છે?

**अस्थिस्थूलतुलाकलापघटीतं नद्धं शिरास्नायुभि–**
**अरमाच्छादितमस्त्रसान्द्रपिशितैर्लिप्तं सुगुप्तं खलैः ।**
**कर्मारातिभिरायुरुच्चनिगलालग्नं शरीरालयं**
**कारागारमवेहि ते हतमते प्रीतिं वृथा मा कृथाः ।।५९।।**

**અસ્થિરૂપ પાષાણ વિનિર્મિત સિરા સ્નાયુ સે બંધા હુઆ,**
**ચર્માચ્છાદિત સજલ રુધિર સે ઔર માંસ સે લિપ્ત સદા;**
**કર્મ-શત્રુ સે રક્ષિત, આયુ સાઁકલ સે બંધા શરીર નિવાસ,**
**અરે મૂઢ! યહ બન્દીગૃહ, તૂ મત કરના ઇસસે અનુરાગ. ૫૯.**

હે નિર્બુદ્ધિ જીવ! આ શરીરરૂપ ઘર ખરેખર તને બંદીગૃહ (કેદખાના) સમાન જ છે. તેમાં તું વૃથા પ્રીતિ ન કર! એ શરીરરૂપ બંદીગૃહ હાડરૂપી સ્થૂલ પાષાણથી ચણેલું છે, નસોરૂપી જાળથી વીંટાયેલું છે, ચારેબાજુ ચર્મથી આચ્છાદિત છે, રુધિર અને સજલ માંસથી લીંપાયેલું છે, દુષ્ટ કર્મરૂપી વૈરીએ તેને રચ્યું છે અને આયુકર્મરૂપી ભારે બેડીથી તે બંધાયેલું છે.

જગતમાં જીવને બંદીગૃહ જેવું દુઃખદાતા બીજું કોઈ નથી. શરીર પણ તેના મુકાબલે બંદીગૃહ સમાન છે. બંદીગૃહ જેમ સ્થૂલ પાષાણાદિના સમૂહથી ઘડાએલું છે, તેમ શરીર પણ હાડ આદિ સ્થૂલ પદાર્થોથી ઘડાએલું છે; બંદીગૃહ જેમ ભીંત અને કોટ આદિ બંધનથી વીંટાયેલું છે, તેમ શરીર પણ ચામડીરૂપ આચ્છાદનથી વીંટાયેલું છે; બંદીગૃહ જેમ બંધનથી વીંટાયેલું છે, તેમ શરીર પણ નસો અને સ્નાયુઓ આદિ જાળથી વીંટાયેલું છે, રુધિર અને માંસાદિ ઘૃણાયુક્ત પદાર્થોથી લિપ્ત છે; બંદીગૃહ જેમ દુષ્ટ ચોર અને ભયંકર ગુન્હેગારોએ ઊભું કર્યું છે, તેમ આ શરીરરૂપ બંદીગૃહ પણ પૂર્વ કર્મરૂપ વૈરીઓએ ઊભું કર્યું છે; બંદીગૃહ જેમ બેડીથી યુક્ત છે, તેમ આ શરીર પણ આયુકર્મરૂપી બેડીથી યુક્ત છે. જગતમાં ક્યો એવો દુર્બુદ્ધિ છે કે જે આવા બંદીગૃહમાં ક્ષણમાત્ર પણ પ્રીતિ કરે? તું મહા મૂર્ખ છે કે આવા દુઃખકારક બંદીગૃહમાં પણ પ્રીતિ કરી રહ્યો છે. ભાઈ! આવા શરીરરૂપ બંદીગૃહની સાથે પ્રીતિ કરવી એ તને ઊચિત નથી.

હવે, ઘર-કુંટુબાદિ કે જેનાથી તને પ્રીતિ બની રહી છે તે કેવાં છે? તે ગ્રંથકાર કહે છે :—

**शरणमशरणं वो बंधवो बंधमूलं**
**चिरपरिचितदारा द्वारमापद्-गृहाणाम् ।**
**विपरिमृशत पुत्राः शत्रवः सर्वमेतत्**
**त्यजत भजत धर्म्मं निर्म्मलं शर्मकामाः ।।६०।।**

**શરણભૂત ઘર અશરણ હૈ યે બન્ધુ બન્ધ કે મૂલ સદા,**
**ચિર-પરિચિત દારા કો જાનો આપદ્ઘર કા દ્વાર સદા;**
**પુત્ર શત્રુ હૈ ઔર દુઃખ કા કારણ હૈ સારા પરિવાર,**
**ઇન્હેં છોડકર નિર્મલ ધર્મ ભજો ચાહો યદિ સુખમય સાર. ૬૦.**

હે ભાઈ! મૃત્યુ આદિ ભયંકર દુઃખોથી જ્યાં કોઈ તને બચાવવાવાળું નથી એવું જે ઘર તે તને શરણરૂપ નથી, બંધુવર્ગ એ જ ખરેખર બંધનું મૂળ છે, જેનાથી તારો અતિશય પ્યાર છે એવી તારી સ્ત્રી સર્વવિપત્તિરૂપ ઘરનું દ્વાર છે, પુત્રો એ જ તારા શત્રુ છે, એમ સર્વ પરિવાર નિશ્ચયપણે દુઃખનું જ કારણ છે. એમ સમ્યક્‌પણે વિચારી એ સર્વ પ્રત્યેની મોહાશક્તિને છોડી કેવળ પરમ સુખના હેતુભૂત નિર્મળ ધર્મને તું આરાધ! આરાધ!

હે મિત્ર! આ અશરણ અને કેવળ અસાર સંસારમાં શું સારભૂતપણું જાણી રહ્યો છે? જગતની જે જે વસ્તુઓમાં તું રાગ કરે છે, તે તે સર્વ ખરેખર દુઃખનું જ મૂળ છે. ઘર તો કેવળ શરણરહિત જ છે કે જ્યાં કોઈ આ જીવનો રક્ષક નથી, અનેક ઉપાધિનું મૂળ જે બંધુવર્ગ તે કેવળ બંધના જ કારણરૂપ છે, જેને તું ખાસ તારી પોતાની માની પ્રીતિ કરી રહ્યો છે એવી જે તારી સ્ત્રી એ જ તને સર્વ વિપત્તિઓનું દ્વાર છે અને પુત્રાદિને તું અતિ પ્રિય માને છે, પણ એ જ તારા વૈરી છે. કેમકે તે જન્મે ત્યારે તારી પ્રિય એવી સ્ત્રીનું યૌવન હરે છે, બાળપણમાં તને પ્રિય એવા તારા ભોગ્ય પદાર્થો (મિષ્ટ ભોજનાદિ) ને હરે છે અને બળવાન યૌવન અવસ્થા પામતાં તારા પ્રિય ધનને તે હરે છે. તેથી પુત્ર સમાન બીજો કોઈ વૈરી નથી. તું જો ખચિત સુખનો જ અર્થી હોય તો એ સર્વ ઉપરની પ્રીતિને તજી કેવળ વીતરાગ પ્રણીત પવિત્ર ધર્મને શરણે જા અને તેને અનન્ય ભક્તિ ભાવે ભજ.

કોઈ કહેશે કે ગૃહાદિ તો અમને ઉપકારી નથી, પણ ધન તો ઉપકારી છેને? તેને આચાર્ય કહે છે :—

**तत्कृत्यं किमिहेन्धनैरिव धनैराशाग्निसंधुक्षणैः**
**सम्बन्धेन किमंग शश्वदशुभैः सम्बन्धिभिर्बन्धुभिः ।**
**कि मोहाहिमहाबिलेन सद्दशा देहेन गेहेन वा**
**देहिन् याहि सुखायते सममममुं मा गाः प्रमादं मुधा ।।६१।।**
**આશાનલ કો ઇંધન સમ ઉદ્દીપન કારક ધન સે ક્યા?**
**કહો પ્રયોજન પાપમૂલ સમ્બન્ધી બન્ધુજનોં સે ક્યા?**
**કહો પ્રયોજન મહામોહ અહિ-બિલ સમ તન અથવા પ્રાસાદ,**
**સૌખ્ય હેતુ સમભાવ પ્રાપ્ત કર હે પ્રાણી! મત કરો પ્રમાદ. ૬૧.**

હે પ્રાણી! તું નિરર્થક પ્રમાદ દશાને પ્રાપ્ત ન થા! અનન્ય સુખના હેતુભૂત સમભાવને પ્રાપ્ત થા! તને એ ધનાદિથી શું પ્રયોજન છે? એ ધનાદિ આશારૂપ અગ્નિને પ્રજ્વલ કરવામાં ઇન્ધનની ગરજ સારે છે. નિરંતર પાપકર્મ ઉત્પન્ન કરાવવાવાળાં આ સંબંધીજનોથી પણ તને શા માટે મમત્વ રહ્યા કરે છે? મહામોહરૂપ સર્પના બીલ સમાન તારો આ દેહ તેથી તને શું પ્રયોજન

છે? અથવા આ ઘર વિગેરેથી પણ તને કઈ ઇષ્ટ સિદ્ધિ છે? નિરર્થક પ્રમાદી થઈ રાગાદિ મહા દુઃખરૂપ ભાવોને ન ધરતાં સુખના અર્થે કેવળ એક સમભાવને જ પ્રાપ્ત થા.

રાગ–દ્વેષાદિ કલુષિત ભાવો જીવને દુઃખ અને કલેશનું જ કારણ છે. સમભાવ એ જ સુખનો વાસ્તવિક હેતુ છે. એ વાત શિષ્યને દઢ કરવા શ્રી ગુરુ કહે છે કે હે મિત્ર! એ તન, ધન, ભાઈ, પુત્ર, પરિવાર, ઘર અને સંબંધીજનો એ સર્વે જીવને દુઃખનાં જ કારણ છે, એમાં કોઈ પ્રકારે પણ સુખ નથી. અગર તને જો ખરેખર સુખી જ થવાની સાચી આકાંક્ષા હોય તો પ્રમાદી ન થા અને સમભાવને ભજ! લાભ, અલાભ, જીવન, મરણ, વૈરી, બંધુ, રાજા, રંક, સંપદા, આપદા એ સર્વ દ્વંદ્વ અવસ્થાઓને કર્મજનિત અને વિનાશિક સમજ. એ સર્વે તે તું નથી, તું એ સર્વેથી કેવળ ભિન્ન શુદ્ધ જ્ઞાન–દર્શનસ્વરૂપ ચૈતન્ય છે, એમ માન.

સમભાવને વિશેષ દઢ કરવા લક્ષ્મીને ત્યાજ્ય બતાવે છે :—

**आदादेव महाबलैरविचलं पट्टेन बद्धा स्वयं**
**रक्षाध्यक्षभुजासिपञ्जरवृता समान्तरसंरक्षिता ।**
**लक्ष्मीदीपशिखोपमा क्षितिमतां हा पश्यतां नश्यति**
**प्रायः पातितचामरानिलहते वान्यत्र काऽऽशा नृणाम् ।।६२।।**

**पट्ट-बन्ध द्वारा पहले ही महाबली जिसकी रक्षा**
**करते हैं, असियुक्त भुजाओं से सामन्त करें रक्षा;**
**दीप-शिखा सम चंचल लक्ष्मी नृप की भी विलीन होती,**
**ढुरते चंवर पवन से पीडित आशा क्या साधारण की. ६२.**

હાય! એ રાજા મહારાજાઓની લક્ષ્મી પણ દીપકની શિખા સમાન ચંચળ છે. ચારે બાજુ ઢોળાતા ચામરના પવનથી જાણે જોતજોતામાં તે વિલય પામી જાય છે, તો પછી સામાન્ય મનુષ્યની લક્ષ્મીની સ્થિરતાનું તો કહેવું જ શું! એ રાજ્યલક્ષ્મીને ચંચળ જાણીને બળવાન પુરુષોએ તને પટ્ટબંધનના બહાને મજબૂત બાંધી અને રક્ષાના અધિકારી બળવાન ખડ્ગધારી યોદ્ધારૂપ વજ્ર પીંજરથી ઘણા–ઘણા પ્રકારે તેની રક્ષા કરી છતાં પણ તે તો ન રહી, દેખતાં-દેખતાં નષ્ટ થઈ. ચક્રવર્તી આદિ રાજા-મહારાજાઓની લક્ષ્મી આમ ક્ષણભંગુર છે, તો પછી બીજા સામાન્ય મનુષ્યની પાસે તે કાયમ રહેવાની તો આશા જ શી! હે ભાઈ! એમ રાજ્ય લક્ષ્મીને વિનાશિક જાણી અવિનાશી વિભૂતિ પ્રાપ્ત કરવાનો હવે તો જરૂર કાંઈક ઉપાય કર! સ્વામી કાર્તિકેય પણ કહે છે કે :—

**सा सासया ण लच्छी चक्कहराणं पि पूण्णवंताणम् ।**
**सा कि बंधेय रइं इयरजणाणं अपुण्णाणम् ।।** (કાર્તિકેયાનુપ્રેક્ષા, ગા. ૧૦)

ચક્રવર્તી આદિ મહાપુણ્યાધિકારી પાસે એ લક્ષ્મી નિરંતર રહેતી નથી તો પછી હીનપુણ્ય મનુષ્યો પાસે ક્યાંથી સ્થિર રહેશે? માટે, પરમદુઃખરૂપ અને કેવળ ચંચળ લક્ષ્મીની સ્થિરતા માટેનો તારો પ્રયત્ન હે ભાઈ! વ્યર્થ છે.

જે શરીરને એ રાજ્યાદિ લક્ષ્મી વરી છે, તે શરીર પણ નશ્વર છે, એ શરીરમાં પણ કેવાં કેવાં ભયંકર દુઃખો તું ભોગવી રહ્યો છે, તે ગ્રંથકાર કહે છે :—

**दीप्तोभयाग्रवातारी दारूदरगकीटवत् ।**
**जन्ममृत्युसमाश्लिष्टे शरीरे बत सीदसि ।।६३ ।।**

**જલતે હુએ ઉભય દિશિ મેં એરન્ડ કાષ્ઠગત કીટ સમાન;**
**જન્મ-મૃત્યુ સે વ્યાપ્ત દેહ મેં દુઃખ ભોગતા યહ અનજાન. ૬૩.**

જેની બંને બાજુ અગ્નિ સળગી રહ્યો છે, એવી એરંડની લાકડીની વચ્ચે ભરાયેલો કીડો જેમ અતિશય ખેદખિન્ન થાય છે, તેમ આ શરીરરૂપ એરંડની લાકડીમાં ફસાયેલો જીવ જન્મ–મરણાદિ દુઃખોથી નિરંતર ખેદખિન્ન થાય છે. એરંડની લાકડીમાં ફસાયેલો કીડો નાસીભાગીને ક્યાં જાય? કારણ કે બંને તરફ અગ્નિ સળગી રહ્યો છે. હે ભાઈ! આ શરીરની પણ એ જ દશા જાણીને તેનાથી તું મમત્વ છોડ કે જેથી એરંડની લાકડીના કરતાં પણ અનંત દુઃખના હેતુભૂત એવું શરીર જ ધારણ કરવું પડે નહિ. શરીર ઉપરનો અનુરાગ જ નવાં શરીર ધારણનું કારણ છે, એમ જાણી પૂર્વ મહાપુરુષોએ એ શરીરથી સર્વથા સ્નેહ છોડ્યો.

શરીરના આશ્રયે રહેલી ઇન્દ્રિયોના વિષયોમાં આસક્ત થઈ તું અનેક પ્રકારના કલેશને સહે છે.

**नेत्रादीश्वरचोदीतः सकलुषो रूपादिविश्वाय किं**
**प्रेष्यः सीदसि कुत्सितव्यतिकरैरंहांस्यलं बृहयन् ।**
**नीत्वा तानी भुजिष्यतामकलुषो विश्वं विसृज्यात्मवा-**
**नात्मानं धिनु सत्सुखी धुतरजाः सद्वृत्तिभिर्निर्वृतः ।।६४।।**

**ઇન્દ્રિય-મન સે પ્રેરિત હોતા વિષય-ગ્રહણ મેં વ્યાકુલ હો,**
**અરે! દુરાચરણોં કે દ્વારા પાપ બઢાતા આકુલ હો;**
**મન-ઇન્દ્રિય કો દાસ બનાકર રાગ રહિત હો વિષય તજો,**
**સદાચરણ સે પાપ રહિત હો સુખ અનુભવ કર મુક્તિ ભજો. ૬૪.**

હે જીવ! તું કર્મોદયથી પ્રાપ્ત નેત્રાદિ ઇન્દ્રિયોનો સ્વામી છતાં મનની પ્રેરણાથી અતિશય વ્યાકુળ બની રૂપાદિ વિષયોના અર્થે નિરર્થક ખેદખિન્ન કેમ થઈ રહ્યો છે? શું તું એ ઇન્દ્રિયોનો

કિંકર છે? તું અનેક દુરાચરણોને વધારતો-વધારતો એ ઇન્દ્રિયોના વિષયોને ભોગવતો પૂર્વે અનંત ભવોમાં દુઃખી થયો છે. હવે તો કંઇક આકુળતા છોડી જ્ઞાનદૃષ્ટિ ધારણ કરી, એ સમસ્ત વિષયનો ત્યાગ કર! ધ્યાનરૂપ નિર્મળ અમૃતથી આત્માને પુષ્ટ કર અને વાસ્તવિક સુખને પ્રાપ્ત થા! મહા દુઃખ અને કેવળ કલેશરૂપ અનાદિ મોહરજને ધોઈ ઉત્તમ વૃત્તિ ધારણ કરી આનંદરૂપ થા! આનંદરૂપ થા!

જીવ કર્મોદયવશે શરીર ધારણ કરે છે અને શરીરના યોગથી ઇન્દ્રિયવશ વિષયોના અર્થે અતિશય વ્યાકુળ થાય છે, અનેક દુરાચાર કરી અત્યંત પાપ પરિણામને પોષે છે. પરિણામે તે વિષયોને ભોગવી-ભોગવી નાના પ્રકારની કુયોનીઓમાં ભટકે છે. એમ અનંતકાળથી ઇન્દ્રિયવશે વિષયાધીન થઈ અનંત-અનંત દુઃખ સહન કરે છે. જ્ઞાનવંત આત્માઓ તો એ અનંત દુઃખના હેતુભૂત મલિન ભાવોને તજી દઈ સ્વ-આત્માને માત્ર નિર્મળ ધ્યાનામૃતથી જ પુષ્ટ કરે છે; અને એ રીતે તેઓ પાપરજને ખંખેરી નિર્મમત્વ થઈ ઉત્તમ વૃત્તિ ધારણ કરી મહાસુખરૂપ નિવૃત્ત દશાને પામે છે. તું જો ડાહ્યો અને વિચક્ષણ બુદ્ધિમાન હોય તો આ મહાદુઃખરૂપ સંસારથી નિવૃત્ત થા.

મુનિજનો ધનરહિત હોય છે અને ધન વિના તેમને સુખની પ્રાપ્તિ ક્યાંથી હોય? એવો પ્રશ્ન કરનારને શ્રી આચાર્ય કહે છે કે જગત્‌વાસી જીવો નિર્ધન હો વા ધનવાન હો છતાં સર્વદુઃખી જ છે :—

**अर्थिनो धनमप्राप्य धनीनोप्यवितृप्तितः ।**
**कष्ट सर्वेऽपि सीदंति, परमेको मुनिः सुखी ।।६५।।**
**परायत्तात्सुखादुःखं, स्वायत्तं केवलं वरम् ।**
**अन्यथा सुखिनामानः कथमासंस्तपस्विनः ।।६६ ।।**

**નિર્ધન-જન ધન બિના દુઃખી અરુ તૃષ્ણા સે દુઃખમય ધનવાન,**
**સભી ભોગતે કષ્ટ, માત્ર મુનિરાજ ભોગતે સુખ કી ખાન. ૬૫.**
**પરાધીન સુખ સે ભી અતિશય શ્રેષ્ઠ દુઃખ સ્વાધીન કહો;**
**યદિ ઐસા નહિં હોય તપસ્વી મુનિજન કૈસે સુખી કહો. ૬૬.**

નિર્ધન મનુષ્યોની પાસે ધન નથી અને જગતની સર્વ ઇષ્ટ વસ્તુઓની અભિલાષા અત્યંત છે, તેથી તેઓ નિરંતર દુઃખી છે; પણ જે ધનવાન છે તેઓ પણ અતૃપ્તિપણારૂપ તૃષ્ણા વડે પરમ દુઃખી છે. એટલે નિર્ધન હો વા ધનવાન હો, જગત્‌વાસી સર્વ જીવો તૃષ્ણાથી મહાદુઃખી છે. વાસ્તવિક વિચાર કરતાં પરમ સંતોષી મુનિજનો જ મહાસુખી છે એમ સ્પષ્ટ જણાશે. પરાધીનતા એ જ દુઃખ છે અને એવા પરાધીનતાજન્ય સુખ કરતાં સ્વાધીનતાજન્ય દુઃખ (તારી દૃષ્ટિએ) એ શ્રેષ્ઠ છે. એમ ન હોય તો તપસ્વી મુનિ સુખી છે એમ ક્યાંથી કહેવાય?

જગત્દૃષ્ટિ સર્વ જીવાત્માઓ દુઃખી જ છે. ઇન્દ્રિયજન્ય સર્વ ઇષ્ટ પદાર્થો ધન વિના પ્રાપ્ત થતા નથી. નિર્ધન મનુષ્યો ધનરહિત છે અને અભિલાષા અત્યંત છે, તેથી સર્વ ભોગ્ય સામગ્રીથી રહિત હોવાથી તેઓ બિચારા પોતાને સ્વયં દુઃખી જ માને છે; પરંતુ જેઓ ધનવાન છે, તેમને તો જેમ જેમ ધનની વૃદ્ધિ થતી જાય છે, તેમ તેમ દુગુણી, ચોગુણી, તૃષ્ણા પણ વધતી જ ચાલી જાય છે. ગમે તેટલા ઇચ્છિત ધનની પ્રાપ્તિ થાય તોપણ તેમનો તૃષ્ણારૂપ અગ્નિ શાંત થતો નથી, પરંતુ ઉલટો વધતો-વધતો તે અગ્નિ તેના સાધકને નિરંતર જ બાળ્યા કરે છે; એવી સ્થિતિમાં તૃપ્તિ અને વાસ્તવિક શાંતિ ક્યાંથી થાય? અને તૃપ્તિ વિના યથાર્થ સુખ પણ ક્યાંથી? સર્વ જગત્વાસી સંસારી જીવોનું કલ્પેલું સુખ પણ માત્ર પરાધીન છે. એ પરાધીન સુખ કરતાં મહાપુરુષો કહે છે કે સ્વાધીન દુઃખ ઘણું શ્રેષ્ઠ છે. એ ઇન્દ્રિયજન્ય સુખોમાં પ્રત્યક્ષ પરાધીનપણું હોવા છતાં તેમાં સુખની કલ્પના ઘડવી, એ જીવનો નર્યો ભ્રમ છે. આથી આ વાત સુનિશ્ચિત્ છે કે જે જીવમાં પર પદાર્થની લેશ પણ આશા છે, તે ખરેખર દુઃખી જ છે; પરંતુ જેઓ આશા રહિત છે, તે જ વાસ્તવિક સુખી છે. સંસારી જીવો માત્ર આશાના દાસ અને ઇન્દ્રિય વિષયોના ગુલામ છે, તેથી જ તેઓ દુઃખી છે; પરંતુ મુનિજનો આશા માત્રના ત્યાગી અને ઇન્દ્રિય વિષયોથી રહિત છે, તેથી ખરેખર તેઓ જ માત્ર સુખી છે.

એવા એ મુનિજનોના અદ્‌ભૂત ગુણોની ગ્રંથકાર પ્રશંસા કરે છે :—

**येदतत्स्वच्छंदं विहरणमकार्पण्यमशन**
**सहार्य्यैः संवासः श्रुतमुपशमैकश्रमफलम् ।**
**मनोमन्दस्यन्दं बहिरपिचिरायातिविमृशन्**
**न जानेकस्येयं परिणतिरुदारस्य तपसः ।।६७।।**
**विरतिरतुला शास्त्रे चिंता तथा करुणापरा**
**मतिरपि सदैकान्तध्वांतप्रपंचविभेदिनी ।**
**अनशनतपश्चर्य्या चान्ते यथोक्तविधानतो**
**भवति महतां नाल्पस्येदं फलं तपसोविधेः ।।६८।।**

**હો સ્વતન્ત્ર કરતે વિહાર અરુ દીનભાવ સે રહિત અશન,**
**મુનિજન કે સંગ વાસ કરેં અરુ સ્વાધ્યાય શ્રમ ફલ ઉપશમ;**
**નિજ-સ્વરૂપ સે કભી બહિર્મુખ હોતે તબ ભી મન્દ પ્રવૃત્તિ,**
**નહિં જાનેં હમ મુનિવર કી યહ કિસ ઉદાર તપ કી પરિણતિ. ૬૭.**

**શ્રુત-ચિન્તન અરુ જીવોં કી ઉત્કૃષ્ટ દયા, વૈરાગ્ય મહાન,**
**તમ-એકાન્ત પ્રપંચ નાશ કરતી જિનકી મતિ સૂર્ય સમાન;**
**અન્ત સમય શાસ્ત્રોક્ત વિધિ સે અનશન પૂર્વક તજતે દેહ,**
**હૈ મહાન તપ ફલ યહ પરિણતિ અલ્પતપોં સે નહીં વિધેય. ૬૮**

કેવળ સ્વાધીનરૂપ જેનો વ્યવહાર છે, દીનતારહિત ભોજન છે, નિરંતર ગુરુજનોના સમાગમમાં જેનો નિવાસ છે, કષાયના અતિ મંદવેગરૂપ શાંત ભાવમય જેનું અંતઃકરણ છે, આત્મવિચારમાં જે લીન છે, છતાં કોઈ-કોઈ વેળા મંદકષાયજન્ય બાહ્ય શુભાચારરૂપ પ્રવૃત્તિ વિષે જેનો ઉપયોગ પ્રવર્તે છે, એવા એ મુનિજનોના મહિમાનું શું વર્ણન કરીયે? કોણ જાણે એવા તે ક્યા ઉદાર તપના ફળરૂપ તેની આવી પરિણતિ વર્તતી હશે? વળી અતુલ છે વૈરાગ્ય અને શાસ્ત્ર ચિંતવન જેનું, સર્વોત્કૃષ્ટ છે સર્વ જીવો ઉપર દયા પરિણામ જેના, એકાંતવાદરૂપ મહા હઠીલા અંધકારના વિસ્તારને દૂર કરવામાં પ્રકાશમાન સૂર્યના કિરણ સમાન તીક્ષ્ણ છે બુદ્ધિ જેની અને શાસ્ત્રોક્ત વિધિસહ અનશનધારી નિર્મમત્વભાવે સમાધિમરણરૂપ પરમલાભ પામે છે જેઓ એવા એ સત્પુરુષોનાં મહત્ ભાગ્યનું શું વર્ણન કરવું! મને તો લાગે છે કે આ બધું કોઈ પૂર્વના મહાન સમ્યક્ત્વનું જ ફળ છે.

સર્વ સંસારી જીવો ઇન્દ્રિયવશ પરાધીન છે. એમની પ્રત્યેક ગમનાદિક પ્રવૃત્તિ એ ઇન્દ્રિય વિષય કામનાને અર્થે જ પ્રવર્તે છે, પરંતુ મુનિજનોનો વિહાર નિર્વાંચ્છક અને સ્વાધીન હોય છે. વર્ષા ઋતુ વિના ઘણો સમય એક જ સ્થાને તેઓ સ્થિરતા કરે નહિ. કારણ એક સ્થાને ઘણો સમય વાસ કરવાથી જીવની અનાદિ સંસાર પરિણતિ લોકના સ્નેહથી પ્રતિબદ્ધપણાને પામી જાય, અથવા તે તે ક્ષેત્રાદિથી પણ પ્રતિબંધપણાને પામે. પદાર્થની સાથે જીવનો પ્રતિબંધ એ જ સુખ અને વૈરાગ્યનો કાળ છે. વૈરાગ્ય પરિણતિની વૃદ્ધિને અર્થે જેઓ વિહાર કરે છે, તેઓ એવી અજ્ઞાનરૂપ પ્રતિબંધતા આત્માને કેમ થવા દે? સર્વ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવથી છૂટવાના અભ્યાસી મહાપુરુષને એવી એક ઠામ સ્થિરતા કરવી એ પ્રતિકૂળ છે. કારણ કે એથી આત્મવૃત્તિ પ્રાયે ક્ષેત્રાકારપણાને પામી જાય છે અને ક્ષેત્રાકારવૃત્તિ સંયમને હાનિ પમાડે છે. જેથી તેઓ એક સ્થાનવાસ ઘણો વખત નહિ રાખતાં વિહારપણે પ્રવર્તે છે.

જગત્‌વાસી સંસારી જીવોનું ભોજન દીનતા સહિત છે, જ્યારે મુનિજનો કેવળ અદીનભાવે ભોજનાદિ ગ્રહણ કરે છે. ધનાદિ રહિત જેઓ દરિદ્ર છે તેઓની દીનતા તો પ્રત્યક્ષ દેખાય છે, કારણ કે પોતાની પાસે તે ઇષ્ટ સામગ્રી નથી એટલે પારકાની પાસેથી લાવી-લાવી ચલવે છે અને તે પણ ઘણી કઠણતાથી જ મળે છે. એ વેળાના એમના હૃદયનો ચિતાર સમ્યગ્જ્ઞાનીને જરૂર વૈરાગ્ય પમાડે તેવો હોય છે. મગાય નહિ, માગ્યા વિના ચાલે નહિ, માગતાં પણ સામાના આપવાનો

ભરોસો નહિ, માગતાં પગ પણ ઉપડે નહિ, છતાં વળી માગવું જ પડે એવી પોતાની પરિસ્થિતિ હોય, કહો કેટલી દીનતા? પરંતુ જેઓ ધનવાન છે, તેઓ પણ નાના પ્રકારની ભોગ્ય સામગ્રીના નિરંતર અભિલાષી હોય છે. તેઓની ભોગ અભિલાષા બ્રહ્માંડ પ્રમાણ અને ભોગશક્તિ કિંચિત્ હોવાથી દુઃખ અને દીનતા જ અનુભવે છે. કદાચ કોઈ દેશકાળના યોગથી તેમની ઇચ્છિત અભિલાષાઓ કવચિત્ પૂર્ણ થાય, પણ ઘણો ભાગ તો અપૂર્ણ જ રહે. વાસ્તવ્યમાં તેમની ઇચ્છિત અભિલાષાઓની સંપૂર્ણતા કોઈ કાળે પણ થતી નથી. એ આશારૂપ અગ્નિના બળ્યા તેઓ પણ બિચારા દીન જ છે. પરંતુ લાભ, અલાભ, રસ-નિરસ, શાતા-અશાતા—એ સર્વ જેના અભિપ્રાયમાં સમાન છે, એવા એ મુનિજનો જ માત્ર દીનતારહિત છે. તેમને મુનિજનોના સંગમાં નિરંતર વસવા જેવો બીજો કોઈ ઉત્કૃષ્ટ લાભ નથી. ગૃહસ્થોનો સંગ એ તેમના મન એક કુસંગ છે. તેમાં પણ સર્વથી મોટો કુસંગ તો સ્ત્રીની સંગતિ છે કે જેથી કામ-ક્રોધાદિ દુઃખદ ભાવો જન્મ પામે છે. એ કામ ક્રોધાદિ ભાવોને નષ્ટ કરવાનો અનન્ય ઉપાય માત્ર એક મુનિજનોની ભક્તિપૂર્વક સંગતિ છે. જગતવાસી સંસારી જીવો સંસારવૃદ્ધિના અભ્યાસમાં નિરંતર લાગી રહ્યા છે, ત્યારે એ મહાનુભાવ મહાપુરુષો શ્રુત-વિચાર અને આત્મ-વિચારમાં નિમગ્ન છે. જે વીતરાગપ્રણીત શાસ્ત્રાભ્યાસનું પરમ ફળ સ્વાત્મશાંતિરૂપ પરમસુખ છે; પણ કોણ જાણે આ લોક એ જ શાસ્ત્રાભ્યાસથી મૂઢતા અને મદોન્મત્તતાને કેમ પામતા હશે? ખરેખર એનું પ્રધાન કારણ જીવનો સ્વચ્છંદ છે અને એ જ મોટો દોષ છે; અને તે સત્પુરુષના ચરણકમળની ભક્તિસહિત સમ્યક્ વિનયોપાસના વિના મટવો મુશ્કેલ છે. મુનિજનોના અંતઃકરણનો વેગ અત્યંત મંદ થઈ ગયો છે, જ્યારે સંસારી જીવોનાં અંતઃકરણ મહાચંચળ અને નિરંતર બાહ્ય વસ્તુઓમાં જ ભટક્યા કરે છે. મુનિજનો આત્મવિચારમાં અને કવચિત્ શુભ પ્રવૃત્તિમાં પ્રવર્તે છે, પરંતુ અશુભ પ્રવૃત્તિનો લેશ પણ સંપર્ક થવા દેતા નથી. જ્યારે ગૃહસ્થજનો નિરંતર અશુભ ક્રિયામાં પ્રવર્તી કવચિત્ કોઈક જ વેળા શુભ ક્રિયામાં આવે છે, તે પણ પ્રાયે અવંચક યોગથી તો નહિ જ; ત્યાં આત્મવિચારરૂપ શુદ્ધ ભાવનાનો સંભવ જ ક્યાંથી? અમને લાગે છે કે મુનિજનોની આ દશા કોણ જાણે ક્યા ઉત્કૃષ્ટ તપનું ફળ હશે? સંસાર, ભોગ અને શરીરાદિ ઉપર તેમને અતુલ વૈરાગ્ય અને પરમ ઉદાસીનતા વર્તે છે. જ્યારે સંસારી જીવો રાગ–દ્વેષરૂપ તીવ્ર અગ્નિથી નિરંતર બળી રહ્યા છે. અવ્રતી સમ્યગ્દૃષ્ટિ જીવો અનંતાનુબંધી કષાયના અભાવથી જો કે મિથ્યાદૃષ્ટિ જેવા રાગી–દ્વેષી તીવ્રપણે હોતા નથી, પરંતુ અપ્રત્યાખ્યાનાવરણાદિ કષાયના ઉદયાનુસાર તેઓ પણ યથાકિંચિત્ રાગી-દ્વેષી છે. અણુવ્રતિ શ્રાવક અપ્રત્યાખ્યાનાવરણી કષાયના અભાવથી અવ્રત સમ્યક્દૃષ્ટિઓથી જો કે શ્રેષ્ઠ છે, તોપણ પ્રત્યાખ્યાનાવરણાદિ કષાયના ઉદયથી તેઓ અલ્પ રાગી છે અને જેટલો રાગ છે તેટલા તેઓ પણ દુઃખી છે. પણ મુનિજનોને તો પ્રત્યાખ્યાનાવરણી કષાયનો પણ અભાવ હોવાથી તેમનો વિષયાનુરાગ જો કે મટી ગયો હોય છે, અર્થાત્ અત્યંત મંદપણારૂપ અને તથારૂપ પ્રવૃત્તિના અભાવરૂપ ઉપશમ્યો હોય છે, તોપણ

સંજ્વલન કષાયના ઉદયથી કિંચિત્ ધર્માનુરાગ પ્રવર્તે છે. જેમ ઉપરની ભૂમિકાએ જીવ પ્રવેશ કરતો જાય છે, તેમ તેમ તે મહાપુરુષોને માત્ર વીતરાગભાવની વૃદ્ધિ વર્ત્યા કરે છે. છઠ્ઠા ગુણસ્થાને વર્તતા મુનિજનોનો ધર્માનુરાગ પણ માત્ર વીતરાગભાવની વૃદ્ધિના કારણરૂપ હોય છે. ઉપર ઉપરની ભૂમિકાએ માત્ર આત્મચિંત્વનની વૃદ્ધિ અને વિશુદ્ધિતા અનુભવાતી જાય છે.

વળી પ્રાયેઃ મુનિજનોના જેવું શાસ્ત્રજ્ઞાન પણ બીજાને ન હોય કે જેનું ફળ માત્ર વીતરાગતા જ છે. અજ્ઞાની જગત્‌વાસી જીવો કુકથા અને પરકથામાં આસક્ત હોવાથી તેમને વાસ્તવિક શાસ્ત્રાનુરાગ નથી. સમ્યક્‌દૃષ્ટિ અવ્રતી તથા વ્રતી શ્રાવક જો કે જિનવચનામૃતના અભ્યાસી તો છે, પરંતુ પરિગ્રહાદિના મમત્વ યોગથી તેઓ અલ્પશ્રુત છે, બહુશ્રુત નથી.

મુનિજનોના જેવી વાસ્તવિક દયા પણ બીજાને ન હોય. અજ્ઞાની સંસારી જીવો તો સદા નિર્દયી જ છે. અવ્રત સમ્યક્‌દૃષ્ટિ ભાવે તો દયા પરિણામી છે, પરંતુ બહુ આરંભપરિગ્રહાદિના યોગથી તેની ભાવદયા કાર્યપણે પરિણમતી નથી. અણુવ્રતી શ્રાવકને અલ્પ આરંભ અને અલ્પ પરિગ્રહાદિના યોગથી જો કે અલ્પ હિંસા છે, તથાપિ ત્રસ જીવોની હિંસાનો તેમને અભાવ વર્તે છે. સ્થાવર જીવોની હિંસા તેમનાથી બન્યા કરતી હોવાથી તેઓ સર્વથા અહિંસક તો નથી જ. સર્વથા અહિંસા તો મુનિજનોને જ સંભવે છે અને તેથી જ તેઓ મહા દયાવાન ગણાય છે.

એકાંતવાદરૂપ ગાઢ અંધકારને હણવામાં તેઓની બુદ્ધિ સૂર્યપ્રભા સમાન છે. બાકી બીજા કોઈ જગત્‌વાસી સંસારી જીવોની એવી શુદ્ધ અને તીક્ષ્ણ બુદ્ધિ પ્રકાશરૂપ નથી. સમ્યક્‌દૃષ્ટિ શ્રાવકની બુદ્ધિ એકાંતવાદરૂપ નિબીડ અંધકારથી રહિત અને સ્યાદ્વાદ શ્રદ્ધાનરૂપ પરિણમી છે, છતાં સ્યાદ્વાદ શૈલીના આદ્ય ઉપદેષ્ટા તો મુનિજનો જ છે.

વળી અંતકાળે સમ્યક્ પ્રકારે અનશનાદિ તપપૂર્વક શરીર તજવારૂપ સમાધિ–મરણ જેવી ઉત્કૃષ્ટ આરાધના પ્રાયે મુનિજનોને હોય છે. અણુવ્રતી શ્રાવકને મધ્યમ સમાધિમરણરૂપ આરાધના પ્રવર્તે છે, તથા અવ્રત સમ્યગ્દૃષ્ટિ પુરુષોને જઘન્ય સમાધિમરણરૂપ આરાધના વર્તે છે. બાકી મિથ્યાત્વ મૂર્છિત સર્વ સંસારી જીવોની આરાધના મોક્ષાર્થે નહિ થતાં માત્ર સંસાર વૃદ્ધિ અર્થે પ્રવર્તે છે. મુનિજનોની અલૌકિક આત્મવૃત્તિ કોઈ અલ્પ તપનું ફળ નથી, પરંતુ પૂર્વના કોઈ મહાન ઉત્તમ તપની અનુસંધિ છે.

કોઈ કહેશે કે ધર્મના સાધનાભૂત શરીરને યત્નથી રાખવું આ જ ઉચિત છે. તેને શ્રી ગુરુ સમજાવે છે કેઃ—

**उपाय कोटीदूरक्षे स्वतस्तत इतोऽन्यतः ।**
**सर्वतः पतनःप्राये काये कोऽयं तवाग्रहः ।।६९।।**
**अवश्यं नश्वरैरेभिरायुः कायादिभिर्यदि ।**
**शाश्वतं पदमायाति मुधायातमदेहि ते ।।७०।।**

**સ્વતઃ અન્યતઃ કોટિ ઉપાયોં સે ભી રક્ષિત નહિં યહ દેહ,**
**પતનોન્મુખ હી રહે સર્વથા ઇસસે ક્યોં આગ્રહમય સ્નેહ. ૬૯**
**અતઃ સુનિશ્ચિત વિનાશીક યહ દેહ ઔર આયુ કો તજ;**
**શાશ્વત પદ યદિ મિલતા હૈ તો અનાયાસ મિલ ગયા સમજ. ૭૦.**

હે પ્રાણી! તને આ શરીર ઉપર આટલો બધો શો હઠાગ્રહ છે કે ''હું તેની રક્ષા કરું-રક્ષા કરું'' એ ને એ વાત વારંવાર કોઈ ને કોઈ પ્રકારાંતર કરીને પણ તું સિદ્ધ કરવા મથે છે? પરંતુ ભાઈ! તું નિશ્ચય સમજ કે શરીર એ સર્વ પ્રકારથી પ્રતિસમય નાશ થવા સન્મુખ છે. કોટી ઉપાય કરતાં પણ તે રાખ્યું ન રહે તેવું છે. આયુષ્ય અને કાય આદિ અવશ્ય વિનશ્વર છે. અસાર, નશ્વર અને કેવળ દુઃખના જ હેતુભૂત એ શરીરની મમતા તજવાથી જે વાસ્તવિક અવિનાશી શાંત પદ પ્રાપ્ત થાય, એ જ તને આ અમૂલ્ય માનવ જિંદગીમાં કર્તવ્ય છે.

હે જીવ! તું એવી તે શી હઠ કરી રહ્યો છે કે 'આ શરીર મારું છે' અને 'હું તેની રક્ષા કરું'- ભાઈ! એ શરીર કોઈ ઉપાયથી પણ રાખ્યું ન રહે તેવું છે. જેમ ડાભની અણી ઉપર ઠરેલું જળબિંદુ સહેજમાં ખરી પડે છે, તેમ આ શરીરની સ્થિતિ છે. અર્થાત્ તે પોતાથી વા બીજા પ્રકારથી રાખ્યું ન રહે તેવું છે, અર્થાત્ નાશવાન છે. પ્રતિસમય નાશ થવા સન્મુખ જેની ગતિ છે, જેનું સર્વથી ઉત્કૃષ્ટ આયુ ગણાય છે એવા દેવ, નારકીઓનું તેત્રીશ સાગરોપમનું મહાન આયુષ્ય પણ ખપી જાય છે, તો પછી અલ્પ આયુષ્યના ધણી એવા મનુષ્ય તિર્યંચાદિ પ્રાણીઓનાં શરીરની સ્થિરતાનું તો કહેવું જ શું? દેવો અને શ્રી તીર્થંકરાદિનાં નિરોગ અને નિકાચિત આયુબંધવાળા મનોહર શરીરો પણ નશ્વર છે, તો બીજા મંદપુણ્ય પ્રાણીઓના શરીરની વાત જ શી કરવી? ખચીત-નિશ્ચિત છે કે આયુના અંતે શરીર કોઈ ઉપાયથી પણ નહિ જ ટકે. તો હે ભાઈ! આયુ અને દેહનું મમત્વ છોડી તારા પોતાના અવિનાશી સ્વરૂપનું ધ્યાન કર, પ્રતિસમય તેનો જ ખ્યાલ કર. એ બધી પરકથા છોડીને દેહને તપ સંયમાદિ નિજ આત્મભાવ પ્રકાશક સદ્ અનુષ્ઠાન વિષે લગાવ અને સંપૂર્ણ આયુ પર્યંત નિજ શુદ્ધ સ્વભાવ ધર્મની વૃદ્ધિ કરી અવિનાશી પદરૂપ પરમ નિઃશ્રેયને પ્રાપ્ત થા. આ અલ્પ આયુષ્ય અને ચંચળ કાયાને એ માર્ગમાં ખપાવી દેતાં જો પરમ શુદ્ધ ચૈતન્યઘન અવિનાશી નિઃશ્રેયસની પ્રાપ્તિ થતી હોય તો તને ફૂટી કોડીના બદલામાં ચિંતામણી રત્નથી પણ અધિક પ્રાપ્ત થયું છે એમ સમજ. હે જીવ! સમ્યગ્જ્ઞાન-દર્શન-ચારિત્ર અને તપ—એ ચાર આરાધનાની ઉત્તરોત્તર વૃદ્ધિ અને શુદ્ધિમાં તારા આ માનવ જીવનનો જે કાળ જાય છે, એટલું તારું સફળ આયુષ્ય છે, એમ સમજ.

હવે, આયુની વિનશ્વરતા દર્શાવે છે :—

**गतुमुच्छ्वासनिःश्वासैरभ्यस्यत्येष संततम् ।**
**लोकः प्रथगितो वांच्छत्यात्मानमजरामरम् ।।७१।।**
**गलत्यायुः प्रायः प्रकटितघटीयंत्रसलिलं**
**खलः कायोप्यायुर्गतिमनुपतत्येष सततम् ।**
**किमस्यान्यैरन्यैर्द्वयमयमिदं जीवितमिह**
**स्थितो भ्रान्त्या नावि स्वमिव मनुते स्थास्नुमपधीः ।।७२।।**

**આતી જાતી શ્વાસોં દ્વારા કરે નિરન્તર ગમનાભ્યાસ;**
**કિન્તુ ઇન્હીં મેં અજ્ઞાની જન કરતે અજર-અમર અધ્યાસ. ૭૧.**
**અરહટ કી ઘટિકા થિત જલ સમ હોતી આયુ નિરન્તર ક્ષીણ,**
**આયુ કા અનુગામી હોકર કૃશ હોતા યહ દુષ્ટ શરીર;**
**આયુ દેહ દોનોં ક્ષણભંગુર અન્ય સભી કો નશ્વર જાન,**
**અજ્ઞાની ઇનકો થિર માને નૌકા તિષ્ઠિત મનુજ સમાન. ૭૨.**

એ આયુષ્ય શ્વાસ લેવાના બહાને નિરંતર ગમન કરવાનો જ (નાશ પામવાનો જ) અભ્યાસ કરી રહ્યું છે, છતાં અજ્ઞાની મૂઢ જીવ પોતે અજર-અમર હોવાનો અભિલાષી બની રહ્યો છે, એ પરમ આશ્ચર્ય છે. વળી અરહટ યંત્રની ઘડીના જળની માફક એ આયુ ક્ષણે-ક્ષણે ક્ષીણ થઈ રહ્યું છે. તેની સાથે કાયાની પણ ક્ષીણતા થતી જાય છે. કાયા એ આયુની સહચરી (સાહેલી) છે. હે ભાઈ! જીવનાં જે અત્યંત નિકટ પ્રદેશી છે એવાં એ આયુ અને કાયાદિની આ સ્થિતિ છે, તો પછી તેથી દૂર એવાં પુત્ર, સ્ત્રી, ધન, ધાન્ય અને સ્વજનાદિની સ્થિરતા માટે કહેવું જ શું! જેમ કોઈ મનુષ્ય નાવમાં બેઠો છતાં ભ્રાંતિથી પોતાને સ્થિર માની રહ્યો છે, તેમ બુદ્ધિહીન મૂર્ખ બહિરાત્મા પોતે પોતાને સ્થિર પણે જુવે છે. જીવનનાં મૂળ કારણ આયુ અને શરીરની સ્થિતિ કેવળ ક્ષણભંગુર છે, એમ જાણી વિવેકી પુરુષ એ નશ્વર આયુ અને શરીર પ્રત્યેનું મમત્વ છોડી અવિનાશી અને કેવળ સુખરૂપ પદાર્થ ઉપર પ્રેમ જોડે છે. જે પુરુષ આયુષ્ય અને કાયા કે જે જીવના અત્યંત નજીકપણે વર્તે છે તે ઉપરથી મમત્વ તજે છે, તે વિવેકી પુરુષ જીવથી પ્રગટ ભિન્ન એવાં ધન, સ્ત્રી, પુત્ર અને સ્વજનાદિ ઉપર તો મમત્વ કેમ કરે?

જીવને આ શ્વાસોચ્છ્વાસ પણ દુઃખરૂપ છે તો અન્ય સુખરૂપ ક્યાંથી થશે?

**उच्छ्वासखेदजन्यत्वादुःखमेवात्र जीवितम् ।**
**तद्विरामे भवेन्मृत्युर्नृणां भण कृतः सुखम् ।।७३।।**

**ખેદજન્ય ઉચ્છ્વાસ અતઃ ઇસ જીવન કો દુઃખમય જાનો;**

**શ્વાસ બિના મરતા પ્રાણી, ફિર ઇનમેં કૈસે સુખ માનો. ૭૩.**

જેનાથી જીવાય છે એવો જે ઉચ્છ્વાસ તે પણ જ્યારે ખેદપૂર્વક ઉત્પન્ન થાય છે અને તેના અભાવમાં તુરત મરણ થાય છે, તો પછી કહો તો ખરા કે પ્રાણીઓને સુખ ક્યાં છે?

જ્યાં ખેદ છે ત્યાં સુખ નથી અને શ્વાસ તો ખેદપૂર્વક ઊપજે છે. વળી તે શ્વાસોશ્વાસ વર્તે છે ત્યાં સુધી જીવન છે, પણ જ્યારે શ્વાસોશ્વાસ જ આમ દુઃખરૂપ છે તો પછી જીવનમાં સુખ ક્યાંથી અને શાથી? શ્વાસોશ્વાસ બંધ પડે મરણ થાય છે તો પછી સુખ કોને? ભાઈ! પ્રથમ તો સંબંધ જ દુઃખનું કારણ છે. એથી આ વાત સુનિશ્ચિત છે કે દેહનો નેહ છોડી વીતરાગભાવ પ્રાપ્ત થયે જ વાસ્તવિક સુખ છે. આમ હોવાથી સુખના અર્થે સુખાભિલાષી મુમુક્ષુએ માત્ર એક વીતરાગભાવ અંગીકાર કરવો એ જ ઇષ્ટ છે.

જન્મ-મરણની વચ્ચે વર્તતું જીવનું જીવન કેટલો કાળ ટકે છે? એ વાત ગ્રંથકાર સ્વયં કહે છે :—

**जन्मतालद्रुमाज्जन्तु फलानि प्रच्युतान्यधः ।**

**अप्राप्य मृत्युभूभागमन्तरे स्युः कियच्चिरम् ।।७४।।**

**જન્મરૂપ ઇસ તાલ વૃક્ષ સે ગિરતે ફલ સમ પ્રાણી જાન;**

**મૃત્યુ-ભૂમિ કી પ્રાપ્તિ પૂર્વ રહ સકતે કિંચિત્ કાલ પ્રમાણ. ૭૪.**

જન્મરૂપ તાડના વૃક્ષથી જીવરૂપ ફળ પડતાં-પડતાં જ્યાં સુધી નીચે મૃત્યુરૂપ ભૂમિકા સુધી ન પહોંચે ત્યાં સુધી અંતરાળ સમયવર્તી જ જીવનું જીવન છે.

તાડના વૃક્ષથી તૂટેલું ફળ નીચે પૃથ્વી ઉપર પડવા માંડ્યા પછી વચ્ચે ક્યાં સુધી રહે? તેમ જન્મ થયા પછીનું જીવન આયુસ્થિતિમાં ક્યાં સુધી રહે? બહુ જ અલ્પકાળ અને તે પણ અનિયત. તેથી હે ભવ્ય! આ દેહાદિને આમ ક્ષણભંગુર જાણીને વાસ્તવિક અવિનાશિપદનું સાધન બીજા બધાં કાર્યોને જતાં કરીને પણ ત્વરાએ કરી લેવું એ જ સુયોગ્ય છે. કારણ જીવન સમય બહુ સાંકડો છે. કવિવર બનારસીદાસ પણ કહે છે કે :—

**રવિકે ઉદ્યોત અસ્ત હોત દિન દિન પ્રતિ,**
**અંજુલીકે જીવન જ્યાં જીવન ઘટતું હૈ;**
**કાલકે ગ્રસત છીન છીન હોત છીન તન,**
**ઔરકે ચલત માનો કાઠસો કટતુ હૈ;**
**એતે પરી મુરખ ન ખોજૈ પરમારથકો,**
**સ્વારથકે હેતુ ભ્રમ ભારત કટતુ હૈ;**

લગ્યો ફીરે લોગનીસો પગ્યો પરી જોગનીસોં,
વિષૈ રસ ભોગનીસોં નેકુ ન હટતુ હૈ.

(ભાષા સમયસાર)

વિધિએ જીવોની રક્ષાર્થે અનાદિ કાળથી ઘણો યત્ન કર્યો પણ તે કરી શક્યો નહિ, એ વાત ગ્રંથકાર નીચેના કાવ્યથી કહે છે :—

**क्षितिजलधिभिः संख्यातीतैर्बहिः पवनैस्त्रिभिः**
**परिवृतमतः खेनाधस्तात् खलासुरनारकान् ।**
**उपरि दिविजान्मध्ये कृत्वा नरान्विधिमंत्रिणा**
**पतिरपि नृणां त्राता नैको ह्यलंघ्यमोऽन्तकः ।।७५।।**

**સંખ્યાતીત સમુદ્ર દ્વીપ કે મધ્ય મનુજ વિધિ ને થાપે,**
**બાહર વાતવલય સે ઘેરે નીચે અસુરકુમાર રખે;**
**ઊપર વૈમાનિક દેવોં કો રખ કર ભી નર નહીં બચે,**
**ઈન્દ્ર વિધાતા ચક્રવર્તિ ભી કોઈ કાલ ન લાંઘ સકે. ૭૫.**

મનુષ્ય પ્રાણીની દુર્લભતા અને ઉત્તમતાને લઈને વિધિરૂપ મંત્રીએ તેની અનેક પ્રકારે રક્ષા કરી. દુષ્ટ પરિણામી નરકના જીવોને અધો ભાગમાં રાખ્યા, દેવોને ઊર્ધ્વ ભાગમાં રાખ્યા, લોકની ચારે તરફ અનેક મહાન અલંધ્ય સમુદ્ર તથા તેની ચારે તરફ ઘનોદધિ, ઘન અને તનુ એ નામના ત્રણ પવનથી વીંટી વીસ્તીર્ણ કોટ કરી રાખ્યો અને વચ્ચે પૂર્ણ જતનથી મનુષ્ય પ્રાણીને રાખ્યાં. આટલા-આટલા વિધિના પૂર્ણ જાપ્તાં છતાં પણ મનુષ્ય પ્રાણી મરણથી ન બચ્યાં. અહો! યમરાજ અત્યંત અલંધ્ય છે.

હે ભવ્ય! ચિકાશ વિનાની રેતીની ઇમારત જેવા આ દેહની રક્ષા કરવાની વ્યર્થ ગડમથલ છોડીને કંઈક આત્મધર્મની રક્ષા કરવા ભણી ઉજમાલ થા. આત્મા સ્વયં સત્ અવિનાશી અશરીરિ છે. તેને શરીરિ કરવા ભણીનો તારો પ્રયત્ન વ્યર્થ છે. શરીર ઉપરના મમત્વને લઈને નવાં-નવાં શરીર ધારણ થઈ જાય છે, છતાં આત્મા તે કેવળ ચૈતન્યરૂપ અને શરીર તે કેવળ જડરૂપ ત્રણે કાળ વર્તે છે. હે ભાઈ! શરીરનો આત્મા ન બની જાય તેમ આત્માનું શરીર ન બની જાય. શું તું વસ્તુસ્વભાવને પણ ફેરવવા માગે છે? પણ એમ કોઈ કાળે બન્યું છે? શરીરની રક્ષા કરવા ભળીને નરી મૂર્ખતા ભરી હઠ, રે ભાઈ! તું છોડ. આ વર્તમાન દેહ તરફનો સ્નેહ તું તજે તો જ વારંવાર આવાં ક્ષણ વિનાશિ પરમદુઃખરૂપ શરીર ધારણરૂપ અનંત કલેશ શમે અને દેહાતીત જીવનમુક્તદશાને પામી તું વાસ્તવિક આનંદપૂર્ણ થાય.

આયુસ્થિતિ પૂર્ણ થતાં જ કાળ પ્રાણ લેવા પ્રવૃત્ત થાય છે. તેને દૂર કરવા કોણ સમર્થ છે? :—

**अविज्ञातस्थानो व्यपगततनुः पापमलीनः**
**खलो राहुर्भास्वद्दशशतकराक्रांतभुवनम् ।**
**स्फुरन्तं भास्वंतं किल गिलति हा कष्टमपरं**
**परिप्राप्ते काले विलसतिविधेः को हि बलवान् ।।७६।।**

**દુષ્ટ રાહુ કા ઠૌર જ્ઞાત નહિં દેહ રહિત અરુ પાપ-મલિન,**
**સહસ્ર કિરણરૂપી કર સે દિનકર વ્યાપક હૈ સુભુવન તીન;**
**અહા! ખેદ હૈ યહ રવિ, રાહુ દ્વારા ગ્રસિત કિયા જાતા,**
**કાલ પ્રાપ્ત હોને પર વિધિ સે કૌન સુભટ રક્ષા કરતા. ૭૬.**

હાય હાય! ઘણા દુઃખની વાત છે કે આયુકર્મ પૂર્ણ થતાંની સાથે જ કાળ પોતાનું ઉગ્ર સ્વરૂપ ધારણ કરીને આવી પહોંચે છે. તે વેળા તેનાથી કોઈ પણ આ જીવની રક્ષા કરી શકતું નથી. સહસ્ર કિરણ સૂર્યને કે જેના પ્રકાશથી આ સમસ્ત ભુવન પ્રકાશિત થઈ રહ્યું છે. દુષ્ટ ગ્રહ જે રાહુ તેના ગ્રાસ કાળે તેનાથી તે સૂર્યને કોઈ બચાવી કે રાહુને ગ્રાસ કરતો હઠાવી શકતો નથી, તેમ આયુના અંતનો સમય પામીને કાળરૂપ રાહુ જીવરૂપ સૂર્યને ગ્રસે છે. સૂર્ય સહસ્ર કિરણ છે, પણ જીવરૂપ સૂર્ય અનંત જ્યોતિરૂપ સ્વયં પ્રકાશમાન છે. કોણ જાણે એ કાળ કેવો છે કે જેની દશા સૌ જાણે છે, પણ તેનું સ્થાન કોઈ જાણી શકતું નથી. સોમ, મંગળ, બુધ, ગુરુ આદિની માફક રાહુનો કોઈ વાર નથી. તેથી લોકમાં પણ તે સ્થાનરહિત ગણાય છે. કાળ શરીરરહિત છે, તેમ રાહુને પણ લોક અંતનું કહે છે. કાળ લોક આદિ સમૂહને યથા સમયે ગ્રસે છે, તેમ રાહુ પણ સૂર્યને યથા સમયે ગ્રસે છે. લોકો પણ રાહુ અને કાળ બંનેને પાપી, મલિન અને શ્યામ કહે છે. એમ ઘણીખરી કાળ અને રાહુમાં સમાનતા છે. તેથી કાળને રાહુની ઉપમા આપી છે.

એ કાળ ક્યા સાધનથી અને ક્યા સ્થાનમાં રહી પ્રાણીઓને હણે છે? એ કહે છે :—

**उत्पाद्य मोहमदविभ्रह्यमेव विश्वं**
**वेधाः स्वयं गतघृणष्ठगवद्यथेष्टम् ।**
**संसारभीकरमहागहनान्तराले**
**हन्ता निवारयितुमत्र हि कः समर्थः ।।७७।।**

**પૂર્વોપાર્જિત કર્મ જગત કો અતિ નિર્દય ઠગ સમ ઠગતે,**
**તીન ભુવન કો મહામોહ મદ ઉપજા કર ગાફિલ કરતે;**

**ઇસ સંસાર ભાયનક વન મેં જીવોં કા કરતે હૈં ઘાત,**

**ઇનકા કરે નિવારણ જગ મેં કિસમેં હૈ ઐસા સામર્થ. ૭૭.**

પૂર્વોપાર્જિત કર્મ યથેષ્ઠ ઠગની માફક કેવળ નિર્દયી થઈ ત્રલોક્યવાસી સર્વ પ્રાણીઓને મોહ મદ ઉપજાવી બેહોશ કરી આ સંસારરૂપ વિસ્તીર્ણ અને ભયંકર વનમાં શોધી-શોધીને હણે છે, તેનો પ્રતિકાર કરવા કોણ સમર્થ છે?

કાળનું કારણ કર્મ છે. કર્મવશ પ્રત્યેક પ્રાણીઓ એ કાળને વશ છે. માત્ર એક ભગવાન શુદ્ધાત્મા જ કર્મરહિત હોવાથી કાળને અતિક્રમ્યા છે–જીત્યા છે. કોઈ પણ દેશ કે કોઈ પણ સમયમાં કાળથી બચવાનો બીજો કોઈ ઉપાય જ નથી. સર્વ દેશ અને સર્વ સમયમાં કાળની સર્વોત્કૃષ્ટ સત્તા અસ્ખલિતપણે પ્રવર્તે છે. કાળને પરાભવ પમાડવાનો ઉપાય માત્ર એક કર્મક્ષય છે! કર્મનો નાશ થવો એ જ કાળનો નાશ છે :—

**कदा कथं कुतः कुस्मिन्नित्यतर्क्यः खलोऽन्तकः ।**

**प्राप्नोत्येव किमित्याध्वं यतध्वं श्रेयसे बुधाः ।।७८।।**

**કાલ કહાઁ સે કબ કૈસે કિસ પર આતા યહ નહિં જાનો;**

**ફિર કૈસે નિશ્ચિન્ત હુએ? કલ્યાણ હેતુ અબ યત્ન કરો. ૭૮.**

હે જીવ! આત્મકલ્યાણને અર્થે કંઈક યત્ન કર! કર! કેમ શઠ થઈ પ્રમાદી બની રહે છે? જ્યારે એ કાળ પોતાની તીવ્ર ગતિથી આવી પહોંચશે, ત્યારે યત્ન કરવા છતાં પણ તે રોકાશે નહિ એમ તું નિશ્ચય સમજ. ક્યારે, ક્યાંથી અને કેવી રીતે એ કાળ અચાનક આવી ચડશે, તેની પણ કોઈને ખબર નથી. એ દુષ્ટ યમરાજ જીવને કાંઈ પણ સૂચના પહોંચાડ્યા સિવાય એકાએક હુમલો કરે છે, તેનો કંઈક તો ખ્યાલ કર. કાળની અપ્રહત અરોક ગતિ આગળ મંત્ર તંત્ર અને ઔષધાદિ સર્વ સાધન વ્યર્થ છે.

સર્વ દેશ અને સર્વ કાળ વિશે એ કાળ (મૃત્યુ) પ્રખર વિજેતાની માફક પ્રવર્તે છે. એની ગતિથી કોઈ પણ દેશ કે કાળ ખાલી નથી. એ વાત ગ્રંથકાર કહે છે :—

**असामवायिकं मृत्योरेकमालोक्य कंचन ।**

**देशं कालं विधिहेतुं निश्चिंताः सन्तु जंतवः ।।७९।।**

**કિસી દેશ અરુ કાલ વિધાન તથા કારણ કો યદિ દેખો;**

**મૃત્યુ સે સમ્બન્ધ રહિત, તબ પ્રાણી તુમ નિશ્ચિન્ત રહો. ૭૯.**

સર્વ ક્ષેત્ર કે કાળમાં કોઈ પણ પ્રકારે કે કારણ વડે જીવ કાળથી બચ્યો નથી, બચતો નથી કે બચશે પણ નહિ. સર્વ શરીરધારી પ્રાણીઓ એ પ્રચંડ કાળને વશ વર્તી રહ્યાં છે. એ પ્રત્યક્ષ જોઈ

હે જીવ! પ્રતિ પળે વિનાશ સન્મુખ શરીરને રાખવાની ચિંતા છોડી એક નિજ આત્માને જ રાગ–દ્વેષાદિ દુષ્પરિણામોથી હણાતો બચાવ...બચાવ! વિનાશી પદાર્થને રાખવાની માથાકૂટ છોડી એ અવિનાશિ નિજ આત્મપદનું રક્ષણ કર...રક્ષણ કર! અને દેહ નાશની ચિંતાથી નિશ્ચિંત થા. કારણ એ નિજપદ નથી, પણ પરપદ છે. વળી સડણ, પડણ અને વિધ્વંસણાદિ ધર્મયુક્ત છે. એના બચાવ ભણીનો તારો પ્રયત્ન સૂર્યાસ્ત સમયની ખીલી ફાલી ફુલેલી સંધ્યાના રંગ બેરંગી મનોહર દેખાવને ટકાવી રાખવા જેવો કેવળ નિરર્થક છે.

સર્વ સંસારી જીવો નિરંતર દેહની ચિંતા રાખે છે. દેહ અને દેહાર્થ મમત્વમાં જ કાળ નિર્ગમન કરે છે, તેની રક્ષા પ્રયત્નમાં પ્રતિબળે સાવધાન છે. તેમ છતાં પણ આ સૃષ્ટિ મંડળમાં ભૂત, વર્તમાન કે ભાવી કાળમાં આજ સુધીમાં કોઈના દેહ ટક્યા હોય કે ટકી શકે એમ હોય એવું કદી દીઠું, જાણ્યું કે સંભવતું પણ નથી.

હવે, દેહથી પ્રત્યક્ષ ભિન્ન સ્ત્રી પ્રત્યે જીવને રાગ છે, તેના શરીરને જ પ્રથમ અકલ્યાણનું કારણ દર્શાવે છે :—

**अपिहितमहाघोरद्वारं न किं नरकापदा–**
**मुपकृतवतो भूयः किं तेन चेदमपाकरोत् ।**
**कुशलविलयज्वालाजाले कलत्रकलेवरे**
**कथमिव भवानत्र प्रीतः पृथग्जनदुर्लभे ।।८०।।**

**યહ સુન્દર નારી તન નરકાદિક કે મહાદુઃખ કા દ્વાર,**
**યહ તો તેરા હિતનાશક હૈ તૂ કરતા ઇસકા ઉપકાર;**
**પુણ્ય ભસ્મ કરને હેતુ યહ અગ્નિ જ્વાલ કે પુંજ સમાન,**
**અતઃ પ્રીતિ છોડો ઇસસે, ક્યોં કરો પ્રીતિ યહ દુર્લભ જાન. ૮૦.**

હે જીવ! તું સ્ત્રીના ક્લેવર ઉપર શા સારૂં રાગ કરી રહ્યો છે? ખરેખર એ સ્ત્રીનું કલેવર નિજ આત્મકલ્યાણરૂપ લીલા હરિયાળા નંદનવનને ભસ્મ કરવામાં પ્રચંડ અગ્નિની જ્વાળા સમાન છે, નરકરૂપ ભયંકર આપદાનું દ્વાર છે, એમ શું તું પ્રત્યક્ષ દેખતો નથી? વળી, જે સ્ત્રીના કલેવર ઉપર તું અનુરાગ કરે છે, તેને ઉપકાર કરે છે, પણ તે તો નિરંતર વિઘ્નકારક જ થાય છે. સ્ત્રીઓના શરીર ઉપર અજ્ઞાની વિવેકહીન મનુષ્યો ઘેલા બની તેને દુર્લભ માને છે, પરંતુ તું તેના પ્રત્યેની પ્રીતિ તજ. કારણ એમાં કંઈ પણ સારરૂપ વસ્તુ નથી.

સ્ત્રી મોક્ષદ્વારની મજબૂત અર્ગલા છે, સંસારરૂપ વૃક્ષને પોષણ આપનારી જળની ઝારી છે, મનુષ્યરૂપ હરણોને પકડવા માટે જાળ છે, જેના સંગ માત્રથી આજ સુધીમાં કેટલાય ઉત્તમ

આત્માઓ પોતાના અમૂલ્ય જ્ઞાન-શ્રદ્ધારૂપ પરમજીવિતવ્યને ગુમાવી બેઠા, જેનું નામ માત્ર પણ મોટા-મોટા મુનિશ્વરોનું મુનિત્વ નષ્ટ કરી નાખે છે, તેના શરીરનો પ્રત્યક્ષ રાગ શું શું અનર્થ ન કરે?

''જે મનુષ્યે એ સ્ત્રી-શરીરના મુકાબલામાં કદલી-સ્તંભ, કમળપત્ર, સુવર્ણ, ચંદ્રમા, નીલકમળ કંઈ પણ હિસાબમાં નથી, એમ કહી કહી વારંવાર અનુરાગી બન્યા કરતો હતો, તેને જોઈ મુગ્ધ બનતો હતો, આશ્ચર્ય પામતો હતો, તે જ સ્ત્રીનું શરીર નિર્જીવ થતાં સ્મશાનભૂમિમાં ફેંકી દેતાં ગિધાદિ પક્ષીઓથી ચૂંથાએલું છિન્ન ભિન્ન થયેલું જોઈ ભયભીત થઈ નાક બંધ કરી ત્યાંથી જલદી નાસી છૂટે છે. ક્યાં ગયો એ સ્ત્રી શરીર ઉપરનો પ્રેમ? સડેલા પ્રેત સમુદાયને જોઈને તો કાગ સંતુષ્ટ થાય છે રાજ હંસ નહિ, વળી સ્ત્રીના કેશ એ જુઓનું નિવાસસ્થાન છે, મુખાદિ અંગ ચામથી મઢેલું છે, નેત્ર એ બે છીદ્રો છે, બંને સ્તનો મલિન માંસના લોચા છે, બંને હાથ લાંબી લાંબી હડ્ડી છે, પેટ એ મળમૂત્રનું સ્થાન છે, નિતંબ નિરંતર સ્રવવાવાળા મળનું ગૃહ છે અને બંને પગ એ મળગૃહના સ્તંભ છે. એવા મહા અશુચિરૂપ કલેવરમાં પ્રીતિ કરવાયોગ્ય કોણ જાણે શું છે? એ સમજાતું નથી.''

**''सर्वाशुचिमयेकाये–दुर्गंधामेध्यसं भृते ।**
**रमंते रागिणः स्त्रीणां–विस्मंति तपस्विनः'' ।।**

(જ્ઞાનાર્ણવ સર્ગ ૧૩, શ્લોક ૨૪)

કેવળ દુર્ગંધમય, વિષ્ટા આદિથી ભરેલા અને સર્વત્ર મહા અશુચિમય સ્ત્રીના કલેવરમાં તેના અનુરાગી અંધ જીવો જ રમે છે, પરંતુ ઉત્તમ આત્માઓ તો તેથી વિરક્ત રહે છે.

હે જીવ! સ્ત્રીના કલેવર ઉપરથી પ્રીતિ છોડી સર્વ પ્રકારે દુર્લભ મનુષ્યપણાને ધર્મ ઉપાર્જન ભણી લગાવીને સફળ કર! એમ ગ્રંથકાર ઉપદેશે છે :—

**व्यापत्पर्वमयं विरामविरसं मूलेप्यभोगो चितं**
**विष्वक् क्षुत्क्षतपातकुष्टकुथिताद्युग्रामयैः छिद्रितम् ।**
**भानुष्यं घुणभक्षितेक्षुसदृशं नाम्नैकरम्यं पुन-**
**र्निस्सारं परलोकबीजमचिरात्कृत्वेह सारीकुरु ।। ८१।।**

**વિપદામય ગાંઠોં સે તન્મય નીરસ જિસકા અન્તિમ ભાગ,**
**નહીં ભોગને યોગ્ય મૂલ ભી વિવિધ રોગ સે ગ્રસ્ત અસાર;**
**ધુને હુએ ઇક્ષુ સદૃશ તન નામ માત્ર સે હૈ રમણીય,**
**પરભવ કા યહ બીજ બનાકર સારભૂત યહ તન કરણીય. ૮૧.**

મનુષ્યજીવન ઘુણ નામના કીડાથી સર્વાંગ ખવાયલા શેરડીના કાંણા સાંઠા જેવું છે, વચ્ચે વચ્ચે આપદારૂપ ગાંઠોથી ભરેલું છે, અંતમાં વિરસ છે, તેનું મૂળ પણ ભોગવવાયોગ્ય નથી, સર્વાંગે ક્ષુધા, કોઢ આદિ ભયાનક રોગોથી છિદ્રરૂપ છે, કેવળ અજ્ઞાન પરિણામે નામમાત્ર રમ્ય ભાસે છે, બાકી તો સર્વ પ્રકારે અસાર છે. હે ભવ્ય! એવા અસાર મનુષ્યદેહને તુરત વીતરાગ સન્માર્ગ પ્રત્યે લગાવી સુંદર મીઠું ફળ ઉત્પન્ન કરી લે.

શેરડીના કાંણા સાંઠાની વચ્ચે જ ગાંઠો છે તેમાં તો રસ નથી, અંતમાં પૂઠડીયું છે તેમાં મીઠાશ નથી, મૂળમાં તેની જડ છે તેમાં પણ રસ નથી, વચ્ચે વચ્ચે ઘુણથી છિદ્રિત છે તેમાં પણ રસ નથી, એવો એ શેરડીનો કાંણો સાંઠો નામમાત્ર રૂડો ભાસે છે, પણ વાસ્તવિક સર્વ પ્રકારથી તે અસાર છે, ભોગવવાયોગ્ય નથી; પરંતુ એવા કાંણા સાંઠાને પણ જો ભાવી બીજ અર્થે વાવે તો તેથી ઘણાં મીઠાં સાઠાં નીપજે.

તેમ આ મનુષ્ય પર્યાયમાં પણ વચ્ચે-વચ્ચે અનેક આપદા સાંપડે છે. અંતમાં વૃદ્ધાવસ્થા તેના વિકરાળરૂપે ખડી છે, ત્યાં પણ સુખનો સ્વાદ જીવને નથી, મૂળમાં બાળ અવસ્થા તે પણ સુખથી રહિત છે, રહી મધ્યમ અવસ્થા તે તો વળી ક્ષુધા, તૃષા, પીડા, ચિંતા અને અનેક રોગાદિ ઉપદ્રવોથી છિદ્રિત થઈ રહી છે, ત્યાં પણ સુખ નથી. એમ આ મનુષ્યજીવન કેવળ દુઃખરૂપ છતાં અજ્ઞાન યોગે નામમાત્ર સુખરૂપ ભાસે છે, બાકી તે સર્વે પ્રકારે અસાર છે. આમ છતાં પણ તે મનુષ્યપણાને વિષયાદિ તુચ્છ સુખો છોડી સદ્ધર્મ સાધન કરી પરલોકના બીજરૂપ કરે તો તેનાથી સ્વર્ગ-મોક્ષાદિ ઘણાં મીઠાં ફળ નીપજે અને તો જ આ અલભ્ય માનવપણાની સફળતા છે.

મનુષ્યજીવનના ક્યા સમયને સુખનો સમય ગણવો? ગ્રંથકાર સ્વયં એ મનુષ્યપર્યાયમાં રહેલા આત્માની શું-શું ક્રિયા થાય છે? તે નીચેના શ્લોકથી વર્ણવે છે :—

**प्रसुप्तो मरणाशङ्का प्रबुद्धो जीवितोत्सवम् ।**
**प्रत्यहं जनयत्येष तिष्टेत्काये कियच्चिरम् ।।८२।।**

**નિદ્રા મેં મૃત કી આશંકા જાગૃતિ મેં જીવન-ઉત્સવ;**
**નિત્ય મનાતા હૈ યહ પ્રાણી કબ તક થિર હોગા નરભવ. ૮૨.**

મૂઢ આત્મા દિન-પ્રતિદિન સૂતાં મરણની આશંકા ઉપજાવે છે અને જાગતાં જીવનને ઉત્સવ મનાવે છે, એવી એની અસ્થિર દશા છે. તો આ ક્ષણિક શરીરમાં તે કેટલો કાળ ટકશે? જેમ કોઈ મનુષ્ય નિત્યપ્રતિ છુપાઈ જાય તેના વસવાટનો સ્થિરતાવાળો કેટલો સમય સમજવો? તને ત્યાં રહેવાનો ભરોસો શો? હે જીવ! આ વાત નિશ્ચિત છે કે આ શરીર એક દિવસ અવશ્ય તને ગમે તે સ્થળે છોડશે જ તો હવે તારે કરવાયોગ્ય ઉચિત કાર્ય તું કરી લે. એ શરીર જીવને ઉપકારક કોઈ રીતે નથી, એમ તું સમજ. તું તેને તારા પોતાના ઉપકારક કાર્યમાં લગાવી દે.

હવે, કુટુંબ પણ આત્માને ઉપકારક નથી તે કહે છે :—

**सत्यं वदात्र यदि जन्मनि बंधुकृत्य-**
**माप्तं त्वया किमपि बंधुजनाद्धितार्थम् ।**
**एतावदेव परमस्ति मृतस्य पश्चात्**
**संभूय कायमहितं तव भस्मयन्ति ।।८३।।**

**બન્ધુ જનોં ને કરને યોગ્ય ક્રિયા ક્યા હિત યહ સત્ય કહો?**
**મરણ બાદ ઈસ તન શત્રુ કો, માત્ર કરેં વે ભસ્મ અહો. ૮૩.**

હે જીવ! તું કહે તો ખરો કે આ સંસારમાં એ બંધુજનોથી તને કરવાયોગ્ય અને તારા જ હિતરૂપ એવું પ્રયોજન આજ સુધી કાંઈ પણ તેઓથી તું પામ્યો છે? ખરૂં કહેજે. કુટુંબથી કદી કાંઈ પણ આત્મહિત થયું હોય એમ લાગતું નથી. માત્ર એ બંધુજનોથી તારા પ્રત્યે એટલો ઉપકાર થયો છે ખરો કે તારા મરણ પછી એ લોકો એકઠા થઈ તારું વૈરી જે શરીર તેને ભસ્મ કરે છે.

ભાઈ! બંધુ તો તે જ કહી શકાય કે જેઓ આપણું કંઈક ભલું કરે, પરમદુઃખના હેતુભૂત બંધને છોડાવવામાં સહાયક થાય તે બંધુ. તું તેમને ભાઈ અને બંધુ માની મમત્વ કરે છે, પરંતુ હું તને પૂછું છું કે તેઓથી આજ સુધી કાંઈ પણ વાસ્તવિક હિત તને થયું છે? બતાવ તો ખરો? જો તેમણે તારું કાંઇ પણ યથાર્થ હિત કર્યું હોય તો તારું માનવું પણ ઠીક છે. અમને તો કેવળ એટલું જ લાગે છે કે 'શત્રુનો શત્રુ તે મિત્ર' એ ન્યાયથી તારા એ શરીરરૂપ વૈરીને તેમણે સર્વેએ તારા મર્યા પછી બાળી દગ્ધ કર્યું અને તારા એ શરીરરૂપ વૈરીનો તેમણે તારી વતી બદલો લીધો, એટલું તેમણે તારા પ્રત્યે હિત કર્યું. આચાર્ય ભગવાને અહીં અન્યોક્તિપૂર્વક ''કુટુંબથી કાંઈ પણ આત્મહિત સરતું નથી'' એમ સમજાવ્યું અને એ શરીર પ્રત્યેથી પણ રાગ નિવારવા શિક્ષા આપી.

સંસારમાં વિવાહાદિ કાર્યો બંધુજનો આદિ કુટુંબથી થાય છે, તો પછી તેઓથી મારું કાંઈપણ હિતરૂપ કાર્ય સરતું નથી, એમ કેમ કહેવાય? ઉત્તર :—

**जन्मसंतानसंपादि विवाहादिविधायिनः ।**
**स्वाः परेऽस्य सकृत्याणहारिणो न परे परे ।।८४।।**

**વિવાહાદિ સંસાર-વિધાયક કાર્ય સ્વ-જન જો કરતે હૈં;**
**વે હી શત્રુ, અન્ય નહીં ઇક બાર પ્રાણ જો હરતે હૈં. ૮૪.**

અનંત સંસાર પરિપાટીના કેવળ કારણરૂપ એ વિવાહાદિ કાર્યો કરવા-કરાવવાવાળા જે પોતાના કુટુંબીજનો તે જ ખરેખર આ જીવના એક પ્રકારે વૈરી છે. જે એક જ વાર પ્રાણ હરણ કરે તે વૈરી નથી, પરંતુ આ તો અનંતવાર મરણ કરાવે છે તેને વૈરી કેમ ન કહીએ? વ્યવહારમાં પણ

સ્પષ્ટ સમજાય છે કે દેવું છોડાવે તે વૈરી નથી, પણ નવીન કરજ કરાવે તે વૈરી છે. વર્તમાનમાં પ્રાણ નાશ કરનાર તો પૂર્વકર્મની નિર્જરા કરાવવામાં સહાયક છે અને તેથી તો તે ખરેખરો મિત્ર છે, વૈરી નથી. આ કુટુંબાદિ બંધુજનો અનંત સંસારબંધના કારણરૂપ જે કર્મબંધ તેને નિપજાવવામાં સહાયક છે. પરમાર્થથી તો તે વૈરી છે એમ જાણી, તેઓને હિતસ્વી માની તેઓ પ્રત્યે રાગ કરવો કે તેઓના રાગે અંધ થવું એ તને ઉચિત નથી.

અહીં શિષ્ય તર્ક કરે છે કે એ બંધુજનાદિ મારાં વિવાહાદિ કાર્યો કરે છે; ધન, ધાન્ય, સ્ત્રી આદિ ઈષ્ટ વસ્તુઓ નિપજાવવામાં મને સહાયક થાય છે, વાંછિત પ્રયોજનની પ્રાપ્તિ કરાવવાવાળા છે, તેઓનાથી વળી શત્રુપણાની કલ્પના કરવી કેમ સંભવે? (ઉત્તર) :—

**धनरन्धनसंभारं प्रक्षिप्याशाहुताशने ।**

**ज्वलन्तं मन्यते भ्रान्तः शान्तंसंधुक्षणे क्षणे ।।८५।।**

**આશાનલ મેં ધન-ઈંધન ક્ષેપણ કરતા હૈ હોકર ભ્રાન્ત;**

**ઉસ અગ્નિ કો જ્વલન કાલ મેં પ્રાણી માને ભ્રમવશ શાન્ત. ૮૫.**

આશારૂપ અલંઘ્ય અગ્નિમાં ધનાદિરૂપ ઇન્ધનના ભારા નાંખી તે આશારૂપ અગ્નિને પ્રતિ પળે વધારી તેમાં નિરંતર બળવા છતાં પોતાને શાંત થયો માનવો, એ જ ખરેખર જીવનો અનાદિ વિભ્રમ છે.

જેમ કોઈ મૂર્ખ માણસ થોડી-થોડી અગ્નિથી પોતે બળ્યા તો કરે છે, પણ વળી તેમાં ઇન્ધનાદિ નાખી તે અગ્નિની જ્વાળાને વધારી પોતે જેમ-જેમ વધારે બળે તેમ-તેમ શીતળતા માને, તેમ કેવળ વિભ્રમ ભાવથી જ એ કુટુંબાદિ સચેતન અને લક્ષ્મી સુવર્ણાદિ અચેતન પદાર્થોને વધારી જગતમાં જીવ સુખ માને છે, પરંતુ પરમાર્થથી તે સુખ નથી. એ કુટુંબ, ધનાદિ પરિગ્રહ જીવને ખરેખર દુઃખના જ કારણરૂપ છે, તો પછી તેની જ આશારૂપ અગ્નિમાં નિરંતર બળ્યા કરવું એ શું સાક્ષાત્ પ્રત્યક્ષ દુઃખ નથી? આશા કરવા છતાં તે તે ઈષ્ટ પદાર્થોની પ્રાપ્તિ થવી સર્જિત હશે તો થશે અને તે પણ જ્યારે થવી સર્જીત હશે ત્યારે જ થશે પણ તેને માટે જે ઝૂર્યા કરવું એ જ પ્રત્યક્ષ દુઃખ છે.

ધન, કુટુંબાદિ જીવને ખરેખર દુઃખનાં કારણ છે અને તેથી એ જ જીવના મોટા શત્રુ છે, તેની ભયંકર તૃષ્ણામાં જીવને સ્વવિચારનો અવકાશ જ રહેતો નથી. સ્વસ્વરૂપરૂપ પરમશાંત જીવનનું એ મરણ છે. પોતાના જ આત્મગુણોનું મરણ જે ધન, કુટુંબાદિ નિમિત્તોથી થાય તે શું જીવના શત્રુ નથી? છે જ.

એ ધન, કુટુંબાદિ પરિગ્રહરૂપ પિશાચના પાશમાં સપડાએલા જીવની શું શું દશા થાય છે? તે કહે છે :—

**षलितच्छलेन देहान् निर्गच्छति शुद्धिरेव तव बुद्धेः ।**
**कथमिव परलोकार्थं जरी वराकस्तदा स्मरति ।।८६।।**

**બુદ્ધિ કી નિર્મલતા જાતી માનો ધવલ કેશ કે દ્વાર;**
**અતઃ બિચારે વૃદ્ધ પુરુષ કૈસે પરભવ કા કરેં વિચાર. ૮૬.**

સફેદ કેશના બહાને તારી બુદ્ધિની શુદ્ધતા બહાર નીકળી રહી છે અર્થાત્ બુદ્ધિ વિકળ થઈ છે એવી વૃદ્ધાવસ્થાને લઈને અસમર્થ થયો થકો તું પરલોકના અર્થે પોતા સંબંધીનો કાંઈ પણ વિચાર શું કરી શકીશ?

તું એમ સમજે છે કે યૌવન અવસ્થામાં ધન, સ્ત્રી આદિ સામગ્રી મેળવી પ્રથમ આ લોકનાં સુખ ભોગવું અને પછી વૃદ્ધાવસ્થામાં ધર્મ સેવન કરી પરલોકને અર્થે યત્ન કરીશ; પણ ભાઈ! વૃદ્ધાવસ્થામાં તો સફેદ કેશના બહાને તારી બુદ્ધિની શુદ્ધતા ચાલી જશે અને બુદ્ધિની શુદ્ધતા વિના આ લોક સંબંધીનાં કાર્યોનો વિચાર યથાર્થપણે થવો મુશ્કેલ છે, તો પછી પરલોકને અર્થે વિચાર ક્યાંથી બને? વૃદ્ધાવસ્થામાં હું કાંઈક આત્મવિચાર કરીશ, પણ એ વૃદ્ધાવસ્થાને જ્ઞાનીઓ અર્ધું જળેલું મડદું જ ગણે છે.

બુદ્ધિમાન અને મંદકષાયી પુરુષો પરલોક હિતાર્થે નિરંતર ચિંતા કરે છે, પણ તેવા બહુ થોડા હોય છે. એમ ગ્રંથકાર નીચેની શ્લોકથી કહે છે :—

**इष्टार्थाद्यदवाप्ततद्भवसुखे क्षाराम्भसि प्रस्फुर-**
**न्नानामानसदुःखवाडवशिखासंदीपिताभ्यन्तरे ।**
**मृत्यूत्पत्तिजरातरंगचपले संसारघोरार्णवे**
**मोहग्राहविदारितास्यविवराद्दूरे चरा दुर्लभाः ।।८७।।**

**ઇષ્ટ-અર્થ સેવન-સુખરૂપી ખારે જલ સે ભરા હુઆ,**
**અંતર મેં નાના માનસ દુઃખ બડવાનલ સે તપ્ત હુઆ;**
**જન્મ-મૃત્યુ અરુ જરા તરંગે ઉછલે જિસ ભવસાગર મેં,**
**મુંહ ફાડે ઇસ મોહ-મચ્છ સે દૂર પ્રવર્તક દુર્લભ હૈં. ૮૭.**

આ સંસારરૂપ ભયંકર સમુદ્રમાં મોહ મહામચ્છ પોતાનું વિકરાળ મોઢું ફાડીને ભક્ષની નિરિક્ષા કરતો બેઠો છે, તેનાથી જે દૂર વિચરે છે તેવા ધન્ય પુરુષ બહુ થોડા હોય છે. જેનાથી તૃપ્તિ જ ન થાય એવા ઈષ્ટ વિષયજન્ય સુખ એ જ તેમાં ખારૂં જળ છે. સમુદ્રનું ખારૂં પાણી તૃષાતુર ગમે તેટલું પીવે પણ તેનાથી તૃપ્તિ ન જ થાય, તેમ સંસારના ઇષ્ટ વિષયોથી તૃષ્ણા શમે નહિ.

સમુદ્ર વિષે રહેલો વડવાનળ અગ્નિ સમુદ્રના જળને શોષે છે, તેમ સંસાર વિષે માનસિક દુઃખરૂપી ભયંકર વડવાનળ એટલો બધો દુઃખપ્રદ છે કે તે જીવને પ્રાપ્ત વિષયો પણ સુખે ભોગવવા દેતો નથી, અને અપ્રાપ્ત વિષયાદિની ઝંખનામાં ને ઝંખનામાં સદોદિત બાળ્યા કરે છે, અને એમ કરી તેનાં શાંતભાવરૂપ નિજ પ્રાણને પ્રતિપળે શોષ્યા કરે છે.

સમુદ્રમાં તેના વિસ્તીર્ણ તરંગોની ચપળતા થયા કરે છે, તેમ સંસાર દશાવાળા પ્રાણીઓમાં જન્મ-જરા-મરણાદિ અવસ્થાઓની પલટના થયા કરે છે, જરાય સ્થિરતા નથી. ભાવ સ્થિરતાની તો વાત જ શી કરવી?

જે મહાભાગ્ય પુરુષો મોહના ઉદયકાળે પણ મોહરૂપ બની વિકારી થતા નથી તેમને ધન્ય છે. પણ તેવા બહુ થોડા છે. કારણ કે એવા જીવો ઘણા હોય તો આ સંસાર જ કેમ હોય? તેથી તો સંસારનું અસ્તિત્વ છે.

ઉપરોક્ત શ્લોકમાં ગ્રંથકારે સંસારને ભયંકર વિસ્તીર્ણ સમુદ્રની ઉપમા આપી તેનાથી જીવને પ્રતિપળે સાવધાન રહેવા સૂચવ્યું. સમુદ્રમાં જેમ મહામચ્છ, અત્યંત ખારૂં જળ, ભયંકર વડવાનળ અને વિસ્તારયુક્ત ભયંકર તરંગો હોય છે, તેમ સંસાર સમુદ્રમાં પણ મહા મોહરૂપી મચ્છ, ઇષ્ટ વિષયાદિજન્ય ખારૂં જળ, માનસિક દુઃખરૂપી ભયાનક વડવાનળ, તથા નાના પ્રકારના જન્મ, જરા, મરણાદિ દ્રવ્ય અને ભાવ અવસ્થાની પલટનારૂપી ભયંકર તરંગો સમયે-સમયે ઊછળ્યા કરે છે, તેનાથી હે જીવ! તું નિરંતર સાવધ રહે!

**अव्युच्छिन्नैः सुखपरिकरैर्लालिता लोलरम्यैः**
**श्यामाङ्गीनां नयनकमलैरर्चिता यौवनान्तम् ।**
**धन्योऽसि त्वं यदि तनुरियं लब्धबोधों मृगीभि-**
**र्दग्धारण्यस्थलकमलिनीशंङ्कयालोक्यते ते ।।८८।।**

**અહો! નિરંતર સુખ-સામગ્રી સેવન કરતી રમણી કે,**
**ચંચલ એવં અતિ રમણીય મનોહર કમલ-નયન દલ સે;**
**યૌવન મેં અર્ચિત તન તેરા, ધન્ય! જગી જબ જ્ઞાન-જ્યોતિ,**
**હિરણી તુઝકો દેખે વન મેં હોતી થલકમલિની કી ભ્રાંતિ. ૮૮.**

અવિચ્છિન્નપણે સુખના પૂર્ણ સાધનોથી લાલન-પાલન કરેલું મનોહર અંગયુક્ત, સ્ત્રીઓના ચંચળ અને રમ્ય નેત્ર-કમળોથી નિરંતર સન્માનિત થયેલું તારું આ શરીર સમ્યગ્જ્ઞાનના પ્રકાશસહિત યૌવન અવસ્થામાં જ બળી ગયેલા જંગલમાં સ્થૂલ કમલિનીની શંકાથી હિરણાદિ ચપળ દૃષ્ટિવાળાં પ્રાણીઓથી દેખ્યું જશે તે શરીરને ધન્ય છે.

જગતમાં એક સામાન્ય નિયમ છે કે 'જેવો અભ્યાસ તેવું પ્રવર્તન. જે મનુષ્ય દુઃખ સહન કરવાની ટેવ પાડે તે જ દુઃખને શાંતપણે સહન કરી શકે અને સુખથી ટેવાયેલો મનુષ્ય સુખ જ સહે, દુઃખ નહિ. પરંતુ આશ્ચર્ય તો એ છે કે પૂર્વ પુણ્યોદયથી જે મનુષ્ય સંસાર સુખના સાધનભૂત સ્ત્રી, લક્ષ્મી આદિથી નિરંતર પરમસુખને (પોતે માનેલા) અનુભવતો હતો, તેમાં જ સદોદિત ટેવાયેલો હતો, તે જ મનુષ્ય જ્ઞાનસંપન્ન થઈ યૌવન અવસ્થામાં જ પ્રવજ્યા ધારણ કરી દુર્ધર તપાદિ આચરી એવો થાય છે કે જેને તપોવનમાં હિરણ જેવાં ચંચળ દ્દષ્ટિવંત પ્રાણીયો અર્ધ બળેલા કાષ્ઠના ઠુંઠા સમાન અવલોકી પોતાના અંગની ખાજ મટાડવા પોતાનું અંગ તેના અંગને ઘસે છે. ધન્ય છે તે માનવ આત્માને! તે જ મનુષ્ય જડ-ચેતનના વાસ્તવિક સ્વરૂપને સમજ્યો છે કે જે આત્મશ્રદ્ધાના અપૂર્વ બળ વડે પોતાની આત્મ-પરિણતિ અને બાહ્ય શરીરાદિ યોગને અવંચક ભાવે સ્થિર પરિણમાવી શક્યો છે. સંસાર પક્ષે પરમસુખી શ્રી તીર્થંકર, ચક્રવર્તી આદિ પણ જગત અને કાયાના સ્વરૂપથી સમ્યક્પ્રકારે સંવેગ, વૈરાગ્યાદિ પામી ગૃહવાસ છોડી પ્રવજ્યા ધારણ કરી નિજ આત્મપરિણતિમાં મેરુવત્ નિશ્ચળ થયા. શ્રી બાહુબળી આદિ મહા પુરુષોના શરીર ઉપર વેલો લપટાઈ ગઈ, શ્રી સુકુમાલ આદિ રાજપુત્રો કે જેઓને ગૃહવાસમાં અતિ કોમળ સરસવના દાણા ખૂંચતા હતા, તેવા સુકોમળ શરીરધારી મહાત્માને શિયાળ પોતાના બચ્ચાં સહિત ત્રણ-ત્રણ દિવસ સુધી ચુંથી-ચુંથીને ખાધા તોપણ જેઓ નિજ આત્મપરિણતિમાં અડોલ મેરુવત્ નિષ્કંપ પ્રવર્ત્યા. ધન્ય છે તેવા અપૂર્વ અવસર પ્રાપ્ત મહાપુરુષોને!

એ જ વાત શ્રી આચાર્ય દઢ કરે છે :—

**बाल्ये वेत्सि न किंचिदप्यपरिपुर्णाङ्गो हितं वाहितं**
**कामान्धः खलु कामिनीद्रुमघने भ्राम्यन्वने यौवने ।**
**मध्ये वृद्धतृषार्जितुं वसुपशुः क्लिश्नासि कृष्यादिभि–**
**र्वृद्धो वार्धमृतः क्व जन्मफलिते धर्मो भवेन्निर्मलः ।।८९।।**

**પૂર્ણ અંગ બિન બાલ્યકાલ મેં જાને નહિ હિતાહિત ક્યા?**
**યૌવન મેં કામાન્ધ, કામિની-દ્રુમ સે સઘન વિપિન ભ્રમતા;**
**મધ્યકાલ મેં તૃષ્ણાવશ કૃષિ આદિ ક્લેશ હોતે પશુ તુલ,**
**અર્ધમૃતક વૃદ્ધાવસ્થા, કબ કરે ધર્મ સે જન્મ સફલ? ૮૯.**

વિકાસવાળા અંગોપાંગના અભાવથી બાળ અવસ્થા વિષે, હે જીવ! તું કાંઈ પણ હિત કે અહિત સમજી શક્યો નહિ. વળી યૌવન અવસ્થામાં સ્ત્રીરૂપ વૃક્ષોના વિસ્તીર્ણ સઘન વનમાં જ્યાં ત્યાં કામરૂપ મદથી અંધ થઈ ઘેલાની માફક ભમ્યો, પ્રૌઢ (મધ્યમ) અવસ્થામાં પરિગ્રહની અતિ તૃષ્ણારૂપ સર્પદંશથી ધનાદિ ઉપાર્જન કરવા નિમિત્તે કૃષિકર્માદિ અતિ ભાર વહન કરી અતિ

ક્લેશને પામ્યો તથા વૃદ્ધાવસ્થામાં અર્ધ મૃતક જેવી દશાને પ્રાપ્ત થઈ રહ્યો. એમ આખી મનુષ્ય જિંદગી નિષ્ફળપણે પૂર્ણ કરી. કહો, હવે ધર્મસાધન કે સ્વાત્મવિચાર જીવ ક્યા સમયે કરી શકે?

સર્વ પર્યાયમાં માત્ર એક મનુષ્યપર્યાય ધર્મ પ્રાપ્તિનું મુખ્ય સાધન છે–મોસમ છે અને તે ધર્મ પ્રાપ્તિપણાથી જ તેની સફળતા છે. હે જીવ! ચિંતામણીથી પણ અત્યંત મૂલ્યવાન એવા આ મનુષ્ય પર્યાયનો તારો સમય પરપ્રવૃત્તિ અને પરકથામાં વહ્યો જાય છે. વૃદ્ધાવસ્થામાં મન અને ઇન્દ્રિયોના શિથિલપણામાં તું શું કરી શકીશ? બાળ અને વૃદ્ધાવસ્થામાં ધર્મ પ્રાપ્ત કરવો પ્રાયે તારે વશ નથી, પણ હે ભવ્ય! યૌવન અને પ્રૌઢાવસ્થામાં તે કંઈક ધન, સ્ત્રી, કુટુંબાદિથી રાગને મંદ કરી વાસ્તવ્ય ધર્મને પ્રાપ્ત કર! તેમાં જ માનવ જીવનની સફળતા છે–શોભા છે.

હે જીવ! એ ત્રણે અવસ્થામાં કર્માધીનપણે રહેવું એ તને યોગ્ય નથી.

**बाल्येऽस्मिन् यदनेन ते विरचितं स्मर्तुं च तन्नाचितम् ।**
**मध्येचापि धनार्ज्जनव्यतिकरैस्तन्नार्पितं यत्त्वयि ।**
**वार्द्धक्येप्यभिभूय दन्तदलनाद्याचेष्टीतं निष्ठुरं**
**पश्याद्यापि विधेर्वशेन चलितुं वांच्छस्यहो दुर्मते ।।९०।।**

**વિધિ ને બાલ્યકાલ મેં તેરા અહિત કિયા જો વિસ્મરણીય,**
**મધ્યકાલ નહિ દિએ કૌન દુઃખ ધન-અર્જન મેં નહિં સહનીય;**
**દંત-દલન આદિ ચેષ્ટા સે કિયા બુઢાપે મેં અપમાન,**
**ફિર ભી વિધિ કે વશ મેં હો ચલના ચાહે તૂ દુર્મતિમાન. ૯૦.**

બાલ્યાવસ્થામાં પૂર્વે કર્મે તારું જે બુરુ કર્યું હતું તે તો યાદ કરવાયોગ્ય પણ નથી. મધ્યમ વયમાં ધન ઉપાર્જન કરવાના બહાના હેઠળ એ કર્મોએ તને એવું એક પણ દુઃખ આપવું બાકી રાખ્યું નથી અને વૃદ્ધાસ્થામાં તારી મહત્તા ઘટાડીને દંત તોડવા આદિ કર્મોએ કરેલી કઠોર ચેષ્ટા તેં અનુભવી છે. છતાં, હે દુબુદ્ધિ જીવ! અંધ થઈ હજુ પણ તું એ કર્મોના વશ રહેવા ઇચ્છે છે?

લોકનો એક સામાન્ય સ્વભાવ છે કે કોઈ એકવાર બુરું કરે તેને તેઓ વેરી સમજે છે તેના આધીન રહેવું કોઈને ગમતું પણ નથી, પણ આ દુષ્ટ કર્મોએ તો અનાદિ કાળથી તને અતિ અતિ હેરાન કર્યો છે. એ વાત કદાપિ તને યાદ ન હોય તો તું આ વર્તમાન મનુષ્ય પર્યાય તરફ જરા દીર્ઘદ્રષ્ટિપૂર્વક જોઈ જા. બાળ અવસ્થામાં તો ગર્ભ–જન્મ–શરીરવૃદ્ધિ આદિ દશાઓ પ્રવર્તાવી એ કર્મોએ તને અતિ-અતિ હેરાન કર્યો, મધ્યમ અવસ્થામાં ધનોપાર્જન આદિ ક્રિયાઓ નિમિત્ત અને વૃદ્ધાવસ્થામાં તારા દાંત તોડવા આદિએ કરીને તને અતિ અપમાનિત કર્યો. તને હેરાન-હેરાન, દુઃખી-દુઃખી કરવામાં એ કર્મોએ કાંઈ પણ મણા રાખી નથી. પ્રત્યક્ષ પણ એ દુઃખો તું અનુભવી

રહ્યો છે, છતાં પણ હજુ એ જ કર્મોને આધીન રહેવા તું ઇચ્છે છે! તેના નાશ ભણી તારી કિંચિત્ પણ પ્રવૃત્તિ નથી એ જોઈ સખેદ આશ્ચર્ય થાય છે. ભાઈ! આ તારી પુરુષાર્થહીનતા ભવિષ્યમાં તને અત્યંત દુઃખી કરશે.

વૃદ્ધાવસ્થાની આવી વિકળ અવસ્થા જોઈ હે જીવ! હવે તારે નિશ્ચિંતપણે પ્રમાદી રહેવું યોગ્ય નથી—એમ શ્રી આચાર્ય નીચેના કાવ્ય દ્વારા સંબોધે છે :—

**अश्रोत्रीव तिरस्कृता परतिरस्कारश्रुतीनां श्रुतिः**
**चक्षुर्वीक्षितुमक्षमं तव दशां दूष्यामिवान्ध्यं गतम् ।**
**भीत्येवाभिमुखान्तकादतितरां कायोऽप्ययं कम्पते**
**निष्कंपस्त्वमहो प्रदीप्रभवनेऽप्यासे जराजर्ज्जरे ।।९१ ।।**

**તિરસ્કારમય વચન ન સુનના પડેં અતઃ બહરે હૈં કાન,**
**નિંદ્ય દશા નહિં દેખ સકેં ઇસલિયે નેત્ર મેં અન્ધાપન;**
**યમ કો સન્મુખ લખ કર ભય સે કંપન હોતા હૈ તન મેં,**
**નિશ્ચલ હૈ તૂ જલતે ઘર સમ જીર્ણ જરામય ઇસ તન મેં. ૯૧.**

પરકૃત નિંદા–અપમાન અને તિરસ્કાર દર્શાવનારાં વચનો નહિ સહન થવાથી તે નહિ સાંભળવા ઇચ્છતા એવા તારા કાન સાંભળવાની શક્તિથી રહિત થયા, તારી આ નિંદ્ય પરવશ દશા પ્રત્યક્ષ જોવા તારાં નેત્ર અસમર્થ અર્થાત્ અંધ દશાને પામ્યાં, તને અત્યંત પ્રિય એવું તારું શરીર પણ જાણે સન્મુખ આવી રહેલા કાળના ભયથી થર-થર કાંપે છે, એમ જરાથી કેવળ ઝીર્ણ થઈ રહેલા અને અગ્નિથી બળી રહેલા ઘર સમાન આ મનુષ્ય શરીરમાં હે જીવ! તું શું નિશ્ચળ થઈ બેઠો છે?

મરણ તો સર્વ અવસ્થામાં આવી પહોંચે છે, તેથી જ ડાહ્યા પુરુષો આવા અલભ્ય માનવ જીવનમાં નીચા મને કરી બેસતા નથી, પણ પરલોક હિતાર્થે નિરંતર પ્રવર્તે છે; તો પછી વૃદ્ધાવસ્થામાં આવ્યે જીવનની સ્થિરતાની શી આશા? એ સ્થિતિમાં તો મરણ નિશ્ચિત છે. વિષયાદિ ભોગના કારણરૂપ સર્વ ઇન્દ્રિયો પણ શિથિલ થઈ રહી છે, તોપણ કોણ જાણે શા કારણથી સંસારમાં રહેવાની આશાથી તું નિશ્ચિંત થઈ રહ્યો છે? અમને તો લાગે છે કે ચારે તરફથી સળગતા મકાનમાં સપડાયેલો મનુષ્ય બેભાનપણે નિશ્ચિંત પ્રવર્તે તેમ તારી આ દશા જોઈ અમને ખેદ અને આશ્ચર્ય થાય છે. ભાઈ! કંઈક આત્મકલ્યાણ ભણી ઉદ્યત થા! હવે આખર સ્થિતિરૂપ એવી આ કેવળ અસાર વૃદ્ધાવસ્થામાં પણ તું શું મમત્વ કરી રહ્યો છે!

શરીર રૂપ સળગતી ઝુંપડીમાં બળી જીવને ગ્રંથકાર શિક્ષા આપે છે કે :—

**अतिपरिचितेष्ववज्ञा नवे भवेत्प्रीतिरिति हि जनवादः ।**
**त्वं किमिति मृषा कुरुषे दोषासक्तो गुणेष्वरतः ।।९२।।**

**અતિ પરિચિત મેં હોય અવજ્ઞા નૂતન મેં હોતી હૈ પ્રીતિ;**
**ગુણ મેં અરતિ દોષ મેં રતિ કર ક્યોં ઝૂઠી કરતા જગ-રીતિ. ૯૨.**

લોકમાં પ્રચલિત જનસ્વભાવ એક એ છે કે જેની સાથે ઘણા વખત સુધી પરિચય રહ્યો તે પ્રત્યે સહેજે જીવને અનાદર બુદ્ધિ થાય છે અને નવીન સંબંધી જનો પ્રત્યે અહો (આશ્ચર્ય) રૂપ પ્રીતિ સહેજે વર્તે છે. પણ હે ભવ્ય! તારા સ્વભાવમાં તો કોઈ વિચિત્રતા જણાય છે. તું એ જિન પ્રચલિત કહેવતને જાણે મિથ્યા કરી રહ્યો છે. કારણ અનાદિના તારા અતિ પરિચયી એના એ રાગાદિ દોષોમાં વારંવાર તું આશ્ચર્ય દૃષ્ટિયુક્ત રમી રહ્યો છે–આસક્ત થઈ રહ્યો છે અને કેવળ અપરિચિત સમ્યક્ત્વાદિ ગુણો પ્રત્યે ઉપેક્ષિત રહે છે. સમ્યક્ત્વાદિ ગુણોનો લાભ નવીન છે અર્થાત્ પૂર્વે ક્યારેય પણ પ્રાપ્ત થયો નથી અને આ રાગાદિ દોષોનો પરિચય–સેવન તો અનાદિ કાળનું ચાલ્યું આવે છે. છતાં પેલી (अति परिचयादवज्ञात्) લોક પ્રસિદ્ધ કહેવતને પણ તું જૂઠી કરી રહ્યો છે એ જ આશ્ચર્ય છે.

દોષમાં આસક્ત અને હિતાહિતની ભાવનાથી રહિત તેં આ સંસારમાં માત્ર દોષોનો જ વ્યસની બનીને જન્મ–મરણાદિ વિપુલ કષ્ટ સહ્યાં એ વાત દૃષ્ટાંત સાથે ગ્રંથકાર સમજાવે છે :—

**हंसैर्न भुक्तमतिकर्कशमंभसापि**
**नो संगतं दिनविकाशि सरोजमिंच्छन् ।**
**नालोकितं मधुकरेण मृतं वृथैव प्रायः**
**कृतो व्यसनिनो स्वहिते विवेकः ।।९३।।**

**હંસોં દ્વારા ભુક્ત નહીં હોતા જલ સે અલિપ્ત રહતા,**
**અતઃ કઠોર કમલ જો કેવલ દિવસ-કાલ મેં હી ખિલતા;**
**યહ વિચાર નહિં કરેં, ગંધ મેં મુગ્ધ ભ્રમર કરતે પ્રાણાન્ત,**
**કહાઁ હિતાહિત કા વિવેક જો વ્યસનોં મેં હોતે હૈં ભ્રાન્ત. ૯૩.**

કમળ એટલું બધું કઠોર છે કે જેને હંસાદિ ઉત્તમ પ્રાણીઓ પણ ભોગવતાં નથી, તેમ જળથી પણ જે લિપ્ત થતું નથી. આટલી બધી તેનામાં કઠોરતા છતાં માત્ર તેના દિન વિકાસી સ્વભાવને લઈને ગંધના વિષયમાં લુબ્ધ બનેલો ભ્રમર વિચારરહિત થઈ તેમાં ને તેમાં વ્યર્થ મૃત્યુને પામે છે તેમ રાગાંધ–વિષયમાં વ્યસનીઓને ખરેખર પોતાના હિતનું કે અહિતનું ભાન રહેતું નથી.

પહેલા ભ્રમરને ભાન નથી કે હંસરાજે પણ આનું સેવન કર્યું નથી. પોતાના નિકટ પરિચયી જળથી પણ જે મળતું નથી–ન્યારૂં રહે છે એવું એ કઠોર છે, વળી રાત્રિ સમય થતાં તુરત બીડાય છે, છતાં મૂર્ખતાવશ માત્ર વાસમુગ્ધ બની બિચારો મરણને શરણ થાય છે.

તેમ સરાગી અને વિષય-સુખસામગ્રીના લોભી મુગ્ધ જીવો એટલો પણ વિચાર કરતા નથી કે મહા પુરુષો પણ જેને સેવતા નથી, વળી જે ભોગાદિ વડે કઠોર દુઃખકર્તા છે, અત્યંત નિકટ એવો જે નિર્મળ આત્મસ્વભાવ તેથી જે ન્યારા છે, પાપ ઉદયકાળે જોત જોતામાં વિલય પામી જાય એવા ચંચળ છે, છતાં એવા એ વિષય-ભોગાદિમાં શું રતિ (પ્રીતિ) કરવી?

વિષય-ભોગાદિના રાગી અને મુગ્ધ જીવો નિરર્થક પાપબંધ કરી નરકાદિ ભયંકર દુઃખના પાત્ર બને છે. અહો! વ્યસન મુગ્ધ બનેલા જીવોને પોતાના હિતનું પણ ભાન નથી! આસક્તતામાં ગૃદ્ધ બની પહેલાં તો તેઓ નિર્વિચારપણે વિષયરૂપ ભયંકર અગ્નિમાં ઝુકાવે છે, પણ જ્યારે પરિપાક કાળે તેને ઉચિત ફળ આવે છે ત્યારે અત્યંત દુઃખી થાય છે. હે જીવ! એ વિષયાદિ ભાવોમાં તારી બુદ્ધિ રમી રહી છે, પરંતુ તું નિશ્ચિંત માન કે એ તારા સુખના સાધન નથી.

એ વિષયાદિ સુખ કેવાં છે :—

**सपरं बाधा सहियं विच्छीण्णं बधकारणं विसमं ।**
**जं इंदिएहिं लद्धं, तं सोक्खं दुःखमेव तहा ।।**

સર્વ ઇન્દ્રિય-વિષય સુખો પરાધીન, બાધાસહિત, વિનાશી, બંધનાં કારણ અને સર્વ દેશકાળમાં એક સરખાં નહિ રહેવાવાળાં એવાં વિષય છે. તેથી એ સુખો સુખ નહિ પણ વાસ્તવિક દુઃખ જ છે. (પ્રવચનસાર ગાથા ૭૬)

જે સુખ સ્વાધીન, આત્માને અબાધક, અવિનાશી, અપ્રતિબંધરૂપ અને એક સરખું ધારા પ્રવાહરૂપ હોય તે જ ખરેખર સુખ છે, અન્યત્ર સર્વ સુખાભાસ છે. ઇન્દ્રિયજન્ય વિષયાદિ સુખોમાં જીવને અનંત કાળના અધ્યાસે કરીને સુખની કલ્પના થાય છે અને એ જ અનંત જન્મ-મરણાદિ ભવ પરિભ્રમણના હેતુરૂપ અનાદિની જીવની ભ્રાંતિ છે. નિરાકુળ, નિર્મળ અને સ્વાધીન સુખનો એક સમય પણ દેવરાજ ઇન્દ્રની આખી આયુષ્યના સર્વ સમય કરતાં અત્યંત મૂલ્યવાન અને વંદ્ય છે—એમ પૂર્વ મહાપુરુષો કહે છે. કોઈ તથારૂપ દશાવાન મહાપુરુષના જોગ અને સંગ વિના તથા જડથી ઓસરી કંઈક જીવ સન્મુખ વાસ્તવિક દૃષ્ટિ થયા વિના એ વાતની જીવને સુપ્રતીતિ આવતી નથી.

ભાઈ! સંસારની કોઈ એકાદ વિષયજન્ય ઇચ્છાની તૃપ્તિથી ઉત્પન્ન થતા સુખ (સુખ નહિ પણ સુખાભાસ) કરતાં અનંત અતૃપ્ત ઇચ્છાઓનું ભયંકર દુઃખ જીવ પ્રતિપળે અનુભવે છે અને

તે દુઃખે નિરંતર ભયાકુળ છે, પરંતુ ઇન્દ્રિયવિષયલુબ્ધતા આડે જીવને વસ્તુ વિચાર ભણી અવકાશ જ નથી અને તેથી જ સમ્યગ્જ્ઞાનની પ્રાપ્તિ જીવને પરમ દુર્લભ થઈ પડી છે.

**प्रज्ञेव दुर्लभा सुष्ठु दुर्लभा सान्यजन्मनि ।**
**तां प्राप्य ये प्रमाद्यन्ति ते शोच्याः खलु धीमताम् ।।९४।।**

**સદ્‌બુદ્ધિ હોના દુર્લભ હૈ, અતિ દુર્લભ વિચાર પરલોક;**
**બુદ્ધિ પ્રાપ્ત કર રહેં પ્રમાદી, અતઃ જ્ઞાનિયોં કો હૈ સોચ. ૯૪.**

આ સંસારમાં સદ્‌વિચારરૂપ બુદ્ધિ હોવી પરમ દુર્લભ છે. તેમાં પણ પરલોક હિતાર્થ ભણી બુદ્ધિ થવી તો અત્યંત દુર્લભ છે. એવી બુદ્ધિ પ્રાપ્ત થયા છતાં પણ જે જીવો પ્રમાદી બની રહ્યા છે તે જોઈ જ્ઞાની પુરુષોને શોક અને દયા ઉત્પન્ન થાય છે.

એકેન્દ્રિય આદિથી લઈને અસંજ્ઞી પંચેન્દ્રિય પર્યંત સર્વ જીવોને તથા અપર્યાપ્ત આદિ સંજ્ઞી જીવાત્માઓને તો વિચાર જ નથી. સંસાર-પરિભ્રમણ કરતો જીવ એ સ્થિતિમાં ઘણો કાળ ભમે છે. એટલે પ્રથમ તો સંજ્ઞીપણું જ પામવું અતિ દુર્લભ છે. કવચિત્ કોઈ જીવને બુદ્ધિની પ્રાપ્તિ થાય, તોપણ પરલોક હિતાર્થે ધર્મરૂપ વિચાર થવો એ તો અતિ-અતિ દુર્લભ છે. અનંતવાર મન સહિત સંજ્ઞીપણું જીવ પામે, તોપણ ધર્મબુદ્ધિ કોઈ વિરલ ભાગ્યવાન આત્માને જ પ્રાપ્ત થાય છે. કોઈ પરમ ભાગ્યોદયે સદ્ધર્મબુદ્ધિ પામીને પણ એ જ જીવો સ્વહિત ભણી પ્રમાદિત અને શિથિલ રહે છે. એ જોઈ જ્ઞાની પુરુષોને શોક થાય છે કે અહો! આ બિચારા જીવો કલ્યાણ કમાવાનો ખરેખરો અવસર પામીને પણ ભૂલે છે. કોણ જાણે આમનું શું એ ભવિતવ્ય સર્જીત હશે! અતિ કરુણાદ્ર ચિત્ત તે મહત્પુરુષો વારંવાર કહી ગયા છે કે હે પ્રિય ભવ્યો! ધર્મબુદ્ધિ પામીને પ્રમાદ યુક્ત રહેવું એ તમને કોઈ રીતે યોગ્ય નથી. આવું માનવપણું પામવું પરમ દુર્લભ છે :—

**रयणुव्व जलहि पडियं मणुयत्तं तं पि होइ अइदुलहं ।**
**एवं सुणिच्चइत्ता मिच्छ कसायेय वज्जेह ।**

''હે ભવ્યાત્મન્! જેમ સમુદ્રના મધ્ય ભાગે પડેલું રત્ન ફરી પામવું દુર્લભ છે, તેમ તું નિશ્ચયથી માન કે આ મનુષ્યપણું પામવું અતિ અતિ દુર્લભ છે. આવું સંજ્ઞી મનુષ્યપણું પામીને તો મિથ્યાત્વ કષાયાદિને છોડ!'' (સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષા–ગા૦ ૨૯૭)

અલભ્ય માનવ જીવનમાં બુદ્ધિને પામીને પરાક્રમી પુરુષો પણ આત્માર્થને જતો કરીને લક્ષ્મી આદિ ક્ષણવિનાશી અસત્ પદાર્થોની અભિલાષાથી રાજ-સેવા કરે છે, એ જોઈ શોચપૂર્વક શ્રીગુરુ કહે છે કે :—

**लोकाधिपाः क्षितिभुजो भुवि येन जाता-**
**स्तस्मिन् विधी सति हि सर्वजनप्रसिद्धे ।**

**शोच्यं तदेव यदमी स्पृहणीयवीर्य्या-**
**स्तेषां बुधाश्चवत किंकरतां प्रयान्ति ।।९५।।**

**જિસસે હુએ લોકપતિ રાજા જન-પ્રસિદ્ધ વહ ધર્મ-વિધાન;**
**સોચનીય! સક્ષમ હોકર ભી જ્ઞાની નૃપ કે કિંકર જાન. ૯૫.**

ધર્મના સેવનથી જીવ રાજાઓનો પણ સ્વામી થાય છે કે જેનું બળ પરાક્રમ સ્તુતિ કરવાયોગ્ય હોય છે, એ વાત જગ પ્રસિદ્ધ છે. છતાં અજ્ઞાની મૂર્ખ જીવ લક્ષ્મીને અર્થે રાજાઓની સેવા–કિંકરપણું કરે છે તે જોઈ શોક થાય છે કે આમ પ્રત્યક્ષ ધર્મસેવનનું ફળ દેખવા છતાં જીવો ધર્મસેવા છોડી શું કરવા રાજસેવા કરતાં હશે?

રાજ્યાદિ ઉત્કૃષ્ટપદ માત્ર ધર્મસેવનનું ફળ છે, એ વાત લોકમાં પણ પ્રસિદ્ધ છે. ધર્મસાધનની સર્વ સામગ્રી મળવાથી જ ધર્મસાધન થઈ શકે. પોતે પરાક્રમવંત, સમર્થ અને ધર્મફળ જાણવામાં ચતુર છે, છતાં રાજ્યાદિ અનુપમ વિભૂતિની પ્રાપ્તિના અનન્ય કારણરૂપ ધર્મને નહિ સાધતાં માત્ર ધનાદિ વિનાશી વિભૂતિના લોભથી ધર્મને જતો કરીને પણ રાજા–મહારાજા આદિની સેવા કરે છે એ જોઈ શોક થાય છે કે જે ધર્મના પસાયે આ રાજ્યાદિ વિભૂતિસંપન્ન થયો તે ધર્મનું સેવન છોડી આ મૂર્ખ શાથી રાજસેવા કરી રહ્યો હશે? ધર્મસેવન છોડી અન્ય કાર્ય કરવું એ શું આ સુઅવસરે ઉચિત છે? અરે! ફરી આવું સાધન-સામગ્રીસંપન્ન માનવપણું પામવું પરમ દુર્લભ છે, એ કેમ લક્ષમાં નહિ આવતું હોય?

''**चत्तारि परमंगाणि–दुल्लहाणीय जन्तुणो**''
''**माणुसत्तं सुई सद्धा संजमंम्मि य विरियं**''

''મનુષ્યપણું, આપ્ત-ઉપદિષ્ટિત શ્રુતધર્મનું શ્રવણ, તે પ્રત્યે શ્રદ્ધા અને અંતમાં સંયમને વિષે બળ પરાક્રમનું ખર્ચવું—એ ઉત્તરોત્તર અતિ-અતિ દુર્લભ છે. એમ જાણી ઉપરોક્ત ચાર પરમ મંગલમાંથી મળેલ મનુષ્યપણાને બાકીના ત્રણ પરમમંગલથી અલંકૃત કરો–શોભાવો!'' રાજપદ તો શું પણ તેથીએ ઉત્કૃષ્ટ અનુપમ લક્ષ્મીના હેતુભૂત ધર્મને પ્રાપ્ત કરવાની આ અપ્રાપ્ય મોસમમાં કુસકા (વિનાશી વિભૂતિ) લેવા ભણી દોડી વ્યર્થ કાળ વ્યય કરવો એ સુબુદ્ધિમાનને યોગ્ય નથી. રાજ્યાદિ વિનાશી ચપળ વિભૂતિ તો ધર્મમાર્ગે પ્રયાણ કરતાં વચ્ચે-વચ્ચે સહેજે આવી મળશે એ તરફની અતિ ઘેલી આતુરતા છોડો.

ધર્મનું સ્વરૂપ, ફળ તથા તે માર્ગ, સૂત્રકાર દર્શાવે છે :—

**यस्मिन्नस्ति स भूभृतो धृतमहावंशाः प्रदेशः परः**
**प्रज्ञापारमिता धृतोन्नतिधना मूर्ध्नाश्रियन्ते श्रिये ।**

**भूयांस्तस्य भुजंङ्गदुर्गमतमो मार्गों निरासस्ततो**
**व्यक्तं वक्तुमयुक्तमार्य्यमहतां सर्वार्थसाक्षात्कृतः ।।९६।।**
**મહાવંશ કા ધારક ભૂભૃત જિસકા વહ ઉત્કૃષ્ટ પ્રદેશ,**
**માત્ર બુદ્ધિ સે અન્ત જ્ઞાત હો ઉન્નત શિખરોં સહિત નગેશ;**
**સર્પોં દ્વારા દુર્ગમ એવં દિશા શૂન્ય હૈ વિસ્તૃત માર્ગ,**
**મહાપુરુષ કહ સકે નહીં સર્વાર્ય કિયા હૈ સાક્ષાત્કાર. ૯૬.**

શ્લેષ અલંકારયુક્ત આ શ્લોકના બે અર્થ થઈ શકે છે. કોઈ રાજાનો સર્વાર્ય નામનો મંત્રી હતો. તેણે કોઈ કૃષ્ણ નામના રાજાનો ખજાનો જે અતિ દુર્ગમ સ્થાનમાં હતો તે અતિ પુરુષાર્થ કરી પ્રગટ કર્યો. તે સ્થાન કે જ્યાં મોટા-મોટા ગગનસ્પર્શી પર્વતો છે, જ્યાં મોટાં મોટાં વાંસાદિ વૃક્ષોનાં જંગલ છે, તીવ્ર બુદ્ધિમાનને જ જે સ્થાન ગમ્ય થાય તેવું છે, જેનાં અડોલ અને અતિ ઊંચા શિખરો જાણે ગગનને માપી રહ્યાં હોય એવા વિસ્તીર્ણ પર્વતો યુક્ત પ્રદેશોમાં માર્ગ પણ અતિ વિષમ અને અતિ લંબાઈ વાળો છે, જ્યાં મોટા-મોટા નાગરાજ (ભયંકર–સર્પ) ઠામ-ઠામ વિચરે છે, પૂર્વ પશ્ચિમાદિ દિશાઓની પણ જે પ્રદેશમાં સુધ રહેવી અતિ મુશ્કેલ છે, આવો પ્રદેશ સર્વ સાધારણ જનોને ગમ્ય થાય એમ કહેવું પણ અયુક્ત છે, એવા પ્રદેશને એ સર્વાર્ય નામના મંત્રીએ પ્રગટ કર્યો, અર્થાત્ ત્યાં જઈને કૃષ્ણ રાજાનો મહાનિધિ જે ઘણા કાળથી અપ્રગટ અને અગોચર હતો તે સાક્ષાત્ પ્રાપ્ત કર્યો અને આનંદયુક્ત થયો. એમ એ પ્રથમ અર્થ વિષે એ સર્વાર્થ મંત્રીની પ્રશંસા કરી. હવે શ્લોકનો બીજો અર્થ ગ્રંથકાર સ્વયં કહે છે : प्रदेशः परः ''પ્રદેશ'' એટલે ધર્મ અર્થ અને ''પરઃ'' ઉત્કૃષ્ટ અર્થાત્ ધર્મ એ સર્વ પદાર્થોમાં પ્રધાન ઉત્કૃષ્ટ પદાર્થ છે. ધર્મફળના અસ્તિત્વને લઈને રાજા લોકો લક્ષ્મીને અર્થે પણ વંદનીય થાય છે, લોકો તેને શિરોમણી ગણે છે. લોકો લક્ષ્મીને અર્થે તે રાજપુરુષની આગળ શિર ઝુકાવે છે. આ બધું શું છે? માત્ર એક પૂર્વ ધર્મકરણીનું ફળ છે. એ રાજપુરુષો કે જેઓ ઇક્ષ્વાકુ આદિ ઉત્તમ વંશમાં ઉત્પન્ન થાય છે, બુદ્ધિમાન છે, વળી ઉન્નત્ત ધન ભંડારવાળા છે, એવા રાજપુરુષો ધર્મના પસાયથી એ રાજ્યાદિ વિભૂતિથી વિભૂષિત થયા છે. એ ધર્મરૂપ પ્રદેશનો માર્ગ–દાન, વ્રત, શીલ, ત્યાગ આદિ અનેક અંગરૂપ છે, એ આશાથી કેવળ રહિત છે, ભુજંગ જે કામીજનો તેમને અતિ દુર્ગમ એટલે અગોચર છે, આર્ય જે શ્રી તીર્થંકરાદિ મહાપુરુષો તે પવિત્ર અને શાશ્વત સત્ય માર્ગના પ્રણેતા છે, અમારા જેવા મંદબુદ્ધિના ધણી તે માર્ગને સર્વાંશે કહેવા અશક્ત છે. શ્રી ગણધર દેવાદિ સત્પુરુષોને સર્વદા વંદનીય–સેવ્ય એવા શ્રી તીર્થંકરદેવે એ શાશ્વત અનુપમ માર્ગ બોધ્યો છે કે જે સર્વથી અધિક પ્રતીતિ કરવાયોગ્ય છે, યાવત્ ધારણ કરવાયોગ્ય છે.

શરીરાદિ પરવસ્તુથી વૈરાગ્ય ઉપજાવી ધર્મ અને અધર્મ માર્ગને નિષ્કામપણે પ્રતિબોધતા એવા મુનિજનો કે જેઓની પ્રવૃત્તિ માત્ર સ્વ-પર ઉપકારપણે સહજપણે પ્રવર્તી રહી છે, તેમની સર્વોત્કૃષ્ટ દશાને હે જીવ! તું જો!

**शरीरेऽस्मिन सर्वाशुचिनि बहुदुःखेपि निवसन्**
**व्यरंसीन्नो नैव प्रथयति जनः प्रीतिमधिकाम् ।**
**इमां दृष्ट्वाप्यस्माद्विस्मयितुमेनं च यतते**
**यतिर्याताख्यानैः परहितरतिं पश्य महतः ।।९७।।**

**સર્વ દુઃખોં કી જનક સર્વથા અશુચિ દેહ મેં રહકર ભી,**
**નહિં વિરક્ત હોતા હૈ પ્રાણી કરે પ્રીતિ દુઃખ સહકર ભી;**
**ઐસી દશા દેખ કર યતિગણ હમેં જગાતે હૈં વૈરાગ,**
**ઇસ તન સે અબ હો વિરક્ત! દેખો ઇનકા પર-હિત અનુરાગ. ૯૭.**

અનેક પ્રકારનાં શારીરિક અને માનસિક તીવ્ર દુઃખ જેમાં નિરંતર રહ્યાં છે, એવા મહા અપવિત્ર શરીરમાં વસી રહેલો આ જીવ શરીરથી જરાય વિરક્ત થતો નથી, પરંતુ ઉલટો તે શરીર પ્રત્યે અધિકાધિક રાગ વિસ્તારે છે; તેમને મુનિજનો સારભૂત બોધ આપી શરીરથી વિરક્ત થવાનો યત્ન કરે છે; એવા મહા મુનિજનોની પરહિત ભણી સદોદિત સમ્યક્ અનુરાગશીલતા તો તું જો!

જેથી આપણને બીજાઓ ભલો માને અને જેમાં આપણો મનોકલ્પિત અભિપ્રાય પણ સાધ્ય થતો હોય એવો ભળતો જ બોધ આપવાવાળા તે જગતમાં ઘણા છે, પરંતુ શરીરને અપવિત્ર અને પરમદુઃખનું કારણ પ્રત્યક્ષ જોવા છતાં પણ જે જીવો તેથી વિરક્ત થતા નથી, પરંતુ તે પ્રત્યે અતિ-અતિ પ્રીતિ કરે છે; તેવા બહિર્દૃષ્ટિ જીવોને, જેમ આસક્તિથી દીપકની જ્વાળામાં પડતાં પતંગને કોઈ દયાવાન સજ્જન બચાવે તેમ, મોહકૂપમાં પડતા બચાવી લેવાને સમ્યક્ ધર્મોપદેશ આપી શરીરથી વિરક્ત કરે તેવા પરહિતકારક વિશુદ્ધમાર્ગ-ઉપદેષ્ટા કોઈ વિરલ જ હોય છે. મહાપુરુષોનો એ બોધ પ્રથમ કદાચ શ્રોતાને કટુક લાગે, તોપણ તેઓ જાણે છે કે આ આત્મા અજ્ઞાનથી શરીરના રાગે ઘણો દુઃખી થશે, એમ ચિંતવી દયાથી ભીંજાયેલ અંતઃકરણે શ્રોતાને સુખાવહ સમ્યક્ બોધ આપ્યા જ કરે છે. બાકી તેઓને અન્ય કોઈ પ્રકારની સ્પૃહા નથી. એ મહાપુરુષોની કરુણા તો જુઓ! કેવું અચિંતનીય કરુણાળપણું!

**इत्थं तथेति बहुना किमुदीरितेन**
**भूयस्त्वयैव ननु जन्मनि भुक्तमुक्तम् ।**

**एतावदेव कथितं तव संकलय्य**
**सर्वापदां पदमिदं जननं जनानाम् ।।९८।।**
**યહ શરીર ઐસા વૈસા હૈ બહુત કથન મેં ક્યા હૈ સાર;**
**તૂને બાર-બાર ભોગા સબ દુઃખ કા ઘર યહ સમજો સાર. ૯૮.**

હે જીવ! આમ છે અને તેમ છે, એમ ઘણું કહેવાથી શું સિદ્ધિ છે? આ સંસારમાં પરિભ્રમણ કરતાં તેં આવા શરીર તો અનંતવાર મેળવ્યા અને છોડ્યા. ટૂંકામાં એટલું જ કહેવાનું કે જીવને શરીર એ જ સર્વ આપત્તિનું સ્થાન છે.

અનેક પ્રકારે દૃષ્ટાંત અને દ્રાષ્ટાંતાદિ દ્વારા ઘણું-ઘણું કહેવા છતાં તને તેની કંઈપણ અસર ન થઈ તો તેથી હવે તને ઘણું કહેવું નિષ્ફળ છે. આ અનાદિ-અનંત સંસાર વાસમાં પરિભ્રમણ કરતાં એકને છોડી બીજું અને બીજાને છોડી ત્રીજું એમ ઉત્તરોત્તર અનંત શરીરો શરીરના રાગે ગ્રહ્યાં અને છોડ્યાં, છતાં હજુ સુધી તે પ્રત્યેની તારી મૂર્છા નિવૃત્ત થઈ નહિ. સંક્ષેપમાં એટલું જ કહેવાનું કે જન્મ, મરણ, ક્ષુધા, તૃષા અને રોગ આદિ સર્વ ભયંકર આપત્તિનું સ્થાન એ શરીર જ છે. તેથી સર્વથા વિરક્ત થઈ કોઈ એવો ઉપાય કરવો આવશ્યક છે કે જેથી જીવને અનંત દુઃખની ખાણરૂપ શરીરની જ ફરી પ્રાપ્તિ ન થાય.

**अन्तर्वांतं वदन विवरे क्षुत्तुषार्तः प्रतीच्छन्**
**कर्मायत्तः सुचिरमुदरावस्करे वृद्धगृद्धया ।**
**निष्पन्दात्मा कृमिसहचरो जन्मनि क्लेशभीतो**
**मन्ये जन्मिन्नपि च मरणात्तन्निमित्ताद्बिभेषि ।।९९।।**
**ભક્ષિત અન્ન હેતુ મુઁહ ફાડે ક્ષુધા-તૃષા પીડિત હો દીન?**
**બઢને કી આકાંક્ષા સે હો માત-ગર્ભ મેં કર્માધીન;**
**કૃમિ સમૂહ સહ જન્મ-ક્લેશ સે ડરકર રહતા હૈ નિસ્પન્દ,**
**મરણ જન્મ કા કારણ અતઃ મરણ-ભય સે હોતા આક્રાન્ત. ૯૯.**

હે પ્રાણી! વિષ્ટાના સ્થાનરૂપ માતાના ઉદરમાં માતાનું ઉચ્છિષ્ટ નિંદ્ય અન્નમાંનું ''કોઈ બુંદ મારા મુખમાં ક્યારે પડે'' એવી તીવ્ર ચાહનામાં ને ચાહનામાં ઘણા કાળ સુધી મુખ ફાડીને તું રહ્યો. વળી ઉદરનું ક્ષેત્ર અતિ સાંકડુ હોવાથી હલન-ચલન રહિતપણે ક્ષુધા, તૃષાથી તું ઘણો કદર્થિત થયો. કૃમી અને બીજા એવા સૂક્ષ્મ જીવો ત્યાં તારા સાથી હતા. કોઈ મહાન અંધકારમય પર્વતની વિષમ કંદરા કરતા મહા ભયંકર એવા એ ગર્ભાશય ક્ષેત્રમાં લગભગ નવ માસ જેટલા લાંબા વખત સુધી તું વસ્યો કે જ્યાં હવા નહિ, પ્રકાશ નહિ, મોકળાશ નહિ અને યોગ્ય ખોરાક–પાણી

પણ નહિ. હું તો એમ સમજું છું કે એ ગર્ભવાસનાં ભયંકર વિષમ દુઃખોથી અતિ કાયર થઈને ભાવી જન્મના કારણરૂપ એવા આગામી મરણથી તું વારંવાર ડરે છે. નરકાદિકમાં શરીર સંબંધને લઈને જે દુઃખો પ્રાપ્ત થાય છે તે તો દૂર છે, પણ વર્તમાન ઉત્તમ મનુષ્યપર્યાય ગ્રહણ કરતાં ગર્ભાવસ્થામાં હે જીવ! તું કેવા ભયંકર દુઃખોને પામ્યો છે, તે તો વિચાર! મરણ થયા પછી નવીન શરીર ધારણ કરવું જ પડશે અને ગર્ભ વિના જન્મ નથી એટલે તારે તો 'पुनरपि जननम् पुनरपि मरणम् पुनरपि जननीजठरे शयनम्' એ કહેવત જેવું જ થયું અને વાસ્તવ્ય પણ એમ જ છે.

ગર્ભાવસ્થાનાં અનંત દુઃખો તેં સહ્યાં છે, એટલે એવી ને એવી ભાવિની દહેશતથી મને લાગે છે કે તું મરણથી ડરે છે. હે પ્રાણી! શરીરની ઉત્પત્તિમાં જ જો તું એવું ભયંકર દુઃખ સમજતો હોય તો હવે જેથી એવું દુઃખ ન થાય એવો ઉપાય શીઘ્ર કર!

હે જીવ! આજ સુધી સર્વ પર્યાયમાં તેં તારા જ ઘાત અર્થે બધી પ્રવૃત્તિ કરી. એ તું જરા સ્વચ્છ દૃષ્ટિ કરીને જો.

**अजाकृपाणीयमनुष्टितं त्वया विकल्पमुग्धेन भवादितः पुरा ।**
**यदत्र किंचित्सुखरुपमाप्यते तदार्थ विद्धयन्धकवर्तकीयकम् ।।१००।।**

**પ્રાણી તૂને કિયા આજ તક અજા-કૃપાણીય સમ કાર્ય;**
**સુખ સામગ્રી મિલે યહાઁ જો અન્ધક-વર્તકીય સમ ન્યાય. ૧૦૦.**

હે ભોળા પ્રાણી! તેં આ પર્યાય પહેલાં સર્વ કાર્ય 'अजाकृपाणीयवत्' કર્યાં. કોઈ મનુષ્ય બકરીને મારવા માટે છરી ઇચ્છતો હતો, પણ બકરીએ જ પોતાની ખરીથી પોતાના નીચે દટાયેલી છરી કાઢી આપી, જેથી તે જ છરીથી તે મૂર્ખ બકરીનું મરણ થયું. તેમ જે કાર્યોથી તારો ઘાત થાય–બુરૂં થાય, તે જ કાર્ય તેં કર્યું. ખરેખર તું હેય-ઉપાદેયના વિવેકથી રહિત મૂર્ખ છે.

આ સંસારમાં જે કંઈ કિંચિત્ સુખરૂપ ભાસતા વિષયાદિનાં સેવન છે તેને તું ''अंधकवर्तकीयक्र'' જાણ. અર્થાત્ જેમ કોઈ આંધળો માણસ તાળી દેતાં બટેરાંને પકડે એ ન બનવા જેવું આશ્ચર્ય છે, તેમ એ વિષયાદિ સેવન માત્ર ક્ષણિક છે, ચપળ છે.

પોતાની જ ખરી વડે પોતાનો જ ઘાત કરવા ઇચ્છતા મનુષ્યને, પોતે જ પોતાના નીચે દટાયેલી છરી કાઢીને ધરવી એ જેમ બકરાને માટે સ્વઘાતક કાર્ય છે, તેમ આ મનુષ્ય પર્યાયમાં તને જે કાંઈ વિષયાદિ સેવનથી સુખ જેવું ભાસે છે અને તેથી તું એમ માની રહ્યો છે કે 'આ સુખ અવસ્થા મારી આમ સદાય બની રહેશે,' એમ સમજી નિશ્ચિંત થઈ રહ્યો છે, પણ એ ભરોસે નિશ્ચિંત રહેવું તને યોગ્ય નથી. તારો એ વિચાર તને જ ઘાતરૂપ છે, તેનું તને લેશ ભાન છે? એ વિષયાદિ સેવનમાં સુખ નથી જ! સુખાભાસ માત્ર છે અને તે પણ ક્ષણિક છે. એમ જાણી તેની લુબ્ધતામાં અજ્ઞાન વડે આ અમૂલ્ય માનવ જીવનનો હીન ઉપયોગ ન કર! એથી તારો જ ઘાત થાય છે તે

વિચાર! પોતાના ઉપયોગને પોતે જ મલીન કરી પોતાના જ શુદ્ધ જ્ઞાન, દર્શન, સુખાદિ ભાવપ્રાણનો નાશ કરી આનંદ માણવો એ પહેલાં બકરા જેવું સ્વઘાતક કાર્ય નહિ તો બીજું શું? અનાદિ કાળથી જીવ આમ જ કરતો ચાલ્યો આવે છે. ઉપયોગની મલિનતા એ જ મરણ! અને સમયે-સમયે મૂર્ખ જીવ પોતાના નિર્મળ ઉપયોગને આમ એંઠો કરી ખુશી થાય છે. આવાં નિરંતર થઈ રહેલાં ભાવ મરણને પાછો પોતાનું જીવન માને છે, આનંદ માને છે, એ એક ભયંકર ઘેલછા નહિ તો બીજું શું?

**हा कष्टमिष्टवनिताभिरकाण्ड एव**
**चंडो विखंडयतिपंडितमानिनोऽपि ।**
**पश्याद्भूतं तदपि घोरतया सहंते**
**दग्धुं तपोग्निभिरमुं न समुत्सहंन्ते ।।१०१।।**

**અહો કષ્ટ હૈ! પંડિતમાની જન કો ભી યહ કામ પ્રચંડ,**
**સુંદર નારી દ્વારા ખંડિત કરતા અસમય દેતા દંડ;**
**અતિ આશ્ચર્ય કિ ઇસ પીડા કો કરેં સહન વે હોકર ધીર,**
**કિન્તુ નહીં ઉત્સાહ તપાગ્નિ દ્વારા ભસ્મ કરેં હો વીર. ૧૦૧.**

હાય! ઘણા જ દુઃખની વાત છે કે જેઓ પોતાને પંડિત માને છે તેવાઓને પણ એ પ્રચંડ કામે ઇષ્ટ સ્ત્રીઓના નિમિત્તે જ્ઞાનીપણાથી ખંડ-ખંડ કરી મહા દુઃખી-દુઃખી કરી નાંખ્યા, છતાં એ જ પંડિતો (જ્ઞાનીઓ) એ કામને ધીરજથી સહન કરી રહ્યા છે; પણ તેને તપરૂપ પ્રચંડ અગ્નિથી ભસ્મ કરવામાં જરાય ઉત્સાહવંત થતા નથી એ પરમ આશ્ચર્ય છે!

એ કામ દેવો સુદ્ધાંત સર્વ જીવોને સતાવી રહ્યો છે. ખરેખર એ પિશાચ છે, વળગ્યો તેનો કેડો ન મૂકે એવો શેતાન છે. જેઓ પોતાને જ્ઞાની માને છે, તેમને પણ એ કામપિશાચ સ્ત્રીઓના નિમિત્તે ભ્રષ્ટ કરી અત્યંત દુઃખી કરે છે. જેમ કોઈ બુદ્ધિમાન પુરુષને કોઈ બાણથી છેદે, ત્યારે તે બાણના મારને તો સહન કરે પણ મારનારને મિત્ર ગણી તેને મારવાનો ઉપાય ન કરે ઉલટો તેની પુષ્ટતા કરે, એ ખરેખર હાસ્યજનક છે; તેમ કોઈ પોતાને જ્ઞાની માને પરંતુ તેને એ કામપિશાચ સ્ત્રીરૂપ બાણોથી પીડે તેની પીડાને તો એ સહે, પણ અભિપ્રાયમાં કામને હિતરૂપ જાણી તેને તપરૂપ (ઇચ્છાનિરોધરૂપ) જાજ્વલ્યમાન જ્ઞાનાગ્નિથી ભસ્મ કરવાનો ઉપાય ન કરે, ઉલટી તેની પુષ્ટતા કર્યા કરે એ એક પરમ આશ્ચર્ય છે!

કામપિશાચને સદંતર બાળવાના ઉત્સાહવંત પુરુષો શું કરે છે, તે કહે છે :—

**अर्थिभ्यस्तृणवद्विचिंत्य विषयान् कश्चिच्छ्रियंदत्तवान्**
**पापां तामवितर्पिणीं विगणयन्नादात्परस्त्यक्तवान् ।**

**प्रागेवाकुशलां विमृश्य सुभगोऽप्यन्यो न पर्य्यग्रही-**

**देते ते विदितोत्तरोत्तरवराः सर्वोत्तमास्त्यागिनः ।।१०२।।**

**તૃણ સમ તુચ્છ જાનકર લક્ષ્મી કોઈ જ્ઞાની દેતે દાન,**

**અસંતોષ અરુ પાપ મૂલ લખ બિના દિએ તજતે ધીમાન;**

**કોઈ મહાવિવેકી જન ગ્રહતે હી નહીં અહિતકર જાન,**

**ત્યાગી જાનેં ત્યાગ ઈસે ઉત્કૃષ્ટ એક સે એક મહાન. ૧૦૨.**

કોઈ ત્યાગી મનુષ્ય વિષયાદિને (લક્ષ્મી આદિ) તૃણ સમાન સર્વથા અકાર્યકારી જાણીને પુત્રાદિ વા યાચકાદિને અર્પણ કરે છે, તથા કોઈ ત્યાગી લક્ષ્મી આદિ સર્વ વિષય-સાધનોને પાપરૂપ અને તૃષ્ણાને વધારવાવાળાં જાણીને તેને કોઈને નહિ દેતાં જ્યાંનાં ત્યાં છોડીને પુંઠ વાળી ચાલ્યા જાય છે, ફરી પાછું વળી તેના સામે દ્રષ્ટિપાત પણ કરતા નથી. વળી કોઈ ત્યાગી તે લક્ષ્મી આદિ વિષયસાધનોને પાપનું મૂળ અને સર્વ અકલ્યાણનું કારણ સમજીને પ્રથમથી જ તેને નહિ ગ્રહણ કરતાં પરમ સૌભાગ્ય દશાને પ્રાપ્ત થાય છે.—એમ ઉપરોક્ત ત્રણે ત્યાગી પુરુષો ઉત્તરોત્તર ઉત્કૃષ્ટ છે.

પ્રથમ પ્રકારના ત્યાગીમાં કોઈ અંશે પ્રશસ્ત કષાયનો અંશ છે, જેથી કોઈને પણ આપવાના તેના પરિણામ થયા. બીજા પ્રકારના ત્યાગીમાં એ લક્ષ્મી આદિ ઉપર એવી વિરક્તતા થઈ છે કે તેને કોઈ ગ્રહો વા ન ગ્રહો, એને તો કશાથી પ્રયોજન નથી. ત્રીજા પ્રકારના ત્યાગીમાં એવા પ્રકારનો સર્વોત્કૃષ્ટ ત્યાગ-વૈરાગ્ય વર્તે છે કે પ્રથમથી જ તેને ભોગવવાના વા મેળવવાના પરિણામ જ સહેજે થતા નથી. એમ એ ત્રણે પ્રકારના ત્યાગી પુરુષો એક-એકથી ઉત્કૃષ્ટ વૈરાગ્ય પરિણામયુક્ત છે. એમ ત્યાગી પુરુષો ત્રણ પ્રકારે ત્યાગ કરે છે. જો કે એ ત્રણે ત્યાગી પુરુષોમાં એ પંચ ઇન્દ્રિય વિષયના સાધનરૂપ લક્ષ્મી આદિ પ્રત્યે સ્વરૂપપ્રતીતિ તો સમાન છે, પણ ત્યાગ પરિણામની હીનાધિકતા અંતરંગ રાગની હીનાધિકતાને લઈને વર્તે છે. ગમે તે પ્રકારે પણ એ વિષય અને લક્ષ્મી આદિ સાધનોનો ત્યાગ કરવો–થવો શ્રેષ્ઠ છે. એવી ઉત્કૃષ્ટ સંપદાને પામીને જે સત્પુરુષો તેને વાસ્તવ્ય ત્યાગ પરિણામે છોડે છે, તેમને ધન્ય છે. એમ ગ્રંથકાર નીચેના કાવ્યથી કહે છે :—

**विरज्य सम्पदः सन्तस्त्यजन्ति किमिहाद्भुतम् ।**

**मावमीत्किं जुगुप्सावान् सुभुक्तमपि भोजनम् ।।१०३।।**

**ઇસમેં ક્યા આશ્ચર્ય કોઈ નર હો વિરક્ત સંપતિ તજતે;**

**ગ્લાનિ ભાવ હોને પર ભક્ષિત ભોજન જન ક્યા નહિં વમતે? ૧૦૩.**

સત્પુરુષો વિરક્ત પરિણામે સર્વ વિષય સાધનરૂપ સંપદાને છોડે છે, એમાં શું આશ્ચર્ય છે? કારણ ગ્લાનિયુક્ત પુરુષ ભાવથી ભક્ષણ કરેલા ભોજનને પણ શું નથી વમતો?–વમે છે.

રાગી જીવોને ત્યાગ કરવાથી દુઃખ થાય છે અને દુઃખ સહવું એ એમને મન અતિ કઠણ છે. તેથી તેવા સરાગી જીવો ત્યાગ કરે એ તો આશ્ચર્યયુક્ત છે, પણ વૈરાગ્ય સમેત ચિત્તવાળા પુરુષોને ત્યાગ કરવો એમાં કાંઈ ખેદ થતો નથી. એમને મન તો એ ત્યાગ સહજ અને ઉલટો સુખાવહ થાય છે, અને સુખને કોણ નથી ઇચ્છતું? તેમનો ત્યાગ કંઈ આશ્ચર્ય યુક્ત નથી. જેમ કોઈ મનુષ્યે ભોજન કર્યા પછી તેને એમ સમજાયું કે આ ભોજનથી મારો પ્રાણ જશે વા રોગ થશે, તો તે મનુષ્ય ગમે તે ઉપાય કરીને પણ તે જમેલા ભોજનનું વમન કરે છે, તેમ પ્રાપ્ત વિષયોમાં પણ એમ સમજાયું કે આ વિષયાદિના સેવનથી મારું ખરેખર અનિષ્ટ થશે, આત્મા દિન-પ્રતિદિન રંક બનતો જઈ સ્વવીર્યથી લુંટાઈ ભાવમરણને પામશે, સ્વાધીનતાનો નાશ થશે, પરાધીનતા વૃદ્ધિ પામશે, આત્મજાગ્રતી હણાશે-નષ્ટ થશે, તેવી સમ્યક્ સમજણ ભરી ઉદાસીનતા થયે બનતા હરેક ઉપાય કરીને પણ તે લક્ષ્મી-વિષયાદિનો સમ્યક્ પ્રકારે ત્યાગ કરે છે, અને તેમાં કાંઈ આશ્ચર્ય પણ નથી.

હવે, એ લક્ષ્મી આદિને છોડતાં જુદી-જુદી પ્રકૃતિવાળા જીવો શું કરે છે, તે કહે છે :—

**श्रियं त्यजन् जडः शोकं विस्मयं सात्विकम् सताम् ।**
**करोति तत्त्वविच्चित्रं न शोकं न च विस्मयम् ।।१०४ ।।**

**લક્ષ્મી તજકર મૂઢ શોક કરતે અરુ પ્રરાક્રમી અભિમાન;**
**હૈ વિચિત્ર! તત્ત્વજ્ઞ પુરુષ નહિં કરેં શોક અથવા અભિમાન. ૧૦૪.**

મૂર્ખ અને પરાક્રમરહિત મોહી પુરુષો વશે કે કવશે એ લક્ષ્મીનો ત્યાગ કરતાં કે થતાં અતિ શોક કરે છે-ઝુરે છે અને પરાક્રમશીલ સાત્વિક પુરુષો વિસ્મય પામે છે, જ્યારે તત્ત્વજ્ઞાની પુરુષો તે લક્ષ્મી આદિનો ત્યાગ કરતાં શોક કે વિસ્મય પામતા નથી એ જ પરમ આશ્ચર્ય છે.

સંસારી જીવોને ધનાદિનો ત્યાગ કરતાં કે થતાં બે પ્રકારના ભાવ થાય છે. જે પરાક્રમ રહિત મોહી જીવો છે તેમને કોઈ કારણવશાત્ ધનાદિનો વિયોગ થાય છે ત્યારે તેઓ શોકથી અત્યંત પીડાય છે. ''અરેરે! આ કાર્ય શાથી થયું કે જેથી આ મારી પ્રિય લક્ષ્મી ગઈ?'' એમ તેઓ અત્યંત ઉદ્વેગ કર્યા કરે છે, તથા પરાક્રમશીલ પુરુષોને કોઈ કારણથી વા પોતાના ઉત્સાહથી તે ધનાદિનો ત્યાગ થાય છે, ત્યારે તેમના અંતરમાં વિસ્મય થાય છે; પરંતુ તત્ત્વજ્ઞાની આત્માઓને એ લક્ષ્મી આદિનો ત્યાગ કરતાં શોક કે વિસ્મય કંઈ પણ થતું નથી. કારણ તેઓ તે ધનાદિ પદાર્થોને વિષે સ્વપણું માનતા જ નથી, સ્પષ્ટ ભિન્ન પરદ્રવ્ય જાણે છે, અને પોતાથી સ્પષ્ટ ભિન્ન એવાં પરદ્રવ્યોનો ત્યાગ કરતાં શોક કે ગર્વ કરવો કેમ ઘટે? તેથી જ જ્ઞાની પુરુષો શોક કે ગર્વ રહિત ત્યાગના વિકલ્પ વિના સહજ દશાએ ત્યાગ કરે છે.

વિવેકી પુરુષો જેમ લક્ષ્મી આદિને ત્યજે છે, તેમ શરીરને પણ તજે છે. એ વાત ગ્રંથકાર કહે છે :—

**विमृश्योच्चैर्गर्भात् प्रति मृतिपर्यंतमखिलम्**
**मुधाप्येतत क्लेषाशुचिभयनिकाराघबहुलम् ।**
**बुधैस्त्याज्यं त्यागाद्यदि भवति मुक्तिश्च जडधीः**
**स कस्त्यक्तु नालं खलजनसमायोगसदृशम् ।।१०५।।**

**ગર્ભકાલ સે મરણ સમય તક જો ભી શારીરિક આચાર,**
**વૃથા ક્લેશમય, અશુચિભાવમય ભય-ઉત્પાદક તિરસ્કાર;**
**ઇસકો તજને સે મિલતી હૈ મોક્ષ-લક્ષ્મી કર નિરધાર,**
**કૌન કરે નહિં ખલસંગતિવત્ ઇસે ત્યાગને કા સુવિચાર. ૧૦૫.**

ગર્ભથી લઈને છેક મરણાંત સુધી આ શરીર નિરર્થક કલેશ, અપવિત્રતા, ભય, તિરસ્કાર અને પાપથી ભરપૂર હોય છે—આમ વિચારી સમજુ પુરુષોએ એવા વિટંબણાપૂર્ણ શરીરનો સ્નેહ સર્વથા ત્યજવાયોગ્ય છે. જો નશ્વર અને કેવળ દુઃખપૂર્ણ શરીરપરનું મમત્વ છોડવાથી આત્મા ખરેખર મુક્તદશાને પ્રાપ્ત થતો હોય, તો જગતમાં એવો કોણ મૂર્ખ છે કે જે તેના ત્યાગ ભણી પ્રમાદ કરે? શરીર એ ખરેખર દુષ્ટ મનુષ્યના મેળાપ જેવું છે.

દુઃખ, ભય, અપવિત્રતા, આત્મહીનતા અને પાપ એમાંનો એક અંશ પણ સત્પુરુષો સહન કરી શકતા નથી, પણ તેને છોડવા જ ઇચ્છે છે. સંસાર દશામાં તો એ સર્વ સંપૂર્ણપણે અને નિરંતર વર્તે છે. તેથી વિવેકી જનોએ એવા દુઃખ, અપવિત્રતા આદિથી ભરેલા શરીરને ખરેખર છોડવા યોગ્ય છે. જેમાં જીવને કોઈ પ્રકારનો લાભ ન હોય, ઉલટી પીડા હોય એને ક્યો મૂર્ખ છોડવા ન ઇચ્છે? જેમ દુષ્ટજનનો જરા પણ સંબંધ દુઃખકર્તા થઈ પડે છે, તેમ આ શરીરસંબંધ પણ દુઃખદાયક સમજીને તેના પરનું મમત્વ સર્વથા છોડવાયોગ્ય છે.

શરીર રાખ્યું રહે તેમ નથી. આ જગતમાં ગમે તેટલા ભગીરથ પ્રયત્ને પણ તેને કોઈ રાખી શક્યા છે? હે જીવ! રાત્રિ દિવસ તે જ દેહ અને દેહાર્થ મમત્વને લઈને તું સ્વાત્મબોધથી વંચિત રહે છે. દેહની માયા વિસારી સ્વરૂપ વિશરામી થયે જ તને વાસ્તવિક સુખના કિનારાની ઝાંખી થશે. પરિણામે તું સુખી થઈશ. માટે, દેહ પ્રત્યેનું મમત્વ છોડ!

હવે, રાગાદિ સર્વ વિભાવોને છોડવા ગ્રંથકાર સંબોધે છે :—

**कुबोधरागादिविचेष्टितिः फलम्**
**त्वयापि भूयोजननादि लक्षणम् ।**

**प्रतीहि भव्यप्रतिलोमवर्तिभि-**
**र्ध्रुवंफल प्राप्स्यसि तद्विलक्षणम् ।।१०६।।**

**જન્માદિક ફલ પાયે હૈં કુજ્ઞાન-રાગ સે બારમ્બાર;**
**અબ વિપરીત પ્રવર્તન કરકે, અજર-અમર ફલ પા શિવકાર. ૧૦૬.**

હે ભવ્ય! તું અજ્ઞાન અને રાગાદિ પૂર્ણ વિરુદ્ધ ચેષ્ટાઓ વડે વારંવાર જન્મ–મરણાદિ ફળને પામ્યો. હવે કોઈ એવી જ પ્રતીતિ કર કે જેનાથી વિપરીત પ્રવૃત્તિ કરી વિલક્ષણ ફળને તું પ્રાપ્ત થાય.

''જે કારણોથી જે ફળ નીપજે તેનાથી ઉલટાં કારણોથી ઉલટું ફળ થાય'' એ વાત લોકમાં પણ પ્રચલિત છે, જેમ ગરમીથી થયેલો રોગ શીતોપચારથી નાશ થાય છે. તું અજ્ઞાન અને અસંયમે કરીને જ જન્મ–મરણાદિ ફળને પામ્યો. જે કારણથી એક જ વાર કોઈ કાર્ય થાય ત્યાં કદાચ એમ પણ ભ્રમ થાય કે આ ફળ કોઈ બીજા જ કારણથી થયું હોવું જોઈએ, પરંતુ સંસારી જીવોને તો વારંવાર અજ્ઞાન અને અસંયમનું સેવન પ્રત્યક્ષ જણાય છે, અને તેથી જન્મ–મરણાદિક દુઃખો પણ વારંવાર દેખાય છે. એટલે આ નિર્ણય કાંઈ ભ્રમ નથી. જેમ કોઈ વસ્તુ ખાવાથી તુરત જ કોઈ રોગ ઉત્પન્ન થાય તો સમજવું કે આ રોગનું કારણ તે ખાધેલી વસ્તુ છે. બીજાને તે પ્રમાણે થયું હોય, અને તને ન થયું હોય તો કદાચ ભ્રમ મનાય. પણ તું જ પોતે વિચાર કે હું કેમ પરિણમી રહ્યો છું? અને શું ફળ અનુભવી રહ્યો છું? હે ભાઈ! સ્થિર વિચાર કરતાં આ ફળ જો તને બુરૂં લાગતું હોય તો હાલ તું જે અજ્ઞાનાદિ ભાવે પરિણમી રહ્યો છે, તેમ પરિણમવું છોડી દે અને એ અજ્ઞાન અને અસંયમથી ઉલટા સમ્યક્જ્ઞાન-ચારિત્રનું ભક્તિથી સેવન કર! કે જેથી એ જન્મ–મરણાદિ ફળથી ઉલટા અવિનાશી સુખરૂપ મોક્ષફળને તું પ્રાપ્ત થાય. આ કાંઈ ભ્રમ નથી. સમ્યગ્જ્ઞાન–ચારિત્રને સેવવાવાળા જીવો જગતમાં બહુ થોડા છે, તેમને અનાદિ અજ્ઞાન અને અસંયમજનિત આકુળતા મટીને કોઈક અંશે વાસ્તવ્ય સુખ અનુભવાય છે, તે ઉપરથી એ સમ્યગ્જ્ઞાન ચારિત્રના યથાર્થ અને પૂર્ણ સેવનથી પૂર્ણ સ્વાધીન સુખ પ્રાપ્ત થાય, એમ સ્પષ્ટ પ્રતીતિમાં આવે છે. જેમ કોઈ ઔષધિના સેવનથી રોગ ઘટતો જણાય તો એમ સ્પષ્ટ સમજાય છે કે આ જ ઔષધિના સેવનથી અવશ્ય સર્વથા રોગ મટી પૂર્ણ આરોગ્યતા પ્રાપ્ત થશે. એટલે નિશ્ચિત છે કે સમ્યગ્જ્ઞાન-ચારિત્રના યથાર્થ સેવનથી સર્વ દુઃખોનો ક્ષય થઈ પૂર્ણ સ્વાધીન અને શાશ્વત સુખ પ્રાપ્ત થાય છે.

ગ્રંથકાર એ જ સ્વાત્મશાંતિરૂપ શાશ્વત સુખને ઇચ્છતા મુમુક્ષુને તે ફળની પ્રાપ્તિના માર્ગ ભણી પ્રેરણા કરતાં કહે છે કે :—

**दयादमत्यागसमाधिसंततेः पथि प्रयाहि प्रगुणं प्रयत्नवान् ।**
**नयत्यवश्यं वचसामगोचरं विकल्पदूरं परमं किमप्यसौ ।।१०७।।**

**દયા-દમ-ત્યાગ સમાધિ માર્ગ મેં યત્નશીલ હો કરો પ્રયાણ;**

**ઇસસે પાઓગે તુમ વચન-વિકલ્પ અગોચર પદ નિર્વાણ. ૧૦૭.**

સ્વપર જીવોની કરુણા તે દયા, ઇન્દ્રિય અને મનનો નિરોધ તે દમ, પરિગ્રહને છાંડવો તે ત્યાગ અને વીતરાગ દશારૂપ પરિણામ સુખમાં નિમગ્નતા તે સમાધિ. એ દયા, દમ, ત્યાગ અને સમાધિરૂપ સન્માર્ગ વિષે તું યત્નપૂર્વક અને નિષ્કપટ પરિણામે પ્રવર્તે. એ પવિત્ર માર્ગ તને અનિર્વચનીય અને નિર્વિકલ્પ શુદ્ધ ચૈતન્યપદને વિષે સ્થાપન કરશે કે જે પદ તારા શાશ્વત્ અવિચ્છિન્ન સુખની પરિસીમા છે.

જેમ કોઈ મનુષ્ય પોતાને ઇષ્ટ નગરના ખરેખરા માર્ગને વિષે સીધો ચાલ્યો જાય તો તે પોતાને ઇષ્ટ નગરે અવશ્ય પહોંચશે, તેમ સમ્યક્જ્ઞાન ગર્ભિત દયા, દમ, ત્યાગ અને સમાધિ આદિ સત્ય મોક્ષમાર્ગે નિષ્કપટપણે પ્રવર્તે તો ખચીત યથાખ્યાતચારિત્રદશા પ્રગટીને મુક્તદશાને પ્રાપ્ત થાય એ નિશ્ચય છે. ''હું સાધન કરૂં પણ સિદ્ધિ પ્રાપ્ત ન થાય તો?'' એવા ભ્રમથી તું મોક્ષમાર્ગથી શિથિલ ન થા! એ સત્ય સાધનોથી તને અવશ્ય યથેષ્ટ સિદ્ધિની પ્રાપ્તિ થશે. અરે! તું પોતે જ તે સિદ્ધિસ્વરૂપ બનીશ. તારો અને તને વાંછિત સિદ્ધિ પ્રત્યેનો વર્તમાન ભેદ સર્વથા મટી જશે અને તું પરમાનંદમય બનીશ. વિશેષ શું કહું!

વિવેકપૂર્વક પરિગ્રહત્યાગરૂપ સન્માર્ગ જીવને અવશ્ય મુક્ત દશા પ્રાપ્ત કરાવે છે, એમ ગ્રંથકાર કહે છે :—

**विज्ञाननिहतमोहं कुटीप्रवेशो विशुद्धकायमिव ।**

**त्यागः परिग्रहाणामवश्यजमरामरं कुरुते ।।१०८।।**

**ભેદ-જ્ઞાન સે મોહ નષ્ટ કરકે યદિ કરો પરિગ્રહ ત્યાગ;**

**કુટી પ્રવેશ દ્વારા નિર્મલ તન સમ હો અજર-અમર ક્ષત-રાગ. ૧૦૮.**

જેમ પવન સાધન વિષે કુટિપ્રવેશ નામની યોગક્રિયા છે, તેમ સમ્યક્જ્ઞાનરૂપ તીક્ષ્ણ ધારા વડે જેમણે મોહનો નાશ કર્યો છે અને તેમના શરીરાદિ યોગ વિશુદ્ધ વર્તે છે, તેવા જીવોને પરિગ્રહ ત્યાગ અવશ્ય અજર અમર બનાવે છે.

હેય, જ્ઞેય અને ઉપાદેય બુદ્ધિરૂપ તીક્ષ્ણ ભેદવિજ્ઞાન વડે મોહનો નાશ કરવો એ જ સમ્યક્ જ્ઞાનગર્ભિત સમ્યગ્દર્શન છે. તે સાથે બાહ્યાભ્યંતર પરિગ્રહનો ત્યાગ થવો તે સમ્યક્ ચારિત્ર છે. એ ત્રણે રત્નોનો આત્માથી અનન્ય ભાવે અંગીકાર થવો એ જ સાક્ષાત્ મોક્ષમાર્ગ છે. એવા અપૂર્વ મોક્ષમાર્ગને પ્રાપ્ત થયેલો જીવ અવશ્ય નિર્મલ, નિષ્કલંક, નિરંજન અને સ્વાભાવિક કેવળ સમ અવસ્થિત શુદ્ધ ચૈતન્યરૂપ શાશ્વત નિજપદને વિષે સ્થિત થઈ મુક્ત દશાને પ્રાપ્ત થાય એ નિઃસંદેહ છે.

અહીં ગ્રંથકાર વિવેકપૂર્વક પરિગ્રહ ત્યાગ કરવા બોધ કરે છે. તેનો હેતુ એ છે કે પરિગ્રહના વાસ્તવિક સ્વરૂપને સમજ્યા સિવાય એ જ પરિગ્રહની વધુ કામનાની ઇચ્છા અને રસે કરી અથવા ''આથી મારૂં કલ્યાણ થશે'' એવી માત્ર ઓઘબુદ્ધિએ ગ્રહાઈ જીવે પૂર્વે ઘણીવાર માત્ર બાહ્ય પરિગ્રહ ત્યાગ કર્યો છે, તેમ લોક સમુદાયમાં પણ પરિગ્રહ ત્યાગી કહેવાયો છે. એમ પરિગ્રહનો પૂર્વનો ઘણીવાર ત્યાગ કર્યા છતાં સંસાર કાયમ રહ્યો છે. પણ ''मूर्छा परिग्रह''એ ટૂંકું પણ મહૃદ ભાવસૂચક સૂત્ર જીવની દૃષ્ટિમાં સમજાઈ–પરિગ્રહનું વાસ્તવિક દુઃખ જણાઈ, પરિગ્રહી, હેતુ, પરિગ્રહી, અને પરિગ્રહનું ફળ એનો વાસ્તવ્ય વિવેક થઈ જીવ જો એક જ વાર બાહ્યાભ્યંતર પરિગ્રહને છોડે તો અવશ્ય તદ્ભવે અથવા ભાવી એવા થોડા સમયમાં ક્રમે કરી અપરિગ્રહરૂપ નિજ નિરાકુળ દશાને પ્રાપ્ત થાય.

વિવેકપૂર્વક ત્યાગ કરનારા પુરુષોમાં પણ સર્વોત્તમ ત્યાગી પુરુષની પ્રશંસારૂપ કાવ્ય કહે છે :—

**अभुक्तवापि परित्यागात्स्वोच्छिष्टं विश्वमासितम् ।**
**येन चित्र नमस्तस्मै कुमारब्रह्मचारिणे ।।१०९।।**
**ભોગોં કો તજને સે જિનકા હૈ ઉચ્છિષ્ટ સકલ સંસાર;**
**બ્રહ્મચર્યધારી કુમાર કો અચરજ સહિત નમન બહુ બાર. ૧૦૯.**

ભોગને ભોગવ્યા વિના જ અને સ્વાભાવિક વિષયો પ્રત્યેના ત્યાગ પરિણામથી સમસ્ત વિષયોને જેમણે પોતાની અનંતવારની એંઠ સમાન ગણ્યા છે, એવા શ્રી કુમાર બ્રહ્મચારીને મારા નમસ્કાર હો!

પૂર્વે ત્રણ પ્રકારના ત્યાગી કહ્યા છે, તેમાં જેને ભોગ સામગ્રીનું નિમિત્ત પ્રાપ્ત થયું છે, પરંતુ અંતરંગમાં ભોગાદિ પ્રત્યેના ઉત્કટ વૈરાગ્ય પરિણામને લીધે તેને ભોગવ્યા વિના જ વિકલ્પરહિત દશાએ જે છોડે છે, અર્થાત્ બાળ અવસ્થામાં જ બાહ્યાભ્યંતર દીક્ષા શિક્ષાની સાપેક્ષતા સહિત ધારણ કરે છે તે જ સર્વોત્કૃષ્ટ ત્યાગી છે. ભોગાદિને ગ્રહણ કરી પછી જેઓ છોડે છે અથવા ભોગાદિ સામગ્રી પ્રયત્ન કરવા છતાં નહિ મળવાથી તેથી ખેદ પામી તે ભોગાદિ પ્રત્યે ઉપેક્ષિત થઈ તેને છોડે છે તેમાં કાંઈ આશ્ચર્ય નથી પરંતુ ભોગનું પૂર્ણ નિમિત્ત પ્રાપ્ત થવા છતાં તેને ભોગવ્યા સિવાય કે ભોગવવાની વૃત્તિ સિવાય જેઓ તેને છોડે છે તેમને ધન્ય છે, અને એ જ મોટું આશ્ચર્ય છે! જેમ કોઈ પુરુષની આગળ તમે ઇષ્ટ સુંદર ભોજન ધર્યું, તે પુરુષે તેને પોતાની અનંતવારની એંઠ સમજી નહિ ગ્રહણ કરતાં છોડ્યું, તેમ સર્વ પ્રાપ્ત વિષયોને નહિ ભોગવતાં નિર્વિકલ્પ પરિણામે જેણે છોડ્યા–પોતાની અનંતવારની એંઠ સમાન ગણ્યા–એવા તે કુમાર બ્રહ્મચારીને હું નમસ્કાર કરૂં છું.

હવે, ગ્રંથકાર ચારિત્રનું વર્ણન કરે છે :—

**अकिंचनोऽहमीत्यास्स्व त्रैलोक्याधिपतिर्भवेः ।**

**योगिगम्यं तव प्रोक्तं रहस्यं परमात्मनः ।।११०।।**

**મૈં હૂઁ સદા અકિંચન—ઇસ અનુભવ સે હો પતિ ત્રિભુવન કા;**

**યહ રહસ્ય તુઝકો કહતે હમ, યોગિગમ્ય પરમાતમ કા. ૧૧૦.**

હે જીવ! 'હું અકિંચન છું અર્થાત્ મારૂં કંઈ પણ નથી' એવી સમ્યક્ ભાવનાપૂર્વક તું નિરંતર રહે. કારણ એ જ ભાવનાના સતત ચિંતવનથી તું ત્રૈલોક્યનો સ્વામી થઈશ. આ વાત માત્ર શ્રી યોગીશ્વરો જ જાણે છે. એ યોગીશ્વરોને ગમ્ય એવું પરમાત્મતત્ત્વનું રહસ્ય મેં તને સંક્ષેપમાં કહ્યું.

અજ્ઞાનના ઉદયથી જીવને પર પદાર્થ વિષે મમત્વ થયા કરે છે, પરંતુ જે પર છે તે કોઈ પ્રકારે કરીને પણ નિજરૂપ થવાનું નથી. પર પદાર્થની મમત્વ ભાવનાને યોગે જ અનાદિ કાળથી જીવ હીનસત્વ થઈ રહ્યો છે. ''કોઈ પણ દ્રવ્ય મારૂં નથી'' એમ જ્યારે સમ્યક્ પ્રકારે વિશિષ્ટ ભાવના સતતપણે જીવને વિષે જાગ્રત થશે ત્યારે તે જ સમયે જીવ ત્રૈલોક્યનો નાથ થશે. આ ગુપ્ત રહસ્ય માત્ર યોગી પુરુષો જ જાણે છે અનુભવે છે ને તે મેં આજે તને સંક્ષેપમાં કહ્યું. પર પદાર્થના મમત્વમાં અનાદિ કાળથી દીન-હીન બનવા છતાં એક પણ પદાર્થ આજ સુધી તારો કે તુજરૂપ થયો હોય એમ શું તને ભાસે છે?—ના. તો પછી તેના જ વ્યર્થ વિકલ્પમાં શું સાધ્ય છે? અથવા શું તને માત્ર કોઈ હઠ જ છે કે જેથી તું અનાદિ કાળથી પરને પોતાપણે પરિણમાવવા મથે છે? ભાઈ! રેતીને ગમે તેટલા પ્રયત્ને પીલવા છતાં તેમાંથી તેલની પ્રાપ્ત કદી પણ થશે? અર્થાત્ રેતનું શું તેલ બનશે? નહિ જ. તો હે જીવ! અનાદિ કાળથી બની રહેલી એવી પર પદાર્થને વિષેની નિજબુદ્ધિ છોડી સ્વને વિષે સ્વબુદ્ધિરૂપ પરમ અકિંચન ભાવને તું ગ્રહણ કર! એ તને અમારી ટૂંકી પણ હિતકર શિક્ષા છે. કવિવર બનારસીદાસ પણ કહે છે કે :—

પુદ્‌ગલ પિંડ ભાવ રાગાદિ, ઇનસેં નહિ તુમ્હારો મેલ;

એ જડ પ્રગટ ગુપત તુમ ચેતન, જૈસે ભિન્ન તીલ અરૂ તેલ.

(ભાષા સમયસાર)

હવે, તપ આરાધનાનું સ્વરૂપ શ્રી ગ્રંથકાર કહે છે :—

**दुर्लभमशुद्धमपसुखमविदितमृतिसमयमल्पपरमायुः ।**

**मानुष्यमिहैव तपोमुक्तिस्तपसैव तत्तपः कार्यम् ।।१११।।**

**યહ ભવ દુર્લભ, અશુચિ, દુઃખદ પરમાયુ અલ્પ નહિં જિસકા જ્ઞાન;**

**અજ્ઞાત મરણ, તપ ઇસમેં હો, તપ કરો મુક્તિ કા કારણ જાન. ૧૧૧.**

હે જીવ! માનવ પર્યાય અતિ દુર્લભ છે, અપવિત્ર છે, સુખરહિત છે, મરણ અનિશ્ચિત છે અને આયુ અલ્પ છે; તેથી જ આ મનુષ્ય પર્યાય (ભોગને યોગ્ય નહિ પણ) તપને જ યોગ્ય છે. તપથી નિર્જરા થાય છે અને નિર્જરાથી મુક્તદશા પ્રાપ્ત થાય છે; તેથી આ મનુષ્ય પર્યાયમાં જ તારે તપ અભ્યાસીત–સંસ્કારીત કરી લેવું એ જ યોગ્ય છે.

આત્માનું વાસ્તવિક હિત મોક્ષ છે. તેની પ્રાપ્તિ તપ વિના નથી. સમ્યક્ પ્રકારે જ્ઞાન–ચારિત્રપૂર્વક તપ કરે તો સાક્ષાત્ મોક્ષમાર્ગ પ્રાપ્ત થાય. તે તપ માત્ર આ માનવ પર્યાયમાં જ બની શકે એમ છે. કહ્યું છે કે :—

**देवा विसयपसता णारया तिव्वदुःखसंतत्ता ।**
**तिरया विवेयवियुला मणुसाणं धम्मसंप्पत्ती । । (क्षेपक)**

દેવો વિષયાસક્ત છે, નારકી તીવ્ર દુઃખે નિરંતર તપ્તાયમાન છે, તિર્યંચો વિવેકરહિત છે, માત્ર એક મનુષ્ય પર્યાયમાં ધર્મ પ્રાપ્તિ સંભવિત છે. મનુષ્ય પર્યાય પણ વારંવાર પામવો અતિ અતિ દુર્લભ છે. એવો અલભ્ય માનવ દેહ પામવા છતાં તેને તપરૂપ સન્માર્ગે નહિ લગાવતાં જેઓ વ્યર્થ જવા દે છે, તે જીવોને અનંતાનંત કાળે પણ ફરી એ માનવ પર્યાય પ્રાપ્ત થવો પરમ દુર્લભ છે. મનુષ્ય પર્યાયમાં પણ દેવવત્ ઉત્તમ ભોગાદિ સુખ છોડી તપમાં પ્રવર્તવું એ અત્યંત દુર્લભ છે અને અહીં તો કેવળ શારીરિક અને માનસિક દુઃખોની મુખ્યતા વર્તે છે. તો પછી તેવા દુઃખોને છોડીને તપ કરવામાં ખેદ શો? વળી મનુષ્યમાં પણ શરીરની સુંદરતા દેવોના જેવી ધાતુ-ઉપધાતુથી રહિત વૈક્રિયક હોત તો તો તપ વડે તે સુંદરતા બગડવાનો જીવને ભય રહે, પણ મનુષ્ય શરીર તો માત્ર ધાતુ–ઉપધાતુ–મલ–મૂત્ર–પુરિષ આદિ નિંદ્ય અને અત્યંત ગ્લાનિયોગ્ય વસ્તુઓનું ભરેલું મહા અપવિત્ર છે, કહો કે સાક્ષાત્ કહોવાટવાળા મેલની મૂર્તિ છે. એમાં વળી કઈ સુંદરતા બગડી જવાની હતી! અને તેને મલિન થવાનો ભય શો કે તને શરીરને તપ વિષે લગાવતાં સુંદરતા બગડવાનો કે મલિન થવાનો ભય રહે છે? સુંદરતા અને સ્વચ્છતા તો આત્માની છે, શરીરની નથી. વળી દેવોની માફક કદાપિ મરણનો સમય નિશ્ચય હોત તો ''થોડોક વખત નિશ્ચિંત રહી તપ કરીશું'' એ ભાવના તારી કોઈક પ્રકારે માન્ય થાત, પણ એ મનુષ્ય જીવનના અંતકાળનો કોઈ નિશ્ચય જ નથી કે અમુક કાળે જ તે પડશે. વળી ઉત્કૃષ્ટ આયુ હોત તો એમ પણ જીવને દિલાસો રહે કે ''ચાલો આગળ તપ કરીશું'', પણ આયુ અતિ અલ્પ છે. આમ સર્વ પ્રકારે જોતાં મનુષ્ય પર્યાયમાં ધર્મ પ્રવૃત્તિ કરવી કે થવી એ વીજળીના ઝબકારે સોયના નાકામાં દોરો પરોવી લેવા જેવું છે. આવા અવસરે તો શીઘ્ર અપ્રમાદી થઈ તપ વિષે ઉદ્યમી થવું એ જ યોગ્ય છે.

હે જીવ! જે અલભ્ય અને અમૂલ્ય માનવ દેહે સમ્યક્દર્શન–જ્ઞાન–ચારિત્રપૂર્વક તપ આરાધનાનો લાભ પ્રાપ્ત થાય તે જ માનવ દેહ સાર્થક છે, ધન્ય છે, કૃતાર્થ છે.

હવે, દ્વાદશાંગ તપ વિષે મોક્ષનું નિકટ સાધન ધ્યાનરૂપ અભ્યંતર તપ છે. તેનું ધ્યેય તથા ફળ વિગેરેનું ગ્રંથકાર વર્ણન કરે છે :—

**आराध्यो भगवान् जगत्-त्रयगुरुर्वृत्तिः सतां सम्मता**
**क्लेस्तच्चरणस्मृतिः क्षतिरपिप्रप्रक्षयः कर्मणाम् ।**
**साध्यं सिद्धिसुखं कियान् परिमितः कालो मनःसाधनम्**
**सम्यक् चेतसि चिंतयन्तु विधुरं कि वा समाधौ बुधाः ।।११२।।**

**ત્રિભુવન ગુરુ પરમાતમ હૈં, આરાધ્ય યહી સજ્જન કો માન્ય,**
**ચરણ સ્મૃતિ હી માત્ર કષ્ટ હૈ, કર્મ નષ્ટ ઇતના વ્યય જાન;**
**સાધ્ય-સિદ્ધિ સુખ હોતા અલ્પ સમય મેં હી નિજ મન કે દ્વાર**
**ક્યા સમાધિ મેં કષ્ટ? અહો જ્ઞાની! નિજ મન મેં કરો વિચાર. ૧૧૨.**

સમાધિ વિષે ત્રૈલોક્ય ગુરુ ભગવાન એ આરાધના છે, સંત પુરુષો જેને નિરંતર પ્રશંસે છે એવી ઉત્તમ પ્રવૃત્તિ એ કાર્ય છે, ભગવાનના ચરણોનું સ્મરણ કરવા માત્ર સ્વલ્પ જેમાં શ્રમ છે, કર્મ પ્રકૃતિઓનો નાશ થવો એ રૂપ જેમાં ખર્ચ છે, સાધનાનું ફળ સર્વ પ્રતિબંધરૂપ દ્વંદ્વનો અભાવ થઈ મોક્ષદશારૂપ સુખ છે અને માત્ર પરિમિત (થોડા) કાળ સુધી મનનું જેમાં સાધન કરવાનું છે, તો હે જ્ઞાની! તું અંતઃકરણથી જરા સમ્યક્ વિચાર તો કર કે સમાધિ વિષે દુઃખ શું છે?

કોઈ એમ સમજે છે કે ''તપમાં કષ્ટ છે અને કષ્ટ અમારાથી સહન થતું નથી.'' તેને શ્રી આચાર્ય મહારાજ સમજાવે છે કે સર્વ તપમાં પરમ વિશુદ્ધ તપ શુદ્ધાત્માનું ધ્યાન છે, એવા ઉત્કૃષ્ટ પણ સરળ તપમાં ભાઈ! શું કષ્ટ છે તે તો જરા વિચાર! જો કોઈ નીચની સેવા કરવાની હોય તો જીવને લજ્જા આદિ ખેદ થાય, પણ આ ધ્યાનરૂપ તપમાં તો ત્રૈલોક્ય નાથ શ્રી અર્હંત ભગવાન કે જેઓ પરમ વિશુદ્ધ પરમાત્મા છે, એવા સર્વોત્કૃષ્ટ ઉજ્જ્વળ આત્માનું આરાધન છે. તેમાં વળી લજ્જારૂપ ખેદ શાનો? વળી કોઈ નીચ કાર્ય કરવાનું હોય તો ખેદ થાય, પરંતુ જે પ્રવૃત્તિને સંત પુરુષોએ નિરંતર પ્રશંસી છે, તેવી નિર્મળ પ્રવૃત્તિ અંગીકાર કરવાની છે, તેમાં ખેદ હોય? વળી કંઈ કલેશ સહન કરવાનો હોય તોપણ ખેદ થાય, પણ અહીં તો ભગવાનના ચરણરૂપ આચરણનું સ્મરણ–ચિંતવન માત્ર કરવાનું છે, તેમાં કલેશ ક્યાંથી હોય? તથા સાધન કરતાં જો કંઈ આપણું ધન જતું હોય તો વખતે દુઃખ થાય, પણ અહીં તો જેનો સર્વથા નાશ કરવો જ ઈષ્ટ છે કે જે જીવના સુખને જ પ્રતિબંધક છે, તેનો જ નાશ કરવાનો છે તેમ થતાં ભય હોય? અર્થાત્ કર્મ પ્રકૃતિઓનો નાશ થાય એ રૂપ ખર્ચ છે, પણ પોતાનું જેમાં કાંઈ ખર્ચ થતું નથી. વળી સાધનનું જો જરા જેટલું તુચ્છ ફળ હોય તો તો આપણને કાંઈ કાર્યકારી ઓછું હોય, પણ અહીં તો ધ્યાનનું ફળ સર્વોત્કૃષ્ટ મોક્ષ છે, એ શું થોડું કાર્યકારી ફળ છે? વળી સાધનનો કાળ જો લાંબો હોય તોપણ વખતે ખેદ

થાય, પણ ધ્યાનનો કાળ પણ થોડો છે, તેમાં ખેદ શાનો? સાધન પરાધીન હોય તોપણ ખેદ થાય, પણ અહીં તો પોતાના મનરૂપ સ્વાધીન સાધન વડે સર્વોત્કૃષ્ટ સાધ્યની સિદ્ધિ કરવાની છે, તેમાં ખેદ શાનો? વળી જ્યાં ત્યાં સાધ્યને અર્થે ભ્રમણ કરવાનું હોય તો કદાપિ થાક લાગે, પણ અત્ર તો અન્ય વિચારથી છોડાવી ચિત્તને એક શુદ્ધાત્માને વિષે જ લગાવવાનું છે, તેમાં ખેદ કે શ્રમનો સંભવ જ નથી. તો હે ભાઈ! આવું સરળમાં સરળ ધ્યાનરૂપી તપ કરવું તેમાં તને ખેદ કે શ્રમ જેવું શું ભાસે છે? તું જ વિચાર કર અને તપમાં અનાદર ના કર! અહીં શિષ્ય પૂછે છે કે ધ્યાન વિષે તો કષ્ટ નથી, પણ અનશનાદિ તપ વિષે તો જરૂર કષ્ટ છે. (ઉત્તર) અનશનાદિ તપમાં તો ત્યારે જ કષ્ટ થાય છે કે જ્યારે તે સરળ સ્વાભાવિક અને જ્ઞાનોલ્લાસ સિવાય ખેંચી તાણીને કરવું પડે! પણ અત્રે તો પરિણામ પ્રમાદી ન થાય, કલેષરૂપ ન થાય, તેમ ધ્યાનની સિદ્ધિના અર્થે ઉલ્લાસ પૂર્વક કરવામાં આવે છે, તેથી તેમાં કષ્ટ ન હોય. વળી જે જીવો એ અનશનાદિ તપમાં કલેશ અને કષ્ટ દેખે છે, તે માત્ર તેઓનો અભ્યંતર પ્રમાદ જ છે. જુઓ, કૃષિકાર આદિ સંસાર પરિણામી જીવો કષાયવશ તેવાં અનશનાદિ કે તેથી પણ વિપુલ કષ્ટ રાજી ખુશીથી ઉલ્લાસસહ ક્યાં નથી વેઠતા? તો પછી આત્મસ્વભાવની નિર્મળતાના હેતુભૂત એ અનશનાદિ તપ તને શું કષ્ટરૂપ લાગે છે? તપ કષ્ટરૂપ લાગવાનું કારણ માત્ર તારી તે પ્રત્યે અરુચિ છે. ધનાદિ વિનાશી વસ્તુઓની પાછળ અજ્ઞાન અને મોહવશે ઘેલો બનેલો–પરાધીન થયેલો જીવ કેટલું કષ્ટ, કેટલો ખેદ, કેટલું અપમાન અને કેટલી પરાધીનતા સહન કરે છે, અને એટલું બધું જીવનપર્યંત સહન કરવા છતાં પણ બદલામાં શું મેળવે છે? તેનો જો ખ્યાલ કરવામાં આવે તો એ અનંત અતીન્દ્રિય પરમાનંદરૂપ સ્વાધીન શાશ્વતસુખની પ્રાપ્તિને અર્થે જે સહન કરીએ તે થોડું જ છે અર્થાત્ કંઈ જ નથી એમ સ્પષ્ટ અનુભવમાં આવશે.

હવે, ધનાદિની તુચ્છતાપૂર્વક ગ્રંથકાર તપના અપૂર્વ મહિમાનું વર્ણન કરે છે :—

**द्रविणपवनप्राध्यातानां सुखं किमिहेक्षते**
**किमपि किमयं कामव्याधः खलीकुरुते खलः ।**
**चरणमषि किं स्पृष्टुं शक्ताः पराभवपांशवो**
**वदत तपसोऽप्यन्यन्मान्यं समीहितसाधनम् ।।११३।।**

**તૃષ્ણારૂપ પવન સે પ્રેરિત કો વહ સુખ ક્યા મિલ સકતા?**
**ઔર દુષ્ટ યહ કામ-વ્યાધ આતમ કો દુષ્ટ બના સકતા?**
**અરે પરાભવ! ક્યા ચરણોં કો છૂ સકતા યહ તુમ્હીં કહો?**
**તપ સે અધિક શ્રેષ્ઠ સાધન ક્યા અર્થ-સિદ્ધિ કા તુમ્હીં કહો? ૧૧૩.**

હે જીવ! માત્ર ધનેષણારૂપી નિરંતર ચાલી રહેલી ધમણના પવનથી વધી ગયેલા તૃષ્ણાગ્નિ વડે તપ્તાયમાન થઈ રહેલા જીવોને અહીં પણ આપણે વિવેકથી જોતાં શું સુખ દેખીએ છીએ? દુષ્ટ કામરૂપ આહેડી આત્માનો પ્રતિપળે શિકાર કરી રહ્યો છે—અસહ્ય કષ્ટ આપી રહ્યો છે, એ કષ્ટરૂપ ધૂળ નિર્મળ નિષ્કલંક ચારિત્રને સ્પર્શ કરવાને શું સમર્થ થાય? નહિ જ; તોપણ વાંચ્છિત અર્થને સિદ્ધ કરવામાં તપ સિવાય બીજો ક્યો ઉપાય શ્રેષ્ઠ માનવાયોગ્ય છે?

જગતમાં જે જીવો ધનવાન છે, કામવાસનાથી નિરંતર પીડિત છે અને તપ કરવામાં કષ્ટ માની રહ્યા છે, તે જીવોને સંસારમાં કદી પણ સુખ હોઈ શકે નહિ. સુખ તો માત્ર ઇચ્છા નિરોધરૂપ સમ્યક્ તપમાં જ સમાયેલું છે. તપના યોગે સંસારી વિનાશી વિષયાદિ પદાર્થોની ચાહના દૂર થવાથી આત્મપરિણામમાં નિરાકુળતા ઉત્પન્ન થઈ યથાસંભવ પરિતોષપણું વર્તે છે અને આ લોકમાં જ સાક્ષાત્ સુખનો અનુભવ થાય છે. પર પદાર્થો પ્રત્યેની ભાવના–ચાહના મટવાથી આત્મા અપ્રતિબંધ થઈ જગતના સર્વ દ્વંદ્વથી રહિત થઈ નિર્વાણપદરૂપ પરમ નિઃશ્રેયસને પ્રાપ્ત થાય છે. એથી સુનિશ્ચિત છે કે આ લોક અને પરલોકમાં સુખની પ્રાપ્તિનું વાસ્તવિક કારણ એક સમ્યક્ તપ સિવાય બીજું કોઈ નથી.

એ જ અર્થને ગ્રંથકાર પુષ્ટ કરે છે :—

**इहैव सहजान् रिपून्विजयते प्रकोपादिकान्**
**गुणाः परिणमंति यानसुभिरप्ययं वांच्छति ।**
**पुरश्च पुरुषार्थसिद्धिरचिरात् स्वयं [1]यायिनी**
**नरो न रमते कथं तपसि तापसंहारिणि ।।११४।।**

**તપ કે દ્વારા ક્રોધાદિક રિપુ સહજભાવ સે હોય પરાસ્ત,**
**પ્રાણ-ત્યાગ કરકે ભી જિનકો ચાહેં વે ગુણ હોતે પ્રાપ્ત;**
**મોક્ષરૂપ પુરુષાર્થ-સિદ્ધિ ભી હો જાએગી પલ ભર મેં,**
**તાપ-શમનકર્તા ઇસ તપ મેં જ્ઞાનીજન ક્યોં નહીં રમે? ૧૧૪.**

અનાદિ કાળથી આત્માની પાછળ પિશાચની માફક લાગી રહેલા ક્રોધાદિ પ્રબળ વૈરીઓ

૧. 'पायनि' એવો પણ પાઠ છે.

તપનાં પ્રભાવથી તત્કાળ જીતી શકાય છે અને પ્રાણની કિંમતે પણ ન પ્રાપ્ત થાય તેવા દુઃષ્પ્રાપ્ય સમ્યક્ ગુણો શીઘ્ર પ્રગટ થાય છે તથા ભાવીમાં મોક્ષ સિદ્ધિ પુરુષાર્થથી સ્વયમેવ પ્રાપ્ત થાય છે તો એ અનંત આતાપને શીઘ્ર સંહારવાવાળા તપ વિષે ક્યો પુરુષ ન રમે? રમે જ! વિવેકી અને

કલ્યાણના પિપાસુ આત્માઓને માટે તપ એ એક આનંદદાયક ક્રીડાવન છે, ત્યાં ખેદ કે ક્લેષ શાનો હોય?

જે કાર્યથી ભાવીમાં હાનિ થાય અને વર્તમાનમાં લાભ થાય અથવા વર્તમાનમાં હાનિ થાય પણ ભાવીમાં મહ્દ લાભ થાય તેવાં કાર્યો વિષે જીવ અનુરાગશીલ થાય છે, એમ જગતવાસી જીવોની પ્રવૃત્તિ જોતાં પ્રગટ દેખાય છે; તો પછી વર્તમાન તેમ ભાવી એ બંને સ્થિતિમાં લાભ કરે એવા તપને વિષે ક્યો વિવેકી જીવ પ્રયત્નશીલ ન થાય? થાય જ! તપનો પ્રત્યક્ષ ગુણ તો એ છે કે જીવને પ્રત્યક્ષ દુઃખ દઈ રહેલા એવા અનાદિ ક્રોધાદિ વૈરીનો તત્કાલ અભાવ થાય છે અને પ્રાણની કિંમતે પણ જેની પ્રાપ્તિ ન થાય એવા જ્ઞાનાદિ ગુણો અથવા રિદ્ધિ-સન્માનાદિ આનુષંગિક અતિશય સહેજે પ્રાપ્ત થાય છે. એ પ્રત્યક્ષ રોકડું ફળ છે, અને આગામી ગુણ અર્થાત્ લાભ એ છે કે જેના ફળમાં શીઘ્ર જ પુરુષ જે આત્મા તેનો વાસ્તવિક અર્થ જે મોક્ષ તેની સહજ પ્રાપ્તિ થાય છે. એમ અનંતર અને પરંપર બંને પ્રકારે તપને પરમ લાભદાતા સમજીને બુદ્ધિમાન મુમુક્ષુઓએ તે પ્રત્યેની પ્રીતિ કરવી યોગ્ય છે. યથા—''तपस निर्जरा च'' (તત્ત્વાર્થ સૂત્ર) વળી તપ એ સંવર-નિર્જરાનો સુંદર ઉપાય છે, આત્માના વાસ્તવિક સુખનું સાચું સાધન છે. કારણ આકુળતા એ જ દુઃખ છે, એહિક વિનાશી પદાર્થોની વાંચ્છા એ જ આકુળતા છે. એ અનાદિ આકુળતા શમાવવા તથા અનંત સુખ-સ્થાનરૂપ શુદ્ધોપયોગની પ્રાપ્તિ થવા શુભાશુભ ઇચ્છાઓનો સમ્યક્ જ્ઞાને કરી નિરોધ કરવો તે સમ્યક્ તપ છે. યથા—''इच्छानिरोधस्तपः'' દ્રવ્ય અને ભાવરૂપ અનાદિ કર્મ સંસ્કારોની નિર્જરા તપથી જ થાય છે. વળી દ્વાદશ પ્રકારનાં બાહ્ય તપ એ ઉક્ત પરમાર્થ તપનાં સાધન છે. આત્મસ્થિત દશા સિવાય અન્ય સર્વ ભાવો અને પદાર્થો એ કેવળ દુઃખ છે એમ સમજીને પરમનિઃશ્રેયસ આધ્યાત્મરૂપ પરમસુખને અર્થે એ દ્વાદશ પ્રકારના સમ્યક્ તપને પરમ આદરભાવે હે જીવ! તું ધારણ કર.

તપોરક્ત આત્માના જીવન અને શરીરની સફળતા છે, એમ ગ્રંથકાર કહે છે :—

**तपोवल्यां देहः समुपचितपुज्याजितफलः**
**शलाद्वग्रे यस्य प्रसव इव कालेन गलितः ।**
**त्यशुष्यच्चायुष्यं सलिलमिव संरक्षितपयः**
**स धन्यः सन्यासाहुतभुजि समाधानचरमम् ।।११५।।**

**કચ્ચે ફલ કે અગ્રભાગ સે જૈસે હોતા નષ્ટ સુમન,**
**તપોબેલિ પર પુણ્યરૂપ ફલ દેકર ખિરતા જિસકા તન;**
**ધન્ય! અગ્નિ સે દુગ્ધ સુરક્ષિત કરને વાલે નીર સમાન,**
**ધ્યાન સુરક્ષિત રખે સમાધિ-અનલ મેં શોષિત આયુ જાન. ૧૧૫.**

જેમ ફૂલ કાચું ફળ ઉપજાવી સમય પામી ખરી પડે છે, તેમ જેનું શરીર તપરૂપી વેલમાં પુણ્યરૂપ ફળ ઉપજાવી પોતે સમય પામી નાશ પામે છે. તથા અગ્નિ ઉપર પાણી દૂધને બચાવીને પણ પોતે બળે છે તેમ જેનું શરીર અને આયુ સમાધિરૂપ પરમ ધર્મને બચાવી સંન્યાસરૂપ અગ્નિમાં બળે છે તે શરીરધારી સત્પુરુષને ધન્ય છે. તેનું જ શરીર અને આયુ સફળ છે.

અપવિત્ર અને દુઃખના હેતુભૂત શરીરમાં રહીને તેમ જ તેનું પોષણ કરીને પણ વૈરાગ્યવંત આત્મા કેવી રીતે સમ્યક્ તપ આચરે છે તે ગ્રંથકાર નીચેના શ્લોકથી કહે છે :—

**अमी प्ररुढ वैराग्या स्तनुमप्यनुपाल्य यत् ।**
**तपस्यंति चिरं तद्धि ज्ञातं ज्ञानस्य वैभवम् ।।११६।।**
**જો વૈરાગ્યરૂઢ હુએ અરુ તન કા પાલન કરતે હૈં;**
**મહિમા યહી જ્ઞાન કી વે ચિરકાલ તપસ્યા કરતે હૈં. ૧૧૬.**

ઉત્કૃષ્ટ વૈરાગ્ય પામવા છતાં પણ ઔદાસીન્ય વૃત્તિએ શરીરનું પાલન કરીને ચિરકાળ પર્યંત તપ કરવો, એ માત્ર જ્ઞાનનો જ મહિમા છે.

જેનાથી જે ઉદાસ થાય એટલે જેના પ્રત્યેથી જેની પ્રીતિ ઉતરી જાય તે, તેનું પાલન કરે એ અસંભવિત છે; પરંતુ બુદ્ધિમાન પુરુષ શરીરનું પાલન કરવાથી પોતાનું ઇષ્ટ પ્રયોજન સધાય છે. એમ જાણી જેમ પોતાનું ઇષ્ટ પ્રયોજન સાધ્ય થાય તેમ તેટલા પૂરતું તેને પાળે છે, પરંતુ અંધ અનુરાગપૂર્વક અધિક પોષતો નથી. મહામુનિ શરીરથી ઉદાસ થયા છે પરંતુ તેઓ સમજે છે કે મનુષ્ય શરીરના અસ્તિત્વમાં જ તપ બની શકે છે. તેથી તે શરીરને યથાકાળે ઉચિત આહારાદિક આપીને પોતાના પ્રયોજન પૂરતું સંભાળે છે, શરીરના અતિ અનુરાગરક્ત થઈ ગૃદ્ધિતાપૂર્વક અધિક પોષતા નથી. પ્રયોજન પૂરતું શરીરને પોષીને પણ ઘણા કાળ સુધી તપ કરવું, એ માત્ર સમ્યક્ જ્ઞાનનો જ મહિમા છે. જ્ઞાન વિના ઉગ્ર તપ તપે તો શરીરનો નાશ કરે અને બહુ તો દેવાદિ ગતિ પામે કે જ્યાં તપ અને સંયમ હોય નહિ, તેથી જ્ઞાની એમ કરે નહિ.

જ્ઞાની દેહને અર્થે દેહનું પોષણ નહિ, પણ ઉદાસીન વૃત્તિએ દેહને સંભાળી માત્ર સંયમનું પોષણ કરે છે, અને તેમ કરતાં દેહના અનુરાગે મૂર્છિત પરિણામી નહિ થતાં નિરંતર આત્મજાગ્રતિરૂપ દશાએ વર્તે છે. અજ્ઞાની જીવોને સંયમ તે માત્ર અંતરંગ બળતરા છે; કારણ કે તે સંયમ કે અસંયમને તથારૂપે સમજતો જ નથી.

જ્યાં અજ્ઞાન છે, ત્યાં સંયમ અને ચારિત્ર ક્યાંથી હોય? કારણ :—

**द्रव्यस्यसिद्धो चरणस्यसिद्धिः, द्रव्यस्यसिद्धिश्चरणस्यसिद्धौ ।**
**बुद्धेवेतिकर्माविरताः परेऽपि, द्रव्याविरुद्धं चरणं चरंतु ।।**

(શ્રી ગુ. પ્રવચનસાર પૃષ્ઠ ૩૨૮)

અર્થ :—દ્રવ્યબોધના અનુસારે ચારિત્ર હોય છે અને ચારિત્રને અનુસાર દ્રવ્યબોધ વર્તે છે અર્થાત્ દ્રવ્યને અવિરુદ્ધ ચારિત્ર વર્તે છે. હવે જ્યાં દ્રવ્ય કે દ્રવ્યના ગુણોનું કે ગુણોની મહત્તાનું જે જીવને તથારૂપ ભાન નથી તે જીવ કોઈ અન્ય ઇચ્છાની બળત્રામાં જ બાહ્ય તપ-સંયમાદિમાં તણાય છે. વિચાર કરતાં આ વાત સહેજે પ્રતીતિમાં આવે એમ છે. એ અજ્ઞાન તપ સંયમાદિ જીવને દેવાદિ પર્યાય આપી પ્રાયે નિષ્ફળ થઈ જાય છે. અર્થાત્ બાહ્ય દેખાવે પણ રહ્યો સહ્યો તપ સંયમ અજ્ઞાન યોગે અંતે નષ્ટ થાય છે. વળી એ અજ્ઞાન તપ સંયમ તેના પ્રારંભમાં પણ તપ સંયમરૂપ નહોતો, જો પ્રારંભમાં જ તે સંયમ સમ્યક્રૂપ હોત તો તેનો આમ નાશ થાત નહિ. કહેવાનું તાત્પર્ય એ છે કે તપ સંયમ અફળ નથી, પરંતુ અજ્ઞાન યોગે અંધપણે કરતાં અફળરૂપ થાય છે. એવા અમૂલ્ય તપ સંયમને ધારણ કરી તેને માત્ર મોક્ષાર્થે જ પ્રવર્તાવવો એ જ સુવિચિક્ષણ દૃષ્ટિ છે. કોડી ધન માટે ચિંતામણિ રત્ન વેચવાનું કામ બુદ્ધિમાનો કરતા નથી. શરીરનું પોષણ તો પ્રારબ્ધાધીન કાળજી નહિ રાખતાં છતાં પણ જગતમાં થાય છે. પણ આત્મહિતના પોષણ સાથે શરીર સ્થિતિ રહે તે દેહને કોટીશઃ ધન્ય છે–કૃતાર્થતા છે. શરીરનો માત્ર નાશ થાય અને કાર્યસિદ્ધિ કાંઈ પણ ન થાય એમ જ્ઞાની કરે નહિ. જ્ઞાનીના જ્ઞાન વૈરાગ્ય તપ સંયમ અદ્ભૂત હોય છે.

**क्षणार्धमपि देहेन साहचर्यं सहेत कः ।**
**यदि प्रकोष्टमादाय न स्याद्बोधो निरोधकः ।।११७।।**

**કૌન વિવેકી રહ સકતા આધે ક્ષણ ભી ઇસ તન કે સાથ;**
**અગર રોકને વાલા જ્ઞાન પકડ લેતા નહિં ઉસકા હાથ. ૧૧૭.**

શરીરની સહેજ માત્ર સોબત એ જ સર્વ દુઃખનું કારણ છે, એમ જાણીને શરીરને ફેંકી દેતી વખતે હાથનો પોંચો પકડી રોકવાવાળું જ્ઞાન જો હાજર ન હોત તો ક્યા મુનિ એ કૃતઘ્ન શરીરની સાથે ક્ષણ માત્ર પણ રહેવા ઇચ્છે?–કોઈ નહિ.

કોઈ મનુષ્યની સાથે એક જનને મિત્રતા હતી. પાછળથી જ્યારે તેનું દુષ્ટપણું તેના જાણવામાં આવ્યું ત્યારે તે એટલો બધો ઉતાવળો થઈ ગયો કે ક્લેષ કરીને પણ આ દુષ્ટ મનુષ્યનો સંબંધ સદંતર બંધ કરું. ત્યાં એક બુદ્ધિમાન મનુષ્યે તેને સમજાવ્યો કે ભાઈ! આમ તેની સાથે લડવાથી તેનું તો કંઈ નહિ જાય, પણ તને ભાવીમાં તે દુઃખ કર્તા થઈ પડશે; માટે હમણાં તો તેને પાસે રાખીને પણ ડહાપણ પૂર્વક તેની સત્તાનો ધીરે-ધીરે નાશ થાય તેમ કર કે જેથી વખત આવ્યે તેનો સંબંધ સર્વથા છોડતાં તને કાંઈ હાની થાય નહિ.

તેમ જીવને પણ શરીરની સાથે અનાદિ કાળથી અનુરાગ હતો, પણ જ્યારે તેને કેવળ તે દુઃખનું જ કારણ છે એમ સમજવામાં આવ્યું ત્યારે ઉગ્ર-ઉગ્ર પ્રવૃત્તિ કરીને તેનો નાશ કરવા પ્રેરાયો, પરંતુ શ્રી જિનેન્દ્ર–વાક્યરૂપ અમૃત તેના ઉપયોગ પર આવી સચેત કરી તેને નેપથ્યમાંથી કહેવા

લાગ્યું કે આમ કરવાથી અર્થાત્ શરીરથી વગર સમજે અકળાવાથી તે નાશ નહિ થાય; આથી કદાચ દેવાદિ પર્યાય પ્રાપ્ત થશે, તો ત્યાં પણ શરીર અને શરીરજન્ય વેદના તો ઉભી જ રહેશે. માટે, હે ભવ્ય! કેટલોક સમય તેને સાથમાં રાખીને જેમ લાગ ફાવે તેમ તેની અંતરંગ સત્તાને નિર્બળ કર કે જેથી ફરી શરીર ધારણ કરવાપણું રહે જ નહિ. અસંખ્ય પ્રદેશી શુદ્ધ ચિદ્રૂપ આત્માવગાહના સાથે તે સ્થૂલ શરીરનું વારંવાર ઊભું થવાપણું જ સર્વ કાળને માટે મટી જાય.

આમ સમ્યક્ સમજણ આપીને તેને રોકનાર જ્ઞાન ન હોય તો ક્યો અક્કલવંત મનુષ્ય તેનો ક્ષણવાર પણ સાથ કરે!

શરીરને આમ સર્વથા બૂરું અને દુઃખદ જાણવા છતાં માત્ર સ્વપ્રયોજનાર્થે જીવ શરીરનો સાથ રાખે છે તે માત્ર જ્ઞાનનો જ મહિમા છે.

**समस्त साम्राज्यं तृणमिव परित्यज्य भगवान्**
**तपस्यन्निर्माणः क्षुधित इव दीनः परगृहान् ।**
**किलाटेद्-भिक्षार्थी स्ववमलभमानोऽपि सुचिरं**
**न सोढव्यं किंवा परमिह परैः कार्यवशतः ।।११८।।**

**તૃણ સમાન ગિન રાજ્ય-લક્ષ્મી તજ-કર આદિનાથ ભગવાન,**
**તપ કરતે, નિર્માન, ક્ષુધિત હો પર-ઘર ભ્રમતે દીન સમાન;**
**નહીં મિલા આહાર ઉન્હેં નિર-અન્તરાય બીતા બહુ કાલ,**
**અતઃ પરીષહ ક્યોં ન સહેં સાધારણ જન નિજ કાર્યવશાત્. ૧૧૮.**

જ્યારે શ્રી વૃષભનાથ ભગવાન સર્વ વિપુલ સામ્રાજ્ય લક્ષ્મીને તૃણ સમાન ત્યાગ કરી તપ-સંયમમાં પ્રવર્ત્યા. અદીન છતાં માન રહિતપણે દીનભિક્ષુની જેમ વારંવાર ગોચરી માટે ફરતા છતાં લાંબા સમય સુધી નિર્દોષ ભોજનનો યોગ પ્રાપ્ત ન થયો. આમ ભોજનનો લાભ નહિ મળવા છતાં પણ હરહમેશ બરાબર યથાસમયે ગોચરી અર્થે ફરતા હતા, તો પછી બીજા સાધારણ જનોએ પોતાના કાર્યવશે પરિષહો કેમ ન સહવા?–અર્થાત્ સહવા જ યોગ્ય છે.

કાર્યનો અર્થી થોડું ઘણું કષ્ટ વેઠીને પણ કાર્યની સિદ્ધિ કરે છે. પ્રથમ સમ્રાટ અને પછી મહાયોગી એવા શ્રી વૃષભનાથ જેવા મહાન પુરુષે જ્યારે એમ કર્યું ત્યારે અન્ય અલ્પ શક્તિમાન સાધારણ જીવોને શું લજ્જા છે? સર્વને કાંઈ સહેલાઈથી કાર્યસિદ્ધિ થતી નથી. ઐહિકકાર્યો સિદ્ધ કરતાં ઘણું-ઘણું કષ્ટ ઉઠાવવું પડે છે, તો પછી થોડું ઘણું કષ્ટ સહીને પણ આ માનવ જિંદગીમાં એ મોક્ષપુરુષાર્થની સિદ્ધિ કરી લેવી એ જ યોગ્ય છે.

ઉપરોક્ત ગાથામાં શ્રી વૃષભનાથના દૃષ્ટાંતથી જેમ સ્પષ્ટ સિદ્ધ કર્યું કે સંયમની સિદ્ધિ અર્થે ઉચિત પ્રકારે શરીરની રક્ષા આવશ્યક છે, તેમ શરીર પ્રત્યે મૂર્છા રાખીને આત્માને આવરણ કરવાયોગ્ય પણ નથી.

**पुरा गर्भादिंद्रो मुकुलितकरः किंकर इव**
**स्वयं सृष्टा सृष्टेः पतिरथनिधीनां निजसुतः ।**
**क्षुधित्वा षण्मासान् स किल पुरुरप्याट जगती–**
**महो केनाप्यस्मिन् विलसितमलंध्यं हतविधेः ।।११९।।**

**ગર્ભ પૂર્વ સુરપતિ કર જોડે જિનકે સન્મુખ દાસ સમાન,**
**સૃષ્ટિ કે સૃષ્ટા, જિનકે સુત ચક્રવર્તિ હૈં નિધિપતિ જાન;**
**હુએ ક્ષુધા સે વ્યાકુલ ભ્રમતે પૃથ્વી પર વે પ્રભુ છહ માસ,**
**અહો! કોઈ ભી લાંઘ સકે નહિં ઇસ જગ મેં યહ વિધિ-વિલાસ. ૧૧૯.**

જેના ગર્ભાવતરણ પહેલાં સર્વોત્કૃષ્ટ રિદ્ધિનો સ્વામી ઇન્દ્ર બે કર જોડી પૂર્ણ વિનીત પરિણામે કિંકરની જેમ જેને વંદન કરે છે, વળી જે મહાન આત્મા યુગસ્રષ્ટા (યુગને અનુસરતું સમ્યક્ શિક્ષણ બોધનાર) છે, ચક્રવર્તી જેવા જેના બારણે પનોતા વિશિષ્ટ પુણ્યવાન પુત્ર છે, એવા શ્રી આદિનાથ સ્વામીએ ક્ષુધાવંતપણે પૃથ્વી વિષે ઘેર ઘેર આહાર અર્થે પરિભ્રમણ કર્યું. અહો! વિધાતા (કર્મ)નો વિલાસ ખરેખર આશ્ચર્ય પમાડે છે, અતિશય અલંઘ્ય છે કે જે કોઈથી મટાડી શકાય નહીં એવો મહા સમર્થ છે.

જગતમાં એવો કોઈ પુરુષાર્થ નથી કે જે અસ્ખલિત ધારાએ ઉદયાભિમુખ થતા કર્મોદયને અટકાવી શકે! કોઈ એમ સમજતો હોય કે હું પુરુષાર્થ વડે અનેક પ્રકારે સુખ-સામગ્રી મેળવી દુઃખના કારણોને દૂર કરું; પણ એ બુદ્ધિ માત્ર એનો ભ્રમ છે. કિંકરની માફક ઇન્દ્ર જેવા તો જેને વંદન કરે છે, વળી પોતે યુગપ્રધાન પુરુષ છે, મહાન-પુરુષાર્થ સંપન્ન છે, છ ખંડના અધિપતિ ચક્રવર્તી જેવા જેના ઘેર પુત્ર છે, છતાં પણ પ્રબળ અંતરાયનો ઉદય થતાં લાંબા સમય સુધી જે જે વિધિએ શ્રી વૃષભનાથ જેવા પ્રબળ આત્માને તે વળી માત્ર ભિક્ષા જેવા ક્ષુદ્ર પ્રયોજન અર્થે ઘેર-ઘેર પરિભ્રમણ કરાવ્યું, તો પછી અન્ય સામાન્ય મંદ શક્તિવાળા જીવની તો વાત જ શી કરવી! આ ઉપરથી હે જીવ! તું કર્મના ઉદયથી ઉત્પન્ન થતા ઉપસર્ગ-પરિષહને ધીરજથી સહન કર. એ ઉપસર્ગ કાંઈ નિરંતર રહેતા નથી, તેની પણ અવધિ હોય છે,—એમ વિચારી ધીરજ રાખી જેમ બને તેમ એ અનાદિ સંસારદશા આત્માને વિષેથી પરિક્ષીણપણાને પામે તેમ તું પ્રવર્ત! નિશ્ચય કરી એ જ સમ્યક્ સાધનાને તું સાધ! એમાં જ તારું સર્વોત્તમ શ્રેય છે.

હવે, એ સમ્યગ્દર્શન-ચારિત્ર અને તપ એ ત્રણે આરાધના જીવને જિનાગમના શ્રવણ–મનન–નિદિધ્યાસન અને તત્ત્વ નિર્ણયની પ્રધાનતા પૂર્વક થાય છે, અન્યથા વાસ્તવિક થતી નથી; તેથી ગ્રંથકાર જ્ઞાન આરાધનાનું સ્વરૂપ દર્શાવતાં તેની સમ્યક્ પ્રકારે ઉપાસના કરવા શિષ્યને પ્રેરણા કરે છે.

**प्राक् प्रकाशप्रधानः स्यात् प्रदीप इव संयमी ।**
**पश्चात्तापप्रकाशाभ्यां भास्वानिव हि भासताम् ।।१२०।।**

**સંયમધારી પહલે હોતે દીપ સમાન પ્રકાશ પ્રધાન;**
**ફિર પ્રકાશ અરુ તાપ ઉભય સે દીપ્તિત હોતે સૂર્ય સમાન. ૧૨૦.**

પ્રથમ દશામાં સંયમી પુરુષોમાં દેદીપ્યમાન તેજસ્વી દીવા જેવો જ્ઞાનપ્રકાશ હોય છે અને તે જ પ્રકાશ ક્રમાનુસાર સ્વાભાવિક સૂર્ય સમાન દેદીપ્યમાન થાય છે.

મોક્ષ સાધક પુરુષો પ્રથમ અવસ્થામાં તેજસ્વી દીપક જેવા હોય છે. જેમ દીપક તેલાદિ સામગ્રીના બળથી ઘટ-પટાદિને પ્રકાશે છે, તેમ મોક્ષ સાધક આત્મા જિનાગમના બળથી જીવાદિ પદાર્થોને જાણતો થાય છે. પછી તે જ સાધક આત્મા ક્રમે કરીને સૂર્ય સમાન તેજ અને પ્રભાનો ધારણ કરનાર સ્વાભાવિકપણે થાય છે. જેમ સૂર્ય અનુપમ પ્રતાપી અને સર્વ પદાર્થોનો સ્વાભાવિક પ્રકાશક છે, તેમ તે સાધક મુમુક્ષુ જ્ઞાન, તપશ્ચરણાદિનો ધારક સ્વાભાવિકપણે થાય છે.

સમ્યગ્જ્ઞાન આરાધનાના આરાધક આત્માને પ્રથમ દશામાં દીપકની ઉપમા કેમ આપી તે ગ્રંથકાર કહે છે :—

**भूत्वा दीपोपमो धीमान् ज्ञानचारित्रभास्वरः ।**
**स्वमन्यं भासयत्येष प्रोद्वमन्कर्मकज्जलम् ।।१२१।।**

**દીપક સમ હો જ્ઞાની, જ્ઞાન-ચરિત સે ભાસ્વર હોતે હૈં;**
**કર્મરૂપ કાજલ કો વમતે સ્વ-પર પ્રકાશક હોતે હૈં. ૧૨૧.**

જ્ઞાની આત્મા દીવાની માફક જ્ઞાન-ચારિત્રથી પ્રકાશતો કર્મરૂપ કાજળને વમન કરતો સ્વ-પરનો સ્વાભાવિક પ્રકાશક થાય છે. એ જ્ઞાન આરાધનાનો કોઈ અદ્‌ભૂત મહિમા છે.

જેમ દીપક પોતાની દિપ્તિથી પ્રકાશિત થતો અને કાજળને બહાર ફેંકતો સ્વ અને ઘટપટાદિ પદાર્થોને પ્રકાશે છે, તેમ જ્ઞાની આત્મા જ્ઞાન-ચારિત્રરૂપ દીપ્તિથી દેદીપ્યમાન થતો અનાદિ કર્મરૂપ કાજળની નિર્જરા કરે છે અને આત્મા તથા અન્ય શરીરાદિ પરપદાર્થોનો ભેદપૂર્વક પ્રકાશક થાય છે.

શરીર અને જીવ એ બંનેમાં જ્યાં સુધી ભેદબુદ્ધિ થઈને શરીરથી ભિન્ન યથાવત્ આત્મસ્વરૂપ પ્રતીતિમાં ન આવે ત્યાં સુધીનું જ્ઞાન અજ્ઞાનરૂપ છે. એક ક્ષેત્રાવગાહપણે પરિણમેલા અનાદિ સંબંધવાળા એ બંને પદાર્થોમાં ભેદ ભાસવો એ જ જ્ઞાનનો મહિમા છે. પૂર્વોક્ત જ્ઞાન આરાધનાના આરાધક જીવો શ્રી વીતરાગ પ્રણીત શ્રુતજ્ઞાનના અભ્યાસથી ઉત્પન્ન થયેલ વિવેક વડે ક્રમથી અશુભ અને શુભ પરિણામને છોડી શુદ્ધ પરિણામનો આશ્રય કરી તથારૂપ પુરુષાર્થે મુક્ત થાય છે, એમ ગ્રંથકાર કહે છે :—

**अशुभाच्छुभमायातः शुद्धः स्यादयमागमात् ।**
**स्वेरप्राप्त संध्यस्य तमसो न समुद्गमः ।।१२२।।**
**અશુભ છોડકર શુભ કો પાકર હોતા શુદ્ધ જિનાગમ સે;**
**અંધકાર નહિ પ્રગટ કરે રવિ સાંધ્ય-લાલિમા બિન જૈસે. ૧૨૨.**

સંધ્યાને નહિ પ્રાપ્ત થયેલા સૂર્યથી જેમ અંધકાર પ્રસરતો નથી, પણ ઉલટો પ્રકાશ વિસ્તરે છે, તેમ શ્રુતજ્ઞાન વડે જીવ અશુભથી છૂટી શુભને પ્રાપ્ત થઈ તથારૂપ પુરુષાર્થે ક્રમે કરી શુદ્ધ થાય છે. શ્રી જિનેન્દ્ર વીતરાગ પ્રણીત શ્રુતજ્ઞાનનો કોઈ અકથ્ય મહિમા છે. સદાશય પૂર્વક અને વિનય ભક્તિ સહિત તેના સેવનથી અજ્ઞાનનો સંચાર તો થાય જ નહિ, પણ સમ્યક્જ્ઞાનની પ્રાપ્તિ થાય છે. અનંત મહાપુરુષોએ એ શ્રુતજ્ઞાન અને સત્સંગનો અપૂર્વ મહિમા મુક્ત કંઠે ગાયો છે.

અશુભમાંથી છૂટી શુભોપયોગ દશા પ્રાપ્ત થવા અર્થે શ્રી વીતરાગ પ્રણીત પ્રવચન એક અમોઘ ઔષધ છે. માત્ર વિધિપૂર્વક તેનું સેવન થવું જોઈએ. એથી ક્રમે કરી જીવ શુદ્ધોપયોગ દશાને પ્રાપ્ત થાય છે.

**प्रबोधाय विवेकाय हिताय प्रशमायच ।**
**सम्यक् तत्त्वोपदेशाय सतां सुक्तिः प्रवर्तते ।।** (જ્ઞાનાર્ણવ)

સત્પુરુષોની વાણી જીવને પ્રકૃષ્ટ જ્ઞાન, વિવેક, હિત, પ્રશમ અને તત્ત્વોપદેશ દાતા થાય છે.

આમ સર્વ પ્રકારે અનંતર અને પરંપરા પરમસુખના અનન્ય વીતરાગ પ્રવચનનું સેવન સર્વદા નિયમીતપણે સદાશય પૂર્વક અને ભક્તિ સહિત જીવને કર્તવ્ય છે.

શ્લોકમાં ''स्वेर प्राप्त संध्यस्य'' એ પદ સૂચવે છે કે જેમ સૂર્ય સંધ્યાને પ્રાપ્ત થતો નથી ત્યાં સુધી અંધકાર પ્રવેશ પામતો નથી, તેમ આત્મામાં જ્યાં સુધી પૂર્વ મહાપુરુષોની પવિત્ર આગમ વાણી કર્ણગોચર થઈ હ્રદયમંદિરમાં પ્રસર્યા કરે ત્યાં સુધી અજ્ઞાન અને અસંયમરૂપ નિબિડ અંધકાર જીવમાં પ્રવેશ પામતો નથી, પરંતુ નિરંતર વિવેકજ્ઞાનરૂપ પ્રખર સૂર્ય પ્રકાશતો રહે છે.

કોઈ પ્રશ્ન કરે કે જ્ઞાન આરાધના કરનાર જીવને તપ શાસ્ત્રાદિ પ્રત્યેના શુભ અનુરાગ વડે સરાગી દશા થાય છે, જે મોક્ષ માર્ગે પ્રવર્તતા મુમુક્ષુને પૂર્વ મહાપુરુષોએ હેય ગણી છે; તેનો **ઉત્તર** :—

**विधूततमसो राग स्तपःश्रुतनिबंधनः ।**
**संध्याराग इवार्कस्य जंतोरभ्युदयाय सः ।।१२३।।**
**મોહ વિનાશક જ્ઞાની કો જો તપ શ્રુત સંબંધી અનુરાગ;**
**હોતા હૈ કલ્યાણ પ્રયોજક યથા લાલિમા સૂર્ય-પ્રભાત. ૧૨૩.**

હે ભવ્ય! જેમ પ્રભાત સમયની સૂર્યની રક્તતા તેના ઉદયને સૂચવે છે, તેમ જે મહાભાગ્ય આત્માનો અજ્ઞાન અંધકાર દૂર થયો છે, તેનો તપ અને શાસ્ત્રાદિ પ્રત્યેનો રાગ એ પણ તેના કલ્યાણને જ અર્થે છે.

સૂર્યાસ્ત સમયના સૂર્યની લાલાશ જેવી લાલાશ પ્રભાતે ઉદય પામતા સૂર્યની પણ હોય છે, પરંતુ સંધ્યા સમયની લાલાશ આગામી અંધકાર વિસ્તારવાનું ચિન્હ છે, ત્યારે પ્રભાત સમયની લાલાશ આગામી પૂર્ણ પ્રકાશ વિસ્તારવાનું ચિન્હ છે, કારણ પ્રભાત સમયની લાલાશ રાત્રિના અંધકારને નાશ કરીને પ્રગટી છે.

તેમ જીવને જેવો વિષયાદિ ભાવો પ્રત્યે રાગ છે તેવો તપ અને શાસ્ત્રાદિ પ્રત્યે પણ રાગ છે, પરંતુ તપ અને શાસ્ત્રાદિ પરત્વે જે રાગ છે તે મિથ્યાત્વાદિ અંધકારનો નાશ કરી ઉદ્‌ભવ્યો છે. તેથી તે રાગ ભાવિમાં જીવને કેવળદશારૂપ શુદ્ધ પ્રકાશને પ્રકાશવાનો હેતુ છે. વળી જેને શુદ્ધોપયોગની પ્રાપ્તિ નથી, તેણે શુભોપયોગરૂપ સરાગપણું છોડીને શું અશુભમાં પ્રવર્તવું? શુભોપયોગને તથારૂપ દશા પ્રાપ્ત થવા અગાઉ છોડી દેવાથી તો માત્ર સ્વચ્છંદતાની જ વૃદ્ધિ થશે. પરિણામે સંસારીક શાતાના કારણો પણ નિર્મૂળ થઈ જીવ કેવળ નિર્ધ્વંશ પરિણામી થશે. હા, સરાગ પરિણામ જરૂર હેય છે, ત્યાગવાયોગ્ય છે, પણ તે ક્યારે? તથારૂપ વીતરાગ પરિણતિ જાગ્રત થયે. તે પહેલાં શ્રદ્ધાનમાં હેય અને પ્રવૃત્તિમાં ઉપાદેય રાખવાં એમાં જ આત્મહિત છે.

અંતઃકરણમાં રાગના સંસ્કારો અને આવેશો ક્ષીણ થયા ન હોય અને સરાગભાવ હેય છે એમ કહી જીવ યથેચ્છ પ્રવર્તે તો શું સ્થિતિ થાય?

વીતરાગભાવરૂપ આધ્યાત્મિક વિકાસના સાધક તરીકે અમુક અવસ્થા સુધી એ તપ અને શાસ્ત્રાદિરૂપ સરાગભાવ ઉપાદેય છે, અને સામુદાઇક જીવનની એટલે તીર્થની આરોગ્યતા માટે પણ એ ઇષ્ટ છે.

વીતરાગ દશા પ્રગટ થઈ ન હોય, અરે! બહુ દૂર હોય, છતાં એ તપ અને શાસ્ત્રાદિરૂપ સરાગ પરિણામથી પણ ઘણીવાર સ્થૂળ સુખ-શાંતિ આત્મામાં વર્તે છે, તેથી પણ એ તપશાસ્ત્રાદિરૂપ સરાગભાવ ઉપાદેય છે.

હવે અશુભરાગ સર્વથા હેય છે, એમ ગ્રંથકાર પ્રતિપાદન કરે છે :—

**विहाय व्याप्तमालोक पुरस्कृत्य पुनस्तमः ।**
**रविवद्रागमागच्छन् पातालतलमृच्छति ।।१२४।।**

**જ્ઞાન-જ્યોતિ તજ, તમ અપનાકર રાગાદિક પરિણતિ કો પ્રાપ્ત;**
**રાગ યુક્ત રવિવત્ વહ તલ પાતાલ લોક કા કરતા પ્રાપ્ત. ૧૨૪.**

જેમ સૂર્ય પોતાના વ્યાપ્ત પ્રકાશને છોડી અસ્તની લાલીને પ્રાપ્ત થઈ અંધકાર ફેલાવી પાતાળમાં ચાલ્યો જાય છે અર્થાત્ અસ્ત થઈ જાય છે, તેમ સંસારમાં રાગી આત્મા પોતાના વ્યાપ્ત જ્ઞાનભાવને છોડી અજ્ઞાનભાવને આગેવાન કરી રાગને પ્રાપ્ત થતો અધોલોકમાં ચાલ્યો જાય છે. ભ્રષ્ટ થતો આત્મા પોતાના વ્યાપક જ્ઞાનભાવને છોડી અજ્ઞાનને આગળ કરી હિંસાદિ પાપરૂપ બની નિગોદાદિ પર્યંત જઈ પહોંચે છે.

જો કે શુભ કે અશુભ એ બંને વસ્તુતાએ રાગભાવ જ છે, પરંતુ નીચેની દશામાં શુભરાગ શુદ્ધતાના સાધકને કથંચિત્ શુદ્ધતાનું કારણ છે. નીચેની દશામાં શુભરાગ કથંચિત્ હેય છે, પણ અધોગતિના કારણરૂપ અશુભરાગ સર્વથા હેય છે. તો પ્રયત્ન પૂર્વક પણ તે અશુભરાગનો ત્યાગ કરી શુભરાગમાં આવવું એ ઇષ્ટ છે.

પૂર્વોક્ત ચાર આરાધનામાં નિષ્કપટ પરિણામે વર્તતા મુમુક્ષુ જીવોને મોક્ષપ્રાપ્તિ નિર્વિઘ્નપણે થાય છે, એમ ગ્રંથકાર કહે છે :—

**ज्ञानं यत्र पुरःसरं सहचरी लज्जा तपः संवलम्**
**चारित्रं शिविका निवेशनभुवः स्वर्गाःगुणा रक्षकाः ।**
**पंथाश्च प्रगुणं शमाम्बुबहुलःच्छाया दया भावना**
**थानं तन्मुनिमापयेदभिमतं स्थान विना विप्लवैः ।।१२५।।**

**જ્ઞાન અગ્રસર, લજ્જા મિત્ર, જહાં તપ હૈ પાથેય સમાન,**
**ચારિત શિવિકા, સ્વર્ગ નિવેશન ગુણરક્ષક સે યુક્ત વિમાન;**
**સરલ, શાંતિ-જલ યુક્ત માર્ગ હૈ દયા ભાવના છાયા જાન,**
**મુનિ કો વિઘ્ન રહિત પહુઁચાતી યહ યાત્રા ગન્તવ્ય સ્થાન. ૧૨૫.**

જ્ઞાન જેને માર્ગ દર્શકપણે આગળ-આગળ ચાલે છે, લજ્જા જેની સાથમાં છે, તપ જેને વાટ ખર્ચી છે, ચારિત્રરૂપ જેને શિબિકા છે, સ્વર્ગાદિ વચ્ચે-વચ્ચે જેને ઉત્તમ વિશ્રામ સ્થાન છે, સમ્યક્ ગુણો જેની સાથમાં રખવાલ છે, ઉપશમ જળના છંટકાવ સહિત જેને સ્વચ્છ માર્ગ છે, દયારૂપ રસ્તાની બંને તરફ શાંત છાયા છે અને સમ્યક્ભાવનારૂપ જેનું ગમન છે—આવી-આવી સર્વોત્તમ પ્રવાસની સામગ્રી જરૂર તે પ્રવાસી મુનિને વિના ઉપદ્રવે પોતાને ઇષ્ટ સ્થાનકે પહોંચાડે છે.

હવે મોક્ષમાર્ગના પ્રવાસીને વચ્ચે વચ્ચે જે ઉપદ્રવો આવવા સંભવિત છે તેને ગ્રંથકાર પાંચ બાબત કહે છે :—

**मिथ्यादृष्टि विषान्वदंति फणिनो दृष्ट तदा सुस्फटं**
**यासामर्द्धविलोकनैरपि जगद्दन्दह्यते सर्वतः ।**
**तास्त्वय्येव विलोमवर्तिनि भृशं भ्राम्यन्ति बद्धक्रुधः**
**स्त्रीसपेण विषं हि केवलमतस्तद्-गोचरं मास्मगाः ।।१२६।।**

**અજ્ઞાની દૃષ્ટિ-વિષ કહતે સર્પોં કો યહ કિન્તુ અસત્ય,**
**જો નિજ નેત્ર-કટાક્ષ માત્ર સે કરેં સર્વથા જગ સંતપ્ત;**
**ઉન્હેં છોડ વિપરીત હુઆ તૂ અતઃ ક્રુદ્ધ હો વે ભ્રમતીં,**
**ઉનકા વિષય નહીં બનના કેવલ વિષરૂપ સમઝ સ્ત્રી. ૧૨૬.**

સર્પ લોકોમાં દૃષ્ટિ વિષપણું બતાવે છે, પણ તે બરાબર નથી, અમે તો સ્પષ્ટપણે સ્ત્રીમાં જે દૃષ્ટિ વિષયપણું અનુભવ્યું છે તેવું સર્પમાં જોયું નથી. સ્ત્રીના કટાક્ષ માત્રથી આખો લોક સર્વાંગે બળી ઉઠે છે. કહો! આથી બળવાન દૃષ્ટિવિષયપણું ક્યુ છે? તું એ સ્ત્રીનો ત્યાગ કરી તેનાથી પ્રતિકૂળ થયો, જેથી તારા પ્રત્યે ક્રોધયુક્ત થયેલી તે સ્ત્રીઓ તને જ ભ્રષ્ટ કરવા ઠામ-ઠામ જગતમાં ભમે છે. સ્ત્રીના રાગરૂપ ભયંકર વિષની લેહેરોમાં તું ન સપડાય માટે હવે તું તેના ભણી દૃષ્ટિ પણ ન કર.

જગતમાં કેટલાક એવા પણ સર્પો છે કે જેની દૃષ્ટિ પડવા માત્રથી ભયંકર વિષની લહેરો ચઢે છે, ગ્રંથકારે એ વાતને ઘણાના અનુભવ બહારની જાણી બરાબર માન્ય રાખી નહિ. સ્ત્રીઓની આંખના ઝેરનો સર્વને અનુભવ છે. સ્ત્રીજાત પોતાના કટાક્ષ માત્રથી તરત જ વિષ કરતાં પણ ભયંકર કમાગ્નિ સળગાવી મૂકે છે અને તેથી પુરુષો વ્યાકુળ બની સર્વ ભાન ભૂલી જાય છે–બેહોશ બની જાય છે, કામની અતિ તીવ્ર અગ્નિમાં શેકાઈ જાય છે અને મહા મહા પ્રયાસે મેળવેલા અમૂલ્ય સદ્‌ગુણોને સહજ માત્રમાં બાળી ભસ્મ કરી નાખે છે. પરિણામે જીવ પોતાપણું પણ સાવ વિસરી જાય છે. કામની એ જ્વલંત ભઠ્ઠીમાં સાતે ધાતુ, પ્રાણ, આયુષ્ય, યશ સર્વ બળીને ખાખ થઈ જાય છે.

આચાર્ય મુનિજનોને શિક્ષા આપે છે કે દેવ, દાનવ અને સમસ્ત ચર-અચર જગત જેને નિરંતર વશ વર્તે છે, તેવી સમર્થ સ્ત્રીનો તેં ત્યાગ કર્યો હોવાથી ક્રોધી થઈ તે સ્ત્રીઓ તને ભ્રષ્ટ કરવા તારા પવિત્ર માર્ગમાં ઠામ-ઠામ ભમે છે, પણ તું સાવધાન રહી એવી રીતે પ્રવર્ત કે તેની દૃષ્ટિએ પણ તું ન પડે અને તારી દૃષ્ટિ તેના ઉપર ન પડે. મોક્ષમાર્ગમાં સ્ત્રીવશ બની જવું એ એક ભયંકર ઉપદ્રવ છે. તેનાથી સાંગોપાંગ નિર્વિઘ્નપણે કોઈક જ મહાભાગ્ય બચે છે અને જે બચે છે તેને ધન્ય છે.

**क्रुद्धाः प्राणहरा भवन्ति भुजगा दष्टैव काले क्वचि**
**त्तेषामौषधयश्च सन्ति बहवः सद्योविषय्युक्छिदः ।**
**हन्युः स्त्रीभुजगाः पुरेह चर मुहुः क्रुद्धा प्रसन्नास्तथा**
**योगीन्द्रानपि तान्निरौषधविषा दुष्टाश्च दृष्वापि च ।।१२७।।**

**ક્રોધિત હોને પર હી ડસકર પ્રાણ હરે યહ સર્પ કભી,**
**ઉનકા વિષ હરનેવાલી ઔષધિ મિલતી હૈ આજ સભી;**
**નારી-સર્પ સદા ડસતા હે, હો પ્રસન્ન યા ક્રોધિત ભી,**
**યોગી ઉસકો દેખેં યા વહ દેખે ઇસ-ભવ પર-ભવ ભી. ૧૨૭.**

સર્પ તો ક્રોધાવેશમાં આવે ત્યારે કોઈક પ્રસંગે જ ડસે અને પ્રાણ હરણ કરે, પણ તેના વિષને નિવારવા એવી ઘણી ઔષધીઓ જગતમાં છે કે જેથી વિષ દૂર થાય; પરંતુ સ્ત્રીરૂપ સર્પ તો ક્રોધ દશામાં કે પ્રસન્ન દશામાં, આલોકમાં કે પરલોકમાં, તેને દેખવાથી કે તેના દેખવાથી મહાન યોગીશ્વરોને પણ ક્ષણ માત્રમાં હણે છે. એ સ્ત્રીરૂપ દૃષ્ટિવિષસર્પોના ડંસનો પ્રતિકાર કરવા જગતમાં કોઈ ધન્વંતરિ સબળ ઔષધી આજ સુધી શોધી શક્યો નથી.

લોકો સર્પને અતિ અનિષ્ટ જાણી તેનાથી ડરે છે, પણ સ્ત્રીઓને અતિ ઇષ્ટ જાણી તેનો વિશ્વાસ કરે છે. સ્ત્રી પ્રત્યેનો રાગ છોડાવવા અર્થે સર્પથી પણ સ્ત્રીઓની અધિક ભયંકરતા બતાવી. કારણ સર્પ ક્રોધી થાય ત્યારે જ દંશ મારે છે, પણ સ્ત્રી ક્રોધી થાય ત્યારે હરકોઈ ઉપાય કરીને પણ અને પ્રસન્ન થાય ત્યારે આકુળતા વધારીને પ્રત્યેક ક્ષણે જીવને હણે છે. સર્પ દંશ દઈ પ્રાણ હરણ કરે છે, ત્યારે આ સ્ત્રીઓ દેખતાં માત્રમાં વા તેને દેખવા માત્રમાં! અરે! સ્મૃતિપટ ઉપર આવીને પણ જીવનો ઘાત કરે છે. સર્પ વિષના પ્રતિકારની જગતમાં અનેક ઔષધીઓ છે, પરંતુ સ્ત્રીઓથી ઉત્પન્ન થયેલા વિષમ કામજ્વરના વિષને દૂર કરવા માટે કોઈ ઔષધી જ નથી. એ પ્રમાણે એ સ્ત્રીરૂપ ભયંકર સર્પો વિશેષે કરીને મોક્ષમાર્ગે વિચરતા મુમુક્ષુના માર્ગમાં ઠામ-ઠામ જ્યાં ત્યાં ભમે છે. તેઓ મોક્ષમાર્ગે જતા પંથીને માર્ગથી પતિત કરે છે, મુમુક્ષુએ તેનો ક્ષણ માત્ર પણ વિશ્વાસ કરવો ઇષ્ટ નથી.

**एतामुत्तमनायिकामभिजनावर्ज्यां जगत्प्रेयसीं**
**मुक्तिश्रीललनां गुणप्रणयिनीं गन्तुं तवेच्छा यदि ।**
**तां त्वं संस्कुरु वर्जयान्यवनितावार्तामपि प्रस्फुटं**
**तस्यामेव रतिं तनुष्व नितरां प्रायेण सेर्ष्या स्त्रियः ।।१२८।।**

**યહ ઉત્તમ નાયિકા જગત્-પ્રિય મિલે ન સાધારણ જન કો,**
**મુક્તિ-શ્રી લલના ગુણ-ગ્રાહક યદિ પાના ચાહો ઇસકો;**
**રત્નત્રય સે કરો વિભૂષિત પર-સ્ત્રી કી કરો ન બાત,**
**ઈર્ષ્યાયુત મહિલા હોતી હૈં અતઃ ઇસી સે કર અનુરાગ. ૧૨૮.**

એ મોક્ષલક્ષ્મીરૂપ મનોહર ઉત્તમ નાયિકા સામાન્ય પુરુષોને વર્જ્ય છે (અપ્રાપ્ત છે) અર્થાત્ જેને તેને તેની પ્રાપ્તિ હોતી નથી. એ નાયિકા એવી તો સર્વાંગ સુંદર અને પરમસુખપ્રદ છે કે જેને તેના વાસ્તવિક સ્વરૂપની યથાર્થ પિછાન થાય તે તેને જરૂર મેળવવા ઇચ્છે, પરંતુ તે ગુણો પ્રત્યે પ્રેમ કરવાના સ્વભાવવાળી હોવાથી ગુણીજનને જ તે પ્રાપ્ત થાય છે.

હે ભવ્ય! તે મોક્ષલક્ષ્મીરૂપ ઉત્તમ નાયિકાને વરવાની તારી અનન્ય ઇચ્છા હોય તો તું રત્નત્રયાદિ ઉત્તમ ગુણરૂપ આભૂષણોથી અલંકૃત થા! પ્રત્યક્ષપણે લૌકિક સ્ત્રીઓની વાર્તા પણ તું છોડી દે. ઘણા ભાગે સ્ત્રીઓ ઇર્ષાયુક્ત સ્વભાવવાળી હોય છે. અન્ય સ્ત્રી ઉપરનો પોતાના નાયકનો પ્રેમ તે જરાપણ સાંખી શકતી નથી. જેમ કોઈ પુરુષ કોઈ સ્ત્રીને વશ કરવા ઇચ્છતો હોય તો તેણે બીજી સ્ત્રીઓથી વાર્તા સરખી પણ છોડવી યોગ્ય છે અને સુંદર આભૂષણાદિથી તેને પ્રસન્ન કરી તેના પ્રત્યેનો અનુરાગ વધારવાથી તે સ્ત્રી તેને વશ વર્તે છે. તેમ હે ભવ્ય! તું જો મોક્ષલક્ષ્મીરૂપ નાયિકાને ચાહતો હોય તો અન્ય લૌકિક સ્ત્રીઓની વાર્તા સરખી પણ છોડી મોક્ષલક્ષ્મીમાં જ તારો અનુરાગ વધારી રત્નત્રયાદિ સર્વોત્તમ અલંકારોથી તેને તું સાધ્ય કર. અને એ જ માત્ર તે સર્વોત્તમ નાયિકાને વરવાનો સાચો ઉપાય છે.

**वचनसलिलैर्हासस्वच्छैस्तरङ्गसुखोदरै-**
**वदनकमलैर्बाह्येरम्याः स्त्रियः सरसीसमाः ।**
**इह हि बहवः प्रास्तप्रज्ञास्तटेऽपि पिपासवो**
**विषयविषमग्राहग्रस्ताः पुनर्न समुद्गताः ।।१२९।।**

**સ્વચ્છ હાસ્યમય વચન સલિલયુત સુખદા ચંચલ લહર સમાન,**
**વદન-કમલ સે બાહ્ય રમ્ય હૈ નારી સરોવરી સમ જાન;**

**બહુત જીવ તૃષ્ણાતુર હો, તટ સરોવરી કે હૈં જાતે,**
**વિષય-ગ્રાહ સે ગ્રસ્ત હુએ અજ્ઞાની નિકલ નહીં પાતે. ૧૨૯.**

ખરેખર એ સ્ત્રીઓ એક વિસ્તીર્ણ સરોવરની ઉપમાને યોગ્ય છે. સરોવરમાં જેમ નિર્મળતા, તરંગો, જળ અને કમળ દેખાય છે, તેમ એ સ્ત્રીઓમાં હાસ્યરૂપી નિર્મળતા, વક્રોક્તિ (ઠઠ્ઠા) રૂપ સુખકારી તરંગો, વચનરૂપ જળ અને મુખરૂપી કમળ એ આદિ વડે એ સ્ત્રીઓ બાહ્યથી બહુ રમ્ય ભાસે છે. તેમાં કેટલાક મોહમૂઢ જીવો તૃષાતુર (કામાતુર) થઈ માત્ર કિનારે જતાં જ વિષયાકાંક્ષારૂપ ભયંકર મગરમચ્છથી પકડાઈ તે અગાધ જળમાં બૂડી પ્રાણહીન થઈ ગયા—જીવિતવ્ય ખોઈ બેઠા કે જેઓ ફરી બહાર નીકળી શક્યા નહિ.

જેમ સરોવર નિર્મળતા, તરંગો, જળ અને કમળોથી રમ્ય ભાસે છે, પણ તેના મધ્ય ભાગમાં મગરમચ્છ આદિ જળચર જીવો રહે છે, ત્યાં કોઈ મૂર્ખ પુરુષ તૃષાતુર થવાથી જળપાન કરવા માટે સરોવરના કિનારે જઈ ઊભો રહ્યો. બિચારાને પાણી પીવું તો દૂર રહ્યું પણ ઉલટું તે સરોવરની અંદરના મગરમચ્છાદિ હિંસક પ્રાણીઓ તેને એકાએક પકડી ખેંચી ગળી ગયાં, જેથી ફરી તે મૂર્ખ મનુષ્ય બહાર નહિ નીકળી શકતાં અંદરનો અંદર મરણને શરણ થયો. તેમ એ સ્ત્રીઓ હાસ્ય અને યુક્તિવાળાં મધુર પણ વક્ર વચન અને મુખની શોભા વડે બાહ્યથી રમ્ય ભાસે છે, પણ કામરૂપ અગાધ જળથી તે પૂર્ણ છે. ત્યાં કોઈ અજ્ઞાની મદોન્મત્ત મોહમૂઢ જીવ વિષયની તૃષ્ણાથી આતુર થઈ તે સ્ત્રીની પાસે જઈ નિરખવા લાગ્યો. બિચારો પોતાની ચાહ મટાડવા ગયો હતો. ત્યાં તો કામના ઉદ્રેકથી અને વિષય સામગ્રીથી વિહ્વળ બની ત્યાં ને ત્યાં ભ્રષ્ટ થઈ અચેત થઈ ગયો. પરિણામે સ્થાવરાદિ પર્યાયને પ્રાપ્ત થયો. તે ફરી પાછો સચેત પડ્યો નહિ. એમ એ સ્ત્રીરૂપ અગાધ અને અમર્યાદિત ઊંડા અને ઘેરા જળમાં કેટલાય જીવોને વિષયરૂપ મગરમચ્છો પકડી-પકડીને ગળી ગયા જેનો ફરી પત્તો પણ લાગવો મુશ્કેલ થઈ પડ્યો. કોઈ ઊંડા અને લપસી જવાય એવા જળાશય આગળ એકલદોકલ અનાયાસે જઈ ચડેલો બુદ્ધિમાન મનુષ્ય પૂરી સાવધાનતાથી ત્યાં ઊભો રહે છે, પણ તેનો નિમેષમાત્ર વિશ્વાસ કરતો નથી. જેમ એ જળાશય આગળ એકલદોકલ મનુષ્યની સલામતીનો સંશય અને ભય છે, તેમ સ્ત્રીરૂપ અગાધ જળાશય પાસે પણ કોઈ એકલદોકલ મનુષ્યની ચૈતન્યજાગ્રતિ માટે પૂરે પૂરો ભય છે, જોખમ છે. માટે એ સ્ત્રીઓનો વિશ્વાસ કરવો યોગ્ય નથી.

**पापिष्ठैर्जगतौ विधीतमभितःप्रज्वाल्य रागानलं**
**क्रुध्यैरिंद्रियलुब्धकैर्भयप्रदैः संत्रासिताः सर्वतः ।**
**हन्तैते शरणैषिणोजनमृगाः स्त्रीछद्मना निर्मितम्**
**घातस्थानमुपाश्रयन्ति मदनव्याधाधिपस्थाकुलाः ।।१३०।।**

**ક્રૂર, પાપરત, ભયપ્રદ, ઇન્દ્રિય-વ્યાધ મૃગ-સ્થલ કે ચહુઁ ઓર,**
**ત્રસ્ત કરેં રાગાનલ દ્વારા ઇન્દ્રિય-લુબ્ધજનોં કો ઘોર;**
**શરણ ખોજતે જન-મૃગ દૌડેં કામ-વ્યાધ નૃપ સે નિર્મિત,**
**નારીમય જો છદ્મરૂપ ઘાત-સ્થલ પાયેં હો પીડિત. ૧૩૦.**

હાય! ઘણા દુઃખની વાત છે કે સંસારરૂપ કતલખાનામાં પાપી અને ક્રોધી એવા ઇન્દ્રિય વિષયરૂપ ચંડાળોએ ચારે બાજુ રાગરૂપ ભયંકર અગ્નિ સળગાવી મૂક્યો કે જેથી ચારે તરફથી ભય પામેલાં અને અત્યંત વ્યાકુલ થયેલાં પુરુષરૂપી હરણો પોતાના બચાવ માટે અંતિમ શરણ ચાહતાં કામરૂપી ચંડાળે ગોઠવી રાખેલાં સ્ત્રીરૂપ કપટસ્થાનમાં જઈ-જઈને ભરાઈ પડે છે.

જેમ કોઈ હોશિયાર આહેડી કિંકરો સહિત શિકાર કરવાના અર્થે જ્યાં હિરણોનો સમૂહ હોય તેવા વનમાં જઈ ચોતરફ અગ્નિ સળગાવે અને પોતાને શિકાર કરવાનું ઇલાયદું સ્થાન રાખી પોતે ત્યાં રહે. ત્યાં અગ્નિના ભયથી નાસતાં એવાં એ રંક હરણો ચારે તરફ દોડાદોડ કરતાં ભાગતાં શરણની ઇચ્છાએ બિચારાં પહેલાં શિકારીએ ગોઠવેલા સ્થાનમાં જઈ પહોંચ્યા. જાણે અમે અહીં સુરક્ષિત રહીશું, પણ ત્યાં તો પહેલો દુષ્ટ આહેડિ બેઠો જ છે, તે નિઃશસ્ત્ર નિરાધાર રંક હરણોને શસ્ત્રથી મારી પ્રાણરહિત કરે છે. તેમાં વિકારરૂપ પ્રધાન કામ-મોહ અને તેના ઇન્દ્રિયરૂપ કિંકરો જીવરૂપ હરણોને ભ્રષ્ટ કરવા, વર્ણાદિ વિષયોમાં રાગાદિરૂપ અગ્નિ સળગાવી જીવરૂપ હરણોને પકડવા સ્ત્રીરૂપ કપટ સ્થાન લોકમાં ગોઠવી રાખ્યું છે. રાગરૂપ અગ્નિથી અતિ વ્યાકુળ થયેલા બળી રહેલા જીવરૂપ હરણો 'જાણે અહીં અમને રક્ષણ મળશે' એવી બુદ્ધિથી આવી ત્યાં પ્રાપ્ત થાય છે, પણ ત્યાં તો પહેલો પ્રધાન કામ આહેડિ લાગ જોઈ બેઠો છે કે જે શરણની હોંશ ભરી આશાએ આવેલા જીવોને પોતાનાં કુચેષ્ટારૂપ બાણોથી ભ્રષ્ટ કરે છે, અચેત કરે છે, અને બિચારો તે જીવ પરમ આકુળતારૂપ ભયંકર દાહને પ્રાપ્ત થાય છે. ગ્રંથકાર કહે છે કે તેથી જ એ સ્ત્રીઓનો વિશ્વાસ કોઈને કોઈ પ્રકારે પણ કર્તવ્ય નથી.

**अपत्रपतपोग्निना भयजुगुप्सयोरास्पद**
**शरीरमिदमर्धदग्धशववन्न किं पश्यसि ।**
**वृथा व्रजसि किं रतिं ननु न भीषयस्यातुरो**
**निसर्गतरलाः स्त्रियस्तदिह ताः स्फुट बिभ्यति ।।१३१।।**

**તપરૂપી અગ્નિ દ્વારા જો હુઆ ઘૃણાસ્પદ અરુ ભયપ્રદ,**
**અર્ધદગ્ધ શવ સમ તન તેરા! ક્યોં ન દેખતા રે નિર્લજ્જ!**

**તુઝે દેખકર ભય સે વ્યાકુલ હોકર સદા ભાગતીં દૂર,**

**હૈં સ્વભાવ સે કાયર નારી, ફિર ક્યોં રાગ કરે ભરપૂર? ૧૩૧.**

હે નિર્લજ્જ! તારું શરીર તપરૂપ અગ્નિ વડે અર્ધબળ્યા મડદા જેવું ભય અને જુગુપ્સાનું સ્થાન રહ્યું છે, એ શું તું દેખતો નથી? નિરર્થક કેમ આસક્તિને પ્રાપ્ત થઈ રહ્યો છે? હે ભ્રષ્ટ અને મૂર્ખ આત્મા! આતુરતારૂપ રોગને પ્રાપ્ત થયેલો તું સ્ત્રીઓને ડરાવતો નથી, પણ ઊલટો તેમનો સંગ કરવા ચાહે છે! સ્વભાવથી ચંચળ અને કાયરતાવાળી તે સ્ત્રીઓ તને જોઈને ડરે છે, તારી ભયાનક મૂર્તિ દેખી ભાગે છે અને એમ છતાં તું ફરી-ફરી તેના સંગને ઇચ્છે છે!

ગ્રંથકાર આ ઠેકાણે મુનિજનોને સંબોધે છે કે—હે નિર્લજ્જ! તારું આ શરીર તપ વડે ભયાનક અને ઘૃણાયુક્ત થઈ રહ્યું છે, જાણે અડધું બળેલું મુડદુ, અને છતાં તું સ્ત્રીઓનો સંગ ઇચ્છે છે! ભાઈ! એ સ્ત્રીઓનો સ્વભાવ તું જાણે છે? જેનું શરીર બળવાન પુષ્ટ અને સુંદર દેખાય તેનાથી જ તે રાગ કરે, હાસ્ય કરે; પરંતુ જેનું શરીર અશક્ત, કૃષ અને અશોભનીક દેખાય તેનાથી તે દૂર ભાગે છે, એ શું તું નથી જાણતો? હે નિર્લજ્જ! તું આવી અવસ્થામાં તેનો સંગ પામે એ અશક્ય છે. જ્યારે આમ છે ત્યારે વ્યર્થ આત્મશ્રેયને તું કેમ ભૂલે છે? સ્વરૂપ-વિસ્મરણતાને કેમ પ્રાપ્ત થાય છે? આવું અલભ્ય મુનિપદ પામીને હે ભવ્ય! તને ઉચિત છે કે નિજ કલ્યાણને વિષે અપ્રમત્ત થવું.

જે સ્થાનમાં તું રતિ કરે છે તે સ્થાન કેવું છે તેનું ગ્રંથકાર ત્રણ શ્લોક દ્વારા વર્ણન કરે છે :—

**उत्तुङ्गसंगतकुलाचलदुर्गदूर–**

**माराद्वलीत्रयसरिद्विषमावतारम् ।**

**रोमावलीकुसृतिमार्गमनङ्गमूढाः**

**कांताकटीविवरमेत्य न केऽत्र खिन्नाः ।।१३२।।**

**ઉન્નત ઔર નિકટવર્તી કુચરૂપ અચલ સે જો દુર્ગમ,**

**ઉદય-સ્થિત ત્રિવલી સરિતા સે પાર પ્રાપ્તિ અત્યન્ત વિષમ;**

**રોમ પંક્તિ પથ ભટક ભટક કર ભી પહુઁચેં યદિ કામ-વિમૂઢ,**

**કાન્તા કા કટિ-છિદ્ર પ્રાપ્ત કર કૌન ખિન્ન હોતા નહિં મૂઢ. ૧૩૨.**

કામ વિકારથી ઉન્મત્ત થયેલા એવા ક્યા જીવો છે કે જેઓ સ્ત્રીઓના યોનિસ્થાનને પ્રાપ્ત થઈને ખેદખિન્ન ન થાય? અર્થાત્ તત્કાલ અને ભાવિમાં તેઓ મહા ખેદને જ પામે છે. કેવું છે તે સ્થાન? પરસ્પર ભીડાયલા ઊંચા અને કઠિન એવા સ્તનોરૂપ બે પર્વતો એ જેના માટે ઉત્તંગ

કિલ્લાની ગરજ સારે છે, જેથી તે સ્થાન અતિ દુઃખે કરી પામવાયોગ્ય છે. વળી ત્રિવલીરૂપ વિસ્તીર્ણ નદી વડે વિષમ છે પાર ઉતરવું જેનું, તથા આગળ વિસ્તીર્ણ રોમપંક્તિરૂપ ઘેરી વૃક્ષ ઘટાએ કરીને જેનો માર્ગ પણ ખરાબ થઈ રહ્યો છે.

જગતમાં પ્રત્યક્ષ દેખાય છે કે જે સ્થાનના માર્ગમાં ઉંચા અને પરસ્પર મળેલા વિસ્તીર્ણ પહાડો પડ્યા હોય, કઠિનતાથી પાર ઉતરાય એવી મોટી વિશાળ નદી હોય અને વૃક્ષોની સઘનતાથી માર્ગ પણ દુર્ગમ્ય થઈ રહ્યો હોય, એવા પહાડી કોતરોથી ભરેલા ભયંકર સ્થાનકે પહોંચવામાં ખેદ જ હોય. તેમ સ્ત્રીના યોનિ સ્થાનકે રમવા પહેલાં ઊંચા અને પરસ્પર મળેલા બે કુચથી ખેદખિન્ન થઈ જેમ તેમ અતિ કષ્ટે છૂટવું થાય, ત્યાં તો આગળ ત્રિવલીરૂપ વિશાળ નદી અને તેની આગળ રોમની સઘન વિસ્તીર્ણ વૃક્ષ પંક્તિથી દુર્ગમ્ય અને ભયંકર સ્થાનકે પહોંચતા અવશ્ય ખેદખિન્ન જ થવાય. એટલે પ્રયત્ન કરતાં તે યોનિસ્થાનકે તો કોઈક જ પહોંચી શકે. આવા પ્રત્યક્ષ ખેદને જીવ સુખ માને છે એ જીવની મૂઢતા નહિ તો બીજું શું? ગ્રંથકાર કહે છે કે જેમ એક અતિ દુઃખીયો મનુષ્ય દુઃખથી કંટાળી માથુ ફોડતાં સુખ માને તેમ કામની ભયંકર વ્યાધિથી નિરંતરનો પીડિત જીવ ખેદખિન્ન થવા છતાં પણ સુખ કલ્પે છે. કામરૂપી અંધાપો જ એવો છે.

**वर्चोगृहं विषयिणां मदनायुधस्य**
**नाडीव्रणं विषमनिर्वृति पर्वतस्य ।**
**प्रच्छन्नस्त्रपादुकमनङ्गमहाहिरंध्र**
**माहुर्बुधा जघनरंध्रमदः सुदत्याः ।।१३३।।**

**કામી કા મલ-ક્ષેપણ થલ, કામાયુધ કા નાડી-વ્રણ જાન,**
**દુર્ગમ મોક્ષરૂપ પર્વત કા આચ્છાદિત ગઢે સમ માન;**
**કામરૂપ ઇસ મહાસર્પ કે રહને કા યહ હૈ સ્થાન,**
**બુધજન કહતે સુંદર દન્તવતી નારી કા જઘન સ્થાન. ૧૩૩.**

ઉત્તમ દંતપંક્તિવાળી સ્ત્રીનું જઘન રંધ્ર જે યોનિછિદ્ર તેને જ્ઞાનીઓએ વિષયી પુરુષોનું વિષ્ટાગૃહ (પાયખાનું) અથવા કામરૂપી શસ્ત્રનો ભયંકર ઘા, અથવા બે ભયંકર પર્વતોથી ઢંકાયેલો ઊંડો ખાડો, અથવા કામરૂપ ભયંકર નાગનું બિલ સમજે છે.

વિષ્ટા ફેંકવાના સ્થાનની માફક યોનિછિદ્ર કામી પુરુષોને વીર્યરૂપ વિષ્ટા ફેંકવાનું એક સ્થાન છે, અથવા કામદેવના ભયંકર શસ્ત્રનો એક 'ઘા' છે, અથવા વિસ્તીર્ણ પહાડોથી ઢંકાયેલી ઊંડી અને ભયંકર એક ખેઈ છે, કે જે મોક્ષ નગરે જતા પથિકને આડે આવે છે. તે ખાઈ અવ્યક્તપણે સૂચવે છે કે હે પંથિજનો અમને ઓળંગવાનું સાહસ ખેડીને કોઈ આગળ જશો નહિ. નહિંતર તમારી જીવન સ્થિતિ તમે ગુમાવશો. એ ખાઈ એવી તો દુર્ગમ્ય છે કે જે વમનયોગ્ય પણ નથી

અને તેથી તો તે પર્વતોથી ઢંકાયેલી રહી છે. માટે જ મોક્ષાર્થી જીવો એ ખાઈને દૂરથી જ ત્યજે છે. વળી, એ કામરૂપ ભયંકર નાગને રહેવાનું બિલ છે, તેમાં જે મોહમૂઢ આત્મા રતિ માને છે તેને એ કામરૂપી સર્પ પોતાના વિષમ દંશથી તુરત મૂર્છિત કરે છે–અચેત કરે છે. એમ અનેક ઉપમાઓથી એ યોનિછિદ્ર અનિષ્ટ છે. તેથી તે પ્રત્યેનો રાગ હે જીવ! તું નિવાર.....નિવાર!

**अध्यास्यापि तपोवनं बत परे नारीकटीकोटरे**
**व्याकृष्ट विषयैः पतंति करिणः कूटावपाते यथा ।**
**प्रोचे प्रीतिकरीं जनस्य जननीं प्रागृजन्मभूमिं च यो**
**व्यक्तं तस्य दुरात्मनो दुरुदितर्मन्ये जगदंचितम् ।।१३४।।**

**તપ હેતુ વિપિન જાકર ભી જન નારી કટિ-કોટર મેં ગિરતે,**
**વિષયોં સે આકર્ષિત ગજ જ્યોં છલ-કૃત ગઢ્ઢે મેં પડતે;**
**પૂર્વજન્મ કી જન્મ-ભૂમિ કો પ્રીતિંકર જો કહતે હૈં,**
**દુષ્ટવચન દ્વારા વે વંચક સારે જગ કો ઠગતે હૈં. ૧૩૪.**

જેમ હાથી કપટથી બનાવેલા ભયંકર ખાડામાં મોહમુગ્ધ થઈ અસાવધ બની પડે છે, તેમ કેટલાય જીવો ઉત્તમ તપોવનને પ્રાપ્ત થઈને પણ ધર્મ વિમુખ બની સ્ત્રીના ભયંકર કટીછિદ્ર વિષે પડી મરે છે. પ્રથમ તો એ યોનિ મનુષ્યની જન્મભૂમિ હોવાથી માતા સમાન છે, પણ માત્ર મૂઢ કવિઓએ તેને પ્રીતિ કરવાયોગ્ય વર્ણવી છે. એવા પંડિત મૂર્ખ કવિઓના મોહોત્પાદક વચનવિલાસથી ખરેખર આ જગત ઠગાઈ રહ્યું છે.

જેમ કોઈ એક હાથી જંગલમાં સ્વાધીનતા પૂર્વક વિચરતો હતો, તેને પકડવા માટે હાથિણીનું રૂપ બનાવી તેની નીચે કપટ પૂર્વક તેને ન સમજાય તેવો ખાડો બનાવ્યો. વિષયાંધ થયેલો હાથી હાથિણીની લાલચે તે ખાડામાં પડી ઝૂરી-ઝૂરી નિર્બળ થયો અને પૂર્ણ પરાધીન બન્યો. તેમ મુનિ તપોવનમાં એકાંત સ્વાધીનપણે વિચરતા હતા, તેમને ભ્રષ્ટ કરવાના–તપથી પતિત કરવાના કારણરૂપ એ સ્ત્રીનું યોનિછિદ્ર છે. ત્યાં વિષય સેવનના લોભે મુનિ જો ભાન ભૂલી તે યોનિછિદ્રરૂપ ખાડામાં પડે તો ઘણા કાળનો ઉપાસિત તપ અને સંયમ ગુમાવવા અનેક પ્રકારનાં કષ્ટો સહન કરે.

ગ્રંથકાર કહે છે કે મૂળમાં કામવિકાર તો પ્રથમથી હતો જ, તેમાં વળી ઉપરથી મૂર્ખ કવિઓએ અનેક કુયુક્તિઓ વડે સ્ત્રીના અંગોપાંગની રમ્યતા બતાવી કામ વિકારનો વધારો થાય તેવાં કાવ્યો–છંદો રચ્યા જે વચનોથી ઠગાયેલા એવા જીવો બચી શકતા નથી. જુઓ તો ખરા! એ કુકવિઓની ધીઠતા કે જે યોનિસ્થાન પોતાનું જન્મસ્થાન છે તેને જ રમવાયોગ્ય વર્ણવ્યું! એ કુકવિઓનાં બહેકાવનારાં વચનોથી અનુરંજિત થઈ, ઉત્તેજિત થઈ હે જીવ! તું તેથી ઠગાઈને એ

સ્રીની યોનિ વિષે જરાએ રાગી થઈશ નહિ. પણ તારી સાવધાનતા પૂર્ણ જાળવજે. કારણ યોનિ જેમ દેહધારી પ્રાણીઓનું જન્મ સ્થાન છે, તેમ જગતના પ્રાયે બધાય દુઃખોનું ઉત્પત્તિસ્થાન પણ છે. જગતના ત્રિવિધ દુઃખથી છૂટવું હોય તો તે પ્રત્યેનો મોહ–અનુરાગ છોડ!

આગળ વિષને અમૃતના આકારમાં ખપાવી દેનારને જગત ઠગ કહે છે, પરંતુ એ સ્રી મહાન પુરુષોને પણ ઊંધા પાટા બંધાવી દઈ પરમ દુઃખનું કારણ થાય છે. તેથી જગતના સર્વ વિષમ વિષો કરતાં એ જ મોટું ભયંકર વિષ છે, એમ ગ્રંથકાર વર્ણન કરે છે :—

**कंठस्थः कालकूटोऽपि शम्भोः किमपि नाकरोत् ।**

**सोपि दंदह्यते स्त्रीभिः स्त्रीयो हि विषमं विषम् ।।१३५।।**

**કાલકૂટ કંઠસ્થ હુઆ પર જિસકા કુછ ભી કર ન સકા;**

**વિષમરૂપ વિષ નારી દ્વારા વહ શિવ ભી અતિ દહક રહા. ૧૩૫.**

રુદ્ર (મહાદેવના)ના કંઠમાં કાળકૂટ વિષ રહે છે, તે વિષ મહાદેવજીને કાંઈ પણ અસર કરી શક્યું નહિ. કાળકૂટને પચાવી શકે તેવા મહાદેવજી પણ સ્રીઓની માયામાં ફસાઈ યોગક્ષેમ હારી ગયા. તેથી નિશ્ચય થાય છે કે સ્રી એ જ સર્વ વિષમ વિષોથી પણ ભયંકર વિષ છે.

લોકમાં મનાય છે કે કાળકૂટ વિષ જેવું બીજું કોઈ નિરૂપાય અનિષ્ટકારક વિષ નથી, પણ અમને લાગે છે કે સ્રીઓ એ તેનાથી પણ વિષમ અર્થાત્ અનિવારિત અનિષ્ટકારક ભયંકર વિષ છે. જુઓ, મહાદેવજી કાળકૂટ વિષને કંઠમાં જ ધારણ કરે છે, પણ તે તેમને કાંઈ પણ અનિષ્ટ કરી શક્યું નહિ, પરંતુ માત્ર સ્રીની કામનાના ભયંકર આતાપથી પીડિત થઈ સહજ માત્રમાં પરાભવ પામ્યા. તેથી નિશ્ચય થાય છે કે સ્રી એ કાળકૂટ વિષથી પણ ભયંકર વિષ છે.

વિષમાં અમૃત સ્થાપન કરે છે એવા ઠગો કરતા પણ જેઓ સ્રી વિષે અમૃત બતાવી અનુરાગ કરાવે છે, તે મહાઠગ છે. એવા કુકવિઓની કુયુક્તિથી મૂઢ ન થતાં સ્રી પ્રત્યેનો અનુરાગ છોડવો એ જ સર્વ પ્રકારે સુખનું કારણ છે.

**तव युवति शरीरे सर्वदोषैकपात्रे**

**रतिस्मृतमयूषादर्थसाधर्म्यतश्चेत् ।**

**ननु शुचिषु शुभेषु प्रीतिरेष्वेव साध्वि**

**मदनमधुमदान्धे प्रायशः को विवेकः ।। १३६ ।।**

---

१. पन्नगवेणी चंद्र मु आनन कंचनकलस युगलकुचभार ।
लट्ट कवि सब हुए जगतके देख मेरा रूप अपार ।।

**સર્વ-દોષ કે ઘર ઇસ નારી તન મેં યદિ તુઝકો અનુરાગ,**
**ચંદ્ર આદિ સમ સુંદરતા લખ તુઝકો હોતા હૈ અતિ રાગ;**
**તબ તો શુચિ શુભ ઇન પદાર્થ સે કરના હૈ અતિ પ્રીતિ ભલા,**
**કિન્તુ મદન-મધુ સે મદાન્ધ કો હોતી યહ ન વિવેક કલા. ૧૩૬.**

હે પ્રાણી! સર્વ દોષના પાત્રરૂપ સ્ત્રીના શરીર વિષે ચંદ્ર આદિ પદાર્થોના જેવા ગુણો કલ્પી તું એ સ્ત્રીના શરીર ઉપર પ્રીતિ ધરી રહ્યો છે, પણ એ ચંદ્રાદિ પદાર્થો તો શુચિ અને શુભ છે, એમાં પ્રીતિ કરવી ભલી (ઠીક) છે, પણ કામરૂપ મદિરાના મદ વડે અંધ થઈ મહા અશુચિના ભાજનરૂપ એ સ્ત્રીના ક્લેવર પ્રત્યે તું અનુરાગ ધારી રહ્યો છે, એ શું તારો સદ્વિવેક છે?

મૂર્ખ કુકવિઓ સ્ત્રીના મુખ આદિ અંગ વિષે ચંદ્ર અને કમળ આદિ શુભ પદાર્થોની ઉપમા દઈ પ્રીતિ કરાવે છે. વિવેકથી જોતાં સ્ત્રીનું શરીર મહા અશુચિનો ભંડાર છે. છતાં કામમદથી અંધ થવાથી તને તેમાં યોગ્ય-અયોગ્ય કાંઈ સૂઝતું નથી. હાડ, માંસ, રુધીર, શ્લેષ્મ, પરુ અને ધાતુ ઉપધાતુ આદિ સર્વ મહા જુગુપ્સાયોગ્ય અશુચિના ભંડારરૂપ સ્ત્રીના ક્લેવરમાં ચંદ્રાદિ શુભ પદાર્થોની કલ્પનાથી તું રતિ પામે છે, તે કરતા એ ચંદ્રાદિ પદાર્થો પ્રત્યે અનુરાગી કેમ થતો નથી?

જેમ કીડો વિષ્ટામાં રતિ માની રહ્યો છે, તેમ તું કામથી અંધ થઈ સ્ત્રીના ગંધાતા સડી રહેલા ક્લેવર વિષે રતિ માની રહ્યો છે. કારણ કામાંધ પુરુષને ભલા-બુરાનો વિવેક જ હોતો નથી. હે ભવ્ય! મહા અંધકાર સમ એ કામાંધપણું છોડી હવે તો કાંઈક વિવેકી થા!

સ્ત્રીના ક્લેવર ઉપર પ્રીતિ થાય છે તે મનની પ્રેરણાથી થાય છે. મન એ નપુસંક છે. નપુસંક મન જગતનાં માત્ર જ્ઞાની પુરુષોને પરાભવ પમાડી શકતું નથી, એમ ગ્રંથકાર કહે છે :—

**प्रियामनुभवत्स्वयं भवति कातरं केवलं**
**परेष्वनुभवत्सु तां विषयिषु स्फुट ह्लादते ।**
**मनो ननु नपुंसकं त्विति न शब्दतश्चाऽर्थतः**
**सुधीः कथमनेन सन्नुभयथा पुमान् जीयते ।।१३७।।**

**પ્રિયા-ભોગ મેં આકુલ હૈ પર કાયર ભોગ નહીં સકતા,**
**કિન્તુ ભોગતી હુઈ ઇન્દ્રિયોં કો લખ આન્દિત હોતા;**
**અતઃ નપુંસક કહા શબ્દ સે ઔર અર્થ સે ભી યહ મન,**
**શબ્દ-અર્થ સે હુએ પુરુષ કો કૈસે જીત સકેગા મન. ૧૩૭.**

મન એ કેવળ શબ્દથી નપુસંક નહિ પરંતુ અર્થથી પણ નપુસંક છે. કારણ કે મન પોતે વિષય ભોગવી શકતું નથી, પરંતુ જ્યારે બીજી સ્પર્શાદિક ઇન્દ્રિયો સ્ત્રી આદિને ભોગવે છે ત્યારે

તે બિચારૂં દૂર રહ્યું માત્ર હર્ષાયમાન થાય છે. સમ્યક્ બુદ્ધિના ધારક જ્ઞાની પુરુષો જ શબ્દથી અને અર્થથી એમ બંને પ્રકારે પુરુષલિંગી છે. તેઓને એ નપુસંક રાંકડું મન કેમ પરાભવ પમાડી શકે?– નહિ જ.

શબ્દ-શાસ્ત્રમાં મનને નપુસંકલિંગી કહ્યું છે; પરંતુ એ કેવળ શબ્દથી જ નપુસંક નથી, પણ અર્થથી પણ નપુસંક છે. જગતમાં નપુસંક પુરુષ પોતે તો સ્ત્રીને ભોગવી શકતો નથી, પોતાને બળવાન ભોગતૃષ્ણા હોવા છતાં બીજાં સ્ત્રી-પુરુષની ક્રીડા જોઈને ખુશી-ખુશી થાય છે. તેમ એ મન સ્ત્રીના ભોગને બહુ જ ઇચ્છે છે, પરંતુ પોતે ભોગવી શકતું નથી, બીજી સ્પર્શાદિક ઇન્દ્રિયો ભોગ કરે ત્યારે તે બિચારૂં તેમની ક્રીડા માત્ર જોઈ હર્ષ કર્યા કરે છે. એટલે આ વાત યુક્તિસંગત છે કે મન એ પોતે શબ્દ અને અર્થથી નપુસંક છે. જે સુવિવેકવાન પુરુષ છે તે પોતાના પુરુષાર્થને ન સાંભળે તો તે નપુસંક એવા મનથી પણ હારી જાય, પરંતુ નપુસંક મન તે સદ્‌વિવેકવાન પુરુષને ક્યાંથી પરાભવ પમાડી શકે? ગ્રંથકાર કહે છે કે હે પ્રિય ભવ્યો! મનને બળવાન માની લઈ તમે સ્વપુરુષાર્થને ન ગુમાવો. પુરુષાર્થ વડે નપુસંક મનનો જય કરવો એ જ તમને યોગ્ય છે.

**राज्यं सौजन्ययुक्तं श्रुतवदुरुपतः पूज्यमत्रापि यस्मात्**
**त्यक्त्वा राज्यं तपस्यन्नलघुरतिलघुः स्वात्तपः प्रोह्य राज्यम् ।**
**राज्यात्तस्मात्प्रपूज्यं तप हति मनसालोच्य धीमानुद्रग्र**
**कुर्ष्यादार्प्यः समग्रं प्रभवभयहरं सत्तपःपापभीरुः ।।१३८।।**
**સૌજન્ય યુક્ત સામ્રાજ્ય, જ્ઞાન યુત તપ, દોનોં હી શ્રેષ્ઠ કહે,**
**રાજ્ય ત્યાગ તપ ગ્રાહક ઉત્તમ, નિમ્ન રાજ્ય હિત તપ છોડે;**
**અતઃ રાજ્ય સે શ્રેષ્ઠ તપસ્યા જ્ઞાની મન મેં કરેં વિચાર,**
**ધારણ કરતે પાપ-ભીરુ હો, ઉત્તમ તપ નાશક સંસાર. ૧૩૮.**

મનને જીતવા માટે તપ કરવું યોગ્ય છે. તપ વડે પરમ પૂજ્ય પદની જીવને સિદ્ધિ થાય છે. એમ ગ્રંથકાર ઉપરના શ્લોકથી પ્રતિપાદન કરે છે.

સુજનતા અર્થાત્ નીતિ સહિત રાજ્ય અને શાસ્ત્રજ્ઞાન સહિત સમ્યક્ તપ—એ બંને જગતમાં પૂજ્ય છે. તેમાં પણ જે રાજ્યને છોડીને સમ્યક્ તપ આચરે છે તે સર્વોત્કૃષ્ટપણાને પ્રાપ્ત થાય છે–તેથી ઉલટું જે તપને છોડીને રાજ્ય ધારણ કરે છે, તે જગતમાં પણ અત્યંત લઘુપણાને પામે છે. તેથી આ વાત સુયોગ્ય છે કે તપ એ રાજ્યથી પણ અધિક પૂજ્ય છે. બુદ્ધિમાન આર્ય પુરુષો પાપથી ભયભીત થઈ અનંત સંસારભયને સર્વથા દૂર કરવાવાળા ઉત્તમ તપને ઉલ્લાસિત ચિત્તે આચરે છે.

રાજ્યથી પણ તપ અધિક પ્રધાન છે. કારણ રાજા પણ તપસ્વીને વંદન કરે છે, પરંતુ તપસ્વી રાજાને વંદન કરતો નથી, એ આપણે પ્રત્યક્ષ જોઈએ છીએ.

તપગુણના નાશથી જગતમાં લઘુપણું પ્રાપ્ત થાય છે, એ વાત ગ્રંથકાર દૃષ્ટાંતપૂર્વક સિદ્ધ કરે છે :—

**पुरा शिरसि धार्य्यन्ते पुष्पाणि विबुधैरपि ।**
**पश्चात् पादोऽपि नास्प्राक्षीत् किं न कुर्याद्-गुणक्षतिः ।।१३९।।**
**જિન પુષ્પોં કો પૂર્વ કાલ મેં સુરગણ ભી નિજ-શીષ ધરેં,**
**ફિર પૈરોં સે ભી નહિં છૂતે, ગુણ-ક્ષતિ ક્યા ક્યા નહીં કરે. ૧૩૯.**

જે પુષ્પ પહેલાં સુગંધાદિ ગુણોના વિદ્યમાનપણામાં દેવના શિરોભાગે શોભતું હતું, તે પાછળથી સુગંધાદિ ગુણોના નષ્ટ થવાથી ચરણ સ્પર્શને પણ યોગ્ય રહેતું નથી. અને એ ન્યાય છે. કારણ ગુણનો નાશ જગતમાં લઘુતા જ પ્રાપ્ત કરાવે છે.

લોકમાં પણ ગુણનો જ મહિમા છે. ઉપરોક્ત દૃષ્ટાંતથી નિશ્ચિત છે કે જ્ઞાનસહિત સમ્યક્તપના અસ્તિત્વમાં જે પુરુષને દેવો પણ પરમ પ્રેમે ઉપાસે છે, તપથી ભ્રષ્ટ થયા પછી તે જ પુરુષનું જગતમાં કોઈ નામ યાદ કરતું નથી. તેનું નામ યાદ કરવામાં પણ પાપ સમજે છે અને એ ન્યાય છે. કારણ ગુણોનો નાશ લઘુપણું જ પ્રાપ્ત કરાવે છે. તેથી, સુયોગ્ય છે કે જે તે પ્રકારે ગુણોની રક્ષા કરવી શ્રેષ્ઠ છે. સાથે આ વાત પણ ધ્યાન રાખવા જેવી છે કે કુળના, પદના કે વેષના સંબંધ માત્રથી ઉચપણું કલ્પવું એ નિતાંત ભ્રમ છે. કારણ એક જ જીવ જે પ્રથમ ગુણોના અસ્તિત્વમાં વંદનીય હતો તે જ પુરુષ ગુણોના નાશથી નિંદ્યપણાને પ્રાપ્ત થયો. તો પછી વર્તમાન ગુણહીન પુરુષ માત્ર પૂર્વ મહાપુરુષોના ગુણવાનપણાથી તેમનું નામ અને વેષ ધારણ કરવાથી ક્યાંથી વંદનીય હોય? કુળ પરંપરાએ કે લોક પ્રવાહે વંદનીકપણું ઘટતું નથી, પણ ગુણોથી જ પૂજ્યપણું પ્રાપ્ત થાય છે.

ઉજ્જ્વળ ગુણોના સમુદાયમાં દોષની કાળાશનો અંશ પણ ન શોભે. એ વાત અન્યોક્તિ અલંકાર પૂર્વક ગ્રંથકાર નીચેના શ્લોકથી પ્રતિપાદન કરે છે :—

**हे चंद्रमः किमिति लांच्छनवानभूस्त्वं**
**तद्वान् भवेः किमिति तन्मय एवं नाभूः ।**
**किं ज्योत्स्न्या मलमलं तव घोषयन्त्या**
**स्वर्भानुवन्ननु तथा सति नासि लक्ष्यः ।।१४०।।**
**ચન્દ્ર! દોષ યુત યદિ હોના થા દોષરૂપ ક્યોં નહીં હુઆ;**
**શેષ જ્યોતિ મલ કો દિખલાતી રાહુ દૃષ્ટિગોચર ન હુઆ. ૧૪૦.**

હે ચંદ્ર! તું કાલિમારૂપ કલંકસહિત કેમ થયો? અગર કલંકસહિત થવું હતું તો સર્વ પ્રદેશે કલંકમય કેમ ન થયો? રે ચંદ્ર! અવશેષ મલ દર્શાવતી (લાંછન યુક્ત) ચાંદનીથી તને શું સિદ્ધિ છે? અગર તું રાહુવત્ શ્યામ રહ્યો હોત તો જગતમાં કોઈની પણ ટીકાને પાત્ર ન થાત. તારું રહ્યું સહ્યું એક અંશ પણ શ્યામપણું જગતમાં તને લાંછન યુક્ત કહેવરાવે છે. તારી નિર્મળ, શાંત અને મધુરી ચાંદનીમાં એટલી પણ શ્યામતા તારા સ્વરૂપથી જુદી પડી જઈ તને લજાવે છે. અહીં ચંદ્રને ઠપકો આપવાના બહાને અન્યોક્તિ અલંકાર પૂર્વક ગ્રંથકાર મુનિજનોને સંબોધે છે કે હે ચંદ્રસ્વરૂપ નિર્મળ, શાંત અને આનંદદાતા મુનિ! ઉજ્જ્વળ પદનો ધારક ચંદ્ર જેમ કિંચિત્ કાલિમાથી જગતમાં અન્ય જનોથી ટીકાને પાત્ર થાય છે. તેમ તું નિર્મળ સર્વોત્કૃષ્ટ પદધારી મુનિ થયો છે, તો તારામાં કિંચિત્ પણ દોષ દેખી તને કલંકી સમજી લોક ટોકશે. અગર તું નીચેના ગૃહસ્થ પદમાં હોત તો ત્યાં તને સર્વ પ્રકારે મલયુક્ત જોઈને પણ ''એ તો ગૃહસ્થ છે'' એમ સમજીને તને કોઈ પણ ટોકત નહિ. મુનિપણામાં આમ કલંકયુક્ત રહેવું તેના કરતાં તો નીચેની ગૃહસ્થાવસ્થા જ રાખવી યોગ્ય હતી. હે મુનિ! ઊંચી મુનિપદ યોગ્ય ક્રિયાઓને દોષયુક્તપણે સાધવામાં તને શું સિદ્ધિ છે? એથી તો ઉલટા તારા છતાં ગુણો દબાઈ જઈ દોષો બહાર આવે છે તથા પંડિત જનોથી તું જગતમાં ટીકાને પાત્ર થાય છે. આમ દોષયુક્તપણે મુનિપદને સેવતાં તારું તો નહિ પણ મુનિપદનું સન્માન જગતમાં તું ઘટાડે છે, અને વળી પ્રભુનો દ્રોહ કરે છે. એથી અમારી તને શિક્ષા છે કે સર્વોત્કૃષ્ટ મુનિપદને ધારણ કરી મુનિને ન છાજે એવા કિંચિત્ દોષને પણ ન સેવ. અગર મુનિપદને અણછાજતા દોષો જ સેવવા હોય તો એ જગતપૂજ્ય મુનિપદને છોડી દે. સાંભળ! ભગવાન આદીશ્વર સ્વામીની સાથે ચાર હજાર રાજાઓએ મુનિદીક્ષા ધારણ કરી પાછળથી મુનિઓના સમ્યક્ આચાર અજાણપણાના યોગે (નહિ કે સ્વ ઇરાદે–) કષ્ટ નહિ સહી શકવાથી ભ્રષ્ટ થયા ત્યારે દેવો આકાશવાણીથી તેમને કહે છે કે ''આમ સર્વોત્કૃષ્ટ પદ ધારણ કરી ભ્રષ્ટ આચરણ કરશો તો અમે તેમને દંડ આપશું. આમ ભ્રષ્ટપણે જ જો રહેવું હોય તો આ જગતવંદ્ય પદને છોડી દો.

શિષ્યના દોષને છુપાવનારા ગુરુ કરતાં થોડા પણ દોષ જોઈ તેને ઘણા પ્રકારે પ્રગટ કરનારા દુર્જનો સારા છે કે જેથી ધર્માર્થી પુરુષો પોતાનો દોષ જાણી તેનો ક્ષય કરવાના ઉદ્યમ ભણી પ્રવર્તે; તેથી દોષ પ્રગટ કરનારા દુર્જનો કોઈ અપેક્ષાએ ગુરુ સમાન કાર્યકારી છે. ધર્માત્મા પુરુષો પોતાના દોષ છુપાવવાવાળા ગુરુઓ કરતાં દોષ પ્રગટ કરવાવાળા દુર્જનોને ભલા સમજે છે. વળી દોષને પ્રગટ કરનાર જગતમાં જો ન હોત તો જીવની સ્વચ્છંદ દશા ક્યા મલિન છેડે જઈ અટકત એની કલ્પના પણ અશક્ય છે. કારણ અનાદિ અભ્યાસરૂપ મોહી જીવનો એવો સ્વભાવ છે. જગતમાં બીજા જીવોની ચોકીદારી વિના આત્મગુણો ધરનાર જીવો બહુ અલ્પ છે. બહુધા જગતવાસી જીવો લોકનિંદાના ભયથી જ પૂર્વ મહાપુરુષોએ યોજેલી સુંદર બાહ્યમર્યાદામાં પ્રવર્તે છે અને તે પણ

હિતકારક છે. ભગવાનનો અને આત્મમલિનતાનો જીવને ભય નથી એટલો જગતનો ભય જીવોને મર્યાદામાં રાખી રહ્યો છે; બાકી સર્વ જીવો મનોયોગ પ્રમાણે કામયોગને જો મોકળો મૂકે તો જગતની અને જગતવાસી જીવોની કેટલી અકથ્ય અંધાધૂંધી થાય? દુર્જનો એક રીતે સજ્જનોની સજ્જનતાના દરમાયા વિનાના રખવાળ છે. તેથી જ મહાપુરુષો કહે છે કે :—''જગત એ રીતે ગુરુની ગરજ સારે છે.''

**પ્રશ્ન** :—દોષ પ્રગટ કરવાથી ધર્મનો છેદ થાય, અને તેથી પાપ થાય.

**ઉત્તર** :—ઈર્ષાપૂર્વક અન્યનું બુરું કરવાને અર્થે જો સામાના દોષ પ્રગટ કરવામાં આવે તો પાપ થાય; પરંતુ દયાબુદ્ધિપૂર્વક દોષ છોડાવવાના હેતુથી દોષ કહેવામાં આવે તેથી તો ખરેખર પુણ્ય થાય.

**પ્રશ્ન** :—દુર્જનો તો પાપી છે, તેમને ગુરુ કેમ કહેવાય?

**ઉત્તર** :—દુર્જનો તો ખરેખર પાપી જ છે, પરંતુ દોષ છુપાવવાવાળા ખુશામતિયા ગુરુઓ દુર્જનોથી પણ અધિક બૂરા છે. તેથી અહીં પ્રયોજનવશાત્ અલંકાર યુક્તપણે તેમને ગુરુ કહ્યા છે, પરમાર્થથી તેઓ ગુરુ નથી.

**विकाशयन्ति भव्यस्य मनोमुकुलमंशवः ।**
**रवेरिवारविंदस्य कठोराश्च गुरुक्तयः ।।१४१ ।।**

**હો કઠોર ગુરુ-વાણી પર ભવ્યોં કા મન વિકસિત કરતી;**
**જૈસે સૂર્ય કિરણ કઠોર ભી કમલ-કલી વિકસિત કરતી. ૧૪૧.**

જેમ સૂર્યના આકરાં કિરણો કમળની નાજુક કલિઓને પ્રફુલ્લિત કરે છે, તેમ શ્રી ગુરુનાં કઠોર શિક્ષા વચનો પણ ભવ્ય જીવોના અંતઃકરણને પ્રફુલ્લિત કરે છે.

દોષ છોડાવવાને અને ગુણ ગ્રહણ કરવાને અર્થે શ્રી ગુરુ કઠણ વચન કહે, પણ તેથી ભવ્ય જીવોનું હૃદય આનંદિત થાય છે, શોક કે ખેદ થતો નથી, જેમ સમસ્ત જગતને આતાપ ઉપજાવનારાં સૂર્યના પ્રખર ઊષ્ણ કિરણો પણ નાજુક કમળોને પ્રફુલ્લિત કરે છે. શ્રી ગુરુ જ્યારે ધર્માત્મા જનોને વારંવાર પ્રેરણા કરી-કરીને ધર્મોપદેશ કરે છે, ત્યારે તેઓ પોતાને ધન્ય અને કૃતાર્થ સમજે છે, અને એમાં જ તેઓ પોતાનું શ્રેય સમજે છે.

વળી ઉપવાસી જીવ અન્નનો એક કણ પણ ભક્ષણ કરે તો તે પાપી છે, જ્યારે ઊણોદરી તપ વિષે વિશેષ અન્ન ભક્ષણ કરે તોપણ તે ધર્માત્મા જ છે. કારણ પ્રથમ પુરુષ ઉપવાસ તપ માટે વીતરાગે પ્રરૂપણ કરેલી મર્યાદાનું તેની આજ્ઞા ઉપર પગ દઈ ઉલ્લંઘન કરે છે, અને એ જ તેનો જ્ઞાની પુરુષની સમ્યક્ આજ્ઞા ઉલ્લંઘનરૂપ તીવ્ર કષાય તેને તીવ્ર પાપબંધનું કારણ થાય છે. જ્યારે

બીજો પુરુષ ઊણોદરી તપ માટે વીતરાગે પ્રરૂપણ કરેલી મર્યાદારૂપ આજ્ઞાના સાપેક્ષપણાને લઈને પાપબંધ કરતો નથી, ઊલટો મંદકષાય વડે પુણ્યબંધ કરે છે, અને તેથી તે ધર્માત્મા છે.

દોષયુક્ત ઊંચી પદવી કરતાં નીચી પદવી શ્રેષ્ઠ છે. અહીં ગ્રંથકાર ઊંચી સ્થિતિ છોડવાનું કહેતા નથી, પણ દોષયુક્ત થઈ સર્વોત્કૃષ્ટ પદને મલિન કરવું યોગ્ય નથી એમ શિક્ષા આપે છે. સાધુ નામ ધરાવી આકાર ફેર કરી એના એ જ આરંભ-પરિગ્રહાદિમાં ફસાયા હોય, ત્યાગને નામે ઇન્દ્રિયાર્થ, માનાર્થ અને સંસારાર્થ સાધી રહ્યા હોય, એવા જીવો પ્રત્યે અનુકંપા લાવી શ્રી ગુરુ ઉપરોક્ત સમ્યક્ શિક્ષા આપે છે.

શિષ્યના વિદ્યમાન દોષને પ્રકાશવાવાળા દુર્જનો હિતકારી અને આરાધ્ય છે, પણ વિદ્યમાન દોષને ઢાંકપિછોડો કરનાર આચાર્ય હોય તોપણ તે અહિતકારી અને અનારાધ્ય છે—એ વાત ગ્રંથકાર સ્વયં વર્ણન કરે છે :—

**दोषान् कांश्चन् तान् प्रवर्त्तकतया प्रच्छाद्य गच्छत्ययं**
**सार्द्धं तैः सहसा म्रियेद्यदि गुरु पश्चात् करोत्येष किम् ।**
**तस्मान्मे न गुरुर्गुरुर्गुरुतरान कृत्वा लघूश्च स्फुटम्**
**ब्रूते यः सततं समीक्ष्य निपुणं सोऽयं खलः सद्गुरुः ।।१४२।।**

**દોષ-પ્રવર્તન ઇચ્છા સે યદિ શિષ્ય-દોષ કો ગુરુ ઢકતા,**
**દોષ સહિત હો મરણ શિષ્ય કા તો ફિર ગુરુ ક્યા કર સકતા;**
**અતઃ હમારા નહીં હિતૈષી દોષ ઢાંકને વાલા ગુરુ,**
**અલ્પદોષ કો અતિશય કહને વાલા દુર્જન સચ્ચા ગુરુ. ૧૪૨.**

અગર જો કોઈ ગુરુ પોતાની પાટ સાચવી રાખવાને અર્થે, પરંપરા જેમ તેમ નિભાવવા અર્થે શિષ્યના દોષને છુપાવી રાખે અને તે શિષ્ય એવા દોષસહિતપણે મરણ પામે તો તે ગુરુ શિષ્યના મરણ પછી તેનું શું ભલું કરવાના હતા? શિષ્યની જીવનસ્થિતિમાં જે ગુરુ શિષ્યને દોષમુક્ત ના કરી શક્યા તે પરગતિ પરવરેલા શિષ્યને શું દોષમુક્ત કરવાના હતા? એવા ગુરુ તે અમારા ગુરુ નથી, પણ દોષ દેખવામાં પ્રવીણ અને સમ્યક્ ગુણોને ગ્રહણ કરવામાં નિરંતર દક્ષ હોય તે જ સાચા ગુરુ છે. એમ ન હોય તો પહેલા ખુશામતિયા સ્વાર્થી ગુરુઓ કરતાં તો કોઈ અપેક્ષાએ થોડા પ્રમાણમાં પણ દોષને દેખીને તેને ઘણા પ્રકારે પ્રગટ કરવાવાળા દુર્જનો ગુરુ સમાન કાર્યકારી છે–ઠીક છે.

પૂર્વ સૂત્રમાં દોષવાનની નિંદા કરી હતી, તે સાંભળી કોઈ એમ કહે કે ''અવગુણ ગ્રાહી થવું એ યોગ્ય નથી, પણ ગુણગ્રાહી થવું એ જ યોગ્ય છે''; તે પ્રત્યે ગ્રંથકાર કહે છે કે પોતે દોષ સહિત હોય ને તે છોડવા ગમે નહિ અને વળી લોકોમાં ઉચ્ચ પદ રાખવું ઇચ્છે ને તે પણ છોડવું

ગમે નહિ, તેવાને દોષ પ્રગટ કરનાર બૂરો જ લાગે; પરંતુ જેને પોતાનું લઘુપણું હિતકારી ભાસ્યું છે, પોતાની જરા પણ ઊચ્ચતા જગતમાં પ્રગટ કરવા જે ઇચ્છતો નથી, વ્યર્થ આડંબરને જે પ્રગટ ઝેર સમજે છે અને નિરંતર દોષમુક્ત થવાની જેની તીવ્ર કામના વર્તે છે, એવા ધર્માત્માને દોષ પ્રગટ કરવાવાળો બૂરો લાગતો નથી. ધર્માત્મા મુમુક્ષુજીવ તો વિચાર કરે છે કે ગુણ-દોષનું યથાર્થ ભાન તો શ્રી સદ્ગુરુના ઉપદેશથી જ થાય છે એ વાત સત્ય છે, પણ જે ગુરુ માત્ર સંપ્રદાય વધારવાના અને સાચવવાના લોભથી માત્ર પરંપરા ચાલુ રાખવા અર્થે શિષ્યના છતા દોષને કહે નહિ, તો તે શિષ્ય દોષની વાસ્તવિક ઓળખાણ સિવાય શી રીતે દોષમુક્ત થાય? તે ગુરુ વિચારે છે કે પાછળથી દોષ જણાવી દોષ મુક્ત કરીશું, પણ આયુકર્મ યોગે તે શિષ્ય દોષને સેવતો-સેવતો વચ્ચે જ મરણ પામી કુગતિમાં જાય તો પછી ગુરુ તેને ક્યાંથી દોષમુક્ત કરવાના હતા?

**પ્રશ્ન** :—કડવી શિક્ષાથી પાપી હોય તેનું અંતર તો દુભાયને?

**ઉત્તર** :—જે તીવ્ર કષાયી અને પાપી જણાય તેને તો કઠોર શિક્ષા નહિ આપતાં મધ્યસ્થ રહેવું એ જ ઉચિત છે. કવિવર શ્રી બનારસીદાસ પણ તેવાઓના માટે કહે છે કે —''इनको विलोक के दयालरूप रहीए'' એવા તીવ્ર કષાયી અને પાપ અનુરક્ત જીવો કે જેમને સત્પુરુષનો ઉપદેશ પરિણામ પામે તેમ નથી, તેવાઓને જોઈને તેમની તો દયા ખાવી જ યોગ્ય છે, નહિ તો વાંદરાને શીખામણ દેવા જતાં સુગરીનો માળો ભાગવા જેવું થાય. ત્યાં તો મધ્યસ્થ ભાવના ચિંતવવાયોગ્ય છે.

શ્રી ગુરુ માત્ર શિષ્યના ભલા માટે જ કઠોર વચનયુક્ત ધર્મોપદેશ આપે છે. પરંતુ તેમને કંઈ પણ ઇર્ષારૂપ કે સ્વાર્થરૂપ પ્રયોજન નથી. એમ સમજી એ કઠોર પણ નિર્મળ ધર્મોપદેશ સાંભળીને તે પ્રત્યે પરમ આદર કરવાયોગ્ય છે.

હવે ગ્રંથકાર કહે છે કે કલ્યાણાસ્પદ કઠોર વચનોથી ધર્મોપદેશ દેનારા અને તેનો અંગીકાર કરવાવાળા જીવો આ કાળમાં બહુ થોડા છે.

**लोकद्वयहितं वक्तुं श्रोतुं च सुलभाः पुरा ।**
**दुर्लभाःकर्तृमद्यत्वे वक्तुं श्रोतुं च दुर्लभाः ।।१४३।।**

**પૂર્વ સુલભ, અબ દુર્લભ, વક્તા-શ્રોતા ઉભય લોક હિતકાર;**
**કિન્તુ પૂર્વ અરુ અબ ભી દુર્લભ, જો પાલેં નિર્મલ આચાર. ૧૪૩.**

પહેલાંના વખતમાં તો આલોક-પરલોકમાં હિતકારી સમ્યક્ધર્મ કહેવાવાળા અને સાંભળવાવાળા જીવો ઘણા હતા. માત્ર આદરવાવાળા જીવો દુર્લભ હતા. જ્યારે આ નિઃકૃષ્ટ કાળમાં તો કહેવાવાળા પણ અતિ દુર્લભ છે, ત્યાં આદરવાવાળા તો ક્યાંથી સંભવે?

આલોક અને પરલોકમાં આત્માનું પરમહિત કરનાર એવો ધર્મોપદેશ કરવાવાળા–તેમ તેને ભક્તિપૂર્વક સાંભળવાવાળા જીવો ચતુર્થાદિ કાળમાં ઘણા હતા, પણ અંગીકાર કરવાવાળા જીવોની તો તે કાળે પણ દુર્લભતા હતી. કારણ સંસારમાં ધર્માત્મા જીવો બહુ થોડા હોય છે; પરંતુ આ નિઃકૃષ્ટ હુંડાવસર્પીણી કાળમાં તો સત્ય ધર્મને સમ્યક્ પ્રકારે કહેવાવાળા તેમ સાંભળવાવાળા જીવો જ બહુ થોડા જણાય છે, ત્યાં અંગીકાર કરવાવાળા જીવોની હીનતાનું તો પૂછવું જ શું! આ કાળમાં ધર્મોપદેશકો પોતાના માન–લોભાર્થીપણાને લીધે સત્ય ધર્મ પ્રરૂપી શકે નહિ, ત્યારે સાંભળવાવાળા જડ અને વક્રપણાને લીધે સત્ય-અસત્ય વચનની તુલના વિના માત્ર હઠગ્રાહીપણાને લઈને સમ્યક્ ધર્મોપદેશ સાંભળે નહિ. એમ જ્યારે કહેવા અને સાંભળવાવાળા જીવો જ્યાં આ કાળમાં દુર્લભ છે તો પછી ત્યાં સમ્યક્ધર્મોપદેશ અંગીકાર કરવાવાળા જીવોની દુર્લભતા હોય, એમાં આશ્ચર્ય શું? એ રીતે આ કઠણ કળીકાળમાં ધર્મ વસ્તુ દુર્લભ થઈ પડી છે. કારણ આ કાળમાં ઉત્તમ વસ્તુઓની ઉત્તરોત્તર હીનતા જ થતી ચાલી આવે છે. તો પછી ધર્મ જેવી સર્વોત્તમ વસ્તુની અધિકતા ક્યાંથી હોય? ખરેખર આ નિષ્કૃષ્ટ કાળમાં સમ્યક્ધર્મની પ્રાપ્તિ જે કોઈ વિરલ જીવોને કવચિત્ થાય છે, તેમને ધન્ય છે.

અહીં કોઈ સંદેહ કરે કે ઉભયલોકમાં હિતકારી સમ્યક્ પણ કઠોર, અને શિષ્યના દોષ પ્રગટ કરતો ધર્મોપદેશ શિષ્યને અરુચિકર થઈ આર્ત્તધ્યાનનું કારણ થાય, અને આર્ત્તધ્યાનને તો મોક્ષમાર્ગમાં સર્વથા હેય ગણ્યું છે! ઉક્ત શંકાનું ગ્રંથકાર નીચેના કાવ્યથી સમાધાન કરે છે :—

**गुणागुणविवेकिभिर्विहितमप्यलं दूषणं**
**भवेत्सदुपदेशवन्मतिमतामऽतिप्रीतये ।**
**कृतं किमपि धाष्टर्यतः स्तवनमप्यतीर्थोषितै-**
**र्न तोषयति तन्मनांसि खलु कष्टमज्ञानता ।।१४४।।**

**ગુણ અરુ દોષ વિવેકવાન યદિ અલ્પ દોષ અતિશય કહતે,**
**બુદ્ધિમાન જન સદુપદેશવત્ ઉસમેં અતિ પ્રીતિ કરતે;**
**કિન્તુ ધૃષ્ટતા વશ અવિવેકી કરેં પ્રશંસા તો ધીમાન્,**
**તુષ્ટ નહીં હોતે હૈં ઇસમેં, ઉન્હેં કષ્ટપ્રદ યહ જ્ઞાન. ૧૪૪.**

ગુણ-દોષના વિચારયુક્ત વિવેકી સત્પુરુષનાં પોતાનાં અત્યંત દૂષણ પ્રગટ કરનારાં નિર્મળ પણ કઠોર વચનો ''જેમ ભલો ઉપદેશ જીવને પ્રીતિ ઉપજાવે છે'' તેમ સુશિષ્યના હૃદયમાં તે સત્પુરુષ પ્રત્યે અત્યંત પ્રેમ ઉપજાવે છે, પરંતુ ધર્મતીર્થને નહિ સેવનારા ધીઠ ગુર્વાભાસોનો ધીઠતાયુક્ત ગુણાનુવાદ બુદ્ધિમાનોના હૃદયમાં જરાય સંતોષ ઉપજાવતો નથી.

જે પુરુષ પરનું ભલું ઇચ્છે તે જેમ પરનું ભલું થાય તેમ જ પ્રવર્તે, જીવને અકલ્યાણ ભણી લઈ જનારા એવા દોષને છોડાવવા અર્થે સત્પુરુષ તે જીવના દોષને જણાવે તેમાં ખોટું શું? સત્પુરુષ જો દોષને પ્રગટ ન કરે તો જીવ દોષને દોષરૂપે જાણે પણ ક્યાંથી? અને દોષને દોષરૂપે જાણ્યા વિના જીવ દોષમુક્ત પણ ક્યાંથી થાય?

માન, પૂજા, ખ્યાતિ અને લોભાદિના ઇચ્છક ગુરુઓ પોતાનું ઉક્ત પ્રયોજન સાધવા શિષ્યને જેમ પોતાથી પ્રસન્ન થાય તેમ જ પ્રવર્તે. શિષ્યને પ્રસન્ન કરવા અર્થે તેના છતાં દોષને પણ ધીઠતાપૂર્વક ગુણ ઠરાવી તેની મિથ્યા પ્રશંસા કરે છે; અને એમ જો તે ન કરે તો જગતમાં અજ્ઞાની અને મૂર્ખ એવા એ કુગુરુઓનું માન પણ ક્યાંથી વધે? ગભરુ ગાડરનાં ટોળાં તેના ભણી વળે પણ ક્યાંથી? તેથી, આ વાત સુસિદ્ધ છે કે અધર્મી કુગુરુઓ શિષ્યની બડાઈ કરે, મિથ્યા પદવીઓથી તેને શણગારે, જ્યારે સત્પુરુષો દોષ પ્રગટ કરે; તેમાં સંસાર-રસિક શિષ્યને દોષ સાંભળવા અનિષ્ટ ભાસે અને ગુણ સાંભળવા ઇષ્ટ ભાસે, ત્યાં તે અવિવેકી શિષ્યને દોષ સાંભળવા રુચે પણ કેમ? પરંતુ સદ્‌વિવેકવાન શિષ્ય તો એમ વિચારે કે પરમ દુઃખના કારણરૂપ એવા મારા દોષો પ્રગટ કરી મને દોષમુક્ત કરવા પરમગુરુ મને ભલી શિક્ષા આપે છે, જે મને રોમ-રોમ અતિ પ્રિય છે. એ સમ્યક્‌શિક્ષા જો મને આવા અનુપમ અવસરે પ્રાપ્ત ન થઈ હોત તો મારી શું સ્થિતિ થાત? હું કેવા મિથ્યા ભાવોમાં વહ્યો જાત? તત્ત્વનિર્ણય થઈ અપૂર્વ શાંતિ ક્યાંથી પ્રાપ્ત થાત? હેય ઉપાદેયનો સદ્‌વિવેક મને ક્યાંથી જાગ્રત થાત? આવા-આવા વિચારોથી તે સુશિષ્યને સદ્‌ગુરુથી પ્રાપ્ત કઠોર અને દોષને પ્રગટ કરનારી શિક્ષા પણ ઇષ્ટરૂપ ભાસે છે. સ્વપ્રયોજન-સાધક કુગુરુઓ દોષમાં ગુણ ઠરાવી દે છે તેઓ ખરેખર પોતાનો ખરો વેષ છુપાવી અનુકૂળ વેષે રહી જગત્‌ને ઠગનારા ઠગ છે. એમની બડાઈ સાંભળવી એ પણ મને અહિતનું જ કારણ છે. તેઓની છતા દોષને આચ્છાદક અને અછતા ગુણોની પ્રકાશક પ્રશંસા કે શિક્ષા કલ્યાણરુચિ જીવને અતિશય અનિષ્ટ ભાસે છે. સારાંશ એ છે કે દોષ પ્રગટ કરવાથી વિવેકી જીવોને આર્તધ્યાન થઈ અનિષ્ટ ભાસશે એ ભ્રમ મિથ્યા છે. કલ્યાણ અભિરુચિ જીવને તેથી આર્ત્તધ્યાન થાય જ નહિ, પરંતુ સ્વપરિણતિ અનુપ્રેક્ષારૂપ ધર્મ ધ્યાન જ જાગ્રત થાય.

હવે, ગ્રંથકાર દોષને દોષરૂપ જાણી ત્યાગ કરવા તથા ગુણને ગુણરૂપ જાણી ગ્રહણ કરવા સુબુદ્ધિમાન જીવોને પ્રેરણા કરે છે :—

**त्यक्तहेत्वन्तरापेक्षौ गुणदोषनिबंधनौ ।**
**यस्यादानपरित्यागौ स एवं विदुषां वरः ।।१४५।।**
**ગુણ-દોષોં કે કારણ સે હી, અન્ય કારણોં સે નિરપેક્ષ;**
**કરતે હૈં જો ગ્રહણ-ત્યાગ વે હી હૈં જ્ઞાની-જન મેં શ્રેષ્ઠ. ૧૪૫.**

જેને અન્ય કોઈ પણ પ્રયોજનની અપેક્ષા–જરૂરીયાત મટી ગઈ છે, માત્ર ગુણ-દોષને વિષે જ ગ્રહણ-ત્યાગ વર્તે છે, તે જ પુરુષ જ્ઞાનીઓમાં પ્રધાન શ્રેષ્ઠ છે.

ગ્રહણ-ત્યાગરૂપ પ્રવૃત્તિ જગતવાસી સર્વ જીવો અનાદિ કાળથી કરી જ રહ્યા છે. એ પ્રવૃત્તિ તો જીવોમાં છે જ, પરંતુ જે વડે સમ્યક્દર્શનાદિગુણો પ્રાપ્ત થાય તે તે સાધનોને ગ્રહણ કરવાં અને મિથ્યાત્વાદિક દોષ જેથી નીપજે તે તે કારણોને ત્યાગ કરવાં, એવા ગુણ-દોષના સાપેક્ષપણા સહિત જે પુરુષને ગ્રહણ-ત્યાગ વર્તે છે અને જેમાં કોઈ પ્રકારે વિષય-કષાયાદિનું પ્રયોજન નથી તે જ જીવ ઉત્કૃષ્ટ જ્ઞાની છે, કારણ કે તે પોતાનું આ અલભ્ય અવસરે સ્વહિત સાધી રહ્યો છે; અને સ્વહિતને તથારૂપ પ્રયત્ને સાધ્ય કરવું એ જ બુદ્ધિમાનોનું કાર્ય છે. હિત અને અહિતને વિચાર્યા વિના અથવા અન્યથા વિચારીને આખું જગત ગ્રહણ-ત્યાગ કરી રહ્યું છે, પણ એ વિવેક નથી. તેથી શું વાસ્તવિક ઇષ્ટ-સાધ્ય થાય?

ગ્રંથકાર અન્યથા પ્રકારે થતા ગ્રહણ-ત્યાગમાં દૂષણ બતાવે છે :—

**हितं हित्वाऽहिते स्थित्वा, दुर्धीर्दुःखायसे भृशं ।**
**विपर्यये तयो रे थि त्वं सुखायिष्यसे सुधीः ।।१४६।।**

**હિત કો છોડ અહિત મેં સ્થિતિ કરકે દુઃખી હુઆ દુર્બુદ્ધિ;**
**હો સુબુદ્ધિ, ઇસસે વિપરીત પ્રવર્તન કરકે પરમ સુખી. ૧૪૬.**

હે જીવ! તું હિતને છોડી અહિતમાં પ્રવર્તે છે, તેથી જ તું ખરેખર મૂર્ખ છે. તેથી તો તું તને પોતાને દુઃખી કરે છે. હવે તે કંઈક સદ્વિવેકી થઈ એ અનાદિ ક્રમથી ઊલટો પ્રવર્ત અર્થાત્ અહિતને છોડી હિતને આદર જેથી તું વાસ્તવિક વૃદ્ધિને પ્રાપ્ત થઈ તને પોતાને સુખી કરીશ.

સમ્યક્દર્શનાદિ હિતકારી ગુણોનો અને તેના કારણોનો તો તેં ત્યાગ કર્યો, અને મિથ્યાદર્શનાદિ અહિતનાં કારણો તેં ગ્રહણ કર્યાં; પણ એવા ગ્રહણ-ત્યાગથી તો તું અનાદિકાળથી દુઃખી થઈ રહ્યો છે. તારા અંતઃકરણમાં તું સ્થિર ચિત્તે વિચાર તો ખરો કે હું કેવો બની રહ્યો છું, અને શું ફળ અનુભવું છું? અગર હવેથી પણ એ અનાદિ ક્રમથી ઉલટો પ્રવર્ત અર્થાત્ સત્સુખના કારણરૂપ સમ્યક્દર્શનાદિક ગુણોને ગ્રહણ કરે અને અનાદિ સંસાર દુઃખના હેતુભૂત મિથ્યાત્વાદિક દુર્ગુણોને છોડે તો અવશ્ય સુખી થાય. કારણ કે ચાલુ ચાલથી ઉલટા ફરવાથી કાર્ય પણ એ અનાદિ પદ્ધતિથી ઉલટું જ થશે. જેમ કોઈ પુરુષ અગ્નિનું સેવન કરે તો તેથી આતાપ અને જળનું સેવન કરે તો તેથી શીતળતા અનુભવે, તેમ અહીં પણ જે અનાદિ સંસાર પરિણામોથી તું દુઃખ અનુભવી રહ્યો છે, તેથી ઉલટો પરિણમે તો અવશ્ય સુખને જ અનુભવે. હે જીવ! ગુણને છોડી દોષનું સેવન તો તું અનાદિકાળથી કરી રહ્યો છે અને તેથી જ તું આજ સુધી વાસ્તવિક શાશ્વત્ સુખને પામ્યો નથી. ક્યાંથી પામે? કારણ વિપરીત હોય ત્યાં કાર્ય પણ વિપરીત જ થાય. હવે તો તને ઉચિત છે

કે દોષને છોડી ગુણોને જ ગ્રહણ કરવા. જેથી તું પરમ સુખી થાય. ફરી આવો સુઅવસર પ્રાપ્ત થવો અતિ-અતિ દુર્લભ છે.

ગુણ-દોષને કારણ સહિત જાણીને બુદ્ધિમાનો શું કરે છે :—

**इमे दोषास्तेषां प्रभवनममीभ्यो नियमितो**
**गुणाश्चैते तेषामपि भवनमेतेभ्य इति यः ।**
**त्यजंस्त्याज्यान् हेतून् झटिति हितहेतून् प्रतिभजन्**
**स विद्वान् सद्वृत्तः स हि स हि निधिः सौख्ययशसोः ।।१४७।।**

**યહી દોષ હૈં અરુ યહ ઇનકી ઉત્પત્તિ કા કારણ હૈ,**
**યહ સદ્‌ગુણ હૈં અરુ યહ ઇનકી ઉત્પત્તિ કા કારણ હૈ;**
**યહ વિચાર, જો ત્યાજ્ય-હેતુ કો તજે, શીઘ્ર હિત-હેતુ ભજે,**
**સચ્ચરિત્ર વિદ્વાન વહી વહ હી સુખ-યશ-નિધિ કા ઘર હૈ. ૧૪૭.**

અમુક કારણોથી દોષ અને અમુક કારણો સેવવાથી ગુણ ઉત્પન્ન થાય છે, એમ સમ્યક્ પ્રકારે જાણીને જે પુરુષ દોષના ઉત્પાદક કારણોનો તુરત ત્યાગ કરે અને હિતરૂપ ગુણોના ઉત્પાદક કારણોને તુરત ગ્રહણ કરે તે જ પુરુષ જ્ઞાની, તે જ ચારિત્રવાન અને તે જ સુખ અને યશનું નિશાન છે.

વિવેકી પુરુષ ગુણ-દોષને વિચારપૂર્વક ઓળખે તો મિથ્યાત્વાદિક તેને ખરેખર દોષ જ ભાસે. કારણ એ જ આત્માને પરમ દુઃખના હેતુ છે, અને સમ્યક્ત્વાદિક ગુણ ભાસે છે કે જે આત્માને વાસ્તવ્ય સુખના અનન્ય હેતુ છે. વિપરીત તત્ત્વાર્થપ્રતીતિ એ જ મિથ્યાત્વ છે. જીવ અનાદિ સંસાર દશામાં જગત્‌ના સઘળા ભાવો અને પ્રવૃત્તિઓનો નિર્ણય કર્યા કરતો છતો પણ માત્ર પોતાના વાસ્તવ્ય સ્વરૂપસંબંધી અનિર્ણય અર્થાત્ વિપરીતશ્રદ્ધાન વડે જ દુઃખી થઈ રહ્યો છે; અને એ જ અનંત સંસારદશાનું બીજ છે, સર્વ દુઃખોનું મૂળ છે, જન્મ–મરણાદિ, શત્રુ–મિત્રાદિ ભાવ કલ્પનાનો હેતુ છે, અને એ જ આત્માના વાસ્તવ્ય સુખનું પ્રતિપક્ષી છે કે જેને જૈન પરિભાષામાં મિથ્યાદર્શન એ સંજ્ઞાએ ઓળખવામાં આવ્યું છે.

વિચારવાન વિવેકી પુરુષને કુદેવ, કુગુરુ અને વિષયાદિ સામગ્રી એ સર્વ મિથ્યાત્વાદિ પરમ દોષના કારણરૂપ છે એમ પ્રત્યક્ષ ભાસે છે. અને સત્‌દેવ, સદ્‌ગુરુ, સત્‌શાસ્ત્ર તથા વ્રત, સંયમાદિ સદ્‌અનુષ્ટાન એ સર્વ સમ્યક્ત્વાદિ ઉત્તમ ગુણોના કારણરૂપ સ્વાભાવિકપણે સ્પષ્ટ ભાસે છે. આમ તેનો નિશ્ચય હોવાથી તજવાયોગ્ય દોષના કારણોને શીઘ્ર તજે છે તથા ગ્રહણ કરવાયોગ્ય ગુણના કારણોને તુરત ગ્રહણ કરે છે. ગુણ-દોષ અને તેનાં કારણોનો સમ્યક્ વિવેક થઈ આત્મામાં તથારૂપ દશાપૂર્વક નિશ્ચય વર્તવો એ જ સમ્યક્‌દર્શન સહિત સમ્યક્‌જ્ઞાન છે તથા દોષના કારણોને

છોડી ગુણના કારણોને (હેયોપાદેય વિવેકપૂર્વક) પરમ આદર ભાવે ગ્રહણ કરવાં એ જ સમ્યક્ચારિત્ર છે. એ ત્રણેની વાસ્તવિક ઐક્યતારૂપ આત્મદશા વર્તવી તે મોક્ષમાર્ગ છે, અને તેથી અખંડ અવ્યાબાધ શુદ્ધાત્મસ્વરૂપમાં તલ્લીનતા થવી એ તેનું ફળ છે અર્થાત્ મોક્ષ છે કે જે દશામાં નિજ અનંત અવ્યાબાધ સ્વાધીન સુખને તે નિરંતર અનુભવે છે. એ જ દશા પ્રાપ્ત થયે જીવની ખરેખરી મહત્તા થશે, તેથી સુબુદ્ધિમાન વિવેકી પુરુષને ઉચિત છે કે ગુણ-દોષ અને તેના કારણોને પ્રથમ જાણી લેવાં.

હિતની વૃદ્ધિ અને અહિતનો પરિહાર એ બંને કાર્યો વિવેકવાન જીવને કર્તવ્ય છે. અવિવેકી જીવને વૃદ્ધિ અને નાશ સમાન છે. એમ ગ્રંથકાર કહે છે :—

**साधारणौ सकलजंतुषु वृद्धिनाशौ**
**जन्मान्तरार्जितशुभाशुभकर्मयोगात् ।**
**धीमान्स यः सुगतिसाधनवृद्धिनाश-**
**स्तद्वयत्ययाद्विगतधीरपरोभ्यधायि ।।१४८।।**

**સબ જીવોં મેં વૃદ્ધિ-નાશ કા કારણ હોતા એક સમાન,**
**જન્માન્તર મેં અર્જિત શુભ અરુ અશુભ કર્મ કા ઉદય પ્રધાન;**
**બુદ્ધિમાન વહ જિસકી બુદ્ધિ ઔર વિનાશ સુગતિ સાધન,**
**વહ વિમૂઢ હૈ જિસકી વૃદ્ધિ-વિનાશ હોય દુર્ગતિ સાધન. ૧૪૮.**

પૂર્વોપાર્જિત શુભાશુભ કર્મસંયોગથી શરીરાદિ પર પદાર્થોની હાનિ-વૃદ્ધિ તો સર્વ સંસારી જીવોને થાય છે, એમાં જીવનું નાના–મોટાપણું ખરી રીતે જરાય નથી, પરંતુ બુદ્ધિમાન પુરુષ તો એ જ કે જે સુગતિના કારણોની વૃદ્ધિ અને દુર્ગતિના કારણોની હાની કરવાના પ્રયત્નમાં નિરંતર સાવધાનપણે પ્રવર્તે છે. જ્યારે દુર્બુદ્ધિ જીવ દુર્ગતિના સાધનોની વૃદ્ધિ અને સુગતિના સાધનોની હાની કરી રહ્યો હોય છે.

ધનાદિની વૃદ્ધિ અને નિર્ધનાવસ્થાનો નાશ કરનાર જીવને લોકો ચતુર (બુદ્ધિમાન) કહે છે તથા નિર્ધનાવસ્થાની વૃદ્ધિ અને ધનાદિનો નાશ થવાથી તેને મૂર્ખમાં ગણે છે. લોકની ઉપરોક્ત માન્યતા નિતાંત ભૂલ છે. કારણ એ તો પૂર્વોપાર્જિત શુભાશુભ પ્રારબ્ધોદયથી થાય છે. સર્વ જીવોને એવી હાની વૃદ્ધિ તથારૂપ પ્રારબ્ધોદય વડે સ્વયમેવ થઈ રહી છે. એવી હાની-વૃદ્ધિમાં જીવનું કાંઈ પણ અવિશેષ કે વિશેષપણું નથી. જગતમાં પ્રત્યક્ષ જોવામાં આવે છે કે કોઈ-કોઈ બુદ્ધિમાન પુરુષો સરસાઈપૂર્વક પૂરો પ્રયત્ન કરવા છતાં પણ નિર્ધન રહે છે. જ્યારે કોઈ-કોઈ મૂર્ખ જીવો વિના પ્રયત્ને, થોડા પ્રયત્ને વા વિપરીત પ્રયત્ને પણ ધનવાન થતા જોવામાં આવે છે. વળી એક જ જીવ બુદ્ધિ વડે ધનવાન થયો હોય, તે જ જીવ તે જ બુદ્ધિ વડે ઘડીભરમાં નિર્ધન થતો દેખીએ છીએ. એટલે એવા

વૃદ્ધિ-નાશમાં બુદ્ધિનું કાંઈ ખાસ પ્રયોજન લાગતું નથી. એમાં જીવનો પુરુષાર્થ માનવો એ નિરર્થક જેવું છે.

પરંતુ જે બુદ્ધિ વડે સમ્યક્ત્વાદિ નિજ સુખદ ભાવોની વૃદ્ધિ થાય, તે બુદ્ધિને ધન્ય છે. સત્ય છે, કારણ નિજ ગુણોની વૃદ્ધિ-હાની થવામાં ખાસ કરીને જીવનો પુરુષાર્થ જ કાર્યકારી થાય છે. પ્રત્યક્ષ જોવામાં આવે છે કે તિર્યંચાદિક પ્રાણીઓ પણ સદ્‌બુદ્ધિથી ધર્મ સાધન કરી સ્વર્ગાદિકને પ્રાપ્ત થાય છે, જ્યારે કોઈ ચક્રવર્તી જેવો મહારાજા કેવળ દુર્બુદ્ધિનો પ્રેર્યો અધર્મ સાધન કરી નરકાદિ દુર્ગતિને પ્રાપ્ત થાય છે. માટે, ઉત્તમ ગતિના સાધનભૂત વૃદ્ધિ-નાશ પ્રત્યે બુદ્ધિનું ખાસ પ્રયોજન જાણી જીવે એ તરફ જ પુરુષાર્થ કરવો યોગ્ય છે.

સુગતિના સાધનભૂત ધર્મ પરિણામની વૃદ્ધિ કરવાવાળા જીવો જગતમાં બહુ થોડા છે, એમ ગ્રંથકાર કહે :—

**कलौ दंडो नीतिः स च नृपतिभिस्ते नृपतयो**
**नयन्त्यर्थार्थं तं न च धन मदोस्त्याश्रमवताम् ।**
**नतानामाचार्या न हि नतिरताः साधुचरिता–**
**स्तपस्तेषु श्रीमन्मणय इव जाताः प्रविरलाः ।।१४९।।**

**કલિ મેં નીતિ, જગત મેં નરપતિ કરતે નિશ્ચિત દંડ-વિધાન,**
**કિન્તુ ઉસે ધન સ્રોત બનાતે, ધન વિહીન હૈં આશ્રમવાન;**
**નિજ-વંદન-અનુરક્ત ગુરુ સન્માર્ગ દિખાને મેં અસમર્થ,**
**સાધુ-ચરિત આચરક શિષ્ય હૈં મણિ સમાન અતએવ વિરલ. ૧૪૯.**

આ નિષ્કૃષ્ટ કળિકાળમાં રાજા પણ મુનિજનોને ન્યાયમાર્ગમાં પ્રવર્તાવી શકે નહિ, તેમ આચાર્ય પણ તેમને ન્યાયમાર્ગમાં પ્રવર્તાવી શકે નહિ, અને તેથી જ આ કાળમાં મુનિજનોમાં ઉત્તમ આચરણના ધારક શોભાયમાન ઉત્કૃષ્ટ મુનિરૂપ રત્નો બહુ થોડાં છે.

કળિકાળમાં નીતિ એ જ દંડ છે. દંડથી ન્યાયમાર્ગ ચાલે છે. રાજા વિના તે દંડ દેવાને કોઈ સમર્થ નથી, પણ રાજા ધનને અર્થે ન્યાય કરે છે. ધન-પ્રાપ્તિરૂપ પ્રયોજન વિના રાજા ન્યાય પણ કરે નહિ. એમ ન્યાય આટલો બધો આ કાળમાં મોંઘો થઈ પડ્યો છે. મુનિજનો પાસે તે ધન નથી, કારણ તેમના બાહ્ય વેષ જ ધનાદિ રહિત છે. તેથી તેમાંના કોઈ ભ્રષ્ટ મુનિઓને રાજા પણ ન્યાય માર્ગમાં પ્રવર્તાવી શકતા નથી.

વળી આચાર્યો વિનય, માન, પૂજા, સત્કારાદિના લોભી થયા, તેથી તેઓ પોતાના લોભરૂપ પ્રયોજનવશે મુનિજનોને ન્યાયમાર્ગમાં પ્રવર્તાવી શકતા નથી.

આ કળિકાળમાં જીવો બહુધા જડ અને વક્ર હોય છે, જેઓ ઉચિત દંડ વિના ન્યાયપૂર્વક પ્રવર્તતા નથી. તે દંડ આપવાવાળા લોકપદ્ધતિમાં તો મુખ્ય રાજા છે અને ધર્મપદ્ધતિ વિષે મુખ્ય આચાર્ય છે. પણ રાજા ધન-પ્રાપ્તિરૂપ સ્વપ્રયોજન સાધ્ય થતું હોય તો ન્યાય કરે, તે ધન મુનિજનો પાસે નથી, તેથી રાજા પણ તેમને ન્યાયમાર્ગમાં વર્તાવી શકે નહિ. જેમ તેમની ઇચ્છા દોડે તેમ સ્વછંદે પ્રવર્તે; અને વિનય આદિના લોભી આચાર્ય પણ તેમને દંડ આપે નહિ, જેથી બંને તરફથી નિર્ભય થયેલ એવા તે ભ્રષ્ટ મુનિઓ જેમ પોતાની ઇચ્છામાં આવે તેમ સ્વછંદે પ્રવર્તે છે, તેમને કોણ પૂછનાર છે? એટલે આ દુષમ કળિકાળમાં સત્યાર્થ ધર્મ સાધન કરવાવાળા કોઈક જ વિરલ મુનિજન દેખાય છે.

એવા સ્વછંદી મુનિની સંગતિ કરવી ધર્માર્થી જીવને કોઈ રીતે યોગ્ય નથી, એમ ગ્રંથકાર કહે છે :—

**एते ते मुनिमानिनः कवलिताः कान्ताकटाक्षेक्षणै–**
**रङ्गालग्नशरावसन्नहरिणप्रख्या भ्रमन्त्याकुलाः ।**
**संधर्तुं विषयाटवीस्थलतले स्वानूक्वाप्यहो न क्षमा–**
**मा व्राजीन्मरुदाहताभ्रचपलैः संसर्गमेभिर्भवान् ।।१५०।।**

**મુનિ-માની જો હુએ કામિની કે કટાક્ષ અવલોકન ગ્રાસ,**
**શર સે ઘાયલ હુએ હિરણવત્ ઇધર-ઉધર ભ્રમતે સંત્રાસ;**
**વિષય-વનસ્થલ મેં જો નિજ કો થિર રખને મેં હૈં અસમર્થ,**
**વાયુ પ્રતાડિત મેઘ સમાન, કરો ન કભી ઇનકા સંસર્ગ. ૧૫૦.**

હે ભવ્ય! સ્ત્રીઓનાં કટાક્ષ દૃષ્ટિરૂપ તીક્ષ્ણ બાણોથી જેમનું સંયમરૂપ અંગ ભગ્ન થયું છે, વિકાર વેગના દુઃખથી દુઃખી થતાં એવા મુનિવેષધારીઓ વિષયરૂપી મહાન વનમાં હરણોની માફક સ્વરક્ષણ કરવાને સર્વથા અશક્ત બની વાયુથી ઉડાવેલા વાદળોની માફક ચંચળ અને વ્યાકુળ ચિત્તે જ્યાં ત્યાં ભમતા ફરે છે, છતાં વળી તેઓ પોતાને મુનિ મનાવે છે, એવા એ ભ્રષ્ટ મુનિઓની સંગતિ પણ તું ન કર! કારણ યથાર્થપણે તેઓ મુનિ જ નથી.

જેમ હરણના અંગમાં બાણ વાગ્યુ હોય તેની પીડાથી બિચારું વ્યાકુળચિત્ત થતું જંગલમાં ઠામ-ઠામ દોડતું ભાગતું ફર્યા કરે, તેમ મુનિવેષધારી પતિત જીવોનું અંતઃકરણ સ્ત્રીઓના કટાક્ષરૂપ તીક્ષ્ણ કામબાણથી ઘવાયું છે, તેની તીવ્ર પીડાથી વ્યાકુળ ચિત્ત થઈ તે ઠામ-ઠામ વિષયની શોધમાં ભમે છે અને વ્યર્થ પોતાને મુનિ માને છે, મનાવે છે. કારણ કામની તીવ્રતામાં ધર્મ સાધન કરવું તો દૂર રહ્યું, પરંતુ દેખવા, સૂંઘવા, સાંભળવા આદિ વિષયોમાં પણ મન સ્થિર થતું નથી; એ કામની પીડા જ કોઈ એવી વિચિત્ર છે. જેમ પવનથી વિખરાતાં વાદળ અતિ ચંચળ હોય છે, તેમ વિકાર

ભાવથી ભ્રષ્ટ થયેલા એવા એ મુનિવેષધારીઓ પણ અતિ ચંચળ ચિત્તવાળા હોય છે આચાર્ય શિક્ષા આપે છે કે હે ભવ્ય! તેમનું તો હોનહાર (ભાવી) જ એવું છે, પણ તું જો જરા પણ ધર્મબુદ્ધિ ધરાવતો હોય અને તને સ્વકલ્યાણ ભણી જો જરા પણ અભિરુચિ હોય તો એવા ભ્રષ્ટ મુનિઓની સંગતિ પણ તું ન કર! એમની સંગતિ માત્રથી પણ તું તેમનો સાથી થઈ દુર્ગતિને પ્રાપ્ત થઈશ. માટે, એવા ભ્રષ્ટ મુનિઓની સંગતિ કરવી પણ યોગ્ય નથી.

એવા ભ્રષ્ટ મુનિઓની સંગતિ દૂર કરી છે જેણે એવા સુબુદ્ધિમાન સાધુને ગ્રંથકાર સંબોધે છે કે હે મહાભાગ્ય! તું પૂરો સ્વતંત્ર છે. તને કોઈ પણ વસ્તુની એવી જરૂર નથી કે જેના વિના તને આ સંયમી સ્થિતિમાં ન જ ચાલે અને તારી આ પરમનિઃશ્રેયસ સાધક પ્રવૃત્તિ અટકી પડે. સાંભળ :—

**गेहं गुहा परिदधासि दिशो विहाय**
**संयानमिष्टमशनं तपसोऽभिवृद्धिः ।**
**प्राप्तागमार्थ तव सन्ति गुणाः कलत्र**
**मप्रार्थ्यवृत्तिरसि यासि वृथैव याञ्चाम् ।।१५१।।**

**ગુફા માત્ર હી તેરા ઘર, તૂ દિશારૂપ પરિધાન પહન,**
**તપ કી વૃદ્ધિ ઇષ્ટ ભોજન હૈ, નભ હી હૈ તેરા વાહન;**
**હે આગમ કો પ્રાપ્ત યતી! ગુણગણ હી તેરે હુએ કલત્ર,**
**અતઃ અયાચક વૃત્તિવાન તૂ, વૃથા યાચના અબ મત કર. ૧૫૧.**

હે ગીતાર્થ! ગુફા તારું મંદિર છે, દિશાઓ એ તારાં વસ્ત્ર છે, આકાશ એ તારું વાહન છે, તપવૃદ્ધિરૂપ ઉત્તમ ભોજન છે, ગુણલક્ષ્મીરૂપ સ્વામિભક્ત તારી સ્ત્રી છે—એમ સર્વ પ્રકારે સાધન સંપન્ન તું છે, તો પછી તને યાચના કરવાનું શું પ્રયોજન છે? આવી સર્વોત્તમ દશામાં કોઈ પાસે કંઈ પણ યાચવાની તને આવશ્યકતા જ નથી. હવે યાચના કરવી એ કેવળ વ્યર્થ છે.

જગતમાં લોક ધન, ગૃહ, વસ્ત્ર, વાહન, ભોજન, સ્ત્રી આદિ તુચ્છ જરૂરીયાતોને આધીન થઈ પોતાનું પરમ મહત્વ ભૂલી જઈ દીનવત્ બની જાય છે. આત્મગૌરવને વિસારી તને દીન થવું ન ઘટે. સાંભળ! આગમના અર્થરૂપ સર્વ મનોરથને વિના પરિશ્રમે સાધ્ય કરવાવાળું અતૂટ જ્ઞાન-ધન તારી પાસે છે, તો પછી પરમ ખેદરૂપ અને તે પણ ક્ષણિક ધનને અર્થે યાચના કરી દીનપણું અનુભવવું એ શું તને ઉચિત છે? વળી લોક ઘર, મંદિરાદિને અર્થે યાચના કરે છે, પણ પ્રાકૃતિક (સ્વાભાવિક) મંદિર તારે માટે સ્થળે-સ્થળે છે, તો પછી અન્ય લૌકિક ઘર-મકાનાદિનું તારે શું પ્રયોજન છે? દિશાઓરૂપ નિર્મળ વસ્ત્રના બદલે આત્માને ખેદ અને વ્યર્થ બોજો લાધનાર સૂતર આદિના વસ્ત્રોને અર્થે યાચકવૃત્તિ કરવાનું તારા જેવા સ્વાતંત્ર્યવૃત્તિમાન પુરુષને શું પ્રયોજન?

યથેચ્છ વિહારી ઉત્તમ આકાશરૂપ નિર્મળ સવારી તારી પાસે છે, જ્યાં ઇચ્છામાં આવે ત્યાં ગમન કર! એ સિવાય બીજાં વાહનાદિની યાચના તારા જેવાને ન ઘટે. સમ્યક્તપની અભિવૃદ્ધિરૂપ નિર્મળ અને આત્મપરિસંતુષ્ટતાજન્ય ભોજનને છોડી મહા ગ્લાનિયુક્ત સપ્તધાતુની અભિવૃદ્ધિ કરનાર ભોજનની વાંચ્છના અર્થે દીન થવું એ શું તને ઉચિત છે? ક્ષમા આદિ સુખદ નિજગુણોમાં રમણ કરાવાવાળી નિજપરિણતિરૂપ અખંડ અને એકનિષ્ઠ રમણીને છોડી ભય, ત્રાસ અને ખેદના કારણરૂપ જગતની ચપળ વૃત્તિમાન સ્ત્રીઓને ક્યો બુદ્ધિમાન પુરુષ ઇચ્છે? એ રીતે ધન, મંદિર, વસ્ત્ર, વાહન, ભોજન અને સ્ત્રી આદિ સર્વ જરૂરી સામગ્રી તારી પાસે છે. હવે તારે બીજી એવી કઈ વસ્તુની આવશ્યક્તા છે કે જેના અર્થે તું આત્મગૌરવ અને વીર્યને હણનારી એવી લૌકિક યાચના કરે છે? હવે તો અયાચક વૃત્તિપૂર્વક સ્વગુણો વિષે અખંડ રમણ કર! ત્યાં જ પરિસંતુષ્ટ થા! એ મહાપુરુષોની તને શિક્ષા છે.

જગતમાં પણ યાચક છોટો અને અયાચક મોટો મનાય છે. સાંભળ :—

**परमाणोः परं नाल्पं नभसो न परं [1]महत् ।**
**इति ब्रुवन् किमद्राक्षीन्नेमौ दिनाभिमानिनौ ।।१५२।।**
**પરમાણુ સે કોઈ લઘુ નહિં, નભ સે હુઆ ન કોઈ મહાન;**
**ऐसा કહને વાલે ને નહિં દેખે દીન, સહિત અભિમાન. ૧૫૨.**

પરમાણુથી કોઈ નાનું અને આકાશથી કોઈ મોટું નથી, એમ કહેનારા પુરુષોએ જગતમાં દીન અને સ્વાભિમાની પુરુષોને જોયા નથી. દીન અને સ્વાભિમાની જનોને જો તેઓએ જોયા હોત તો તેઓ દીનને છોડી પરમાણુને નાનો અને સ્વાભિમાની પુરુષને છોડી આકાશને મોટું કહેત નહિ. કારણ દીન (યાચક) જન પરમાણુથી પણ હલકો છે તથા સ્વાભિમાની મનુષ્ય આકાશથી પણ મહાન છે.

ધર્મ અને સ્વગૌરવને હીન કરનારી એવી યાચના કરનારો મનુષ્ય એ જ સર્વથી દીન છે, આત્મગૌરવની અભિવૃદ્ધિ અયાચક વૃત્તિમાન પુરુષ સર્વથી શ્રેષ્ઠ છે.

**પ્રશ્ન** :—શાસ્ત્રકારોએ તો માનાદિની વૃદ્ધિમાં પાપ અને તેની હાનીમાં ધર્મ કહ્યો છે, તો પછી દીન (યાચક) પુરુષને ધર્મ અને અભિમાની જનને અધર્મ કેમ ન ઘટે? કારણ કષાય તથા ધર્મને તો પ્રતિપક્ષપણું છે.

**ઉત્તર** :—કોઈ કષાયની તીવ્રતાના કારણે કોઈ કષાય ઘટે તો ત્યાં ધર્મ નથી. લોભ તીવ્રતાના કારણે યાચક જન માનાદિને આઘું કરે છે, પરંતુ વાસ્તવિકપણે તેને કષાયનો અભાવ

૧. 'महत् परं' એવો પણ પાઠ છે.

નથી. અને જ્યાં કષાયનો અભાવ નથી પરંતુ કષાયની જ વૃદ્ધિ અર્થે કોઈ કષાય ઘટાડે તો ત્યાં કષાયવૃદ્ધિરૂપ અંતરંગ હેતુ હોવાથી ધર્મ નથી, પરંતુ સાથે-સાથે તે માયારૂપ પાપને પણ સેવે છે. ત્યાં તો હેતુમાં જ વિપર્યાસપણું છે.

સ્વાભિમાની પુરુષમાં સર્વ કષાય ઘટવા છતાં તેની કોઈ અવસ્થા તને ભ્રમથી કષાયી જેવી ભાસે છતાં ધર્મ જ છે. એટલે જે પુરુષ આત્મગૌરવના રક્ષણને અર્થે યાચના નહિ કરતાં અદીનવૃત્તિને અનુસરે તે અભિમાની નહિ, પરંતુ લોભ પરિણામ આત્મામાં દુઃખ આપતો છતાં મિથ્યા અકડાઈમાં રહી સીધી માગણી નહિ કરતાં આડાટેડા માયાયુક્ત ઘાટ ઘડે તે જ અભિમાની છે.

વળી સર્વ કષાય મંદ થયા હોય એવો પુરુષ અવ્રતી જનોને નમે નહીં; કારણ તેને નમવાનું કાંઈ પ્રયોજન નથી. જ્યાં લોભ નથી ત્યાં જગતની તુચ્છ અને ક્ષણીક વસ્તુઓને અર્થે તે બીજાને કેમ નમે? અને તેથી તે કોઈ વેળા બીજાને અભિમાની જેવો ભ્રમથી ભાસે, પરંતુ તે ખરેખર અભિમાની નથી. દીનતા કરવા છતાં પણ કોઈ આપી દેતું નથી. લાભ-અલાભનું ઉપાદાનકારણ માત્ર અંતરાય કર્મનો ક્ષયોપશમ અને તેના ઉદયની તીવ્રતા છે. તો પછી અણમૂલ્યરૂપ નિજ ગૌરવને વિસ્મરણ કરી તે યાચના કેમ કરે?

અહીં કોઈ કહે છે કે યાચકનું ગૌરવ ક્યાં ગયું કે જેથી તેનામાં લઘુપણું પ્રાપ્ત થયું?

**याचितुर्गौरिवं दातुर्मन्ये संक्रान्तमन्यथा ।**
**तदवस्थौ कथं स्यातामेतौ गुरुलघू तदा ।।१५३।।**
**યાચક કા ગૌરવ દાતા મેં ચલા ગયા નિશ્ચિત માનો;**
**યાચક લઘુ અરુ દાતા ગુરુ અન્યથા હુએ કૈસે જાનો. ૧૫૩.**

હું એમ સમજું છું કે યાચકનું ગૌરવ દાતાર પુરુષમાં મળી ગયું, કારણ જો એમ ન હોય તો યાચનાના સમયમાં યાચવારૂપ અને દેવારૂપ છે દશા જેની એવા તે બંનેમાં નાના-મોટાપણું ક્યાંથી હોય?

અહીં ઉત્પ્રેક્ષાલંકારપૂર્વક ગ્રંથકાર કહે છે કે અમને ભાસે છે કે પ્રથમ એ યાચક અને દાતાર બંને સમાન હતા, પણ જે વેળા યાચકભાવ ઉગી યાચક કરવા સન્મુખ થયો તે વેળા તે યાચકનું મહત્વ દાતારમાં મળી ગયું જેથી યાચક લઘુ અને દાતાર મહાન ગણાયો, અને વાસ્તવ્યમાં પણ એમ જ છે. કારણ જો એમ ન હોય તો તે વેળા યાચકમાં સંકોચાદિ ભાવ ઉગી તે લઘુત્વ પરિણામી કેમ જણાય? અને દાતાર પ્રફુલ્લિતાદિ આત્મવિકાસી ભાવોમાં કલ્લોલ કરતો મહાન કેમ ભાસે? એટલે યુક્તિ અને આગમ સંગત આ વાત સત્ય છે કે દીનપણું સર્વથા નિષેધ્ય અને વર્જનીય છે.

**પ્રશ્ન** :—મુનિજનો આહારાદિ દાન ગ્રહણ કરે છે તો તેમનામાં પણ દીનપણું કેમ ન ઘટે?

**ઉત્તર** :—જેમ કોઈ રાજભક્ત પુરુષ રાજાની આગળ ભેટ ધરે, પરંતુ તેમાં રાજાની ઇચ્છા નથી, તેમ આત્મગુણ રસીક ભક્તજનો આત્મગુણ વિકાસી મુનિજનોને તેમના વિના યાચે પણ વિનયાદિ સદ્ભાવપૂર્વક આહારાદિ દાન આપે અને તે મહાપુરુષ લોભ કે આસક્તિરહિત ગ્રહણ કરે તો તેથી તે દીનપણાને અનુભવતા નથી; અને એવી નિસ્પૃહવૃત્તિ જે મહાપુરુષમાં વર્તે છે તે જ મહાન છે, પરંતુ લોભથી દીનતાસહિત લેવા ઇચ્છે તે જ ખરેખર હીનતાને પ્રાપ્ત થાય. મુનિજન યાચનાપૂર્વક દીનતાથી ગ્રહણ કરતા નથી જેથી તેઓ અયાચક, અદીન અને સર્વશ્રેષ્ઠ છે.

આગળ ગ્રંથકાર યાચક અને દાતારની ગતિ વિશેષતા બતાવતાં કહે છે :—

**अधो जिघृक्षवों यान्ति यान्त्यूर्ध्वमजिधृक्षवः ।**
**इति स्पष्टं वदन्तो वा नामोन्नामौ तुलान्तयोः ।।१५४।।**
**વાંછક પાતા અધોગતિ અરુ ઊર્ધ્વગતિ નહિં વાંછક જો;**
**સ્પષ્ટ બતાતે ઊંચે નીચે હુએ તુલા કે પલડે જ્યોં. ૧૫૪.**

ત્રાજવાનાં બંને પલ્લાં શું કહે છે? તેઓ પોતાની કૃતિથી કહે છે કે ''જેમને ગ્રહણ કરવાની ઇચ્છા છે તેઓ ક્રમે કરી અધોગતિને પામે છે તથા જેઓને ગ્રહણ કરવાની ઇચ્છા નથી તેઓ ઊર્ધ્વગતિને પામે છે.''

ત્રાજવાનાં બંને પલ્લાં પ્રથમ સમાન હોય છે, ત્યાં જે પલ્લું અન્ય વસ્તુને ગ્રહણ કરે છે તે સ્વયં નીચું જાય છે તથા જે પલ્લું અન્ય વસ્તુને ગ્રહણ કરતું નથી તે સ્વાભાવિક ઊંચું જાય છે. એ બંને પલ્લાં તેના પ્રેક્ષકને સ્પષ્ટ દર્શાવી રહ્યાં છે કે એ પરવસ્તુના ગ્રહણ-ત્યાગના યોગે અમારી આ દશા થઈ રહી છે. તેમ જે જીવો લોભાદિ પરિણામે પરવસ્તુને ગ્રહણ કરશે તે તત્કાલ અધોગતિને પામશે તથા જે જીવો પરવસ્તુને લોભાદિ પરિણામરહિત ગ્રહણ નહિ કરે તે સ્વયં ઊર્ધ્વગતિને પ્રાપ્ત થશે. ગ્રંથકાર કહે છે કે જ્યાં દીનતા ત્યાં હીનતા અને દુર્ગતિનો વાસ છે; માટે મુમુક્ષુને કોઈ પ્રકારે દીનતા કર્તવ્ય નથી.

**પ્રશ્ન** :—દીનતામાં તે વળી એવું શું પાપ છે? તેમાં નથી હિંસા કે નથી ચોરી આદિ.

**ઉત્તર** :—ત્યાં લોભ કષાયની એટલી બધી તીવ્રતા છે કે જેથી અન્ય કષાયો તેને નિર્બળ કરવા પડે છે, લોક લજ્જા મૂકવી પડે છે, ધર્માદિ સદ્ અનુષ્ઠાનને પણ તે ગણતો નથી, કવચિત્ કરે છે તો અંતરંગમાં તે લોભ હેતુને ઊભો રાખીને કરે છે. વધારે શું કહીએ, પોતાના પૂજ્ય અને વડીલાદિ માનનીય પુરુષોનું પણ અપમાન કરી–કરાવીને પણ પોતાના ઇચ્છિત પ્રયોજનને સાધવા પ્રયત્ન કરે છે. લોભાદિને અર્થે વિવેક, હિતાહિત, હેયોપાદેયને ભૂલી ચૈતન્ય જેવા ચૈતન્યને જડવત્ બનાવી મૂકે છે અને એ જ મહા પાપ છે.

''યાચકોના મનોવાંછિત અર્થની સિદ્ધિ થતી નથી એવા એ ઐશ્વર્યપણા કરતાં તો પહેલી દરિદ્રાવસ્થા ભલી છે.'' એમ ગ્રંથકાર નીચેના કાવ્યથી સંબોધે છે :—

**सस्वमाशासते सर्वे न स्वं तत्सर्व्वतर्पि यत् ।**

**अर्थिवैमुख्यसंपादि सस्वत्वान्निः स्वतावरम् ।।१५५।।**

**સભી ધનિક સે આશા રખતે, વહ ન દે સકે સબકો ધન;**

**યાચક વિમુખ હોય ધનપતિ સે, અતઃ શ્રેષ્ઠ હોના નિર્ધન. ૧૫૫.**

જગતમાં ધનવાન પુરુષને સર્વ યાચે છે, પણ એટલું ધન કોઈ પાસે સંગ્રહિત નથી કે જે વડે સર્વ યાચકોને તૃપ્ત કરી શકાય. યાચકોને વિમુખ કરવાવાળા ધનસહિતપણા કરતાં એ ધન રહિતપણું જ ભલું છે.

કેટલાક મનુષ્યો કહે છે કે ધન વડે યાચકોના મનોરથ પૂર્ણ કરાય છે, તેથી ધનવાન થવું એ ઇષ્ટ છે. ગ્રંથકાર કહે છે કે સર્વ મનોરથ પૂર્ણ થાય એવું ધનવાનપણું જગતમાં કોઈને પણ પ્રાપ્ત થતું નથી. વળી ધનવાનપણું એ એની પોતાની મહદ્ અનેક વિશાળ ઇચ્છાનું એક બિંદુ માત્ર પણ નથી, તો પછી એની વિશાળ ઇચ્છા આગળ સ્વલ્પ જેટલા ધન વડે તે અનેક યાચકોની ઇચ્છા શી રીતે પૂર્ણ કરી શકશે? પોતાની ઇચ્છા પૂર્ણ થાય નહિ તથા અન્ય યાચકો વિમુખ થાય, પોતે પણ દાનથી વિમુખપણે વર્તે તેવા ધનવાનપણા કરતાં તો એ નિર્ધનપણું જ રૂડું છે કે જેમાં તેની પાસે કોઈ મનુષ્યાદિ પ્રાણી આશા તો ન કરે! પ્રત્યક્ષ જુઓ કે ધનવાનની પાછળ રાજા, મિત્ર, સ્ત્રી, પુત્ર અને યાચકાદિ સર્વ લાગ્યાં છે. નિર્ધન પુરુષને એ ભણીની એક રીતે નિરાંત છે. ફલિતાર્થ એ છે કે દાતાર થવાની ઇચ્છાથી પણ ધનવાન થવા ચાહવું એ જીવની માત્ર અણસમજણ છે, લોભ અને માનની તીવ્રતા છે. કોઈ પ્રારબ્ધકર્મ યોગથી લાભાંતરાયકર્મના ક્ષયોપશમથી સહેજે સ્વમેવ ધનવાનપણું પ્રાપ્ત થયું હોય અને તે સર્વસંગ પરિત્યાગ ન કરી શકે તો તેવા જીવને દાન દેવામાં જેટલો ત્યાગ અવિષમ ભાવે તે કરી શકે તેટલો ત્યાગ કરવા પૂર્વ મહાપુરુષોએ ઉપદેશ્યું અર્થાત્ દાન ધર્મનું પ્રતિપાદન કર્યું, પણ એનો અર્થ એમ નથી કે દાન દેવાના બહાને પણ લોભ અને માનના વેગે તણાઈ માત્ર ધન જ રળ્યા કરી જીંદગીને પૂરી કરવી. એમ કષાયની વ્યાકુળતામાં નિરંતર દુઃખી થવા કરતાં તો નિર્લોભ પરિણામને દઢ કરી અનાકુળતારૂપ પરમશાંત પદને– નિજપદને અનુભવવું એ જ શ્રેષ્ઠ છે.

ધન પ્રાપ્ત કરી તેનો વળી દાન દઈ ત્યાગ કરવો તે પણ લોભ કોષાયને ઉપશમાવવા અર્થે જ છે, તો પછી પ્રથમથી જ તેને પ્રાપ્ત કરવાની કડાકૂટ કરવા કરતાં એ નિર્લોભ પરિણામને કાં ન દઢ કરવો? એ તો ઉલટું પ્રથમના કરતાં વધારે સહેલું કાર્ય છે. હાથ બગાડીને પછી ધોવાની માથાફોડમાં પડવું તે કરતાં પ્રથમથી હાથને સ્વચ્છ રાખવાની સાવચેતીમાં રહેવું એ શું વધારે ઇષ્ટ નથી?

તું કહે છે કે ''દાન દેવા માટે ધન મેળવવું'' પણ હજુ તને એ આશારૂપ ગંભીર ખાઈની અગાધતા અને અથાહતાની ગમ જ નથી. સાંભળ :—

**आशाखनिरतीवाभूदगाधा निधिभिश्च या ।**

**सापि येन समीभूता तत्ते मानधनं धनम् ।।१५६।।**

**નિધિયોં દ્વારા ભી નહિં ભરતી, જો અગાધ આશા કી ખાન,**

**વહ જિસ ધન સે ભર જાતી હૈ, વહ સચ્ચા ધન સ્વાભિમાન. ૧૫૬.**

આશારૂપ ખાણ નિધિઓથી પણ અતિશય અગાધ છે. વળી એ એટલી બધી ગહન અને વિશાળ છે કે જે ત્રૈલોક્યની સમસ્ત વિભૂતિથી પણ ભરાવી અસંભવ છે, માત્ર એક આત્મગૌરવ–આત્મ મહત્તારૂપ ધનવડે સહજમાં તે ભરાય છે કે જે હજારો પ્રકારની તૃષ્ણારૂપ દુઃખદ વ્યાકુળતાને શમાવવામાં એક અદ્વિતીય અમોઘ ઔષધ છે.

ધનાદિની વાંચ્છા એ જ આશા છે. આશારૂપ ખાણ નવનિધિઓથી પણ અથાહ છે. કારણ નિધિઓમાં ધનાદિ ઇષ્ટ સામગ્રી કાઢતાં પણ નિધાન ખૂટતું નથી. દૈવવશાત્ કદાચિત્ તે પણ ખૂટી જાય, પરંતુ એ આશારૂપ ખાણમાં એટલી બધી અત્રુટક ધનાદિની વાંચ્છા વર્તે છે કે જેનો થાહ પણ પમાતો નથી અર્થાત્ નવનિધિ મળવા છતાં પણ તે તો વધુ ને વધુ પ્રજ્વલિત થાય છે, ઊંડી જાય છે. તેથી, સુનિશ્ચિત છે કે નિધિઓથી પણ તેનું અથાહ અને અગાધપણું ઘણું ઊંડું છે. એક આશા પૂરી થઈ ન થઈ અને તજ્જનિત તોષ (તૃપ્તિ) પણું વેદ્યું ન વદ્યું એટલામાં તો બીજી સેંકડો આશાઓ ઉત્પન્ન થઈ જાય છે. એ બધી આશાઓની તૃપ્તિ થવી સર્વથા અસંભવ છે.

હે પ્રાણી! સંતોષવૃત્તિથી કોઈ કાળે યાચનારૂપ હલકાપણું જીવને થતું નથી અને એ જ ખરેખરૂં સ્વાભિમાન છે કે જે વડે એ અનાદિ આશારૂપ ગંભીર ખાણ સહજ માત્રમાં ભરાઈ જાય છે, અર્થાત્ આત્મગૌરવ જાગ્રત થતાં આશાની અધિકતાનો–ઉદ્રેકનો સહજ માત્રમાં અભાવ થાય છે. નવનિધિઓથી પણ એ સ્વમાનરૂપ ધનને મોટું ધન જાણીને તું હવે તેના રક્ષણ અર્થે પરમ સંતોષવૃત્તિને ધારણ કર! ધનાદિ વિનાશી અને તુચ્છ વસ્તુને અર્થે યાચના કરી આત્મગૌરવરૂપ પરમધનને લૂટાવાં દેવું એ તને યોગ્ય નથી. સંસાર પરિણામી જીવો તૃષ્ણાવશ બની સ્વમાનને પણ કોરાણે કરી દીનવત્ યાચક બની જાય છે, અને એ આશા તો નવનિધિ મળવા છતાં શમાવી કેવળ અસંભવ છે, ઊલટું વધે છે; તો પછી એ સ્વલ્પ અને પરિણામે વ્યાકુળતાજન્ય, વિનાશિક, ઇષ્ટ ધનાદિની પાછળ ઘેલા બની દીનપણું સેવવું એ શું તેને ઉચિત છે? આમ ચિંતવી જેમ બને તેમ એ આશારૂપ ગ્રાહનો નિગ્રહ કર.

ગ્રંથકાર એ આશારૂપ ખાણને પૂર્ણ કરવાનો ઉપાય બતાવે છે.

**आशाखनिरगाधेयमधःकृतजगत्-त्रया ।**
**उत्सर्प्योत्सर्प्य तत्रस्थानहों सद्भिः समीकृता ।।१५७।।**

**તીન લોક ભી જિસમેં લઘુ, યહ આશારૂપી ખાન અગાધ;**
**કરેં સત્પુરુષ પૃથ્વીતલ સમ ઉસમેં સ્થિત ધન કા ત્યાગ. ૧૫૭.**

જેણે ત્રણે ભુવન નીચાં કરી રાખ્યાં છે એવી એ આશારૂપ ખાણ અત્યંત અગાધ છે. સંસાર પરિણામી જીવોએ અગાધ દ્રવ્ય આજ સુધી નાખ-નાખ કરવા છતાં પણ હજુ સુધી કોઈથી પણ નહિ પૂરાયેલી એવી એ આશારૂપ ખાણને સત્પુરુષોએ તેમાં રહેલા ધનાદિને કાઢી-કાઢીને પૂર્ણ કરી, એ એક પરમ આશ્ચર્ય છે.

જગતમાં પ્રત્યક્ષ જણાય છે કે ખાણમાંથી જેમ-જેમ માટી, પત્થર આદિ ખોદી કાઢવામાં આવે તેમ-તેમ ખાણ ઊંડી ને ઊંડી જતી જાય છે અને તેમાં માટી, પત્થર આદિ પૂરવામાં આવે તેમ-તેમ તે બીજી સાથની જમીનની સપાટીને મળતી થઈ જાય છે અર્થાત્ પૂરાય છે; પણ આશ્ચર્ય છે કે આશારૂપ ખાણ એવી કોઈ વિલક્ષણ સ્વભાવવાળી જણાય છે કે જેમ-જેમ ધન, વૈભવાદિ સામગ્રી વધુ નાખવામાં આવે તેમ-તેમ તે વધું ઊંડી જતી જાય છે અને જેમ-જેમ સદાશય અને સમ્યક્જ્ઞાન સહિત તેમાંથી એ સામગ્રી કાઢ-કાઢ કરવામાં આવે તેમ-તેમ તે પૂરાય છે અર્થાત્ ભરાય છે, આત્મપરિણામ સમવૃત્તિરૂપ સપાટી ઉપર મળતા થાય છે. સત્પુરુષો એ જ રીતે એ અનાદિ આશારૂપ ખાણને ભરે છે.

આશારૂપ ગંભીર ખાણમાં અનેક પદાર્થોની વાંચ્છા ભરેલી છે, પણ સત્પુરુષો ત્યાગભાવ વડે સમ્યક્જ્ઞાનબળે સર્વ વાંચ્છાને છોડી અનાદિ આશાને મટાડી સમાનભાવ અર્થાત્ વીતરાગભાવરૂપ પ્રવર્તે છે, અને એમ તૃષ્ણારૂપ પરભાવને કાઢી કાઢી આત્મભૂમિકા સરખી કરે છે. જુઓ, નિર્ગ્રંથ મુનિજનો પણ પરિગ્રહાદિનો ત્યાગ કરી અનાદિ આશાનો અભાવ કરે છે.

**विहितविधिना देहस्थित्यै तपांस्युपबृंहय**
**न्नशनमपरेर्भक्त्या दत्तं क्वचित् कियदिच्छति ।**
**तदपि नितरां लज्जाहेतुः किलास्य महात्मनः**
**कथमयमहो गृह्णात्यन्यान्परिग्रहदुर्ग्रहान् ।।१५८।।**

**તન-થિતિ હેતુ આગમોક્ત વિધિ સે મુનિગણ લેતે આહાર,**
**કિસી કાલ મેં ભક્તજનોં દ્વારા પ્રદત્ત તપ-વર્ધનહાર;**
**તો ભી વહ નિતાન્ત લજ્જા કા કારણ હોતા હૈ ઉનકો,**
**અન્ય પરિગ્રહ-દુર્ગ્રહ ગ્રહણ કરેં કૈસે આશ્ચર્ય અહો. ૧૫૮.**

તપની વૃદ્ધિ કરતાં શરીરસ્થિતિ અર્થે યોગ્ય વિધિપૂર્વક કિંચિત્ માત્ર ભોજન ક્ષુધાવેદનીયના ઉદયકાળે મુનિજન ગૃહસ્થોથી ગ્રહણ કરે છે, તે પણ કોઈ કોઈ વેળા. વળી ભક્તિપૂર્વક જરાપણ સંકોચ વિના ગૃહસ્થ દે તો ગ્રહણ કરે, નહિ તો નહિ. આમ છતાં પણ તે આહારગ્રહણ તે મહાત્માને અતિશય લજ્જાનું કારણ થાય છે, તો પછી અન્ય પરિગ્રહને તો તે કેમ ઇચ્છે? ન જ ઈચ્છે.

કોઈ અજ્ઞાનીજન મુનિને કિંચિત્ પરિગ્રહ ગ્રહણ માનતો હોય તો તેને શ્રી આચાર્ય સમજાવે છે કે મુનિજનોને સર્વ આશાનો અભાવ વર્તે છે, માત્ર એક ક્ષુધાવેદનીય પ્રારબ્ધના ઉદયથી કોઈ કોઈ વેળા આહારની વાંચ્છા થઈ આવે છે. મનુષ્યશરીર એ જ્ઞાન, ધ્યાન અને તપાદિ સદ્અનુષ્ઠાનની અભિવૃદ્ધિનું નિમિત્તકારણ છે એમ જાણી માત્ર તપ-સંયમાદિ સદ્અનુષ્ઠાનની અભિવૃદ્ધિ કે જે આત્મ ઉજ્જ્વળતાના હેતુરૂપ છે તેને અર્થે શરીર-રક્ષાની પણ જરૂર છે એમ સમજીને ભોજન વડે શરીરને ટકાવી માત્ર સંયમને જ પોષે છે, પરંતુ પ્રમાદને પોષતા નથી. શાસ્ત્રોક્ત વિધિપૂર્વક નિર્દોષ અને પ્રાસુક આહાર મળી આવે તો અનાસક્ત ભાવે અને અદીનપણે ગ્રહણ કરે, નવધાભક્તિસહિત ઉજ્જ્વળ અને ઉલ્લાસિત પરિણામે ગૃહસ્થ દે તો લે, પણ પોતે બનાવે નહિ તેમ અદત્ત લે નહિ. યાચના ભાવથી કે દાતારને દબાવીને કે દાતાર ઉપર કોઈ (મુનિપદને) અણશોભતી છાપ પાડીને આહાર ગ્રહણ કરે નહિ. વળી પૂર્ણ ઉદરભર આહાર ન લે, પણ અલ્પ માત્ર ગ્રહણ કરે. આમ છતાં આત્માના અણાહારી સ્વભાવને ચિંતવી ઉક્ત નિર્દોષ આહાર ગ્રહણ કરતા પણ જેને લજ્જા ઊપજે છે, તો પછી જેનું તીવ્ર રાગ વિના ગ્રહણ થતું નથી તથા પોતાની વર્તમાન સંયમી અવસ્થાને જે જરાય જરૂરી કે પોષક નથી એવાં એ ધન-વસ્ત્રાદિ અન્ય પદાર્થોને તે કેમ ગ્રહણ કરે?-ન જ કરે. વળી :—

**दातारो गृहचारिणः किल धनं देयं तदत्राशनं**
**ग्रह्णन्तः स्वशरीरतोषि विरताः सर्वोपकारेच्छया ।**
**लज्जैषैव मनस्विनां ननु पुनः कृत्त्वा कथं तत्फलं**
**रागद्वेषवशीभवन्ति तदिदं चक्रेश्वरत्वं कलेः ।।१५९।।**

**દાતા હુએ ગૃહસ્થ, દેયધન મુનિગણ જો લેતે આહાર,**
**તન-વિરક્ત હોકર ભી લેતે, ચાહેં સબ જગ કા ઉપકાર;**
**તો ભી સ્વાભિમાન યુત લજ્જિત, મુનિપદ કા ફલ યહ આહાર,**
**રાગ-દ્વેષ વશ માનેં દેખો, કલિ કા ચક્રવર્તિ-આચાર. ૧૫૯.**

સ્વાતંત્ર્યવૃત્તિના સહચારી આત્માધીન મુનિજન શરીરથી પણ પૂર્ણ વિરક્ત ચિત્તે વર્તે છે. પ્રાણીમાત્રના કલ્યાણની ભાવનાથી એમનું અંતઃકરણ ઓતપ્રોત બની રહ્યું છે, એવી

આત્મપરિસ્થિતમાં માત્ર સ્વપર-કલ્યાણકારક ભાવનાપૂર્ણ હૃદયે ગૃહસ્થોના ભોજનનો તેઓ સ્વીકાર કરે છે, તે પણ માત્ર ભોજન, અન્ય કંઈ પણ નહિ. ભોજન પ્રતિલાભવાવાળા મહાનુભાવ ગૃહસ્થ છે, જેમણે પોતાના કુટુંબ નિર્વાહ અર્થે હર હમેશના નિયમાનુસાર (અન્ય કોઈના ઉદ્દેશને અર્થે નહિ) તૈયાર કર્યું છે, પરંતુ પ્રવર્જિત પુરુષને અર્થે નહિ. વળી તે ભોજન જિનાગમમાં દર્શાવ્યા પ્રમાણે નિર્દોષ છે. આમ છતાં પણ તેવા નિર્દોષ–અનુદૈશિક–સહજ અને લેનાર દેનારના અંતઃકરણમાં જરા સંકોચ પણ નહિ ઉત્પન્ન થવાવાળા ભોજનને ગ્રહણ કરતાં ઉત્તમ મુનિજનોને એક લજ્જાનો વિષય જણાય છે. 'અણાહારી–સ્વપરપ્રકાશક–શુદ્ધ ચૈતન્યને આ પુદ્ગલોનું ગ્રહણ જરાય શોભતું નથી, છતાં ક્યાં સુધી આમ કરવું પડશે?' ઉક્ત ભાવના એમના અંતઃકરણમાં તો ભોજન લેતાં પણ સંકોચ ઉત્પન્ન કરે છે. વાસ્તવિક મુનિના અંતઃકરણમાં કેટલી બધી નિરપેક્ષ દશા વર્તે છે, કે એ દશા સ્વપર કલ્યાણાસ્પદ છે, આત્માના શુદ્ધ સ્વાતંત્ર્ય માનસને પોષક છે, અંતે આત્મપ્રતિબંધોને દૂર થવામાં અનન્ય સહાયક છે.

કળિકાળના સર્વવ્યાપી અપરિહાર્ય મહાત્મ્યે પોતાની વ્યાપક અસર આ મુનિજનો ઉપર પણ એવી પસારી છે કે ભોજન ગ્રહણ કરતા પૂર્વ મહાપુરુષોને એક લજ્જાનો વિષય સમજાતો હતો, તે આજ સાધુપદ ધારણ કર્યું કે ગૃહસ્થોનાં મંદિર પોતાને ભોજન કરવાનાં લક્ષ કેન્દ્ર બને છે, વૃત્તિનો પ્રવાહ પણ પ્રાયે ત્યાં જ રોકાયેલો રહે છે, ગૃહસ્થોની સાથે અનેક પ્રકારની ચિત્ર-વિચિત્ર લટપટ રાખે છે. આચાર્ય કહે છે કે વિષયોથી મમત્વ અને રાગ છૂટ્યો નથી તેનું આ પરિણામ છે. આ બાજુ ગૃહસ્થોના પણ એ હાલ છે. તેઓ સાધુજનોને ભોજન દેવાના વિચારમાં ઘેલા બની અનેક જાતના વિચિત્ર ઉહાપોહ પરસ્પર કરે છે. મુનિજનોને પોતાની વૃત્તિનાં રમકડાં માત્ર સમજે છે, ઇરાદાપૂર્વક નહિ તોપણ કૃતિ તો એવી જ વર્તતી હોય કે જે સ્વવિચારની પોતાને ગમ પણ ન હોય! સાધુપદ લીધું કે ગૃહસ્થના ઘેર ભોજન લેવું જ જોઈએ–ગૃહસ્થ હોય તેણે દેવું જ જોઈએ, ગૃહસ્થો મુનિજનોને પોતાને આધીન સમજે છે અને તેમના અભિપ્રાયનો જરાય વિચાર કર્યા વિના માત્ર પોતાના અભિપ્રાયાનુસાર દોરે છે અને વળી તેને વાંકા વળીને વંદન કરે છે. કહો, હવે આમાં સાચું શું? કોના જ્ઞાનમાં કોણ ઉત્કૃષ્ટપણે–સેવ્યપણે વર્તતું હશે? સાધુ પણ ગૃહસ્થોની મુનિપદને અણશોભતી અને જિન આજ્ઞાથી પ્રતિકૂળ સેવા ગ્રહણ કરતા જરાય અચકાતા નથી, છતાં વળી પોતાને શ્રમણ–મુનિ–સાધુ નિર્ગ્રંથ માને છે. ક્યાં છે એમના હૃદય મંદિરમાં શુદ્ધ સ્વાતંત્ર્ય વૃત્તિની ગંધ? આમ પરસ્પર બંનેની આવી પરિસ્થિતિ વર્તે છે. તેથી સ્પષ્ટ સમજાય છે કે રાગ દ્વેષનો ઉત્કટ પ્રવાહ બંનેના ઉપર પૂર્ણપણે વર્તી રહ્યો છે, વૃદ્ધિગત થતો જાય છે, અને એ જ આ નિઃકૃષ્ટ કળિકાળમાં રાગ-દ્વેષનું અખંડ અને સર્વવ્યાપી સાર્વભૌમ ચક્રવર્તીપણું!

''લોભી ગુરુ અને લાલચું ચેલા'' જેવી જ ગુરુ-શિષ્યની આ કાળમાં પ્રાયે પરિસ્થિતિ વર્તે છે. ધર્મસૃષ્ટિના આદ્ય ઉપદેષ્ટા જનક અને પોષક ભગવાન તીર્થંકરના વચનોની પણ અવગણના

કરી યથેચ્છ પ્રવૃત્તિમાં વર્તી રહેલા વર્તમાન મુનિનામધારી સાધુઓનાં હૃદયની પરિસ્થિતિ આમ વિચિત્ર પ્રકારે અનંત આત્મગુણોને સ્વપર-બાધકપણે પ્રવર્તી રહી છે, પણ તત્ત્વજ્ઞાનીના હૃદયમાં ખરેખર દયા ઉત્પન્ન કરે છે.

કોઈ કહે કે અગર એ કાળનો જ દોષ છે, તો પછી આ કાળમાં એવા મુનિને આત્મકલ્યાણ અર્થે માનવા એમાં શું અનુચિત છે?

આ કાળમાં અન્યાય પ્રવર્તે તેને ન્યાય તો ન જ કહેવાય. હા, એમ કહી શકાય કે ઉક્ત અન્યાયની પ્રવૃત્તિ એ કાળદોષથી વર્તી રહી છે. તેમ આ કાળમાં જે ભ્રષ્ટ વેષધારી પ્રવર્તે છે તેમને મુનિ તો ન જ કહેવાય, પણ આવા ભ્રષ્ટવેષની પ્રવૃત્તિ અને પોષણા માત્ર આ કાળદોષથી થઈ છે– એમ કહેવું ઠીક છે.

જેમ આ કાર્ય દુષ્ટ નિમિત્તથી થયું છે તો ત્યાં તે કાર્યની દુષ્ટવત્ નિંદા કરવામાં આવે છે, તેમ અહીં પણ એવા ભ્રષ્ટ મુનિનામધારી જીવોની કળિકાળવત્ નિંદા કરી તેઓ અસત્ છે, મુમુક્ષુને સંગ કરવાયોગ્ય નથી, એમ સમજાવવાનો ગ્રંથકારનો અભિપ્રાય છે.

ભોજનાદિમાં પ્રીતિ કરવી ઉચિત નથી તો પછી સાધુજનોએ કેમ પ્રવર્તવું? એ પ્રશ્નના ઉત્તરરૂપે કાવ્ય કહે છે :—

**आमृष्टं सहजं तव त्रिजगतीबोधाधिपत्यं तथा**
**सौख्यं चात्मसमुद्भवं विनिहतं निर्मूलतः कर्मणा ।**
**दैन्यात्तद्विहितैस्त्वमिन्द्रियसुखैः संतुप्यसे निस्त्रपः**
**स त्वं यश्चिरयातनाकदशनैर्बद्धस्थितिस्तुष्यसि ।।१६०।।**

**જિસને લોક-પ્રકાશક પર સ્વામિત્વ તુમ્હારા લુપ્ત કિયા,**
**આત્મોત્પન્ન સૌખ્ય કો ભી ઉન કર્મોં ને નિર્મૂલ કિયા;**
**અરે દીન! ઉન કર્મજ ઇન્દ્રિય-સુખ મેં હી સંતુષ્ટ હુઆ,**
**કષ્ટ ભોગ નીરસ ભોજન કે બન્ધન મેં તૂ તુષ્ટ હુઆ. ૧૬૦.**

હે જીવ! એ દુષ્ટ કર્મોએ ત્રણ જગતના જ્ઞાનનું સ્વામિત્વપણું તારું નષ્ટ કર્યું, શુદ્ધ આત્મીય સુખને મૂળથી નાશ કર્યું, છતાં તું તારા પરમ શત્રુરૂપ એવા એ જ કર્મોએ નીપજાવેલા ઇન્દ્રિયજન્ય સુખોથી તૃપ્ત થાય છે, એ જ આશ્ચર્ય છે! શત્રુની કૃતિ પ્રત્યે જગતમાં કોઈ જરાય વિશ્વાસ કરે છે? ના! વળી, ચિરકાળ સુધી તપાદિ કષ્ટ સહી હવે કુત્સિત્ આહારાદિથી તું સંતુષ્ટ થાય એ તને ઉચિત છે?

જેમ કોઈ રાજરાજેશ્વરને કોઈ વૈરી રાજ્યથી પદભ્રષ્ટ કરે અને તે પદભ્રષ્ટ રાજા પોતાના વિજેતાનો જ આપેલો રુચતો-અણરુચતો આહાર દીનતાથી ગ્રહણ કરી પ્રસન્ન થાય તો ત્યાં તેને આપણે હાસ્યદૃષ્ટિથી જોઈએ છીએ, ધિક્કારીયે છીએ; તેમ હે જીવ! તું અનંત જ્ઞાન-સુખનો સ્વામી મહાન પદાર્થ છે. તારા અનંત અને અપાર સુખનો નાશ કરી કર્મ વૈરીએ તને પરાજીત કર્યો–ભ્રષ્ટ કર્યો, છતાં તું તારી અતૂટ સંપદાને ભૂલી જઈ એ જ કર્મ વૈરીથી (કર્મોદયથી) ઉત્પન્ન થયેલા કિંચિત્ વિષયાદિ સુખોમાં સંતુષ્ટ થાય છે, તેથી મને એમ લાગે છે કે ખરેખર તું નિર્લજ્જ અને શિષ્ટજનોથી ધિક્કારને પાત્ર છે. હે જીવ! કર્મોદયજન્ય સુખ તે પૂર્ણ સુખ હોય જ નહિ. પૂર્ણ સુખ કર્મોદયની જરાય અપેક્ષા રાખતું નથી, તે સુખ સ્વતંત્ર અને સ્વાધીન છે. કોઈ ગૃહસ્થના ઘેર જેવો તેવો કિંચિત્ આહાર મળ્યો તેમાં તારી આજીવિકાની સ્થિરતા માની તું સંતુષ્ટ થાય છે. તેથી એમ લાગે છે કે તું પણ પહેલા પદભ્રષ્ટ રાજેશ્વરની માફક નિંદાને પાત્ર છે. જેમ તે પદભ્રષ્ટ રાજાનું વાસ્તવ્ય સુખ તેના વિજેતાથી અવરાયું છે, તેમ અનાદિ કાળથી તને પરાજિત કરી રાખેલા તારા કર્મરૂપ વૈરી વિજેતાથી તારું વાસ્તવ્ય સુખ અવરાયું છે. માટે, તે વૈરીનો આત્યંતિક નાશ કરવામાં જ તારું વાસ્તવિક સુખ સમાયેલું છે. હવે તો તારે એ જ ઉચિત છે કે જે તે પ્રકારે એ કર્મરૂપ પ્રબળ વૈરીનો નાશ કરવામાં પ્રયત્નશીલ રહેવું, પણ અલ્પાયુષી આ મનુષ્યદેહરૂપ સાંકડા સમયમાં ખરી અણીના પ્રસંગમાં સ્વાત્મહિત ભૂલી જઈ પ્રમાદવશ વિષયાસક્ત થઈ રહેવું એ અનુચિત છે. એ ઇન્દ્રિયજન્ય વિષયાદિ સુખની અભિલાષાને છોડી દે!

અગર તારી જો ઇન્દ્રિય સુખની જ અભિલાષા હોય–તેમાં જ તું મુગ્ધ બન્યો હોય તોપણ હે ભાઈ! તું જરા ધીરજ ધારણ કર! ખચીત તારી ઇચ્છાથી પણ અધિક ઇન્દ્રિયજન્ય સુખો તને સાંપડશે; એમ નીચેના કાવ્યથી કહે છે :—

**तृष्णाभोगेषु चेद्भिक्षो सहस्वाल्पं स्वरेव ते ।**
**प्रतीक्ष्य पाकं किं पीत्वा पेयं भुक्तिं विनाशयेः ।।१६१।।**

**ભોગ સ્વર્ગ મેં, જરા ઠહર રે ભિક્ષુ તુઝે ઉનકી તૃષ્ણા;**
**ભોજન તો પકને દે! પાની પી ક્યોં નષ્ટ ક્ષુધા કરતા. ૧૬૧.**

હે ભિક્ષુ! અગર વિષયભોગ સામગ્રીની જ તારી વાંચ્છા હોય તોપણ થોડો સહનશીલ-બની ધીરજ રાખ! તું જે ભોગાદિને ઇચ્છે છે તેથી વિપુલ અને ઉત્તમ દેવલોકમાં છે. ઉત્તમ અને પક્વ થતાં ભોજનને જોઈ માત્ર જળાદિ વસ્તુઓ ઠીંચી ભોજનની વાસ્તવ્ય રુચિનો કેમ નાશ કરે છે?

જેમ કોઈ મૂર્ખ ક્ષુધાતુર મનુષ્ય પરિપક્વ થતાં ભોજનને જોવા છતાં થોડી ધીરજ ન ધારતાં અર્થાત્ એટલો વખત ક્ષુધાના દુઃખોને નહિ સહેતા અતિ આતુરતામાં ને આતુરતામાં જળાદિ તુચ્છ

વસ્તુઓ ઢીંચી ભોજનની રુચિનો નાશ કરે છે, તેમ હે મૂર્ખ! તું પણ એમ જ કરી રહ્યો છે. જે ધર્મકૃતિનું ફળ સ્વર્ગાદિ અનુપમ અભ્યુદયો છે તેનો થોડો કાળ ધીરજ ધારી વૃત્તિને રોકી આચર કે જેથી થોડા વખતમાં તારી ઇચ્છિત ભોગસામગ્રી તને સ્વયં પ્રાપ્ત થશે. વર્તમાન મનુષ્ય આયુ પૂર્ણ થતાં દેવલોકને તું પ્રાપ્ત થઈશ, ત્યાં તને ઇચ્છિત અત્યંત વિષયાદિ સુખસામગ્રી મોજૂદ છે. વર્તમાન મુનિપદ ધારણ કરી ભોજનાદિ વિષયોનો આસક્ત બની વિવેકને ભૂલી જઈ સદોષ ભોજનાદિ વિષયોને સેવતાં તું માત્ર તારા ઇચ્છિત અને ઇષ્ટ સ્વર્ગાદિ જન્ય સુખોનો જ નાશ કરે છે. આવી ભૂલ કરવી એ તને યોગ્ય નથી. મુનિપદ ધારી વિષયાભિલાષી થવું જો કે કિંચિત્ પણ યોગ્ય નથી, તથાપિ ભ્રષ્ટ થતા જીવને લોભ દેખાડી સદ્ધર્મમાં સ્થિર કરવો એ યોગ્ય છે એમ સમજી આમ ઉપદેશ કર્યો છે અને તે પણ યથા અવસર યોગ્ય છે.

કર્મોદય મુનિજનોને કંઈ પણ અનિષ્ટ કરવા સમર્થ નથી; કારણ :—

**निर्धनत्वं धनं येषां मृत्युरेव हि जीवितम् ।**
**कि करोति विधिस्तेषां सतां ज्ञानैकचक्षुषाम् ।।१६२।।**
**નિર્ધનતા હી ધન હૈ ઔર મૃત્યુ હી હૈ જીવન જિનકા;**
**જ્ઞાન-ચક્ષુયુત સજ્જન કા ક્યા કર સકતે યે કર્મ ભલા. ૧૬૨.**

જેને મન નિર્ધનતા એ જ ધન છે, મૃત્યુ એ જ જીવન છે અને જ્ઞાન એ જ નેત્ર છે, એવા સત્પુરુષોને વિધિ અર્થાત્ કર્મ શું કરી શકે એમ છે? અર્થાત્ કર્મ તેવા વીર પુરુષોને માટે વ્યર્થ છે.

જે મહામુનિ સમ્યક્જ્ઞાનનેત્ર વડે યથાર્થ પદાર્થદર્શન કરી રહ્યા છે, તેમને ધનાદિ રહિત નિર્ગ્રંથપણું એ જ માત્ર ધન છે. જેમ અન્ય જગતવાસી જીવો ધનથી સુખી છે, તેમ મુનિજનો ધનરહિત નિર્ગ્રંથપણાથી સુખી છે. અન્ય સંસારપરિણામી જીવો દશ પ્રકારે પ્રાણ ધારણપણાથી સુખી છે, તેમ મુનિજનો ઇન્દ્રિયાદિ પરપ્રાણથી છૂટી શુદ્ધ ચૈતન્યરૂપ નિજપ્રાણ પ્રાપ્તિથી સુખી છે. કહો, હવે તે નિર્ગ્રંથને કર્મ શું કરી શકે એમ છે? જગતમાં લોકો મરણ અને નિર્ધનપણાને સર્વ દુઃખોની પરાકાષ્ટા સમજે છે, પણ તેથી તો તે મુનિજનને દુઃખ નથી. કહો હવે વિધિ તેને બીજું શું દુઃખ આપવા સમર્થ છે? કારણ બાહ્ય ઇષ્ટાનિષ્ટ સંયોગોને આધીન તેમની આત્મવૃત્તિ નથી. અનિષ્ટ સંયોગ પ્રાપ્ત થતાં તેઓ પોતાની શુદ્ધાત્મવૃતિના અનુસંધાનમાં ઉપયોગને પ્રેરે છે. એટલે ગમે તેવી વિધિ તેઓ પ્રત્યે નિષ્ફળ જાય છે.

તો વિધાતા પોતાનું વિધાતાપણું કોને દર્શાવે છે?

**जीविताशा धनाशा च येषां तेषां विधिर्विधिः ।**
**किं करोति विधि स्तेषां येशामाशा निराशता ।।१६३।।**

**જીવન અરુ ધન-અભિલાષી કે લિયે વિધાતા વિધિ હી હૈ;**

**જિનકી આશા નષ્ટ હુઈ ઉનકા ક્યા કર સકતા વિધિ હૈ? ૧૬૩.**

જેને જીવન અને ધનની આશા છે, તેને માટે કર્મ વિધાતારૂપ બને છે; પરંતુ જે મહાભાગ્યને આશાનો જ અભાવ વર્તે છે, તેને વિધાતા શું કરી શકે એમ છે?

અજ્ઞાની જીવો કર્મથી ડરે છે-''રખે મારું મરણ વા ધનહાનિ થાય!'' એવા ડરથી સદોદિત તેઓ ભયભીત છે. જીવન અને ધનાદિની આશાના ભયંકર પાશમાં પડેલા એવા એ અજ્ઞાની જીવોને કર્મ-વિધિ દુઃખી કરી શકે છે. કોઈપણ કાળમાં એવા જીવો એ આશારૂપ દુઃખથી છૂટી શકતા નથી. આશાનાં ઘેરાં વાદળ તેઓના શિરપર ઝઝૂમ્યા કરે છે. એક જાય અને બીજું આવે જ. પરંતુ જે મહાપુરુષ જીવિતવ્ય કે ધનાદિ પ્રત્યેની સર્વ આશા છોડી સ્વયં તેના કારણો સન્મુખ જઇ બેઠા તેને વિધાતા શું કરી શકે તેમ છે? મુનિને પર્યાય છૂટવાનો ભય જ નથી, કારણ દ્રવ્યના અખંડ અને અનંત સ્વાભાવિકપણા પ્રત્યે તેને પૂર્ણ વિશ્વાસ છે. વળી, નિર્ધનપણું એ તો કોઈ અપેક્ષાએ સાધકને નિરાકુળપણાનું એક કારણ છે, એમ સમજી સ્વાધીનપણે ધનાદિને જેણે છોડ્યાં છે તેને કર્મ ઉદય (વિધાતા) શું કરી શકે? મોહ હીન થતાં કર્મોદય થવો વા ન થવો બંને સમાન છે. શાતા અને અશાતા મોહના અસ્તિત્વમાં જીવને સુખ-દુઃખરૂપ વેદક પરિણામે પરિણમાવવા સમર્થ છે, પણ મોહ હીન થતાં કર્મ આત્માને સુખી-દુઃખી કરવારૂપ કાર્યનું કર્તા થતું નથી. વાસ્તવ્યમાં આશા જ પરમ દુઃખનું કારણ છે. એ જો સમ્યક્ પ્રકારે છૂટે તો નર્યું સુખ જ અનુભવાય.

એ જ ભાવને ગ્રંથકાર નીચેના કાવ્યથી પુષ્ટ કરે છે :-

**परां कोटि समारुढौ द्वावेव स्तुतिनिन्दयोः ।**

**यस्त्यजेत्तपसे चक्रं यस्तपाविषयाशया ।।१६४।।**

**સ્તુતિ અરુ નિન્દા દોનોં કી ચરમ કોટિ કો પ્રાપ્ત હુએ;**

**તપ કે લિયે રાજ્ય-લક્ષ્મી અરુ તપ-ત્યાગી વિષયાશા સે. ૧૬૪.**

સર્વથી ઉત્કૃષ્ટ સ્તુતિ અને નિંદાને યોગ્ય પરિસીમાને બે જ મનુષ્યો પામે છે—એક તો ચક્રવર્તીપણું છોડી આત્મકલ્યાણ સાધ્ય કરવાની ઇચ્છાથી વાસ્તવ્ય તપને અંગીકાર કરે છે તે, અને બીજો તપાદિ સંયમ દશાને વિષયોની આશાથી છોડે છે તે.

જગતમાં કેટલાક જીવો સ્તુતિ તથા નિંદા કરવાયોગ્ય છે, પણ તે બધામાં જે મહાભાગ્ય ચક્રવર્તીપણાને છોડી મુનિપદ ધારણ કરે છે તે સર્વોત્કૃષ્ટ સ્તુતિ કરવાયોગ્ય છે. કારણ જે સંપદાને જગત આખું ઇચ્છી રહ્યું છે, તેને જ અર્થે રાત્રિ-દિવસ તે જ ઇચ્છામાં અને તે મેળવવાના પ્રયત્નમાં નિરંતર ઝૂર્યા કરે છે, જાણે તે મેળવીને સુખ અને સન્માન પામીશું તેવી વિપુલ પ્રાપ્ત ચક્રવર્તીપણાની સંપદા ''જાણે પૂર્વે પોતાની કરી જ નથી'' એવા પરિણામે ''જેમ શરીરનો મળ

દૂર કરીએ તેમ'' ત્યાગ કરી જે મહાપુરુષ મુનિધર્મરૂપ દુર્ધર સમ્યક્‌તપને આચરે છે, તે મહાપુરુષનો મહિમા સર્વોત્કૃષ્ટપણે સ્તુતિ કરવાયોગ્ય છે.

વળી, જે પુરુષ ધારણ કરેલા મુનિપદને છોડીને વિષયોની વાંચ્છાથી રાજ્યપદ અંગીકાર કરે છે, વા આરંભ કરે પરિગ્રહાદિમાં ફસાય છે તે સર્વથી ઉત્કૃષ્ટ નિંદાને પાત્ર છે અને તે યોગ્ય છે. કારણ એના જેવો બીજો ક્યો મૂર્ખ હોય કે જે વાસ્તવ્ય આત્મકલ્યાણજન્ય પવિત્ર સન્માર્ગમાં પ્રવેશ કરીને પછી તેથી પરાઙ્‌મુખ થાય. જેને વિવેક નેત્ર નથી તેવો એ વિષયાદિમાં ફસાઇ દુઃખી થાય, એમાં કાંઈ મોટું આશ્ચર્ય નથી? પણ હાથમાં દીવો લઇ ખાડામાં પડે એ પરમ આશ્ચર્ય છે! જગતમાં નાની સરખી પ્રતિજ્ઞા ભંગ કરવાથી નિંદા થાય છે, તો સર્વોત્કૃષ્ટ પૂજ્ય મુનિમાર્ગને અંગીકાર કર્યા પછી તેનો ભંગ કરવામાં આવે અને તેની જગતમાં નિંદા થાય એમાં શું આશ્ચર્ય?

**પ્રશ્ન** :—નિંદા કોઇની પણ કરવી યોગ્ય નથી; કારણ એ એક આત્મશ્રેયસાધક માર્ગમાં દોષ છે.

**ઉત્તર** :—ઇર્ષા પૂર્વક દ્વેષબુદ્ધિથી બીજાને ઉતારી પાડવાના દુરાશયથી કોઇની પણ નિંદા કરવી યોગ્ય નથી, પરંતુ દોષને છોડાવવાના હેતુથી દોષને દર્શાવવા નિંદા ગણાય નહિ. શાસ્ત્રમાં પણ પાપી જીવોની નિંદા કરી તેમને પાપથી વાર્યા છે; અને તેમ થવું એ કાંઇ દોષ નથી, કારણ તેમ કરવામાં આશય દૂષિત નથી.

**त्यजतु तपसे चक्रं चक्री यतस्तपसः फलं**<br>
**सुखमनुपमं स्वोत्थं नित्यं ततो न तदद्भुतम् ।**<br>
**इदमिह महच्चित्रं यत्तद्विषं विषयात्मकं**<br>
**पुनरपि सुधीस्त्यक्तं भोक्तुं जहाति महत्तपः ।।१६५।।**

**અનુપમ આત્મોત્પન્ન શાશ્વત-સુખ ફલ તપ સે હોતા જાન,**<br>
**તપ કે લિએ ચક્ર તજતે ચક્રી ઇસમેં આશ્ચર્ય ન માન;**<br>
**કિન્તુ સુબુદ્ધિ ત્યક્ત વિષય-વિષ પુનઃ ભોગ અભિલાષા સે,**<br>
**ગુરુતમ તપ કો તજ દેતે હૈં અતિ આશ્ચર્ય હમેં ઇસસે. ૧૬૫.**

સમ્યક્ પ્રકારે સેવેલાં તપનું વાસ્તવિક ફળ અનુપમ આત્મજન્ય શાશ્વત્ અને નિરાબાધ સુખ છે. તેવા પરમોર્ત્કૃષ્ટ સુખ પ્રાપ્તિના કારણે ચક્રવર્તી મહારાજા પ્રાપ્ત ચક્રવર્તીપદ છોડી દે તો અમાં કોઇ મોટું આશ્ચર્ય નથી, પણ મહદ્ આશ્ચર્ય તો એ છે કે સુબુદ્ધિમાન પુરુષો પણ છોડેલા વિષયરૂપી વિષને ફરી ભોગવવા અર્થે સમ્યક્ તપરૂપી પરમ નિધાનને તજી દે છે.

જે સુખ ચક્રવર્તીપણામાં નથી પ્રાપ્ત થતું તે સુખ સમ્યક્ તપ આચરવાથી સહેજે આત્મામાં અનુભવાય છે. સમ્યક્ તપના ફળની જગતમાં કોઇ ઉપમા જ નથી. જે સુખ શાશ્વત, સ્વાધીન અબાધિત અને આત્માને અપ્રતિબંધક છે, તે સુખ જે તપથી પ્રાપ્ત થાય છે તે તપના સર્વોત્કૃષ્ટ માહાત્મ્યને શું વર્ણન કરીએ! એ અનુપમેય અવ્યાબાધ સુખને અર્થે એક તો નહિ પણ સેંકડો ચક્રવર્તીપણાની સંપદા એક સાથ છોડે તો પણ તે કોઇ મોટી વાત નથી; કારણ એ ચક્રવર્તીપણાની સંપદા પણ પરાધીન અને અંતે નાશવન છે. સદ્‌વિવેકવાન જીવ એ ચક્રવર્તીપણાની સંપદા પામીને તેને પણ આત્મીય અવિનાશી સુખને અર્થે છોડે તો તેમાં શું આશ્ચર્ય છે? કારણ તેને શુદ્ધ આત્મીય અનુપમેય શાશ્વત્ સુખની મહત્તા થતા દુર્લભતા સમજાઇ છે. જગતમાં પણ જોવામાં આવે છે કે ઘણાં સુખની આશામાં પોતાને પ્રાપ્ત કિંચિત્ સુખ કેટલાક જીવો રાજી થતાં-થતાં છોડે છે.

આશ્ચર્ય તો એ છે કે દુઃખના કારણરૂપ વિષય વિષને છોડીને પણ તે જ વિષ ફરી ભોગવવા ઇચ્છા કરવી. વિષતુલ્ય વિષયોને દુઃખકારક સમજીને પણ તેને છોડી સર્વોત્કૃષ્ટ જગતપૂજ્ય તપ અંગીકાર કરી ભોગની આશામાં ફરીથી તે તપને છોડી દેવું એ ઓછું આશ્ચર્યકારક નથી. અધિક સુખ પ્રાપ્તિની સંભાવનામાં થોડું સુખ છોડી દેવું એ તો બુદ્ધિમાનપણું છે, પણ થોડા અને તુચ્છ સુખને અર્થે અધિક સુખ તથા અધિક સુખના કારણોને છોડી દેવાં એ મૂર્ખતા જ છે. તપથી ઉપેક્ષિત થઇ વિષયાદિ સન્મુખ થવું એ જીવની મોટામાં મોટી ભૂલ જ છે. તેમાં પણ સમજી બૂઝીને પણ અગર કોઇ જ્ઞાની મનુષ્ય એમ કરે તો તે મહદ્ આશ્ચર્ય છે. દુઃખદાયક એ વિષયોને છોડી ફરી તેને જ સેવન કરવા અર્થે ત્રૈલોક્યપૂજ્ય મુનિપદરૂપ મહાન શિખર ઉપરથી તું વિના સંકોચે નીચે પડે છે; પણ સાંભળ :–

**शय्यातलादपि तु कोऽपि भयं प्रपातात्**
**तुङ्गात्ततः खलु विलोक्य किलात्मपीडाम् ।**
**चित्रं त्रिलोकशिखरादपि दूरतुङ्गात्**
**धीमान्स्वयं न तपसः पतनाद्बिभेति ।।१६६।।**
**ઊંચી શૈય્યા સે બાલક ગિરને સે ડરતા પીડા જાન;**
**કિન્તુ ત્રિલોક-શિખર તપ સે ગિરને કા ભય ન કરે ધીમાન. ૧૬૬.**

પોતાને પીડા થશે એમ સમજીને નાનું સરખું બાળક ઊંચી શૈયાથી નીચે પડવાના ભયથી ડરે છે, પરંતુ આશ્ચર્ય થાય છે કે બુદ્ધિમાન પુરુષ ત્રૈલોક્ય શિખર સમાન અતિશય મહાન અને ઊંચા તપથી નીચે પડતાં જરાય ડરતા નથી.

એક નાનું સરખું બાળક કે જે વિચાર રહિત છે તે પણ પોતાની નાની સરખી શૈયા પરથી નીચે પડતાં ભયવાન થાય છે. કારણ તેને એટલો તો વિચાર છે કે આ બિછાનેથી નીચે પડતાં મને

પીડા થશે. ત્રણે લોકના મનુષ્યો તપને મહાન અને ઉચ્ચ માને છે, તેથી તપ એ ત્રણે લોકના શિખર સમાન ઉચ્ચ છે. મુનિજન વિચારવાન હોવા છતાં એવા ત્રૈલોક્યપૂજ્ય સર્વોત્કૃષ્ટ ઊંચા તપરૂપ શિખરેથી ભ્રષ્ટ થતાં જરાય ડરતા નથી એ પરમ આશ્ચર્ય છે! સ્વાધીનપણે સ્વેચ્છાપૂર્વક ભ્રષ્ટ થતાં એટલો પણ વિચાર કરતા નથી કે ''આવા નિર્મળ અને ઉત્કૃષ્ટ તપથી ભ્રષ્ટ થતાં લોકમાં મારી હાંસી થશે, સનાતન નિર્ગ્રંથ સન્માર્ગની અવહેલના થશે અને મારે ચિરકાળ નરક-નિગોદાદિનાં ભયંકર દુઃખ ભોગવવાં પડશે. લોકમાં ઉચ્ચપદ પ્રાપ્ત થયા પછી કર્મોદયવશાત્ નીચા થતાં મહાન લજ્જા ઉત્પન્ન થાય છે, કેટલાક તો એવી નીચી સ્થિતિમાં જીવન ગાળી બીજાને મુખ બતાવતાં પણ લજાય છે, કવચિત્ કોઇ કોઇ આપઘાત પણ કરે છે, પણ એ નીચી સ્થિતિમાં જીવવા ઇચ્છતા નથી; તો સર્વસંગપરિત્યાગરૂપ મુનિપદ જેવું સર્વોત્કૃષ્ટ પદ પામીને પોતે જ સ્વાધીનતાપૂર્વક સ્વેચ્છાએ ઉલ્લાસિત ચિત્તે, વિના સંકોચે ભ્રષ્ટ થાય તેની નિર્લજ્જતાનું શું કહેવું! આમ ભ્રષ્ટ થતા મુનિને જોઇ કોને આશ્ચર્ય તથા ખેદ ન વર્તે? મુનિજનોની વીતરાગે પ્રયોજેલી સ્વપર કલ્યાણકારક મર્યાદાનું સ્વેચ્છાપૂર્વક ઉલ્લંઘન કરી સ્વયં મુનિ નિંદાનું સ્થાન બને છે. કારણ પરિણામધર્મ એ કવચિત્ કર્મોદય વશ છે, એટલે તેમાં તો ચળાચળપણું કવચિત્ કવચિત્ થાય; પણ બાહ્યથી વિશુદ્ધ પ્રકારે શાસ્ત્રોક્ત મુનિધર્મના સમ્યક્ સમાચરીનું સેવન એ સ્વાધીન છે. તથા તે ચળાચળ થતા પરિણામ ધર્મને સ્થિર થવાનું અમોઘ ઔષધ છે. ઔષધને છોડી સ્વેચ્છાએ પ્રવર્તી આરોગ્યતાને ઇચ્છે તે મૂર્ખશિરોમણી નહિ તો બીજું શું?

વળી, જેટલા ઊંચેથી પડાય તેટલી ચોટ લાગે છે. જેને સ્વર્ગ નિવાસી દેવોનો ઇન્દ્ર પણ નમસ્કાર કરે, અતિ-અતિ વિનીત પરિણામે જેના ચરણમાં પોતાનું શિર ઝુકાવે, તે તપસ્વીના સર્વોત્કૃષ્ટપણાનું શું વર્ણન કરવું? સંસારમાં સર્વથી ઊંચું સ્વર્ગ મનાય છે, પણ એ સ્વર્ગનો સ્વામી ઇન્દ્ર તપસ્વી જનના ચરણને પરમ પ્રેમે પૂજે છે. એથી સિદ્ધ છે કે તપસ્વીનું સ્થાન સ્વર્ગના સ્વામી ઇન્દ્રથી પણ ઊંચું છે. તો એથી અતિ નીચામાં નીચી સંસાર અવસ્થામાં તપને ભ્રષ્ટ કરી ગરી જવું એ અધિક દુઃખદાયક નથી? હે મુનિ! તું કાંઇ અજ્ઞાની નથી, તો પછી તપને છોડી એ તુચ્છ અનંત દુઃખના હેતુભૂત વિષયોની તરફ નીચા-નીચા ઝુકવામાં તને જરાયે ભય થતો નથી એ એક પરમ આશ્ચર્ય છે! સાંભળ :–

**विशुद्धति दुराचारः सर्वोऽपि तपसा ध्रुवम्**
**करोति मलिनं तच्च किल सर्वाधरोऽपरः ।।१६७।।**
**સર્વ દુરાચારોં કી શુદ્ધિ હોતી હૈ જિસ તપ દ્વારા;**
**વહ તપ મલિન કિયા જાતા હૈ અન્ય નિંદ્ય પુરુષોં દ્વારા. ૧૬૭.**

મહાન પાતક (-પાપ) પણ તપથી સંપૂર્ણ દૂર થાય છે, એવા પરમ મહિમાયુકત સમ્યક્તપને કોઇ કોઇ વિષયલુબ્ધ જીવો વિષયાનુરાગથી મલિન કરે છે.

સુખના વાસ્તવિક માર્ગના ભાન વિનાનો જીવ વિષયાદિમાં સુખ કલ્પી વારંવાર તે વિષયાદિ પ્રવૃત્તિમાં ઝંપલાય છે, પણ તેથી જરાયે ઉપરામ પામતો નથી, તે તો નીચ છે; પણ આત્મકલ્યાણની સાચી અભિલાષાવાળો જીવ સમ્યક્તપની એક વાર પ્રતિજ્ઞા કરી તપ કરતાં-કરતાં નીચ વિષય-વાસનામાં ફસાઇ જાય છે તે અતિ નીચ છે. જે જળ ઘણાં મલિન મળને પણ સાફ કરે છે, તેવા જળમાં જે અધર્મ મળ ભેળવે તે ખરેખર નીચ છે; તેમ તપ એ પાપને દૂર કરવામાં ઉત્તમ સાધન છે. ઘણા પાપી જીવો પણ એ વીતરાગ પ્રણીત સમ્યક્તપના પસાયે સર્વ પાપથી મુક્ત થયા છે. એવા તપને આદરી જે જીવ તેમાં મલિનતા લગાવે તેની નીચતાનું શું કહેવું? ગ્રંથકાર કહે છે કે પાપકર્તા તો નીચ છે જ, પરંતુ પાપ મટવાના કારણરૂપ સર્વોત્કૃષ્ટ મુનિલિંગ ધારણ કરી જે જીવ તેમાં દોષ લગાવે તે સર્વથી ઉત્કૃષ્ટ નીચ છે. ગૃહસ્થાવસ્થામાં ઉપાર્જેલાં પાપ મુનિ અવસ્થામાં દૂર થાય, પરંતુ મુનિ અવસ્થામાં ઉપાર્જેલાં પાપ ક્યાંથી અને ક્યા સાધને દૂર થાય? હે ભવ્ય! મુનિલિંગ ધારણ કરી તેમાં દોષ લગાવવો એ તને યોગ્ય નથી.

જગતમાં આશ્ચર્યતાનાં કારણો અને એવી વાતો ઘણી છે, પણ તે સર્વમાં તપને ધારણ કરી તેને છોડવાવાળા જીવો અતિ આશ્ચર્ય પમાડે છે, એમ ગ્રંથકાર કહે છે.

**सन्त्येव कौतुकशतानि जगत्सु किंतु**
**विस्मापकं तदलमेतदिह द्वयं नः ।**
**पीत्वामृतं यदि वमन्ति विसृष्टपुण्याः**
**संप्राप्य संयमनिधिं यदि च त्यजन्ति ।।१६८।।**

**है त्रिलोक में शत-शत कौतुक किन्तु हमें दो ही भासें;**
**अमृत पीकर वमें अभागे, संयम निधि पाकर त्यागें. १६८.**

જગતમાં આશ્ચર્યકારી એવી ઘણી વાતો છે અથવા થયા કરે છે, પરંતુ એ વાતોથી અમને જરાયે આશ્ચર્ય ભાસતું નથી. વાસ્તવ્યમાં એમાં કાંઇ પણ આશ્ચર્ય નથી. કારણને પામીને વસ્તુનું જે પરિણમન થવાનું છે તે થયા જ કરે છે, એમાં શું આશ્ચર્ય? પણ આ બે જ કૌતૂહલ અમને અતિ આશ્ચર્ય પમાડે છે–એક તો અતિશય દુર્લભ અમૃતને પી તેને વમી નાખનારા અને બીજા સંયમરૂપ પરમ નિધિને પામી તેને ઉલ્લસિત ચિત્તે છોડનારા. આ બન્ને પ્રકારના જીવો ખરેખર ભાગ્યહીન છે.

એક તો અમૃતની પ્રાપ્તિ જ અત્યંત દુર્લભ છે. કદાચિત્ કોઇ પુણ્યોદયવશાત્ તેની પ્રાપ્તિ થઇ તો પછી તેને પાન કરી વમી નાખનારો મનુષ્ય અત્યંત મૂર્ખ છે. લોકમાં પણ મનાય છે કે

અમૃતપાન કર્યા પછી મૃત્યુ તેની પાસે ફરકતું પણ નથી. બુઢાપો એ એક અર્ધું મરણ જ છે. મરણ પાસે ન આવે તો વૃદ્ધાવસ્થા ક્યાંથી તેને સ્પર્શે? અને તેથી અમૃતપાન કરનાર મનુષ્ય નિરંતર આનંદનિમગ્ન રહે છે. ગ્રંથકાર કહે છે કે જડ એવા અમૃતની આટલી બધી મહત્તા છે તો સર્વ દુઃખોના સમૂળ નાશ થવાના પરમ કારણરૂપ સંયમની મહત્તાનું તો કહેવું જ શું! એવા અપૂર્વ સંયમરૂપ સર્વોત્કૃષ્ટ અમૃતનું કોઇ મહાભાગ્યોદયે પાન કરી તેને વમે છે તે જીવ અત્યંત મૂર્ખ શિરોમણી જ છે. મૂર્ખ આત્માની એ અજ્ઞાનપૂર્ણ કૃતિ ઉપર અતિશય ખેદ સહિત આશ્ચર્ય થાય છે. કારણ એના જેવો જગતમાં બીજો ભાગ્યહીન કોણ છે? સર્વ આશ્ચર્યોમાં અમને તો આ એક મહદ્ આશ્ચર્ય ભાસે છે. સારાંશ એ છે કે કોઇ મહદ્ ભાગ્યોદયને પ્રાપ્ત થયેલા એવા અપૂર્વ સંયમ નિધિરૂપ સર્વોત્કૃષ્ટ અમૃતને પામીને તેને છોડવું એ ઇષ્ટ નથી.

**इह विनिहितबह्वारम्भवाहयोरुशात्रो**

**रुपचितनिजशक्तेनापरः कोप्यऽपायः ।**

**अशनशयनयानस्थानदत्तावधानः**

**कुरु तव परिरक्षामान्तरान् हन्तुकामः ।।१६९।।**

**બહુ આરમ્ભ-પરિગ્રહ આદિક બાહ્ય શત્રુ કા નાશ કિયા,**

**અતુલ આત્મબલ અર્જિત કરકે અબ ન કોઈ ભી શત્રુ રહા;**

**ભોજન શયન ગમન સ્થિતિ મેં સાવધાન હોકર રહના,**

**અંતરંગ અરિ નાશ હેતુ તુમ અપની પરિરક્ષા કરના. ૧૬૯.**

હે ભાઇ! મુનિપદ ધારણ કરતાં તું બાહ્યશત્રુઓનો તો ઉચ્છેદ કરી ચૂક્યો છે. પાપકર્મનો સંચય કરવાવાળા વિષય અને પરિગ્રહાદિનો બાહ્ય આરંભ-સમારંભ મુનિપદ ધારણ કરતાં જ છૂટી જાય છે અને એ વિષય પરિગ્રહાદિનો આરંભ એ જ બાહ્યશત્રુ છે. એ બાહ્યશત્રુના અસ્તિત્વમાં જીવના પરિણામ વિશુદ્ધ દશાને પ્રાપ્ત થતા નથી, કારણ એ એક બાહ્ય ઉપાધિ છે, તે આત્મપરિણામને પ્રાયે પોતા ભણી આકર્ષે છે અને જીવ ઘણા ભાગે ત્યાં જ મુઝાઇ પડે છે. તું એ બાહ્યશત્રુઓનો અભાવ કરી ચૂક્યો છે. આત્મઉજ્જ્વળતામાં વિઘ્નભૂત એ બાહ્યશત્રુઓ પરાભવ કર્યા પછી અંતરંગશત્રુઓ ઉપર વિજય મેળવવા તારી આત્મશક્તિને તેથી પણ અધિક વધારવી પડશે. સંયમના પ્રતિપાલનથી આત્મશક્તિ જરૂર વધે છે. તે શક્તિ પણ ઘણાં દિવસના સંયમાનુષ્ઠાનથી તને બહુધા પ્રાપ્ત છે. એટલે અંતરંગશત્રુઓનો સર્વથા નાશ કરવામાં હવે કોઇ વિઘ્ન ખાસ કરીને દેખાતું નથી કે જે વિઘ્નો ક્ષુદ્ર સંસારપરિણામી જીવોને વારંવાર આત્મ ઉજ્જ્વળતાના માર્ગે જતાં આડે આવે છે. ભોજન, શયન, ગમન, આસન અને વાણી પ્રયોગ આદિ એવી બીજી કેટલીક નાની પ્રવૃત્તિઓ હજુ તને શેષરૂપ વર્તે છે કે જે એકદમ છૂટી શકતી નથી કે

છોડી શકાતી નથી. જો કે એને પણ છોડવામાં તારે પ્રયત્નશીલ રહેવું એ યોગ્ય છે; તો પણ તે એકાએક છોડવામાં કેટલીક અનિવાર્યતા પણ છે. જ્યાં સુધી એ પ્રવૃત્તિઓ પણ નિરવશેષપણે તારાથી ન છૂટે ત્યાં સુધી તારે તેનાથી સાવધનતા પૂર્ણ રહેવું એ જ યોગ્ય છે; કારણ અંતરંગશત્રુઓનો નાશ કરવો તારું આવશ્યક ધ્યેય છે. અગર એ ભોજનાદિ પ્રવૃત્તિઓમાં તું વિમુગ્ધચિત થાય તો ધીરે ધીરે મહા પાપ ભણી તને તે ખેંચી જશે. કોઇ પણ બૂરા કાર્યની થોડી આદત પણ પરિપાક કાળમાં દુઃખ જ આપે છે. તેનું કારણ એ છે કે એક નાની સરખી આદત આગળ જતાં એટલી વધે છે કે મનુષ્યને પોતાના અંતિમ ધ્યેય સુધી કદી પણ પહોંચવા દેતી નથી. એટલા જ માટે અમે કહીએ છીએ કે એ ભોજનાદિ વિષયોમાં તું વિમોહિત ન થા! પણ એ પ્રવૃત્તિઓ કરતા તું નિરંતર સાવધાન રહે. જગતમાં પણ દેખાય છે કે કાર્યનો અર્થી કાર્યમાં આવતા પ્રત્યેક વિઘ્નોથી પોતે નિર્ધારિત કાર્યને સાવધતા પૂર્વક બચાવતો રહે છે. કારણ કોઇ પણ બાહ્ય તેમ અંતરંગ પ્રવૃતિ કરતા રાગાદિવશ થતાં મુનિત્વપણું આત્મત્વપણું મલિન થાય છે, વિસ્મરણ થાય છે.

રાજા મહારાજાઓને બાહ્ય તેમ અંતરંગ એમ બે પ્રકારના શત્રુઓ હોય છે. અન્ય રાજા કે જે પોતાના સ્થાનથી બહાર છે તે તો બાહ્યશત્રુ છે અને ખાન-પાનાદિ સાધક કિંકરાદિ કે જેઓ નિરંતર પોતાની પાસે જ રહે છે, તે અંતરંગશત્રુ છે. બાહ્યશત્રુઓનો નાશ કર્યા પછી તે રાજાને પદભ્રષ્ટ થવાનો ભય નથી, પરંતુ ખાન-પાનાદિ સાધક કિંકરોથી ખાનપાનાદિ કરતા તે રાજા સાવધ ન રહે તો કોઈ વેળા મરણને પ્રાપ્ત થાય. તેથી ખાન-પાનાદિમાં પૂર્ણ સાવધ રહી અંતરંગશત્રુઓથી જેમ પોતાની રક્ષા થાય તેમ પ્રવર્તવું એ તેને શ્રેયસ્કર છે. તેમ મુનિજનોને પણ બાહ્ય તેમ અંતરંગ બે પ્રકારના શત્રુઓ છે. હિંસા—બહુ આરંભ આદિ મુનિત્વપણાથી કેવળ વિપરીત એવા કેટલાક બાહ્યશત્રુઓ છે, તથા ખાનપાનાદિ ક્રિયાઓમાં રાગાદિ પ્રમત્ત ભાવે પ્રવૃત્તિ થવી એ અંતરંગશત્રુ છે. મુનિને હિંસા– આરંભાદિનો ત્યાગ કરતાં બાહ્યશત્રુઓથી પરાભવ થવાનું અર્થાત્ મુનિત્વપણું કેવળ નષ્ટ થવાનું કારણ રહ્યું નથી. પરંતુ જો તે ખાનપાનાદિ ક્રિયાઓમાં પ્રમાદિ થાય, અર્થાત્ સાવધાનતા પૂર્વક ન પ્રવર્તે તો અંતરંગ રાગાદિ ભાવોની વૃદ્ધિ થઈ ક્રમે કરી મુનિત્વપણાને મલિન કરે–નાશ કરે. તેથી અંતરંગ રાગાદિ શત્રુઓથી જેમ મુનિત્વ–દશાની રક્ષા થાય તેમ ખાનપાનાદિ પ્રત્યેક સૂક્ષ્મ પ્રવૃતિઓમાં સાવધાન રહેવું એ જ યોગ્ય છે કે જેથી આત્મદશા પ્રમત્તભાવને વશ થાય નહિ, મલિન થાય નહિ, પરંતુ ધીરે ધીરે ઉપયોગની નિર્મળતા થઈ વાસ્તવિક આત્મીય સત્ સુખનો અનુભવ થાય.

ગ્રંથકાર એ ભોજનાદિ પ્રવૃત્તિઓમાં પ્રમાદિ નહિ થવાનો ઉપાય દર્શાવે છે :—

**अनेकान्तात्मार्थप्रसवफलभारातिविनते**
**वचः पर्णाकीर्णे विपुललयशाखाशतयुते ।**

समुत्तुङ्गे सम्यक् प्रततमतिमूले प्रतिदिनं
श्रुतस्कन्धे धीमान् रमयतु मनोमर्कटममुम् ।।१७०।।
અનેકાન્તમય અર્થ પુષ્પ-ફ્લ કે પ્રભાર સે હુએ વિનમ્ર,
વચનરૂપ પત્તોં સે શોભિત વિસ્તૃત નય શાખા સંયુક્ત;
ઉન્નત અરુ સમ્યક્ વિસ્તૃત મતિજ્ઞાન મૂલ પર થિર શ્રુતજ્ઞાન,
મન-મર્કટ કો નિત્ય રમાઓ નિત પ્રતિદિન હે બુદ્ધિમાન. ૧૭૦.

મર્કટનો જાતિસ્વભાવ અતિશય ચંચળ હોય છે, પણ તે ફળ-ફૂલથી હરાભરા વૃક્ષ ઉપર ઝટ રમવા લાગી જાય છે. એવું કોઈ એકાદ વૃક્ષ જો તેને મળી જાય તો તે ત્યાંથી પછી ખસતાં નથી. મન એ પણ મર્કટ જેવું અતિ ચંચળ છે. ફળ, પત્ર, ડાળીઓ અને શાખા-પ્રશાખાઓથી ભર્યું વૃક્ષ જો તેને મળી જાય તો તે ત્યાં રમે છે, પછી ત્યાંથી ખસતું નથી. એમ વિચારી પૂર્વ મહાપુરુષોએ તેને રમવાયોગ્ય સુંદર વિસ્તીર્ણ વૃક્ષ શોધી કાઢ્યું. તે ક્યુ ? માત્ર એક જિનાગમ. મનને ઘણો વખત રમવા માટે આપ્ત પુરુષોની પવિત્ર વાણી એ એક સર્વથી સારામાં સારું સુંદર વૃક્ષ છે. તેના ઉપર રમતાં તેની ચંચળતાજન્ય મિથ્યા પ્રવૃત્તિ રોકાવાથી તેનો વિનોદ પણ મળે છે. એ શાસ્ત્રરૂપ વૃક્ષમાં વૃક્ષની માફક બધી વસ્તુઓ રહેલી છે. જુઓ :—

એ જિન પ્રવચનમાં અનેકાંતરૂપ જીવાદિ પદાર્થો એ એનાં સુંદર ફળ-ફૂલો છે કે જેના ભારથી એ શ્રુતસ્કંધ ખૂબ ઝૂકી રહ્યું છે. અનેક યુક્તિ–પ્રયુક્તિ પૂર્ણ સંસ્કૃત–પ્રાકૃત વચન તરંગમાળા એ જેનાં સુંદર પત્રો છે, જેથી એ શ્રુતસ્કંધ લહલહી રહ્યું છે. અનેક સાપેક્ષ સત્ય નય–નિક્ષેપ–પ્રમાણાદિ સેંકડો જેની શાખાઓ છે, જેઓ એ શ્રુતસ્કંધનું મંડન છે અર્થાત્ જેના વડે જગતના કલ્પિત અને મિથ્યા સિદ્ધાંતોનું ખંડન થઈ શ્રી સર્વજ્ઞ વીતરાગ પ્રણીત સત્ય સિદ્ધાંતનું મંડન થઈ રહ્યું છે. એ નય-નિક્ષેપાદિ એ સુંદર વૃક્ષની સેંકડો શાખાઓ છે. વળી એ વડે તત્ત્વનું નિરૂપણ થવાથી એ વૃક્ષ સર્વથી ઉન્નત્તપણાને ધારણ કરી રહ્યું છે. સત્ય અને વિશુદ્ધ મતિજ્ઞાન એ સુંદર હરિયાળા વૃક્ષની જડ છે, જે વડે એ શ્રુતસ્કંધની ઉત્પત્તિ થઈ છે. એવા સર્વ સુંદર જિન પ્રવચનરૂપ વૃક્ષ ઉપર બુદ્ધિમાન પુરુષોએ પોતાના મનરૂપી ચંચળ વૃત્તિવાળા મર્કટને સદોદિત્ત રમાડવું જોઈએ, જેથી એ મર્કટ ચંચળ વૃત્તિયુક્ત મર્કટપણું ભૂલી વાસ્તવિક માનવપણાને પ્રાપ્ત થાય છે.

વળી, એમ કરવાથી વિષયાદિ પ્રવૃતિમાં પ્રવેશ કરવાનો એને સમય જ મળતો નથી. ચિત્તવૃતિ જિન-પ્રવચન નિધિમાં રમ્યા પછી પાપ પ્રવૃત્તિઓથી આત્માને બચાવી લેવો એ કોઈ કઠણ વાત નથી અને તે યોગ્ય છે કે જે કોઈ મહાભાગ્ય શ્રી સર્વજ્ઞ વીતરાગ પ્રણીત તત્ત્વચિંત્વનમાં પોતાના અંતઃકરણને રોકે છે, તે ક્રમાનુસાર સંપૂર્ણ કલ્યાણને યથાકાળે જરૂર સિદ્ધ કરે છે. સર્વથી ઉત્કૃષ્ટ શુકલધ્યાનમાં પણ એ શ્રુતજ્ઞાનના અવલંબન વડે મહાપુરુષોને કેવળજ્ઞાન સમુત્પન્ન થાય

છે. સાધુઓની એવી કોઈ પ્રવૃત્તિ નથી કે જેમાં તત્ત્વચિંત્વન કે શ્રુતચિંત્વન સર્વથા છૂટી જાય. જે સાધુ અભીક્ષણ જ્ઞાનોપયોગને એક ક્ષણ માત્ર પણ છોડી પ્રમાદી થાય છે તે તત્કાલ સાધુત્વપણાથી પતિત થાય છે. એટલા જ માટે શ્રી જિને સાધુઓને શાસ્ત્રાભ્યાસમાં નિરંતર પ્રવર્તવાનું ઉપદેશ્યું છે.

શ્રુતજ્ઞાનમાં ઉપયોગને લગાવી શું ચિંત્વન કરે?

**तदेव तदतद्रूपं प्राप्नुवन्न विरंस्यति ।**
**इति विश्वमनाधन्तं चिन्तयेद्विश्ववित् सदा ।।१७१।।**
**તદ્રૂપ ધર્મ અરુ અતદ્રૂપપન સહિત વસ્તુ નહિં હોતી નાશ;**
**વિશ્વ અનાદિ-અનંત વિશ્વવિદ્ કરતે ઐસા નિત વિશ્વાસ. ૧૭૧.**

જગતના સર્વ પદાર્થો કોઈ એક ઇષ્ટ સ્વરૂપની મુખ્યતાથી તે તે મુખ્ય સ્વરૂપને ધારણ કરી રહ્યા છે, તોપણ તે કેવળ એવા જ છે એમ નથી, અન્ય સ્વરૂપોની અપેક્ષાએ અન્ય પ્રકારના પણ છે. જેમ કોઈ પદાર્થ તેની વિશેષ અવસ્થાની તરફ લક્ષ આપતાં પ્રતિક્ષણ નાશવાન સ્વભાવવાળો દેખાય છે, પરંતુ તે જ પદાર્થ તેના સામાન્ય ધર્મે જોતાં સદા અવિનશ્વર જણાય છે. તેથી સ્પષ્ટ સિદ્ધ છે કે જગતના સર્વ પદાર્થો સામાન્યતયા તત્-અતત્ સ્વરૂપી છે અને એથી જ જગતના સર્વ પદાર્થો અનાદિ અનંતપણાથી પ્રવર્તી રહ્યા છે, પરંતુ કેવળ વિનાશયુક્ત એક પણ પદાર્થ નથી. એમ વિશ્વના સમસ્ત પદાર્થોને જ્ઞાની પુરુષ સાપેક્ષપણે નિરંતર ચિંત્વન કરે છે. એમ વસ્તુસ્વરૂપને ચિંત્વન કરતાં-કરતાં વસ્તુનું યથાર્થ સ્વરૂપ ઉપલબ્ધ થઈ સર્વ ભ્રમ ટળી શુદ્ધ સમ્યક્દર્શન ગુણની નિષ્પત્તિ થાય છે. જે વડે આત્મા અંતે વાસ્તવ્ય સુખને પ્રાપ્ત થાય છે.

એક જ પદાર્થ એક જ સમયે તત્-અતત્ સ્વરૂપ કેમ ઘટે? શ્રી આચાર્ય તેનું સમાધાન કરે છે :—

**एकमेकक्षणे सिद्धं ध्रौव्योत्पत्तिव्ययात्मकम् ।**
**अबाधितान्यतत्प्रत्ययान्यथानुपपत्तितः ।।१७२।।**
**એક વસ્તુ હૈં એક કાલ મેં ધ્રૌવ્યોત્પાદ-વિનાશ સ્વરૂપ;**
**હૈ પ્રમાણ સે સિદ્ધ, અન્યથા સિદ્ધ ન હોતા વસ્તુ સ્વરૂપ. ૧૭૨.**

એક જ વસ્તુ એક સમયમાં ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્ય સ્વરૂપસાધ્ય થઈ શકે તેમ છે. કારણ અગર એમ ન હોય તો એક જ વસ્તુમાં પ્રત્યક્ષાદિ પ્રમાણોથી અખંડિત એવી બે વિરુદ્ધ પ્રતીતિઓ કે ''આ અન્ય છે અને આ તે જ છે.'' એમ ક્યાંથી ભાસે?

એકાદ વસ્તુ તમે લ્યો, તે પરસ્પર પૂર્વ-ઉત્તર કાળવર્તી પરિસ્થિતિના ફેરફારથી એક બીજા સમયથી ભેદ યુક્ત ભાસશે. વળી તે જ પદાર્થ સામાન્ય દૃષ્ટિએ જોતાં એક સરખો અને અભેદ ભાસશે. તેથી માનવું પડશે કે પદાર્થની પરસ્પર સમયવર્તી જુદાઈ વડે પદાર્થ પ્રત્યેક સમયે ઉત્પાદ-વ્યયાત્મક છે અર્થાત્ પૂર્વ પર્યાયનો નાશ અને ઉત્તર પર્યાયની ઉત્પત્તિ પદાર્થમાં પ્રત્યેક ક્ષણે વર્ત્યા કરે છે.

વળી કોઈ પણ પદાર્થના પૂર્વોત્તર પર્યાયો ઉપર વિશેષ લક્ષ દેવામાં ન આવે તો તે પદાર્થ સામાન્ય ધર્મે એક સરખો જ પ્રતિભાસશે. જ્યારે પૂર્વ-ઉત્તર સમયોવર્તી પદાર્થની પરિસ્થિતિની ભિન્નતા લક્ષગત થતી નથી ત્યારે પ્રત્યેક પદાર્થ ધ્રુવત્વ ધર્મયુક્ત જણાશે. એ જ પદાર્થ સામાન્ય સ્થૂળ અનુમાન પ્રમાણથી પ્રત્યેક સમયે એ ત્રણે ગુણસ્વભાવરૂપ સ્વયંસિદ્ધ છે.

અન્ય દૃષ્ટિ નિરપેક્ષપણે કોઈ એકાંત દૃષ્ટિએ એમ વસ્તુ વિવિક્ષા કરવામાં આવે કે ''વસ્તુ આ જ રૂપે છે, અથવા વસ્તુ આ રૂપ નથી.'' તો તે એકાંત કથન એ ખરેખર બુદ્ધિનો વિભ્રમ છે. પરંતુ જુદી જુદી અપેક્ષાએ એમ કહેવામાં આવે તો તેમાં વિરોધ નથી. વસ્તુસ્વરૂપ અનંત ધર્મયુક્ત છે. તેની વિવિક્ષા અન્ય દૃષ્ટિ સાપેક્ષપણે સત્ય છે. જેમ કોઈ પુરુષને કોઈ એક જ વ્યક્તિનો પિતા તથા પુત્ર કહીએ તો તે કથન મિથ્યા છે, પરંતુ ''ફલાણાનો આ પિતા છે. અને ફલાણાનો પુત્ર છે'' એમ અન્યના સાપેક્ષપણે કહીએ તો તે સત્ય છે. એમ ઉભયનયસાપેક્ષ કથન સમ્યક્ તથા નિરપેક્ષ કથન મિથ્યા છે.

વળી, એક જ પુરુષ પ્રથમ રંક હતો અને હવે તે જ પુરુષ રાજા થયો, ત્યાં અવસ્થા પલટાવારૂપ અપેક્ષાથી તે એક જ પુરુષમાં રંક અને રાજાપણું વિવક્ષિત થાય છે, પરંતુ મનુષ્યપણાની અપેક્ષાએ જોતાં પ્રથમ પણ મનુષ્ય હતો, વર્તમાનમાં પણ મનુષ્ય છે. એમ વસ્તુમાં એકપણું-અનેકપણું સ્પષ્ટ ભાસે છે. અને એમ સાપેક્ષ પ્રતિભાસન તે ભ્રાંતિ નહિ પણ સમ્યક્ છે.

એમ સાપેક્ષિત પ્રતિભાસન પ્રત્યક્ષાદિક પ્રમાણોથી પણ ખંડિત થઈ શકતું નથી. કારણ વસ્તુસ્વરૂપ જ એવું છે. જે સમયે તે પુરુષ રંક મટી રાજા થયો, તે જ સમયે તે જ પુરુષમાં રંક પર્યાયનો વ્યય અને રાજારૂપ પર્યાયનો ઉત્પાદ સુપ્રતીતપણે સિદ્ધ છે અને મનુષ્યત્વપણું બંનેમાં સ્થિત છે. તેથી, વસ્તુસ્વરૂપ એક જ સમયે ઉત્પાદ–વ્યય–ધ્રૌવ્યાત્મક છે. વસ્તુસ્વરૂપની પૂર્વ મહાપુરુષ નિર્દેશિત આ સમીક્ષા સર્વ પ્રકારે સુસંગત અને અવિરોધરૂપ છે. જેમ કોઈ જીવ મનુષ્ય મટી દેવ થયો, ત્યાં મનુષ્યપણું દેવપણાની અપેક્ષાથી અન્ય છે; પરંતુ જીવત્વધર્મની અપેક્ષાએ જોતાં ''આ તે જ છે'' એમ સ્પષ્ટ પ્રતીતિ થાય છે. એટલે મનુષ્ય મટી દેવ થવાના સમયે જ દેવપણાનો ઉત્પાદ, મનુષ્યપણાનો વ્યય અને ઉભયમાં જીવત્વધર્મની સંભાવના એક જ જીવમાં

એક જ સમયે થાય છે. સ્થૂળ અને સૂક્ષ્મ પર્યાયો વડે સર્વ જીવાદિ વસ્તુ એક જ સમયમાં ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્યપણાને ધારણ કરી સ્વસ્વરૂપે શોભી રહી છે. યથા :—(उत्पादव्यययुक्तं सत् શ્રી તત્ત્વાર્થસૂત્ર. અ. ૫.) એમ એક જ વસ્તુ એક સમયમાં સ્યાદ્ નિત્યાનિત્યાત્મકપણે સહેજે સિદ્ધ થઈ શકે એમ છે.

વળી, બીજું ઉદાહરણ, માટીમાંથી ઘડો ઉત્પન્ન થાય છે તથા ઘડો ફૂટી ગયા પછી તેના કટકા થાય છે. ઘડાના અસ્તિત્વમાં કોઈ એક મનુષ્યને માટીની જરૂર હતી તે ઘડાને જોવા છતાં પણ આ માટી નથી એમ કહે છે. જેને ઘડાની જરૂર છે તે ઘડાને ઘડાપણે પ્રતીત કરે છે, જેને માત્ર મૂલ્ય તરફ દૃષ્ટિ છે તે ઘડો અથવા ફૂટી માટી બંનેને તુલ્ય સમજી બંનેને માટીપણે જ પ્રતીત કરે છે, આગળ-પાછળની અવસ્થાઓ તરફ તે ધ્યાન દેતો નથી. એ ત્રણે ભાવ એક જ ઘડાને દેખતાં ઉત્પન્ન થાય છે.[૧] અગર એ ત્રણે ભાવ એક જ વસ્તુમાં ન હોય તો એક જ પદાર્થને જોતાં ઉક્ત ત્રણ પ્રકારના વિચારો કદી ઉત્પન્ન જ થાય નહિ. તેથી તે વિચાર સમીક્ષાના કારણરૂપ જે તત્-અતત્ તથા ઉત્પાદ–વ્યય–ધ્રૌવ્યાદિ ભાવો છે તે પ્રત્યેક પદાર્થોમાં અનિવાર્યપણે પણ માનવા જ પડશે.

સ્વદ્રવ્ય, સ્વક્ષેત્ર, સ્વકાળ અને સ્વભાવ અપેક્ષાએ વસ્તુ અસ્તિરૂપ છે અને તે જ વસ્તુ પરદ્રવ્ય, પરક્ષેત્ર, પરકાળ તથા પરભાવ અપેક્ષાએ નાસ્તિરૂપ છે. જેમ ''આ તે જ પુરુષ છે પણ આ ફલાણો નથી.''—એમ એક જ પુરુષમાં વિવક્ષિત–અવિવક્ષિત ઉભયસાપેક્ષપણે તે સ્યાદ્ અસ્તિ–નાસ્તિરૂપ ધર્મ પ્રવર્તે છે. એ દ્રવ્ય અપેક્ષાએ અસ્તિ-નાસ્તિપણું કહ્યું. 'તે પુરુષ આ ક્ષેત્રમાં છે, પણ તે ક્ષેત્રમાં નથી,' એ ક્ષેત્ર અપેક્ષાએ અસ્તિ–નાસ્તિપણું કહ્યું. ''આ પુરુષ આ કાળમાં છે પણ તે કાળમાં નથી'' એ કાળ અપેક્ષા અસ્તિ–નાસ્તિપણું કહ્યું, ''આ પુરુષ આવા ગુણ લક્ષણવાળો છે પણ તેવા ગુણ લક્ષણવાળો નથી'' એ ભાવ અપેક્ષા અસ્તિ–નાસ્તિપણું કહ્યું. એમ એક જ વસ્તુ એક સમયમાં સ્યાદ્ અસ્તિ–નાસ્તિ છે.

ભાવાર્થ :–સુવર્ણ કળશ, તેના ટુકડા તથા માત્ર સુવર્ણ—એમ ત્રણ વસ્તુઓની કોઈ ત્રણ પુરુષોને જરૂર હતી. તે ત્રણે પુરુષો કોઈ શ્રીમંત શેઠને ત્યાં તે અર્થે ગયા. પરંતુ જેવા તે ત્રણે તે શેઠને ત્યાં પહોંચ્યા કે તુરત જ તે શેઠે કોઈ ઊંચા સ્થાન પર મુકેલો સુવર્ણ કળશ પડીને ફૂટી ગયો, તેની સાથે તત્કાલ તે ત્રણે જણાના ત્રણ પ્રકારના ભાવ થઈ ગયા. કળશની જેને જરૂર હતી તે શોકમાં પડી ગયો, સુવર્ણના કકડાની જેને જરૂર હતી તે ખુશી થયો તથા માત્ર સામાન્ય સુવર્ણની જરૂર હતી તે મધ્યસ્થ રહ્યો. બસ, એ જ રીતે ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્ય એ ત્રણે વસ્તુમાં વર્તે છે.

૧. घटमौलिसुवर्णार्थि नाशोत्पादस्तितिष्व्यम् ।
शोक प्रमोद माध्यस्थं जनो याति सहेतुकम् ।। (अष्टसहस्त्री)

અંશનો સમુદાય તે અંશી. અંશીની અપેક્ષા વસ્તુ સ્યાત્ એકરૂપ છે અને અંશોની અપેક્ષા સ્યાત્ અનેકરૂપ છે. જેમ એક જ પુરુષને સર્વાંગ સાપેક્ષપણે એક કહેવામાં આવે છે, તેમ તેના હસ્ત, પાદ આદિ અંગોની અપેક્ષાથી અનેક પણ કહેવામાં આવે છે. ''અનંત ધર્માત્મક શુદ્ધ ચૈતન્યઘન આત્મા એમ કહેતાં અનંત ધર્મોરૂપ અંશોના સમુદાયરૂપ અંશી એકપણે અનુભૂતિરૂપ થાય છે; જ્યારે જ્ઞાન, દર્શન, ચારિત્ર, વીર્ય, સુખ, સત્તા આદિ ભિન્ન-ભિન્ન ધર્મો, ભિન્ન-ભિન્ન પ્રકારે અનેકરૂપ તે એક જ આત્મામાં સુપ્રતીત ગોચર થાય છે. તેથી વસ્તુ યુગપત્ સ્યાત્ એક–અનેક રૂપ છે. એમ અનેક ભંગ તરંગરૂપ વસ્તુસ્વરૂપ ભિન્ન-ભિન્ન અપેક્ષાએ ભિન્ન-ભિન્ન સ્વરૂપ પ્રતિભાસે છે, પરંતુ વસ્તુ તો જે છે તે જ છે. (કોઈ કહે કુછ હૈ નહિ, કોઈ કહે કુછ હૈ; હૈ ઔર નહિ કે બીચમેં, જો કુછ હૈ સો હૈ.) સમ્યગ્જ્ઞાની આત્મા શ્રી નિર્ગ્રન્થ પ્રવચન દ્વારા તથા કોઈ નિરાગી બહુશ્રુતિ મહાપુરુષના તથારૂપ સમાગમ યોગે યથાર્થ વિચાર કરી વાસ્તવિક વસ્તુસ્વરૂપ અવધારણ કરે છે. વળી :—

**न स्थास्नु न क्षणविनाशि न बोधमात्रं**
**नाभावमप्रतिहतप्रतिप्रभासरोधात् ।**
**तत्त्वं प्रतिक्षणभवत्तदत्स्वरुप–**
**माद्यंतहीनमखिलं च तथा यथैकम् ।।१७३।।**

**નહીં સર્વથા નિત્ય સર્વથા ક્ષણિક નહીં વસ્તુ કા રૂપ,**
**માત્ર જ્ઞાનમય, નહિં અભાવમય, નિર્બાધિત ભાસિત ન સ્વરૂપ;**
**પ્રતિક્ષણ જાનો તત્ત્વ તત્-અતત્ વસ્તુ કા અવિરુદ્ધ સ્વરૂપ,**
**જૈસા એક પદાર્થ અનાદિ-નિધન હૈ વૈસા સબકા રૂપ. ૧૭૩.**

વસ્તુસ્વરૂપ કેવળ નિત્ય પણ નથી તેમ કેવળ ક્ષણિક પણ નથી, કેવળ વિજ્ઞાન માત્ર પણ નથી તેમ શૂન્ય પણ નથી. તો કેવું છે? પ્રતિક્ષણે તત-અતત્ સ્વરૂપને ઉભય સાપેક્ષપણે ધારણ કરવાવાળું સત્‌રૂપ છે. કોઈ પણ તત્ત્વરૂપ પદાર્થની ઉત્પત્તિ વા નાશનો કોઈ નિશ્ચિત સમય જ નથી. જગતમાં જે કોઈ તત્ત્વરૂપ પદાર્થ જણાય છે તે અનાદિ-અનંતપણે સદોદિત પ્રવર્તી રહ્યા છે. તેથી તે આદિ–અંતથી રહિત છે. જેવું એક પદાર્થનું સ્વરૂપ છે, તેવું સર્વ પદાર્થનું સ્વરૂપ સમજવાયોગ્ય છે. અર્થાત્ કોઈ પણ એક સત્‌રૂપ પદાર્થના વાસ્તવિક સ્વરૂપને યથાવત્ જાણતાં વિશ્વના સમસ્ત સત્‌રૂપ તત્ત્વોનું સમ્યક્ ભાન થાય છે.

સાંખ્યપક્ષ તત્ત્વસ્વરૂપને સર્વથા નિત્ય માને છે. ૧. બૌદ્ધદર્શન તત્ત્વસ્વરૂપને કેવળ ક્ષણવિનશ્વર માને છે. ૨. જ્ઞાનાદ્વૈતવાદી વેદાંતપક્ષ વસ્તુ વિજ્ઞાન માત્ર માને છે, અર્થાત્ બાહ્ય વસ્તુઓનું અસ્તિત્વ તેઓ માનતા જ નથી. તેઓ કહે છે કે જે કંઈ જગતમાં દેખાય છે તે બધું

માત્ર મનની કલ્પનામાત્ર વિજ્ઞાન છે. વાસ્તવ્યમાં વિજ્ઞાન સિવાય બાહ્ય કોઈ વસ્તુ જ નથી. તેના પ્રમાણમાં તેઓ કહે છે કે જ્યારે કોઈ એક વસ્તુ તરફ કોઈ જીવનો ઉપયોગ પ્રવર્તતો નથી, ત્યારે તે વસ્તુની તેને કલ્પના સરખી પણ આવતી નથી, તેથી તે સમયે તે વસ્તુના અસ્તિત્વ માટે કોઈ પ્રમાણ જ નથી. ૩. ચોથો પક્ષ એવો છે કે જે બાહ્ય-અભ્યંતર કોઈ વસ્તુના અસ્તિત્વનો સ્વીકાર જ કરતો નથી. તે કહે છે કે વસ્તુસ્વરૂપ પરસ્પર ન તો ભિન્ન છે, ન અભિન્ન છે. વસ્તુસ્વરૂપ તમે ગમે તેવું નિર્ણિત કરશો, પણ સર્વ નિર્ણય દોષયુક્ત જ સમજાય છે. એક પણ નિર્ણિત વસ્તુસ્વરૂપ અમને તો નિર્દોષ ભાસતું નથી; અને તેથી સત્ વસ્તુ નામનો કોઈ જગતમાં પદાર્થ જ નથી. એ ચોથો અભાવવાદી પક્ષ છે.

ઉપરોક્ત ચારે પક્ષમાંથી એક પણ પક્ષકારનું કહેવું સમ્યક્ નથી. કારણ તેમણે નિર્ણીત કરેલો વસ્તુસ્વરૂપસંબંધી નિશ્ચય પ્રમાણભૂત કે અનુભવસિદ્ધ ઉચિત જણાતો નથી. પ્રત્યક્ષ સમજાય તેવી વાત છે કે વસ્તુસ્વરૂપ સર્વથા એકરૂપ જણાતું નથી; ક્ષણે-ક્ષણે અનેક પરિણામપણાને પામતું તે અસ્ખલિત વહ્યે જાય છે. ત્યાં તેને સર્વથા નિત્ય કહેવું એ માત્ર બુદ્ધિનો વિભ્રમ નહિ તો બીજું શું?

વસ્તુસ્વરૂપમાં ચંચળતા વા પરિણમન બાહ્ય ગમે તેવું અને ગમે તેટલું થાય, પરંતુ તેના વાસ્તવિક સ્વરૂપની ધારા કદી તૂટતી જ નથી. પરિવર્તન તેમાં ગમે તેટલું થાય, પણ તેનું વસ્તુત્વપણું કોઈને કોઈ રૂપે તેમાં અખંડ બન્યું રહે છે. જેમ અંકુરની ઉત્પતિ નિરાધારપણે નહિ થતાં તેના બીજમાંથી જ થાય છે; અગર વસ્તુમાત્ર કેવળ ક્ષણવિનાશિક હોય તો અર્થાત્ નવી-નવી ઉત્પન્ન થાય–પ્રથમની કેવળ નાશ પામી જાય એમ હોય તો બીજ વિના પણ અંકુરની ઉત્પતિ થવી જ જોઈએ; પણ એમ તો થતું નથી. તેથી, નિશ્ચિત છે કે વસ્તુ કેવળ નાશવાન નથી. વસ્તુને કેવળ નાશવાન માનતાં સર્વ ધર્મ કર્મ આદિ સદ્અનુષ્ઠાન પણ વ્યર્થ છે. વસ્તુને કેવળ ક્ષણિક માનવી એ માત્ર બુદ્ધિનો વિપર્યાસ જ છે.

બાહ્ય પદાર્થોનો સદ્ભાવ મનાવનાર અનેક યુક્તિ અને પોતાનો અનુભવ જ અનુકૂળ પ્રમાણરૂપ છે. જ્ઞાનમાત્ર જ વાસ્તવિક વસ્તુતત્ત્વ જો હોત તો તેમાં અનેક પ્રકારનાં રૂપાંતરો જે અનુભવગમ્ય થતાં સ્પષ્ટ દેખાય છે, તે રૂપાંતરો થાત જ નહિ. જેમ કારણ વિના કાર્યનું ઉદ્ભવવું અસંભવિત છે, તેમ કારણોમાં ભેદ ન વર્તતો હોય તો કાર્યની ચિત્ર-વિચિત્ર ભેદ દશા હોત જ નહિ. વેદાંત એક જગાએ એમ પણ કહે છે કે ''नाभाव उपलब्धेः'' અર્થાત્ વસ્તુનો સર્વથા અભાવ માનવો એ ઉચિત નથી, કારણ બાહ્ય વસ્તુઓ સ્પષ્ટ જોવામાં આવે છે. જેમ વસ્તુઓનો સદ્ભાવ બાહ્યથી જોતાં તેનો અભાવ માનવો યોગ્ય નથી, તેમ વસ્તુ જેવી અને જ્યાં દેખાય છે તેવી અને ત્યાં જ તેને માનવી એ જ સર્વથા ઉચિત છે. અર્થાત્ બાહ્ય રહેલી વસ્તુઓને પણ યુક્તિ અને

અનુભવથી માનવી જ પડે છે. તેથી જ્ઞાન સિવાય બાહ્ય પદાર્થો પણ જગતમાં છે, એ નિર્ણય નિશ્ચિત છે અને તે ન્યાયસંગત છે.

જ્યારે બાહ્ય વસ્તુઓને માનવી ન્યાયસંગત ઠરે છે, ત્યારે વસ્તુમાત્રનો સર્વથા અભાવ કહેવો એ કેવળ અસત્ય અને ઉન્માદપૂર્ણ કથન સહેજે લાગે છે. અગર કદાચિત્ વસ્તુમાત્રનો અભાવ હોય તો વસ્તુને અભાવરૂપ કહેવાવાળાનો પણ અભાવ ઠરે. અભાવતત્ત્વને સિદ્ધ કરે એ તો ''મારા મોંઢામાં જીભ નથી'' જેવું વદતા વ્યાઘાતરૂપ અલીક વચન કહેવાય. અભાવ વડે અભાવને સ્થાપિત કરવું એ કેવળ અસંભવિત છે.

ઉપરોક્ત વસ્તુસ્વરૂપ પ્રતિપાદન કરનારા ચારે એકાંત પક્ષો સદોષ છે અને તેમનું સ્થાપિત કરેલું વસ્તુસ્વરૂપ પણ સદોષ છે. તો વાસ્તવિક વસ્તુસ્વરૂપ કેવું છે? એ પ્રશ્નનો ઉત્તર ગ્રંથકારે શ્લોકના પાછળના અર્ધા ચરણમાં જ આપ્યો છે. તત્ત્વસ્વરૂપ પ્રતિક્ષણ પરિણામી તથા સદા સ્થિર પણ છે અથવા નિત્યાનિત્ય, એકાનેક, ભિન્નાભિન્ન, સત્-અસત્રૂપ અનેક પ્રકારે છે. સંસારના સર્વ પદાર્થોનું સ્વરૂપ એ જ પ્રકારે છે. વળી તે સ્વરૂપ નિરંતર બન્યું રહેલું એવું ધ્રૌવ્ય છે. ટૂંકામાં સમ્યક્જ્ઞાને કરીને જ પદાર્થ જેવો દૃષ્ટિગત થાય વા જેવો કહેવામાં આવે, તે પદાર્થ તેવો વા તેવા પ્રકારનો માનવો એ જ યોગ્ય છે. વસ્તુસ્વરૂપ ઉપરોક્ત પ્રકારે નિત્યાનિત્ય, ભિન્નાભિન્ન, ભેદાભેદ આદિ ભિન્ન-ભિન્ન પ્રકારે જોવામાં તથા સામાન્ય-વિશેષ અપેક્ષા વિવક્ષિત કરવામાં આવે છે. તેથી તેને તે-રૂપે માનવું એ જ દૃષ્ટિ સમ્યક્ છે.

હવે, શિષ્ય શ્રી ગુરુને પ્રાર્થના કરે છે કે હે પ્રભુ! આત્માનો વાસ્તવિક પરિચય કેમ થાય?

**ज्ञानस्वभावः स्यादात्मा स्वभावावाप्तिरच्युतिः ।**

**तस्मादच्युतिमाकांक्षन् भावयेज्ज्ञानभावनाम् ।।१७४।।**

**જ્ઞાન સ્વભાવી હૈ આતમ અરુ કહા સ્વભાવ વિનાશ વિહીન;**

**જ્ઞાન ભાવના ભાઓ યદિ હો અભિલાષા શાશ્વત પદ કી. ૧૭૪.**

ઉત્પત્તિ, સ્થિતિ અને વ્યય એ પદાર્થોનું સામાન્ય લક્ષણ છે. સર્વ પદાર્થ અંતર્ગત જીવ પણ એક દ્રવ્ય વા તત્ત્વ છે. તેનો પણ સામાન્ય સ્વભાવ તો એ જ છે. વળી દયા, દાન, ત્યાગ, તપ એ સર્વ કલ્યાણાર્થી જીવો સાધી રહ્યા છે. એ પણ એક સામાન્ય પ્રવૃત્તિ છે. પણ એ સર્વથી કોઈ નિરાળી ઓળખ જીવતત્ત્વની જો જીવને થાય તો તે વાસ્તવિક સત્ય માર્ગે એકનિષ્ઠપણે સમ્યક્ પ્રકારે પ્રવર્તી શકે.

જ્ઞાન એ જીવનો અસાધારણ સ્વભાવ છે તથા તે નિજ સ્વભાવ વિનાશરહિત છે. વિવેકી આત્મા એ અવિનાશી દશાને ઇચ્છતાં નિરંતર તે જ્ઞાનભાવના આરાધે તો ક્રમે કરી કેવળ જ્ઞાનમય બની જાય. આત્માના અસ્તિત્વને લક્ષણવેદકપણે સૂચવનારો-જીવની વાસ્તવિક અનુભૂતિ

કરાવનારો એ જ્ઞાનસ્વભાવ છે. તેને, હે પ્રિય ભવ્યો! તમે નિરંતર આરાધો. એથી જ સર્વ પરદ્રવ્યોથી ભિન્ન આત્માના અસ્તિત્વનો નિશ્ચય થાય છે.

વસ્તુના અસ્તિત્વ ગુણને લઈને તેના મૂળ સ્વભાવનો અભાવ થતો નથી. કારણ લક્ષનો જો નાશ થાય તો લક્ષણનું અસ્તિત્વ ક્યાંથી રહે? વળી કોઈ પુરુષ પોતાના ધનનો માલિક થઈ પ્રવર્તે તો તેની હરહંમેશ એક જ પ્રકારની દશા પ્રવર્તે, પરંતુ પરધનનો ધણી થઈ પ્રવર્તે તો તેની સદાય એક જ પ્રકારની દશા ન રહે; તેમ આત્માનો વાસ્તવિક મૂળ સ્વભાવ જ્ઞાન છે. જીવ પોતે પોતાના જ્ઞાનગુણનો સ્વામી થઈ પ્રવર્તે તો પછી બાહ્ય પદાર્થો ગમે તેમ પરિણમે પણ ''હું તો માત્ર તેનો ગમે તે સ્થિતિ અને સંજોગોમાં જ્ઞાતા-દ્રષ્ટા છું'' એવી સમ્યક્ પ્રકારે ભાવના રાખે તો તેની અવિનાશી દશા રહે છે. જ્ઞાતાદ્રષ્ટાપણું એ જીવનો નિજભાવ છે. અવિનાશી એવા નિજ ભાવના પરિચયથી જીવ અવિનાશીપણાને પ્રાપ્ત હોય છે, તેમ વિનાશી એવા પર પદાર્થોના પરિચયથી જીવ વિનાશી દશાને અનુભવે છે. નિજ શુદ્ધ સ્વાભાવિક જ્ઞાતાદ્રષ્ટારૂપ અવિનાશી ભાવનો પરિચય થયે તેની દશા બીજા અન્ય પ્રકારે શી રીતે પલટાય?

જે જીવ પર દ્રવ્યનો સ્વામી થઈ પ્રવર્તે, શરીર, ધન, સ્ત્રી, પુત્રાદિ સર્વ પોતપોતાના સ્વભાવરૂપ પરિણમે અને આ જીવ તેને પોતાના જાણે. અરે! 'એ જ સર્વ હું છું' એમ પ્રતીત કરે તો તેની જ્ઞાનદશા નિરંતર અવિનાશીપણે ક્યાંથી રહે? પોતે એ શરીરાદિ સર્વ અન્ય પદાર્થોનો સ્વામી છે એમ પ્રતીતિ હોવાથી તે પર પદાર્થો પલટાતા પોતાની અવસ્થા પણ પલટાય છે. ચળ પદાર્થોની પ્રતીતિ ઉપયોગને નિરંતર ચળરૂપ કરે છે, એકરૂપ રહેવા દેતી નથી. અચળ પદાર્થોની સમ્યક્પ્રતીતિ ઉપયોગને અચળ કરી વાસ્તવિક શાંતતાનો અનુભવ પમાડે છે. પ્રતીતિ અન્યથા હોવાથી જ્ઞાનદશા પણ નિરંતર ચિત્ર-વિચિત્ર પ્રકારે ભમ્યા કરે છે અર્થાત્ સ્વ-ઉપયોગને અશાંતિ અને દુઃખનો જ અનુભવ કરાવે છે. પ્રતીતિ તેવું જ્ઞાન અને જ્ઞાન તેવું ચરણ (પ્રવૃત્તિ). એ પ્રતીતિને સમ્યક્ થવાનો ઉપાય પણ જ્ઞાન-આરાધનાનું સમ્યક્ પ્રકારે આરાધન છે. અવિનાશી પરમ નિઃશ્રેયસ પદના અભિલાષી જીવોને યોગ્ય છે કે તેઓ સતત જ્ઞાન-આરાધનાને રૂડા પ્રકારે આરાધે; કારણ જ્ઞાન એ જ જીવનો વાસ્તવિક મૂળ સ્વભાવ છે. કોઈ પણ વસ્તુની ચિરકાળ આરાધના કરવાથી એક દિવસ અવશ્ય તેની પ્રાપ્તિ થાય છે.

જ્ઞાન-આરાધનાના ફળને ગ્રંથકાર વર્ણન કરે છે :—

**ज्ञानमेव फलं ज्ञाने ननु श्लाघ्यमनश्वरम् ।**
**अहो मोहस्य माहात्म्यमन्यदप्यत्र मृग्यते ।।१७५।।**

**જ્ઞાન-ભાવના કા ફલ આદરણીય તથા અવિનાશી જ્ઞાન;**
**કિન્તુ અન્ય ફલ કી વાંછા કો અહો મોહ કી મહિમા જાન. ૧૭૫.**

નિશ્ચયથી જ્ઞાન એ જ જ્ઞાનનું ફળ છે અર્થાત્ મતિશ્રુતજ્ઞાનની ઉત્તરોત્તર થતી નિર્મળતાથી કેવળજ્ઞાન સમુત્પન્ન થાય છે કે જે સર્વથા આદરણીય–ઉપાસનીય છે. એ જ એક અવિનાશી સત્પદ છે. પરંતુ અહો! મોહનું કોઈ પ્રબળ માહાત્મ્ય છે કે જીવ એને છોડી કોઈ અન્ય ફળની વાંચ્છા કર્યા કરે છે.

નિર્મળ તત્ત્વજ્ઞાનવડે પદાર્થસ્વરૂપ યથાર્થ જાણી શકાય છે. પદાર્થસ્વરૂપને યથાર્થ જાણવું એ શ્રુતજ્ઞાનનું તાત્કાલિક ફળ છે અને સર્વ ચરાચર પદાર્થને તેના સર્વ ગુણ પર્યાયો સહિત સ્પષ્ટરૂપે જાણવારૂપ કેવળજ્ઞાન એ તેનું પરંપરા ફળ છે, જે સર્વ પ્રકારે પ્રશંસનીય અને આદરણીય છે. પદાર્થના જેમ છે તેમ પ્રતિભાસનથી જીવમાં નિરાકુળતા વર્તે છે. નિરાકુળતા એ વાસ્તવિક સુખનું લક્ષણ છે. વળી, પ્રાણીમાત્ર પ્રતિસમય સુખને જ વાંચ્છે છે. એ નિરાકુળતાજન્ય સુખમાં પરાધીનતા આદિ કોઈ દોષ નથી અર્થાત્ એ અનુભવ માટે કોઈ અન્ય પદાર્થોનું અવલંબન લેવું પડતું નથી, પણ સ્વાધીન સુખ છે. છતાં જગતવાસી જીવો સુખને અર્થે વિષયાદિ સામગ્રી ઇચ્છે છે, એ જ મોહનું કોઈ પ્રબળ માહાત્મ્ય છે! જેમ ખાજના રોગીને ખંજાળવાની સામગ્રી ભલી ભાસે છે, તેમ અનાદિ સંસ્કાર વશ જીવને કામ–ક્રોધાદિ ભાવરૂપ ખુજલી થવાથી તેને ધન, સ્ત્રી આદિ વિષયસામગ્રી ભલી ભાસે છે; અને તેથી જીવ પ્રતિસમયે તેને ઇચ્છે છે અર્થાત્ ચાહની દાહમાં તે નિરંતર બળ્યા કરે છે. જ્ઞાની જીવને 'જ્ઞાન વિના અન્ય ફળની ચાહના' આશ્ચર્ય પમાડે છે. જેમ ભૂતાવિષ્ટ પુરુષની ચેષ્ટા આશ્ચર્યતા યુક્ત ભાસે છે, તેમ મોહી જીવોની ચેષ્ટા જ્ઞાની પુરુષને સખેદ આશ્ચર્યતા યુક્ત પ્રતિભાસે છે.

શ્રુતજ્ઞાનની નિર્મળ આરાધનાથી થતું ફળ :—

**शास्त्राग्नौ मणिवद्भव्यो विशुद्धो भाति निर्वृतः ।**
**अङ्गारवत् खलो दीप्तो मली वा भस्म वा भवेत् ।।१७६।।**
**શાસ્ત્ર-અગ્નિ મેં ભવ્ય વિશુદ્ધ, મુક્ત હોતા હૈ મણી સમાન;**
**કિન્તુ દુષ્ટ હો દીપ્ત, મલિન, અરુ ભસ્મરૂપ અંગાર સમાન. ૧૭૬.**

ભવ્ય જીવ શાસ્ત્રરૂપ જ્વલંત જ્ઞાનાગ્નિ વિષે પ્રવેશ કરી રત્નવત્ મળરહિત થઈ નિર્મલ થાય છે, ત્યારે દુષ્ટ જીવ આગના અંગાર સમાન થોડોક પ્રકાશિત થતો અંતે મળયુક્ત શ્યામ વા ભસ્મરૂપ કેવળ નિઃસારવત્ બને છે.

પ્રખર અગ્નિના સંગે જેમ પદ્મરાગમણિ સર્વ મળરહિત નિર્મળ થઈ ચમક આદિ અનેક શોભા યુક્તપણે વિશેષ શોભાયમાન થાય છે, તેમ ધર્માત્મા ભવ્ય જીવ શાસ્ત્રાભ્યાસરૂપ પ્રખર જ્ઞાનાગ્નિ વિષે પ્રવેશી યથાર્થ પદાર્થશ્રદ્ધાનને પામી ક્રમે કરી શુદ્ધ નિર્મળપણાને ધારણ કરી સાતિશયપણે શોભાયમાન થાય છે.

વળી, ઇન્ધનનો અગ્નિ અગ્નિના સંગે પ્રકાશમાન તો થાય છે, પરંતુ અંતે કોલસારૂપ શ્યામ વા ભસ્મરૂપ નિઃસાર થાય છે, તેમ દુષ્ટ જીવ થોડોક વખત પ્રકાશમાનપણાને ધારણ કરી અંતે કોલસારૂપ શ્યામ વા ભસ્મરૂપ નિઃસાર થાય છે.

નિર્મોહી પુરુષોની વિશુદ્ધ જ્ઞાનભાવના કેવી હોય છે :—

**मुहुः प्रासार्य सज्ज्ञानं पश्यन् भावान् यथास्थितान् ।**
**प्रीत्यप्रीती निराकृत्य ध्यायेदध्यात्मविन्मुनिः ।।१७७।।**

**વસ્તુ સ્વરૂપ યથારથ દેખતે, જ્ઞાની જ્ઞાન-કિરણ વિસ્તાર;**
**રાગ-દ્વેષ સે રહિત ધ્યાન કરતે આતમ કે જાનનહાર. ૧૭૭.**

પરમ અધ્યાત્મભાવને જાણવાવાળા પ્રજ્ઞાવંત પુરુષો વારંવાર સમ્યક્‌જ્ઞાનરૂપ કળાને વિસ્તારતા પદાર્થસ્વરૂપને જેમ છે તેમ યથાર્થ જોતા-શ્રદ્ધતા રાગ–દ્વેષને દૂર કરી નિરંતર તત્ત્વનું ચિંતવન કરે છે.

પ્રથમ નિર્ગ્રન્થ પ્રવચન દ્વારા જીવાદિ પદાર્થોનો સમ્યક્ નિશ્ચય કરે, એમ યથાર્થ પદાર્થ શ્રદ્ધાન નિર્મળ કરતાં-કરતાં રાગદ્વેષના આત્યંતિક ક્ષયને અર્થે વીતરાગ સર્વજ્ઞપ્રણીત બાહ્ય યમ, નિયમાદિ સમ્યક્ સમાચારીને આદરીને અંતરંગ નિવૃત્ત થઈ ક્રમે-ક્રમે રાગદ્વેષનો આત્યંતિક ક્ષય કરે. ધ્યાનની વાસ્તવિક સિદ્ધિ પણ એ જ રીતે થાય છે. ઉપયોગની નિશ્ચળતા એ ધ્યાન છે. રાગદ્વેષના ઉદ્રેકને લીધે ઉપયોગ ઈતસ્તતઃ પરિભ્રમણ કર્યા કરે છે. એવી ચળવિચળ સ્થિતિમાં ધ્યાન ક્યાંથી સંભવે? જીવાદિ પદાર્થોના યથાર્થ નિશ્ચય વિના જગતના સ્થાવર જંગમાદિ સર્વ ચર- અચર પદાર્થો ઇષ્ટ અનિષ્ટરૂપ ભાસ્યા કરે છે. પર પદાર્થો પ્રત્યેની ઇષ્ટાનિષ્ટ ભાવના એ જ રાગ-દ્વેષ છે. તે વાસ્તવિક પદાર્થ શ્રદ્ધાન વિના ક્યાંથી ટળે?

પ્રથમ સમ્યક્‌જ્ઞાન દ્વારા પદાર્થનો યથાર્થ નિશ્ચય પામી, રાગદ્વેષને મંદ કરી કોઈ એક સત્‌પદાર્થને યથાર્થપણે ધ્યાવતાં જીવ અન્ય સર્વ ચિંતવનને રોકી વાસ્તવિક ધ્યાનાવસ્થાને પ્રાપ્ત થાય છે.

(પ્રશ્ન :–) ધ્યાનાવસ્થા પહેલાં રાગદ્વેષ ક્યાંથી મંદપણાને કે વિનાશપણાને પામે?

(ઉત્તર :–) સંસારનાં કારણરૂપ કર્મ ઉપાર્જવામાં રાગદ્વેષ કારણરૂપ છે અને ચિત્તની અતિશય ચંચળતા પણ એના અસ્તિત્વમાં જ થાય છે. રાગ–દ્વેષની માત્રા અમુક અંશે મંદપણાને પામ્યા વિના ધ્યાનમાં વાસ્તવિક સ્થિરતા થતી જ નથી અર્થાત્ ધ્યાનમુદ્રા માત્ર નાટ્ય પ્રયોગ જેવી જ પ્રવર્તે છે. તેથી, ધ્યાનમુદ્રા ધારણ કરતાં પહેલા અપ્રમાણિક રાગદ્વેષના ઉભરા કે અતિ તીવ્રપણે પ્રવર્તતો રાગદ્વેષ પુરુષાર્થપૂર્વક સત્‌સમાગમયોગે મંદપણાને પમાડવો પરમ આવશ્યક છે અને તો જ ધ્યાતાનું ચિત્ત નિર્ધારિત ધ્યેય પ્રત્યે સ્થિર થાય છે. ચિત્તની એવી સમ્યક્‌સ્થિરતા કોઈ

શુદ્ધાત્મવેદી વીતરાગ પુરુષના ચરણકમળની યથાવત્ વિનયોપાસના વા તેની વિશુદ્ધ આશ્રય ભાવના વિના થતી નથી.

મોહી જીવો જે પદાર્થને દેખે છે તેમાં તુરત જ તેમની પરિણતિ પ્રીતિ-અપ્રીતિપણાને પામી જાય છે અને મોહના ચગડોળે ચઢેલા આત્મવીર્યના ચંચળપણાના યોગે આત્મપ્રદેશોથી નિકટવર્તી કાર્મણવર્ગણાઓ કર્મત્વપણાને અર્થાત્ કોઈ તથારૂપ શુભાશુભભાવને ધારણ કરી આત્મપ્રદેશોની સાથે ક્ષીરનીરવત્ તત્કાલ નિબદ્ધ થાય છે. એ વાત ગ્રંથકાર નીચેના શ્લોકથી પ્રતિપાદન કરે છે.

**वेष्टनोद्वेष्टने यावत्तावद् भ्रान्तिर्भवार्णवे ।**
**आवृत्तिपरिवृत्तिभ्यां जन्तोर्मन्थानुकारिणः ।।१७८।।**

**કર્મ-બંધ સે યુક્ત નિર્જરા જિસકો વહ ભ્રમતા સંસાર;**
**ખુલતી ઔ લિપટતી રસ્સી યુક્ત મથાની કે અનુસાર. ૧૭૮.**

કોઈપણ વસ્તુને અપનાવવી અથવા પોતાની તરફ ખેંચવી તેને આવૃત્તિ કહે છે તથા કોઈ પણ વસ્તુને દૂર કરવી અથવા મનને તેથી હઠાવવું તેને પરિવૃત્તિ કહે છે. પ્રથમના પ્રકારને રાગ કહે છે અને બીજા પ્રકારને દ્વેષ કહે છે. એ બંને પ્રકારના રાગદ્વેષ સમ્યક્ પ્રકારે જ્યાં સુધી છૂટતા નથી ત્યાં સુધી વસ્તુઓના ગ્રહણ કરવાથી તથા તેના ત્યાગ કરવાથી એમ બંને પ્રકારે કર્મોનો બંધ તથા તેનો યથાકાળે ઉદય થયા જ કરે છે. કારણ અજ્ઞાન અને બુદ્ધિના વિભ્રમ યોગે વસ્તુઓના ગ્રહણ અને ત્યાગ બંનેમાં રાગદ્વેષ જાજ્વલ્યમાન બનેલો પ્રવર્તી રહ્યો છે.

વેષ્ટન એટલે બંધાવું, ઉદ્વેષ્ટન એટલે છૂટવું. એ બંને વાતો ત્યાં સુધી બની રહે છે કે જ્યાં સુધી ચિત્તમાં રાગદ્વેષ વા ઇષ્ટાનિષ્ટ ભાવના પૂર્વક વસ્તુઓનો ગ્રહણ-ત્યાગ થયા કરે. અને એને જ જ્ઞાની પુરુષો સંસાર પરિભ્રમણ કહે છે. પ્રત્યેક વસ્તુઓના છોડવા-ધરવાની ચિંતામાં નિમગ્ન રહેવું, મૂઢ બની કર્મબંધનથી જકડાવું, ઉદયકાળ પ્રાપ્ત થતાં અત્યંત મોહમુગ્ધ ઉન્મત્ત બની દુઃખી થવું અને ઇતસ્તતઃ ભવના પ્રકારે વહ્યા કરવું અર્થાત્ જન્મમરણાદિ ધારણ કર્યા કરવાં એનું જ નામ ભવપરિભ્રમણ છે.

જેમ દહીં મંથન કરવાની ગોળીમાં રહેલા વાંસની રસ્સીના બંને છેડામાંથી એકને પોતા ભણી ખેંચે છે, ત્યારે બીજાને ઢીલો મૂકે છે, જ્યાં સુધી એ પ્રકારે કરવામાં આવ્યા કરે ત્યાં સુધી ચક્કરે ચઢેલો તે વાંસ કદી પણ સ્થિરપણાને પામતો નથી; એને ખેંચવામાં તેમ ઢીલા કરવામાં બંને પ્રકારે બળ ખર્ચવું પડે છે. છતાં વાંસ તો સ્થિર થતો જ નથી. તેમ અજ્ઞાન અને મૂઢતા પૂર્વક વસ્તુને ગ્રહણ કરવામાં તેમ તેને ત્યાગ કરવામાં એમ બંને પ્રકારે આત્મવીર્ય ખર્ચવું પડે છે, છતાં આત્મપરિણામ કદી સ્થિર કે શાંત થતાં નથી. ખરી વાત તો એ છે કે જો તે વાંસને સ્થિર કરવો હોય તો તેને બાંધેલી બંને છેડાવાળી રસ્સીને છોડી દૂર કરવામાં આવે, અને તો જ તે વાંસ સ્થિર

થાય; તેમ જીવ જેટલી એ પરવસ્તુના ગ્રહણ-ત્યાગની સાવધાનતા રાખે છે તેટલી પોતે રસપૂર્વક ગ્રહણ કરી રાખેલા રાગદ્વેષમય વિકલ્પોના ત્યાગની સાવધાનતા રાખે તો સહેજે આત્મપરિણામ સ્થિર અને શાંત થાય.

એ જ વાત ગ્રંથકાર આગળ કહે છે :—

**मुच्यमानेन पाशेन भ्रान्तिर्बन्धश्च मन्थवत् ।**
**जन्तोस्तथासौ मोक्तव्यो येनाभ्रान्तिरबन्धनम् ।।१७९।।**

**ખુલતી રસ્સી યુક્ત મથાની કે સમાન ભ્રમતે બંધતે;**
**જીવ! ઉસે ઇસ તરહ ખોલના પુનઃ ન બન્ધ ભ્રમણ હોવે. ૧૭૯.**

રાગદ્વેષની માત્રા આત્મામાં જ્યાં સુધી બની રહે છે ત્યાં સુધી કર્મબંધન છૂટવાના અવસરે પણ રાગદ્વેષ વશીભૂત થઈ તે બંધાયા જ કરે છે. અર્થાત્ કર્મબંધન છૂટવા માત્રમાં વાસ્તવિક કલ્યાણ નથી, કારણ બંધનું મૂળ કારણ રાગદ્વેષ મોજૂદ છે. એક બંધનની નિવૃતિ ટાણે બીજાં ચિત્રવિચિત્ર બંધનો તુરત તેને જકડી લે છે. તેથી બંધનની ચિર શ્રૃંખલા કદી તૂટતી જ નથી. એમ છૂટવું એ કર્મબંધથી વાસ્તવિક છૂટકારો નથી. કર્મબંધનથી વાસ્તવિક છૂટવું હોય તો ઇતસ્તતઃ આત્મપરિણામનું ભ્રમણ વા તેમાં કારણરૂપ રાગદ્વેષને સમ્યક્પ્રકારે રોકવામાં આવે તો જ કર્મબંધન સર્વથા રોકાઈ જાય અને તેનો સર્વથી પ્રબળ અને સમ્યક્ ઉપાય યથાર્થ જ્ઞાનપૂર્વક રાગદ્વેષ રોકી પૂર્વ કર્મની નિર્જરા કરવામાં આવે; અર્થાત્ કર્મોઉદયને જ્ઞાનપૂર્વક સમપરિણતિમાં સ્થિર થઈ નિઃસત્ત્વ કરવામાં આવે; એને જ સાચી નિર્જરા ભગવાને કહી છે. આ સિવાયની બંધસહભાવિની નિર્જરા તો જગત આખું કરી રહ્યું છે.

ગોળીનો વાંસ એક તરફથી છૂટે, ત્યારે બીજી તરફથી બંધાય છે. તેનું છૂટવું તે પણ બંધાવા માટે જ વર્તે છે, પણ જો તે વાંસને રસ્સીથી સર્વથા છોડવામાં આવે તો ફરી બંધાતો નથી; તેમ મોહી જીવ એક તરફથી પ્રબળ યમ-નિયમાદિ આચરી છૂટવા માટે પ્રવૃતિ કરે છે, ત્યારે વ્યક્ત કે અવ્યક્ત રાગદ્વેષાદિ પરિણામે કરી બીજી તરફથી બંધાતો જાય છે. બંધનની નિવૃત્તિના એક નિમિત્તકારણરૂપ એવા એ યમ-નિયમાદિ-પ્રવર્તન કાળે પણ રાગદ્વેષની માત્રા જીવને ક્યા પ્રકારે ઉન્માદે ચઢાવી રહી છે તેનું તેને ભાન નથી. એટલા જ માટે ગ્રંથકારે ઉપર કહ્યું છે કે મૂઢ અને અજ્ઞાની જીવનો ગ્રહણ અને ત્યાગ બંને બંધનરૂપપણે પ્રવર્તે છે. અર્થાત્ તેનો ત્યાગ એ પણ ગ્રહણને અર્થે છે અને તેનું ગ્રહણ તે તો પ્રત્યક્ષ ગ્રહણ જ છે. સારાંશ કર્મબંધનથી છૂટવાનો સર્વથી પ્રધાન અને વાસ્તવિક ઉપાય રાગદ્વેષની સમ્યક્પ્રકારે નિવૃતિ કરવી એ છે. નહિ તો ''तदन्धरज्जुवलनं स्नानं गजस्याथ वा'' એ કહેવત પ્રમાણે જીવ નિરંતર દુઃખી અને કર્મપરતંત્ર બન્યો રહેશે.

ઉપરોક્ત વાતને ગ્રંથકાર સમર્થન કરે છે :—

**रागद्वेषकृताभ्यां जन्तोर्बन्धः प्रवृत्त्यवृत्तिभ्याम् ।**
**तत्त्वज्ञानकुताभ्यां ताभ्यामेवेक्ष्यते मोक्षः ।।१८०।।**

**રાગ-દ્વેષ ભાવોં સે યુક્ત પ્રવૃત્તિ ઔર અપ્રવૃત્તિ સે;**
**બન્ધતે ઔર મુક્ત હોતે હૈં તત્ત્વજ્ઞાન સહિત ઇનસે. ૧૮૦.**

રાગદ્વેષયુક્ત ભાવોથી કરેલી પ્રવૃત્તિ અને નિવૃત્તિ બંને બંધનનું કારણ થાય છે, ત્યારે તત્ત્વજ્ઞાન પૂર્વક કરેલી પ્રવૃત્તિ અને નિવૃત્તિ બંને નિર્જરા તથા મોક્ષનું કારણ થાય છે.

જ્યાં સુધી રાગદ્વેષ મુખ્યપણે આત્મામાં પ્રવર્તે છે, ત્યાં સુધી જીવની સઘળી પ્રવૃત્તિ તેમ નિવૃત્તિ સંસારાર્થપણે જ થયા કરે છે અને ત્યાં સુધી નવીન કર્મબંધ પણ થયા જ કરે છે. માત્ર એક સમ્યક્ તત્ત્વજ્ઞાન પ્રધાનપણે કરેલી પ્રવૃત્તિ તથા નિવૃત્તિ બંને આત્માને ઉપલક્ષીને થાય છે. તેથી, તેવી પ્રવૃત્તિ તથા નિવૃત્તિ એમ બંને પ્રકારે કર્મબંધની નિર્જરા થાય છે.

મોહના ઉદયથી રાગદ્વેષરૂપ પરિણામ જીવને થયા કરે છે, જેથી કોઈ વખત અશુભ કાર્યોની પ્રવૃત્તિ તથા શુભ કાર્યોની અપ્રવૃત્તિ (નિવૃત્તિ) આત્માને વર્તે છે અને કદાચિત્ અશુભ કાર્યોની અપ્રવૃત્તિ (નિવૃત્તિ) જીવ કરે છે; પણ એવી મોહગર્ભિત પ્રવૃત્તિ-નિવૃત્તિ વડે શુભાશુભ બંધનની વૃદ્ધિ-હાનિ જીવ અનંત કાળથી કરતો આવ્યો છે. મોહોદય ક્ષીણ થવાથી વા અત્યંત મંદ થવાથી તત્ત્વજ્ઞાન નિર્મળપણાને પામે છે. તથા એ સમ્યક્ તત્ત્વજ્ઞાનના પ્રસાદથી આત્મ-ઉપયોગ મોહોદય પ્રત્યે આળસે છે–નીરસપણાને ભજે છે. જેથી વિજ્ઞાનરૂપ શુદ્ધોપયોગની પ્રવૃત્તિ તથા શુભાશુભ ભાવોની અપ્રવૃત્તિ અર્થાત્ નિવૃત્તિ સહેજે થાય છે. અને એવી પ્રવૃત્તિ–અપ્રવૃત્તિ વડે સર્વ કર્મસંસ્કારના આત્યંતિક ક્ષયરૂપ નિર્વાણ દશાને જીવ સંપ્રાપ્ત થાય છે.

હે ભવ્ય! પ્રથમ તો બંધ તથા આત્મા ઉભયની વાસ્તવિક સમજણ વિના તથા બંધ દશામાં દુઃખ છે અને આત્મામાં સુખ છે એવી સમ્યક્ પ્રતીતિ પૂર્વક બંધ દશાથી વિરક્ત ચિત્ત થયા સિવાય એ અનાદિ બંધનની આત્યંતિક નિવૃત્તિ થતી નથી. યથા :—

**''बंधानां च स्वभावं विज्ञायात्मनः स्वभावं च ।**
**बंधेषु यो विरज्यते स कर्म विमोक्षणं करोति'' ।।**

(શ્રી અમૃતચંદ્રાચાર્ય)

પ્રથમ, બંધ અને આત્મા ઉભયમાં અનાદિ કાળથી તેના સ્વરૂપની વાસ્તવિક પ્રતીતિ પૂર્વક જીવને ભેદ જ પડ્યો નથી. છતાં માત્ર અનુપયોગ પરિણામે 'બંધ અને આત્મા જુદાં છે,' એમ કથન માત્ર જીવ ગાયા કરે છે, અને એવી અજ્ઞાન મનોદશાયુક્તપણે કરેલી પ્રવૃત્તિ–અપ્રવૃત્તિ વડે બંધનથી વાસ્તવિક નિવૃત્તિ ક્યાંથી હોય? બંધ, બંધહેતુ, બંધ્યમાન, બંધ ફળ, અને બંધસ્વામી

એના વાસ્તવિક સ્વરૂપને સમજ્યા સિવાય તથા બંધ અને બંધફળથી વિરક્ત ચિત્ત થઈ સ્વસ્વરૂપને વિષે અપૂર્વ પ્રેમ ઉલસ્યા સિવાય અનાદિ બંધનથી આત્યંતિક નિવૃત્તિ હોય જ નહિ. તેથી જ ગ્રંથકાર કહે છે કે અજ્ઞાન અને રાગદ્વેષયુક્ત પરિણામે કરેલી પ્રવૃત્તિ તો બંધનું કારણ થાય એ તો નિશ્ચિત છે, પણ તેવા પરિણામે કરેલી નિવૃત્તિ પણ બંધનું કારણ થાય છે. સમ્યક્ જ્ઞાન પરિણામે કરેલી પ્રવૃત્તિ તથા નિવૃત્તિ બંને મોક્ષનું કારણ થાય છે એ એક તત્ત્વજ્ઞાન પૂર્વક આત્મદશાનું અપૂર્વ માહાત્મ્ય છે.

ઉપરોક્ત વાતને ગ્રંથકાર ફરી સમર્થન કરે છે. :—

**द्वेषानुरागबुद्धिर्गुणदोषकृता करोति खलु पापम् ।**
**तद्विपरीता पुण्यं तदुभयरहिता तयोर्मोक्षम् ।।१८१।।**

**ગુણ સે દ્વેષ, દોષ સે હો અનુરાગ બુદ્ધિ તો હોતા પાપ;**
**હો ઇસસે વિપરીત, પુણ્ય હો, મુક્તિ ઉભય બિન અપને આપ. ૧૮૧.**

જગતવાસી જીવોની માનસિક ભાવના રાગદ્વેષપૂર્વક તથા રાગદ્વેષરહિત તત્ત્વજ્ઞાનપૂર્વક વર્ત્યા કરે છે. રાગદ્વેષપૂર્વક કોઈ કોઈની સ્વાર્થ–અન્યાય ભરિત અને પક્ષપાત પૂર્ણ હોય છે, ત્યારે કોઈકની પક્ષપાતરહિત મંદકષાયપણે ન્યાયાનુકૂળ પ્રવર્તે છે. પ્રથમની અશુભ છે તથા બીજી શુભ છે. એ બંનેથી વિલક્ષણ સર્વ રાગદ્વેષથી રહિત તત્ત્વવિજ્ઞાનપૂર્ણ ત્રીજી શુદ્ધ તથા મોક્ષના અનન્ય કારણરૂપ છે.

ગુણ, સન્માર્ગ, સજ્જન અને ન્યાયાનુગામી જીવો પ્રત્યે દ્વેષ તથા દોષ, દોષાનુગામી અને અન્યાયી જીવો પ્રત્યે રાગ નિયમથી પાપબંધનું કારણ થાય છે. એથી ઉલટું ગુણ વા ગુણીજનો પ્રત્યે અત્યંત પ્રીતિ અને દોષ વા દોષી જીવો પ્રત્યે દ્વેષ એ શુભ પ્રવૃત્તિરૂપ છે અને તેથી પુણ્યબંધ થાય છે. એ બનેમાં મધ્યસ્થ વીતરાગવિજ્ઞાન પૂર્ણ રાગદ્વેષરહિત બુદ્ધિ મોક્ષનું કારણ છે. એવી પરમ કલ્યાણસ્પદ બુદ્ધિ જે જીવને વર્તે છે તે જીવ અનાદિ સંસાર પરિણામથી સર્વથા મુક્ત થઈ સદા સર્વદા પવિત્ર તથા સંપૂર્ણ સુખી થાય છે.

વિશેષાર્થ—જે જીવને મોહના તીવ્ર ઉદયથી ગુણ પ્રત્યે દ્વેષ વર્તે અને દોષ વિષે અનુરાગ વર્તે, અથવા એવા દૂષિત અભિપ્રાયથી ગુણી પુરુષ પ્રત્યે વા ગુણના કારણ પ્રત્યે દ્વેષ થાય તથા દોષયુક્ત જીવ પ્રત્યે વા દોષના કારણો પ્રત્યે અનુરાગ થાય તે જ અશુભોપયોગ છે કે જે વડે જીવ નિરંતર આત્મગુણોને નિબિડ આવરણ કર્યા કરે છે.

મોહના મંદ ઉદયથી જે જીવને ગુણ વિષે અનુરાગ તથા દોષ વિષે દ્વેષ વર્તે અથવા તેવા રૂડા અભિપ્રાયથી જેમાં ગુણ હોય વા જે ગુણનું કારણ હોય તેવા પુરુષ પ્રત્યે અનુરાગ વર્તે તથા

જેમાં દોષ હોય વા જે દોષનું કારણ હોય તેવા પુરુષ પ્રત્યે દ્વેષ વર્તે તે જીવને શુભોપયોગ વર્તે છે કે જેનું ફળ પુણ્યપ્રકૃતિનો બંધ છે.

ઉપરોક્ત બંને પ્રકારના ગુણ-દોષનાં કારણો પ્રત્યે વા ગુણ-દોષમય પરિણત થયેલા ચિત્ર વિચિત્ર પ્રકૃતિવશ જીવાત્માઓ પ્રત્યે સમ્યક્ સમજણ પૂર્વક ઉપેક્ષિત–મધ્યસ્થ દૃષ્ટિ રહી આત્મા નિજ શુદ્ધ સ્વગુણને વિષે રમણ કરે તે શુદ્ધોપયોગ છે કે જેમાં રાગદ્વેષની કિંચિત્ કાલિમા વર્તતી નથી તથા જેનું ફળ દ્રવ્યકર્મ, ભાવકર્મ અને નોકર્મથી રહિત પરમ શુદ્ધ વીતરાગ વિજ્ઞાનઘનરૂપ મોક્ષ છે.

**પ્રશ્ન :—**દ્વેષબુદ્ધિથી પુણ્યબંધ થાય એમ આપ કહો છો, પણ એ વાત વિરોધયુક્ત ભાસે છે. કારણ દ્વેષ એ તો બૂરામાં બૂરો પરિણામ ગણાય.

**ઉત્તર :—**પોતાના કષાયરૂપ પ્રયોજનની સિદ્ધિ અર્થે અન્ય ભલાબૂરા જીવો પ્રત્યે દ્વેષ કરે તે તો ખચિત પાપબંધ કરે છે, પરંતુ જેમ કોઈ પુરુષ મિત્રના શત્રુ પ્રત્યે દ્વેષ કરે, તેમ ધર્મ કે જે જીવનો પરમ મિત્ર અર્થાત્ હિતસ્વી છે, તેના વિરોધી જીવો પ્રત્યે દ્વેષ કરે તો ત્યાં તેના અભિપ્રાયમાં ધર્મરૂપ પરમમિત્ર પ્રત્યે અનુરાગ તથા તેનું રક્ષણ કેમ કરવું એ ભાવના વર્તતી હોવાથી તે જીવને પુણ્યપ્રકૃતિનો બંધ થાય છે. અંતરંગમાં માત્ર મુનિરક્ષાના અભિપ્રાયથી સિંહના પંજામાં સપડાયેલા મુનિની રક્ષા કરવા સિંહની સાથે લડતાં બીજા હરકોઈ ઉપાયો વ્યર્થ છે એમ સમજી તીક્ષ્ણ તલવારથી સિંહને મારવા જતાં જેમ શૂરવીર પુરુષ સિંહના પંઝામાં સપડાઈ અંતે મરણ પામી પાંચમા દેવલોક જાય છે તથા સિંહ મરી પાંચમા નરકે સીધાવે છે; તેમ ગુણ અને ગુણીની પ્રભાવના કરતાં દોષ અને દોષી પુરુષને નિંદવામાં આવે વા તેના પ્રત્યે દ્વેષ પરિણામ વર્તી જાય તો તેથી અભિપ્રાય સમ્યક્ હોવાથી તે નિંદા વા દ્વેષ પાપબંધનું કારણ થતાં નથી, પણ પુણ્યબંધનું કારણ થાય છે.

એમ એ બંને શુભ અને અશુભ ઉપયોગને રાગદ્વેષસહિતપણાને લઈને અશુદ્ધોપયોગ કહેવામાં આવે છે.

મોહના અભાવથી જે જીવમાં આ બંને પ્રકારના શુભાશુભ ઉપયોગ અર્થાત્ રાગદ્વેષસહિત પરિણામ વર્તતા નથી તે જીવ તે કાળે શુદ્ધોપયોગયુક્ત પરિણત છે એમ સમજવું કે જેનું ફળ અનુક્રમે સર્વ કર્મ અને કર્મસંસ્કારોથી રહિત નિર્વાણ છે.

રાગદ્વેષનો આત્યંતિક નાશ શી રીતે થાય ? :—

**मोहबीजाद्रतिदेषौ बीजान्मूलाङ्कुराविव ।**
**तस्माज्ज्ञानाग्निना दाह्यं तदेतौ निर्दिधिक्षणा ।।१८२।।**

**યથા બીજ સે મૂલાંકુર હો તથા મોહ સે રાગ-દ્વેષ;**
**જ્ઞાન અગ્નિ મેં મોહ જલા દો, દહના ચાહો રાગ-દ્વેષ. ૧૮૨.**

જેમ બીજ વડે વૃક્ષની જડ અને અંકુરો થાય છે, તેમ મોહરૂપી બીજથી આત્મામાં સંસારરૂપ વિસ્તીર્ણ વૃક્ષની અતત્ત્વશ્રદ્ધાનરૂપ જડ અને રાગદ્વેષરૂપી અંકુરો થાય છે. જે જીવ એ અનાદિ અતત્ત્વશ્રદ્ધાન તથા રાગદ્વેષને સર્વથા ક્ષીણ કરવા ઇચ્છે છે તેણે પ્રખર જ્ઞાનરૂપ અગ્નિનું સમ્યક્ પ્રકારે નિયમિત સેવન કરવું.

અતત્ત્વશ્રદ્ધાનરૂપ મિથ્યાત્વ પરિણામ તે જ મોહ છે તથા પદાર્થ ઇષ્ટ-અનિષ્ટ ભાસી તે પ્રત્યે પ્રીતિ–અપ્રીતિ થવી તે રાગ-દ્વેષ છે. વાસ્તવ્યમાં અતત્ત્વશ્રદ્ધાનથી પદાર્થ ઈષ્ટ–અનિષ્ટરૂપ પ્રતિભાસે છે. તેથી, જડ અને અંકુરનું કારણ જેમ બીજ છે, તેમ રાગદ્વેષનું મૂળ કારણ એ અતત્ત્વશ્રદ્ધાનરૂપ મોહ છે. જડ અને અંકુરને દગ્ધ કરવા ઈચ્છતા મનુષ્યે પ્રથમ જેમ બીજને દગ્ધ કરવું પડે છે, તેમ રાગદ્વેષનો સર્વથા નાશ કરવા ઈચ્છતા જીવે પ્રથમ એ અનાદિ અતત્ત્વશ્રદ્ધાનરૂપ મોહ પરિણતિનો ક્ષય કરવો પડે છે અને એ અતત્ત્વશ્રદ્ધાનરૂપ મોહનો નાશ થતાં એ રાગદ્વેષ ક્રમે કરી અંતે સહેજે નાશ પામે છે. કારણ નિરાધાર થયેલા રાગદ્વેષ પછી શા આધારે ટકે?

**પ્રશ્ન** :— અતત્ત્વશ્રદ્ધાનરૂપ મોહનો નાશ થવા છતાં સમ્યક્ દૃષ્ટિને રાગદ્વેષ વર્તે છે, તેનું શું કારણ?

**ઉત્તર** :—ભૂમિમાંથી મૂળથી ઉખાડી નાખેલા વૃક્ષના જડઅંકુર તથા પત્રાદિ કેટલાક વખત સુધી લીલાં રહે છે, પરંતુ અંતે તે સુકાઈ જવાનાં જ છે; તેમ નાશ થયો છે અતત્ત્વશ્રદ્ધાનરૂપ મોહ જેનો એવા એ સમ્યક્ દૃષ્ટિ જીવમાં વર્તતા રાગદ્વેષ અંતે ક્રમે કરી ક્ષય થવાના જ.

વળી, કોઈ મિથ્યાદૃષ્ટિ જીવમાં મોહનો સદ્‌ભાવ છતાં બાહ્યથી રાગદ્વેષ અલ્પ દેખાય છે, પરંતુ તે તો બીજને રાખી ઉપરથી કાપેલા વૃક્ષનાં ડાળ અને અંકુરાદિની માફક ક્રમે કરી એથી પણ વિશેષ વર્ધમાન થવાના જ; તેમ અતત્ત્વશ્રદ્ધાનરૂપ મોહમુગ્ધ જીવમાં રાગદ્વેષ પૂર્વ સંસ્કારવશ બાહ્યથી થોડા વર્તતા જોવામાં આવે, પરંતુ ક્રમે કરી આગળ જતાં તે જરૂર વધવાના જ. રાગદ્વેષનું મૂળ કારણ એ અતત્ત્વશ્રદ્ધાનરૂપ મોહ છે એમ જાણી તેનો સર્વથા નાશ કરવો એ જ યોગ્ય છે. વળી, બીજનો આત્યંતિક નાશ કરવાનું કારણ જેમ અગ્નિ છે, તેમ અનાદિ સંસારરૂપ વિસ્તીર્ણ વૃક્ષના બીજ રૂપ એ અતત્ત્વશ્રદ્ધાનમય મોહપરિણતિનો નાશ થવાનો વાસ્તવિક ઉપાય એક સમ્યક્‌જ્ઞાન છે, અને તેનો પણ પ્રધાન ઉપાય સમ્યગ્જ્ઞાન સહિત પ્રજ્ઞાવંત નિર્દોષ પુરુષનો ભક્તિ સત્સંગ છે. જ્ઞાન વડે જીવાદિ તત્ત્વોના વાસ્તવિક સ્વરૂપને જીવ યથાર્થપણે જાણે તો અતત્ત્વશ્રદ્ધાનરૂપ મોહનો જરૂર નાશ થાય. તેથી, કલ્યાણના ઈચ્છુક ભવ્ય જીવાત્માઓએ

તત્ત્વજ્ઞાનના અભ્યાસમાં નિરંતર અપ્રમત્ત રહેવું એ જ યોગ્ય છે. જેથી સર્વ સિદ્ધિ સ્વયમેવ સહેજે પ્રાપ્ત થાય છે. વળી :—

**पुराणोग्रहदोषोत्थो गम्भीरः सगतिः सरुक् ।**
**त्यागनात्यादिना मोहब्रणः शुद्धयति रोहति ।।१८३।।**

**ग्रह-दोषों से हुआ, पुरातन, गहरा अरु गति-पीडा युक्त;**
**त्याग-ग्रहण से मोह घाव यह नष्ट तथा होता है मुक्त. १८३.**

જીવને મોહરૂપ ગુમડું ઘણું જુનું છે. કોઈ વિષમ ગ્રહદોષથી ઉત્પન્ન થયું છે. અર્થાત્ ગુમડાને ઉત્પન્ન થવામાં મંગળ આદિ હલકા ગ્રહો એ એક નિમિત્તકારણ છે, તેમ પરદ્રવ્યના ગ્રહણરૂપ પરિગ્રહના નિમિત્તયોગે કરીને એ મોહરૂપ ફોલ્લો ઉત્પન્ન થયો છે. ફોલ્લો જો ઘણા દિવસનો હોય તો અત્યંત પીડા ઉત્પન્ન કરે છે, તેમ તેથી પણ અનાદિ કાળનો પુરાણો એ મોહરૂપ ફોલ્લો આત્માને અત્યંત વિષમ અને ભયંકર દુ;ખ આપી રહ્યો છે. વળી એ ગુમડાની વેદના વેદવા છતાં જીવને સચેતતા બની રહે છે, પણ એ મોહરૂપ ભયંકર ગુમડાની વેદના જીવની સાવધાની સુદ્ધાંત નષ્ટ કરે છે. ફોલ્લો જેમ જેમ પુરાણો થતો જાય છે, તેમ તેમ પોતાના પ્રદેશ વિસ્તારને વધારે છે; તેમ મોહ પણ કાળ જતાં સમયે સમયે પોતાના આસક્તિ આદિ વિસ્તારને વધારે છે.

ગુમડું જેમ પરું, દૂષિત રુધિર અને દુર્ગંધતા આદિ નરકરૂપ પદાર્થોને ઉત્પન્ન કરે છે તેમ એ મોહરૂપ અનાદિ કાલીન ગુમડું જીવને અસહ્ય નરક-નિગોદાદિ ગતિઓ ઉત્પન્ન કરે છે.

ગુમડામાંથી નિકળતા પરૂ–દૂષિત દુર્ગંધતાયુક્ત રુધિર–સડેલું માંસ આદિ પદાર્થો કાઢી ધોઈ સાફ કરવામાં આવે અને ઉપર મલમ લગાવવામાં આવ્યા કરે તો તે ગુમડું રૂઝાઈ જાય છે, તેમ એ મોહરૂપ ગુમડામાંથી આરંભ-પરિગ્રહાદિ હટાવી–સત્શાસ્ત્ર, સત્સંગ અને આત્માનુભવ-રૂપ મલમ દરરોજ નિયમિત લગાવવાથી એ અનાદિ કાલીન મોહરૂપી ગુમડું રુઝાય છે.

જગતની જે જે વસ્તુઓ ઉપર જીવ મોહ કરે છે, તે તે વસ્તુઓ તેના પરિપાક કાળમાં જીવને દુઃખની જ સાધક થાય છે. એથી મોહયુક્ત બનવું કેવળ વ્યર્થ અને દુ;ખના હેતુરૂપ છે. સાંભળ :—

**सुहृदः सुखयन्तः स्युर्दुःखयन्तो यदि द्विषः ।**
**सुहृदोऽपि कथं शोच्या द्विषो दुःखयितुं मृताः ।।१८४।।**

**મિત્ર સુખી કરતે હૈં ઔર દુઃખી કરને વાલે શત્રુ;**
**મરકર દુઃખી કરેં ઉન મિત્રોં કા ક્યા શોક! હુએ શત્રુ. ૧૮૪.**

જે પોતાને સુખી કરે તે જ મિત્ર છે અને જે દુઃખી કરે તે શત્રુ એમ આબાલ વૃદ્ધ સૌ કોઈ સમજે છે. મિત્ર થઈને પોતાને દુઃખી કરવા મર્યા તે તો શત્રુવત્ ઠર્યા, તેમનો મરવાનો શોક શો કરવો?

સ્ત્રી, પુત્રાદિ સંબધીજનોને તું મિત્ર ગણે છે, પરંતુ તેઓ જ્યારે મરણને પ્રાપ્ત થાય છે, ત્યારે તને અત્યંત દુઃખ થાય છે. તેથી તેઓ ખરેખર તારા શત્રુ છે. એવા શત્રુનો મરવાનો શોક શો કરવો કે જેનું સ્મરણ માત્ર પણ આત્મ ઉપયોગને દુખી કરે છે? મરેલાં એવાં એ સ્ત્રી, પુત્રાદિના મરણનું સ્મરણમાત્ર પણ જીવને અત્યંત દુઃખી કરે છે, એવો સૌ કોઈને પ્રત્યક્ષ અનુભવ થાય છે, છતાં વળી તેઓ જ પાછા મોહની ઘેલછામાં વિવેકને ભૂલી જઈ સંભારી–સંભારીને શોક કરવા લાગી જાય છે. આગમ અને અનુભવ ઉપરથી સિદ્ધ થાય છે કે સ્ત્રી, પુત્ર, બંધુ આદિ સર્વ કુટુંબીજનો સ્વ-આત્માને કદી પણ વાસ્તવ્ય ઉપકારી નથી. તેમને હિતસ્વી માની તેમના મરણ પાછળ શોક કરવો એ જ જીવનો મોહ છે. અનિત્ય, એકત્વ, અન્યત્વાદિ ભાવનાને સમ્યક્ પ્રકારે વિશેષ-વિશેષ ચિંતવન કરી આત્માને દૃઢ કરતાં ક્રમે કરી મોહ ક્ષય થાય છે. પણ શોક કરવાથી વાસ્તવ્ય સિદ્ધિ શું થાય એમ છે?

આ જગત ઇન્દ્રજાળ તથા કેળના સ્તંભ સમાન કેવળ નિઃસાર છે, એ શું તું નથી જાણતો? નથી સાંભળ્યું? વા પ્રત્યક્ષ નથી દેખાતું? હે જીવ! આપ્તજનોના મરણ પાછળ શોક કરવો એ નિર્જન અરણ્યમાં પોક મૂકવા સમાન વ્યર્થ છે. જે ઉત્પન્ન થયો છે તે મરશે જ. મરણના સમયે તેને કોણ બચાવી શકે એમ છે? છતાં મૂર્ખ મનુષ્ય સંબંધીજનોના મરણ પાછળ શોક કરે છે એ જ અનાદિકાલીન મોહની ઘેલછા છે. દિનપ્રતિદિન પોતાના આયુષ્યનો ક્ષય થઈ રહ્યો છે, એ જ યમરાજનું ભયંકર મુખ છે. તે વિસ્તીર્ણ મુખમાં જગત આખું ચવાઈ રહ્યું છે. ત્રણે લોક એ કાળની ભયંકર દાઢમાં પકડાઈ રહ્યો છે. આપણાં દેખતાં-દેખતાં કેટલાય પોતાને બળવાન અને બુદ્ધિમાન સમજતા મનુષ્યો તેના વિસ્તીર્ણ ખોળે સદાને માટે સૂઈ ગયા. કોઈનાં ઔષધ, સારવાર, લાગણી કે ભાવભીનાં આંસુઓની ધાર પણ એ અનિવાર્ય મરણથી બચાવવા જરાય શક્તિવંત નથી. છતાં પોતાનો જરાય વિચાર નહિ કરતાં બીજા સંબંધીજનોના મરણ પાછળ લોકો કેમ વ્યર્થ શોક કરતા હશે? એ નથી સમજાતું.

સંબંધીજનોના શોકથી ઘેલો બનેલો મનુષ્ય શું શું કરે છે? :—

**अपरमरणे मत्वात्मीयानलङ्-घ्यतमे रुदन्**
**विलपतितरां स्वस्मिन् मृत्यौ तथास्य जडात्मनः ।**
**विभयमरणे भूयः साध्यं यशः परजन्म वा**
**कथमिति सुधीः शोकं कुर्यान्मृतेषि न केनचित् ।।१८५।।**

**રે અલંઘ્ય હૈ મરણ સ્વજન કા ફિર ભી રુદન કરે ક્યોં મૂઢ,**
**ઔર સ્વયં કા મરણ નિકટ લખ અતિ વિલાપ જો કરે વિમૂઢ;**
**નિર્ભય મરણ-સાધ્ય અતિશય યશ ઔર પ્રાપ્ત હો ઉત્તમ લોક,**
**કૈસે ઉસકો મિલે, સુધી! મરને પર કિંચિત્ કરો ન શોક. ૧૮૫.**

મરણ અતિશય અલંઘ્ય, અમીટ અને અનિવાર્ય છે. પોતાથી પ્રત્યક્ષ ભિન્ન સ્ત્રી-પુત્રાદિનું મરણ થતાં તેમને પોતાનાં માની તે અર્થે જે જીવો રડે છે, વિલાપ અને અતિ આક્રંદ કરે છે, શોકમાં ગરકાવ થાય છે, તે જીવો પોતાને મરણ સમય આવતાં તેવી જ રીતે અતિશયતા પૂર્વક રોતા-રોતા અને આક્રંદ કરતા મરણ પામવાના. શાંતિ અને નિર્ભયતાપૂર્વક થતા મરણથી આ લોકમાં યશ અને ઉત્કૃષ્ટ પરલોકની પ્રાપ્તિ થાય છે, પણ શાંતિ અને નિર્ભયતાયુક્ત મરણ એવા મૂર્ખ જીવોને ક્યાંથી થાય? સદ્‌બુદ્ધિમાન જીવને ઉચિત છે કે માત, પિતા, સ્ત્રી, પુત્રાદિ કુટુંબીજનોના મરણ પાછળ મોહઘેલા બની શોક નિમગ્ન ન થાય. હે જીવ! એક ઇષ્ટ જનના વિયોગથી તને શોક, કલેશ અને કલ્પાંત થાય છે, તો પછી પોતાના મરણ સમયે તો સર્વ ઇષ્ટજનો અને મહેલ, મહાલય, દ્રવ્ય આદિ પ્રિય પદાર્થોનો સર્વસ્વપણે વિયોગ થવાનો છે, તે કાળે નિર્ભયતાયુક્ત પરમ શાંતિ તને ક્યાંથી રહેશે? આ લોકમાં યશ અને પરલોકમાં ઉત્કૃષ્ટ પદની પ્રાપ્તિનું કારણ તો તે નિર્ભયતાયુક્ત વાસ્તવિક શાંતદશા છે. હે મૂર્ખ! એક ઇષ્ટજનની ખાતર પરમસમાધિમરણરૂપ અમૂલ્ય સર્વ શ્રેય કેમ ગુમાવે છે? તું જે શોક અને આક્રંદ કરે છે, એથી શું તને તે ઇષ્ટજનની પ્રાપ્તિ થઈ શકે એમ છે? અવિશ્રાંત નિયમની સતત ધારાપ્રવાહે વહી રહેલા આ અનાદિ અનંત વિશ્વરૂપી ગહન વનમાં તારું રુદન અને આક્રંદ કોણ સાંભળે છે? સ્વકર્મ પારધી કાળરૂપી બળથી પ્રેરિત થઈ જ્યાં કોઈ રક્ષક નથી એવા સંસારરૂપી ભયંકર વનમાં આવી પહોંચે છે, ત્યારે શક્તિહીન મોહઘેલો મૂર્ખ મનુષ્ય મારું ઘર (મેં....), મારો પુત્ર (મેં....), મારું દ્રવ્ય (મેં....), મારું માન–સન્માન (મેં.....) એમ અસ્ત-વ્યસ્ત વ્યાકુળચિત્ત થયો થકો પશુની માફક મેં...મેં...મેં કરતો મૃત્યુશૈય્યામાં ચિરકાળને માટે સૂઈ જાય છે.[1] પ્રત્યક્ષ મૃત્યુથી ક્ષીણ થતા આયુષ્યના મોટા મોટા ટુકડા રાત્રિ–દિવસના રૂપકમાં ખંડ ખંડ થઈ હમેશાં નજર ઉપર આવે છે, છતાં મૂર્ખ મનુષ્ય પોતાને સ્થિર સમજી અન્ય સંબંધી જનોનો વ્યર્થ ખેદ કલ્પાંત કરે છે, એ ઘટના સખેદ આશ્ચર્ય પમાડે છે.

એ દુઃખને દૂર થવાનો વાસ્તવિક ઉપાય શો હશે? ગ્રંથકાર કહે છે, સાંભળ :—

**हानेः शोकस्ततो दुःखं लाभाद्रागस्ततः सुखम् ।**
**तेन हानावशोकः सन् सुखी स्यात् सर्वदा सुधीः ।।१८६।।**

१. मोहमगन आतमगुन भूलत, परी तोहि गलजेला
मैं....मैं... करत चहूगति डोलत, बोलत जैसैं छेला । (कविवर बनारसीदास)

**ઇષ્ટ-હાનિ સે શોક-દુઃખ અરુ ઇષ્ટ-લાભ સે રાગ-સુખી;**
**અતઃ હાનિ મેં શોક રહિત હો સુધી સર્વદા રહો સુખી. ૧૮૬.**

ઇષ્ટ વસ્તુની હાનિથી શોક અને તેથી દુઃખ થાય છે, તથા પ્રાપ્તિથી હર્ષ અને તેથી સુખ થાય છે; પણ સુબુદ્ધિમાન વિવેકી જીવ એ ઇષ્ટ વસ્તુના હાનિ તથા લાભમાં હર્ષ-શોકરહિત થતો નિરંતર સુખને જ અનુભવે છે.

આ જગતમાં પ્રાણીમાત્ર વ્યક્ત કે અવ્યક્તપણે સુખને જ ઇચ્છે છે. સુખનો ઘાત દુઃખથી થાય છે. દુઃખના અનુભવકાળે જીવ શોક, ઉદ્વેગ અને કલ્પાંતાદિ કરે છે. તે શોકનું નિમિત્તકારણ ઇષ્ટ સામગ્રીનો વિયોગ છે. કારણ તેમાં જીવે સુખની કલ્પના ઘડી રાખી છે. જ્ઞાની આત્મા વિચાર કરે છે કે અહો! હું મોહથી પરવસ્તુને ઇષ્ટાનિષ્ટ કલ્પું છું, પણ એ પરવસ્તુ ખરેખર ઇષ્ટાનિષ્ટ નથી. વળી એ કોઈ કાળે પણ મારી થઈ શકે કે મારી રાખી રહી શકે એમ નથી. તો પછી તેના વિયોગકાળે શોક કરવો એ શું મને ઉચિત છે? આમ વિચારી ઇષ્ટાનિષ્ટ પરવસ્તુઓમાં સમ્યક્ પ્રકારે હર્ષ–શોકરહિત થાય તો પછી તેને દુ;ખ ક્યાંથી થાય? વળી, દુઃખ વિના સુખનો અભાવ પણ ક્યાંથી થાય? જેથી વિવેકસહિત જ્ઞાની સદાકાળ સુખી છે. જે જીવ સુખી રહેવા ઇચ્છે તેણે ઉચિત છે કે એ પરવસ્તુની હાનિ થતાં વસ્તુસ્વરૂપ વિચારી શોકરહિત રહેવું. ઇષ્ટ પરવસ્તુના આશ્રયી જીવો તેની કોઈ કાળે હાનિ ન થાય તેવા ઉપાયો કરી સુખી રહેવા ઇચ્છે છે, પરંતુ સંસારમાં કોઈને કોઈ ઇષ્ટ સામગ્રીની હાનિ થયા જ કરે છે. જે ઇષ્ટ સામગ્રીમાં સુખની કલ્પના કરી તેની રક્ષા અને પ્રાપ્તિના પ્રયત્નમાં રાત્રિ–દિવસ જીવ પ્રવર્તિ રહ્યો છે, તે ઇષ્ટ સામગ્રી તો ખરેખર દેડકાંની પાંચશેરીના ધડા જેવી છે. જેમ ત્રાજવામાં એક દેડકું નાખે અને બે ભોંય પડે, એ ને એ કડાકુટમાં આખો દિવસ ગાળે પણ દેડકાં વડે પૂરો ધડો કદી થાય જ નહિ; તેમ જીવની ઇચ્છાનુસાર એ ઇષ્ટ સામગ્રીની પૂર્ણતા થાય એમ બનવું સર્વથા અસંભવિત છે. તેથી એ પરવસ્તુરૂપ ઇષ્ટ સામગ્રીના વિયોગનો શોક કરવો વ્યર્થ છે. ઇષ્ટ સામગ્રીની આશાની ઝૂરણાથી રહિત થવું એ જ વાસ્તવિક સુખી થવાનો એક ઉપાય છે. ઇષ્ટ સામગ્રીના વિયોગના શોકજન્ય દુઃખ કરતાં તેના સંયોગની ચાહના આત્મામાં ઓછી બળતરા કરતી નથી. મોહ મૂઢજીવ સદોદિત ઉપરોક્ત ભાવોમાં બળી રહ્યો છે, અનાદિ કાળથી દુઃખી દુઃખી થઈ રહ્યો છે, પણ મોહ મૂઢદશાને લઈને તે દુઃખ તેના ખ્યાલમાં આવતું નથી અને નિરંતર અનાદિમૂઢ પરિણામોમાં સતત વહ્યો જાય છે. પરવસ્તુ પ્રત્યેની ઇષ્ટાનિષ્ટ કલ્પના જ એ સઘળા દુઃખોનું મૂળ છે. કારણ એથી જ હાનિ–લાભાદિ પરિણામ જીવને થયા કરે છે. જે સર્વ દુઃખનું મૂળ છે એ પરવસ્તુ પ્રત્યેના હાનિ–લાભાદિ મિથ્યા પરિણામ વિચારી વિચારીને-વિવેકપૂર્વક જીવ ક્ષીણ કરે તો સહેજે સુખી થાય.

જે આ લોકમાં સુખી વા દુઃખી હોય છે તે પરલોકમાં પણ સુખી વા દુઃખી થયા કરે છે :—

**सुखी सुखमिहान्यत्र दुःखी दुःखं समश्नुते ।**
**सुखं सकलसंन्यासो दुःख तस्य विपर्ययः ।।१८७।।**

**જો યહાઁ સુખી વહ વહાઁ સુખી જો યહાઁ દુઃખી વહ વહાઁ દુઃખી;**
**સકલ-ત્યાગ મેં હી સુખ હૈ, વિપરીત-ગ્રહણ મેં મહાદુઃખી. ૧૮૭.**

આ લોક વિષે જે સુખી છે, તે પરલોકમાં પણ સુખને જ પ્રાપ્ત થાય છે તથા આ લોક વિષે જે દુઃખી છે તે પરલોકમાં પણ દુઃખને જ પ્રાપ્ત થાય છે. સર્વ પરવસ્તુના ગ્રહણનો ત્યાગ એ જ વાસ્તવિક સુખનું કારણ છે અને પરવસ્તુનું કિંચિત્ માત્ર પણ ગ્રહણ તે જ દુઃખ છે.

કોઈ જીવ એમ ભ્રમ કરે કે પ્રાપ્ત વર્તમાન સુખ છોડી પરલોકના સુખની ઇચ્છાએ દુઃખ સહન કરવું એ શું યોગ્ય છે? પરલોક તો પરોક્ષ છે, ન માલૂમ ત્યાં શું હશે? અપ્રાપ્ત અને વળી પરોક્ષ સુખની આશામાં પ્રાપ્ત અને પ્રત્યક્ષ સુખ છોડી દુઃખ શા માટે વેઠવું? એવા ભ્રમબુદ્ધિ જીવને દયાળુ ગુરુ સમજાવે છે કે હે જીવ! જે અહીં દુઃખી છે, તે પરલોકમાં પણ દુઃખને જ પામશે તથા જે આલોકમાં સુખી છે, તે પરલોકમાં પણ સુખી જ થશે.

**પ્રશ્ન** :—જો એમ જ હોય તો પછી વિષયાદિ સુખને સેવન કરવાવાળા પરલોકમાં દુઃખને પામે છે અને તપશ્ચરણાદિ દુઃખ સહન કરવાવાળા જીવો પરલોકમાં સુખને પ્રાપ્ત થાય છે—એમ શાસ્ત્ર વિષે વારંવાર પ્રતિપાદન કરવામાં આવે છે, તેનું શું કારણ?

**ઉત્તર** :—હે ભવ્ય! તું બાહ્યસામગ્રીથી સુખી–દુઃખી થવાપણું માને છે, એ જ તારો અનાદિ ભ્રમ છે. વાસ્તવિક તો એમ છે કે આકુળતારહિત પરમશાંત પરિણામ એ જ સુખ અને આકુળતા સહિત પરિણામ એ જ દુઃખ. મોહયુક્તપણે પરદ્રવ્ય ગ્રહણ કરવામાં જીવને વ્યાકુળતા થાય છે; કારણ મોહી જીવ પરદ્રવ્યને ગ્રહણ કરી પોતાનાં કરવા મથે છે, પણ સ્વસ્વભાવે પરિણમન કરી રહેલાં એ પરદ્રવ્યો કોઈ કાળે ગમે તેટલા વિપુલ પ્રયત્ને પણ જીવનાં થતાં નથી. અને તેથી મોહમૂઢ વિવેકશૂન્ય જીવના ચિત્તમાં વ્યાકુળતા ઉત્પન્ન થાય છે. પરિણામની વ્યાકુળતા એ જ દુઃખ છે. તેથી અનંત આકુળતાના કારણરૂપ એ સમસ્ત પરદ્રવ્યો તથા તેની ઇચ્છામાત્ર છોડી વાસ્તવ્ય નિરાકુળ થવું એ જ સુખ છે. આવી દશા પ્રાપ્ત થયે જીવ વર્તમાનમાં પણ સુખી છે. તેમ આગામી કાળમાં પણ તેનું ફળ સુખ જ છે. વળી, પર પદાર્થોના ગ્રહણથી વા ગ્રહણને અર્થે વ્યાકુળતા થવી એ જ દુઃખ છે. અને એવી દશા થયે જીવ વર્તમાનમાં પણ દુઃખી છે તથા ભાવીમાં પણ તેનું ફળ પરમ દુઃખ જ છે.

વિષયાદિ સુખોને સેવવાવાળા જીવો પરલોકમાં દુઃખી થાય છે, એમ શાસ્ત્રકારો ત્યારે શાથી કહેતા હશે? કારણ તમે કહો છો તેમ સુખને સેવન કરવાવાળા જીવો સુખી જ થવા જોઈએ.

હે ભાઈ! એ જીવો ખરેખર સુખને સેવતા જ નથી, પણ એમ કરી માત્ર દુઃખને જ ઉદેરે છે–અનુભવે છે. તૃષ્ણા અને વ્યાકુળતાપૂર્વક વિષયસેવન થાય છે ત્યાં દુઃખ જ છે. ભોગભૂમિયા અને ઇન્દ્રાદિ દેવોને આલોકની અપેક્ષાએ ઘણાં વિષય સુખો છે, પરંતુ તેઓને પ્રાયે તૃષ્ણા થોડી હોવાથી વ્યાકુળતારૂપ દુઃખ પણ પ્રાયે થોડું થાય છે અને તેથી ભાવીમાં પણ તેઓ કુગતિને પ્રાપ્ત થતા નથી. પણ એક રંક મનુષ્ય વિષયસુખ નહીં ભોગવતા છતાં તૃષ્ણા અને તજ્જન્ય વ્યાકુળતારૂપ દુઃખ અતિશય અનુભવતો ભાવીમાં પણ નરકાદિ અત્યંત દુઃખને પ્રાપ્ત થાય છે.

વળી તપશ્ચરણાદિ કષ્ટને સહવાવાળા જીવો પરલોકમાં સુખી થાય છે, એમ શાસ્ત્રકારો શાથી કહેતા હશે? કારણ દુઃખનું ફળ દુઃખ જ હોય એમ આપ કહો છો.

તપશ્ચરણાદિ કષ્ટનું ફળ સુખ છે એમ કહ્યું હોય ત્યાં કષ્ટનું ફળ સુખ છે એમ ના સમજવું. કષ્ટનું ફળ તો કષ્ટ જ હોય એ સિદ્ધાંત છે. પણ કષ્ટ કહેવું કોને? એ જ વિચારણીય પ્રશ્ન છે. સાંભળ—''વ્યાકુળતા એ કષ્ટ અને નિરાકુળતા એ અકષ્ટ અર્થાત્ સુખ'' એ સ્વાનુભવી નિર્ગ્રંથ પુરુષોની પ્રધાન વ્યાખ્યા શું તું ભૂલી જાય છે? તપશ્ચરણાદિ કષ્ટનું ફળ સુખ કહ્યું ત્યાં જરા સૂક્ષ્મદૃષ્ટિથી તું વિચારે તો સમજાશે કે કષ્ટનું ફળ સુખ નહિ પણ સુખનું ફળ જ સુખ કહ્યું છે. સંસાર દશામાં ઇષ્ટાનિષ્ટ પરદ્રવ્યોના ગ્રહણ-ત્યાગની અનંત ઇચ્છાઓ ભ્રાંતિગત પરિણામે ઉદ્ભવ થઈ જીવને અનંત વ્યાકુળતારૂપ દુઃખ અનુભવ કરાવી રહી હતી. તે તે ઇચ્છાઓ ખરેખર દુઃખ જ છે એવી વાસ્તવિક સમજણ થતાં વિવેક જ્ઞાની આત્મા ઇચ્છાનિરોધરૂપ પરમ સુખને અનુભવવા–અભ્યાસવા લાગ્યો. શ્રી જિને કહેલા દ્વાદશ પ્રકારનાં બાહ્યાભ્યંતર તપ ઉક્ત ''ઇચ્છાનિરોધ''નાં રૂપક તથા દશા વિશેષતાઓ છે. શાસ્ત્રકારોએ યથાર્થ તપશ્ચરણ પણ એને જ કહ્યું છે. (इच्छानिरोधस्तप) શાસ્ત્રમાં ''चरण'' એ શબ્દ ઇચ્છાના નિરોધમાં આત્મપરિણામનું અવ્યાકુળપણે રમણ થવાના વાસ્તવ્ય અર્થમાં પ્રયોજ્યો છે. તપશ્ચરણ કરતાં પણ જેના ચિત્તમાં અંતરંગ વિષે સંક્લેષાદિ પરિણામજન્ય દુઃખ નથી થયું, અર્થાત્ વર્ધમાન પરિણામે સંયમજન્ય અનંત અતીન્દ્રિય સુખનો ક્રમે ક્રમે અનુભવ થતો જાય છે, તેને તો એવા તપનું ફળ અનંતર પરંપર સુખ જ છે; પરંતુ જે તપશ્ચરણ કરતાં અન્ય મિથ્યાભ્રાંતિગત પરિણામજન્ય આર્ત્તધ્યાનથી આત્મા દુઃખને અનુભવે છે, તેનું ફળ તપશ્ચરણ કરવા છતાં પણ અનંતર પરંપર દુઃખ જ છે. તેથી આ સિદ્ધાંત છે કે જે જીવો મોહને હણીને વર્તમાનમાં વાસ્તવ્ય સુખને અનુભવે છે તે જ ભાવીમાં પરલોકાદિમાં પણ સુખને જ અનુભવશે તથા જે જીવો મોહ બંધનથી જકડાયા વર્તમાનમાં દુઃખને અનુભવે છે તે ભાવીમાં પણ દુઃખને જ અનુભવશે. દુઃખ અને સુખની જીવને વાસ્તવિક સમજણ જ નથી. કારણ તેનાં જ્ઞાનનેત્ર મોહની ઘૂમીએ કરી વિપરીત પ્રકારે પદાર્થદર્શન કરી રહ્યા છે.

જુઓ, શાસ્ત્રમાં પણ દુઃખ અને શોકાદિથી અશાતાવેદનીકર્મનો બંધ કહ્યો છે. ('दुःखशोकतापक्रन्दनवधपरिदेवनान्यात्मपरोभयस्थानान्यसद्वेद्यस्य'તત્ત્વાર્થસૂત્ર, અ. ૬ સૂ. ૧૧) અને તે

અશાતાના ઉદયથી દુઃખનો જ અનુભવ થાય છે અર્થાત્ દુઃખપૂર્ણ કૃતિ અને પરિણામોથી દુઃખ તેમ સુખપૂર્ણ કૃતિ અને પરિણામોથી સુખ થાય છે એ સિદ્ધાંત સમ્યક્ છે.

હે જીવ! દુઃખનું ફળ સુખ છે, એમ સમજી ભ્રાંતિથી આલોક–પરલોકાદિના વાસ્તવિક સુખના ઉપાયથી પરાંઙ્મુખ ન થા! સાકરનો રસાનુભવ થયા પછી ગોળનો સ્વાદ જેમ અસંતોષરૂપ ભાસે છે, તેમ અનંત અતીન્દ્રિય શાંતરસનો સાક્ષાત્ અનુભવ થયા પછી વિષયિક સુખો ખરેખર વિરસ ભાસે છે; તેથી વિષય સુખથી ઉપેક્ષિત–ઉદાસીન થઈ તેને નહિ અનુભવતાં વિવેકી જ્ઞાની જીવ અત્યાગ પરિણામે (ત્યાગના અભિમાનથી રહિતપણે) ત્યાગ કરે છે અને એવો ત્યાગ કરવામાં તેને દુઃખનો અનુભવ નહિ થતાં યથાર્થ સુખનો અનુભવ વર્તે છે. વિષયની રક્ષા અને તેની પ્રાપ્તિની અનંત વ્યાકુળતારૂપ પરમ દુઃખથી તે જીવ મુક્ત થાય છે, સુખી થાય છે. વિષયાદિ સુખ છોડવામાં કષ્ટ છે, એવો ભય તું ન કર! સત્ય ધર્મના અનંતર પરંપર સુખ જ છે અને એમ જ પ્રવર્તવું એ જ સુવિચાર દૃષ્ટિ છે.

હવે, જન્મ એ પણ મરણ તુલ્ય છે એમ આગળ ગ્રંથકાર કહે છે :—

**मृत्योर्मुत्यन्तरप्राप्तिरुत्पत्तिरिह देहिनाम् ।**
**तत्र प्रमुदितान्मन्ये पाश्चात्त्ये पक्षपातिनः ।।१८८।।**

**એક મરણ સે મરણાન્તર કી પ્રાપ્તિ યહી હૈ જન્મ સુજાન;**
**અતઃ જન્મ મેં હર્ષિત હૈં જો મરણ-સ્નેહી ઉનકો જાન. ૧૮૮.**

આ સંસારમાં દેહધારી પ્રાણીઓને એક મરણથી અન્ય મરણની પ્રાપ્તિનું નામ જન્મ માનવામાં આવે છે, તેનો જેઓને હર્ષ થાય છે તેઓને હું મૃત્યુના જ પક્ષપાતી સમજું છું.

પુત્રાદિના જન્મથી હર્ષ કરીએ છીએ અને તેમના મરણથી શોક કરીએ છીએ. હર્ષના કારણરૂપ એ પુત્રાદિનો જન્મ તે પણ ખરેખર તેમનું મરણ જ છે. કારણ આયુષ્ય નાશનું નામ મરણ છે, તે આયુષ્ય સમય-સમય વિષે ઘટે છે. તેથી, નિરંતર આયુષ્યનો સમયે-સમયે થતો વ્યય તે જ મરણ છે. ફેર માત્ર એટલો કે તે પૂર્વ પર્યાયસંબંધી મરણ છોડી નવીન પર્યાયસંબંધી મરણ ધારણ કરે છે. એવા મરણયુક્ત જન્મનો હર્ષ માનવો એ ખરેખર મરણનો જ પક્ષપાત છે, અનુરાગ છે. જેમના પ્રતિપળે થતા મરણનો તથા મરણયુક્ત જન્મનો મૂઢ દૃષ્ટિ જીવને અનુરાગ છે, તો પછી એ પુત્રાદિથી પ્રેમ છે, હિત સંબંધ છે એમ કેમ મનાય?

દીર્ઘ આયુષ્યધારી ઇન્દ્ર-ચંદ્રાદિ દેવો પણ મરણને શરણ થાય છે, તો પછી કીટક તુલ્ય અશક્ત અલ્પાયુષી મનુષ્ય પ્રાણી મરણને શરણ થાય એમાં શું આશ્ચર્ય! પ્રિય જનના મરણ પાછળ વ્યર્થ દુઃખ નહિ કરતાં જેથી એ વારંવાર થતું અનાદિ મૃત્યુ ટળે એવો કોઈ પ્રયત્ન કર! મરણયુક્ત

જન્મનો હર્ષ અને જન્મયુક્ત મરણનો શોક એ બંને ખરેખર ભ્રાંતિ છે. એવી ભ્રાંતિયુક્ત પ્રવૃત્તિ હે ભવ્ય! તને ન શોભે.

એવી મિથ્યાભ્રાંતિ જેની નથી તૂટી તેનું જ્ઞાન-સંયમાદિ અનુષ્ઠાન આત્માર્થે પ્રવર્તતું નથી.

**अधीत्य सकलं श्रुतं चिरमुपास्य घोरं तपो**
**यदिच्छसि फलं तयोरिह हि लाभपूजादिकम् ।**
**छिनत्सि सुतपस्तरोः प्रसवमेव शून्याशयः**
**कथं समुपलप्स्यसे सुरसमस्य पक्वं फलम् ।।१८९।।**

**યદિ શાસ્ત્રોં કા અધ્યયન કરતા ઘોર તપસ્યા ભી ચિરકાલ,**
**ઉનકે ફલ મેં લાભ ઔર પૂજાદિક કી વાંછયેં પાલ;**
**તપ-તરુ કે હૈ ફૂલ તોડતા હોકર અરે! વિવેક વિહીન,**
**કૈસે પ્રાપ્ત કરેગા રસમય પકે ફલોં કો તૂ મતિહીન? ૧૮૯.**

હે મુનિ! સર્વ શાસ્ત્રાભ્યાસ કરીને તથા ચિરકાળ સુધી ઘોર અને વિકટ તપ કરીને તેના ફળમાં આ લોકનાં માન, પૂજા, ખ્યાતિ અને લાભાદિને તું ઇચ્છે છે; તેથી મને તો સમજાય છે કે તું વિવેક શૂન્ય નિર્બુદ્ધિમાન છે. કારણ તપરૂપી સુંદર ફળાઉ વૃક્ષનાં કુમળાં ફૂલને છેદી તું રાજી થાય છે, પણ એથી મધુર રસયુક્ત સ્વર્ગાદિ અભ્યુદયરૂપ પકવ ફળને ક્યાંથી પામીશ?

જેમ કોઈ ઘણા કાળ સુધી અતિ કષ્ટ વેઠી ઘણી મહેનતે સુંદર વૃક્ષને ઉછેરે, સૃષ્ટિક્રમના નિયમાનુસાર પુષ્પ-પત્રાદિ થઈ પછી ક્રમે કરી તેમાંથી સુંદર ફળો નીપજે, પણ જે મૂઢબુદ્ધિ તે પુષ્પ પત્રાદિને છેદી અંગીકાર કરે–ખુશી થાય તેને એ વૃક્ષનાં મધુર અને મિષ્ટ ફળોની પ્રાપ્તિ ક્યાંથી થાય?–ન જ થાય.

શાસ્ત્રાભ્યાસ તથા તપશ્ચરણનું ઇહલૌકિક ફળ લાભ, પૂજા, ખ્યાતિ, માન આદિ છે, ભક્ત જીવો તેના મનોરથ સાધે અથવા રિદ્ધિ-ચમત્કારાદિ ઉત્પન્ન થાય, લોકોમાં મહંતતા, પૂજ્યપણું એ આદિ પૂજા-પ્રતિષ્ઠા વધે એ આદિ ફળ તો આલોકમાં સહેજે પ્રાપ્ત થાય છે. કેટલોક સમય વીત્યે એથી સ્વર્ગાદિ અભ્યુદયની પણ વિના પ્રયાસે કે વિના ઇચ્છાએ સ્વયં પ્રાપ્તિ થાય છે; પણ જે સાધુ પોતાની પૂજા, ખ્યાતિ, લાભાદિ ઇચ્છાપૂર્વક–અનુરંજિતચિત્ત અંગીકાર કરે, રિદ્ધિ–ચમત્કારાદિ ઇચ્છે, પોતાના અનુયાયીઓ પાસેથી કંઈ પણ મેળવવા ઇચ્છે, તેમનાં આપેલા ધનાદિને અંગીકાર કરે અથવા એ મળતાં સંતુષ્ટ ચિત્ત થાય, માનપૂર્વક મહંતપણું લોકોમાં ગણવા ઇચ્છે વા પોતાનું મહંતપણું લોકોમાં પ્રસિદ્ધિમાં આવતાં હર્ષચિત્ત થાય તેવા વિવેકશૂન્ય વિકલચિત્ત સાધુ તથારૂપ પ્રારબ્ધોદય હોય ત્યાં સુધી માત્ર સંસારિક કિંચિત્ સુખરૂપ ફળને પામીને પરમ શાશ્વત સુખરૂપ વાસ્તવ્ય ફળથી વંચિત રહે છે. હે મુનિ! શાસ્ત્રાભ્યાસ તથા તપશ્ચરણાદિ પરમ સાધન કરીને તું

લાભ, પૂજા આદિનો અભિલાષી ન થા! અને સર્વોત્કૃષ્ટ પ્રાપ્ત મુનિપદને મલિન ન કર! એ લાભ, પૂજા આદિ તો વિના ઇચ્છાએ કે વિના વ્યાકુળતાએ સ્વયમેવ પ્રાપ્ત થાય છે તો પછી આત્મપરિસંતુષ્ટ મુનિ તેને કેમ વાંચ્છે? વળી, ઇચ્છા એ જ મૂળમાં દુઃખ છે. અમૃતસાગરના અવલોકન સુખને મૂકી અનંત વ્યાકુળતાના સ્થાનરૂપ એવા એ ઇચ્છારૂપ દુઃખને બુદ્ધિમાન વિવેકી સાધુ તો ન વ્હોરે.

જ્ઞાન અને તપનું વાસ્તવિક ફળ :—

**तथा श्रूतमधीष्व शश्वदिह लोकपंक्तिं विना**
**शरीरमपि शोषय प्रथितकायसंक्लेशनैः ।**
**कषाय विषयद्विषो विजयसे यथा दुर्जयान्**
**शमं हि फलमामनन्ति मुनयस्तपः शास्त्रयोः ।।१९०।।**

**કરો નિરન્તર શ્રુતાભ્યાસ તુમ લોક પ્રતિષ્ઠા સે નિરપેક્ષ,**
**કરો દેહ કા શોષણ ભી ધારણ કરકે તુમ કાય-ક્લેશ;**
**ક્યોંકિ મહામુનિ તપ અરુ શ્રુત કા ફલ કહતે હૈં ઉપશમ ભાવ,**
**ઇસસે જીત સકો, દુર્જય શત્રુ જો વિષય-કષાય વિભાવ. ૧૯૦.**

હે ભવ્ય! તું લોક સહવાસ છોડી નિરંતર જિન પ્રવચનનો અભ્યાસ કર! વિસ્તાર પૂર્વક કાયક્લેષાદિ તપ વડે શરીરને કૃષ કર, પરંતુ સાથે-સાથે જે અતિશય દુર્જય છે એવા વિષય કષાયરૂપ પ્રબળ વૈરીને જીત. મુનિશ્વરોએ તપ અને શાસ્ત્રાભ્યાસનું વાસ્તવ્ય ફળ ઉપશમભાવ છે એમ કહ્યું છે.

કેવળ શાસ્ત્રાભ્યાસ કે તપ આત્માર્થે કાર્યકારી નથી, પરંતુ કાર્યકારી તો ઉપશમભાવ છે. શાસ્ત્રાભ્યાસથી તત્ત્વજ્ઞાન અને હેયોપાદેયનો બોધ થાય છે તથા સમ્યકૃતપશ્ચરણથી ઇચ્છાનો જય થાય છે. જેઓ તત્ત્વાવબોધથી કષાયને ઘટાડે તથા તપ વડે ઇષ્ટ–અનિષ્ટ સામગ્રીની પ્રાપ્તિ-અપ્રાપ્તિમાં રાગદ્વેષ પરિણામે નહિ પરિણમતાં કષાયનો ક્ષય કરે છે તથા ઉપશમભાવમાં પ્રવર્તે છે, તેઓનાં શાસ્ત્રાભ્યાસ અને તપ સફળ છે, આત્માર્થે છે.

શાસ્ત્રાભ્યાસ વા તપશ્ચરણાદિ વડે જેઓ માત્ર વિષય-કષાયને જ પોષે છે, ઐહિક પ્રયોજનાદિ સાધે છે, તેઓ શાસ્ત્રાભ્યાસ તથા ઉગ્ર તપશ્ચરણાદિ કરવા છતાં લોકપંક્તિમાં જ રહ્યા છે. જેમ વ્યાપારાદિ કરી અન્ય સંસારી જીવો લક્ષ્મી–વિષયાદિ સાધે છે, તેમ શાસ્ત્રાભ્યાસ તપશ્ચરણાદિ કરીને પણ એ જ કર્યું. બંનેનું સાધ્ય તો (માન, પૂજા, ખ્યાતિ અને લોભાદિ) એક જ છે. સાધન ભલે ભિન્ન રહ્યાં, તેથી શું? ઉપશમભાવની પ્રાપ્તિ વિના, અથવા આ અનુષ્ઠાન કરીને પરિણામે મારે ઉપશમભાવરૂપ પરમશાંત નિજપદનો અનુભવ કરવો છે એ હેતુ વિના થતો

શાસ્ત્રાભ્યાસ વા કાયક્લેષાદિ ઉગ્ર ઉગ્ર તપશ્ચરણ એ પણ માત્ર સંસાર જ છે. પછી તેને ગમે તે આકારમાં ફેરવો, પણ હેતુના સમ્યક્પણા સિવાય આત્માર્થ તો નથી. એવી લૌકિક પ્રવૃત્તિ કરી જીવ અલૌકિક પદને ક્યાંથી સાધી શકે?

**પ્રશ્ન** :—વ્યાપારાદિ પ્રવૃત્તિ સાથે શાસ્ત્રાભ્યાસ અને તપની સરખામણી કરી એ ઠીક નથી. કારણ વ્યાપારાદિ વિષે હિંસાદિ પાપ થાય છે, પણ ઉક્ત ધર્મ પ્રવૃત્તિઓમાં એ હિંસાદિ પાપ તો નથી. તેથી એ વ્યાપારાદિ પ્રવૃત્તિઓથી તો એ તપ શાસ્ત્રાદિ ભલાં છે?

**ઉત્તર** :—ના; વ્યાપારાદિ વિષે બાહ્ય દૃષ્ટિથી જોતાં વિશેષ પાપ દેખાય છે, એ વાત ખરી, પણ આવા હેતુવિપર્યાસરૂપ કુત્સિત માયાયુક્ત અભિપ્રાયથી થતા શાસ્ત્રાભ્યાસ અને તપમાં તો કેવળ અંતરંગ પાપની વિશેષતા છે. બાહ્ય કરતાં અંતરંગની વિશેષતા છે–પ્રબળતા છે, તેથી વ્યાપારાદિ કરતાં તેને અતિશય નિંદ્ય ગણ્યાં.

અલ્પ પણ વિષયાભિલાષપણું સુખનું વિઘાતક છે :—

**दृष्ट्वा जनं व्रजसि किं विषयाभिलाषं**
**स्वल्पोप्यसौ तव महज्जनयत्यनर्थम् ।**
**स्नेहाद्युपक्रमजुषो हि यथातुरस्य**
**दोषो निषिद्धचरणं न तथेतरस्य ।।१९१।।**

**લૌકિક વિષયીજન કો લખ ક્યોં કરતા વિષયોં કી વાંછા,**
**મહા અનર્થ કરે, યદિ અલ્પ હોય તો ભી યહ વિષયેચ્છા;**
**હોતી રોગી કો ઘૃતમય સ્નિગ્ધાદિ વસ્તુયેં સદા અસેવ્ય,**
**જૈસા દોષ ઉસે ઉપજાવેં અન્યોં કો નહિં વૈસા ખેદ. ૧૯૧.**

જેમ રોગીને સચ્ચીક્કણ ઘૃતાદિ અલ્પ પણ કુપથ્ય સેવન માત્ર રોગની જ અભિવૃદ્ધિ કરે છે, પરંતુ એ કુપથ્ય વર્જી યોગ્ય ઔષધીનું સેવન કરે તો રોગ ઉપશાંત પામે. તેમ, હે ભવ્ય! અલ્પ પણ વિષયાભિલાષપણું અનર્થકારક ભયંકર વ્યાકુળતારૂપ રોગની વૃદ્ધિ કરે છે. પરંતુ એ વિષયાભિલાષપણારૂપ કુપથ્યને છોડી નિર્ગ્રન્થ પુરુષોના પવિત્ર વચનામૃતરૂપ પરમૌષધને તથારૂપ પ્રકારે તું ગ્રહણ કરે તો એ અનાદિ આકુળતારૂપ રોગ ઉપશાંત પામે. અનાદિ સંસાર-રોગથી છૂટવાના કામી જીવને વિષયાદિ પ્રત્યેનો થોડો પણ સ્નેહ મહા અનર્થકારક અને દુઃખરૂપ થાય છે. વિષયાદિ પ્રત્યેનો કિંચિત્ મોહ જ્ઞાનજઠરાગ્નિને મંદ કરે છે. જેથી કર્મબંધનરૂપ ત્રિદોષ ઉત્પન્ન થઈ અનાદિ સંસાર રોગ વધે છે, પુષ્ટ થાય છે. વિષય અને વિષયના સાધક ચેતન અચેતન પદાર્થોને જોઈને તેમાં તારી બુદ્ધિને ફસાવીશ નહી–રાગી દ્વેષી કરીશ નહિ.

વળી, એ વિષયાદિ પ્રત્યે ચાહે તેટલી અભિલાષા રાખો પણ તેથી શું તેની પ્રાપ્તિ થાય છે? ના. પ્રારબ્ધાધીન એવા એ વિષયાદિ સાધક પદાર્થોની પ્રાપ્તિ પરાધીન અને વિનાશક છે. તો પછી સ્વાધીન અને શાશ્વત્ આત્મસુખને વિસ્મરણ કરી વાટે જતું એ અભિલાષારૂપ પ્રત્યક્ષ દુઃખ કેમ વહોરી લેવું? સુબુદ્ધિમાન વિવેકી જીવ એમ ન જ કરે.

દુઃખદાયક વસ્તુઓ પ્રત્યે પ્રાણીમાત્રને સહેજે અરુચિ વર્તે છે, તો પછી અનંત દુઃખના હેતુરૂપ વિષયોની અભિલાષા સદ્વિવેકવાન જીવને કોઈ પ્રકારે કરવી ન ઘટે.

એ જ ભાવને ગ્રંથકાર સમર્થન કરે છે :—

**अहितविहितप्रीतिः प्रीतं कलत्रमपि स्वयं**
**सकृदपकृतं श्रुत्वा सद्यो जहाति जनोप्ययम् ।**
**स्वहितनिरतः साक्षाद्दोषं समीक्ष्य भवे भवे**
**विषयविषवद्-ग्रासाभ्यासं कथं कुरुते बुधः ।।१९२।।**

**અહિત વિષય મેં અનુરાગી ભી પ્રિય નારી તજતા તત્કાલ,**
**એક બાર ભી સુન લેતા હૈ યદિ વહ ઉસકી ખોટી ચાલ;**
**દોષ દેખતા વિષયોં કે ભવ-ભવ નિજ-હિત-રત સાક્ષાત્,**
**તો ભી વિષયરૂપ વિષ-મિશ્રિત ભોજન કા ક્યોં લેતા સ્વાદ! ૧૯૨.**

જગતમાં અજ્ઞાની મનુષ્યો પણ પોતાને અહિતકારી વસ્તુઓમાં પ્રેમ ધરાવતાં નથી. જેઓ વિષય-ભોગાદિમાં ફસાઈ રહ્યા છે તેવા વિષયાદિમાં ફસાઈ રહેલા મનુષ્યો પણ જે વસ્તુઓને અહિતકર સમજે છે તેને તુરત જ છોડી દે છે. જુઓ, સ્ત્રી એ તેમને અત્યંત પ્રિય વસ્તુ છે, પણ જો એક વખત જાણવામાં આવે કે આ સ્ત્રી મને છોડી કોઈ અન્યને ચાહે છે, અન્યથી રમે છે, તો તે જ વખતે તેને તે છોડી દે છે. પણ તું તો વિષયોની ભયંકરતા સાક્ષાત્ અનુભવ કરી ચૂક્યો છે, એકવાર નહિ પણ વારંવાર અનેક ભવોમાં એ જ કડવો અનુભવ કરતો આવ્યો છે, તો પણ તેથી તું કેમ વિરક્તચિત્ત થતો નથી? ભોજનમાં વિષ છે એમ માલૂમ પડ્યા પછી ક્યો વિવેકી મનુષ્ય તેને ગ્રહણ કરે? વિષયો એ વિષથી પણ ભયંકર દુઃખપ્રદ છે, છતાં તું એ જ વિષયફંદમાં પડવા ઇચ્છે છે. સાંભળ :—

**आत्मन्नात्मविलोपनात्मचरितरौसीद्दुरात्मा चिरं**
**स्वात्मास्याः सकलात्मनीनचरितैरात्मीकृतैरात्मनः ।**
**आत्मेत्यां परमात्मतां प्रतिपतन्प्रत्यात्मविद्यात्मकः**
**स्वात्मोऽत्थात्मसुखो निषीदसि लसन्नध्यात्ममध्यात्मना।।१९३।।**

**આત્મ-વિનાશક આચરણોં સે હુઆ દુરાત્મન્ તૂ ચિરકાલ,**

**નિજ હિતકારી આચરણોં સે ઉત્તમાત્મા હો તત્કાલ;**

**સ્વયં સાધ્ય પરમાત્મરૂપ હોકર પાએગા કેવલજ્ઞાન,**

**નિજ સે હી ઉત્પન્ન અતીન્દ્રિય સુખ ભોગેગા તૂ ભગવાન. ૧૯૩.**

હે આત્મન્! આત્મબોધનો વિનાશ કરવાવાળા એ વિષય-કષાયાદિમાં પ્રવૃત્ત થઈ તું અનંત કાળથી દુરાચારી બની રહ્યો છે. અગર આત્મકલ્યાણને સાધ્ય કરવાવાળા સમ્યગ્જ્ઞાન વૈરાગ્યાદિને પ્રીતિપૂર્વક અંગીકાર કરે તો તું અંતરાત્મદશાને પ્રાપ્ત થઈ પરમાત્મદશારૂપને પામી સહજ સ્વાભાવિક પરમ અતીન્દ્રિય શુદ્ધાત્મસ્વભાવરૂપ શાશ્વત્ સુખને પામીશ કે જે સુખ અન્ય અવલંબનોથી રહિત સ્વાધીન છે.

હે જીવ! તને તારા સ્વરૂપનો પણ એ વિષય-કષાયાદિ યોગે કરીને બોધ નથી, કે હું કોણ છું? કેમ પ્રવર્તું છું? હવે તો કંઈક એવી રીતે પ્રવર્ત કે જેથી તું વાસ્તવિક સુખી થાય અને તને તારા યથાર્થ સ્વરૂપની ઓળખ થાય. જ્યાં સુધી બહિરાત્મદશા વર્તે છે, ત્યાં સુધી તું વિષય કષાયાદિમાં અનુરક્ત થઈ દુશ્ચારિત્રી બની રહ્યો છે; પરંતુ સર્વ કલ્યાણદાતા એવા સમ્યક્જ્ઞાન વૈરાગ્યાદિને પ્રીતિ સહિત સેવન કરે તો તું અંતરાત્મદશાને પામી પરમાત્મપદનો અનુભવી થાય.

**जो पद भवपद भय हरे, सो पद सेव्य अनूप;**

**जिस पद फरसत और पद, लगे आपदा रूप ।** (ભાષા સમયસાર)

જન્મ–મરણરૂપ અનંત દુઃખપ્રદ અનાદિ ભવ-પરિભ્રમણનો ભય હરનાર એવા અનુપમ પદનું પ્રીતિ પૂર્વક સેવન કર! જે પદનો જીવને સહજ માત્ર સ્પર્શ થતાં જગતનાં બીજાં વિનાશી અને પરાવલંબી પદો કેવળ આપદારૂપ અનુભવાશે અને અંતે ક્રમે કરી કેવળ વિશુદ્ધ જ્ઞાનાનંદરૂપ સ્વસ્વભાવનો શાશ્વત્ અનુભવ કરતો અનંત અતીન્દ્રિય સુખમાં તું નિમગ્ન થઈશ.

એ આનંદ ત્યાં સુધી તને નથી મળી શકતો કે જ્યાં સુધી તું તારા શરીર ઉપર પ્રીતિ કરી મૂઢ બની રહ્યો છે. શરીર ઉપરનો રાગ એ પરમાનંદ દશાનો વિઘાતક છે અને શરીર ઉપર જ્યાં સુધી જીવને રાગ વર્તે છે ત્યાં સુધી તે (શરીર) આત્માને અબાધિત રાખીને ક્યાંથી છૂટે?

**अनेन सुचिरं पुरा त्वमिह दासवद्वाहित–**

**स्ततोऽनशनसामिभक्तरसवर्जनादिक्रमैः ।**

**क्रमेण विलयावधि स्थिरतपोविशेषैरिदं**

**कदर्थय शरीरकंरिपुमिवाद्य हस्तागतम् ।।१९४।।**

**ઇસ શરીર ને બહુત ભ્રમાયા દાસ સમાન તુઝે ચિરકાલ,**
**અબ તુમ અનશન ઊનોદર-રસ-ત્યાગ વિધિ ધારો તત્કાલ;**
**તપ વિશેષ તુમ કરો નિરન્તર આયુ કર્મ કા હો અવસાન,**
**કરો દેહ કો ક્ષીણ આજ તુમ હુએ હસ્તગત શત્રુ સમાન. ૧૯૪.**

એ શરીરે જ તને અનંત કાળ સુધી આ જગતમાં ગુલામની માફક ભમાવ્યો છે. ઉપવાસ, અલ્પાહાર, રસપરિત્યાગાદિ વિધિરૂપ તપમાં પ્રવર્તી નિરંતર ક્રમે ક્રમે હવે તો એને ક્ષીણ કર! જેમ કોઈ ઘણી મહેનતે અને અચાનક હાથમાં આવેલા શત્રુને ક્ષીણ કરે, તેમ તું પણ ઘણી મહેનતે અને અચાનક હાથમાં આવેલા મનુષ્યશરીરને સમ્યક્ પ્રકારે ક્ષીણ કર! કારણ એના સંબંધથી જ તું અનેક ભવોમાં કદર્થિત થયો છે–દુઃખી દુઃખી થયો છે અને વર્તમાનમાં પણ એના સંગજનિત દુઃખને તું પ્રત્યક્ષ અનુભવી રહ્યો છે. જ્યાં સુધી એ શરીરનો સર્વથા નિર્બીજ નાશ ન થાય, ત્યાં સુધી તેને તું ક્ષીણ કરી તારો એ દુષ્ટ શરીર ઉપરનો પૂરો બદલો લઈ લે; અથવા તું એને એવું ક્ષીણ કર કે જેથી એ તારા કરતાં અધિક બળવાન ન થાય. અગર જો તે તારાથી વિશેષ બળવાન થયું તો ઇન્દ્રિય તથા મન દ્વારા એ દુષ્ટ શરીર તને વિષય-કષાયાદિમાં ફસાવી નષ્ટભ્રષ્ટ કરી નાખશે. તારી અમૂલ્ય સ્વાધીનતાને લૂંટી અનંતકાળને માટે તને પરાધીન બનાવી મૂકશે.

તું નિશ્ચયથી માન કે આ શરીર એક દુષ્ટ શત્રુના જેવું છે. શત્રુ જેમ હાથમાંથી છૂટ્યા પછી ફરી કાબુમાં આવવો અત્યંત મુશ્કેલ છે. તેમ એ મનુષ્ય શરીર પણ એકવાર અબોધ પરિણામે છૂટ્યા પછી હાથમાં આવવું મુશ્કેલ છે, આત્મબોધ શરીરને કાબુમાં રાખવાનો એક અમોઘ મંત્ર છે. વળી, આ શરીર તે આત્મબોધથી વંચિતપણે છૂટ્યા પછી એટલું જ્ઞાનબળ તારી પાસે નહિ રહે કે જેથી તું ફરી એને તારે વશ કરી શકે! તેથી જ આ અમૂલ્ય અવસરે તેની તારા ઉપરની સત્તાને નિર્બળ કર!

જે કાંઈ દુઃખની પરાકાષ્ઠા જોવામાં આવે છે, તેનું મૂળ શરીર જ છે. સાંભળ :—

**आदौ तनोर्जननमत्र हतेंद्रियाणि**
**काङ्क्षन्ति तानि विषयान् विषमाश्च मानः ।**
**हानिप्रयासभयपापकुयोनिदाः स्थु–**
**मूल ततस्तनुनर्थपरम्पराणाम् ।।१९५।।**

**પ્રથમ દેહ કા જન્મ, દેહ-થિત દુષ્ટ ઇન્દ્રિયાઁ ચાહેં અર્થ,**
**ઉનસે ભય અપમાન કુગતિ, યહ તન પરમ્પરા મૂલ અનર્થ. ૧૯૫.**

સર્વથી પ્રથમ શરીરની ઉત્પત્તિ થાય છે. શરીરની ઉત્પત્તિ થતાં દુષ્ટ ઇન્દ્રિયો પ્રગટ થાય છે. ઇન્દ્રિયો વિષયોની તરફ ઝૂકે છે. એ ઇન્દ્રિયો વિષયાદિ તરફ ઝૂકતાં જીવને અનેક પ્રકારનાં કષ્ટ, અપમાન અને ભય નિરંતર સહજ કરવાં પડે છે. જે અસહ્ય વ્યાકુળતામાં આત્મબોધનું વિસ્મરણ થવાથી જીવ અજ્ઞાની મૂઢ સદૃશ બની જાય છે તથા અનેક પ્રકારનાં ચિત્ર-વિચિત્ર પાપોનો સંચય કરી દુર્ગતિનું પાત્ર બને છે. તેથી, સિદ્ધ થાય છે કે જગતમાં અનેક પ્રકારની આપત્તિ–વિપત્તિનું તથા સર્વ અનર્થ પરંપરાનું મૂળ માત્ર શરીર જ છે.

શરીર જો ન હોય તો ઇન્દ્રિયો પણ ક્યાંથી? ઇન્દ્રિયોના અભાવમાં જીવને વિષયાદિ તરફ કોણ ઝૂકાવત? તેથી તે ન વિષયાદિમાં ફસાત કે ન તેને અનેક પ્રકારનાં અપમાન, ભય અને ક્લેશાદિ સહન કરી દુર્ગતિના કારણરૂપ પાપસંચય થઈ દુર્ગતિગામી બનવું પડત. તેથી, આ વાત સિદ્ધ છે કે જગતની સઘળી આપત્તિ અને અનર્થ-પરંપરાનું મૂળ કારણ પ્રાયે શરીર જ છે. ફલિતાર્થ એ છે કે શરીરથી એક વખત જો સમ્યક્પ્રકારે રાગ છૂટી જાય તો એક દિવસ શરીરની સોબતનો જ સર્વથા જીવને અભાવ થાય અને શરીરનાં અભાવમાં સર્વ અસહ્ય દુઃખોનો અભાવ થાય.

જુઓ, શરીરને પોષણ કરી મૂઢ અને અજ્ઞાની જીવો શું કરી રહ્યા છે! :—

**शरीरिमपि पुष्णन्तिः सेवन्ते विषयानपि ।**
**नास्त्यहो दुष्करं नृणां विषद्वाच्छन्ति जीवितम् ।।१९६।।**

**તન કો પુષ્ટ કરેં અજ્ઞાની વિષયોં કા સેવન કરતે;**
**કુછ ભી દુષ્કર ઇન્હેં નહીં વિષ સે જીવન આશા રખતે. ૧૯૬.**

અહો! જગતમાં મૂર્ખ જીવોને શું મુશ્કેલ છે? તેઓ જે અનર્થ કરે તેનું આશ્ચર્ય નથી, પણ ન કરે તે જ ખરેખર આશ્ચર્ય છે. શરીરને પ્રતિદિન પોષે છે, સાથે સાથે વિષયોને પણ તેઓ સેવે છે. એ મૂર્ખ જીવોને કાંઈ પણ વિવેક નથી કે વિષપાન કરી અમરત્વ ઇચ્છે છે! સુખ વાંચ્છે છે! અવિવેકી જીવોને કાંઈ પણ વિવેક કે પાપનો ભય નથી, તેમ વિચાર પણ નથી. વિના વિચારે ઝટ તેઓ અકાર્યમાં પ્રેરાય છે; પણ પંડિત અને સદ્વિવેકવાન જીવો શરીર પ્રત્યે અધિક પ્રેમ કરતા નથી, નાના પ્રકારની ભોજન સામગ્રી વડે તેને યદ્વાતદ્વા પોષતા નથી. વિષયો સેવતાં કે અકાર્ય સન્મુખ થતાં તેઓ ડરે છે–સંકોચાય છે, પણ મોહ મૂઢ જીવો તે વિષયાદિને વિના સંકોચે ઉલ્લાસ પૂર્વક સેવે છે તથા સાથે શરીરને પણ અત્યંત પ્રેમ પૂર્વક પોષ્યા કરે છે અને નહીં કરવાયોગ્ય પાપકર્મ યોગ્યાયોગ્ય કે હિતાહિતનું ભાન ભૂલી અશક્તિપણે કરે છે. આશ્ચર્ય છે કે તેઓ હળાહળ વિષપાન કરી આરોગ્ય અને જીવન ઇચ્છે છે! એવા જીવો ખરેખર નિતાંત મૂર્ખ છે.

અહો! તપસ્વી પુરુષો પણ શરીર નાશથી નિરંતર ડરે છે, એ આ નિકૃષ્ટ કળિકાળનું માહાત્મ્ય છે!

**इतस्ततश्च त्रस्यन्तो विभावर्यां यथा मृगाः ।**
**बनाद्विषन्त्युपग्रामं कलौ कष्टं तपस्विनः ।।१९७।।**

**વન મેં ઇધર-ઉધર ભ્રમ કર ફિર નિકટ ગ્રામ કે બસેં અહો!**
**રાત્રિ કાલ મેં મૃગ સમાન, તપસી કલિ મેં હા કષ્ટ અહો. ૧૯૭.**

મૃગ સર્વ જાનવરોમાં બીકણ પ્રાણી છે. આખો દિવસ જંગલમાં જ્યાં ત્યાં ભ્રમણ કરી અનેક કષ્ટ સહન કરી રાત્રિ સમય થતાં વનચર હિંસક પ્રાણીઓના ડરથી ગામની આસપાસ આવી છુપાય જાય છે. બસ એવી જ દશા આ કળીકાળના તપસ્વી મહાત્માઓની વર્તી રહી છે. તેઓ દિવસમાં ચાહે જંગલોમાં રહે, અનેક પ્રકારના ઉગ્ર કાયક્લેષાદિ સહન કરે, પરંતુ રાત્રિ સમય થતાં ગામની સમીપ સ્થાનમાં આવી વાસ કરે છે. પશુઓમાં પણ જે કાયર છે તે જ બિચારા ડરે છે–છુપાય છે, પરંતુ સિંહાદિ બળવાન પ્રાણીઓ તો સદા નિર્ભયપણે જ જંગલમાં વિચરે છે. નિર્ભય મનુષ્યોમાં મુનિજનો અત્યંત નિર્ભય ગણાય, પણ અહો કળિકાળ! એમને પણ અતિશય દુઃખપ્રદ અને નાશવાન શરીર ઉપર આટલો બધો પ્રેમ! શરીરનું મમત્વ ભૂલી આત્મઐશ્વર્યને સ્પષ્ટ વ્યક્ત કરનાર, નિઃશંકતા અને નિર્ભયતાદિ ગુણોની સિદ્ધિમાં સહાયક ગિરિકંદરા, વિષમ વન, નદીતટ અને એવાં નિર્જન પ્રદેશોમાં એમણે વસવું એ જ યોગ્ય છે.

શરીર પ્રત્યેની અનુરાગ ભરી મૂઢતા સાથે બીજી પણ તેમની દુર્દશા બની રહી છે, તે તો જુઓ :—

**वरं गार्हस्थ्यमेवाद्य तपसो भावि जन्मनः ।**
**सुस्त्रीकटाक्षलुण्टाकैर्लुप्तविराग्यसंपदः ।।१९८।।**

**આજ કિયા તપ કલ લુટ જાએ, નારી નેત્ર-કટાક્ષોં સે;**
**હો વિલુપ્ત વૈરાગ્ય, શ્રેષ્ઠ ગૃહ, જન્મ વિવર્ધક ઇસ તપ સે. ૧૯૮.**

સૌંદર્યમાન સ્ત્રીઓના કટાક્ષરૂપ લૂંટારાઓ વડે જેમની જ્ઞાનવૈરાગ્ય સંપદા લૂંટાઈ રહી છે અને તેથી જેમના ભાવીમાં સંસારપરિભ્રમણને જ નિમિત્ત થયું છે એવા તપ કરતાં તો ગૃહસ્થાશ્રમ શ્રેષ્ઠ છે.

આજ તો વૈરાગ્યપૂર્વક મોટી ધામધૂમથી દીક્ષિત બન્યા તપસ્વી પણ સવાર થતાં જ તેઓ સ્ત્રીકટાક્ષરૂપ લૂંટારાઓથી સહજ માત્રમાં વૈરાગ્યરૂપ સંપદાથી લૂંટાઈ ગયા. એવા તપસ્વી કરતાં તો ગૃહસ્થાશ્રમ જ શ્રેષ્ઠ છે. જેમનો તપ અને વૈરાગ્ય એટલો બધો શિથિલ છે કે પૂરો દિવસ-બે દિવસ પણ ટકી શકતો નથી, તેઓથી સંસારનો ઉચ્છેદ થવો કેવળ અસંભવિત છે. એવા તપ વૈરાગ્ય કે જે વાસ્તવ્ય આત્મબોધ વાસિત નથી, તથા પ્રકારે આત્મદશાએ પરિણત નથી, તે માત્ર

સંસાર વૃદ્ધિના હેતુરૂપ થાય છે. તેથી, એવા મલિન તપાદિ કરતાં નિર્મળ ગૃહસ્થાશ્રમ શ્રેષ્ઠ છે. જુઓ :—

**गृहस्थो मोक्षमार्गस्थो निर्मोही नैव मोहवान् ।**
**अनगारो गृही श्रेयान् निर्मोहो मोहिनो मुनेः ।।**

(સ્વામી સમંતભદ્ર)

અવિરત–વિરત સમ્યક્ મોક્ષમાર્ગમાં સ્થિત એક ઉજ્જ્વળ વૃતિમાન ગૃહસ્થ પેલા મોહ મૂઢ કરતાં નિર્મોહ પરિણામી છે. પણ એ નિર્મોહ ગૃહસ્થ કરતાં અનગાર વેષને ધારણ કરી રહેલો મોહી મુનિ કોઈ રીતે કલ્યાણનું કારણ નથી.[1]

હે જીવ! જે શરીરના યોગથી તું વારંવાર સ્ત્રી આદિનો અનુરાગી થઈ દુઃખી થઈ રહ્યો છે, તે શરીરાદિ તો તારી સાથે એક ડગલું પણ જતાં નથી. તેથી એ શરીરાદિનો સ્નેહ તું ત્યજ :—

**स्वार्थभ्रंशं त्वमविगणयंस्त्य त्यक्तलज्जाभिमानः**
**संप्राप्तोऽस्मिन् परिभवशरतैर्दुःखमेवतत्कलत्रम् ।**
**नान्वेति त्वां पदमपि पदाद्विप्रलब्धोऽसि भूयः**
**सख्यं साधो यदि हि मतिमान्माग्रहीर्विग्रहेण ।।१९९।।**

**આત્મ-પ્રયોજન સે વંચિત હો ત્યાગી લજ્જા અરુ અભિમાન,**
**ભવ-ભવ મેં દુઃખ પાયે હૈં નારી કે કારણ તૂને જાન;**
**યહ તન અરુ નારી જાયેં નહિં એક કદમ ભી તેરે સાથ,**
**બુદ્ધિમાન! મત કરો મિત્રતા ઇસ તન અરુ નારી કે સાથ. ૧૯૯.**

હે મુનિ! આત્મીય કલ્યાણ સાધ્ય કરવું એ તારું મુખ્ય પ્રયોજન છે, પણ શરીરના રાગે એ હેતું વિસ્મરણ થવાથી વાસ્તવિક આત્મકલ્યાણ પણ નષ્ટ થયું, છતાં તે નુકશાન તારા ધ્યાનમાં આવતું નથી. ઉલટો લજ્જા અને અપમાનને પણ નહિ ગણકારતાં રમણીય સ્ત્રીની શોધખોળમાં તું લાગ્યો. કવચિત્ તે સ્ત્રી મળી ગઈ તો પણ તેના અર્થે અનેક પ્રકારનાં લજ્જા–અપમાનાદિ વિપુલ કષ્ટ સહન કરવા છતાં તે સ્ત્રી એક પગલું પણ તને સાથ આપવાની નથી. એમ હોવા છતાં તું

१. वरं दारिद्रयमन्यायप्रभवाद्विभवादिह ।
कृषताभिमतादेहे पीनता न तु शोकतः ।।
અર્થ –અન્યાયપૂર્વક ધનવાન બનવા કરતાં એ દરિદ્રાવસ્થા જ ભલી છે. જેમ સુજનપુરુષને અન્યાય પ્રવૃત્ત સ્થૂલશરીરી બનવા કરતાં કૃપશરીર ઠીક લાગે છે.

એનાથી વિમુગ્ધ ચિત્ત બની રહ્યો છે, એનું શું કારણ? તારી આટલી બધી આત્મીય દુર્દશા શાથી થઈ એ તને ખ્યાલમાં આવે છે? અમને તો સ્પષ્ટ લાગે છે કે માત્ર એક શરીરના રાગથી. જો તારામાં થોડો પણ સદ્‌બુદ્ધિનો અંશ હોય તો તું શરીરનો કિંચિત્ પણ રાગી ન થા.

શરીર ઉપરનો અનુરાગ ધીરે-ધીરે ક્ષીણ કરવાથી એ અનુરાગજન્ય પાપકર્મો પણ ધીરે ધીરે ક્ષીણ થશે. અંતે ક્રમે કરીને શરીરનો સંબંધ પણ આત્યંતિકપણે નષ્ટ થઈ સર્વ આપત્તિનો નાશ થશે.

જ્યાં સુધી અજ્ઞાન–મોહ વર્તે છે, ત્યાં સુધી શરીર, લક્ષ્મી તથા સ્ત્રી, પુત્રાદિ પ્રત્યે રાગ રહ્યા કરે છે. કારણ જીવે મોહમુગ્ધ બની તેને પોતાનું સ્વરૂપ માની રાખ્યું છે. એટલે તે શરીર, લક્ષ્મી, સ્ત્રી, પુત્રાદિની સાર–સંભાળમાં આખી જિંદગી નિષ્ફળપણે વ્યતીત કરે છે. શું તારો તે જડ પદાર્થોની સાથે એકત્વપણારૂપ મેળ કદી પણ થવો સંભવિત છે?

**न कोऽप्यन्योऽन्येन व्रजति समवायं गुणवता**
**गुणी केनापि त्वं समुपगतवान् रूपिभिरसौ ।**
**न ते रूपं ते यानुव्रजसि तेषां गतमति–**
**स्ततच्छेद्यो भेद्यो भवसि बभवहुदुःखे भववने ।।२००।।**

**કોઈ દ્રવ્ય ભી અન્ય દ્રવ્ય સે પ્રાપ્ત નહીં કરતા એકત્વ,**
**કિસી કર્મ-વશ દેહાદિક રૂપી સે તૂ કર રહા મમત્વ;**
**યહ તન તેરા રૂપ નહીં હૈ તૂ ઇસમેં આસક્તમતિ,**
**અતઃ હુઆ તૂ ભવ-વન મે છેદન-ભેદન સે બહુત દુઃખ. ૨૦૦.**

કોઈપણ પદાર્થ કોઈ બીજા પદાર્થની સાથે કદીપણ તદ્રૂપ-તન્મયપરિણામી બની શકતો નથી. પોતપોતાની નિરાળી સત્તાને ધારણ કરી પ્રત્યેક વસ્તુ પોતપોતાના સ્વભાવ પરિણામે શાશ્વત પરિણમી રહી છે. એ નિયમાનુસાર બે મૂર્તિક પદાર્થોનો આપસમાં કદીપણ એકત્વરૂપ મેળ થઈ શકતો નથી. તું તો અમૂર્તિક વિજ્ઞાનઘન ચૈતન્યસ્વભાવયુક્ત છે અને એ શરીરાદિ મૂર્તિક જડત્વધર્મયુક્ત છે. તારો તથા તેનો એકત્વરૂપ સંબંધ કેમ થશે? એમ થવું ત્રિકાળે અસંભવિત છે; છતાં પણ શરીરાદિની સાથે તારી પરાધીન દશા બની રહી છે, એનો કોઈ હેતુ હોવો જોઈએ. એ હેતુ આનુપૂર્વીક્રમે અજ્ઞાનદશા યોગે તેં ઉપાર્જેલાં શુભાશુભકર્મો છે. એનો અને તારો અનાદિકાળથી સંયોગસંબંધ ધારાપ્રવાહપણે ચાલ્યો આવ્યો છે. એથી જ શરીરરૂપ ભયંકર જંજીરથી તું જકડાયો છે. એ શરીરાદિ પર પુદ્‌ગલો કિંચિત્ પણ તારું સ્વરૂપ નથી. તોપણ તું એનો અત્યંત પ્રેમી બન્યો છે અને એ અનિવાર્ય રાગે કરીને તેને તારું સ્વરૂપ માની એ શરીરાદિની સાથે તું તન્મય પરિણામી બની રહ્યો છે. એ જ અજ્ઞાનગર્ભિત મોહ વડે કરીને આ સંસારરૂપ ભયંકર

વન તારા માટે પરમ દુઃખનું કારણ થઈ રહ્યું છે. અને એ ભયંકર સંસારવનમાં તારા પરિણામે કરીને અનેક પ્રકારે છેદન, ભેદન, મારણ, તાડન, શૂલારોપણ આદિ ભયંકર કષ્ટને તું અનુભવી રહ્યો છે. અગર તું કોઈ તથારૂપ પરમ પુરુષના બોધને પામીને શરીરાદિ પરત્વેનો રાગ વા આત્મીયભાવના છોડી દે તો સહજ માત્રામાં એ સઘળાં વિપુલ દુઃખો નિવૃત્ત થાય. તારા દુઃખનો ઉત્પાદક તું જ છે, સાંભળ :—

**सद्गुरु कहे भव्य जीवनिसों तोडहु तुरत मोह की जेल**
**समकितरूप गहो आपनो गुण करहु शुद्ध अनुभवको खेल ।**
**पुद्गलपिंड भावरागादि इनसें नहि तुम्हारो मेल**
**ए जड प्रगट गुपत तुम चेतन जैसे भिन्न तोय अरु तेल ।।**

(ભાષા સમયસાર)

આટલું કહેવા છતાં અજ્ઞાની મોહ મૂઢ જીવોનો પ્રેમ એ જડ શરીરાદિ ઉપરથી જરાય હઠતો નથી કે મંદપણાને પામતો નથી.

**माता जातिः पिता मृत्युराधिव्याधी सहोद्गतौ ।**
**प्रान्ते जन्तोर्जरा मित्रं तथाप्याशा शरीरके ।।२०१।।**

**ઉત્પત્તિ હૈ માતા, મરણ પિતા, હૈં ભાઈ આધિ-વ્યાધિ;**
**અંત કાલ મેં જરા મિત્ર હૈ તો ભી આશા ઇસ તન કી. ૨૦૧.**

જન્મ, મરણ એ જેનાં માતા-પિતા છે, આધિ–વ્યાધિ એ બે જેના સહોદર ભાઈ છે અને વૃદ્ધાવસ્થા જેનો પરમ મિત્ર છે, એવા શરીરમાં રહીને તું અનેક પ્રકારની ચિત્ર-વિચિત્ર આશામાં વહી રહ્યો છે એ એક આશ્ચર્ય છે!

શરીરધારી પ્રાણીઓને માતા, પિતા, ભાઈ, મિત્ર એ આપ્ત વર્ગ હોય છે, તેમ જન્મ-મરણ, આદિ વ્યાધિ તથા વૃદ્ધાવસ્થા એ પણ શરીરનાં અતિ નિકટ અને પ્રબળ આપ્તજનો છે અર્થાત્ તરફદાર છે. આવા દુઃખપૂર્ણ શરીરમાં ક્યા પ્રકારની અવસ્થા બાંધી જીવ નિરાંત વાળી બેસી રહ્યો હશે! તથા નાના પ્રકારના આશાના ઊંડા વમળમાં ખેંચાયા કરતો હશે! શરીર ક્ષણભંગુર છે, મોતની કોઈપણ પળ નિશ્ચિંત નથી તથા એ ક્ષણભંગુર શરીર પણ અનેક પ્રકારના આધિ વ્યાધિઓથી સદોદિત ઘેરાયેલું છે, એવા ક્ષણિક અને દુઃખપૂર્ણ શરીરમાં સ્નેહ કરવા કરતાં અજર, અમર, અવ્યાબાધ તથા શાશ્વત સુખના ધામરૂપ નિજ શુદ્ધ ચૈતન્યને વિષે પ્રેમ કર! એ તો તું પોતે જ છે. તો પછી એને છોડી એ શરીરના અનુરાગી થવું, હે ભવ્ય! તને ઘટતું નથી.

ઉત્તમ વિવેકવાન પુરુષો તો આ શરીરને હાડ, માંસ, રુધિરાદિ મહા નિંદ્ય અને અત્યંત ગ્લાનિયુક્ત પદાર્થોનો ભરેલો એક કોથળો સમજે છે, પણ એમાં રતિ પામતા નથી. ગંદી અને પ્રતિપળે માત્ર દુઃખની જ જન્મદાતા એવી કાયાનો મોહ વિવેકવાન ઉત્તમ પુરુષો કરતા નથી.

હે આત્મા! તું તો શુદ્ધ બુદ્ધ સ્વરૂપ છે, પણ જડ શરીરના સંબંધથી ઉલટો અશુદ્ધતાને પ્રાપ્ત થઈ રહ્યો છે. સાંભળ :—

**शुद्धोऽप्यशेषविषयावगमोऽप्यमूर्तोऽ-**
**प्यात्मन् त्वमप्यतितरामशुचिकृतोऽसि ।**
**मूर्तं सदाशुचि विचेतनमन्यदत्र**
**किं वा न दूषयति धिग्धिगिदं शरीरम् ।।२०२।।**

**શુદ્ધ અમૂર્તિક સ્વ-પર પ્રકાશક, અશુચિ કિયા જડ ને ચેતન,**
**કિસકો મલિન કરેં નહિ મૂર્તિક અશુચિ અચેતન ધિક્ ધિક્ તન. ૨૦૨.**

હે ચિદાનંદ! તું શુદ્ધ, અમૂર્તિક અને સ્વપરનો જ્ઞાતા–દૃષ્ટા છે, પણ આ જડ અને કેવળ અશુચિમય શરીરે ઉલટો તને અપવિત્ર કર્યો. જો તો ખરો કે આ જડમૂર્તિ કેવળ અશુચિમય, અચેતન શરીરના સહજમાત્ર સંગથી અન્ય કેસર, કપૂરાદિ પરમ સુગંધયુક્ત પદાર્થો અશુચિપણાને પામી જાય છે, તો પછી એનો સંગ અને રાગ આત્માને આત્મબોધથી, આત્મચારિત્રથી પતિત કરે એમાં શું આશ્ચર્ય! ધિક્કાર છે, ધિક્કાર આ શરીરને કે જેના અનાદિ સંગથી જીવ અશુદ્ધતાને જ નિરંતર ભજી રહ્યો છે. એ જડ શરીરે તને અજ્ઞાની અને જડવત્ બનાવી મૂક્યો અથવા તારી નિર્મળ શુદ્ધતાનો નાશ કરી તને મલિન કરી મૂક્યો. એ ચૈતન્યશક્તિરહિત, મૂર્ત્ત અને કેવળ અશુચિ શરીર તારા ઉપર પોતાનો પૂર્ણ અધિકાર જમાવી બેઠું છે. અગર તું શ્રી ગુરુકૃપાથી જાગૃત થાય–સાવધાન થાય તો શરીરની શું શક્તિ છે કે તારા ઉપર આમ પોતાનો જરાપણ પ્રભાવ વર્તાવી શકે! તું એમ પણ ન માની બેસીશ કે ''હું શરીરથી ભિન્ન થઈ શકીશ જ નહિ'' એ શરીર જ વાસ્તવ્યપણે તારાથી કેવળ ભિન્ન છે. પોતાની શક્તિ વડે બે જુદી-જુદી વસ્તુઓને જુદી પાડવી તથા નિજ સ્વાભાવિક સહજ શુદ્ધ ચૈતન્યદશાને પ્રાપ્ત કરવી એ કોઈ મોટી વાત નથી; પરંતુ શક્તિનો પ્રયોગ વાસ્તવિકપણે અને બોધયુક્તદશાએ થવો જોઈએ. ''દેહ અને હું બંને એક જ છીએ'' એવી આત્મદુર્દશા તારી જ્યાં સુધી બની રહેશે ત્યાં સુધી તું એનાથી કોઈ કાળે જુદો થઈ શકે એમ નથી. ધિક્કાર છે આ શરીરને કે જે શરીરના સહજ માત્ર રાગયુક્ત પ્રસંગથી વિભ્રમને પામી અન્ય અન્ય ચેતન–અચેતન પદાર્થોમાં સ્વપણાની કલ્પના કરી એ નિજ મિથ્યા કલ્પનાના ઘોડે સવાર થઈ આ ભયંકર સંસારરૂપ વિષમ અટવીમાં સુખને શોધતો અનાદિ કાળથી તું પરિભ્રમણ કરી રહ્યો છે, છતાં આજ સુધી તું વાસ્તવિક સુખને પ્રાપ્ત થયો નથી.

આ શરીરમાં અનુરાગબુદ્ધિ કરી કરી તું નષ્ટ થયો, મહા નિંદ્ય શરીરને અનિંદ્ય જાણ્યું, પણ સાંભળ :—

**हा हृतोऽसितरां जन्तो येनास्मिँस्तव सांप्रतम् ।**
**ज्ञानं कायाऽशुचिज्ञानं तत्त्यागः किल साहसम् ।।२०३।।**
**હાય! હાય!! તૂ નષ્ટ હુઆ ઇસ તન સે કરકે અતિશય રાગ,**
**જ્ઞાન યહી--'તન અશુચિ જાનના' સાહસ હૈ--'ઇસ તન કા ત્યાગ'. ૨૦૩.**

હે પ્રાણી! એ અશુચિ શરીરથી મમત્વ કરી તું દુઃખી થઈ રહ્યો છે, હાય! ઠગાઈ રહ્યો છે, નષ્ટ થઈ રહ્યો છે, પરાધીનતાજન્ય અપાર ભયંકર દુઃખને અનુભવી રહ્યો છે, પણ હવે તો તેને અનંત દુઃખની ખાણ અને મહા અપવિત્ર સમજ, તો જ તારું જ્ઞાન સત્ય જ્ઞાન કહેવાશે તથા તે પ્રત્યેનું અનાદિ મમત્વ છોડવું એ જ વાસ્તવિક મહાન સાહસ છે.

અનાદિ કાળથી સ્વરૂપને નહિ જાણતાં માત્ર પરને પોતાનું સ્વરૂપ માની તું નષ્ટભ્રષ્ટ થઈ રહ્યો છે. શરીર એ કેવળ અશુચિની ખાણ છે, જ્યારે તું તો મહા પવિત્ર વસ્તુ છે; શરીર પ્રત્યક્ષ જડ છે, પણ તું તો શુદ્ધ–બુદ્ધ ચૈતન્યઘન અને અનંત આનંદનું ધામ છે. તારો અને એ શરીરનો પરસ્પર શો સંબંધ છે? જરાય નહિ. તો હવે તો એ અશુચિ દેહથી સ્નેહ તજી નિર્મમત્વ થા કે જેથી ફરી શરીર જ ધારણ કરવું પડે નહિ, પરિણામે અશરીરી થઈ વાસ્તવિક સ્વાધીન સુખને તું પ્રાપ્ત થાય. શરીરની તું સમ્યક્ પ્રકારે ઉપેક્ષા કરે અને કોઈ વેળા એનો સર્વ ત્યાગ આત્મામાં પરિણમિત થાય તો જ તું ખરેખરો સાહસિક ગણાય.

પણ પ્રબળ રોગના ઉદય કાળે વ્યાકુળતા થાય તો શું કરવું? એ પ્રશ્નના ઉત્તરરૂપ ગ્રંથકાર નીચેનું કાવ્ય કહે છે :—

**अपि रोगादिभिर्वृद्धेर्न मुनिः खेदमृच्छति ।**
**उडुपस्थस्य कः क्षोभः प्रवृद्धेऽपि नदीजले ।।२०४ ।।**
**રોગાદિક બઢને પર ભી યતિ કિંચિત્ ખેદ નહીં કરતે;**
**બઢે નદી મેં નીર નાવ મેં બૈઠે નર ન ક્ષુભિત હોતે. ૨૦૪.**

જેમ દઢ નૌકામાં બેઠેલા મનુષ્યને વિસ્તીર્ણ નદીમાં જળ વધવા છતાં પણ મુસાફરી કરતાં ભય થતો નથી, તેમ જે પુરુષ શરીરના ક્ષણિક અને અપવિત્ર સ્વભાવને તથા પ્રકારે સમજ્યો છે તથા વાસ્તવિક આત્મશાંતિનો કોઈ અંશે અનુભવ થયો છે, તે પુરુષ રોગાદિની વૃદ્ધિમાં પણ ખેદ પ્રાપ્ત થતો નથી.

સંસારરૂપ વિસ્તીર્ણ નદી ઉતરતાં પણ જે પુરુષ સમ્યક્જ્ઞાન શાંતિરૂપ નૌકામાં બેઠો છે, તેને રોગાદિની વૃદ્ધિ થઈ જવા છતાં પણ ભય ઉત્પન્ન થતો નથી કે જે ભયે કરી તેને સ્વરૂપ વિસ્મરણ થાય. નદીમાં ગમે તેટલું પ્રબળમાં પ્રબળ જળ વધી જવા છતાં દૃઢ નૌકામાં બેઠેલા પુરુષને ''હું આ નૌકાના અવલંબને સામે કિનારે કુશળપણે પહોંચીશ'' એવો દૃઢ વિશ્વાસ છે, તેમ સંસારરૂપ ભયંકર અને અતિ વિસ્તીર્ણ નદી ઉતરતાં સમ્યક્જ્ઞાન– શાંતિરૂપ બળવાન નૌકાના પ્રબળ અવલંબને તેને દૃઢ વિશ્વાસ છે કે હું આ સંસારરૂપ ભયંકર અને વિસ્તીર્ણ નદી જરૂર પાર પામીશ. અર્થાત્ આત્મવિસ્મરણ થવામાં પ્રબળ નિમિત્તરૂપ એવા ગમે તેવા રોગાદિ ઉપદ્રવ આવે તો પણ કુશળપણે આત્મશાંતિ જાળવી એ અનાદિ સંસારરૂપ ભયંકર નદી પાર પામીશ. હા, કદાચિત્ સમ્યક્જ્ઞાન નૌકાને તે સુદૃઢ ન રાખે અર્થાત્ તેમાં સંશય વિપર્યાસાદિ છિદ્ર પાડે તો જરૂર તે નાવ અગાધ સંસાર જળમાં ડૂબી જાય.

એ રોગાદિ ઉપદ્રવના ઉદય કાળે શરીરથી આત્માનું પ્રત્યક્ષ ભિન્નપણું છે, એ દૃષ્ટિ વિશેષ અનુભવસાધ્ય કરી ઉલટો તે પુરુષ નિજસ્વભાવને વિષે વધારે અપ્રમત્ત થાય છે એટલે રોગાદિ ઉપદ્રવ તેને અતિ વ્યાકુળતાવશ કરતા નથી. શરીરમાં ઉત્પન્ન થતાં રોગાદિ ઉપદ્રવો પણ તેને તો આત્મસિદ્ધિ-સાધક થવાના નિમિત્ત-કારણપણે પરિણમે છે, પણ બાધકપણે પરિણમતા નથી, તો પછી તે પુરુષને તેવા પ્રકારનો ભય કે ક્લેશ ક્યાંથી થાય કે જે ભયકલેશ વડે પોતે પોતાને ભૂલી જાય!

પ્રબળ રોગની ઉત્પત્તિ કાળે મુનિ શું કરે? :—

**जातामयः प्रतिविधाय तनौ वसेद्वा**
**नो चेत्तनु त्यजतु वा द्वितवी गतिः स्यात् ।**
**लग्नाग्निमावसति वन्हिमपोह्य गेहं**
**निर्हाय वा व्रजति तत्र सुधीः किमास्ते ।।२०५।।**
**રોગોત્પત્તિ હો તો ઉસકા કર પ્રતિકાર બસો તન મેં,**
**યદિ અસાધ્ય હો તો દ્વિતીય ગતિ તન કા ત્યાગ કરો મન મેં;**
**ઘર જલતા તો આગ બુઝાકર પ્રાણી ઉસમેં રહતે હૈં,**
**કિન્તુ બુઝાના હો અશક્ય તો બુધજન ઘર કો તજતે હૈં. ૨૦૫.**

રોગ ઉત્પન્ન થતાં તેના પ્રતિકારનો ઉપાય બની શકે તેમ હોય તો તે નિર્દોષ ઉપાય કરે અને શાંતિપૂર્વક સ્થિર રહે તથા ઉપાય થવો અસંભવિત લાગે અર્થાત્ ગમે તેટલા ઉપાયથી આ રોગ ઉપર કાંઈ પણ અસર નહિ થાય એમ જણાય તો શરીરથી નિર્મમત્વ થઈ આત્મશાંતિને જાળવી શરીરનો ત્યાગ કરે. આ બે સિવાય ત્રીજો કોઈ રસ્તો તેના હાથમાં છે જ નહિ. આ બેમાં

જે સુસાધ્ય અને ઉચિત માર્ગ હોય તે અંગીકાર કરવો એ દૃષ્ટિ સમ્યક્ છે, પણ ઉદ્વેગ કે ક્લેશ કરવાથી શું રોગ મટે છે? કે રોગ જન્ય દુઃખનો કડવો અનુભવ જરાય પણ ઓછો થાય એમ છે?–ના.

જેમ કોઈ ઘરને આગ લાગે તો તેને યોગ્ય ઉપાય કરી બૂઝાવવાનો પ્રયત્ન કરે અને તેને બૂઝાવીને ઘરમાં શાન્તિપૂર્વક રહે, પણ કોઈ પણ ઉપાયે આગ બૂઝાય એમ નથી એમ જણાતાં તે, ઘરનો માલિક પોતાનું કુટુંબ ધનાદિ ઇષ્ટ વસ્તુઓ જાળવી લઈ બીજા યોગ્ય ઘરમાં જઈ વાસ કરે; તેમ શરીરને રહેતું જાણે તો યોગ્ય ઔષધાદિ ઉપાયો વડે રોગની નિવૃત્તિ કરી તેમાં રહે, પણ રોગ કેવળ અસાધ્ય છે એમ જાણાય તો શરીરથી નિર્મમત્વ થઈ તેને આત્મશાંતિની જાળવણી પૂર્વક છોડે, આ સિવાય ત્રીજો તો કોઈ માર્ગ નથી. ખેદ તો કેવળ વ્યર્થ છે. ઘણો ઘણો ખેદ અને કલેષ કરનારાઓમાંના કોઈ પણ આજ સુધીમાં તે ખેદ અને ક્લેશાદિ કરવા છતાં પણ શરીરને રાખી શક્યા છે?[1]–ના.

નિર્ગ્રંથ મહાત્માને વેદનાનો ઉદય પ્રાયે પ્રારબ્ધ નિવૃત્તિરૂપ હોય છે, પણ નવીન કર્મબંધ હેતુરૂપ હોતો નથી. દેહમાં આત્મબુદ્ધિ અને આત્માને વિષે દેહબુદ્ધિ નહિ હોવાથી તેઓ તીવ્ર રોગના ઉદયકાળે પણ ભય કે ક્ષોભને પામતા નથી. ગમે તેટલો ખેદ કે ક્લેશ કરવા છતાં પણ થવાનું તો એ જ છે કે જે ભાવિમાં નિકાચિતપણે સર્જિત થયું છે, તો પછી ખેદ-ક્લેશાદિ કરી આત્માને દુઃખી કરવો વા સ્વરૂપવિસ્મરણ પમાડવો એ શું યોગ્ય છે? જે મમત્વવશે કરી અનંત કાળથી આજ સુધી જીવ દુઃખનો જ કડવો વિપાક અનુભવતો આવ્યો છે, તેવું મમત્વ મુનિજનો કરતા નથી.

અજ્ઞાની જીવો મરણનો નિરંતર ભય કર્યા કરે છે. કારણ તેઓ શરીરથી સુખ કલ્પી રહ્યા છે.

**शिरस्थं भारमुत्तार्य स्कन्धे कृत्वा सुयत्नतः ।**
**शरीरस्थेन भारेण अज्ञानी मन्यते सुखम् ।।२०६।।**

**જૈસે શિર કા ભાર રખે કંધે પર યત્ન સહિત પ્રાણી;**
**કિન્તુ ભાર તો રહા દેહ પર, સુખી માનતે અજ્ઞાની. ૨૦૬.**

જેમ કોઈ માથા ઉપરનો બોજો ખભા ઉપર મૂકી સુખ માને, તેમ જગતવાસી સંસારી જીવો રોગનો ભાર ઉતારી શરીરના ભારથી સુખ માને છે.

---

૧. अहन्यहनि भूतानि गच्छन्ति यममंदिरम् ।
शेषामरत्वमिच्छंति किमाश्चर्यमतऋ परम् ।।

મોહમૂઢ સંસારી જીવો રોગ ઉપશમ પામ્યા પછી શરીરથી સુખ માને છે, ત્યારે જ્ઞાની જીવ શરીરસંબંધને રોગ જાણે છે. જેમ શિર ઉપર મૂકેલા અતિ બોજના ભારથી દુઃખી થતો મનુષ્ય તે ભારને પોતાના ખભા ઉપર મૂકી સુખ માને, પણ વાસ્તવ્યપણે જોતાં તે સુખ નથી. ખરેખરૂં સુખ તો તે બોજાને શરીરથી વેગળો પટકે તો જ અનુભવાય. તેમ રોગ જન્ય દુઃખ તેવું, અરે! તેથી અનંતગણું દેહ ધારણપણાનું દુઃખ જ્ઞાની આત્મા સાવ સ્પષ્ટ જાણે છે. તેથી શરીર જાય એવા પ્રબળ રોગના ઉદય કાળે પણ તે આત્મવિવેક ચૂકી અતિ વિષાદવશ બની જતા નથી. રોગ ઉપશમ થવાનો ઉચિત ઉપાય વિવેકપૂર્વક કરવા છતાં પણ રોગ અસાધ્ય જણાય તો શરીરથી ઉપેક્ષિત થઈ આત્મદશાને સમ્યક્‌સમાધિ પરિણામમાં સ્થિત કરે, પણ વ્યામોહને પામતા નથી.

શરીર જ્યાં સુધી વર્તે છે, ત્યાં સુધી રોગ મટવા છતાં પણ ભાવી રોગ ઉત્પન્ન થવાની શંકા સદોદિત રહેવાની અને એ દુઃખે આત્મા નિરંતર દુઃખને જ અનુભવવાનો. મોહમૂઢ જીવને સ્વઉપયોગ ભણી જરા પણ લક્ષ નહિ હોવાથી વર્તમાન રોગ નિવૃત્ત થતાં તે પોતાને સુખી માને છે, પણ ખરેખરૂં સુખ અનુભવતો નથી. માથા ઉપરનો બોજો ખભે મૂકી સુખ માનનાર મનુષ્ય જેમ મૂર્ખ અને હાસ્યાસ્પદ છે, તેમ રોગ મટાડવાની પ્રવૃત્તિ અને તત્સંબંધી તીવ્ર ઉદ્વેગ પણ હાસ્યજન્ય અને નરી મૂર્ખતા છે. વાસ્તવિક તો એ છે કે જેના યોગે રોગ ઉત્પન્ન થાય છે વા થવાની કાયમ શંકા બની રહે છે, તેનો તું નિર્મૂળ નાશ કર! શરીરથી રોગ ઉત્પન્ન થાય છે અને તે દુઃખે નિરંતર દુઃખી રહેવું પડે છે, તો હવે કંઈ એવું કર કે જેથી એ શરીર જ ફરી ઉત્પન્ન ન થાય. સુગમપણે અને નિર્દોષ ઔષધિથી રોગ દૂર થયો તો ઠીક, નહિ તો શરીર છૂટવા જેવા અણીના પ્રસંગે પણ સમ્યક્ સામ્યભાવને અનુસરવું એ પણ રોગનો સર્વથી પ્રબળ પ્રતિકાર જ છે, એમ તું સમજ.

આ બે સિવાય ત્રીજો કોઈ જગતમાં ઉપાય જ નથી. સુસાધ્ય, સુગમ અને ઉચિત હોય તે કર, પણ ઉદ્વેગવશ થવાથી શું વળે?

એ જ ભાવને વધુ દૃઢ કરે છે :—

**यावदस्ति प्रतिकारस्तावत्कुर्यात्प्रतिक्रियाम् ।**
**तथाप्यनुपशान्तानामनुद्वेगः प्रतिक्रिया ।।२०७ ।।**
**રોગ શાંત હો સકતા હો તો કરના તુમ ઉસકા પ્રતિકાર;**
**યદિ ન મિટે તો રહો નિરાકુલ—યહ ઉસકા સચ્ચા પ્રતિકાર. ૨૦૭.**

જ્ઞાની આત્મા જ્યાં સુધી બની શકે ત્યાં સુધી યોગ્ય ઔષધાદિકનું ગ્રહણ કરી રોગનો પ્રતિકાર કરવા પ્રયત્ન કરે, તેમ છતાં પણ રોગ અસાધ્ય જણાય તો શાંત રહે, પણ અતિ ઉદ્વેગ વશ તો ન જ થાય. શરીરથી વાસ્તવિક ઉપેક્ષિત રહી આત્મશાંતિને જાળવવી એ જ એક અનાદિ

રોગનો સર્વથી શ્રેષ્ઠ પ્રતિકાર છે. શરીરની સ્થિતિ આયુ પ્રમાણ છે. આયુસ્થિતિ પૂર્ણ થતાં હજારો ઉપાયો કરતાં પણ શરીર કદી ન રહે એવા સ્વભાવવાળું છે, તો પછી નાશનો કિંચિત્ પણ ભય કે શોક નહિ કરતાં તેથી ઉદાસીન રહેવું એ જ શ્રેયસ્કર છે, પણ આત્મ મર્યાદા મૂકી સંયમથી બેપરવા બની જે તે રીતે પ્રવર્તવું એ વિચાર, હે મુનિ! તું સ્વપ્નમાં પણ ન ચિંતવ. એ તો કેવળ સ્વચ્છંદ છે. સંયમ ભ્રષ્ટ કરી શરીર રહ્યું–ન રહ્યું બંને સરખું જ છે. હવે તો અનંત દુઃખના હેતુભૂત એ શરીર જ ફરી ન ધારણ કરવું પડે એવું કંઈ કર. સાંભળ :—

**यदा यदा भवेजन्मी त्यक्त्वा मुक्तो भविष्यति ।**
**शरीरमेव तत्त्याज्यं कि शेषेः क्षुद्रकल्पनैः ।।२०८।।**

**જિસકા ગ્રહણ જન્મ કા કારણ, ત્યાગ મુક્તિ કારણ જિસકા;**
**વહ શરીર હી ત્યાજ્ય કહા હૈ, ક્ષુદ્ર વિચારોં સે ફિર ક્યા? ૨૦૮.**

જેના રાગે જીવ અનાદિકાળથી સંસારી બની અનંત દુઃખને અનુભવી રહ્યો છે તથા જેના અત્યંત ક્ષયથી અનંત સંસાર દુઃખોથી મુક્ત થવાય છે, એવો કોઈ મુખ્ય પદાર્થ હોય તો માત્ર શરીર જ છે. તો હવે એ શરીરને એક વખત એવું છોડવું જોઈએ કે જેખી ફરી તે ઉત્પન્ન જ થાય નહિ. બાકી બીજી નાની-નાની નહિ જેવી ક્ષુદ્ર વાતો તરફ એકાંત ધ્યાન આપવાથી શું સિદ્ધિ છે?

શરીરનો સ્વીકાર કરવાથી જીવ નવાં-નવાં શરીર ધારણ કરે છે અને તેથી ઉપેક્ષિત રહેવાથી શરીરથી સહેજે મુક્ત થાય છે. શરીરથી કેવળ મુક્ત થવું એ જ સર્વ દુઃખોથી મુક્ત થવા તુલ્ય છે. તો પછી એ અનાદિ દુઃખના એક મુખ્ય નિમિત્તભૂત શરીરનો સંબંધ જ ફરી ન થાય એમ કેમ ન પ્રવર્તવું?

શરીરથી ઉદાસીન થવું–ઉપેક્ષિત થવું, અપ્રયત્ન દશાએ પ્રવર્તવું એમાં ગુપ્તિ, સમિતિ, અનુપ્રેક્ષા અને પરિષહજય આદિ સર્વ સાધન સમાય છે. ગ્રંથકાર કહે છે કે ''किं शेषे क्षुद्र कल्पनैः'' ક્ષુદ્ર કલ્પના માત્રથી શું લાભ છે? એ ગુપ્તિ, સમિતિ, અનુપ્રેક્ષા અને પરિષહ જયાદિરૂપ પ્રવર્તવું કે શરીરથી સમ્યક્પ્રકારે ઉપેક્ષિત થવું એ બંને વાતોનો આશય એક જ છે. એટલે બીજી ધ્યાન દેવાયોગ્ય પ્રવૃત્તિને ગૌણ કરી અને શરીરથી વાસ્તવ્ય ઉદાસીનતાને મુખ્ય કરી પ્રબળ રોગના ઉદયકાળે સ્વરૂપસ્થ દશાએ રહેવું એ જ શરીરથી છૂટવાનો સુગમ ઉપાય છે. કારણ જીવને કેવળ પરતંત્ર થવાનું મુખ્ય નિમિત્ત શરીર ઉપરનો રાગ છે અને તેમ છતાં શરીર તો રાખ્યું ન જ રહે એવા સ્વભાવવાળું છે. વળી, આત્મરોગથી બેદરકાર રહી–તેને ઊભો રાખી, શરીરનો રોગ મટાડવાની ભાવના–પ્રવૃત્તિ કેવળ સંકુચિત ક્ષુલ્લક અને રાગમૂઢ મનોદશાનું પરિણામ છે. શાશ્વત સુખી થવાની ભાવના અને કૃતિ એ જ જીવને પરમ હિતકારી છે.

શરીરની કૃતઘ્નતા તો જુઓ!

**नयत्सर्वाशुचिप्रायं शरीरमपि पूज्यताम् ।**
**सोऽप्यात्मा येन न स्पृश्यो दुश्चरित्रं धिगस्तु तत् ।।२०९।।**

**મહામલિન તન ફિર ભી ચેતન ઇસે દિલાતા હૈ પદ પૂજ્ય,**
**ધિક્ હૈ દુષ્યરિત્ર ઇસ તન કા ચેતન કો કરતા અસ્પૃશ્ય. ૨૦૯.**

સર્વ અશુચિના મૂળરૂપ શરીરને આ જીવ જ્યારે પૂજ્ય પદને પ્રાપ્ત કરાવે છે, ત્યારે શરીર આત્માને ચંડાળાદિ નીચ કુળમાં જન્મ કરાવી અસ્પૃશ્ય કરે છે.

વાસ્તવિકપણે શરીર એ અત્યંત નિંદ્ય વસ્તુ છે. હાંડ, માંસ, રુધિર, પરુ, શ્લેષ્મ, મૂત્ર, મળ આદિ અત્યંત અપવિત્ર ઘૃણાયોગ્ય વસ્તુઓનો ભંડાર છે. શરીરનો કોઈ પણ ભાગ એ ઘૃણાયોગ્ય અતિ દુર્ગંધમય વસ્તુઓથી ખાલી નથી. કહો કે નિંદ્યમાં નિંદ્ય મેલની એક સાક્ષાત્ મૂર્તિ છે. એને તો કોઈ વિવેકી છેટેથી જોવા પણ ઇચ્છે નહિ! તો પણ આત્માએ એના ઉપર કેટલો મહદ્ ઉપકાર કર્યો છે કે એવી નિંદ્ય અને તુચ્છ વસ્તુને પણ પોતાનો સાથ આપી આદરયોગ્ય બનાવી રહ્યો છે? અર્થાત્ આત્માના સંબંધથી જ એ શરીરનો જગતમાં ભાવ પુછાય છે, નહિ તો એને કોઈ સ્પર્શવું કે દેખવું પણ પસંદ કરતું નથી.

વળી, શરીર એટલું બધું કૃતઘ્ન છે કે આટલો બધો જીવની સાથે તેને ઘનિષ્ઠ સંબંધ હોવા છતાં તેને ચંડાળાદિપણે બનાવી લોકોમાં સ્પર્શવાયોગ્ય પણ રાખતું નથી. અર્થાત્ ભલાઈના બદલામાં પોતાના જાતિસ્વભાવાનુસાર માત્ર બુરાઈ કરી પોતાના પરમોપકારી તરફ જરાપણ સહાનુભૂતિ નહિ ધરાવતાં ઉલટું વિમુખ જ રહ્યા કરે છે, એ શું એની ઓછી નીચતા છે? ધીક્કાર છે એ કૃતઘ્ન શરીરને!

એના સંગે જરાય લાભ નહિ થતાં જીવને માત્ર હાનિ જ થાય છે, તો પછી એવા કૃતઘ્ન શરીર તરફ ઉપેક્ષિત રહેવું એ જ યોગ્ય છે, વધારે શું કહેવું!

તો એ કૃતઘ્ન શરીરનો કેવી રીતે ત્યાગ કરવો? ગ્રંથકાર કહે છે કે :—

**रसादिराद्यो भागः स्याज् ज्ञानावृत्त्यादिरन्वितः ।**
**ज्ञानादयस्तृतीयस्तु संसायेवं त्रयात्मकः ।।२१०।।**
**भागत्रयमिदं नित्यमात्मानं बन्धवर्तिनम् ।**
**भागद्वयात् प्रथक्-कर्तुं यो जानाति स तत्ववित् ।।२११।।**

**પ્રથમ ભાગ રસ આદિ રૂપ તન દૂજા જ્ઞાનાવરણાદિક ભાગ;**
**જ્ઞાનાદિક ગુણ ભાગ તીસરા, સંસારી કે તીન પ્રભાગ. ૨૧૦.**
**ભાગ-ત્રયમય કર્મ-બન્ધમય નિત્ય ત્રિકાલી આતમ કો;**
**વહી તત્ત્વજ્ઞાની હૈ દ્વય ભાગોં સે ભિન્ન જાનતા જો. ૨૧૧.**

સપ્ત ધાતુમય શરીર, જ્ઞાનાવરણાદિ કર્મ અને જ્ઞાનાદિ નિજ પરિણામ—એ પ્રમાણે ત્રણ ભાગમાંથી પ્રથમના બે ભાગ આત્મપરિણામથી પૃથક્ કરવાની વિધિ જે પુરુષ જાણે છે, તે જ તત્ત્વજ્ઞાની છે.

શરીર અને શરીરનું મૂળ કારણ કર્મ—એ બંનેથી જે જીવ આત્મપરિણામથી જુદો થઈ નિજ જ્ઞાનાદિ સમ્યક્ ભાવોમાં રમે છે, તે જ તત્ત્વજ્ઞાની છે અને એ બંનેમાં તદાકાર ભાવે પરિણમી રહેલો જીવ અજ્ઞાની છે.

હાડ-માંસાદિ અત્યંત જુગુપ્સિત્ જડ વસ્તુઓનો પિંડ જે જીવની સાથે સંલગ્ન થઈ રહ્યો છે, એ તો સર્વ પ્રસિદ્ધ પ્રત્યક્ષ જુદો વિભાગ છે કે જે જ્ઞાને કરીને સુગમતાથી જીવથી જુદો સમજી શકાય છે. વળી, સંસાર દશાબદ્ધ જીવપર્યાયનો બીજો વિભાગ એ છે કે જે શરીરનું મૂળ કારણ ઇન્દ્રિય પરોક્ષ પરંતુ આત્માને સર્વથી અધિક રોકી રાખનાર વા તેને મલિન અને દુઃખી દશાયુક્ત બનાવી રાખનાર જ્ઞાનાવરણાદિ કર્મ પ્રકૃતિઓ છે; તથા ત્રીજો વિભાગ જ્ઞાનલક્ષણરૂપ પોતે જ છે. જ્ઞાન, દર્શન, ચારિત્રાદિ નિજ ગુણો દ્વારા સ્વસંવેદન પ્રત્યક્ષથી પ્રથમના બે વિભાગથી પ્રગટ જુદો અનુભવમાં આવી શકે એવો એ ત્રીજો વિભાગ છે. એમ એક તો ઇન્દ્રિયપ્રત્યક્ષગોચર શરીર, બીજો સંસારના બીજભૂત સૂક્ષ્મ જ્ઞાનાવરણાદિ કર્મવર્ગણા અને ત્રીજો જ્ઞાનદર્શનાદિરૂપ પોતે—એમ સંસાર દશાયુક્ત જીવમાં ઉપરોક્ત ત્રણ પ્રકારના વિભાગ ઘટે છે. એ ત્રણ વસ્તુઓના ઐક્યયુક્ત પિંડને સંસારી જીવ કહેવામાં આવે છે. અને અનાદિ કાળથી એ ત્રણે વિભાગ એકભૂતપણે પરિણમી રહ્યા છે.

બહિરાત્મકદશાયુક્ત જીવ તો પૂર્ણ અજ્ઞાની છે, કારણ તે તો શરીરને જ નિજ સ્વરૂપ માની રહ્યા છે વા માનવા જેવી દશાએ પ્રવર્તી રહ્યા છે. કંઈક આગળ જતાં કાર્યકારણનો સ્વમતિ અનુસાર વિચાર કરી અનુભવ વિના અર્થાત્ તથારૂપ આત્મદશારહિતપણે આત્માને શરીરથી સંકલ્પ માત્ર જુદો માની રાખ્યો છે જેણે, એવા જીવો પણ બહિરાત્મા જ છે. શાસ્ત્રકારોએ તેમને દ્રવ્યલિંગી કહ્યા છે. ઉપરોક્ત બંને પ્રકારના જીવો વાસ્તવિક તત્ત્વવિજ્ઞાનને પામ્યા નથી. સાચો તત્ત્વજ્ઞાની એ છે કે શરીર અને કર્મ ઉભયથી જ્ઞાનાદિ ગુણયુક્ત નિજ સ્વરૂપને સમ્યક્ પ્રકારે જુદું શ્રદ્ધી રહ્યો છે. જે શ્રદ્ધાનના બળે તે જીવ પોતાને અનાદિ સંસારદશાથી પલટાવી અસંસારદશા યુક્ત કરી વિના કષ્ટે સર્વ દ્વંદ્વથી છૂટો કરી શકશે. જુઓ :—

**करोतु न चिरं घोरं तपः क्लेशासहो भवान् ।**
**चित्तसाध्याम् कषायारीन्न जयेद्यत्तदज्ञता ।।२१२।।**

**ઘોર તપસ્યા નહીં કરે યદિ કષ્ટ સહન અસમર્થ સુજાન;**
**ચિત્ત-સાધ્ય ઇન રિપુ-કષાય કો, નહીં જીતતા તો અજ્ઞાન. ૨૧૨.**

હે ભવ્ય! અગર જો તું ચિરકાળ સુધી દુર્ધર તપ કરવા તથા કાયક્લેષાદિ સહન કરવા અસમર્થ છે, તો માત્ર મનથી જે જીતી શકાય એવા ક્રોધ, માન, માયા અને લોભાદિ અનાદિ વૈરીને તો જીત! એમાં કાંઈ કષ્ટ સહવું પડતું નથી. એમાં તો માત્ર અંતઃકરણને જ સુલટાવવાનું છે. કષાયાદિ જય કરવામાં કાયક્લેષાદિ કષ્ટ સહન કરવાં પડતાં નથી, છતાં તું એ કષાયાદિ અનાદિ વૈરીનો જય ન કરે તો તારી મોટી અજ્ઞાનતા જ છે.

બાહ્યતપથી અનેક મનુષ્યો ડરે છે. કારણ તેમાં ભૂખ, તરસ આદિ અનેક કષ્ટ સહવાં પડે છે એમ સમજી તપથી તેઓ વિમુખ રહે છે. પણ આત્માભિમુખ ઉત્તમ આત્મા સમ્યક્ પ્રકારે જેમ જેમ બાહ્યતપમાં આગળ વધે છે, તેમ તેમ તેમાં તેને જરાપણ ખેદ નહિ થતાં ઉલટું વિષયોથી અંતઃકરણ ઉપરામ પામવાથી વાસ્તવિક આત્માનંદ વધતો જાય છે. પણ કોઈ નવદીક્ષિત આત્મા તપમાં ખેદ માની ડરી તપથી પરાઙ્મુખ રહે તો તેવા તપભીરુ આત્માને પ્રકારાંતરપણે સમજાવી સદ્ધર્મમાં સ્થિર કરવા ગ્રંથકાર ઉપરોક્ત શ્લોક દ્વારા કહે છે કે જો તારાથી એ વિકટ તપ સમ્યક્પ્રકારે ન થાય તો અંતઃકરણમાં ઉત્પન્ન થતા કષાયોને તો તું જીત! વાસ્તવમાં તપશ્ચરણ કરવું કે કષાયવશ ન થવું એ બંનેનો આશય અને પ્રકાર એક જ છે.

વળી, ઘણા જીવો સ્વકષાય જય કરવા ભણી કેવળ દુર્લક્ષ્ય રહી માત્ર બાહ્યતપ કરવામાં જ ધર્મ સમજી પ્રવર્તી રહ્યા છે. તેમને ગ્રંથકાર સમજાવે છે કે હે ભવ્યો! તમે કષાય જય કરવા ભણી સતત્ જાગ્રત રહી, સકષાયીપણે તમે જે જે તપાદિ પ્રવૃત્તિ કરશો તે તે માત્ર સંસાર છે તથા ભાવી સંસારનું કારણ છે.

પૂર્વે કષાયવશ થઈ ઘણા ઘણા વિકટ તપ આચરનાર પુરુષોએ સહજમાત્રમાં પોતાના અણમૂલાંચારિત્ર-રત્નને ધૂળ ભેગાં કરી નાખ્યા છે. માટે, કષાય એ જ જીવનો ભયંકર અપરાધ છે. તેને વશ ન થવું એ જ ઉચિત છે. જીવ એ સ્વામી છે અને કષાય તેના અપરાધી(ગુન્હેગાર) છે. અપરાધીને વશ થવું સ્વામીને શોભતું નથી.

હે મુનિ! જ્યાં સુધી તું એ અનાદિ કષાયરૂપ વેરીને નહિ જીતે ત્યાં સુધી મોક્ષના કારણરૂપ ઉત્તમક્ષમાદિ ગુણોની પ્રાપ્તિ તને અત્યંત દુર્લભ છે. સાંભળ :—

**हृदयसरसि यावन्निर्मलेप्यत्यगाधे**
**वसति खलु कषायग्राहचक्रं समन्तात् ।**
**श्रयति गुणगणोऽयं तन्न तावद्विशङ्कं**
**सयमदमशमविशेषैस्तान् विजेतुं यतस्व ।।२१३।।**

**જબ તક શુદ્ધ અગાધ હૃદય-સર મેં કષાય જલચર કા વાસ;**
**તબ તક ગુણ ન પ્રવેશ કરેં શમ-દમ સે જય કા કરો પ્રયાસ. ૨૧૩.**

જ્યાં સુધી તારા નિર્મળ અને અગાધ હૃદય સરોવર વિષે કષાયરૂપી લૂંટારાઓનો સમૂહ રહે છે, ત્યાં સુધી તારા એ હૃદય સરોવરમાં સદ્‌ગુણોનો સમૂહ કદી પણ પ્રવેશ કરી શકશે નહિ. હવે તો તું શમ, દમ, યમાદિ સાધનો વડે એ અનાદિ કષાયરૂપ લૂંટારાઓને જીતવાનો કાંઈક પ્રયત્ન કર! શાંત પરિણામ તે શમ, ઇન્દ્રિયોને દમન કરવી–વિષય સન્મુખ થતાં રોકવી તે દમ તથા હિંસા, ચોરી, જૂઠ, અબ્રહ્મચર્ય અને પરિગ્રહ–લુબ્ધતાનો નિરોધ તે યમ કહેવાય છે.

જ્યાં સુધી તારા હૃદયમાં એ અનાદિ કષાય વૈરીનો સંચારમાત્ર પણ રહેશે ત્યાં સુધી શમ, દમાદિ ઉત્તમ ગુણો તારાથી લેશમાત્ર પણ અંગીકાર થઈ શકશે નહિ. માટે, હે આત્મન્! તારા પોતાના શ્રેયને અર્થે પણ એ અનાદિ કષાય વૈરીને નિર્મૂળ કરવા તું અપ્રમત્ત થા.

કષાય આધીન પુરુષોની હાંસી કરતાં ગ્રંથકાર કહે છે કે :—

**हित्वा हेतुफले किलात्र सुधियस्तां सिद्धिमामुत्रिकीं**
**वांच्छंतः स्वयमेव साधनतया शंसन्ति शान्तं मनः ।**
**तेषामाखुबिडालिंकेति तदिदं धिग्धिक् कलेः प्राभवं**
**येनैतेऽपि फलद्वयप्रलयनाद्दूरं विपर्यासिताः ।।२१४।।**

**હેતુ ઔર ફલ કો વિઘાત, પર-લોક-સિદ્ધિ ચાહેં વિદ્વાન,**
**કરેં પ્રશંસા, સાધનરૂપ સ્વયં મન કો કહતે યહ શાન્ત;**
**ધિક્ ધિક્ ઉનકા કાર્ય, વિરોધી બિલ્લી અરુ ચૂહે જૈસા,**
**કલિ પ્રભાવ સે ગયે ઠગાયે નષ્ટ હુઆ ફલ દ્વય ઉનકા. ૨૧૪.**

નિશ્ચયથી પરલોકાદિ સુખસિદ્ધિનાં કારણરૂપ એવા પરિગ્રહત્યાગ અને અંતઃકરણની શાંતતાને તજીને પરલોકાદિ સિદ્ધિને જે અકલમંદ જીવો ઇચ્છે છે, તથા સાથે-સાથે નિજ સ્વચ્છંદે વિકલ્પી સાધનો કરી કહે છે કે :—''અમારું અંતઃકરણ શાતં છે'' આમ અન્યને કહેવું, મનાવવું, મનાવવા વૃત્તિ રહેવી એ તેમનો નર્યો દંભ છે. તેમનું ઉપરોક્ત કથન બિલ્લીએ ઉંદરને ઉપદેશવા તુલ્ય છે. ક્રોધાદિ ભાવ અને ઉપશમાદિ પરિણામને પરસ્પર વિરોધ છે. અરેરે! ધિક્કાર છે આ કળીકાળના પ્રભાવને કે જેના પ્રભાવથી સુબુદ્ધિમાન જીવ પણ આ લોકમાં બંને પ્રકારનાં (લૌકિક તેમ પારલૌકિક) ફળોના નાશથી અત્યંત ઠગાઈ રહ્યા છે.

એ અનાદિ કષાય વિજય કરતાં જીવ ક્યાં ચૂકે છે, ઠગાય છે, તે સ્થળ ગ્રંથકાર દર્શાવે છે કે જે પ્રાયે અત્યાર સુધી જીવના ધ્યાનમાં જ નથી.

**उद्युक्तस्त्वं तपस्यस्यधिकमभिभवं स्त्वामगच्छन्-कषाया**
**प्राभूद्बोधोप्पगाधो जलमिव जलधौ किंतु दुर्लक्ष्यमन्यैः ।**

**निर्व्युंयुढेउऽपि प्रवाहे सलिलमिव मनागनिम्नदेशेष्ववश्यं**
**मात्सर्यंते स्वतुल्यैर्भवाति परवशाद्दुर्जयं तज्जहीहि ।।२१५।।**

**તપ કરને કો હુઆ ઉદ્યમી કિયા કષાયોં કા અપમાન,**
**હુઆ વિશાલ જ્ઞાન જલનિધિ સમ અલ્પ દોષ સે રહા અજાન;**
**યદિ પ્રવાહ જલ સૂખે તો ભી રહે અલ્પ જલ ગૂઢ અહો!**
**કર્મવશાત્ સ્વતુલ્ય જનોં મેં દુર્જન યહ માત્સર્ય તજો. ૨૧૫.**

હે ભવ્ય! તું તપ વિષે ઉયુક્ત થયો છે, તેથી એ અનાદિ કષાયવૈરી તારાથી અતિ અપમાનિત થયા છે. સમુદ્રના અગાધ જળની માફક તારામાં અગાધ જ્ઞાન છે, તોપણ જેમ તે જળ વહી ગયા પછી કોઈ કોઈ નીચાણ ખાડાવાળા ભાગમાં તે જળ ભરાઈ રહે છતાં દૂરથી જોનારને જમીન પાણી વિનાની સાફ સપાટ લાગે અર્થાત્ કોઈ કોઈ નિમ્ન જગ્યામાં ભરાઈ રહેલા પાણીથી જોનાર દુર્લક્ષ્ય રહે, તેમ તારાથી અતિ અપમાનિત થયેલા એ કષાયો તારા હૃદય સરોવરના કોઈ નિમ્નભાગમાં આકાર ફેર કરીને પણ પોતાનું કાર્ય કરી રહ્યા છે, જે અન્યને અગમ્ય છે. અરે! તારા પોતાથી પણ તે દુર્લક્ષ્ય છે. સાંભળ, આજે એક અપૂર્વ શિક્ષાભરી વાત તને કહીએ છીએ કે તારાથી અપમાનિત થયેલા કષાયો માત્સર્યતાને પામી કર્મોદયવશાત્ પોતાનો અનાદિ આકાર ફેર કરી હજુ પણ તારા જેવા તપસ્વી, તારા જેવા જ્ઞાની અને તારા જેવા વિરતિ આદિ ગુણી પુરુષો પ્રત્યે સૂક્ષ્મ અદેશક(અન્યનો ઉત્કર્ષ નહિ સહન થવો તે) ભાવરૂપે પોતાનું કામ કરી રહ્યા છે. જે અતિ દુર્જય છે, તેને વિચારી વિચારીને તું ક્ષીણ કર કે જે મહાન દોષ કોઈ વિરલ પુરુષો જ છોડી શક્યા છે.

કર્મોદય હજુપણ તને વર્તી રહ્યો છે, અને તેથી થોડો પણ કષાય છુપાતો-છુપાતો તારામાં મોજૂદ છે. સરોવરમાં પાણી સુકાઈ ગયું હોય પણ કોઈ કોઈ ખાડામાં થોડું થોડું પાણી રહી જાય તેમ તારા હૃદયમાંથી કષાયનો મોટો પ્રવાહ નીકળી જવા છતાં તારા જેવા પુરુષો પ્રત્યે માત્સર્યતાની શેષ તારામાં હજુપણ વર્તી રહી છે. એ શેષ એટલી બધી સૂક્ષ્મ છે કે એની સત્તા એકાએક સમજાતી નથી. એ નિર્મૂળ થવી એ અત્યંત કઠણ છે. એને ક્ષીણ કરવાનો તું પ્રયત્ન કર.

કષાયો ઘણા પાતળા થવા છતાં પોતાના જ સાથીઓ સાથે માત્સર્યતા પ્રાયે સર્વના હૃદયમાં વહ્યા કરે છે. એ માત્સર્યભાવ સહેજમાં છૂટી શક્તો નથી. તેથી ગ્રંથકારે તેને દુર્જય કહી વર્ણવ્યો છે. સહાધ્યાયી–સહધર્મી પ્રત્યેની મત્સરતાનો અદેશકતાનો વિજય એ જ એક મહાન કષાય દાવાનળનો વિજય છે. નથી સમજાતું કે પોતાના જ સહાધ્યાયી–સહધર્મી મિત્રો પ્રત્યે આવો માત્સર્ય અર્થાત્ અદેશક ભાવ કેમ વર્તતો હશે? પણ, અહો અજ્ઞાન! તારું માહાત્મ્ય કોઈ અકથ્ય છે.

હે ભવ્ય! તું તપસ્વી છે, મંદ કષાયી છે અને ગંભીર ચિત્તયુક્ત છે, તોપણ તને કહીએ છીએ કે પોતાના બરોબરી જીવો પ્રત્યેનો મત્સરભાવ–અદેશકભાવ તું ત્યજ. વાસ્તવ્ય ઇષ્ટ સાધ્યમાં એ એક મહાન વિઘ્ન છે.

હવે, ગ્રંથકાર ક્રોધના આવેશથી થતા અકલ્યાણને દર્શાવે છે.

**चित्तस्थमप्यनवबुध्य हरेण जाडयात्**
**क्रुध्द्वा बहिः किमपि दग्धमनङ्गबुध्या ।**
**घोरामवाप स हि तेन कृतामवस्थां**
**क्रोधोदयाद्भवति कस्य न कार्यहानिः ।।२१६।।**

**મન મેં બૈઠા કામદેવ, હર ને નહિં જાના હો ક્રોધાન્ધ,**
**બાહ્ય વસ્તુ કો જલા દિયા હૈ ભ્રમ સે ઉસે સમજકર કામ;**
**ઉસી કામકૃત ઘોર દુરાવસ્થા કો ફિર વહ પ્રાપ્ત હુઆ,**
**ક્રોધોદય સે જગ મેં કિસકે નહીં કાર્ય કા હ્રાસ હુઆ. ૨૧૬.**

ચિત્તમાં રહેલા કામને વાસ્તવ્યપણે નહિ જાણતાં બાહ્ય કોઈ બીજા પદાર્થને કામ સમજી ક્રોધપૂર્વક મહાદેવે તે બાહ્ય પદાર્થને ભસ્મ કર્યો. એમ કરવા છતાં કામ તો ન મર્યો, પરંતુ પોતે વિશેષ સરાગ દશાને પ્રાપ્ત થયા. અર્થાત્ એ અનાદિ કામજન્ય ઘોર વેદના સહી. શું ક્રોધથી બીજાના કાર્યની જરા પણ હાની કરી શકાય એમ છે? ના; ઉલટું પોતાના પ્રારંભિત કાર્યનો એથી નાશ થાય છે.

કોઈ બાહ્ય મૂર્તિને કામનું સ્વરૂપ સમજીને શીવજીએ તે બાહ્ય મૂર્તિને ક્રોધથી ભસ્મ કરી, પરંતુ કામનું મુખ્ય સ્થાન જે ચિત્તમાં છે તેને તેઓ ન સમજ્યા. ક્રોધ કરતાં કામ તો ન મર્યો પણ કામને મૂળથી ભસ્મ કરવાનું સ્વકાર્ય ક્રોધના આવેશમાં ભૂલી ગયા. અર્થાત્ કામ બાહ્ય પદાર્થ કે બાહ્ય મૂર્તિ આદિ આધીન સર્વથા નથી, પણ એનું મૂળ ઉત્પત્તિ સ્થાન ચિત્તમાં છે એ વાત વેગમાં આવી જઈ તેઓ ભૂલી ગયા. એ જ રીતે ક્રોધથી કોઈ પણ કાર્યની સિદ્ધિ નહિ થતાં ઉલટું સર્વ કાર્યનો નાશ થાય છે.

કામવાસના અંતઃકરણમાં અનાદિ સંસ્કાર યોગે ઉત્પન્ન થતો એક વિકાર પરિણામ છે, મન એ તેનું ઉત્પત્તિ સ્થાન છે, તેથી એ કામને જ્ઞાની પુરુષો મનોભૂ પણ કહે છે. સત્સંગ અને તજ્જન્ય પ્રખર જ્ઞાનાગ્નિ વડે એને ત્યાંથી જ નષ્ટ કરવો જોઈએ કે જેથી વિકારી મન ઉપરામ પામી તે બાહ્યથી પણ સતાવી કે અપમાનિત કરી શકે નહિ.

સારાંશ—ક્રોધના આક્રોશમાં જીવ કાર્યાકાર્યનો વિચાર ભૂલી કેવળ અંધ બની જાય છે. કાર્યનો વાસ્તવિક ઉપાય નહિ સૂજતાં કાર્યની હાનિ જ તે કરે છે.

માનકૃત હાનિ—

**चक्रं विहाय निज दक्षिण बाहुसंस्थं**
**यत् प्राव्रजन्ननु तदैव स तेन मुक्तः ।**
**क्लेशं तमाप किल बाहुबली चिराय**
**मानो मनागपि हतिं महतीं करोति ।।२१७।।**

**દક્ષિણ ભુજ થિત ચક્ર છોડકર, તપ કે દ્વારા મુક્ત હુએ;**
**અલ્પ માન કરતા મહતી ક્ષતિ બાહુબલી ચિર ક્લિષ્ટ હુએ. ૨૧૭.**

શ્રીમાન્ બાહુબલીના તપમાં એટલી બધી શક્તિ વર્તતી હતી કે પોતાના જમણા હાથમાં આવી સ્થિત થવાવાળા અત્યંત વેગમાન ગતિયુક્ત ચક્રને તથા સર્વ પરિગ્રહને છોડતાંની સાથે જ તેઓ મુક્તદશાને અર્થાત્ કેવળજ્ઞાનને પ્રાપ્ત થાય, પરંતુ જેષ્ઠ બંધુ ભરત તરફનું થોડુંક માન તેઓ વેગળુ કરી શક્યા નહિ અને તેથી ઘણા કાળ સુધી તપ જન્ય કષ્ટ ઉઠાવવા છતાં મુક્ત દશાને પામ્યા નહિ. અલ્પ માન પણ મહાન હાનિ કરે છે.

તન, ધન, રૂપ, સંપદા, યૌવન, અધિકાર, રાજ્ય, લક્ષ્મી અને મહત્તા આદિ ક્ષણભંગુર સંપદાનો ગર્વ કરવો એ મુમુક્ષુને યોગ્ય નથી. કારણ સત્તા ગુણે સિદ્ધ સમાન અને ત્રૈલોક્યના આભૂષણ રૂપ આત્માને તુચ્છ અને ક્ષણિક એવી વસ્તુ પામીને ગર્વ કરવો શોભતો જ નથી. માન એ જ મોક્ષસુખમાં પરમ વિઘ્નભૂત છે. મહાન તપસ્વી, પરમ વિવેકી અને અતિ બળવાન એ બાહુબલી જેવા પુરુષને પણ એ સૂક્ષ્મ માનના ઉદયે એક વર્ષ જેટલા લાંબા કાળ પર્યંત નિરાવરણ આત્મસુખ અખંડિતપણે અનુભવવા દીધું નહિ, તો પછી અન્ય અલ્પ શક્તિ ધારક જીવો માનને સેવી ક્યાંથી મોક્ષલક્ષ્મીને વરે? મોક્ષસુખ પ્રાપ્તિમાં માન એ પ્રબળ અંતરાયરૂપ છે.

જેઓ આત્માના વાસ્તવિક ગુણોની થોડીક પણ મહત્તા યથાર્થપણે જાણે છે, તેઓ સ્વલ્પ પણ માન સેવતા નથી.

**सत्यं वाचिमतौ श्रुतं हृदि दया शौर्यं भुजे विक्रमो**
**लक्ष्मिर्दानमनूनमर्थिनिचये मार्गे गतिर्निर्वृते ।**
**येषा प्रागजनीह तेपि निरहङ्कारा: श्रुते गोंचरा–**
**श्चितं संप्रति लेशतोऽपि न गुणास्तेषां तथाप्युद्धताः ।।२१८।।**

**સત્ય વચન મેં, મતિ મેં આગમ, હૃદય દયા, ભુજ મેં વિક્રમ,**
**યાચકગણ કો દાન તથા નિવૃત્તિ માર્ગ મેં કરેં ગમન;**
**શ્રુત-ગોચર જન ઐસે ગુણયુત હોકર ભી થે નિરહંકાર,**
**કિન્તુ આજ ગુણ લેશમાત્ર નહિં, ફિર ભી હૈ અભિમાન અપાર. ૨૧૮.**

હે ભવ્ય! પૂર્વ કાળમાં એવા ઘણાય સત્પુરુષો થઈ ગયા છે કે જેમના વચનમાં સત્ય, બુદ્ધિમાં શાસ્ત્ર, હૃદયમાં દયા, ભુજામાં શૌર્ય નિરંતર વસી રહ્યાં હતાં. વળી, યાચક સમૂહને તૃપ્ત થતાં સુધી અસ્ખલિતપણે જેઓ દાન વર્ષાવી રહ્યા હતા તથા જેઓ કલ્યાણ માર્ગના સતત અનુગામી હતા અને એવા મહદ્ ગુણવાન હોવા છતાં તેમનામાં અહંકારનો લેશ પણ સંપર્ક નહોતો. એ મહાન પુરુષોની અપેક્ષા આ કળીકાળમાં જેમનામાં તેઓમાંનો લેશ પણ ગુણ નહિ હોવા છતાં પોતાને ગુણી મનાવી અતિ ઉદ્ધતતાને પામી રહ્યા છે, એ આશ્ચર્ય છે!

ગર્વ કરવો એ જ જૂઠ છે, કારણ જગતમાં કોનાથી ગર્વ કરવો? એક એકથી અધિક ઘણી વસ્તુઓ છે. સાંભળ :—

**वसति भुवि समस्त सापि संधारितान्यै–**
**रुदरमुपनिविष्ठा सा च तेचापरस्य ।**
**तदपि किल परेषां ज्ञानकोणे निलीनं**
**वहति कथमिहान्यो गर्वमात्माधिकेषु ।।२१९।।**

**સબ પદાર્થ પૃથ્વી પર રહતે, ઉસે અન્ય ધારણ કરતે,**
**વે પદાર્થ ભી અન્ય દ્રવ્ય કે ઉદર મધ્ય નિશ્ચલ બૈઠે;**
**ભગવન્તોં કે જ્ઞાન-કોણ મેં વહ ભી નિજ કો લીન કરેં,**
**અતઃ અન્ય કો અધિક જાનકર, કૌન વિવેકી ગર્વ કરે. ૨૧૯.**

જે પૃથ્વી ઉપર સર્વ ચર–અચર, ચેતન–અચેતન પદાર્થો વાસ કરી રહ્યા છે, તે પૃથ્વી ઘનોદધિ, ઘન અને તનુ વાતવલયના આધારે છે; તથા એ ત્રણે વાતવલય મહાન આકાશનાં ઉદરમાં એક બિંદુ સમાન સ્થાનમાં સમાઈ રહ્યા છે; તથા એ અનંત આકાશ ભગવાન કેવળીના જ્ઞાનના એક અંશ માત્રમાં વસી રહ્યું છે–પ્રકાશી રહ્યું છે. એમ જગતમાં એકથી એક અધિક ઘણા પદાર્થો છે. પોતાથી અધિક ઘણા પદાર્થો છે એમ જાણવા છતાં ક્યો વિવેકી પુરુષ ગર્વ કરે? અર્થાત્ વિવેકી પુરુષ તો ન જ કરે. સંસારી જીવોમાં પણ વિભૂતિ આદિથી એક એકથી અધિક ઘણા જીવો છે અને સામાન્ય જીવતત્ત્વની અપેક્ષાએ જોતાં સર્વ જીવો સમાન છે, તો પછી કોનાથી અને શા અર્થે ગર્વ કરવો?

માયાચારની નિંદા :—

**यशो मारीचीयं कनकमृगमायामलिनितं**
**हतोऽश्वत्थामोक्त्या प्रणयिलघुरासीद्यमसुतः ।**
**सकृष्णः कृष्णोभूत् कपटबहुवेषेण नितरा**
**मपिच्छद्माल्यं तद्विषमिव हि दुग्धस्य महतः ।।२२०।।**

**સ્વર્ણિમ મૃગ કે કપટ ભાવ સે, યશ મરીચિ કા હુઆ મલીન,**
**'અશ્વત્થામા હતો' કહા, સ્વજનો મેં હુએ યુધિષ્ઠિર હીન;**
**કપટપૂર્ણ વટુ વેશ ધારને સે હી કૃષ્ણ હુએ હૈં શ્યામ,**
**અતઃ કપટ કા અલ્પ ભાવ ભી, દુગ્ધ રાશિ મેં જહર સમાન. ૨૨૦.**

જેમ ઘણા દૂધને જરા સરખું વિષ દૂષિત કરે છે, તેમ હે ભવ્ય! અલ્પ સરખી માયા પણ અતિ મીઠા ગુણોનો નિમેષ માત્રમાં નાશ કરે છે. જુઓ, પોતે સુવર્ણ મૃગ બની રામચંદ્રને ઠગવાથી મારીચનો યશ જગતમાં અત્યંત મલીનપણાને પામ્યો. ''अश्वत्थामा हताः'' એવા માયાચાર યુક્ત વચનથી મહારાજા યુધિષ્ઠિરનો નિર્મળ યશ જગતમાં મલિન થયો અને તેઓ પોતાના મિત્રોમાં પણ લઘુપણાને પામ્યા. બાલ્યાવસ્થામાં નાના પ્રકારના કપટ યુક્ત વેષ ધારણ કરવાથી શ્રીકૃષ્ણનો યશ મલિન થયો. 'નાનું સરખું કપટ મહાન પુરુષોનાં નિર્મળ યશને પણ મલિન કરે છે' એમ સમજી વિવેકી મુમુક્ષુ આત્માએ એથી પરાઙ્મુખ રહેવું એ જ શ્રેયસ્કર છે.

**भेयं मायामहागर्तान्मिथ्याघनतमोमयात् ।**
**यस्मिन् लीना न लक्ष्यन्ते क्रोधादिविषमाहयः ।।२२१।।**

**મહાગર્ત યહ માયાચરણ સઘન મિથ્યાતમ સે હૈ વ્યાપ્ત;**
**જિસમેં છિપે હુએ ક્રોધાદિક વિષધર રહતે સદા અલક્ષ્ય. ૨૨૧.**

અહો ભવ્ય! મિથ્યાત્વભાવરૂપ સઘન અંધકારમાં છુપાઈ રહેલા એ માયારૂપ અત્યંત ઊંડા અને અતિ વિસ્તીર્ણ ખાડાથી તમે ડરીને દૂર રહો! એ ભયંકર પણ અતિશય ઊંડા ખાડામાં ક્રોધાદિ મહાદુષ્ટ સર્પો છુપાઈ રહ્યા છે, જે મિથ્યાત્વરૂપ સઘન અંધકારને લઈને દેખાતા નથી.

જે જીવ આ માયાચારરૂપ વિસ્તીર્ણ અને ઊંડા ખાડામાં આવી ફસાય છે, તેને એ ક્રોધાદિ ભયંકર સર્પો એવી રીતે ડસે છે કે ફરી તે જીવ અનંતકાળ સુધી સચેત થઈ શકતો નથી. તેથી, હે જીવ! એનાથી ડરીને તું દૂર રહે! એમાં જ તારું વાસ્તવિક શ્રેય છે.

એ જ ભાવને ગ્રંથકાર દઢ કરે છે.

**प्रच्छन्नकर्म मम कोऽपि न वेत्ति धीमान्**
**ध्वंसं गुणस्य महतोऽपि हिमेति संस्थाः ।**
**काम गिलन् धवलदीधितिधौतदाहो**
**गृढोऽप्यबोधि न विधुः सविधुन्तुदः कैः ।।२२२।।**

**મેરે કિએ ગુપ્ત પાપોં કા અથવા હુઈ ગુણોં કી હાનિ,**
**નહીં કિસી કો જ્ઞાત હુઈ—ઐસા મત સમજ અરે ધીમાન્;**
**ધવલ રશ્મિ સે દાહ જગત કો ધોતા હૈ યહ ચન્દ્ર સુજાન,**
**હુઆ રાહુ સે ગ્રસ્ત, ગુપ્ત હોકર ભી કિસે ન હોતા જ્ઞાન. ૨૨૨.**

શાંત અને ઉજ્જ્વળ કિરણો વડે જગતના આપાતને દૂર કરવાવાળો ચંદ્રમાં જ્યારે રાહુથી આચ્છાદિત થાય છે, ત્યારે જગતમાં તેને કોણ નથી જાણતું? રાહુ એ ચંદ્રને ગમે તેટલો છુપાવે પણ એમ કાંઈ ચંદ્ર રાહુથી છુપાય છે? છુપાઈ રહેનાર ચંદ્ર તથા છુપાવનાર રાહુ એ બંનેને જગત તો સ્પષ્ટ દેખે છે. બસ એવી જ રીતે તારા જે મહાન ગુણો ગુપ્ત પાપ વડે હણાઈ રહ્યા છે, તેને તીક્ષ્ણ બુદ્ધિવાળા પુરુષો જાણી શકતા નથી એમ તું ન સમજીશ, અર્થાત્ સર્વ જાણે છે. કોઈપણ દુષ્કૃતને છુપાવવા વિપર્યાસ બુદ્ધિએ ગ્રહાઈ તેના ઉપર આડાટેડા પટ ચડાવવા તેનું જ નામ કપટ અર્થાત્ માયાચાર છે. એ માયાયુક્ત કૃતિ ગુપ્ત તો રહેતી નથી. છતાં કવચિત્ તું ધારે છે તેમ તે માયાયુક્ત પ્રવૃત્તિ જગતથી ગુપ્ત રહે, તોપણ એથી તને તો સુખ નથી જ. કપટયુક્ત પરિણામની વ્યાકુળતા સેકંડો વીંછીના ડંખ કરતાં પણ વધારે આત્માને નિરંતર અત્યંત દુઃખનો અનુભવ કરાવે છે. ''મારા માયાચારયુક્ત કાર્યને કોઈ જાણી શકે એમ છે જ નહિ'' એ તો તેં માત્ર દોષો તરફનાં પક્ષપાતને લીધે મનોમન ઘડી રાખેલી કલ્પના માત્ર છે.

હવે, ગ્રંથકાર લોભકષાયજન્ય હાનિ દર્શાવે છે.

**वनचरभयाद्धावन् दैवाल्लताकुलवालधिः**
**किव जडतया लोलो बालव्रजे विचलं स्थितः ।**
**वत स चमरस्तेन प्राणैरपि प्रवियोजितः**
**परिणततृषां प्रायेणैवंविधा हि विपत्तयः ।।२२३ ।।**

**વનચર-ભય સે દૌડ રહી પર ઉલઝી પૂંછ લતાઓં મેં,**
**દૈવયોગ સે, ચમર-ગાય હો મુગ્ધ પૂઁછ કે બાલોં મેં;**
**વહીં ખડી રહતી, વનચર સે ઉસકે પ્રાણ હરે જાતે,**
**તૃષ્ણાતુર પ્રાણી વિપત્તિ મેં પ્રાયઃ હી મારે જાતે. ૨૨૩.**

જુઓ! ભીલ વા વ્યાઘ્રાદિના ભયથી ભાગતી ચમરી ગાયની પૂંછ દૈવયોગથી કોઈ વાડવેલાદિમાં ગૂંચાઈ જાય છે, ત્યારે તે મૂઢ ગાય પોતાની પૂંછના અત્યંત રાગે ત્યાં જ ઉભી રહે છે, ત્યાં તેની પાછળ પડેલો વનચર શિકારી તેને પ્રાણરહિત કરે છે; તેમ જગતમાં ઇન્દ્રિય વિષયાદિના તૃષાતુર જીવોને બહુધા એ જ રીતે વિપત્તિઓ પ્રાપ્ત થાય છે.

પશુ જેવાં પ્રાણીઓ લોભનાં માર્યાં મરણને પ્રાપ્ત થાય છે તો પછી અત્યંત લોભના ભયંકર વમળમાં નિરંતર ખેચાતાં મનુષ્યોનું તો કહેવું જ શું કે જેનું આયુષ્ય માત્ર રાત્રિ-દિવસ કેવળ લોભના જ વિકલ્પમાં નિરંતર વ્યતીત થઈ રહ્યું છે? લોભના તીવ્ર વેગનો તણાયો તે મનુષ્ય રાજદંડાદિથી પણ ડરતો નથી. અરે! પોતાના મરણથી પણ ડરતો નથી.

તે ગાય જો ધારે તો શિકારી વા સિંહાદિ હિંસક પ્રાણીઓથી પોતાના પ્રાણ બચાવી શકે તેમ છે, એટલી બધી દોડવામાં તે શીઘ્ર ગતિવાળી છે; પરંતુ નાસતાં નાસતાં પોતાની પૂંછનો કોઈ થોડોક ભાગ ઝાડી આદિમાં ભરાઈ રહેતાં તે મૂર્ખ ગાય ત્યાં જ ઉભી રહે છે, એક ડગલું પણ આગળ ભરી શકતી નથી. ''રખે મારી પૂંછનો કોઈ વાળ તૂટી ન જાય!'' એ વિચારમાં વાળના લોભે પ્રેમઘેલી બની પોતાની સર્વ સુધબુધ ભૂલી જાય છે. વાળ ઉપરનો અત્યંત આંધળો અનુરાગ પાછળ આવતા યમરાજના ભયને પણ ભુલાવે છે અને તે જ ક્ષણે તેની પાછળ પડેલો શિકારી તુરત તેને પ્રાણહીન કરે છે. કોઈ પણ વસ્તુની આસક્તિ એ જ રીતે મરણાંત કષ્ટ આપનારી છે, છતાં વિષયાનુરાગી લોભી આત્માને તેનો જરાપણ લક્ષ વર્તતો નથી. જેની વિષયાકાંક્ષા વિરામ પામી નથી તે જીવ સંસારમાં પ્રાયે એવી જ રીતે નિરંતર દુઃખ જ સહ્યા કરે છે.

એ રીતે ઉપરોક્ત ચારે કષાયો જીવને અત્યંત દુઃખપ્રદ છે. એ અનાદિ કષાયોનો જય કરવો એ જીવનું સર્વથી પ્રથમ કર્તવ્ય છે, પણ દીર્ઘસંસારી જીવ એને જીતી શકતો નથી. જે ભાગ્યવાન જીવ એ અનાદિ કષાયનો નિગ્રહ-વિજય કરી શક્યો છે, તે કોઈ અલ્પ સંસારી પ્રાયે હોય છે.

એવા અલ્પ સંસારી આત્માનાં લક્ષણ શા હોય?

**विषयविरतिः संगत्यागः कषायविनिग्रहः**
**शमयमदमास्तत्त्वाभ्यासस्तपश्चरणोद्यमः ।**
**नियमितमनोवृत्तिर्भक्तिर्जिनेषु दयालुता**
**भवति कृतिनः संसाराब्धेस्तटे निकटे सति ।।२२४।।**

**વિષય-વિરક્તિ પરિગ્રહ ત્યાગો, કરો કષાયોં કા નિગ્રહ,**
**શમ દમ યમ અભ્યાસ તત્ત્વ કા તપશ્ચરણ કા હો ઉદ્યમ;**
**મનોવૃત્તિ કો નિયમિત કરના જિન-ભક્તિ અરુ કરુણાભાવ,**
**જબ સમીપ તટ ભવ-સમુદ્ર કા ભવ્યોં કે હોં ઐસે ભાવ. ૨૨૪.**

વિષયોથી વિરક્તતા, પરિગ્રહ પ્રત્યે અત્યંત ત્યાગ પરિણામ, કષાયનો નિગ્રહ, શાંત અંતઃકરણ, ઇન્દ્રિયવિષયનો નિરોધ, હિંસાદિ પાપનો યાવત્ ત્યાગ, તત્ત્વાભ્યાસ, તપશ્ચરણમય આત્મદશા, મનનું નિયમિતપણું, જિનેશ્વરની ભક્તિ અને પ્રાણીમાત્ર પ્રત્યે અનુકંપા–આટલી સામગ્રી સંસાર-સમુદ્રનો કિનારો નજીક આવતાં કોઈ સદ્‌વિવેકવાન જીવને પ્રાપ્ત હોય છે; અને એ સામગ્રી સંપન્ન સમ્યક્‌પ્રકારે જીવ થાય છે, ત્યારે એમ નિશ્ચયથી સમજાય છે કે તે બહુ અલ્પ સંસારી જીવ છે. વળી :—

**यमनियमनितान्तः शान्तबाह्यान्तरात्मा**
**परिणमितसमाधिः सर्वसत्त्वानुकम्पी ।**
**विहितहितमिताशी क्लेशजालं समूलं**
**दहति निहतनिद्रो निश्चिताध्यात्मसारः ।।२२५।।**

**નિયમ ઔર યમ મેં તત્પર જો દેહાદિક સે ચિત્ત નિવૃત્ત,**
**સબ જીવોં મેં કરુણ ભાવ યુત ઔર સમાધિદશા કો પ્રાપ્ત;**
**આગમોક્ત આહાર અલ્પ હૈ નિદ્રા કો હૈ કિયા નિરસ્ત,**
**પાયા હૈ અધ્યાત્મ સાર દહતે ક્લેશોં કા જાલ સમસ્ત. ૨૨૫.**

યાવજ્જીવ હિંસાદિ પાપનો ત્યાગ, શરીરાદિ બાહ્ય વસ્તુઓથી અંતઃકરણનું ઉપેક્ષિતપણું, નિર્વિકલ્પ શાંતભાવમાં નિમગ્નતા, પ્રાણીમાત્ર પ્રત્યે પરમ અનુકંપા, હિત અને મિત ભોજનની સ્વભાવતઃ આદત, નિંદ્રા અને પ્રમાદાદિનો જય, વિષય–કષાયાદિ અર્થે થતા આરંભ સમારંભાદિનો ત્યાગ આદિ શુભ લક્ષણો ક્યા મહાભાગ્ય આત્મામાં સમ્યક્‌પ્રકારે વર્તે છે? કે જેના અંતઃકરણમાં આત્મા અને અનાત્માનો સમ્યક્‌વિવેક જાગ્રત થયો છે તે જ જીવ સર્વ ક્લેશ તથા ક્લેશના કારણોને નિર્મૂળ નાશ કરી શકે છે. વાસ્તવ્યમાં કોઈ અલ્પસંસારી આત્મા ઉપરોક્ત સામગ્રી સંપન્ન હોય છે, દીર્ઘ સંસારી નહિ. નિઃસંદેહ તે ભવ્યાત્મા થોડા કાળમાં પરમ અધ્યાત્મના સારરૂપ નિર્વાણદશાને પ્રાપ્ત થાય છે.

પૂર્વોક્ત ગુણોથી અલંકૃત મુનિજનો નિશ્ચયથી મોક્ષનું ભાજન છે, એમ ગ્રંથકાર કહે છે :—

**समधिगतसमस्ताः सर्वसावद्यदूराः**
**स्वहितनिहितचित्ताः शान्तसर्वप्रचाराः ।**
**स्वपरसफलजल्पाः सर्वसंकल्पमुक्ताः**
**कथमिह न विमुक्तेर्भाजनं ते विमुकताः ।।२२६।।**

હેય ગ્રાહ્ય અર્થોં કો જાનેં હિંસાદિક પાપોં સે દૂર,
નિજ-હિત નિહિત ચિત્ત હૈ જિનકા ઇન્દ્રિય શાન્ત હુઈ સમ્પૂર્ણ;
નિજ-પર હિતકારી વાણી હૈ હુએ સર્વ સંકલ્પ વિમુક્ત,
સર્વ પ્રપંચ વિહીન મુનીશ્વર ક્યોં ન પાત્ર બન હોંગે મુક્ત. ૨૨૬.

સર્વ વસ્તુઓને હેયોપાદેયરૂપે સમ્યક્પ્રકારે જેણે જાણી છે, હિંસાદિ સર્વ સાવદ્ય પ્રવૃત્તિઓથી જે સદા દૂર વર્તે છે, આત્મકલ્યાણના પરમ કારણરૂપ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર વિષે નિરંતર આરૂઢ છે, અંતઃકરણથી નિવૃત્ત પામ્યા છે સર્વ ઇન્દ્રિય વિષયો જેના, સ્વપર કલ્યાણ યુક્ત ભાષાસમિતિસહિત નિરંતર ઝરે છે વચનરૂપી અમૃત જેને તથા સર્વ સંકલ્પ–વિકલ્પથી જે મુક્ત છે, એવા નિર્દોષ અને શાંત મુનિજનો નિઃસંદેહ મોક્ષનું એક અદ્વિતીય ભાજન છે, કહો કે સાક્ષાત્ મૂર્તિમાન મોક્ષ છે.

આવી સર્વોત્કૃષ્ટ દશા સંપ્રાપ્ત થવા છતાં પણ તેથી પતિત થવાનો ભય તેને વર્તે છે.

दासत्वं विषयप्रभोर्गतवतामात्मापि येषां पर–
स्तेषां भो गुणदोषशून्यमनसां किं तत्पुनर्नश्यति
भेतव्यं भवतैव यस्य भुवनप्रद्योति रत्नत्रयं
भ्राम्यन्तीन्द्रियतस्कराश्च परितस्त्वं तन्मुहुर्जागृहि ।।२२७।।

વિષય-નૃપતિ કે દાસ હુએ જો નિજ કો પર કે કરેં અધીન,
ગુણ અરુ દોષ વિવેક શૂન્ય જો, ઉનકા ક્યા હો સકતા ક્ષીણ;
તીન ભુવન ઉદ્યોતિત જિસસે વહ રત્નત્રય તેરે પાસ,
ભ્રમતે ઇન્દ્રિય ચોર સર્વતઃ અતઃ નિરન્તર ભય સે જાગ. ૨૨૭.

ત્રણે લોક પ્રાયે જેને વશ વર્તે છે એવા વિષયરૂપ મહારાજાના જે અવિવેકી જીવો દાસ થઈ રહ્યા છે, વસ્તુતત્ત્વના ગુણદોષના ભાનથી જેમનું અંતઃકરણ શૂન્ય છે, પરાધીન છે, તેવા જીવોનું આ જગતમાં શું નાશ થવાનું હતું? લૂંટાયેલાને વળી લૂંટાવાનો શો ભય? પરંતુ હે મુનિ! ત્રણે ભુવનને સ્વયં પ્રકાશિત કરવાવાળું સમ્યક્ રત્નત્રયરૂપ અજોડ અને અતૂટ ધન તારી પાસે છે, એટલે તારે તો નિરંતર સાવચેત રહેવું એ જ ઉચિત છે. કારણ ઇન્દ્રિયવિષયરૂપ તસ્કરો તેને સર્વસ્વપણે લૂંટવા તારી આસપાસ ફેરા મારી રહ્યા છે, તેનાથી રખે તું ઠગાય નહિ એ અનાદિ દુષ્ટ તસ્કરો તારી નિર્મળ જ્ઞાનાદિ સંપત્તિ તને ભ્રમિત કરી લૂંટી લે નહિ એવી સતત જાગૃતિ તું પ્રતિપળે રાખ.

હે મુનિ! જે જીવો ઇન્દ્રિયવિષયોના દાસ થઈ રહ્યા છે, તેમનું તો શું બગડવાનું છે! તેઓ તો સાવધ રહો વા અસાવધ રહો બંને સરખું છે. કારણ સંભાળવાયોગ્ય એવી કોઈ વસ્તુ જ તેમની પાસે નથી. એવા મોહમૂઢ જીવોએ તો પોતાનો આત્મા જ સર્વસ્વપણે પરાધીન કરી દીધો છે અને તેથી ગુણદોષનો વિચાર સુદ્ધાં તેમને વર્તતો નથી, વિષયરસ વશે પોતાની અમૂલ્ય જ્ઞાનાદિ શાશ્વત સંપદા લૂંટાવી બેઠા છે. હવે તેમની પાસે સાચવી સંભાળી રાખવા જેવું છે શું કે જેના રક્ષણની તેઓ ચિંતા કરે! ડર તો તેમને થાય છે કે જેમની પાસે કંઈક મૂલ્યવાન વસ્તુ રહી છે. જગતમાં પણ જોઈએ છીએ કે થોડી ઘણી જડ સંપત્તિ પણ લોકો સંભાળપૂર્વક સાચવી રાખે છે અને પ્રતિદિન તેના રક્ષણની ચિંતા કરે છે. તારી પાસે તો કોઈ અપૂર્વ અને અણમૂલી જ્ઞાનાદિ સંપત્તિ છે. સમ્યગ્જ્ઞાન, દર્શન અને ચારિત્ર એ ત્રણ મહારત્ન છે. આવા અપૂર્વ અને અમૂલ્ય રત્નો જેની પાસે છે, તેણે તો નિરંતર પૂર્ણ સાવધાનતા પૂર્વક જાગૃત રહેવું યોગ્ય છે. કારણ જ્યાં સંપત્તિ છે ત્યાં લૂંટારાઓ પણ વસે છે. એ વિષય-કષાયાદિ અનાદિ તસ્કરો તારી તે અમૂલ્ય નિર્મળ સંપત્તિને છીનવી લેવા તારી આસપાસ તાકી-તાકીને ભમી રહ્યા છે. તારી થોડીઘણી બેશુદ્ધતાનો લાભ લઈ તુરત તારાં એ મોંઘા રત્નોને તે હરી લેશે. માટે, આ અવસરે તું બરાબર જાગૃત રહે, નહિ તો અન્ય સંસારી વિષયાધીન જીવોની પેઠે તું પણ તારું સર્વસ્વ ગુમાવી બેસીશ. એ સંસારી જીવો પણ તને આમ સર્વસ્વપણે લૂંટાયેલો જાણી સંતુષ્ટ થશે, માટે પૂર્ણ જાગૃત રહે.

જેઓએ સર્વ વિષય-પરિગ્રહાદિ છોડી પ્રવજ્યા ધારણ કરી છે, તેમની પાસે મોહ થવા યોગ્ય તો કોઈ ચીજ નથી, તો પછી તેમને મોહ કઈ વસ્તુઓ પ્રત્યે થાય? ગ્રંથકાર કહે છે કે તેમની પાસે પણ મોહના કારણો મોજૂદ છે. જુઓ :—

**रम्येषु वस्तुवनितादिषु वीतमोहो**
**मुह्येद्वृथा किमित संयमसाधनेषु ।**
**धीमान् किमामयभयात्परिहृत्य भुक्तिं**
**पीत्त्वौषधं व्रजति जातुचिदप्यजीर्णम् ।।२२८।।**

**રમ્ય વસ્તુઓં મેં નિર્મોહી, ક્યોં સંયમ-સાધન મેં લીન;**
**રોગાશંકા સે ભોજન તજ, અતિ ઔષધિ સે ક્યોં ન અજીર્ણ. ૨૨૮.**

હે મુનિ! સ્ત્રી, ધન આદિ મનોજ્ઞ વસ્તુઓ પ્રત્યે તારો મોહ વિરામ પામ્યો છે, તો પછી માત્ર સંયમના સાધનરૂપ એવાં આ પીંછી-કમંડળાદિ સંતસાજ પ્રત્યે તું નિરર્થક મોહ વશ કેમ થાય છે? રોગના ભયથી ભોજનને છોડી માત્ર ઔષધિ સેવન કરી બુદ્ધિમાન પુરુષો શું ફરીથી અજીર્ણ રોગને પ્રાપ્ત થાય?–ન થાય.

જેમ રોગી પુરુષ રોગના ભયથી ભોજનનો ત્યાગ કરે, પણ માત્રાથી અધિક ઔષધ સેવન કરી ફરીથી અજીર્ણ રોગવશ થાય એ તેને યોગ્ય નથી; તેમ સંસાર-પરિભ્રમણના ભયથી ધન, રાજ્ય, સ્ત્રી, પુત્રાદિને ત્યાગ કરી મુનિદીક્ષા ધારણ કરી, હવે એ સંયમોપકરણરૂપ પીંછી, કમંડળ, પુસ્તકાદિ પરવસ્તુમાં મુગ્ધ બની ફસાવું એ શું યોગ્ય છે? ભયના માર્યા એક ખુણેથી નીકળી બીજા ખુણે ભરાવું એ યોગ્ય નથી.

સર્વ આરંભ–પરિગ્રહાદિ છોડ્યા પછી પણ સાધુ પુરુષ એક મોટો ધોખો દેનારી માન્યતામાં ફસાયા છે કે—''હવે અમે સર્વ સંસાર છોડી દીધો, સર્વ આરંભ–પરિગ્રહાદિથી મુક્ત થયા, અમારી પાસે અજ્ઞાન તથા મોહાદિ ઉત્પન્ન થવાનાં કારણો નથી, એટલે હવે અમને કોઈ જાતની હાનિ થવી સંભવિત નથી.'' તેમની ઉપર્યુક્ત માન્યતા એ પણ એક સૂક્ષ્મ વિષયાનુરાગ છે. તેથી, સાવધાન રહેવા અહીં ગ્રંથકાર સંબોધે છે.

ઘર-વનિતા આદિ મનોરમ્ય વસ્તુઓ ઉપરથી તું મોહ ખસેડી શક્યો છે તો હવે જે વસ્તુઓ સંયમની રક્ષા અને જાગૃતિ અર્થે ઉચિત પ્રકારે રાખવા શ્રી જિને આજ્ઞા કરી છે, તે જ વસ્તુઓમાં સંયમની હાનિ કરી– અજાગ્રત બની–મોહમુગ્ધ થઈ કેમ ફસાય છે? હે મુનિ! મોહરાજના પ્રબળ માહાત્મ્યને તું જાણે છે? જે વસ્તુ સંસારી જીવોને વિશેષ હાનિ કરી શકતી નથી, તે તારા જેવાને તો ભયંકર હાનિ પહોચાડશે. સાંભળ કોઈ બુદ્ધિમાન મનુષ્ય અજીર્ણ મટાડવા ભોજનનો ત્યાગ કરી ઔષધિ સેવન કરે છે, પરંતુ એકલું ઔષધ જ પ્રમાણથી અધિક લઈ ઉલટો રોગને વધારતો નથી. ''માત્ર આ ઔષધ છે, થોડું છે'' એમ ન સમજી પ્રમાણથી અધિક લઈ રોગને વધારે તે તો ખરેખર મૂર્ખ છે. તેમ આત્મકલ્યાણાર્થે સર્વ આરંભ–પરિગ્રહાદિ છોડી સંયમ રક્ષાર્થે આવશ્યકતાનુસાર થોડી ઘણી રખાયેલી વસ્તુઓ પ્રત્યે વિમોહીત થવું એ કેવળ મૂર્ખતા જ છે. સંયમોપકરણ એ અસંયમભાવની એક ઔષધિ છે અને તે પણ ઉપાદાન આત્માની હાજરીમાં–જાગૃતીમાં તેનાથી સંયમની રક્ષા કરાય વા તેને દેખી આત્માના સંયમ પરિણામ જાગૃત રહે–રખાય એ તો ઠીક છે, પણ તેને જ આશ્રયે મોહાધીન થવું કોઈ રીતે યોગ્ય નથી. સાધુ જીવનમાં મોહાધીન થવું તે કરતા ગૃહાશ્રમી રહેવું શું ખોટું હતું? માટે, હવે તો એ સંયમોપકરણ પ્રત્યેનો મૂઢ મોહ પણ છોડ.

આખા સંસારને છોડ્યા પછી આવશ્યક એવી નાની સરખી વસ્તુમાં પણ તું ફસાય–મુગ્ધ થાય એ કેવળ મૂર્ખતા છે. આત્મદશા વાસ્તવિકપણે તથારૂપ પ્રકારે ન પરિણમે ત્યાં સુધી સંયમી જીવનમાં અનેક પ્રકારથી સાવચેત રહેવા જેવું છે; સર્વ પરવસ્તુથી ડરીને નિરંતર જાગૃત રહેવા જેવું છે, નહિ તો આત્મપરિણામ અનાદિ સંસારાકારને સહેજે પામી જઈ સંયમ સ્થાનથી પતિત થાય છે. નિરંતર અપ્રમત્ત દશાએ પ્રવર્તવું એ જ શ્રી જિનનો સતત ઉપદેશ છે.

વાસ્તવિક નિશ્ચિંતતા તો ત્યારે જ થાય કે :—

**तपः श्रुतमिति द्वयं बहिरुदीर्घ्य रुढं यथा**
**कृषीफलमिवालये समुपनीयते स्वात्मनि ।**
**कृषीवल इवोत्थितं करणचोरव्याधादिभि—**
**स्तदा हि मनुते यतिः स्वकृतकृत्यतां धीरधीः ।।२२९।।**

**જૈસે કૃષક ચોર આદિ કી બાધાઓં કો કરકે પાર,**
**ઘર મેં રખકર અન્ન સુરક્ષિત, હોતા હૈ નિશ્ચિન્ત અપાર;**
**ઇસી તરહ તપ-શ્રુત નિધિ નિજ મેં સ્થાપિત કરકે ધીમાન્,**
**કરણ-ચોર સે રક્ષા કર અનુભવ કરતા કૃતકૃત્ય સુજાન. ૨૨૯.**

જેમ ખેડૂત ખેતરમાં બીજ વાવી અનાજની વૃદ્ધિ કરે છે, પણ તે એટલાથી સંતોષ પામતો નથી. તે તો જ્યારે અનાજને ચોરાદિ ઉપદ્રવના ભયથી ખેતરમાંથી લઈ જઈ નિર્વિઘ્ને ઘર ભેળું કરે ત્યારે જ નિશ્ચિંત થાય છે. તેમ મુનિજન અસંખ્યાત પ્રદેશ પ્રમાણ આત્મક્ષેત્રમાં તપ, શ્રુતાદિ સાધનો વડે નિજ જ્ઞાન, દર્શનાદિ સમ્યક્ભાવોની અભિવૃદ્ધિ કરી ઇન્દ્રિયાદિ ચોરોના ઉપદ્રવરહિત નિજ આત્મક્ષેત્રમાં લવલીન કરે ત્યારે જ તે પોતાને કૃતાર્થરૂપ માને.

અન્નને ઉત્પન્ન કરીને કિસાન ખુશી થતો નથી, પણ તેને નિરાબાધપણે પોતાના ઘર ભેગું કરીને જ ખુશી થાય છે. કારણ ત્યાં સુધી તે મહા મહેનતે નિપજાવેલા અન્નને અનેક પ્રકારનો ભય છે. તેમ ધીર અને બુદ્ધિમાન યતિ સંયમની કૃતાર્થતા તો ત્યારે જ માને કે જ્યારે તે તપ, શ્રુતરૂપ બીજનું ફળ જે નિર્મળ દર્શન-જ્ઞાનાદિરૂપ કણ તેને ઇન્દ્રિયવિષયાદિ ચોરોની બાધા રહિત નિજ આત્મક્ષેત્રમાં સ્થાપન કરે અર્થાત્ પોતે પોતામાં સમ્યક્પ્રકારે સમાય.

મોક્ષમાર્ગમાં વચ્ચે વચ્ચે ઇન્દ્રિયવિષયાદિ ચોરોનો ઉપદ્રવ ઘણો રહે છે. એ સર્વ ઉપદ્રવને ટાળી વાસ્તવિક શુદ્ધાત્મદશાને સંપ્રાપ્ત થતાં સુધી સતત જાગૃતિ રાખવી ઉચિત છે. જ્યાં સુધી કષાયાદિ મનોગત સંસ્કાર પ્રક્ષીણપણાને પામે નહિ ત્યાં સુધી મુનિ નિશ્ચિંત મને કરી બેસે નહિ. કારણ ક્યા સમયે ક્યુ નિમિત્ત પામી કષાયનો ઉદ્રેક વધી જઈ આત્મદશાને મલિન કરશે, વાસ્તવ્ય આત્મશાંતિનો નાશ કરશે તેનો ભરોસો નથી. તેથી, વિષયાસક્તિ આદિથી ઉપેક્ષિત રહી નિશ્ચિંત નહિ રહેતાં તેનાથી નિરંતર જાગ્રત રહેવું એ જ ઉચિત છે.

કેટલાક શાસ્ત્રપાઠી મનુષ્યો સમજે છે કે શાસ્ત્રજ્ઞાન જેને છે તેને વિષયાદિ પ્રત્યે વ્યામોહ થતો નથી, પરંતુ એમ માનવું એ એમની ભૂલ છે. જુઓ :—

**दृष्टार्थस्य न मे किमप्ययमिति ज्ञानावलेपादमुं**
**नोपेक्षस्व जगत्-त्रयैकडमरं निःशेषयाशाद्विषम् ।**

**पश्याम्भोनिधिमप्यगाधसलिलं वावाध्यते वाडवः**

**क्रोडीभूतविपक्षकस्य जगति प्रायेण शान्तिः कुतः ।।२३०।।**

**''मैं ज्ञानी हूँ, मुझे नहीं कुछ हानि'' ज्ञान का गर्व न कर,**

**तीन भुवन को क्षुब्ध करे, आशा-रिपु की न उपेक्षा कर;**

**देखो जलनिधि में अगाध जल, पर बाधित बडवानल से,**

**शत्रु गोद में जिसकी बैठा, कैसे शान्ति मिले उसे. २३०.**

''મને જ્ઞાનવંતને એ વિષયાશારૂપ શત્રુ કાંઈ પણ કરી શકે એમ નથી'' એ પ્રકારના જ્ઞાનમદથી ઉન્મત્ત થઈ એ આશારૂપ શત્રુથી જરા પણ ઉપેક્ષિત રહેવું યોગ્ય નથી. ત્રણલોક જેણે વશ કરી રાખ્યા છે એવા એ આશારૂપ શત્રુને અલ્પ ગણવો યોગ્ય નથી. ત્રણ જગતનો મહાભયંકર અને અદ્વિતીય વૈરી એ જ છે. તેને તો સમ્યક્પ્રકારે વિચારી-વિચારીને મૂળથી સર્વથા ક્ષીણ કરવો જોઈએ. જુઓ, અનંત અને અગાધ સમુદ્રમાં રહેલો વડવાગ્નિ મહાન સમુદ્રને પણ બાધા ઉપજાવે છે અર્થાત્ શોષણ કરે છે, તેમ નાની સરખી વિષયાશા આત્માના અગાધ જ્ઞાનસાગરને મલિન કરે છે–આવરણ કરે છે, તેનાથી તો નિરંતર સાવચેત રહેવું જોઈએ. વળી, આ જગતમાં પણ જોવામાં આવે છે કે શત્રુએ જેને દબાવી રાખ્યો છે, તેને શાંતિ ક્યાંથી હોય?

જેને કોઈ શત્રુ નથી તે જ નિરાબાધ છે. આશા એ તો સર્વથી પણ પ્રબળ શત્રુ છે, તેના અસ્તિત્વમાં ખરેખર શાંતિ ક્યાંથી હોય?–ન જ હોય. એ આશારૂપ સમુદ્રનું અગાધ અને અથાહ ગાંભીર્ય અને ઊંડાપણું જ્ઞાની દૃષ્ટ્યાનુસાર જીવે જાણ્યું નથી, નહિ તો તેને જાણ્યા પછી તેને કિનારે એક નિમેષ માત્ર ઊભા રહેવાની, તેથી ઉપેક્ષિત રહેવાની જીવ ઇચ્છા કરે નહિ. પૂર્ણ નિર્મોહ પરિણામી થયા સિવાય એ આશારૂપ અનાદિ પાશ છૂટે તેવો નથી. માટે, જો તું એને સર્વથા નિર્મૂળ કરવા ઇચ્છતો હોય તો, મોહનો સર્વથા પરિત્યાગ કર!

**स्नेहानुबद्धहृदयो ज्ञानचरित्रान्वितोऽपि न श्लाघ्यः ।**

**दीप इवापादयिता कज्जलमलिनस्य कार्यस्य ।।२३१।।**

**ज्ञान और चारित्रवान रागी हो तो न प्रशंसा युक्त;**

**मलिन कार्य उत्पन्न करे दीपक वत् काजल तैल संयुक्त. २३१.**

જેમ દીપક સ્નેહ અર્થાત્ તેલ સંયુક્ત હોય તો મલિન કાજળ નીપજાવે છે, તેમ શાસ્ત્રજ્ઞાન અને શુભાચારથી મંડિત પુરુષ પણ સ્નેહ અર્થાત્ મોહયુક્ત હોય તો તેલની માફક પાપરૂપ અશુભ કાજળ ઉપજાવે છે, અંતે મલિન જ થાય છે. સ્નેહ અનુબદ્ધ જીવના જ્ઞાન–ચારિત્રાદિ રૂડા ગુણો પણ પ્રશંસાને પામતા નથી.

દીપક પ્રકાશ આપે એ તો ઉત્તમ છે, પણ સાથે-સાથે કાજળ વમે તે ઠીક નથી. એ દીપકને તેલનો સ્નેહ ન હોત તો તે કાજળ વમત નહિ અને તેથી તે અશોભાને પામત નહિ, પણ પ્રશંસાને પાત્ર થાત. તેમ સાધુજનોના આત્માને જ્ઞાનાદિ ગુણો પવિત્ર અને પ્રશંસનીય કરે છે, પરંતુ સ્નેહ અર્થાત્ મોહની જરાતરા સત્તા તેમનામાં મલિનતા ઉત્પન્ન કરે છે અને તેથી જ્ઞાનાદિ ગુણોની બીજી બધી રૂડી કૃતિ પણ મલિનતાને પામે છે. માટે, હરકોઈ પ્રકારે કરીને મોહનો નાશ કરવો એ જ ઉચિત છે. કોઈપણ પ્રકારે વીતરાગદશા આત્મામાં જરા પણ સ્પર્શવા ન દેવી એ મોહનું મુખ્ય કાર્ય છે અને એ દશા નથી ત્યાં સુધી જીવને વાસ્તવિક શંતિ પણ નથી. સાંભળ :—

**रतेररतिमायातः पुनारतिमुपागतः ।**
**तृतियं पदमप्राप्य बालिशो वत सीदसि ।।२३२।।**

**રાગ કરે ફિર દ્વેષ કરે ફિર પુનઃ રાગ અરુ દ્વેષ કરે;**
**રાગ-દ્વેષ સે રહિત તીસરે પદ વિહીન દુઃખ ક્યોં ન સહે. ૨૩૨.**

હે મુનિ! તું રાગ પરિણતિમાંથી ખસી દ્વેષમાં આવે છે અને દ્વેષ પરિણતિમાંથી ખસી રાગમાં આવે છે. ઘણા શોચની વાત છે કે તું કોઈ વેળા ઉદાસીનતારૂપ વીતરાગ પરિણામને નહિ પામતાં મૂર્ખની માફક કેવળ દુઃખનો જ અનુભવ કરી રહ્યો છે.

રાગદ્વેષ એ જ દુઃખ અને દુઃખનું મૂળ છે અને તેના ત્યાગથી વીતરાગદશા પામતાં જીવ વાસ્તવિક સુખનો અનુભવ કરે છે. જો તું ખરેખર કલ્યાણનો અર્થી હોય તો એ અનાદિ શત્રુરૂપ રાગદ્વેષને ત્યજ. એ રાગદ્વેષરૂપ શત્રુએ જ તારા વાસ્તવિક સ્વાધીન સુખને અનાદિ કાળથી તને ઠગીને છીનવી લીધું છે. બાકી જગતના કોઈ મનુષ્યે કે પદાર્થે તારા સુખને હર્યું નથી. સુખના સર્વસ્વ નાશનું મુખ્ય અને ઉપાદાનકારણ તારો રાગદ્વેષ છે. તેના થોડા ઘણા અસ્તિત્વમાં પણ તું ખરેખર સુખી નહિ જ થાય, છતાં સુખ મનાય એ તારી ભ્રાંતિ છે.

એ રાગદ્વેષ તજવાના બહાને જીવ કરે શું? એક ખૂણેથી નીકળી માત્ર બીજા ખૂણામાં ભરાય છે. બીજો પણ પહેલાના જેવો જ હોય છે. અનાદિ કાળથી જીવ સમ્યક્પ્રકારે નિરાવલંબન ઉદાસીન રહી શક્યો નથી કે ઉદાસીન રહેવા તથારૂપપ્રકારે પ્રયત્ન પણ કર્યો નથી, અને તેથી એ ઉદાસીનતાજન્ય સુખનો અનુભવ પણ તેમને નથી. એ સુખના અનુભવ કે વાસ્તવ્ય શ્રદ્ધા વિના તેનો તથારૂપપણે પ્રયત્ન પણ ક્યાંથી હોય? ગ્રંથકાર કહે છે કે રાગ અને દ્વેષ એ બે પદને પરમ દુઃખનાં કારણ, અરે! પ્રત્યક્ષ દુઃખ જાણીને હે જીવ! વીતરાગતારૂપ અનન્ય સુખના હેતુભૂત ત્રીજા પદને તું નિરંતર ભજ–આરાધ્ય.

જગતના કિંચિત્ માત્ર વિષયસુખથી તું તને પોતાને સુખી માને છે, પણ એ તારો અનાદિ ભ્રમ છે, બુદ્ધિનો વિપર્યાસ છે, એમ ગ્રંથકાર કહે છે :—

**तावद्-दुःखाग्नितप्तात्माऽयःपिण्ड इव सीदसि ।**
**निर्वासिनिर्वृताम्भोधौ यावत्त्वं न निमज्जसि ।।२३३।।**

**તૂ દુઃખાગ્નિ સે તપ્ત લોહવત્ ઇન્દ્રિય-સુખ કણ સે નહિં શાન્ત;**
**મોક્ષરૂપ સુખ કે સમુદ્ર મેં જબ તક મગ્ન ન હો નિર્ભ્રાંન્ત. ૨૩૩.**

હે જીવ! અગ્નિથી તપ્તાયમાન લોખંડના મોટા ગોળાની માફક તું ત્યાં સુધી ભયંકર દુઃખરૂપી અગ્નિથી શેકાઈ રહીશ કે જ્યાં સુધી મોક્ષરૂપ પરમસુખસમુદ્રમાં તું નિમગ્ન ન થાય!

જેમ પ્રખર અગ્નિથી તપ્તાયમાન લોખંડનો ગોળો પૂર્ણ જળમાં નાંખવાથી આતાપ રહિત શીતળતાને પ્રાપ્ત થાય છે, તેમ અનાદિ સંસાર દુઃખરૂપ ભયંકર પ્રખર અગ્નિથી તપ્તાયમાન જીવરૂપ ગોળો પરમ નિર્વાણરૂપ અનંત શાંત અને શીતળ સુખસમુદ્રમાં નિમગ્ન ન થાય ત્યાં સુધી દુઃખરૂપ આતાપથી રહિત થવો કેવળ અસંભવિત છે. વળી, જેમ એ અગ્નિથી તપ્તાયમાન લોખંડના ગોળા ઉપર લેશ માત્ર શીતળ જળ છાંટીએ તો તે જરા પણ ઠંડો નહિ થતાં ઉલટો જળને જ ભસ્મ કરે છે, તેમ દેવપદ કે રાજ્યપદાદિ અલ્પ સુખોથી જીવનું અનાદિ દુઃખ વાસ્તવિક પ્રકારે નહિ મટતાં ઉલટાં તે રંચમાત્ર સુખો આત્માની અનંત કાળથી તૃષ્ણારૂપ વ્યાકુળતાજન્ય ભયંકર અગ્નિમાં ક્ષણમાત્રમાં ભસ્મ થઈ જાય છે અને તેથી એ દુઃખરૂપી અગ્નિ જરા પણ શાંત થતો નથી. ઇન્દ્રિયોને અનુકૂળ વિષયાદિ મળવા તેને લોકો સુખ કહે છે, પણ એ સુખ નથી. કારણ તે વિનાશી અને પરાધીન છે. એવા તુચ્છ સુખોને સુખ માની તેથી આનંદ માનવો એ સાચા સુખથી સદાને માટે વંચિત રહેવા બરાબર છે.

તો વાસ્તવિક શાશ્વત અને સ્વાધીન સુખ શાથી પ્રાપ્ત થાય?

**मंक्षुमोक्षं सुसम्यक्त्वं सत्यङ्कारस्वसात्कृतम् ।**
**ज्ञानचारित्रसाकल्यमूलेन स्वकरे कुर ।।२३४।।**

**સમ્યગ્દર્શન કા અગ્રિમ દે, કિયા મોક્ષ કો આરક્ષિત;**
**જ્ઞાન ચરિત સમ્પૂર્ણ મૂલ્ય દે, ઉસે હસ્તગત કરકે શીઘ્ર. ૨૩૪.**

હે મુમુક્ષુ! સમ્યક્ રત્નત્રયની પૂર્ણતારૂપ ધન વડે કરીને શીઘ્ર નિર્વાણરૂપી અનંત ધામને તું પ્રાપ્ત કર! જે કાળે એ સત્ય સુખ તારે વશ વર્તશે, તે કાળે જ તું ખરેખરો કૃતાર્થ થઈશ, અર્થાત્ સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રની પૂર્ણતા થયે જ જીવ શાશ્વત નિર્વાણ સુખને અબાધિતપણે અનુભવે છે અને સંપૂર્ણ પરિતોષપણું પામે છે.

કોઈપણ વસ્તુને મેળવવા જતાં તેની પૂરી કિંમત આપવી પડે છે, પણ તે વિના કિંમતે પ્રાપ્ત થતી નથી. જ્ઞાન અને ચારિત્રાદિ એ મોક્ષસુખ પ્રાપ્ત કરવાની કિંમત છે, એટલી કિંમત પૂર્ણપણે જીવને પ્રાપ્ત થઈ તો મોક્ષસુખ હસ્તગત કરવું સહેલ છે.

સમ્યક્ રત્નત્રય પૂર્ણ સંચય થઈ તે દ્વારા નિર્વાણદશાને જ્યાં સુધી તું પ્રાપ્ત ન થાય, ત્યાં સુધી તું નિશ્ચિંત ન થા! વળી સાંભળ :—

**अशेषद्वैतमभोग्यभोग्यं निवृत्तिवृत्त्योः परमार्थकोट्याम् ।**
**अभोग्यभोग्यात्मविकल्पबुद्धया निवृत्तिमभ्यस्यतु मोक्षकांङ्क्षी ।।२३५।।**

**પ્રવૃત્તિ ઔર નિવૃત્તિ અપેક્ષા ભોગ્યાભોગ્ય જગત્ અદ્વૈત;**
**હે મુમુક્ષુ! અભ્યાસ કરો, અરુ તજો અભોગ્ય-ભોગ્ય કા દ્વૈત. ૨૩૫.**

વિષયકષાયાદિમાં પ્રવર્તવું તે પ્રવૃત્તિ તથા તે ભણી ન પ્રવર્તવું તેનું નામ નિવૃત્તિ છે,

પૂર્ણ બહિરાત્મ-દૃષ્ટિ જીવોને સુખ–દુઃખના કારણોથી પૂર્ણ એવું આખું જગત ભોગવવા યોગ્ય ભાસે છે. અનિષ્ટને દૂર કરવું તે તથા ઇષ્ટ ગ્રહણ કરવું એ બંને એના ભોગ છે. અથવા સર્વ પદાર્થ કોઈને કોઈ અપેક્ષાએ સફળ વા પ્રયોજનભૂત છે, એ ન્યાયથી જોતાં સર્વ જગતના પદાર્થો સાર્થક વા ઉપભોગ્ય છે. પણ તે ક્યાં સુધી? અંતરંગ આત્મદૃષ્ટિનો જેના આત્મામાં લેશ માત્ર પ્રકાશ નથી, પરંતુ કેવળ બહિર્મુખ ઉપયોગ જેનો પ્રવર્તી રહ્યો છે ત્યાં સુધી. વિશુદ્ધ આત્માનંદના ભોગી પુરુષો કે જેમનું અંતઃકરણ બાહ્ય સર્વ પરવસ્તુના મોહથી વિરામ પામ્યું છે–નિવૃત્ત થયું છે, તેમને આખું જગત અનેક સંકટનું કારણ તથા અપૂર્વ આત્માનંદનું વિઘાતક, અભોગ્ય અને ઉપેક્ષણીય ભાસે છે. વસ્તુતાએ જગત ત્રિકાળે જે છે તે જ છે. પણ ઉપરોક્ત દૃષ્ટિભેદના કારણથી તે તે દૃષ્ટિવાનોને તેવું ભાસે છે. અંતરાત્મ દૃષ્ટિવાન મોક્ષાર્થી જીવોને ઉચિત છે કે તેઓ હેયોપાદેયની સાપેક્ષતા સમજી તથારૂપપણે નિવૃત્તિનો અભ્યાસ કરે. કારણ આત્માનો આનંદ વાસ્તવિક, શુદ્ધ, સ્વાશ્રયી અને અબાધિત છે, જ્યારે જગતના પદાર્થોનો આનંદ ઇન્દ્રધનુષવત્ ક્ષણિક, બાધિત, પરાશ્રયી અને અવાસ્તવિક છે. વિશુદ્ધ આત્માનંદ જગત અને જગતના સર્વ પદાર્થોની આસક્તિ ટાળી નિવૃત્તિ માર્ગનું અનુસરણ કરવાથી જ પ્રાપ્ત થાય છે. સાચા સુખનો અભિલાષી આત્મા તો પ્રવૃત્તિને તજી નિવૃત્તિ પરાયણ જ થાય છે. કારણ પ્રવૃત્તિનું ફળ ચાર ગતિરૂપ સંસાર છે તથા નિવૃત્તનું ફળ અસંસાર અર્થાત્ મોક્ષ છે. ટૂંકામાં અવિવેકી જીવોને રાગના વશે આ સમસ્ત જગત ભોગ્યરૂપ ભાસે છે, ત્યારે વિવેકવાન સુદૃષ્ટિવાન જીવોને સમ્યક્જ્ઞાન યોગે કેવળ ત્યાગરૂપ–ઉપેક્ષારૂપ ભાસે છે. જેથી દૃષ્ટિ એવી સૃષ્ટિ.

નિવૃત્તિનો અભ્યાસ કર્યા કરવો એ પણ એક પ્રવૃત્તિ જ છેને! અને જ્યાં પ્રવૃત્તિ છે ત્યાં વ્યાકુળતા છે. તો એ અભ્યાસ સદાને માટે કર્યા જ કરવો? ગ્રંથકાર કહે છે કે—ના.

**निवृत्तिं भावयेद्यावन्निवर्त्त्यं तदभावतः ।**
**न वृत्तिर्न निवृत्तिश्च तदेवपदमव्ययम् ।।२३६।।**

**હો નિવૃત્તિ ભાવના તભી તક જબ તક ત્યાજ્ય-વસ્તુ સમ્બન્ધ;**

**ઉનકા હો અભાવ, તબ ધ્રુવ પદ, વૃત્તિ-નિવૃત્તિ વિહીન અબન્ધ. ૨૩૬.**

જ્યાં સુધી બાહ્ય સર્વ ઉપાધિઓથી ચિત્ત છૂટી જઈ પૂર્ણ આત્માનંદમાં શાશ્વતપણે નિમગ્ન ન થાય, ત્યાં સુધી ઉચિત પ્રકારે નિવૃત્તિનો અભ્યાસ સતત કર્તવ્ય છે. અંતરદશા પૂર્ણ આત્મનિમગ્ન થતાં પ્રવૃત્તિ કે નિવૃત્તિ કાંઈપણ કરવાનું રહેતું નથી. શુદ્ધાત્મતલ્લીનતા થતાં પ્રવૃત્તિ શામાં થાય? તથા નિવૃત્તિ કેનાથી કરે? અર્થાત્ તે દશાએ પ્રવૃત્તિ-નિવૃત્તિની કલ્પના જ સમાઈ જાય છે. આત્મા મુક્ત પરિણામી થાય છે અને એ જ મોક્ષપદ છે.

જીવને રાગાદિ પરભાવોની જ્યાં સુધી પ્રવૃત્તિ છે, ત્યાં સુધી નિવૃત્તિનો અભ્યાસ કરવો ઇષ્ટ છે, પણ પરવસ્તુનો આત્મીય સંબંધ સર્વથા દૂર થતાં એ નિવૃત્તિ કે પ્રવૃત્તિથી જીવને કાંઈપણ પ્રયોજન નથી. જેમ જ્યાં સુધી રોગ છે ત્યાં સુધી ઉચિત ઔષધોપચાર કર્તવ્ય છે, પણ રોગ મુક્ત થતાં ઔષધોપચારથી કાંઈ પ્રયોજન નથી; તેમ અનાદિ પરપ્રવૃત્તિ નિવારવા અર્થે નિવૃત્તિનો અભ્યાસ કર્તવ્ય છે, પણ પ્રવૃત્તિનો સર્વથા અભાવ થતાં કે વાસ્તવ્ય અભાવ દશા વર્તતાં નિવૃત્તિથી કાંઈ પ્રયોજન નથી.

એ પ્રવૃત્તિ–નિવૃત્તિનું સ્વરૂપ શું છે? તથા તેનું કારણ શું છે?

**रागद्वेषो प्रवृत्तिः स्यान्निवृत्तिस्तन्निषेधनम् ।**

**तौ च बाह्यार्थसंबंद्धो तस्मात्तांश्च परित्यजेत् ।।२३७।।**

**રાગ-દ્વેષ હી હૈ પ્રવૃત્તિ અરુ હૈ નિવૃત્તિ હી ઉનકા ત્યાગ;**

**ઇનકા હૈ સમ્બન્ધ બાહ્ય-દ્રવ્યોં સે ઇન્હેં કરો પરિત્યાગ. ૨૩૭.**

રાગદ્વેષનું નામ પ્રવૃત્તિ છે તથા તેનો નિરોધ કરવો એ જ નિવૃત્તિ છે. એ બંને (રાગદ્વેષ) બાહ્ય પદાર્થોના સંબંધથી વર્તે છે. તેથી, એ સ્ત્રી, કુટંબ, ધન, ધાન્યાદિ સર્વ બાહ્ય પદાર્થોનો સમ્યક્‌પ્રકારે ત્યાગ કરવો એ જ મુમુક્ષુને ઉચિત છે. કારણ રાગાદિરૂપ પ્રવૃત્તિનું મૂળ નિમિત્તકારણ એ સર્વ પરવસ્તુઓનો સંબંધ છે. માટે, નિવૃત્તિના અભિલાષી આત્માએ નિવૃત્તિને અર્થે દેહાદિ સર્વ પરપદાર્થોનો સંબંધ છોડવો અને તો જ નિવૃત્તિ ટકે છે–વર્ધમાન થાય છે–ઉજ્જ્વળ થાય છે અને અંતે આત્માને શાશ્વત નિજાનંદમાં નિમગ્ન કરે છે.

પરિગ્રહાદિથી ઉદાસીન આત્માની ઉદાસીનતાનું સ્વરૂપ ગ્રંથકાર વર્ણવે છે :—

**भावयामि भवाऽवर्ते भावना: प्रागभाविता ।**

**भावये भावितानेति भवाभावाय भावनाः ।।२३८।।**

**ભાતા હૂઁ અબ ભવાવર્ત મેં, પૂર્વ નહીં ભાએ જો ભાવ;**

**ભાયે જો અબ ઉન્હેં ના ભાઊં, ચાહૂં ભવ કા શીઘ્ર અભાવ. ૨૩૮.**

અનંત સંસાર–પરિભ્રમણ કરી રહેલો એવો હું હવે એ અનાદિ પરિભ્રમણના આત્યંતિક અભાવને અર્થે પૂર્વે ક્યારેય પણ નહિ ભાવેલી, નહિ ચિંતવેલી અને નહિ પ્રતીત કરેલી એવી સમ્યક્દર્શનાદિક નિર્મળ ભાવનાને ભાવું, આરાધું તથા પૂર્વે અનંતવાર ભાવેલી એવી મિથ્યાદર્શનાદિક દુર્ભાવનાનો ત્યાગ કરું–ભૂલું.

જે દુષ્ટ ભાવનાના યોગે ભયંકર સંસારચક્રમાં આજ સુધી હું ભમ્યો, કદર્થિત થયો, દુઃખી દુઃખી થઈ રહ્યો, તે ભાવના છોડી હવે તેનાથી ઉલટી સમ્યક્દર્શનાદિ ભાવનાને અંગીકાર કરી, અનંત સુખસ્વરૂપ અવિનાશી નિજપદને પ્રાપ્ત કરું, એમ મુમુક્ષુ આત્મા નિરંતર ચિંતવે છે.

એ જ કથનને ગ્રંથકાર વિશેષ પ્રકારે દૃઢ કરે છે.

**शुभाशुभे पुण्यपापे सुखदुःखे च षट्-त्रयम् ।**
**हितमाद्यमनुष्ठेयं शेषत्रयमथाहितम् ।।२३९।।**

**શુભ અરુ અશુભ પુણ્ય-પાપ અરુ સુખ-દુઃખ યે છહ કહે સુજાન;**
**ઉપાદેય હિતકર આદિત્રય હેય અન્તત્રય અહિત બખાન. ૨૩૯.**

શુભ અર્થાત્ ઉત્તમ વચન, કરુણામય અંતઃકરણ અને સંયમરૂપ કાયા પ્રશંસાયોગ્ય છે તથા અશુભ વચન, નિર્દય–નિધ્વંશ અંતઃકરણ અને અસંયમી કાયા નિંદાયોગ્ય છે. એ શુભાશુભ યોગ વડે પુણ્ય અને પાપનો જીવને અનુબંધ થાય છે. પુણ્યોદયથી સુખ તથા પાપોદયથી દુઃખ થાય છે. એ રીતે શુભ–અશુભ, પુણ્ય–પાપ અને સુખ–દુઃખ એ છ ભેદ થયા, તે દરેક યુગલનાં આદિનાં ત્રણ (શુભ, પુણ્ય અને સુખ) ને કોઈ અંશે હિતકારી જાણી આદરવાં તથા અંતના ત્રણ (અશુભ, પાપ અને દુઃખ) ને અહિતકારી જાણી સર્વથા તજવાં એ જ યોગ્ય છે.

નિશ્ચયદૃષ્ટિએ જોતાં એક શુદ્ધોપયોગ જ ઉપાદેય છે. શુભાશુભ સર્વ વિકલ્પો ત્યાજ્ય છે. તથાપિ તેવી તથારૂપ દશાસંપન્નતા પ્રાપ્ત ન થાય ત્યાં સુધી તે જ દશાની પ્રાપ્તિના લક્ષપૂર્વક પ્રશસ્ત યોગ પ્રવૃત્તિ ઉપાદેય છે. અર્થાત્ શુભ વચન, શુભ અંતઃકરણ અને શુભ કાયા–પરિસ્થિતિ આદરણીય છે–પ્રશંસનીય છે, પરંતુ મોક્ષમાર્ગનો સાક્ષાત્ વિઘાતકરૂપ અશુભોપયોગ તો સર્વથા ત્યાજ્ય છે. જો કે શુભોપયોગ મોક્ષમાર્ગમાં સાક્ષાત્ કારણ નથી, તો પણ શુદ્ધોપયોગ પ્રત્યે વૃત્તિનો પ્રવાહ કોઈ અંશે લક્ષિત થયો છે, તેવા લક્ષવાન જીવને પરંપરાએ કારણરૂપ થાય છે.

પ્રથમ દશાના સદ્-વૃત્તિવાન જીવને કોઈ પ્રકારે એ શુભોપયોગ ઉપાદેય છે. કારણ કે એ વિના જીવની સદ્વૃત્તિ ટકવી કે ઉજ્જ્વળતાને પામવી અસંભવિત છે. વળી, શુભ પરિણામાદિથી પુણ્ય અને પુણ્યથી અનુકૂળ સુખ–સામગ્રી તથા સ્વર્ગાદિક અભ્યુદય પ્રાપ્ત થાય છે, જ્યારે અશુભ પરિણામથી પાપ અને પાપ ઉદયથી આત્માને પ્રતિકૂળ દુઃખ સામગ્રી તથા નકરાદિક દુર્ગતિ સાંપડે છે. એટલે એ અશુભોપયોગ કોઈ રીતે આત્માને ઉપાદેય નથી. શુભોપયોગજન્ય પુણ્ય પરિણામનું

શાતાજન્ય સાક્ષાત્ સુખ તો તે કાળે જ અનુભવાય છે, જ્યારે પાપ પ્રવૃત્તિ અને પાપ પરિણામજન્ય ભયંકર વ્યાકુળતારૂપ દુઃખનો સાક્ષાત્ અનુભવ પણ તે જ કાળે થાય છે. જીવ જો પોતાનાં વર્તમાન પ્રવર્તન અને પરિણામ ઉપર સામ્યપ્રકારે ઉપયોગને પ્રેરે તો ઉપરોક્ત કથન તેને સ્પષ્ટ પ્રતીતિમાં આવી શકે છે. અને તે ઉપરથી ભાવી સુખ–દુઃખનું પણ અનુમાન જેમ છે તેમ બંધાય છે, અને તે પણ કલ્પિત નહિ પણ સમ્યક્ હોય છે. અનાદિ મોહમૂઢ આત્માને તેટલો અવકાશ ક્યાંથી હોય કે તે નિજ પરિણતિ અને પ્રવૃત્તિ ઉપર જરાય લક્ષ દે? અને તેથી તો આ પંચપરાવર્તનરૂપ ભયંકર સંસાર-પરિભ્રમણ તેને વર્તી રહ્યું છે.

ગ્રંથકાર સ્વયં એ અશુભ, શુભ તથા શુદ્ધ એ ત્રણેની પ્રાપ્તિનો અનુક્રમ બતાવે છે :—

**तत्राप्याद्यं परित्याज्यं शेषौ न स्तः स्वतः स्वयम् ।**
**शुभं च शुद्ध त्यक्तवान्ते प्राप्नोति परमं पदम् ।।२४०।।**

**ઉનમેં ભી હો પ્રથમ ત્યાજ્ય, તો શેષ દ્વય કા સ્વતઃ અભાવ;**
**પ્રાપ્ત પરમપદ શુદ્ધ ભાવ સે હોતા શુભ કા તભી અભાવ. ૨૪૦.**

પ્રથમ અશુભોપયોગ છૂટે તો તેના અભાવથી પાપ અને તજ્જનિત પ્રતિકૂળ વ્યાકુળતારૂપ દુઃખ સ્વયં દૂર થાય અને અનુક્રમે શુભના પણ છૂટવાથી પુણ્ય, તથા તજ્જનિત અનુકૂળ વ્યાકુળતા, જેને સંસાર પરિણામી જીવો સુખ કહે છે, તેનો પણ અભાવ થાય. કારણના અભાવથી કાર્યનો પણ સ્વયં અભાવ થાય છે. એમ જ્યારે ઉપરોક્ત પ્રકારે જીવના પરિણામમાંથી શુભ પણ અનુક્રમે સર્વથા છૂટી જાય છે ત્યારે જીવ પરમ વીતરાગભાવરૂપ શુદ્ધોપયોગમાં નિર્વિઘ્નપણે સ્થિત થઈ અંતે પરમ નિઃશ્રેયસરૂપ નિર્વાણને સંપ્રાપ્ત થાય છે કે જે દશા શુભાશુભરૂપ સર્વ વિકલ્પોથી રહિત છે–પર છે. અશુભ અને શુભ એ બંને ઉપયોગના અંતમાં જ જીવને શુદ્ધોપયોગ પ્રવર્તે છે.

અશુભોપયોગના નિવારણથી જ શુભોપયોગ આત્મામાં વર્તે છે. આગળ દશા વિશેષતા પામતાં અર્થાત્ સમ્યક્ જ્ઞાનના અપૂર્વ અને તીક્ષ્ણ બળે શુદ્ધોપયોગ પ્રવર્તતાં શુભોપયોગ પણ સ્વયં છૂટી જાય છે તથા શુદ્ધોપયોગના પ્રસાદે જીવ અનાદિ સંસારપરિભ્રમણથી સર્વથા મુક્ત થાય છે.

અહીં ચાર્વાકદૃષ્ટિ કહે કે આત્માના મોક્ષની વાત તમે પછી કરો, પણ પ્રથમ તેના અસ્તિત્વની જ શી ખાત્રી? કારણ તે જન્મથી મરણાંત સુધી કોઈને પણ દૃષ્ટિગત થતો નથી કે કોઈને થયો નથી.

ઉપરોક્ત બંને પ્રશ્નોનું ગ્રંથકાર નીચેના શ્લોકથી સમાધાન કરે છે :—

**अस्त्यात्माऽस्तमितादिबन्धनगतस्तद्बंधनान्यासव**
**स्ते क्रोधादिकृताः प्रमादजनिताः क्रोधादयस्तेऽवृतात् ।**

**मिथ्यात्वोपचितात् स एव समलः कालादिलब्धौ क्वचित्**
**सम्यक्त्वव्रतदक्षता कलुषता योगैः क्रमान्मुच्यते ।।२४१।।**
**હૈ અનાદિ સે બંધા આત્મા, બન્ધન હોતા આસ્રવ સે,**
**વહ ક્રોધાદિ જનિત અરુ ક્રોધ પ્રમાદજ, જો હો અવિરતિ સે;**
**મિથ્યાત્વ પુષ્ટ કરતા અવિરતિ કો, કાલલબ્ધિ કી હો જબ પ્રાપ્તિ,**
**સમકિત વ્રત વિવેક નિર્મલતા ઔર યોગ કે ક્રમ સે મુક્તિ. ૨૪૧.**

જાતિસ્મરણાદિમાં જીવને પોતાનો પૂર્વભવ દૃષ્ટ થાય છે. અથવા જીવના કાર્યાદિ વા લક્ષણાદિ તરફ વિચાર કરવામાં આવે તો પણ ''જીવ છે'' એમ સ્પષ્ટ સમજાય છે. વળી જ્ઞાન, ઇચ્છા, રાગ, દ્વેષ અથવા તેના પ્રકારો, ફળાફળ એ આદિ અસાધારણતા અને અસ્તિત્વનો તથા તેના પૂર્વ કારણરૂપ પૂર્વ ભવનો નિશ્ચય થાય છે, અને તે કલ્પિત નહિ પણ સમ્યક્ હોય છે. સંસાર પરિણામી મોહમુગ્ધ જીવને પોતાના અસ્તિત્વનો નિશ્ચય કરવાનો કે તેના અસાધારણ ધર્મો પ્રત્યે ઉપયોગને પ્રેરી ''હું જીવ છું'' એ પ્રકારનો સમ્યક્ નિર્ણય કરવાનો અનાદિ મોહ આડે અવકાશ ક્યાં છે? નહિ તો પોતાથી નિર્ણય ન થાય એટલો બધો જીવ પદાર્થ કાંઈ અંધારે પડ્યો નથી. વાસ્તવ્ય વિચારે સ્પષ્ટ સમજાય એટલો બધો સ્વયં પ્રકાશિત પદાર્થ છે.

વળી ''આત્મા નથી'' એ પ્રકારનો આત્મા ન હોય તો સંદેહ કોને થાય? એ સંદેહાત્મક જ્ઞાન કોનું વા એ શું પદાર્થ છે? અહંકાર-મમકારરૂપ સંવેદન જ્ઞાન કોને થાય છે? પૂર્વ ભવની તથા વર્તમાન જિંદગીની ઘણા સમય પૂર્વેની વ્યતીત વાત કોના સ્મરણરૂપ થાય છે? પુણ્ય–પાપનું ફળ કોણ અનુભવે છે? એ આદિ પ્રશ્નોનો વાસ્તવિક વિચાર થતાં આત્માનું અસ્તિત્વ નિઃસંદેહ પ્રમાણરૂપ સિદ્ધ થાય છે.

આત્મા અનાદિ કાળથી કર્મબદ્ધ છે, તે કર્મબદ્ધ આસ્રવથી છે, આસ્રવ ક્રોધાદિ કષાયથી થાય છે, કષાય પ્રમાદ અર્થાત્ આત્મ અજાગ્રતિથી થાય છે, પ્રમાદ અવ્રતથી થાય છે અને અવ્રત મિથ્યાત્વથી વૃદ્ધિને પામે છે. એમ સંસારી આત્મા મિથ્યાદર્શનાદિ યોગે અનાદિકાળથી મલિન દશાને પ્રાપ્ત થઈ રહ્યો છે. કોઈ એક મનુષ્ય સંજ્ઞીપંચેન્દ્રિય જીવ કાળલબ્ધિ આદિ યોગે કરીને કોઈ તથારૂપ દશાસંપન્ન મહાપુરુષના વાસ્તવ્ય સમાગમે સમ્યગ્દર્શનને પ્રાપ્ત થઈ વ્રત, વિવેક, નિષ્કષાયતા આદિ નિર્મળ સાધનો વડે ક્રમે કરીને યોગથી પણ અનુક્રમે મુક્ત થાય છે.

સાંખ્ય દૃષ્ટિયુક્ત આત્મા કહે છે કે આત્મા સદાય શુદ્ધ છે, બંધ મોક્ષરૂપ વિકલ્પ મિથ્યા છે. તેને ગ્રંથકાર કહે છે કે સર્વથા જીવ સંસારમાં શુદ્ધ હોય તો આ સંસારપરિભ્રમણરૂપ દશા ક્યાંથી અને કોની? કોઈ સુખી, કોઈ દુઃખી, કોઈ નીચ, કોઈ ઊંચ એ વિગેરે ચિત્ર–વિચિત્રતા બીજા ક્યા કારણ યોગે વર્તી રહી છે? આત્મા શુદ્ધ જ છે તો આ તપશ્ચરણાદિ અનુષ્ઠાન કોના અર્થે?

એથી પણ નિશ્ચય થાય છે કે સંસારદશામાં આત્મા અશુદ્ધતા યુક્ત છે, અને તે સમ્યગ્દર્શનાદિ ઉપાયો વડે અશુદ્ધતાનો નાશ થઈ પૂર્ણ શુદ્ધ થાય છે, જન્મ–મરણાદિ દ્વંદ્વથી મુક્ત થાય છે.

સ્વભાવતઃ જીવને દુઃખ પ્રિય નથી, સુખ પ્રિય છે. પોતાને અનિષ્ટ એવાં ચિત્ર–વિચિત્ર દુઃખો અનિચ્છાએ પણ જીવ અનુભવે છે, તેથી પણ સ્પષ્ટ સમજાય છે કે વર્તમાનમાં જીવ પરતંત્ર છે, સ્વાધીન નથી. સ્વાધીન હોય તો કોઈ અણગમતાને અનુસરે નહિ. એ પરાધીનતા કઈ? માત્ર સકષાયભાવે પૂર્વ બાંધેલા ચિત્ર–વિચિત્ર શુભાશુભ કર્મ પુદ્ગલોની. વર્તમાનમાં પણ એ શુભાશુભ કર્મ પુદ્ગલોના ઉદયજન્ય પરિણામોનો અનુભવ પ્રાયે સકષાય પરિણામ વિના થતો નથી. માત્ર કોઈ દશાસંપન્ન મહાપુરુષને બાદ કરતાં આખું જગત એ શુભાશુભ પદાર્થો અને ભાવોમાં અહં-મમત્વ માની ચિત્ર–વિચિત્ર પ્રકારે નાચી રહ્યું છે. આત્માનો વાસ્તવ્ય વિશ્વાસ અને અનુભવ આત્માના પરિચયી થયે જ થાય છે. અને શુભાશુભ સંસાર પરિણતિ અને તદ્યોગે ઇષ્ટ–અનિષ્ટ કલ્પના જીવ કષાય પરિણામથી જ કરે છે. જેથી ભાવી સંસારના કારણરૂપ કર્મપુદ્ગલોને સમયે-સમયે બાંધે છે. જીવને બંધદશા એક બીજા શુભાશુભ કર્મોદય વડે મિથ્યાત્વનું સાહચર્ય પામીને સંતતિરૂપે ધારા પ્રવાહીપણે તીવ્ર-મંદરૂપે અનાદિ કાળથી ચાલી આવે છે.

એક સમયપ્રબદ્ધ કર્મપુદ્ગલો પ્રકૃતિ, પ્રદેશ, સ્થિતિ અને અનુભાગરૂપ અથવા જ્ઞાનાવરણાદિરૂપ સ્વયં પરિણમી જાય છે. યોગની ચંચળતાથી જડ એવી સૂક્ષ્મ કર્મવર્ગણાઓ કે જે કર્મત્વપણે પરિણમવાયોગ્ય છે, તે પ્રકૃતિ, પ્રદેશપણે પરિણમે છે. અને એ પ્રકૃતિ–પ્રદેશપણે પરિણમિત કર્મવર્ગણાઓમાં સ્થિતિ તથા ફળદાન શક્તિ પેદા કરવાનું કામ કષાય પરિણામ કરે છે.[૧] કર્મપિંડનું આવવું તથા તેમાં ફળદાન શક્તિનું ઉપજવું એ બંને કાર્ય એકી સાથે થાય છે. કર્મપિંડના બંધ અર્થે નિમિત્તભૂત એવી યોગની ચંચળતાને પણ સંસાર દશામાં પ્રાયે કષાયો ઉત્તેજિત કરે છે. કષાયનો પ્રાદુર્ભાવ આત્મ અજાગ્રતિ અર્થાત્ પ્રમાદથી થાય છે, અને હિંસાદિ અવ્રત પરિણામો અને પ્રવર્તનાઓ એ અનાદિ પ્રમાદને પોષણ આપે છે. તથા એ હિંસાદિ અવ્રત પરિણતિ મિથ્યાત્વના સાહચર્ય યોગે બળવાન પામે છે. એમ ઉત્તરોત્તર કારણ કલાપ મળવાથી આત્મા મલિન થાય છે, પરાધીન થાય છે. જીવની એ મલિનતા–પરાધીનતા તેની ચિત્ર–વિચિત્ર પ્રવૃત્તિ, પરિણતિ તથા સ્થિતિ ઉપરથી વર્તમાનમાં પણ સ્પષ્ટ સિદ્ધ નિર્ણીત થાય છે અર્થાત્ તેની બંધ દશાનો નિર્ણય થાય છે. ટૂંકમાં આત્માના વાસ્તવ્ય પરિચયે બંધ તૂટે છે, શિથિલ પામે છે, તથા અન્યના પરિચયે બંધ બંધાય છે, પોષણ પામે છે.

---

૧. पयडिठिंइअणुभाग पदेशभेदादुचदुविधोबंधो ।
योगा पयडि पदेसा, ठिदिअणुभागा कसाएदो होदि ।। (द्रव्यसंग्रह)

દેહાદિ પ્રત્યેનું અહં-મમત્વ મોક્ષમાર્ગમાં મહાન વિઘ્ન છે.

**ममेदमहमस्येति प्रीतिरीतिरिवोत्थिता ।**
**क्षेत्रे क्षेत्रीयते यावत्तावत्काऽशा तपःफले ।।२४२।।**

**''યહ મેરા મૈં ઇસકા''—ઐસી પ્રીતિ વહી આપત્તિ સમાન;**
**જબ તક હૈ સ્વામિત્વ દેહ મેં તપ-ફ્લ કી ક્યા આશા જાન? ૨૪૨.**

''આ દેહ મારો છે ને હું એ દેહનો છું'' આવી નિશ્ચિત્ત શ્રદ્ધાપૂર્વક દેહની સાથે જીવને પ્રીતિ છે, અર્થાત્ દેહરૂપ ક્ષેત્ર વિષે ક્ષેત્રીયરૂયે એટલે સ્વામિત્વપણે જ્યાં સુધી જીવ પ્રવર્તી રહ્યો છે, ત્યાં સુધી તપના પરમ ફળરૂપ મોક્ષની શી આશા? દેહ પ્રત્યેની એકત્વ ભાવના મોક્ષમાર્ગના પ્રવાસીને એક મહાન ઇતિ સમાન વિઘ્નરૂપ છે.

અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ, ઉંદર, તીડ, ચુઆ, સ્વચક્ર અને પરચક્ર એ સાત ઇતિ છે. એ સાત ઉપદ્રવ જ્યાં સુધી વર્તતા હોય ત્યાં સુધી ખેડૂતને ઇષ્ટ અન્ન ઉપજાવી ઘેર પહોંચાડવાની શી આશા? તેમ જીવને દેહાનુરાગરૂપ ઇતિ જ્યાં સુધી વર્તે ત્યાં સુધી મોક્ષ પ્રાપ્તિની શી આશા? પ્રત્યુત એથી તો અનાદિ બંધદશા બળવાન થાય છે, પોષણ પામે છે.

તપનું વાસ્તવિક ફળ મોક્ષ છે, પણ તેમાં દેહાદિ બાહ્ય વસ્તુઓ પ્રત્યેની પ્રીતિ એ એક મહાન ઉપદ્રવ છે, જેથી આત્માના નિજવૈભવમાં મહાન હાનિ થાય છે.

એ જ અર્થને ગ્રંથકાર પ્રકારાંતરે દૃઢ કરે છે :—

**मामन्यमन्यं मां मत्वा भ्रान्तो भ्रान्तौ भवार्णवे ।**
**नान्योऽहमहमेवाहमन्योऽन्योऽन्योहमस्ति न ।।२४३।।**

**નિજ કો તનમય, તન કો નિજમય, ભ્રમ સે માન ભવાર્ણવ મેં;**
**મૈં હૂં મૈં, પર હૈ પર, મુજમેં પર નહિં, મૈં ન રહૂઁ પર મેં. ૨૪૩.**

અનાદિ ભ્રાંતિ યોગે કરીને પોતાથી કેવળ ભિન્ન એવા દેહાદિ પરપદાર્થોને જીવે પોતાનું સ્વરૂપ જાણ્યું તેમ પોતે શુદ્ધ ચૈતન્યઘન સ્વપર પ્રકાશરૂપ છતાં પોતાને દેહાદિરૂપે જાણ્યો. એ જ વિપરીત માન્યતાએ ગ્રહિત જીવ અનાદિ અનંત ભવ-સમુદ્રમાં ભટકાયો; પણ, હવે તો હે જીવ! તું સમ્યક્પ્રકારે એમ જાણ કે ''હું દેહાદિ પરપદાર્થરૂપ નથી, તેમ એ દેહાદિ પર પદાર્થો મારું નિજ સ્વરૂપ નથી, તથા હું એ દેહાદિ પર પદાર્થોમાં નથી, તેમ એ દેહાદિ પર પદાર્થો મારામાં નથી. હું ચૈતન્યઘન ત્રિકાળ ચૈતન્યઘનરૂપ છું, તેમ એ દેહાદિ પરપદાર્થો ત્રિકાળ જડરૂપ અને પર છે.''

આ જગતમાં સર્વ પદાર્થો પોત પોતાના નિજ સ્વરૂપને અવલંબીને રહ્યા છે, પણ ત્રિકાળે પોતાના નિજ સ્વરૂપને છોડતા નથી. કોઈ દ્રવ્યનો કોઈ અન્ય દ્રવ્યથી કિંચિત્ સંબંધ નથી. અર્થાત્

સર્વ દ્રવ્યો પોતપોતાના સત્તા ગુણાદિને અનુવર્તી ભિન્ન ભિન્ન નિજ ગુણ પર્યાયપણે પ્રવર્તી રહ્યાં છે. હું અનાદિ કાળથી મિથ્યાત્વરાગાદિ યોગે એ દેહાદિ પર પદાર્થોને મારું નિજસ્વરૂપ સમજી રહ્યો છું, પણ એ પર પદાર્થો મારા સ્વરૂપપણે પરિણમવા સર્વથા અશક્ય છે. કેવળ મૂઢ બુદ્ધિએ ગ્રહાઈ નિરર્થક અને પોતાપણે ધારી-ધારી હું અનંત કાળથી એ દેહાદિ પર પદાર્થોની પાછળ મારી પોતાની ભ્રાંતિએ કરીને ભટકાયો. દૈવયોગે વા કાળાદિ લબ્ધિને પામીને આ અનુપમ માનવ જીવનમાં કોઈ મહત્પુરુષની કૃપાએ કરી સમ્યગ્જ્ઞાનાદિ યોગના પ્રભાવથી હવે મેં જાણ્યું કે ''એ દેહાદિ પર પદાર્થો ખરેખર જડ અને પર છે. હું તે-રૂપ નથી, પણ ચૈતન્યઘનરૂપ છું. એ જડ શરીરાદિ અને ચૈતન્ય પરિણામી હું એ બંનેમાં પરસ્પર શો સંબંધ છે? જરાપણ નહિ. કારણ એ બંને જાતિ, ગુણ, લક્ષણાદિએ કરીને પરસ્પર કેવળ ભિન્ન છે.'' આ પ્રકારનું આત્મપરિણામી ભેદવિજ્ઞાન એ જ મોક્ષરૂપ પરમ કલ્યાણનું કારણ છે.

દેહાદિ પ્રત્યેની રાગબુદ્ધિ બંધનું કારણ છે અને વૈરાગ્યબુદ્ધિ નિર્જરાનું કારણ છે. અનાદિ ભ્રાંતિ જેની નિવૃત્ત થઈ છે, તેને જ દેહાદિ પદાર્થો સાક્ષાત્ પરપણે પ્રતિભાસે છે. એમ ગ્રંથકાર કહે છે :—

**बंधो जन्मनि येन येन निबिडं निष्पादितौ वस्तुना**
**बाह्यार्थैकरतेः पुरापरिणतप्रज्ञात्मनः साम्प्रतम् ।**
**तत्तत्तन्निधनाय साधनमभूद्वैराग्यकाष्टास्पृशो**
**दुर्बोधं हि तदन्यदेव विदुषामप्राकृतं कौशेलम् ।।२४४।।**

**પૂર્વ જન્મ મેં જો જો વસ્તુ હુઈ બન્ધ કે કારણરૂપ,**
**પર કે પ્રતિ અનુરાગ બુદ્ધિ સે કિન્તુ લખા જબ વસ્તુ-સ્વરૂપ;**
**હુઆ ચરમ વૈરાગ્ય, વહી વસ્તુયેં હુઈ મુક્તિ સાધન,**
**અહો! અલૌકિક, કષ્ટ-ગમ્ય હૈ વિદ્વાનોં કા યહ કૌશલ. ૨૪૪.**

અનાદિ કાળથી આજ સુધી બાહ્ય વસ્તુઓ સાથે અત્યંત પ્રીતિ બની રહી, અને તેથી એ બાહ્ય પરવસ્તુઓ મને નિબિડ બંધનું કારણ થઈ; પણ હવે સત્યાર્થ આત્મવિજ્ઞાનના પ્રભાવથી એ બાહ્ય સર્વ પરવસ્તુઓ પ્રત્યે મને ઉત્કટ વૈરાગ્ય વર્તતો હોવાથી જે પદાર્થો પૂર્વે બંધ હેતુપણે વર્તતા તે જ પદાર્થ આજે બંધ નિવૃત્તિપણે મારા જ્ઞાનમાં પરિણમી રહ્યા છે. અહો! ક્યાં એ પૂર્વનું અજ્ઞાન તથા ક્યાં આ સમ્યક્જ્ઞાનની અપૂર્વ મહત્તા! તેથી જ પૂર્વ મહાપુરુષો કહે છે કે—બંધનું કારણ ક્રિયામાત્ર નથી, પણ પરિણામ છે.[1]

---

૧. यस्मात् क्रिया प्रतिफलति न भावशून्या ।

દેહાદિ પરવસ્તુઓને અવિવેકપણાને લઈને જીવ જ્યારે રાગ બુદ્ધિથી જોતો હતો ત્યારે તે તે વસ્તુ એને બંધ હેતુપણે થતી હતી, પણ વિવેકબુદ્ધિના પ્રભાવથી જ્યારે તે વૈરાગ્યબુદ્ધિપૂર્વક જોવા લાગ્યો, ત્યારે તે જ દેહાદિ પરવસ્તુઓ બંધનિવૃત્તપણે જ્ઞાનમાં પ્રવર્તી. તેથી નિશ્ચિંત થાય છે કે બંધ અને મોક્ષનું ઉપાદાનકારણ આત્માના પરિણામ છે, પણ માત્ર એકલી ક્રિયા નથી. ક્રિયા પણ પરિણામને ફળવતી થાય છે. પરિણામશૂન્ય ક્રિયા વાસ્તવ્ય ફળદાતા થતી નથી. માટે સદ્‌વિવેકપૂર્વક હે જીવ! તું એ અનાદિ પરિણામને ફેરવ. એક જ પદાર્થ મહત્વપૂર્ણ દૃષ્ટિએ જોતાં મહત્વરૂપ ભાસે છે, ત્યારે અમહત્વપૂર્ણ દૃષ્ટિએ તે જ પદાર્થ અમહત્વરૂપ પ્રતિભાસે છે. ભેદ માત્ર દૃષ્ટિનો છે. એ દેહાદિ સર્વ પરવસ્તુઓ સદ્‌વિવેકે વૈરાગ્યપૂર્ણ દૃષ્ટિએ તું જોઈશ તો તેમાં તને નર્યો વૈરાગ્ય જ અનુભવાઈ નિર્જરાનું કારણ થશે.

બંધની નિવૃત્તિનો ક્રમ :—

**अधिकः क्वचिदाश्लेषः क्वचिद्धीनः क्वचित्समः ।**
**क्वचिद्विश्लेष एवायं बन्धमोक्षक्रमो मतः ।।२४५।।**

**કર્મબન્ધ હૈ કહીં અધિક અરુ હીન કહીં હૈં કહીં સમાન;**
**કહીં માત્ર નિર્જરા કહીં હૈ બન્ધ મોક્ષ કા યહ ક્રમ જાન. ૨૪૫.**

કેટલાક જીવોને બંધ અધિક છે, નિર્જરા નહિવત્ છે, કેટલાકને બંધ અલ્પ તથા નિર્જરા અધિક છે, કેટલાકને બંધ અને નિર્જરા સમાન છે, ત્યારે કેટલાકને કેવળ નિર્જરા જ વર્તે છે. બંધ અને બંધ નિવૃત્તિનો એ જ ક્રમ છે.

મિથ્યાત્વ દશામાં બંધ અધિક અને નિર્જરા તુચ્છ અર્થાત્ નહિ જેવી છે. ત્રીજા સાસ્વાદન ગુણસ્થાનમાં બંધ અને નિર્જરા સમાન છે. અવિરત નામના ચોથા ગુણસ્થાનકે બંધ અત્યંત અલ્પ અને નિર્જરા પૂર્વ અપેક્ષાએ અસંખ્યાતગુણી છે. આગળ-આગળની ભૂમિકાએ અનાદિ સંસારના કારણભૂત બંધ ક્ષીણ થતો જઈ કેવળ નિર્જરા જ વર્તે છે અને બંધનો નિરોધ થાય છે. જો કે ત્યાં પણ શાતાવેદનીય આદિ કેટલીક પુણ્ય પ્રકૃતિનો બંધ થાય છે, તોપણ તે અનંત સંસારના હેતુભૂત નહિ હોવાથી વાસ્તવ્ય બંધરૂપ અહીં ગણ્યો નથી. તે ભૂમિકાએ વર્તતા જીવને શાતા વેદનીયાદિ જન્ય ગમે તેટલી શુભ સામગ્રી મળે તોપણ તે શાતાને વેદતો નથી, પણ મુખ્યતયા આત્મગુણોને અનુભવે છે. શાતાને વેદે છે એમ જે કહેવામાં આવે છે તે ઉપચારથી. કારણ સંસારી જીવો આત્માનુભવને જાણી કે જોઈ શકતા નથી. શાતા અને શાતાજન્ય સામગ્રી તથા અન્યથી વિલક્ષણ પુણ્યપ્રકૃતિના ઉદયને આત્મગુણ કલ્પે છે, ત્યાં બીજું શું કહેવું? વળી, તે પુરુષોને દુઃખનો અભાવ વર્તી સંપૂર્ણ સુખનો અનુભવ સમયે-સમયે વર્તી રહ્યો છે. જગતવાસી જીવોનું લક્ષ શાતા એ સુખ છે એમ બની રહ્યું છે અને અનંત અતીન્દ્રિય અનાકુળ સુખનું તેમને ભાન નથી, એટલે ત્યાં શાતા

વર્તે છે, એમ ઉપચારથી મહાપુરુષોએ કહ્યું. વળી તેમને કવચિત્ શુભ પ્રકૃતિનો બંધ પડે તો પણ તે સાંપરાઈક નથી, પણ ઈર્યાપથિક છે. પ્રથમ સમયે બંધાય અને બીજા જ સમયે છૂટી જાય છે. વળી નામ, ગોત્ર, વેદનીય અને આયુ એ ચાર કર્મ પ્રકૃતિ સાક્ષાત્ આત્મગુણ વિઘાતક નથી. આત્મગુણ વિઘાતક તો ઘાતિકર્મપ્રકૃતિઓ છે, એટલે શાતા વેદનીયાદિથી આત્મગુણનો વિઘાત થાય છે કે આત્માનુભવ આવરણને–હાનિને પામે છે એમ બનતું નથી. મોહના મિશ્રણ વિના કોઈ કર્મપ્રકૃતિ આત્માનુભવની આડે આવતી નથી. આત્મગુણોને સાક્ષાત્ આવરણ કરનાર મોહ છે, એમ સમજી વિવેકપૂર્વક તેને સર્વથા ક્ષય કરવા ભણી હે જીવ! તું પ્રવર્ત.

વળી, ફળ આપી કર્મ ક્ષય થવાની અપેક્ષાએ જોઈએ તો તે નિર્જરા બંધરૂપ જ છે. એવી સવિપાક નિર્જરા પ્રાણી માત્ર કરી જ રહ્યા છે અને તેથી કાંઈ વાસ્તવિક બંધનનો અભાવ નથી. કારણ એવી નિર્જરામાં નવીન-નવીન બંધ જીવને થયા કરે છે. મોક્ષાર્થી જીવને તે નિર્જરાનું કાંઈ પણ પ્રયોજન નથી. તો—

**यस्य पुण्यं पापं च निष्फलं गलति स्वयम् ।**
**स योगी तस्य निर्वाणं न तस्य पुनरास्त्रवः ।।२४६।।**

**જિસ યોગી કે પુણ્ય-પાપ, ફ્લ દિએ બિના ખિર જાતે હૈં;**
**વહ યોગી નિર્વાણ પ્રાપ્ત કરતા ન કર્મ ફિર આતે હૈં. ૨૪૬.**

જે વિરક્ત પરિણામી જીવને સ્વફળ ઉપજાવ્યા સિવાય પુણ્ય અને પાપ સ્વયં નિર્જરે છે–નિઃસત્ત્વ બને છે, તે જ ખરેખર યોગી છે, તે જ નિરાસ્રવ છે અને તે જ મહદ્‌ભાગી પુરુષ નિર્વાણદશાને ક્રમે કરીને પ્રાપ્ત થાય છે.

સંસાર પરિભ્રમણનું મૂળ કારણ પુણ્ય અને પાપ પ્રત્યેનો અનુરાગ-આસક્ત પરિણામ છે. જેમ ફળનું મૂળ પુષ્પ છે, પણ જ્યાં પુષ્પ જ ખરી ગયું–સૂકાઈ ગયું ત્યાં બીજ અને ફળની ઉત્પત્તિ ક્યાંથી? તેમ જીવને ચતુર્ગતિરૂપ ફળનું કારણ શુભાશુભકર્મ પ્રત્યેનો ઉદયાનુરાગ છે, પણ જ્યાં એ શુભાશુભકર્મ જ નિર્જરી ગયાં–હીનસત્વ બની ગયાં, ત્યાં નવીન શરીર કરવાપણું જ ક્યાંથી હોય?

શુભાશુભકર્મની ઉદયાનુસાર, ઇચ્છાએ કે અનિચ્છાએ અનુભવ કરીને, વેદીને આખું જગત નિર્જરા કરી રહ્યું છે, તેમાં જ્ઞાનની કે સદ્‌વિવેકની જરૂર નથી. જ્ઞાન હો કે અજ્ઞાન હો, વિવેક હો કે અવિવેક હો ઉદયાભિમુખ કર્મનો રસપૂર્વક અનુભવ કરી પ્રાણી માત્ર નિર્જરા કરી રહ્યાં છે. માત્ર યોગી પુરુષ સમ્યક્‌જ્ઞાનજન્ય સદ્‌વિવેક વડે અવિપાક (શુભાશુભ કર્મ ફળોનો વિપાક અનુભવ્યા સિવાય) નિર્જરા કરે છે. પ્રખર આત્માનુભવજન્ય અતીન્દ્રિય આનંદાનુભવ આડે કર્મફળના વિપાકને અનુભવવાનો તે દઢ યોગીને અવકાશ જ ક્યાં છે? અને તેથી જ તે કર્મફળો

નિઃસત્ત્વપણાને પામી પોતાના સ્વભાવ પ્રમાણે ફળાનુભવ કરાવ્યા સિવાય આ છેડેથી પહેલે છેડે ચાલ્યાં જાય છે, અર્થાત્ નિષ્ફળતાને પામે છે.

વળી, ગ્રંથકાર સાધુ પુરુષોને હિત શિક્ષા આપે છે કે :—

**महातपस्तडागस्य संभृतस्य गुणाम्भसा ।**
**मर्यादापालिबन्धेऽल्पामप्युपेक्षिष्टमाक्षतिम् ।।२४७।।**

**ગુણરૂપી જલ સે ભરપૂર મહાતપરૂપ સરોવર જાન;**
**કિંચિત્ ક્ષતિ કી કર ન ઉપેક્ષા મર્યાદા કા સુદઢ બાંધ. ૨૪૭.**

મહાતપરૂપી તળાવમાં રહેલું સમ્યગ્દર્શનાદિક નિર્મળ જળ મર્યાદારૂપી પાળથી અખંડપણે સુરક્ષિત રહે છે અર્થાત્ રંચપણ હાનિ પામતું નથી.

જ્યાં સુધી પાળ દઢ રહે ત્યાં સુધી તળાવમાં પાણી ટકી શકે છે, પણ પાળ તૂટી જાય તો તળાવનું પાણી વિખરાઈ જાય છે; તેમ ગુણરૂપી જળથી ભરેલા તપરૂપી તળાવની મર્યાદારૂપી પાળ વિષે નાનું સરખું પ્રતિજ્ઞાભંગરૂપી છિદ્ર પડતાં એ તપરૂપી તળાવમાનું ગુણરૂપી જળ સ્વયં વિખરાઈ જાય છે. વળી :—

**दृढगुप्तिकपाटसंवृतिर्धृतिभित्तिमतिपादसंभृतिः ।**
**यतिरल्पमपि प्रपद्य रन्ध्रं कुटिलैर्विक्रियते गृहाकृतिः ।।२४८।।**

**ગુપ્તિ કપાટ ધૈર્ય હૈ ભિત્તિ બુદ્ધિરૂપ દઢ નીંવ સુજાન;**
**અલ્પ છિદ્રયુત મુનિગૃહ, રાગ કુટિલ સર્પોં સે વિકૃત માન. ૨૪૮.**

યતિરૂપી મહાન ગૃહ મન, વચન અને કાયગુપ્તિરૂપી દઢ કમાડોથી બંધ છે, ઉત્તમ વ્રતોરૂપી ધીર જેની દિવાલો છે, તથા સમ્યક્ બુદ્ધિરૂપ ગાઢ જેનો પાયો છે, તેવા સુરક્ષિત યતિપદરૂપ મકાનમાં પણ કદાચિત્ પ્રતિજ્ઞાભંગરૂપી નાનું સરખું છિદ્ર પડે તો સ્વભાવે કરીને મહા કુટિલ એવા અનાદિ રાગાદિ સર્પો એ યતિપદરૂપી નિર્ભય ગૃહમાં પેસી જઈ તે ગૃહને દૂષિત કરે છે.

જેમ ઘરનાં કમાડ, દિવાલ અને નીચેનો પાયો દઢ હોય તો તે મકાનને પડવાનો ભય નથી, પરંતુ તેમાં રંચમાત્ર નાનું સરખું છિદ્ર પડે તો સર્પાદિક દુષ્ટ જીવો પેસી જઈ તેમાં વસવાવાળાને વિઘ્નરૂપ થાય. અરે! કોઈ વેળા પ્રાણનાશનું પણ કારણ થાય, તેમ દઢ ગુપ્તિરૂપી કમાડ, ધૈર્યરૂપી દિવાલ અને સમ્યક્ બુદ્ધિરૂપી નીવ (પાયો) જેને છે એવા યતિરૂપી ઉજ્જ્વળ મકાનમાં પ્રતિજ્ઞાભંગરૂપી નાનું સરખું છિદ્ર પડે તો રાગાદિ કુટિલ સર્પો તેમાં પેસી જઈ તે યતિને અનેક પ્રકારે વિઘ્નભૂત થાય. અરે! કોઈ વેળા યતિપણાને જ મૂળથી નાશ કરે. માટે, સાધુ પુરુષે

પ્રતિજ્ઞાભંગ પમાડનાર એવા એ અનાદિ રાગાદિ દોષોથી નિરંતર સાવધ રહી ધારણ કરેલી સ્વપ્રતિજ્ઞાને નિરંતર સુરક્ષિત રાખવી એ જ યોગ્ય છે.

હવે, રાગાદિ દોષોને જય કરવાના ઉદ્યમમાં સાવધાન એવા મુનિજનો પણ જો પર દોષોનું કથન કર્યા કરે તો તે રાગાદિ દોષોને નહિ જીતતાં ઉલટા પુષ્ટ કરે છે, એમ ગ્રંથકાર કહે છે :—

**स्वान्दोषान्हन्तुमुद्युक्तस्तपोभिरतिदुर्धरैः ।**
**तानेव पोषयत्यज्ञः परदोषकथाशनैः ।।२४९।।**

**અતિ દુર્ધર તપ દ્વારા અપને દોષ-હરણ મેં ઉદ્યમવાન;**
**પર-નિન્દા ભોજન સે ઉન દોષોં કો પુષ્ટ કરે અજ્ઞાન. ૨૪૯.**

નિજ દોષને ક્ષય કરવા જે મુનિ દુર્ધર તપ કરવા ઉદ્યમવંત થયા કરે છે, તે કદાચિત્ ઈર્ષાના ઉદયથી પરાયા છતા–અણછતા અપવાદ કથન કરવા લાગે તો તે પરદોષકથારૂપી ગરીષ્ઠ ભોજનથી પોતાને જ રાગાદિ દોષોથી પુષ્ટ કરે છે.

વિવેકી જનોએ પરનિંદા કરવી એ કોઈ રીતે યોગ્ય નથી. જેમ રસયુક્ત ભોજન અજીર્ણાદિ દોષોને પુષ્ટ કરે છે, તેમ પરદોષ કથનરૂપી ગરીષ્ઠ ભોજન અનાદિ રાગાદિ દોષોને પુષ્ટ કરે છે અને તેથી ક્રમે કરી નિર્મળ યતિત્વપદનો ભંગ થાય છે.

સર્વ પાપારંભથી નિવૃત્ત સાધુજનોને અન્ય કોઈ કારણોથી કષાયોનો એકદમ સહસા પ્રાદુર્ભાવ થવો શક્ય નથી, પરંતુ પોતાની પાસે રહેલા શરીર પ્રત્યે આસક્તિ થઈ જાય તો અવશ્ય કષાયનો ઉદ્રેક થઈ જાય. એ આસક્તિને મૂળથી ક્ષીણ કરવા મુનિજન દુર્ધર તપશ્ચરણાદિ આચરે છે. આમ 'દુર્ધર તપશ્ચરણાદિ આચરવાથી મારા અનાદિ દોષો અવશ્ય ક્ષીણ પામશે' એવી તેની સમજ છે, પણ એ નથી સમજતો કે ગમે તેટલાં વિકટ તપશ્ચરણાદિ અનુષ્ઠાન આચરવા છતાં પણ પરદોષકથા કહેવા-સાંભળવાથી પણ એ રાગાદિ દોષો ઉત્પન્ન થાય છે, પોષણ પામે છે. જેમ અજીર્ણ શમાવવા કોઈ મનુષ્ય અનેક પ્રકારની કસરત કરી કષ્ટને સહને કરે, પરંતુ તેની સાથે જેનાથી અજીર્ણ થયું છે, એવા એ દોષના મુખ્ય કારણરૂપ રસયુક્ત ગરિષ્ઠ ભોજનાદિને ન છોડે તો અજીર્ણ કેમ મટે? રાગાદિ દોષોની નિવૃત્તિ અર્થે કાયકલેષાદિરૂપ તપ કરવું એ તો પહેલા કસરત કરવાવાળા મનુષ્યના જેવો એક સામાન્ય ઉપચાર છે, પણ પરદોષકથા કથન, શ્રવણપણાનો નિરોધ કરવો એ ગરિષ્ઠ ભોજન છોડવા તુલ્ય ઉપચાર છે. માટે, એ પરદોષકથા કહેવી-સાંભળવી તું નિવાર. મુમુક્ષુને એ ન ઘટે. સાંભળ :—

**दोषः सर्वगुणाकरस्य महतो दैवानुरौधात् क्वचि–**
**द्यातो यद्यधि चंद्रलाञ्छनसमस्तं दृष्टुमन्धोऽप्यलम् ।**

**दृष्टाप्नोति न तावदस्य पदवीमिन्दोः कलङ्कं जग–**
**द्विश्वं पश्यति तत्प्रभाप्रकटितं कि कोऽप्यगात्तत्पदम् ।।२५०।।**

**સર્વગુણાકર મહાપુરુષ મેં અલ્પ દોષ ભી કર્મ-વશાત્,**
**ચન્દ્ર-કલંક સમાન અંધ ભી ઉસે દેખને હેતુ સમર્થ;**
**વિશ્વ દેખતા દોષ, કિન્તુ નહિં જાતા મહાપુરુષ સ્થાન,**
**ચન્દ્ર-પ્રભા હી દોષ દિખાતી કોઈ ન જાતા ચન્દ્ર સ્થાન. ૨૫૦.**

સર્વ ગુણનિધાનરૂપ મહાપુરુષને કદાચિત્ કોઈ કર્મોદયવશાત્ કોઈ મૂળ ગુણ વિષે ચંદ્ર લાંછનની માફક કોઈ અલ્પ દોષ ઉપજે તો તેને જગતવાસી મૂઢ અને વિવેકશૂન્ય અંધ જીવો પણ જોઈ શકે છે. જેમ ચંદ્રમાનું કલંક તેની વિસ્તીર્ણ પ્રભાથી જ જગતમાં પ્રગટ થાય છે, પણ તેના સ્થાન સુધી કોઈ જઈ આવ્યું નથી, તેમ મહાપુરુષનો અવગુણ પણ તેના વિસ્તીર્ણ નિર્મળ ગુણોથી જ પ્રકાશિત થાય છે, પણ કોઈ તેના સ્થાનમાં (અંતઃકરણમાં) જઈ જોઈ આવ્યું નથી.

જે મહાભાગ્ય સાધુપુરુષમાં અનેક ગુણો પ્રકાશી રહ્યા છે, તેનામાં કોઈ કોઈ વખત પ્રારબ્ધવશાત્ કોઈ કોઈ સ્વલ્પ દોષ થઈ આવે છે. અત્યંત ઉત્કૃષ્ટ ગુણોના પ્રકાશમાં એ દોષો તે મહાત્મામાં તેના વાસ્તવિક સ્વરૂપે જેમ છે તેમ દેખાય છે અને તેથી અજ્ઞાનીજનો પણ તે દોષોને દોષરૂપે સમજી શકે છે; તેમ છતાં પણ જ્ઞાની પુરુષ તો જ્ઞાની જ રહે છે અને અજ્ઞાનીજન અજ્ઞાની જ રહે છે. દોષદૃષ્ટિવાન જીવ પરદોષને જોવા માત્રથી કાંઈ જ્ઞાની વા મહાત્મા થઈ શકતો નથી, તે તો નિરંતર દોષયુક્ત જ રહે છે. એવી પરદોષદૃષ્ટિથી આત્મીય ગુણોનો વાસ્તવિક ઉત્કર્ષ કદી પણ થઈ શકતો નથી.

ચંદ્રની નિર્મળ, શાંત અને ઉજ્જ્વળ પ્રભાથી પ્રકાશિત થઈ રહેલા તેના લાંછનને સર્વ મનુષ્યો જોઈ શકે છે, પરંતુ બતાવો તો ખરા કે તે ચંદ્રલાંછન અને એમાંનો કોઈ મનુષ્ય આજ સુધીમાં તે નિર્મળ ચંદ્રના ઉજ્જ્વળ મહત્વને પામી શક્યો છે?–ના. ઉત્તમ પદાર્થ અંતર્ગત રહેવાવાળા કોઈ દોષને દેખવા માત્રથી તે દર્શકની યોગ્યતા કદી પણ વધી જતી નથી.

હે મુમુક્ષુ! અનાદિ દુઃખના હેતુરૂપ સંસારદશાનો ક્ષય માત્ર પોતાના કષાય ક્ષયથી છે, એમ તું સમજે છે તો પછી એ પરદોષ જોવા સન્મુખ તું કેમ થાય છે? બીજાના તરફ દોષદૃષ્ટિપૂર્વક જોવું એ પણ એક કષાય છે. એમ કરવાથી તું કષાય કે તજ્જનિત દોષથી કદી પણ મુક્ત થઈ શકીશ નહીં અને ત્યાં સુધી તારું વાસ્તવિક કલ્યાણ થવું પણ અશક્ય છે કે જ્યાં સુધી તારી દૃષ્ટિ અરોચક પરદોષ જોવા સન્મુખ પ્રવર્તી રહી છે. દોષ દેખવાવાળા મનુષ્યના હૃદયમાં ઈર્ષાનો અગ્નિ નિરંતર પ્રજ્વલિત રહ્યા કરે છે. વળી, જ્યારે પરના દોષ જોવા સન્મુખ દૃષ્ટિ સદોદિત રહ્યા કરે,

ત્યારે તેનામાં ગુણોનો પ્રકાશ પણ ક્યાંથી થાય? કારણ નિજ ગુણોનો ઉત્કર્ષ કરવા તરફ તેનું લક્ષ કે અવકાશ જ નથી.

બીજું, જ્યાં સુધી સંસારદશા વર્તે છે ત્યાં સુધી થોડા વા ઘણા દોષ પ્રાયે સર્વ જીવોમાં વર્તે છે. સંસારદશામાં સર્વાંગ શુદ્ધતા હોય એવું એક પણ ઉદાહરણ નહિ મળે. ગુણસ્થાન શ્રેણી એ પણ એક-એકથી દોષમુક્ત સંસાર દશાઓ છે. સંપૂર્ણ દોષમુક્ત અસંસાર દશા ભગવાન સિદ્ધાત્મા છે. ઉપર-ઉપરનાં ગુણસ્થાનના સાપેક્ષપણે જોતાં નીચે-નીચેનાં ગુણસ્થાનો દોષયુક્ત જ ભાસશે.

ઉન્નત્તિનો ક્રમ તો એ છે કે એકને જોઈ બીજો તેના આદર્શ ગુણોનું અનુકરણ કરે, પરંતુ દોષદૃષ્ટિવાન મનુષ્ય ''પોતાથી જગતમાં કોઈ વિશેષ ગુણવાન છે'' એમ સમજતો જ નથી. બીજામાં દોષ હોવા અથવા નહિ હોવાથી તને પોતાને શું લાભ–હાનિ છે? તારો દોષ જે દિવસે નિવૃત્તપણાને પામશે તે દિવસે તું વાસ્તવિક સુખી થઈશ. માટે, હે મુમુક્ષુ! એ પરદોષ જોવા તરફ તું નિરંતર ઉપેક્ષિત રહે! પણ જ્યાં સુધી મિથ્યાત્વ અને તજ્જનિત અજ્ઞાન જીવને વેગે ચડાવી રહ્યું છે, ત્યાં સુધી જીવની દૃષ્ટિ માત્ર પરદોષગ્રહણાદિ તરફ નિરંતર રમ્યા કરે છે. પણ એ અવિવેક છે. સાંભળ :—

**यद्यदाचरितं पूर्वं तत्तदज्ञानचेष्टितम् ।**
**उत्तरोत्तरविज्ञानाद्योगिनः प्रतिभासते ।।२५१।।**

**પૂર્વ કાલ મેં કિયા આચરણ થા અજ્ઞાન ચેષ્ટા સે;**
**ઉત્તર-ઉત્તર જ્ઞાન-વૃદ્ધિ સે યોગીજન કો પ્રતિભાસે. ૨૫૧.**

ઉત્તરોત્તર વિજ્ઞાન અર્થાત્ સમ્યક્જ્ઞાન-વિવેકદશાની પ્રાપ્તિ અને વૃદ્ધિ થતાં પોતે પૂર્વે અજ્ઞાનદશામાં જે જે આચરણ કર્યાં છે તે તે સર્વે યોગી પુરુષને અજ્ઞાનચેષ્ટારૂપ પ્રતિભાસે છે.

પરાયા અવગુણ અને પોતાના ગુણ પ્રગટ કરવા એ જ એક અજ્ઞાનચેષ્ટા છે. અજ્ઞાનીજનોને એ ચેષ્ટા બૂરી કે અજ્ઞાનરૂપ ભાસતી નથી, પરંતુ વિવેકવાનજ્ઞાની યોગીપુરુષને સ્પષ્ટ બુરી પ્રતિભાસે છે. કારણ 'અજ્ઞાનદશાગ્રસ્ત જીવ દોષયુક્ત હોય છે' એમ પોતાની પૂર્વ અજ્ઞાન ચેષ્ટાનું તેને સ્મરણ છે. એટલે 'પૂર્વે મેં મિથ્યાત્વ–અજ્ઞાનદશા યોગે આમ જ કર્યું છે' એમ તેને સ્પષ્ટ ભાસે છે. તેથી પરાયા અવગુણ અને પોતાના ગુણ પ્રગટ કરવા ભણી તે વિવેકી યોગી પુરુષ નિરંતર ઉપેક્ષિત રહે છે, અર્થાત્ નિજગુણ અને પર અવગુણ મુખમાંથી ઉચ્ચારતો નથી, પરંતુ ઢાંકે છે.

વળી, બીજા સહધર્મી સહાધ્યાયીઓમાં પોતાની શ્રેષ્ઠતા સિદ્ધ કરવાની અભિલાષા જીવને રહે એ સ્વાભાવિક છે. જ્યાં સુધી અજ્ઞાનનું બળ છે ત્યાં સુધી એ અભિલાષા મટતી નથી. બહુધા એ અભિલાષાવશ પરનિંદા, સ્વપ્રશંસા, પરગુણ આચ્છાદન, ઉપવાસ અને કાયક્લેષાદિ તપ જીવ કર્યા કરે છે, પણ વાસ્તવિક જ્ઞાનદૃષ્ટિ જાગ્રત થતાં ઉપરોક્ત પોતાની પ્રવૃત્તિ તેને સાવ

અજ્ઞાનચેષ્ટારૂપ પ્રતિભાસે છે. મહાપુરુષો પોકારી-પોકારીને કહે છે કે માત્ર બાહ્યક્રિયા આદિથી આત્માના મહદ્ અર્થની વાસ્તવ્ય સિદ્ધિ નથી, પરંતુ સાથે-સાથે કષાયાદિ અનાદિ નિજ દોષની નિવૃત્તિ થઈ આત્મપરિણામમાં જે સમ્યક્ વિશુદ્ધતા પ્રાપ્ત થાય છે, તેથી જ આત્મીય કલ્યાણની–સત્સુખની સિદ્ધિ છે.

શરીર ઉપરના મમત્વને લઈને અનાદિ આશારૂપ વેલ જરાપણ સૂકાતી નથી—એમ ગ્રંથકાર કહે છે :—

**अपि सुतपसामाशावल्लीशिखा तरुणायते**
**भवति हि मनोमूले यावन्ममत्वजलार्द्रता ।**
**इति कृतधियः कृच्छ्राम्मैश्चरन्ति निरन्तरं**
**चिरपरिचिते देहेऽयस्मिन्नतीव गतस्पृहाः ।।२५२।।**

**મહા-તપસ્વી કી ભી આશા-બેલિ સદા હૈ તરુણાતી,**
**મનોમૂલ સે મમતા-જલ પાકર રહતી હૈ હરી-ભરી;**
**અતઃ વિવેકી કષ્ટ-સાધ્ય આચરણ નિરંતર કરતે હૈં,**
**ચિર-પરિચિત ઇસ તન સે ભી વે નિસ્પૃહ હોકર રહતે હૈં. ૨૫૨.**

મોટા-મોટા તપસ્વી પુરુષોમાં પણ એ અનાદિ આશારૂપ વેલની શિખા વિસ્તારને પ્રાપ્ત થતી જાય છે, ક્યાં સુધી? જ્યાં સુધી તેઓની અંતઃકરણરૂપી જડ મમત્વરૂપ જળથી નિરંતર આર્દ્ર છે; અને તેથી તે જ મહાપુરુષો ચિરકાળથી પરિચિત શરીર પ્રત્યે પણ નિર્મમત્વ થઈ ઉદાસીન થઈ સદ્વિવેકપૂર્વક અતિ કષ્ટસાધ્ય તપાદિ અનુષ્ઠાન દ્વારા શરીરને દમન કરે છે.

વેલના મૂળમાં નિરંતર જળ સિંચન કરવામાં આવે તો તેની ઉપરની શિખા સુદ્ધાંત તે વેલ લીલી હરિયાળી રહે છે, તેમ આશારૂપ વેલની મનરૂપી જડ જ્યાં સુધી મમત્વરૂપ જળથી સજળ રહ્યા કરે, ત્યાં સુધી એ વેલ પોતાની શિખા સુદ્ધાંત તરુણ જ રહે છે, અર્થાત્ કદીપણ સૂકાતી નથી. એમ સમજી વિવેકી પુરુષો પોતાના શરીરથી પણ ઉદાસીનપણે–નિસ્પૃહપણે મરણ-જીવનની આકાંક્ષારહિત થઈ અત્યંત કષ્ટસાધ્ય તપ આદિ વડે નિરંતર શરીરને દમન કરે છે.

શીતકાળમાં વિસ્તીર્ણ જળાશયના કિનારે, ઉષ્ણકાળમાં પર્વતોના શિખરો ઉપર તથા વર્ષાકાળમાં વિસ્તારયુક્ત વૃક્ષ નીચે નિવાસ કરી ચેતન–અચેતનકૃત ઉપસર્ગોને સમપરિણામે સહન કરી નિજ આત્મિક અનંત શક્તિનો પ્રકાશ કરે છે. ચિરકાળ પરિચિત દેહ પ્રત્યેની સ્પૃહાને ભૂલી, વિસ્મરણ કરી નિજ અનંત આનંદરૂપ સ્વગુણ-પર્યાયમાં અંતઃકરણને તન્મય કરે છે, ત્યાં જ અખંડ આનંદાનુભવ લે છે.

શરીર પ્રત્યે જે પુરુષ નિસ્પૃહ છે, તે બીજા પર પદાર્થોમાં કેમ મમત્વ કરે ? :—

**क्षीरनीरवदभेदरूपतस्तिष्ठतोरपि च देहदेहिनोः ।**

**भेद व यदि भेदवत्स्वलं बाह्यवस्तुषु वदात्र का कथा ।।२५३।।**

**ક્ષીર-નીર વત્ હૈં અભેદ તન-ચેતન ફિર ભી ભિન્ન રહેં;**

**બાહ્ય વસ્તુ પ્રત્યક્ષ ભિન્ન હૈં ફિર ઉનકી ક્યા બાત કહેં? ૨૫૩.**

દૂધ અને પાણીની માફક અભેદવત્ મળેલાં એવા જીવ અને શરીરમાં જ જ્યારે પ્રત્યક્ષ ભેદ છે, તો પછી સ્પષ્ટ પરરૂપ જણાતા સ્ત્રી, પુત્ર, ધનાદિ, ચેતન–અચેતન બાહ્ય પદાર્થોની ભિન્નતાનું તો કહેવું જ શું! એ તો પ્રગટ ભિન્ન છે. એમ સમ્યક્પણે વિચારી આ જગતના સર્વ ચેતન–અચેતન પર પદાર્થો પ્રત્યેનો સ્નેહ વિવેકી પુરુષો છોડે છે.

શરીરના સંગથી જીવની શું સ્થિતિ થાય છે?

**तप्तोऽहं देहसंयोगाज्जलं वाउनलसंगमात् ।**

**इह देहं परित्यज्य शीतीभूताः शिवैषिण: ।।२५४।।**

**દેહ સંગ સે તપ્ત હુઆ હૂં અગ્નિ સંગ સે નીર સમાન;**

**અતઃ દેહ પરિત્યાગ મુમુક્ષુ સુખ અનુભવતે નિજ કો જાન. ૨૫૪.**

અગ્નિના સંયોગથી જેમ જળ તપ્તાયમાન છે, તેમ દેહના સંયોગથી અનંતકાળથી આત્મા તપ્તાયમાન થઈ રહ્યો છે. એમ વિચારી કલ્યાણાર્થિ મુનિજનો દેહથી પણ મમત્વ તજી આનંદરૂપ (શીતળ) થાય છે.

સર્વ દુઃખ અને ક્લેષાદિ માત્ર દેહના સંગથી જ જીવ અનંતકાળથી સહન કર્યા કરે છે, શરીર પ્રત્યેનું મમત્વ એ જ સર્વ આપત્તિનું સ્થાન છે એમ સમજી મોક્ષાભિલાષી પુરુષો એ શરીર પ્રત્યેનો અનુરાગ તજી માત્ર એક વીતરાગભાવને જ આદરે છે–પોષે છે કે જેથી એ અનાદિ અનંત દુઃખની ખાણરૂપ શરીરનો ફરીથી સંબંધ જ ન થાય.

શરીર પ્રત્યેના મમત્વનું કારણ મોહ છે. વિચારી-વિચારીને મોહને ક્ષય કરવો એ જ વિવેકી પુરુષોનું કર્તવ્ય છે :—

**अनादिचयसंबद्धो महामोहो हृदि स्थितः ।**

**सम्यग्योगेन यैर्वान्वस्तेषामूर्ध्वं विशुध्यति ।।२५५।।**

**ઉર મેં સ્થિત મહા-મોહ, જો હૈ અનાદિ સે પુષ્ટ હુઆ;**

**જિનને વમન કિયા સુયોગ સે ઉનકા ઊર્ધ્વ વિશુદ્ધ હુઆ. ૨૫૫.**

સમ્યક્‌યોગ અર્થાત્ સ્વસ્વરૂપ વિષે ચિત્ત નિરોધરૂપ પરમ ઔષધિવડે જે મહાપુરુષોએ અનાદિ સંચિત કર્મોદયજન્ય હૃદયમાં રહેલો મહામોહ વમી નાખ્યો છે, તેમનો ઉભય લોક (આલોક-પરલોક) વિશુદ્ધ છે.

જેમ યોગ્ય ઔષધોપચારથી પેટનું અજીર્ણ વમી નાખતાં રોગની નિવૃત્તિ થાય છે, તેમ વિભાવભાવોથી વૃદ્ધિ પામેલો કર્મપરિણામરૂપવિકાર સમ્યક્ જ્ઞાનથી નિવૃત્ત થાય છે અને એ કર્મપરિણામજન્ય વિકાર અર્થાત્ મોહ અત્યંત મંદ થતાં–નાશ થતાં શરીર પ્રત્યેનું અનાદિ મમત્વ ક્ષીણ થાય છે. મમત્વ નષ્ટ કરવાનો મૂળ અને વાસ્તવ્ય ઉપાય મોહનો ક્ષય કરવો એ જ છે અને તે મોહક્ષયનો ઉપાય વિવેકપૂર્વક પર પદાર્થોની આસક્તિનો ત્યાગ કરવો એ છે.

મોહ નિવૃત્તિનું ચિન્હ :—

**एकैश्वर्य्यमिहेकतामभिमतावाप्तिं शरीरच्युतिं**<br>
**दुःखं दुष्कृतनिष्कृतिं सुखमलं संसारसौख्यासनम् ।**<br>
**सर्वत्यागमहोत्सवव्यतिकरं प्राणव्ययं पश्यताम्**<br>
**कि तद्न्नसुखाय तेन सुखिनः सत्यं सदा साधवः ।।२५६।।**

**હૈ એકત્વ જિન્હેં ચક્રીસમ વાંછિત અર્થ શરીર-વિનાશ,**<br>
**અશુભ-નિર્જરા દુઃખમય હૈ સુખમય સંસાર-સૌખ્ય કા નાશ;**<br>
**સર્વત્યાગ હૈ મહા-મહોત્સવ સંગ્રહ પ્રાણ-ત્યાગ સમ જાન,**<br>
**કૌન ઉન્હેં નહિં સુખ નિમિત્ત હૈ, સાધુ સુખી યહ સત્ય સુજાન. ૨૫૬.**

જે સાધુ એકાંત નિવાસને એક અદ્વિતીય ચક્રવર્તીપણા સામન લેખે છે, શરીરના વિનાશને મનોવાંચ્છિત લાભ માને છે, લાભાંતરાયાદિ ઘાતિકર્મોના ક્ષયોપશમજન્ય સુખના ઉદયને મોક્ષના વિઘાતકરૂપ પરમ દુઃખ સમજે છે અને તેના પરિહારને જ જે સુખ શ્રદ્ધે છે, દુઃખી જીવોના દુઃખ પરિહાર પ્રસંગે આવી પડનારા દેહત્યાગ જેવા વિકટ પ્રસંગને સર્વસ્વત્યાગરૂપ મહોત્સવ માને છે, તેને આ ત્રિભુવનમાં કયો પદાર્થ કે પ્રસંગ સુખના હેતુરૂપ ન થાય? જે પદાર્થ અને પ્રસંગ પ્રાપ્તિમાં સંસારરસિક ભીરૂ અને પામર જીવો દુઃખ અનુભવી રહ્યાં છે, તે પદાર્થ અને પ્રસંગ મુનિજનોને સુખના હેતુરૂપ થાય છે.

અજ્ઞાનજન્ય પરવસ્તુ પ્રત્યેની ઇષ્ટાનિષ્ટ ભાવના જે પુરુષમાં ઉત્પન્ન થતી નથી તેને હરકોઈ ઇષ્ટાનિષ્ટ પ્રસંગો સુખરૂપ પ્રતિભાસે છે અને તેથી જ મુનિજનો નિરંતર સુખી છે. ઐહિક સુખ-દુઃખો મોહના સાહચર્યપણામાં સુખ–દુઃખરૂપ પ્રતિભાસે છે, અર્થાત્ સમજણમાં વિપર્યાસ હોવાને લઈને મહોદયથી પરવસ્તુમાં ઇષ્ટાનિષ્ટપણું મનાઈ તેમાં સુખ–દુઃખરૂપ વિભાવ કલ્પના

થાય છે. વસ્તુતાએ એ સમજણ અને એ મોહજન્ય માન્યતા બંને કલ્પના જ છે અને તે સર્વ પ્રતિબંધથી રહિત સહજ શુદ્ધ ચૈતન્યદશાની વિઘાતક છે.

મોહના અત્યંત મંદપણાને લઈને મુનિજનોને ઉપરોક્ત મિથ્યા કલ્પના ઉદ્દ્ભવતી નથી અને તેથી તેઓ નિરંતર આત્મીય સત્ સુખનો અનુભવ કરે છે.

વિષમ દુઃખના પ્રસંગે પણ તે મુનિજનો દુઃખને અનુભવતા નથી. કારણ :—

**आकृष्योग्रतपोबलैरुदयगो (गं) पुच्छं यदानीयतं**
**तत्कर्म स्वयमागतं यदि विदः को नाम खेदस्ततः ।**
**यातव्यो विजिगीषुणा यदि भवेदारम्भकोऽरिः स्वयं**
**वृद्धिः प्रत्युत नेतुरप्रतिहता तद्विग्रहे कः क्षयः ।।२५७।।**

**ઉગ્ર તપોબલ સે ઉદયાવલિ મેં લાયેં ગોપુચ્છ સમાન,**
**ઉદયાગત હોં સ્વયં કર્મ તો ખેદ કરેં ક્યોં મુનિ વિદ્વાન;**
**જિસે જીતને કી ઇચ્છા સે કરેં યુદ્ધ કે લિયે ગમન,**
**શત્રુ સ્વયં આ કરે યુદ્ધ તો ક્યા હાનિ? હો ઉસકા અંત. ૨૫૭.**

જે મહાપુરુષ સત્તાગત અર્થાત્ અનુદય પરિણામી કર્મોને ઉગ્ર-ઉગ્ર તપના બળથી ઉદયમાં લાવી-લાવીને ક્ષય કરે છે, તેમને અગર સ્વયમેવ કર્મોદય થાય તેમાં ખેદ ક્યાંથી હોય? વિષમ કર્મોદય પ્રસંગે પણ તે ધીર પરિણામી મુનિજનોને ખેદનું નામ માત્ર પણ હોતું નથી. જેમ કોઈ વિજ્યાભિલાષી રાજા વૈરીના સ્થાન પ્રત્યે જઈને પણ તેને પરાસ્ત કરે છે, અગર તે વૈરી સ્વયં યુદ્ધનો સમારંભ સજી પોતાના ઉપર ચઢી આવે તો તેની સામે યુદ્ધ માંડવામાં તે વિજિગીષુ રાજાને ખેદ કે ક્લેષ હોય?–ના; તે પ્રસંગ તો ઉલટો તે વિજિગીષુ રાજાની અભિવૃદ્ધિ જ સૂચવે છે. પ્રયત્ન સાધ્ય વિજયમાં એ કર્મોદય અધિક સુગમતારૂપ છે.

મુનિજનો તપના બળથી સત્તાગત કર્મોને ઉદયમાં લાવીને પણ ક્ષય કરે છે, નિઃસત્વ કરે છે, પરંતુ કદાચિત્ તે કર્મો પોતે જ સ્વયમેવ ઉદયમાં આવે તો તેમાં તે મુનિજનોને ખેદ હોય? ન જ હોય! ઉદય પ્રાપ્ત કર્મફળ ભોગવવામાં તેમને દુઃખ કે આનાકાની હોતી નથી.

કર્મોદય દુઃખ આપશે? શું દુઃખ આપશે? માત્ર એ જ કે આત્મેત્તર પદાર્થોને દૂર કરશે, એ જ કે બીજું? પણ પોતે જ જ્યાં અન્ય સર્વ પરવસ્તુઓના સંયોગને કે જે આત્મપ્રતિકૂળ, આત્માના સહજ શુદ્ધ સ્વાભાવિક અનંત લબ્ધિના નિરાબાધ અવિચ્છિન્ન ઉપભોગને વિઘાતક હતી, તેને તો પ્રયત્નપૂર્વક હઠાવવામાં સુખ સમજતો હોય, ત્યાં સર્વ ઇષ્ટ સંયોગના વિચ્છેદમાં કે અનિષ્ટ સંયોગની પ્રાપ્તિમાં તેને હર્ષ–શોક ક્યાંથી વર્તે?

ઉપરોક્ત ભાવનાના બળે મુનિજન નિરંતર સર્વ ઇષ્ટાનિષ્ટ સંયોગ કાળે પણ હર્ષ–શોક રહિત સત્ સુખને જ અનુભવે છે, સમત્વ શ્રેણીમાં જ સ્થિત છે.

તે મુનિજનો કર્મોદય કાળે પણ શરીરથી ભિન્ન થવારૂપ દૃષ્ટિને વિશેષ સાધ્ય કરે છે.

**एकाकित्वप्रतिज्ञाः सकलमपि समुत्सृज्य सर्वं सहत्वात्**
**भ्रान्त्याचिन्त्याः सहायं तनुमिव सहसालोच्य किंचित्सलज्जाः ।**
**सज्जीभूताः स्वकार्य्ये तदपगमविधिं बद्धपल्यङ्कबन्धाः**
**ध्यायन्ति ध्वस्तमोहा गिरिगहनगुहागुह्यगेहे नृसिंहाः ।।२५८।।**

**એકાકિત્વ પ્રતિજ્ઞાયુત પરિષહ સામર્થ્ય સકલ પરિત્યાગ,**
**હૈં અચિંત્ય, યદિ દેહ સહાયક જાનેં, હોતે લજ્જાવાન;**
**સાધ્ય-સિદ્ધિ મેં તત્પર નરસિંહ, તન-વિયોગ કા કરેં વિચાર,**
**ધ્યાન ધરેં પલ્યંકાસન ગિરિ-ગહન ગુફા મેં મોહ નિવાર. ૨૫૮.**

નરોમાં સિંહ સમાન તે મુનિજનો પર્વતોની ગહન ગુફા, વન અને એવા કોઈ એકાંત સ્થાનમાં આત્મસ્વરૂપ ચિંતવે છે. વળી નાશ કર્યો છે મોહ જેમણે તથા એકાકી નિવાસરૂપ પ્રતિજ્ઞા છે જેમને એવા તે મુનિજનો પોતાપણે મનાતા સર્વ પર પદાર્થો અને સર્વ પરાભાવોનો પરિત્યાગ કરી વિષમ પરિષહો સહન કરે છે. આ જડ શરીર મારું વાસ્તવ્યપણે શું સહાયી છે? અરે! આજ સુધી ભ્રાંતિથી હું એને સહાયક માનતો હતો, પરંતુ ખરેખર તે ચૈતન્યને કિંચિત્ પણ સહાયક નથી. કોઈ કર્મોદયવશાત્ જ્યારે જ્યારે તે જડ શરીર આત્માને સહાયકપણે મનાતું કે તત્કાલ તેઓ લજ્જાને પ્રાપ્ત થતા હતા. શરીર એ કોઈ પ્રકારે આત્માને સહાયક નથી, એવું સમ્યક્પણે વિચારી સ્વકાર્ય સાધ્ય કરવા ઉદ્યમી થતા પર્યંકાસન બાંધી માત્ર નિજ વિશુદ્ધ સ્વરૂપનું તેઓ ધ્યાન કરે છે, શરીરરહિત થવાની વાસ્તવિક વિધિનો વિચાર કરે છે કે જેથી ફરી એ શરીરનો ઉદ્ભવ જ થાય નહિ.

સર્વ સંસાર પરિણામી જીવોને શરીર પ્રત્યે અનાદિ મમત્વ વર્તે છે અને તેથી જ તેઓ ફરી ફરી શરીર ધારણપણું કર્યા કરે છે, પરંતુ વાસ્તવ્ય આત્મબોધ થતાં મહાપુરુષો એ શરીરને નિરાદર–ઉપેક્ષિત દૃષ્ટિએ જુએ છે. જેથી પુનઃ શરીર પ્રાપ્ત નહિ થતાં તેઓ પરમ અવ્યાબાધ આત્મપદને પ્રાપ્ત થાય છે.

એવા મહાપુરુષો પોતાનું કલ્યાણ સિદ્ધ કરે છે, પણ સાથે-સાથે કોઈ ભવભીરૂ નિર્મળ મતિમાન મુમુક્ષુનું પણ કલ્યાણ થવામાં નિમિત્તરૂપ બને છે. વળી :—

येषां भूषणमङ्गसङ्गतरजः स्थान शिलायास्तलम्
शय्या शर्करिला मही सुविहितं गेहं गुहा दीपिनाम् ।
आत्मात्मीयविकल्पवीतमतयस्त्रुट्यत्तमोग्रन्थय—
स्ते नो ज्ञानधना मनांसि पुनतां मुक्तिस्पृहा निःस्पृहः ।।२५९।।

તન મેં લગી ધૂલ હૈ ભૂષણ ઔર શિલાતલ હૈ સ્થાન,
કંકરીલી ભૂ શૈય્યા, સિંહ-ગુફા પ્રાકૃતિક વાસ સુજાન;
યહ મૈં, મૈં ઇનકા—યહ બુદ્ધિ નષ્ટ હુઈ, વિનશા અજ્ઞાન,
મન કો કરેં પવિત્ર હમારે, મુક્તિ-પાત્ર નિસ્પૃહ ધન-જ્ઞાન. ૨૫૯.

અંગ ઉપર લાગેલી ધૂળ એ જ જેને મન આભૂષણ છે. શિલાતળ એ જ જેને મન સુંદર આસન છે, રજ અને કંકરયુક્ત પૃથ્વી જેને મન સુખદ શૈય્યા છે, સિંહાદિ ક્રૂર પ્રાણીઓ જ્યાં નિવાસ કરે છે, એવા દુર્ગમ્ય ગિરિગુફા આદિ સ્થાન જેને મન ગૃહ છે, ''આ દેહ મારો અને હું આ દેહનો'' એવા મિથ્યા વિકલ્પથી રહિત નિર્મળ છે બુદ્ધિ જેની તથા તૂટી ગઈ છે અનાદિ અજ્ઞાનરૂપ ગાંઠ જેની એવા વિજ્ઞાનઘન મોક્ષના પરમપાત્ર નિસ્પૃહ સત્પુરુષો અમારા અંતઃકરણને પવિત્ર કરો! વળી,

दूरारूढतपऽनुभावजनितज्योतिः समुत्सर्पणै—
रन्तस्तत्त्वमदः कथं कथमपि प्राप्य प्रसादं गताः ।
विश्रब्धं हरिणी विलोलनयनैरापीयमाना वने
धन्यास्ते गमयन्त्यचिन्त्यचरितैर्धीराश्चिरं वासरान् ।।२६०।।

અતિશય તપ-પ્રભાવ કે દ્વારા જ્ઞાન-જ્યોતિ કા હુઆ પ્રસાર,
પ્રાપ્ત કિયા હૈ કૈસે ભી નિજ આત્મ-જન્ય આનંદ અપાર;
વન્ય જીવ વિશ્રાન્ત હુએ હિરણી કે નેત્ર કરેં વિશ્વાસ,
ધન્ય ધન્ય હૈં ધીર અચિન્ત્ય ચારિત્રવંત વન મેં ચિર-વાસ. ૨૬૦.

સમ્યક્તપના સાતિશય પ્રભાવથી ઉત્પન્ન થયેલી નિર્મળ જ્ઞાનજ્યોતિના પ્રખર પ્રકાશ વડે નિજ આત્મતત્ત્વને જે તે પ્રકારે પ્રાપ્ત કરી જે પરમ પુરુષ આનંદ પ્રાપ્ત થયા છે, તથા હરણોનાં અતિ ચંચળ નેત્રો પણ સ્થિર થઈ અતિ વિશ્વાસથી જેને પી રહ્યાં છે અર્થાત્ અત્યંત નિર્ભય ચિત્તે જેને અવિશ્રાંતપણે અને અનિમેષ નેત્ર જોઈ રહ્યાં છે, તે પુરષરત્નને આ ત્રિભુવનમાં કોટિશઃ ધન્ય છે!

નિજસ્વરૂપાનંદમાં મગ્ન થઈ પરમ શાંતદશાને જેઓ પ્રાપ્ત થયા છે, જેનાથી વનના અતિ ચંચળ પરિણામી જીવો પણ ભય પામતા નથી અર્થાત્ સર્વ જીવોને જે નિરંતર પ્રિય છે, તે મહાપુરુષને ધન્ય છે!

જે આત્મતત્ત્વ સંસારદશાયુક્ત જીવોને કેવળ અગોચર અને અલક્ષ છે, તે આત્મતત્ત્વ જેઓ સાક્ષાત્ અનુભવી રહ્યા છે–આસ્વાદી રહ્યા છે, એવા અસાધારણ માહાત્મ્યવંત પરમપુરુષ ધન્ય છે જેના અસાધારણ ત્યાગસ્વરૂપ પરમ સુખનો પરિચય જંગલના અતિ ચંચળ અને સ્વભાવથી ભયવંત હરણ જેવાં પ્રાણીઓ પણ આપી રહ્યાં છે.

હરણ એટલું બધું ચંચળ અને ભયભીત પ્રાણી છે કે તે મનુષ્યાદિને દૂરથી દેખીને પણ ભાગી જાય છે, પરંતુ જે મહાપુરુષની પરમવીતરાગ આત્મદશા તેના સૌમ્ય યોગ દ્વારા બહાર પણ ઝલકી રહી છે અર્થાત્ યોગ પણ આત્માકારપણાને પ્રાપ્ત થયા છે, તેવા ધન્યરૂપ કૃતાર્થરૂપ પુરુષને જોઈને કયું પ્રાણી દૂર ભાગે?–કોઈ નહિ. જે આત્મનિષ્ઠપણાના પ્રભાવથી સિંહાદિ ક્રૂર પ્રાણીઓ પણ પોતાની ઘણા કાળની અભ્યાસિત ક્રૂરતાને એકાએક વિસરી જાય છે, તે શોભનીક મહાપુરુષના દર્શનમાં ભય ક્યાંથી હોય? જેના પરમશાંત ચક્ષુમાંથી અસ્ખલિતપણે કેવળ નિર્ભયતાનું જ ઝરણું વહી રહ્યું છે, જેના મુખચંદ્રમાંથી પ્રાણી માત્રને નિર્ભયતા દેનાર પવિત્ર વચનરૂપી અમૃત ઝરી રહ્યું છે, તેના પરિચય અને દર્શનમાં અપૂર્વ આનંદ કેમ પ્રાપ્ત ન થાય? થાય જ. જેને ન થાય એવો કોઈક જ બહુલકર્મી. એવા પરમ શાંત સૌમ્યદૃષ્ટિવંત મહાત્માને જોઈ હરિણાદિ જંગલી પ્રાણીઓ પોતાનો જાતિસ્વભાવ ઘડીભર ભૂલી જઈ સ્થિર થાય એમાં શું આશ્ચર્ય!

તે પુરુષોનું વિશેષ માહાત્મ્ય :—

**येषां बुद्धिरलक्ष्यमाणभिदयोराशात्मनोरन्तर**
**गत्वोच्चैरविधाय भेदमनयोरारान्न विश्राम्यति ।**
**यैरन्तर्विनिवेशिताः शमधनैर्बाढं बहिर्व्याप्तयः**
**तेषां नोऽत्र पवित्रयन्तु परमाः पादोत्थिताः पांशवः ।।२६१।।**

**જ્ઞાન-રાગ કા ભેદ અગોચર ઉસમેં થિર જિનકા મતિજ્ઞાન,**
**ભેદજ્ઞાન કે બિના ન જિસકો મિલતા કભી નહીં વિશ્રામ;**
**બાહ્ય વસ્તુ સે વૃત્તિ હટાકર અન્તસ્ મેં સ્થિત શમ-ધન,**
**કિસે પવિત્ર કરે નહિં ઉનકે ચરણ-કમલ સ્થિત રજ-ધન. ૨૬૧.**

જેની બુદ્ધિ જગતની આશા અને આત્મા એ બંનેના મધ્યમાં પ્રાપ્ત થઈ રહી છે કે જે આશા અને આત્મા ઉભયમાં આત્યાંતિક ભેદ કર્યા વિના વિશ્રામને પામતી નથી. કેવાં છે એ બંને આશા અને આત્મા? કે જેનો વાસ્તવિક ભેદ સંસારરસિક જીવોને સમજાતો જ નથી. વળી શાંતભાવ એ

જ છે ધન જેને. વારંવાર બાહ્યપદાર્થો વિષે જતી ચિત્તવૃત્તિને પોતાના અંતઃકરણમાં સમ્યક્પ્રકારે સ્થાપન કરી છે જેણે તે મહાપુરુષની ચરણરજ આ વિચિત્ર જગતમાંથી બચાવી અમને પવિત્ર કરો!

વિષયાભિલાષા અને આત્મા એ બંને બહુ અગમ્ય છે. કોઈ તથારૂપ દશાસંપન્ન પરમ પુરુષના જોગ અને પરિચય વિના તેનો થાહ પામવો અત્યંત મુશ્કેલ છે. એ અનાદિ વિષય આશા જ્યાં જુઓ ત્યાં જાજ્વલ્યમાનપણે સળગી રહી છે. ક્યાંથી તેને પકડવી? આ ખૂણેથી નીકળી આ ખૂણે ભરાય. અતત્ત્વશ્રદ્ધાનરૂપ અંતઃકરણ એ એનું અનાદિ સ્થાન છે અને શરીરાદિ જગતના સર્વ ચિત્ર–વિચિત્ર પદાર્થો તેને આધારરૂપ છે. કહો, હવે એને કયા સ્થાનેથી પકડવી? પાછી વાળવી?

વળી, શુદ્ધાત્મદશાનો સંસારપરિણામી જીવોને કદી અનુભવ નથી. નિજ અનુભવમાં વર્તી રહેલા તે તે સર્વ પરભાવોને ભ્રાંતિથી આત્મા વા આત્મલક્ષણ સમજે છે.

એ વિષય આશા તથા આત્મા ઉભયના પરસ્પર દુર્લક્ષ ભેદને જ્યાં સુધી ગુરુગમે કરીને વાસ્તવિકપણે સમજવામાં ન આવે ત્યાં સુધી અધવચ થાકી જઈ પોતાની બુદ્ધિને આત્મપ્રાપ્તિના સદ્યત્નમાંથી જેમણે જરા પણ હટાવી નથી, પરંતુ ઉલટા જેઓ વિશેષ-વિશેષ ધૈર્યને ધારણ કરી આત્મપ્રાપ્તિને અર્થે અવિશ્રાંત પરિષહને સહન કરે છે તે જ કર્તવ્યનિષ્ઠ પુરુષ અંતે શુદ્ધાત્મદશાને પામી શાશ્વત પરમાનંદદશામાં તલ્લીન થાય છે; તેમની ચરણરજ મારા અંતઃકરણને પવિત્ર કરો!

**यत्प्राग्जन्मनि संचितं तनुभृता कर्माशुभं वा शुभं**
**तद्दैवं तदुदीरणादनुभवन् दुखं सुखं वागतम् ।**
**कुर्याद्यः शुभमेव सोऽप्यभिमतो यस्तूभयोच्छित्तये**
**सर्वारम्भपरिग्रहग्रहपरित्यागी स वन्द्यः सताम् ।।२६२।।**

**જીવોં કે જો પૂર્વ જન્મ મેં સંચિત કર્મ અશુભ યા શુભ,**
**ઉન્હીં દૈવ કી હો ઉદીરણા અનુભવ કરતે દુઃખ યા સુખ;**
**શ્લાઘનીય શુભ કરનેવાલા પર જો ચાહે દ્વય વિનશે,**
**સર્વારમ્ભ-પરિગ્રહ ગૃહ-પરિત્યાગી પૂજ્ય સજ્જનોં સે. ૨૬૨.**

બાહ્ય વૃત્તિઓનો નિરોધ કરી જે મહાપુરુષો કર્મફળને વેદે છે તેમના ઉજ્જ્વળ પરિણામ વિશેષની ગ્રંથકાર પ્રશંસા કરે છે :—

પૂર્વે ઉપાર્જન કર્યાં એવા એ શુભાશુભકર્મો એનું જ નામ દૈવ છે અને તેની પ્રેરણાથી જીવ જગતમાં સુખ–દુઃખને વેદે છે. શુભાશુભદૈવમાં અશુભને તજી જે જીવ શુભને આદરે છે તે

જગતમાં ભલો છે, પરંતુ જે યોગીશ્વર શુભાશુભ બંનેનો વિનાશ કરવા અર્થે સર્વ આરંભ, પરિગ્રહરૂપી દુષ્ટ ગ્રહનો સર્વથા પરિત્યાગ કરે છે તે મહાપુરુષ સત્પુરુષોને પણ વંદનીય છે.

શુભાશુભકર્મ પુદ્‌ગલોનો સંચય એ જ પ્રબળ દૈવ છે, તેના ઉદયથી આત્મપરિણામમાં તીવ્ર ઉદ્રેક ઉત્પન્ન થઈ સુખ–દુઃખનો અનુભવ થાય છે. સામાન્ય બાળ જીવો એ શુભાશુભ દૈવના ઉદય કાળે તે સુખ–દુઃખરૂપ પરિણામમય તદ્રૂપ બની જાય છે. પોતાનું સર્વ શ્રેષ્ઠ વાસ્તવિક કર્તવ્ય ભૂલી જઈ એ શુભાશુભ ઉદયજન્ય સુખ–દુઃખપણારૂપ ભાવના જેમાં તેમાં કરી બેસે છે. શુભ દૈવના ઉદય કાળે વિષયાનંદપણામાં લીન થઈ તથા અશુભ દૈવના ઉદય કાળે દુઃખથી વ્યાકુળ થઈ, ભયભીત થઈ, સ્વકર્તવ્ય વિમુખ થાય છે. બહુધા જગતવાસી સંસારી જીવોની આવી જ પરિસ્થિતિ વર્તે છે, પણ જે મહાભાગ્ય એ શુભાશુભ દૈવના ઉદયકાળે પણ એને પોતાનું સ્વરૂપ નહિ માનતાં આત્મવિસ્મરણપણાને પામતા નથી, પરંતુ ઉલટા સ્વકર્તવ્ય ભણી અધિક-અધિક ઉજમાળપણે પ્રવર્તે છે, તેમને ધન્ય છે, તે જ બુદ્ધિમાન છે અને વિદ્વજ્જનોમાં પ્રશંસાને પાત્ર છે.

વળી, શુભ અને અશુભ એ બંને પ્રકારના પ્રારબ્ધ પ્રત્યેનું સર્વથા મમત્વ તજી, જગત પ્રત્યેનું તીક્ષ્ણ પ્રેમબંધન જેઓ તોડી ચૂક્યા છે, તેમના અપૂર્વ માહાત્મ્યનું શું વર્ણન કરવું? તે તો સત્પુરુષોને પણ વંદનીય છે.

શુભાશુભકર્મના નાશનો વાસ્તવિક ઉપાય શો?—

**सुखं दुःखं वा स्यादिह विहितकर्मोदयवशात्**
**कुतः प्रीतिस्तापः कुत इति विकल्पाद्यदि भवेत् ।**
**उदासीनस्तस्य प्रगलितपुराणं न हि नवं**
**समास्कन्दत्येष स्फुरति सुविदग्धो मणिरिव ।।२६३।।**

**પૂર્વોપાર્જિત કર્મોદય સે સુખ-દુઃખ દોનોં હોતે હૈં,**
**ક્યોં પ્રીતિ? ક્યોં ખેદ? સત્પુરુષ યહ વિચાર હી કરતે હૈં;**
**ઉદાસીન ઉન સત્પુરુષોં કે પૂર્વ-કર્મ ખિર જાતે હૈં,**
**નયે નહીં બંધતે, મણિ-સમ વે સદા પ્રકાશિત હોતે હૈં. ૨૬૩.**

પૂર્વપાર્જિત કર્મોદય વડે આ સંસારમાં જીવ સુખી–દુઃખી થાય છે. સુખમાં પ્રીતિ અને દુઃખમાં આતાપ માનવાથી આત્મપરિણામ વ્યામોહને પામી નવીન-નવીન કર્મોનો બંધ થાય છે. જે મહાપુરુષો કર્મોદયજન્ય સુખ–દુઃખમાં હર્ષ–વિષાદને પ્રાપ્ત નહિ થતાં તથારૂપ પરિણામે પરિણમે છે, તેઓ નવીન કર્મબંધપણાને નહિ પ્રાપ્ત થતાં પ્રાચીન કર્મોને ક્ષય કરે છે. જગતમાં કોનાથી પ્રીતિ માનવી? તથા કોનાથી આતાપ (દુઃખ) માનવું? કારણ એ પ્રીતિ અને દુઃખરૂપ પરિણામ તથા તેના આશ્રયરૂપ બાહ્ય પદાર્થો બંને ક્ષણિક છે.

કર્મોદયજન્ય સુખ–દુઃખમાં ગમે તેટલો હર્ષ–વિષાદ, રતિ–અરતિ કરવામાં આવે તો પણ તેથી કાંઈ ઉદયની વ્યવસ્થા અન્યથા થવાની નથી; તો પછી તે પ્રત્યે હું વ્યર્થ રતિ–અરતિ કે ઇષ્ટાનિષ્ટ કલ્પના કેમ કરું? ઉદય પ્રાપ્ત સુખ–દુઃખો વાસ્તવમાં મને કાંઈપણ આત્મીય હાનિ કરી શકે તેમ નથી. અર્થાત્ જ્ઞાન-દર્શનરૂપ નિજ આત્મસત્તામાં તેઓ કંઈ પણ હરકત કરી શકે તેમ નથી. એ વિચારે જ્ઞાની પુરુષ ઉદાસીન પરિણામને સેવે છે અને તેવી સમ્યક્ ઉદાસીનતાના પ્રભાવે તે સત્પુરુષ સુખ–દુઃખના ઉદયકાળે પણ માત્ર પૂર્વકૃત પ્રારબ્ધની નિર્જરા જ કરે છે અર્થાત્ તે કર્મો યથાવિપાક આપી નિઃસત્ત્વ થાય છે, અથવા વિના વિપાક આપે પણ ક્ષીણ થાય છે તથા વીતરાગદશાની પ્રાપ્તિ અને વૃદ્ધિ થઈ વાસ્તવ્ય સુખની જીવને ઉપલબ્ધિ થાય છે.

એ જ વાતને ગ્રંથકાર વિશેષ પ્રકારે પુષ્ટ કરે છે :—

**सकल विमल बोधो देहगेहे विनिर्यन्**
**ज्वलन इव स काष्टं निष्ठुरं भस्मयित्वा ।**
**पुनरपि तदभावे प्रज्वलत्युज्वलः सन्**
**भवति हि यतिवृत्तं सर्वथाश्चर्यभूमिः ।।२६४।।**

**સકલ કાષ્ટ કો નિષ્ઠુરતા સે ભસ્મ કરે જો અગ્નિ સમાન,**
**દેહ ગેહ સે ભિન્ન પ્રકાશિત સકલ વિમલ જો કેવલજ્ઞાન;**
**ઈંધન કે અભાવ મેં ભી જ્યોં દહન પ્રજ્જ્વલિત હોતા હૈ,**
**અતિ આશ્ચર્ય અદેહી કા ભી, જ્ઞાન પ્રજ્જ્વલિત રહતા હૈ. ૨૬૪.**

જેમ અગ્નિ કાષ્ઠને ભસ્મ કરી તેના અભાવમાં ઉલટ નિર્મળરૂપે પ્રજ્વલે છે, તેમ નિર્મળ જ્ઞાનરૂપ અગ્નિ દેહાદિરૂપ કાષ્ટને ભસ્મ કરી ઉલટું તે દેહાદિના અભાવમાં અત્યંત નિર્મળપણે પ્રકાશિત થાય છે. યતિ પુરુષનું આચરણ સર્વથા આનંદ અને આશ્ચર્યનું સ્થાન થાય છે.

પૂર્ણ વીતરાગતાના બળે સર્વ ઘનઘાતિ કર્મોનો નાશ થવાથી સંપૂર્ણ, નિર્મળ, અબાધિત, સ્વાધીન અને શાશ્વત સહજ સ્વાભાવિક જ્ઞાનદશા પ્રકાશિત થાય છે. તે સમયે પણ શરીર સ્થિતિ તો તે જ્ઞાની પુરુષને હોય છે. શરીરરૂપ ઝૂંપડીમાં રહીને પણ તે પૂર્ણ જ્ઞાનઘન યોગી પોતાના જ્ઞાનનો નિર્મળ પ્રકાશ જગતમાં ફેલાવે છે. અનિચ્છિત પરિણામે પણ વાસ્તવ્ય સુખી થવાનો સમ્યક્બોધ જગતમાં આયુસ્થિતિ પર્યંત આપી અંતે દ્રવ્યશરીરથી પણ મુક્ત થઈ અનુપમેય શાશ્વતદશાને પ્રાપ્ત થાય છે અર્થાત્ અશરીરી, અવિનાશી, પરમોત્કૃષ્ટ વિજ્ઞાનઘનરૂપ સિદ્ધત્વદશાને તે યોગી વરે છે.

પ્રારંભમાં કાષ્ઠમાં અગ્નિનો પ્રવેશ થતાં કાષ્ઠ તથા અગ્નિ બંને દેખાય છે. કાળાંતરે પ્રખર અગ્નિની જ્વાળાઓમાં તે કાષ્ઠ ભસ્મ થઈ માત્ર અગ્નિનું વિશુદ્ધ સ્વરૂપ પ્રખરતા પૂર્વક પ્રકાશે છે,

તેમ જ્ઞાનદૃષ્ટિસંપન્ન મુનિજનોનાં વૈરાગ્ય ચારિત્રાદિની પણ એ સ્થિતિ છે. શરીરની સ્થિતિ પર્યંત પોતાના નિર્મળ જ્ઞાન–દર્શનાદિ સુખનો અનુભવ તથા તે પ્રાપ્ત થવાનો સમ્યક્ માર્ગ જગતને આપી અંતે શરીરરૂપ કાષ્ઠ ભસ્મ થતાં તે યોગી સહજ સિદ્ધ અમર લક્ષ્મીને વરે છે.

નિર્વાણદશા અનંત સુખનું સ્થાન છે, એ વાત ખરી પણ કેટલાક દાર્શનિકો તેને કેવળ શૂન્યરૂપે માને છે, તો પછી એ શૂન્ય સ્થિતિ કરતાં અમે જે સ્થિતિમાં છીએ તે જ સ્થિતિ ઠીક છે. ઉક્ત શંકાનું ગ્રંથકાર નીચેના કાવ્યથી સમાધાન કરે છે :—

**गुणी गुणमयस्तस्य नाशस्तन्नाशयिष्यते ।**
**अतएव हि निर्वाणं शून्यमन्यैर्विकल्पितम् ।।२६५।।**

**ગુણમય હોતા ગુણી, અતઃ ગુણ કે વિનાશ સે ગુણી વિનાશ;**
**અતઃ અન્યમત દ્વારા કલ્પિત, શૂન્ય અવસ્થા મેં નિર્વાણ. ૨૬૫.**

દ્રવ્ય ગુણમય છે. ગુણનો નાશ એ દ્રવ્યનો નાશ છે. તેથી, નિર્વાણદશાને શૂન્યપણે કલ્પવી એ એક મિથ્યા વિકલ્પ છે.

ગુણી આત્મા જ્ઞાનાદિ ગુણમય છે. જ્ઞાનાદિ ગુણોનો નાશ તે આત્માનો નાશ છે, જેમ ઉષ્ણતાના અભાવમાં અગ્નિનો પણ અભાવ હોય છે. શૂન્યવાદીઓએ દીપકના પ્રકાશના અંત તુલ્ય નિર્વાણ માની રાખ્યું છે, પરંતુ યથાર્થ વિચારે તેમ નથી. જ્ઞાનની નિર્મળતા તથા સંપૂર્ણતા એ જ મોક્ષ છે.

શરીરના અભાવમાં જ્ઞાનાદિ ગુણોનો અભાવ થઈ શૂન્યદશા કેટલાક દાર્શનિકો કલ્પે છે, પણ તેમની તે માન્યતા નીતાંત ભ્રમ છે. શરીર અને આત્મા એ બંને પદાર્થોના વાસ્તવિક બોધ વિના તે બંને એકાકારપણે પ્રતિભાસે છે. કારણ જેવો બોધ તેવો પ્રતિભાસ તથા પ્રતિભાસ તેવું રમણ. તે પ્રતિભાસ કેવળ મિથ્યા છે. શરીરમાં રતિ પામેલું શરીરાકાર પરિણમેલું જ્ઞાન જ પોતાને શરીરરૂપ મનાવે છે અને મુક્તદશા શૂન્યતારૂપ વર્તે છે, એમ શરીરાસક્તપણાથી જ નિશ્ચય કરાવે છે. વાસ્તવમાં જ્ઞાન અને શરીર એ ઉભયની ક્રિયાલક્ષણ પ્રત્યક્ષ જુદાં છે. શરીરમાં રહીને પણ તું જે જે અનુભવ, લાગણીઓ, કલ્પનાઓ કે માન્યતાઓ કરે છે, તે શું શરીરથી કરે છે? ના. ઉપરોક્ત બધી માત્ર જ્ઞાનની જ પર્યાયો છે. વર્તમાન જીવનનો એક સમય પણ જ્ઞાન પરિણમન વિનાનો કેવળ શૂન્યરૂપ તને કદી અનુભવાયો છે? શૂન્યદશા એ તો માત્ર આકાશકુસુમ કે વંધ્યાપુત્રવત્ મિથ્યા છે. જ્ઞાન એ આત્માનો સહભાવિ નિજધર્મ છે અને તે તેની હરેક અવસ્થામાં તેના સહવર્તીપણે વર્તે છે. કહો કે જ્ઞાન એ જ જીવ છે. તો પછી મુક્તદશામાં તેનો અભાવ કલ્પી શૂન્યતા માની લેવી એ કેવળ મૂઢતા નહિ તો બીજું શું? ગુણના નાશથી ગુણીનો નાશ થાય છે અર્થાત્ ગુણના અભાવમાં ગુણી જેવી કોઈ વસ્તુ જ રહેતી નથી, તો પછી તું જે જે શુભ અનુષ્ઠાન કરે છે,

તે કોના ઉદ્ધારને અર્થે કરે છે? કારણ મુક્તાવસ્થામાં તારા કહેવા પ્રમાણે અનુભવનો પણ અભાવ છે, તો તે શુભ અનુષ્ઠાનના ફળરૂપ પ્રાપ્ત કરેલી દશાના સુખનો અનુભવ કોણ કરશે?

સમ્યક્ વિચારે વિચારતાં આત્મા છે, તે નિત્ય છે, એ આદિ સ્પષ્ટ બોધ જેમ છે તેમ યથાર્થ પ્રકારે થાય છે. યુક્તિથી, આગમથી, અનુભવથી અને સ્વસંવેદનપ્રત્યક્ષથી આત્મા શાશ્વત જ્ઞાનાદિ લક્ષણરૂપ સુપ્રતીતિ ગોચર થાય છે. સાંભળ :—

**अजातोऽनश्वरोऽमूर्तः कर्ता भोक्ता सुखी बुधः ।**
**देहमात्रो मलैर्मुक्तो गत्वोर्ध्वंचलः प्रभुः ।।२६६।।**

**સુખી અજન્મા અવિનાશી કર્તા-ભોક્તા અરુ મૂર્તિ-રહિત;**
**દેહ માત્ર મલ રહિત પ્રભૂ! હો ઊર્ધ્વ-ગમન કર અચલ-સ્થિત. ૨૬૬.**

આત્મા પોતે અનુત્પન્ન, અમર અને અમૂર્તિક પદાર્થ છે. વ્યવહારદૃષ્ટિથી કર્મનો કર્તા તથા સુખ–દુઃખાદિ કર્મફળોનો ભોક્તા છે, પરંતુ નિશ્ચયદૃષ્ટિએ જોતાં માત્ર સ્વસ્વભાવનો કર્તા–ભોક્તા છે. અજ્ઞાનથી ઇન્દ્રિયજન્ય સુખોને સુખ માની રહ્યો છે. વાસ્તવિકપણે તે પોતે જ જ્ઞાનઘન પરમાનંદરૂપ છે. વળી, વ્યવહારથી તે આત્મા દેહ પ્રમાણ છે પણ પરમાર્થ દૃષ્ટિએ કર્મફળરહિત ચૈતન્ય પ્રમાણ છે. સ્વભાવે ઊર્ધ્વગામી લોકાગ્ર શિખરે અચલપણે સ્થિત અને પ્રભુ છે.

આત્મા કેવળ જ્ઞાનમય અને સર્વ ઉપાધિથી રહિત છે, પરંતુ અનાદિ ભ્રાંતિ યોગે તે પરને પોતાપણે માની ચતુર્ગતિરૂપ સંસારવનમાં રઝળે છે. પોતાનું વાસ્તવ્ય સ્વરૂપ જાણતાં, નિરુપાધી જ્ઞાનાનંદમય અવિનાશી દશાને પામતાં તે જ આત્મા જ્ઞાનસ્વરૂપ છે.

શુદ્ધ દ્રવ્યાર્થિકદૃષ્ટિએ વિચારતાં આત્મા જન્મ–મરણથી રહિત, અજન્મા અને અમર છે. રૂપરસાદિ ગુણો જીવમાં નહિ હોવાથી તે બાહ્ય ઇન્દ્રિયગોચર થતો નથી, તેથી તે અમૂર્તિક છે. સંસારદશામાં બંધના સદ્ભાવથી ઉપચરિત નયે તે મૂર્તિક પણ કહેવાય છે. સંસારદશામાં કર્તૃત્વ પરિણમિત જ્ઞાનદશાયુક્ત હોવાથી તે કર્મોનો કર્તા છે, પરંતુ તેના મૂળ વાસ્તવિક ગુણો તરફ જોતાં સ્પષ્ટ જણાશે કે તે માત્ર પોતાના નિજ ભાવોનો કર્તા છે. કર્મબંધનું કારણ વિકારી દશા છે કે જે કર્મ અને જીવ ઉભયના સંબંધ વિશેષથી ઉદ્ભવે છે. એ જડ અને ચેતન બંનેના મૂળ સ્વભાવથી જુદી અને ત્રીજી દશા છે, જેને જ્ઞાનીપુરુષો સંસારદશા કહે છે. તેથી બંધ કર્તૃત્વનો અપરાધી કેવળ જીવ જ છે એવી એકાંત માન્યતા મિથ્યા છે તથા બંધદશા રસપૂર્વક વર્તતી હોવા છતાં આત્મા બંધનો અકર્તા છે, એવી એકાંતદૃષ્ટિ પણ મિથ્યા છે. વ્યવહારદૃષ્ટિથી જોતાં તે આત્મા કર્મફળનો ભોક્તા છે, પણ શુદ્ધ પારમાર્થિકદૃષ્ટિએ વિચારતાં તે ચૈતન્યાદિ નિજ ગુણોનો ભોક્તા છે. પ્રદેશ ગણતરીથી જીવનું પરિમાણ અસંખ્યાત પ્રદેશ પ્રમાણ છે, પરંતુ વ્યવહારદૃષ્ટિથી જોતાં તે આત્મા યથાપ્રાપ્ત સ્વશરીર પ્રમાણ છે. પૂર્વ પ્રયોગાદિ કારણોના યોગે શરીરાકાર શુદ્ધ આત્મદ્રવ્ય

ઊર્ધ્વગમન કરતું સમય માત્રમાં લોકાગ્ર શિખરે જઈ સ્થિત થાય છે. ત્યાં અચલ, અબાધિત અને અવિનાશીપણે નિજ શુદ્ધ સ્વગુણોને આસ્વાદે છે.

ઇન્દ્રિયજન્ય સુખોના અભાવમાં તે સિદ્ધ પરમાત્મા સંપૂર્ણ સુખી કેમ કહેવાય? ગ્રંથકાર એ પ્રશ્નનું સમાધાન કરે છે :—

**स्वाधीन्यादुःखमप्यासीत्सुखं यदि तपस्विनाम् ।**
**स्वाधीनसुखसंपन्ना न सिद्धाः सुखिनः कथम् ।।२६७।।**
**નિજાધીન હોને સે દુઃખ ભી તપોધનોં કો સુખમય હૈ,**
**નિજાધીન સુખયુક્ત સિદ્ધ કો કૈસે સુખમય નહીં કહેં. ૨૬૭.**

મુનિજનોને સ્વાધીનપણે થતા કાયક્લેષાદિરૂપ દુઃખને પણ સુખ કહ્યું, તો પછી ભગવાન સિદ્ધોને સંપૂર્ણ સુખી કેમ ન કહેવાય? તેઓ તો નિરંતર સ્વાધીન સુખમય છે.

તત્ત્વદૃષ્ટિએ વિચારતાં સંસારી જીવો માત્ર દુઃખી છે. તેઓમાં માત્ર સમ્યક્દૃષ્ટિ મુનિજનો જ સુખી છે. સિદ્ધ કેવળ આનંદરૂપ શુદ્ધ વિજ્ઞાનઘન છે અને તેથી તેઓ સંપૂર્ણ મહાસુખી છે.

વળી, સુખ એ શરીર કે ઇન્દ્રિય આશ્રિત નથી. વાસ્તવિકપણે વિચાર કરતાં સ્પષ્ટ સમજાશે કે શરીર અને ઇન્દ્રિયો તરફનું લક્ષ તો ઉલટાં આત્માના સ્વાધીન અને સહજ સ્વાભાવિક સુખમાં વિઘ્નભૂત છે. સુખ એ આત્માનો સહજ સ્વાભાવિક નિજગુણ છે, અને તે આત્માને આશ્રિત છે. કહો કે આત્મા સ્વયં સુખરૂપ છે. પ્રતિબંધક કારણો જેટલે-જેટલે અંશે હટે છે તેટલે અંશે તે ગુણ સ્વયં વ્યક્ત થાય છે–અનુભવાય છે.

**ज्ञानानंदो चितोधर्मौ नित्य द्रव्यौपजीविनौ**
**देहेन्द्रियाद्यभावेपि नाभावस्तद्-द्वयोरिति ।**
**ततःसिद्धं शरीरस्य पंचाक्षाणां तदर्थसात्**
**अस्त्यकिंचीत्करत्वं तच्चितो ज्ञान सुखम्प्रति ।।** **(पंचाध्यायी)**

અર્થ :—જ્ઞાન અને આનંદ એ બંને આત્માના નિજ ધર્મ છે તથા તે નિત્ય અને દ્રવ્યોપજીવી ગુણ છે. શરીર અને ઇન્દ્રિયોના અભાવમાં પણ તેનો કિંચિત્ અભાવ નહિ થતાં ઉલટી વૃદ્ધિ થાય છે.

તેથી, આ વાત સિદ્ધ છે કે શરીર અને પાંચે ઇન્દ્રિયો આત્માના જ્ઞાન અને સુખ પ્રત્યે સર્વથા અકિંચિત્કર છે અર્થાત્ તે કંઈ પણ કરી શકતી નથી.

સંસારદશામાં જે ઇન્દ્રિયજન્ય સુખનો અનુભવ થાય છે, તે પણ એ જ આત્માના સહજ સ્વાભાવિક સુખગુણની વિભાવપર્યાય છે, પણ ઇન્દ્રિયોના ભોગ્ય જડ પદાર્થોમાં સુખ નથી. કારણ

જડ અને જડના જેટલા પર્યાય છે તે ત્રિકાળે જડ છે, તેમ ચેતન અને ચેતનના જેટલા પર્યાય છે તે ત્રિકાળે ચેતન જ છે. ઇન્દ્રિયજન્ય સુખ-દુઃખરૂપ અનુભવ એક જ સુખગુણની દુઃખરૂપ વિભાવપર્યાય છે તથા શુદ્ધ અતીન્દ્રિય નિરાકુળ આત્મીયસુખ એથી સર્વથા ભિન્ન જીવનો સુખરૂપ સ્વભાવપર્યાય છે.

ફલિતાર્થ એ છે કે સુખ એ ચૈતન્યની દ્રવ્યોપજીવી શક્તિ છે અને તે ત્રિકાળે નિજ દ્રવ્યાધીનપણે પરિણમી રહી છે. પ્રતિબંધક કારણોનો સર્વથા નાશ થતાં એ શક્તિના અનુભવ અર્થે શરીર કે ઇન્દ્રિયોના અવલંબનની જરા પણ અપેક્ષા પડતી નથી. એટલે સિદ્ધ થાય છે કે શરીર કે ઇન્દ્રિયાધીન સુખ નથી, પણ આત્માધીન છે.

ઉપસંહાર :—

**इति कतिपयवाचां गोचरीकृत्य कृत्यं**
**चरितमुचितमुच्चैश्चेतसां चित्तरम्यम् ।**
**इदमविकलमन्तः सन्ततं चिन्तयन्तः**
**सपदि विपदपेतामाश्रयन्तुं श्रियं ते ।।२६८।।**

**કતિપય વચન-ગમ્ય રચના સે હોતા જિનકા ચિત્ત ઉદાર,**
**ઉનકા ચિત્ત રમાને વાલા ગ્રન્થ રચા હૈ ભલી પ્રકાર;**
**જો અપને અન્તસ મેં ઇસકા અવિકલ ચિંતન કરતે હૈં,**
**સબ વિપત્તિ સે રહિત, મોક્ષ લક્ષ્મી કા આશ્રય કરતે હૈં. ૨૬૮.**

ઉદાર વર્તે છે ચિત્ત જેમનું એવા મુનિજનોના ચિત્તને રમણીય આત્માનુશાસન ગ્રંથને કેટલીક વચનરચના પૂર્વક કાવ્યમાં રચિત કર્યો છે. તેને નિરંતર હૃદયમંદિરમાં પૂર્ણપણે ચિંતવન કરતાં-કરતાં જીવ સર્વ આપદાથી રહિત થઈ અવિનાશી મોક્ષ લક્ષ્મીરૂપ સર્વોત્કૃષ્ટ નિઃશ્રેયસને પ્રાપ્ત થાય છે.

જે જીવ જેવું ચિંતવન કરે તેવું ફળ પામે. જેમ સુગંધિત પુષ્પના યોગે તેલ પણ સુગંધિત થાય છે, તેમ મહાપુરુષોના ગુણસંકીર્તન-ચિંતવનથી અને અવંચક ભક્તિભાવસહ નિર્મળ ઉપાસનાથી પોતે પણ, તે પુરુષો જે દશાને પ્રાપ્ત થયા છે, તે સર્વોત્કૃષ્ટ દશાને પ્રાપ્ત થાય છે.

ગ્રંથકર્તા પોતાના ગુરુનું તથા પોતાનું નામાભિમાન પ્રગટ કરે છે.

**जिनसेनाचार्यपादस्मरणाधीनचेतसाम् ।**
**गुणभद्रभदन्तानां कृतिरात्मानुशासनम् ।।२६९।।**

**શ્રી જિનસેનાચાર્ય-ચરણ-ચિન્તન મેં રત હૈ જિનકા ચિત;**

**ઉન હૈ ભદન્ત ગુણભદ્ર રચિત કૃતિ આત્માનુશાસન વર્ણિત. ૨૬૯.**

શ્રીમદ્ જિનસેનાચાર્યના પવિત્ર ચરણકમળોના સ્મરણમાં નિરંતર જેમનું અંતઃકરણ વર્તે છે એવા શ્રી ગુણભદ્રાચાર્યકૃત આ આત્માનુશાસન ગ્રંથ છે, અથવા જિન સેના અર્થાત્ મુનિ મંડળ તેમના આદ્ય આચાર્ય શ્રી ગણધરદેવના ભક્ત ગુણોથી ભદ્ર અર્થાત્ કલ્યાણરૂપ ભદંત એટલે પૂજ્ય જૈનાચાર્યની ઉત્તમ કૃતિરૂપ આ આત્માનુશાસન ગ્રંથ છે.

શ્રી જિનની સેનામાં આચાર્યરૂપ મુખ્ય શ્રી ગણધરદેવ છે, તેમની ભક્તિમાં આરૂઢ છે અંતઃકરણ જેનું એવા ભદ્રગુણધારી કલ્યાણરૂપ જૈનાચાર્યકૃત આ આત્માનુશાસન ગ્રંથ છે; અથવા શ્રી જિનસેનાચાર્યના શિષ્ય શ્રી ગુણભદ્રસ્વામીકૃત આ આત્માનુશાસન ગ્રંથ છે, તેનું હે પ્રિય ભવ્યો! તમે ભક્તિભાવે શ્રવણ, મનન યાવત્ ધારણ કરો.

વાંચકને ગ્રંથકર્તા આશીર્વાદ આપતાં કહે છે કે :—

**ऋषभो नाभिसूनुर्यो भूयात्स भविकाय वः ।**

**यज्ज्ञानसरसि विश्व सरोजमिव भासते ।।२७०।।**


**જિનકે જ્ઞાનરૂપ સરવર મેં કમલ તુલ્ય જગ હૈ ભાસિત,**

**ઋષભ, નાભિનન્દન ભવિજન કે હૈં મહાન કલ્યાણ નિમિત્ત. ૨૭૦.**

શ્રી નાભિરાજાના પુત્ર ભગવાન શ્રી ઋષભનાથ હે ભવ્યો! તમને પરમ કલ્યાણનું નિમિત્ત થાઓ! જે પરમાત્માના વિજ્ઞાનસરોવરમાં આ સર્વ જગત એક કમલતુલ્ય પ્રતિભાસે છે. ૐ શાંતિઃ

**સમાપ્ત**


# અમારા અન્ય પ્રકાશનો:




દ્રષ્ટિનાં નિધાન



મહાપુરાણ




કહાન દેશના




બોધિ-સમાધિ-નિધાન




મહાવીર પુરાણ



ગુરુ કહાન - દ્રષ્ટિ મહાન



ભાગવત શાસ્ત્ર




પાહુડ-દોહા



જૈન મહાભારત


પરમ-પારિણામિકભાવ



ઇષ્ટોપદેશ